ॐ

श्री सीमंधरदेवाय नमः
श्री निज शुद्धात्मने नम

# નિયમસાર

## ભાગ-૬

અધ્યાત્મયુગપુરુષ
**પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના**
નિયમસારજી શાસ્ત્રના નિશ્ચય પરમ આવશ્યક અધિકાર ઉપરના ગાથા ૧૪૧ થી ૧૫૮ તથા તેના શ્લોકો ઉપર થયેલા ૨૪ મંગલમયી પ્રવચનો

**: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :**


શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
૫, પંચનાથ પ્લોટ, કાનજીસ્વામી માર્ગ,
રાજકોટ–૩૬૦૦૦૧.
ટેલી નં. (૦૨૮૧) ૨૨૩૧૦૭૩

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૩૪ | ૨૫૪૦ | ૨૦૭૦ | ૨૦૧૪ |


**પ્રકાશન**

**ભગવાનશ્રી મહાવીર નિર્વાણ કલ્યાણકદિન**

**તા.૨૩-૧૦-૨૦૧૪, ગુરુવાર**

પ્રથમ આવૃત્તિ – ૧૦૦૦

પડતર કિંમત – રૂ. ૧૬૦

મૂલ્ય - રૂ. ૪૦

**પ્રાપ્તિ સ્થાન**

(૧) **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)**
ફોન : (૦૨૮૪૬) ૨૪૪૩૫૮

(૨) **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, રાજકોટ**
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ–૩૬૦૦૦૧. ટેલી. નં. (૦૨૮૧) ૨૨૩૧૦૭૩

લેસર ટાઈપ સેટિંગ તથા મલ્ટીકલર તથા મુખપૃષ્ઠ ફોટા

**પૂજા ઇમ્પ્રેશન્સ**
પ્લોટ નં. ૧૯૨૪/બી
૬, શાંતિનાથ બંગલોઝ
શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ પાસે,
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન નં. ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક

**શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ**
૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,
ડૉ. યાજ્ઞિક રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧
ફોન નં. ૯૮૨૫૦૭૫૦૬૧

# પ્રસ્તાવના

ભગવાન કુંદકુંદાચાર્યદેવ પ્રણીત 'નિયમસાર' નામનું શાસ્ત્ર અધ્યાત્મપ્રધાન 'દ્વિતીય-શ્રુતસ્કંધ'ના સત્શાસ્ત્રોમાનું એક સર્વોત્કૃષ્ટ તેમજ ચારિત્રપ્રધાન શ્રેષ્ઠતમ શાસ્ત્ર છે.

પરમભટ્ટારક શાસનનાયક શ્રી મહાવીર સ્વામીના નિર્વાણ પછી અન્ય કેવળી તથા શ્રુતકેવળી કથિત આગમ અને અધ્યાત્મવિદ્યાનું સંકલન ચાર અનુયોગના અસંખ્ય શાસ્ત્રોમાં અનેક આચાર્યમુનિભગવન્તો વડે સંપન્ન થયું. સનાતન દિગંબર જૈન સંપ્રદાયમાં કળિકાળ સર્વજ્ઞ ભગવાન કુંદકુંદાચાર્યનું સ્થાન અજોડ છે. આશરે ૮૪ પાહુડ શાસ્ત્રોની ભેટ તેઓશ્રીએ આપી છતાં હાલમાં ગણતરીના બાર–પંદર જ ઉપલબ્ધ થઈ શક્યા છે.

તેમાનાં 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર' જેવાં ઉત્તમોત્તમ પરમાગમોમાં હજારો શાસ્ત્રોનો સાર સમાય જાય છે. જેમ 'સમયસાર'માં શુદ્ધનયથી નવતત્ત્વોનું નિરૂપણ કર્યું છે તેમ 'નિયમસાર'માં શુદ્ધનયથી જ જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ વિગેરે વિષયોનું વર્ણન છે.

વર્તમાનમાં ઉપલબ્ધ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના ઉત્કૃષ્ટ પરમાગમોમાં અપ્રતિબુદ્ધને સમજાવવા અર્થે રચાયેલા સર્વોત્કૃષ્ટ શ્રી સમયસારજીમાં દૃષ્ટિપ્રધાન કથનથી શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવ્યું છે. દિવ્યધ્વનિના સાર શ્રી પ્રવચનસારજીમાં જ્ઞાનપ્રધાન કથનથી તે જ સ્વરૂપ વર્ણવ્યું છે. શ્રી નિયમસારજીમાં ચારિત્રની મુખ્યતાથી તે જ સ્વરૂપનું વર્ણન છે. વીતરાગતા પ્રગટ કરવાના પ્રયોજનથી દૃષ્ટિ-જ્ઞાન-ચારિત્રના આશ્રયભૂત શુદ્ધાત્માનું જ વર્ણન અનેક પ્રકારે કરવામાં આવે છે.

શ્રી નિયમસારજીની તો આચાર્યદેવે પોતાના જીવનના સંધ્યાકાળમાં નિજભાવના નિમિત્તે રચના કરેલ હોવાથી કારણપરમાત્માને ખૂબ જ ઘૂંટ્યો છે.

આ અસાધારણ પરમાગમની ટીકા ભાવિ તિર્થાધીનાથ અતીન્દ્રિયઆનંદના રસિક ભાવલિંગી મુનિરાજ શ્રીમદ્ પદ્મપ્રભમલધારીદેવે કરી છે. જેમના મુખમાંથી પરમાગમરૂપી મકરંદ ઝરે છે એવા મુનિરાજ કહે છે કે ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા તથા શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા આ પરમાગમના સારની પુષ્ટ રુચિથી આ ટીકા સહજ રચાઈ ગઈ છે. ટીકાકારે શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા આધ્યાત્મિક ભાવોને સ્વાનુભૂતિથી પ્રમાણ કરી પરમ પારિણામિકભાવમાં રહેલ અંતર રહસ્યોને ખોલ્યા છે.

શ્રી નિયમસાર ભરતક્ષેત્રનાં ઉત્તમોત્તમ શાસ્ત્રોમાનું એક હોવા છતાં પ્રાભૃતત્રયની

સરખામણીમાં તેની પ્રસિદ્ધિ ઘણી ઓછી છે. બ્રહ્મચારી શીતલપ્રસાદજી વિ.સં.૧૯૭૨માં હિન્દી નિયમસારની ભૂમિકામાં ખરું જ લખે છે કે, 'આજ સુધી શ્રી કુંદકુંદાચાર્યના પંચાસ્તિકાયસંગ્રહ, પ્રવચનસાર અને સમયસાર એ ત્રણ રત્નો જ બહુ પ્રસિદ્ધ છે. ખેદની વાત છે કે તેમના જેવું છતાં કેટલાક અંશોમાં તેમનાથી પણ ચઢિયાતું કે અધિક છે એવું નિયમસારરત્ન છે તેની પ્રસિદ્ધિ એટલી બધી ઓછી છે કે કોઈ કોઈ તો તેનું નામ પણ જાણતા નથી.'

'નિયમસાર' એટલે ભાગવતશાસ્ત્ર (ગા.૧૮૭) શ્રુતપરંપરામાં શાસ્ત્રોનું પ્રણયન શિષ્યોને સંબોધવા માટે અથવા વ્યક્તિગત ઉદ્દેશ્યથી કરવામાં આવે છે પરન્તુ આ ગ્રંથાધિરાજની રચના આચાર્યશ્રીએ પોતાના દૈનિક પાઠ માટે કરેલી હોવી જોઈએ. કેમકે આચાર્યશ્રીની ગ્રંથની છેલ્લી ઉક્તિવડે સ્પષ્ટ થાય છે કે **'णियभावणाणिमित्तं'** અર્થાત્ નિજભાવના અર્થે/નિમિત્તે પૂર્વાપર દોષોથી રહિત જિનોપદેશને જાણીને મેં 'નિયમસાર' નામનું શાસ્ત્ર રચ્યું છે.

નિયમસાર એટલે વ્યવહાર રત્નત્રયની અપેક્ષા વગરનું શુદ્ધ રત્નત્રયનું સ્વરૂપ. આ ગ્રંથમાં પર્યાયની મુખ્યતાથી કથન હોવા છતાં ભાવલિંગી સંતોની દૃષ્ટિ તો તેના કારણ પર જ રહ્યા કરે છે.

ભવ્ય જીવોના ભાગ્યોદયથી આ નિયમસાર કૃતિ પર **'तात्पर्यवृत्ति'** નામક સંસ્કૃત ટીકા લખનાર મહાસમર્થ મુનિવર શ્રી પદ્મપ્રભમલધારીદેવ મળ્યા જેઓ શ્રી વીરનંદી સિદ્ધાન્તચક્રવર્તીના શિષ્ય છે અને વિક્રમની તેરમી સદીમાં થઈ ગયા છે.

આ શાસ્ત્રજીમાં ૧૮૭ ગાથાઓમાં પ્રતિપાદિત વિષયવસ્તુને નીચે મુજબના બાર અધિકારોમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.

(૧) જીવ અધિકાર
(૨) અજીવ અધિકાર
(૩) શુદ્ધભાવ અધિકાર
(૪) વ્યવહાર ચારિત્ર અધિકાર
(૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર
(૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર
(૭) પરમ આલોચના અધિકાર
(૮) શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર
(૯) પરમ સમાધિ અધિકાર
(૧૦) પરમ ભક્તિ અધિકાર
(૧૧) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર
(૧૨) શુદ્ધોપયોગ અધિકાર

## નિશ્ચય પરમ આવશ્યક અધિકારનો ટૂંકમાં પરિચય

સ્વવશ અને પરવશ (અન્યવશ)ની વિગતવાર વ્યાખ્યા સમજાવતા આ અધિકારની મૂળવિષયવસ્તુ ખાસ ધ્યાનમાં લેવા જેવી છે. ગાથા ૧૪૧ થી ગાથા ૧૫૮ સુધીની કુલ ૧૮ ગાથાઓમાં શુદ્ધનિશ્ચયનયથી પરમ આવશ્યકની વિસ્તૃત માહિતી આ અધિકારમાં આપવામાં આવેલી છે.

વિધિ અનુસાર પરમજિનમાર્ગના આચરણમાં કુશળ એવો જીવ સદાય અંતર્મુખપણાને લીધે અન્યવશ નથી પરંતુ સાક્ષાત્ સ્વવશ છે. એવા અર્થની અને નિર્વાણ માર્ગની સૂઝ આપતા આચાર્ય કુંદકુંદદેવ કહે છે કે,

**નથી અન્યવશ જે જીવ આવશ્યક કરમ છે તેહને,**
**આ કર્મનાશયોગને નિર્વાણ માર્ગ કહેલ છે.**

આના પછીની ગાથામાં ગ્રંથકારે આવશ્યકનો વ્યુત્પત્તિ અર્થ સમજાવ્યો છે.

જેમ કે,

**ण वसो अवसो अवसस्स कम्म**
**वासयस्सयं ति बोद्धव्वा।।**

અર્થાત્ જે (અન્યને) વશ નથી તે 'અવશ' છે અને અવશનું કર્મ તે 'આવશ્યક' છે. પરવશપણાનું પછીની કેટલીક ગાથાઓમાં વર્ણન કરવામાં આવેલું છે. જેમ કે; શુભાશુભભાવમાં રહેનારો દ્રવ્ય-ગુણ-પર્યાયના ચિંતનમાં મગ્ન આત્મા અન્યવશ છે. આત્મસ્વરૂપમાં સંલગ્ન આત્મા જ સ્વવશ છે.

આ સંદર્ભમાં ટીકાકારનો કળશ કાવ્ય 'અન્યવશઃ સંસારી' ખાસ જોવા લાયક ને માણવા લાયક કળશ છે. જેમાં ટીકાકાર ઉમેરે છે કે જે જીવ અન્યવશ છે તે ભલે મુનિવેશધારી હોય તોપણ સંસારી છે, નિત્ય દુઃખનો ભોગવનાર છે; જે જીવ સ્વવશ છે તે જીવનમુક્ત છે. જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન છે.

આગળ જતાં ટીકાકર્તા જડતાની ચર્ચા કરતા કહે છે કે ''સર્વજ્ઞ વીતરાગમાં અને આ સ્વવશ યોગીમાં ક્યારેય કાંઈ પણ ભેદ નથી છતાં અરેરે ! આપણે જડ છીએ કે તેમનામાં ભેદ ગણીએ છીએ.''

અધિકારના અંતમાં મૂળ ગ્રંથકર્તાએ પુરાણ પુરુષોના દૃષ્ટાંત વડે આવશ્યકની પાવન પ્રેરણા આપી છે. જેની મૂળ ગાથા આ પ્રમાણે છે.

**સર્વે પુરાણ જનો અહો એ રીતે આવશ્યક કરી,**
**અપ્રમત્ત આદિ સ્થાનને પામી થયા પ્રભુ કેવળી.**

આમ, કુલ ૧૮ ગાથાઓ તથા ટીકાકારના કુલ ૩૪ કળશકાવ્યોથી અત્યંત રસપ્રદ તેમજ ઉપયોગી એવો આ અધિકાર છે.

આ નિયમસાર શાસ્ત્ર ઉપરના સળંગ અક્ષરશઃ પ્રવચનો ૨૧૪ ટોટલ ૭ ભાગમાં પ્રકાશિત કરવામાં આવશે. આ શાસ્ત્ર પ્રકાશન માટે અમેરિકામાં રહેતા ભાઈશ્રી **ડૉ. તનસુખભાઈ ઉદાણી**નો સ્વર્ગવાસ થવાથી તેમની ભાવના રાજકોટ મંદિરને તત્ત્વજ્ઞાન પ્રકાશન માટે દાનરાશિ આપવાની હોઈ તેમના નિમિત્તે આ ૭ ભાગ રાજકોટ દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ તરફથી પ્રકાશિત કરવામાં આવશે. જેના માટે તેમના તથા તેમના કુટુંબીજનો તરફથી

રૂા.૭/- (સાત લાખની) દાનરાશી મંદિરને ભેટ આપવામાં આવેલી છે. તથા બીજી દાનરાશી જે મુમુક્ષુઓ દ્વારા પ્રાપ્ત થયેલ છે તેનું લીસ્ટ પણ છાપવામાં આવેલ છે. આ સર્વે મુમુક્ષુઓએ ખૂબ જ ભાવપૂર્વક દાનરાશી આપી હોય સંસ્થા તેમનો આભાર વ્યક્ત કરે છે.

પ્રસ્તુત છટ્ઠા ભાગમાં ગ્રંથના નિશ્ચય પરમ આવશ્યક અધિકાર ઉપર થયેલા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અતીન્દ્રિય આનંદથી તરબોળ એવા કુલ ૨૪ પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવેલ છે

આ સમગ્ર પ્રવચનોનું કોમ્પ્યૂટરાઈઝ્ડ ટાઈપસેટીંગ સી.ડી. ઉપરથી અક્ષરશઃ ઉતારવાનું કાર્ય તથા ડીઝાઈનવર્ક **શ્રી નિલેષભાઈ જૈન–ભાવનગર** દ્વારા થયેલ છે તથા સમગ્ર પ્રવચનોને ફરી સાંભળી ચેક કરવાનું કાર્ય આત્માર્થી ભાઈશ્રી **મણિભાઈ ગાલા, મુંબઈ** દ્વારા તથા તેમને વાંચીને યથાયોગ્ય કરવાનું કાર્ય આત્માર્થી ભાઈશ્રી **ચેતનભાઈ મહેતા–રાજકોટ** દ્વારા થયેલ છે. જે પ્રવચનો હિન્દીમાં છે તેને ગુજરાતી ભાષામાં રૂપાંતર કરવામાં આવેલા છે. આ કાર્ય બદલ સંસ્થા સર્વનો આભાર માને છે. આ પ્રવચનોમાં કાંઈપણ ક્ષતિ રહી હોય તો તેની ક્ષમા ચાહીએ છીએ.

સમગ્ર પુસ્તકબાઈન્ડીંગ તથા પ્રિન્ટીંગનું કાર્ય શાર્પ ઓફસેટવાળા **ધર્મેશભાઈ શાહ–રાજકોટ** દ્વારા થયેલ હોઈ સંસ્થા તેમનો આભાર માને છે.

આ પુસ્તક **http://www.atmadharma.com** પર તથા **vitragvani.com** પર મૂકવામાં આવેલ છે.

ટ્રસ્ટીશ્રી

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ –રાજકોટ

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો
## સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ ગયો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે :

**'શિવરમણી રમનાર તું તું હી દેવનો દેવ'**

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ

કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી – કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે – **'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'**

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે –

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદગાર નીકળે છે– **'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'** એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભુલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સાચો ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક–એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઇન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : **'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.'** સિંહ સમાન વૃત્તિના

ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઇન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન **'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'**નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી **'આત્મધર્મ'** નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ **'આત્મધર્મ'** ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું **'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ'** સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના

પુસ્તક છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઇ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઇ. સ.) ૧૯૪૧ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યેજ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઇ. સ. ૧૯૪૧ થી ઇ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫ મા હિરકજયંતિ પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઇ. સ. ૧૯૫૭ તથા ઇ. સ. ૧૯૬૭માં–એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર થયો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૯ અને ઇ. સ. ૧૯૬૪માં – એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના

દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ–દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતુ કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મ તત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને

તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.
૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.
૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.
૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.
૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.
૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.
૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.
૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.
૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.
૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગ સર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

ટ્રસ્ટીશ્રી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ –રાજકોટ

| કારણ કાર્ય નિયમ ભાગ-૬ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ | | |
|---|---|---|
| ક્રમ | નામ | રકમ રૂ. |
| ૧. | ડો. શ્રી તનસુખભાઈ ઉદાણી હ. દર્શનાબેન સંઘવી | ૧,૦૦,૦૦૦ |
| ૨. | ધીયા પરિવાર. હ. નલિનભાઈ, કલાબેન, નિમિષ, | |
| | પૂર્વી, અન્વી તથા પ્રાચી | ૨૭,૦૦૦ |
| ૩. | ડો. મોદી સાહેબ | ૫,૦૦૦ |
| ૪. | મીનાબેન દિલીપકુમાર શાહ | ૪,૦૦૦ |
| ૫. | સ્વ. કલ્પનાબેન રમેશભાઈ પંચોલી | ૧,૫૦૦ |
| ૬. | જગદીશભાઈ જમનાદાસભાઈ સંઘવી | ૧,૫૦૦ |
| ૭. | ધનલક્ષ્મીબેન ચંદ્રકાંતભાઈ ગાંધી | ૧,૧૦૦ |
| ૮. | જયાબેન દલીચંદભાઈ શાહ | ૧,૧૦૦ |
| ૯. | અક્ષાંશ કિશનમલ જૈન | ૧,૦૦૦ |
| ૧૦. | સ્વ. શાંતિલાલ. હ. બ્ર. જશુબેન | ૧,૦૦૦ |
| ૧૧. | સ્મિતાબેન મનોજભાઈ શેઠ | ૧,૦૦૦ |
| ૧૨. | કુંદનબેન પ્રાણલાલભાઈ ખારા | ૧,૦૦૦ |
| ૧૩. | દિપ્તી સંજય મહેતા | ૧,૦૦૦ |
| ૧૪. | સરલાબેન મનહરલાલ શાહ | ૧,૦૦૦ |
| ૧૫. | અભિષેક કિરીટભાઈ સંઘવી | ૧,૦૦૦ |
| ૧૬. | જ્યોત્સનાબેન કાંતિલાલ શાહ | ૧,૦૦૦ |
| ૧૭. | બ્ર. હેમલતાબેન એમ. શાહ | ૫૦૧ |
| ૧૮. | ઋષભ તથા રુચિ કામદાર | ૫૦૧ |
| ૧૯. | મહેન્દ્ર ચંપકલાલ કોઠારી | ૫૦૧ |
| ૨૦. | પ્રમોદરાય ઉત્તમચંદ દોશી | ૫૦૧ |
| ૨૧. | હર્ષાબેન હરિલાલ દોશી | ૫૦૦ |
| ૨૨. | હર્ષાબેન તલસાણિયા | ૫૦૦ |
| ૨૩. | મધુકરભાઈ વી. મહેતા | ૫૦૦ |

| | | |
|---|---|---|
| ૨૪. | સ્વ. હિંમતલાલ ઉજમશીભાઈ ઝવેરી | ૫૦૦ |
| ૨૫. | જયાબેન હિંમતલાલ ઝવેરી | ૫૦૦ |
| ૨૬. | બિપીનભાઈ હિંમતલાલ ઝવેરી | ૫૦૦ |
| ૨૭. | પ્રમીલાબેન એન. તુરખિયા | ૫૦૦ |
| ૨૮. | પદ્માબેન રમણિકલાલ અવલાણી | ૫૦૦ |
| ૨૯. | હિમાંશુ રમેશભાઈ  વારિયા | ૫૦૦ |
| ૩૦. | ગંગદાસભાઈ સખિયા | ૫૦૦ |
| ૩૧. | સુશીલાબેન ચંદ્રકાંતભાઈ દફ્તરી | ૫૦૦ |
| ૩૨. | મીનાબેન દેસાઈ | ૫૦૦ |
| ૩૩. | રમણિકલાલ ન્યાલચંદભાઈ મોદી | ૫૦૦ |
| ૩૪. | હસમુખલાલ નાથાલાલ ગાંધી | ૫૦૦ |
| ૩૫. | સ્વ. કાંતિલાલ નૌતમલાલ મહેતા | ૨૫૧ |
| ૩૬. | કવિતાબેન વસા | ૨૫૧ |
| ૩૭. | મીનાબેન રતિલાલ મહેતા | ૨૫૧ |

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | ગાથા/શ્લોક નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૧૬૧ | ૨૧-૦૬-૮૦ | શ્લોક-૨૩૬-૨૩૭, ગાથા-૧૪૧ | ૦૦૧ |
| ૧૬૨ | ૨૨-૦૬-૮૦ | શ્લોક-૨૩૮ | ૦૧૫ |
| ૧૬૩ | ૨૩-૦૬-૮૦ | શ્લોક-૨૩૯, ગાથા-૧૪૨ | ૦૨૮ |
| ૧૬૪ | ૨૪-૦૬-૮૦ | શ્લોક-૨૪૦ થી ૨૪૨, ગાથા-૧૪૩ | ૦૪૦ |
| ૧૬૫ | ૨૫-૦૬-૮૦ | શ્લોક-૨૪૨ થી ૨૪૪, ગાથા-૧૪૪ | ૦૫૩ |
| ૧૬૬ | ૨૬-૦૬-૮૦ | શ્લોક-૨૪૫, ગાથા-૧૪૪-૧૪૫ | ૦૬૭ |
| ૧૬૭ | ૨૭-૦૬-૮૦ | શ્લોક-૨૪૬, ગાથા-૧૪૫-૧૪૬ | ૦૮૦ |
| ૧૬૮ | ૨૮-૦૬-૮૦ | શ્લોક-૨૪૭ થી ૨૪૯, ગાથા-૧૪૬ | ૦૯૩ |
| ૧૬૯ | ૨૯-૦૬-૮૦ | શ્લોક-૨૫૦ થી ૨૫૨, | ૧૦૫ |
| ૧૭૦ | ૩૦-૦૬-૮૦ | શ્લોક-૨૫૩-૨૫૪, ગાથા-૧૪૭ | ૧૧૮ |
| ૧૭૧ | ૦૧-૦૭-૮૦ | શ્લોક-૨૫૫, ગાથા-૧૪૭-૧૪૮ | ૧૩૧ |
| ૧૭૨ | ૦૫-૦૭-૮૦ | શ્લોક-૨૫૬-૨૫૭, ગાથા-૧૪૯ | ૧૪૫ |
| ૧૭૩ | ૦૬-૦૭-૮૦ | શ્લોક-૨૫૮ | ૧૫૭ |
| ૧૭૪ | ૦૭-૦૭-૮૦ | શ્લોક-૨૫૮, ગાથા-૧૫૦ | ૧૬૯ |
| ૧૭૫ | ૦૮-૦૭-૮૦ | શ્લોક-૨૫૯, ગાથા-૧૫૧ | ૧૮૧ |
| ૧૭૬ | ૦૯-૦૭-૮૦ | શ્લોક-૨૬૦-૨૬૧ | ૧૯૩ |
| ૧૭૭ | ૧૦-૦૭-૮૦ | શ્લોક-૨૬૨, ગાથા-૧૫૨-૧૫૩ | ૨૦૫ |
| ૧૭૮ | ૧૧-૦૭-૮૦ | શ્લોક-૨૬૩, ગાથા-૧૫૪ | ૨૧૭ |
| ૧૭૯ | ૧૨-૦૭-૮૦ | ગાથા-૨૬૪, ગાથા-૧૫૫ | ૨૨૯ |
| ૧૮૦ | ૧૩-૦૭-૮૦ | શ્લોક-૨૬૫-૨૬૬, ગાથા-૧૫૬ | ૨૪૧ |
| ૧૮૧ | ૧૪-૦૭-૮૦ | ગાથા-૨૬૭-૨૬૮, ગાથા-૧૫૬-૧૫૭ | ૨૫૪ |
| ૧૮૨ | ૧૫-૦૭-૮૦ | શ્લોક-૨૬૯, ગાથા-૧૫૮ | ૨૬૮ |
| ૧૮૩ | ૧૬-૦૭-૮૦ | શ્લોક-૨૭૦, ગાથા-૧૫૮ | ૨૮૦ |
| ૧૮૪ | ૧૭-૦૭-૮૦ | શ્લોક-૨૭૧, ગાથા-૧૫૯ | ૨૯૨ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

ॐ

परमात्मने नमः।

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

શ્રી

# નિયમસાર

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી 'નિયમસાર' ઉપર પ્રવચન)

(ભાગ–૬)

## શ્લોક–૨૩૬

(अनुष्टुभ्)

अत्यपूर्वनिजात्मोत्थभावनाजातशर्मणे।
यतन्ते यतयो ये ते जीवन्मुक्ता हि नापरे।।२३६।।

[શ્લોકાર્થ :–] અતિ અપૂર્વ નિજાત્મજનિત ભાવનાથી ઉત્પન્ન થતા સુખ માટે જે યતિઓ યત્ન કરે છે, તેઓ ખરેખર જીવન્મુક્ત થાય છે, બીજાઓ નહિ. ૨૩૬.

## પ્રવચન નં. ૧૬૧, શ્લોક-૨૩૬-૨૩૭, ગાથા-૧૪૧, શનિવાર, જ્યેષ્ઠ સુદ ૯, તા.૨૧-૦૬-૮૦

'નિયમસાર' ૨૩૬-કળશ.

**अत्यपूर्वनिजात्मोत्थभावनाजातशर्मणे।**
**यतन्ते यतयो ये ते जीवन्मुक्ता हि नापरे।।२३६।।**

**શ્લોકાર્થ :- 'અતિ અપૂર્વ નિજાત્મજનિત ભાવનાથી...'** આહાહા..! મોક્ષનું કારણ આ. **'અતિ અપૂર્વ...'** પૂર્વે નહિ કરેલું એવું **'નિજાત્મજનિત...'** પોતાનો જે આત્મા આનંદ અને જ્ઞાન, એવો જે નિજ આત્મા, તેનાથી ઉત્પન્ન થયેલી ભાવના. આહાહા..! **'અતિ અપૂર્વ નિજાત્મજનિત ભાવનાથી ઉત્પન્ન થતા સુખ માટે...'** આનંદને માટે. અતીન્દ્રિય આનંદને માટે **'જે યતિઓ યત્ન કરે છે,...'** આહાહા..! નિજાત્મજનિત સુખને માટે જે યતિઓ યત્ન કરે છે તે યત્ન. આ યત્ન. સ્વરૂપની યત્ના અતીન્દ્રિય આનંદની જતના, યતના જે કરે છે તેઓ ખરેખર જીવન્મુક્ત થાય છે. આહાહા..! તેઓ જ ખરેખર કેવળજ્ઞાન પામીને મુક્તિને પામે છે. આહાહા..! આમાં વ્યવહાર-બ્યવહાર ક્યાં ગયો? નિમિત્ત ને વ્યવહારને... આહાહા..!

**'અતિ-અપૂર્વ...'** અનંતકાળમાં નહિ કરેલું. અનંત... અનંત... અનંતકાળ જે અજ્ઞાનભાવમાં ગયો એ નહિ કરેલી **'અતિ-અપૂર્વ નિજાત્મજનિત ભાવના...'** પોતાના આત્માથી ઉત્પન્ન થયેલી ભાવના. ભાવનાની વ્યાખ્યા આ. નિજાત્માથી ઉત્પન્ન થયેલી ભાવના. રાગ અને વિકલ્પની ભાવના નહિ. આહાહા..! એનાથી ઉત્પન્ન થયેલું સુખ. એનાથી ઉત્પન્ન થયેલો અતીન્દ્રિય આનંદ. એને જે યતિઓ યત્ન કરે છે મુનિ. જે મુનિઓ એ યત્ન કરે છે. આહાહા..! મુનિની આ દશા. અત્યારે તો કાંઈક કાંઈક બહારથી ખતવે.

અંતરના આનંદના સુખને માટે જેની ભાવના અંદર છે. અતીન્દ્રિય આનંદ જેને પ્રગટ્યો છે, એમાં જેની યત્ના છે તે જીવન્મુક્ત છે. તે પૂર્ણ પદને પ્રાપ્ત થવાને લાયક છે. એ અસ્તિ કરી. **'બીજાઓ નહિ.'** આવી દશા વિનાના બીજાઓ નહિ. આહાહા..! આ અનેકાંત કર્યું. વ્યવહારથી પણ થાય અને નિશ્ચયથી પણ થાય એમ નથી. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો ઘન છે, એમાંથી ઉત્પન્ન થયેલી ભાવના. આહાહા..! અંતર સ્વરૂપ જે ત્રિકાળી ભાવ છે, એને અવલંબે ઉત્પન્ન થયેલી ભાવના. આહાહા..! એનાથી ઉત્પન્ન થતું સુખ. એ ભાવનાથી ઉત્પન્ન થતો આનંદ. એ યતિઓ, જે આનંદમાં યત્ન કરે. આહાહા..! શ્લોક તો બહુ નાનો બે લીટીનો છે.

**'તેઓ ખરેખર જીવન્મુક્ત થાય છે,...'** તેને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. આહાહા..! **'બીજાઓ નહિ.'** વ્યવહાર ક્રિયા કરનારાઓ અને નિમિત્તના આધાર લઈને રહેનારાઓને

ધર્મ નહિ થાય, એને મુક્તિ નહિ મળે. આહાહા..! ધર્મી એવો જે આત્મા, એની જે ભાવના, એનાથી ઉત્પન્ન થયેલી, એ ભાવનાથી... આહાહા..! ઉત્પન્ન થતું સુખ. અતીન્દ્રિય આનંદનું ઉત્પન્ન થતું સુખ, એ માટે જે યત્ન કરે એનું નામ યતિ અને મુનિ કહેવાય છે. આહાહા..! તેઓ ખરેખર મુક્તિને પામશે. બહુ ટૂંકું કર્યું. આત્મજનિત ભાવનાથી ઉત્પન્ન થયેલું સુખ, એ આનંદમાં યત્ન કરે છે... આહાહા..! તે મુક્તિને પામશે. બીજાઓ નહિ. આહાહા..! હવે આમાં વ્યવહારનો નિષેધ ન આવ્યો? 'પંડિતજી'! વ્યવહારનો નિષેધ આવ્યો? વ્યવહારથી નહિ પામે. આહાહા..! એ ૨૩૬ (શ્લોક પૂરો) થયો. આહાહા..!

## શ્લોક–૨૩૭

(वसंततिलका)

अद्वन्द्वनिष्ठमनघं परमात्मतत्त्वं
संभावयामि तदहं पुनरेकमेकम्।
किं तैश्च मे फलमिहान्यपदार्थसार्थैः
मुक्तिस्पृहस्य भवशर्मणि निःस्पृहस्य।।२३७।।

इति सुकविजनपयोजमित्रपंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रह श्रीपद्मप्रभमलधारिदेव-विरचितायां नियमसारव्याख्यां तात्पर्यवृत्तौ परमभकत्यधिकारो दशमः श्रुतस्कन्धः।।

**[શ્લોકાર્થ :–] જે પરમાત્મતત્ત્વ (રાગદ્વેષાદિ) દ્વંદ્વમાં રહેલું નથી અને અનઘ (નિર્દોષ, મળ રહિત) છે, તે કેવળ એકની હું ફરીફરીને સંભાવના (સમ્યક્ ભાવના) કરું છું. મુક્તિની સ્પૃહાવાળા અને ભવના સુખ પ્રત્યે નિઃસ્પૃહ એવા મને આ લોકમાં પેલા અન્યપદાર્થસમૂહોથી શું ફળ છે? ૨૩૭.**

**આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) પરમ-ભક્તિ અધિકાર નામનો દશમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**

## શ્લોક–૨૩૭ ઉપર પ્રવચન

**अद्वन्द्वनिष्ठमनघं परमात्मतत्त्वं**
**संभावयामि तदहं पुनरेकमेकम्।**
**किं तैश्च मे फलमिहान्यपदार्थसार्थैः**
**मुक्तिस्पृहस्य भवशर्मणि निःस्पृहस्य।।२३७।।**

**શ્લોકાર્થ** :- આહાહા..! '**જે પરમાત્મતત્ત્વ...**' આ જે પરમાત્મ-પરમસ્વરૂપ જે ભગવાનઆત્મા, એ '**પરમાત્મતત્ત્વ (રાગદ્વેષાદિ) દ્વંદ્વમાં રહેલું નથી...**' આહાહા..! આત્માનું જે પરમાત્મસ્વરૂપ છે એને જ આત્મા કહીએ અને તે આત્મામાં રાગ-દ્વેષનો દ્વંદ્વ નથી. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામનો દ્વંદ્વ એમાં નથી. આહાહા..! '**અને અનઘ (નિર્દોષ, મળ રહિત) છે,...**' દ્વંદ્વ નથી અને નિર્દોષ છે. અસ્તિ-નાસ્તિ કરી. રાગ-દ્વેષનો દ્વંદ્વ-દ્વૈતપણું નથી અને અનઘ છે. અનઘ–દોષ વિનાનો છે. ભગવાનઆત્મા અંદર નિર્દોષ છે, દોષ વિનાનો છે. આહાહા..! '**તે કેવળ એકની હું...**' આહાહા..! દ્વંદ્વ–રાગ-દ્વેષ રહિત અને નિર્દોષ ભગવાનઆત્મા ત્રિકાળી, તેની જ હું, કેવળ એકની હું '**ફરી ફરીને સંભાવના (સમ્યક્ ભાવના) કરું છું.**' આહાહા..! ફરી ફરીને એની–આનંદની ભાવના કરું છું. સચ્ચિદાનંદ પ્રભુ, એને પકડીને વારંવાર આનંદનો અનુભવ કરું છું. આહાહા..!

'**મુક્તિની સ્પૃહાવાળા...**' કહે છે કે હું કોણ છું? મુક્તિની સ્પૃહા. એક મુક્તિની જ ઇચ્છા છે. બીજી કોઈ જાતની વૃત્તિ નથી. '**મુક્તિની સ્પૃહાવાળા અને ભવના સુખ પ્રત્યે નિઃસ્પૃહ...**' ભવના સુખ પ્રત્યે સ્પૃહા વિના. ભવના સુખની લાગણી જરીએ નહિ અને પૂર્ણ આનંદ આત્માની પ્રાપ્તિની તત્પરતા. આહાહા..! પૂર્ણાનંદ એવો આત્મા, એની તત્પરતા. ભવના સુખની સ્પૃહા જરીએ નહિ. કે ભાઈ અહીંથી આમાં પુણ્ય કરશું તો સુખ મળશે ને સર્વાર્થસિદ્ધમાં જવાશે. દેવના (વૈભવ મળશે), કોઈ સ્પૃહા નથી. આહાહા..!

'**મુક્તિની સ્પૃહાવાળા અને ભવના સુખ પ્રત્યે નિઃસ્પૃહ એવા મને આ લોકમાં પેલા અન્યપદાર્થસમૂહોથી શું ફળ છે?**' આહાહા..! આ જગતની અંદર મારા પ્રભુ સિવાય મારે અન્યપદાર્થનું શું કામ છે? આહાહા..! પંચપરમેષ્ઠીથી પણ મારે શું કામ છે? એમ કહે છે. કારણ કે પંચપરમેષ્ઠી ઉપર નજર જશે તો રાગ થશે. આહાહા..! અન્ય પદાર્થ સમૂહ. અન્ય પદાર્થનો સમૂહ. આહાહા..! અનેક અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાય ને સાધુ. આહાહા..! જેના સમૂહ–ઢગલા છે. એનાથી મારે શું પ્રયોજન? આહાહા..! મારો ભગવાન પૂર્ણ ભરેલો છે. એનાથી ઉત્પન્ન થયેલા આનંદની યત્ના કરનારો, એની સ્પૃહા કરનારો, સંસારના સુખની સ્પૃહા છોડી દઈને... આહાહા..! મારે અન્ય પદાર્થની સાથે શું કામ છે?

અરે..! **'પેલા અન્યપદાર્થ...'** એમ ભાષા કેવી લીધી! આ લોકમાં પેલા–અનેરા, એમ પેલા એટલે. મારાથી જે અનેરા એવા **'અન્યપદાર્થસમૂહોથી શું ફળ છે?'** આહાહા..! પંચ પરમેષ્ઠીના સ્મરણથી પણ શું ફળ છે? રાગ છે. આહાહા..! મૂળ નિજ ચૈતન્ય એની કિંમત કરી નથી તેથી પરની કિંમત જતી નથી. એનું મહાત્મ્ય આવતું નથી તેથી પર વસ્તુનું મહાત્મ્ય ટળતું નથી. આહાહા..! જેને આત્માની મહિમા અને મોટપનો ભાવ આવે એને આત્મા સિવાય બીજા કોઈ પદાર્થ પ્રત્યે મહિમા આવે નહિ. પરમેશ્વર પ્રત્યે પણ મોટપ ન આવે એમ કહે છે. આહાહા..! મારો પરમેશ્વર... આહાહા..! એવો જે હું આત્મા, એને પેલા. પેલા અન્ય પદાર્થ સમૂહ. પેલા એટલે અનેરા પદાર્થો. આહાહા..! **'અન્યપદાર્થસમૂહોથી શું ફળ છે?'** એનાથી મને શું ફળ? આ ભક્તિનો અધિકાર પૂરો કરે છે. એની–પરની ભક્તિથી પણ મને શું ફળ? એમ કહે છે. આહાહા..! એ અધિકાર પૂરો થયો.

## – ૧૧ –
## નિશ્ચય–પરમાવશ્યક અધિકાર

## ગાથા–૧૪૧

अथ सांप्रतं व्यवहारषडावश्यकप्रतिपक्षशुद्धनिश्चयाधिकार उच्यते

**जो ण वदि अण्णवसो तस्स दु कम्मं भणंति आवासं**
**कम्मविणासणजोगो णिव्वुदिमग्गो त्ति पिज्जुत्तो।।१४१।।**

यो न भवत्यन्यवशः तस्य तु कर्म भणन्त्यावश्यकम्।
कर्मविनाशनयोगो निर्वृतिमार्ग इति प्ररूपितः।।१४१।।

अत्रानवरतस्ववशस्य निश्चयावश्यककर्म भवतीत्युक्तम्।

यः खलु यथाविधि परमजिनमार्गाचरणकुशलः सर्वदैवान्तर्मुखत्वादनन्यवशो भवति किन्तु साक्षात्स्ववश इत्यर्थः। तस्य किल व्यावहारिकक्रियाप्रपंचपराङ्मुखस्य स्वात्माश्रयनिश्चयधर्मध्यान-प्रधानपरमावश्यककर्मास्तीत्यनवरतं परमतपश्चरणनिरतपरमजिनयोगीश्वरा वदन्ति। किं च यस्त्रिगुप्तिगुप्तपरमसमाधिलक्षणपरमयोगः सकलकर्मविनाशहेतुः स एव साक्षान्मोक्षकारण-त्वान्निर्वृतिमार्ग इति निरुक्तिर्व्युत्पत्तिरिति।

तथा चोक्तं श्रीमदमृतचन्द्रसूरिभिः-

(मंदाक्रांता)

आत्मा धर्मः स्वयमिति भवन् प्राप्य शुद्धोपयोगं
नित्यानन्दप्रसरसरसे ज्ञानतत्त्वे निलीय।
प्राप्स्यत्युच्चैरविचलतया निःप्रकम्पप्रकाशां
स्फूर्जज्ज्योतिःसहजविलसद्रत्नदीपस्य लक्ष्मीम्।।

---

હવે વ્યવહાર છ આવશ્યકોથી પ્રતિપક્ષ શુદ્ધનિશ્ચયનો (શુદ્ધનિશ્ચય-આવશ્યકનો) અધિકાર કહેવામાં આવે છે.

**નથી અન્યવશ જે જીવ, આવશ્યક કરમ છે તેહને;**
**આ કર્મનાશનયોગને નિર્વાણમાર્ગ કહેલ છે. ૧૪૧.**

અન્વયાર્થ :– [ यः अन्यवशः न भवति ] જે અન્યવશ નથી (અર્થાત્ જે જીવ અન્યને વશ નથી) [ तस्य तु आवश्यकम् कर्म भणन्ति ] તેને આવશ્યક કર્મ કહે છે (અર્થાત્ તે જીવને આવશ્યક કર્મ છે એમ પરમ યોગીશ્વરો કહે છે). [ कर्मविनाशनयोगः ] કર્મનો વિનાશ કરનારો યોગ (–એવું જે આ આવશ્યક કર્મ) [ निर्वृतिमार्गः ] તે નિર્વાણનો માર્ગ છે [ इति प्ररूपितः ] એમ કહ્યું છે.

ટીકા :– અહીં (આ ગાથામાં), નિરંતર સ્વવશને નિશ્ચય-આવશ્યક-કર્મ છે એમ કહ્યું છે.

વિધિ અનુસાર પરમજિનમાર્ગના આચરણમાં કુશળ એવો જે જીવ સદાય અંતર્મુખપણાને લીધે અન્યવશ નથી પરંતુ સાક્ષાત્ સ્વવશ છે [૧]એવો અર્થ છે, તે વ્યાવહારિક ક્રિયાપ્રપંચથી પરાઙ્મુખ જીવને [૨]સ્વાત્માશ્રિત-નિશ્ચયધર્મધ્યાનપ્રધાન પરમ આવશ્યક કર્મ છે એમ નિરંતર પરમતપશ્ચરણમાં લીન પરમજિનયોગીશ્વરો કહે છે. વળી, સકળ કર્મના વિનાશનો હેતુ એવો જે [૩]ત્રિગુપ્તિગુપ્ત-પરમસમાધિલક્ષણ પરમ યોગ તે જ સાક્ષાત્ મોક્ષનું કારણ હોવાને લીધે નિર્વાણનો માર્ગ છે. આમ નિરુક્તિ અર્થાત્ વ્યુત્પત્તિ છે.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી પ્રવચનસારની તત્ત્વદીપિકા નામની ટીકામાં પાંચમાં શ્લોક દ્વારા) કહ્યું છે કે :–

---

૧. 'અન્યવશ નથી' એ કથનનો 'સાક્ષાત્ સ્વવશ છે' એવો અર્થ છે.
૨. નિજ આત્મા જેનો આશ્રય છે એવું નિશ્ચયધર્મધ્યાન પરમ આવશ્યક કર્મમાં પ્રધાન છે.
૩. પરમ યોગનું લક્ષણ ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત (–અંતર્મુખ) એવી પરમ સમાધિ છે. [પરમ આવશ્યક કર્મ તે જ પરમ યોગ છે અને પરમ યોગ તે નિર્વાણનો માર્ગ છે.]

**"[શ્લોકાર્થ :–] એ રીતે શુદ્ધોપયોગને પ્રાપ્ત કરીને આત્મા સ્વયં ધર્મ થતો અર્થાત્ પોતે ધર્મપણે પરિણમતો થકો નિત્ય આનંદના ફેલાવથી સરસ (અર્થાત્ જે શાશ્વત આનંદના ફેલાવથી રસયુક્ત છે) એવા જ્ઞાનતત્ત્વમાં લીન થઈને, અત્યંત અવિચળપણાને લીધે, દેદીપ્યમાન જ્યોતિવાળા અને સહજપણે વિલસતા (–સ્વભાવથી જ પ્રકાશતા) રત્નદીપકની નિષ્કંપ-પ્રકાશવાળી શોભાને પામે છે (અર્થાત્ રત્નદીપકની માફક સ્વભાવથી જ નિષ્કંપપણે અત્યંત પ્રકાશ્યા-જાણ્યા કરે છે)."**

## ગાથા–૧૪૧ ઉપર પ્રવચન

નિશ્ચય પરમઆવશ્યક-૧૧મો અધિકાર. એમાં પહેલા જ એ લખાણ છે, દેખો! '**હવે વ્યવહાર છ આવશ્યકો...**' વ્યવહાર સામાયિક, વ્યવહાર ચૌવિસંથો, વ્યવહાર વંદન, સામાયિક કરવી, વંદન, પ્રતિક્રમણ, વ્યવહાર પ્રતિક્રમણ, કાઉસગ્ગ... આહાહા..! અને પચ્ચખાણ. એ '**વ્યવહાર છ આવશ્યકોથી પ્રતિપક્ષ...**' અહીં તો ચોખ્ખું આવ્યું. '**છ આવશ્યકોથી પ્રતિપક્ષ...**' આહાહા..! હવે ઓલી કહે છે કે નહિ. પ્રતિપક્ષ અહીં નહિ. મિથ્યાત્વ જ એક પ્રતિપક્ષ લેવો. આહાહા..! આમાં ત્રણ ઠેકાણે આવશે. આ આવશ્યક અધિકારમાં ત્રણ ઠેકાણે આવશે. આહાહા..! વ્યવહાર છ આવશ્યક. વ્યવહાર સામાયિક, આત્માના ભાન વિના, આત્માના જ્ઞાન વિના ભગવાનની સ્તુતિ ને ભક્તિ અને વંદન અને કાયોત્સર્ગ અને આત્માના ભાન વિના પચ્ચખાણ અને કાયોત્સર્ગ એ '**છ આવશ્યકોથી પ્રતિપક્ષ...**' છ આવશ્યકનું ફળ તો સંસાર છે, રાગ છે. આહાહા..! એ સામાયિક અને ચૌવિસંથો, આત્માના જ્ઞાન વિનાના જે છ (આવશ્યક) એનું ફળ સંસાર છે. છ આવશ્યકો અનંતવાર કર્યા છે. આહાહા..! એના ફળ અનંતવાર દેવ તરીકે મળ્યા છે. ચાર ગતિમાં રખડવાનું મટ્યું નહિ. એક ભવ ઘટ્યો નહિ. આહાહા..! કારણ કે પોતે છ આવશ્યક ભવસ્વરૂપ છે, સંસારસ્વરૂપ છે. આહાહા..!

વ્યવહારના છ આવશ્યક એ સંસારસ્વરૂપ (છે). રાગ છે એ સંસારસ્વરૂપ છે. રાગ એ સંસાર છે. શાસ્ત્રમાં તો શરીરને સંસાર કીધો છે. આ શરીર એ સંસાર છે. આહાહા..! શરીર એ સંસાર છે. તો શરીરની ક્રિયાથી આત્માને કલ્યાણ થાય, સંસારની ક્રિયાથી આત્માને કલ્યાણ થાય. શરીરને સત્‌માં જોડી દેવું, સત્‌ક્રિયામાં જોડી દેવું. સદાચરણ. એ સદાચરણ નહિ. એ તો અસદાચરણ છે. સદાચરણ તો સત્ એવી વસ્તુ ભગવાન શુદ્ધ આનંદસ્વરૂપ, એમાં રમવું એ સદાચરણ છે. એ સદાચરણથી વિરુદ્ધ છ આવશ્યક વ્યવહાર સદાચરણ એ વિરુદ્ધ છે. આહાહા..!

મુમુક્ષુ :– સદાચરણને ક્યાંક તો મૈત્રી કહી અને ક્યાંક વિરોધ બતાવ્યો.

ઉત્તર :– મૈત્રી એ તો છે એટલું બતાવે છે. એ કળશમાં તો છે. છતાં એનો અર્થ કળશકારે બીજો કર્યો છે. એ તો 'હેમચંદ્ર'એ મૈત્રી કર્યો છે. અહીં તો વિરોધ કર્યો છે.

વિરોધ છે. અશુદ્ધતાનું ટળવું તે મૈત્રી છે. અશુદ્ધતાનું રહેવું એ મૈત્રી નથી. પાછળના કળશમાં આવે છે ને. છે ને ખ્યાલ બધો છે. નિશ્ચય અને વ્યવહારની મૈત્રી આવે છે. પણ એ વ્યવહારની મૈત્રી એટલે અશુદ્ધતાનો ત્યાગ એ વ્યવહારની મૈત્રી. આહાહા..! કળશટીકાકારે એવો અર્થ કર્યો છે. અશુદ્ધતાનો ત્યાગ અને શુદ્ધતાનું ગ્રહણ એ મૈત્રી છે. આહાહા..!

મુમુક્ષુ :– બંને સાથે રહે એ અપેક્ષાએ મૈત્રી?

ઉત્તર :– બંને સાથે રહે છે. એકનું ફળ સંસાર છે અને એકનું ફળ મુક્તિ છે. વીતરાગ ન હોય ત્યાં સુધી બે સાથે રહે. એ કળશ છે ને. જ્યાં સુધી કર્મની વિરતિ પૂરી ન થાય ત્યાં સુધી જ્ઞાનધારા અને કર્મધારા બે સાથે રહે. સાથે રહેવામાં વિરોધ નથી. મિથ્યાદર્શન અને સમ્યગ્દર્શન જેમ સાથે રહે એમાં વિરોધ છે, એમ સમ્યક્ચારિત્રને અને રાગને સાથે રહેવામાં વિરોધ નથી. આહાહા..! આકરું કામ ભારે. નિવૃત્તિ ન મળે અને એ ઉપદેશ ઘટી ગયો. આહાહા..! લોકો કંઈક રસ્તે અટકી ગયા બિચારા. ભવભ્રમણ ઉભું રહીને ભવભ્રમણમાં ચાલ્યા જવાના. આહાહા..!

અહીં તો કહે છે, **'વ્યવહાર છ આવશ્યકોથી...'** તો વિરુદ્ધ **'પ્રતિપક્ષ...'** કહ્યુંને? ઓલી જ્ઞાનમતિ કહે છે, 'નિયમસાર' એમાં સાર કીધો એ વિરુદ્ધ કીધો એ મિથ્યાત્વનો છે. દર્શન-જ્ઞાન-ચારિત્રની ક્રિયા જે વ્યવહાર છે એ વિરુદ્ધ નહિ. અહીં તો કહે છે કે છ આવશ્યક પણ વિરુદ્ધ છે. આહાહા..! અરે..રે..! શું થાય? મૂળ જ્યાં આત્મા અંદર વસ્તુ. સચ્ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો સર્વાંગ ભરેલો ભગવાન, એની અંતર રુચિ–દૃષ્ટિ અને આચરણ (થાય) એ આચરણથી છ આવશ્યક વિરુદ્ધ છે. છ આવશ્યક રાગ છે અને આ આચરણ તો અરાગ છે. સ્વરૂપના આચરણનું સ્વરૂપ, સ્વરૂપના આચરણનું સ્વરૂપ વીતરાગતા છે. અને આ છ આવશ્યક વ્યવહાર છે એનું સ્વરૂપ રાગ છે. આહાહા..! તેથી વ્યવહાર પ્રતિપક્ષથી, વ્યવહારથી તે નિશ્ચય વિરુદ્ધ છે. ત્રણ ઠેકાણે આવશે.

**'હવે વ્યવહાર છ આવશ્યકોથી...'** આહાહા..! **'પ્રતિપક્ષ...'** આવા તો લખાણ છે. છતાં પોતાની દૃષ્ટિએ અર્થ કરે. એમ કહે, નિયમ છે એ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તો એના વિરુદ્ધનું આચરણ વિરુદ્ધ જોઈએ. એને ઠેકાણે નિયમના વિરુદ્ધમાં મિથ્યાત્વ લીધું. એ 'જ્ઞાનમતિ' બાઈ છે ને આર્જિકા 'હસ્તિનાપુર'માં છે એ આવો અર્થ કરે છે. અર્થનો અનર્થ કર્યો એવું લખે છે. અહીંયાં આ લોકો છ આવશ્યકથી 'નિયમસાર' એ સાર એટલે નિશ્ચયથી તે વિરુદ્ધ છે. એને સાર કીધો છે. 'વિપરીતના પરિહાર અર્થે સાર શબ્દ યોજેલ છે.' આત્માના આશ્રય વિના પરાશ્રયથી જેટલો વિકલ્પ ઉઠે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ ભગવાનની ભક્તિ એ બધો પરાશ્રય છે, નિશ્ચયથી વિરુદ્ધ છે. આહાહા..!

**'વ્યવહાર છ આવશ્યકોથી...'** આ આચાર્ય પોતે કહે છે. જુઓ! **'સાંપ્રતં'** છે ને? **'व्यवहारषडावश्यकप्रतिपक्षशुद्धनिश्चयाधिकार उच्यते'** વ્યવહાર છ આવશ્યકથી વિરૂદ્ધ એવા

નિશ્ચયઆવશ્યકનું કથન કરશું, કહે છે. આહાહા..! આ તો વ્યવહાર કરો, કરતા કરતા થાશે, વ્યવહારથી થાશે. રાગ કરતા કરતા શુદ્ધ થાશે, આકુળતા કરતા કરતા નિરાકુળતા થાશે. આહાહા..! અહીં એ ના પાડે છે.

સ્વઆશ્રયથી થતી દશા તે મુક્તિનું કારણ અને પરાશ્રયથી થતી દશા તે સંસારનું કારણ–આ સિદ્ધાંત રાખીને બધી વાત (છે). આહાહા..! ભગવાનઆત્મા અનંતગુણનો પિંડ પ્રભુ, એના આશ્રયે થતી દશા તે મુક્તિનું કારણ છે. એ વિના ત્રણલોકના નાથ હોય, એને આશ્રયે થતાં પણ રાગ અને સંસાર છે. આહાહા..! કહો, 'શાંતિભાઈ'! દીધે રાખ્યું હશે એણે. આમ થાય ને તેમ થાય ને ફલાણું થાય ને. આહાહા..! બહુ માર્ગ (ઝીણો). ચૈતન્યનો માર્ગ ચૈતન્યનો આશ્રય. સંસારનો માર્ગ પરદ્રવ્યનો આશ્રય. આહાહા..! બે સિદ્ધાંત આખા. આહાહા..!

'**હવે વ્યવહાર છ આવશ્યકોથી...**' વર્ણન એ કરે છે. '**પ્રતિપક્ષ...**' એટલે વિરુદ્ધ '**શુદ્ધનિશ્ચયનો (શુદ્ધનિશ્ચય-આવશ્યકનો)...**' આત્માને આશ્રયે થતી દશા. સામાયિક, ચૌવિસંથો, વંદન આદિ. આત્મા આનંદકંદને આશ્રયે થતાં આનંદ, એવું જે અતીન્દ્રિય આનંદનું નિશ્ચય આવશ્યક, એનું આમાં વર્ણન કરશું. છ આવશ્યક વ્યવહારથી વિરુદ્ધનું વર્ણન કરશું. આહાહા..! કીધુંને? '**(શુદ્ધનિશ્ચય-આવશ્યકનો) અધિકાર કહેવામાં આવે છે.**' પ્રતિપક્ષનો. છ આવશ્યકથી વિરુદ્ધનું આમાં વર્ણન કરશું. આહાહા..!

**जो ण वदि अण्णवसो तस्स दु कम्मं भणंति आवासं**
**कम्मविणासणजोगो णिव्वुदिमग्गो त्ति पिज्जुतो।।१४१।।**
**નથી અન્યવશ જે જીવ, આવશ્યક કરમ છે તેહને;**
**આ કર્મનાશનયોગને નિર્વાણમાર્ગ કહેલ છે. ૧૪૧.**

'**ટીકા :– અહીં (આ ગાથામાં), નિરંતર સ્વવશને...**' આહાહા..! 'શ્રીમદ્'માં એક કાગળ આવે છે. ભાઈએ કાલે પૂછ્યું હતું નહિ? 'ચેતનજી'. એમ કે નિશ્ચયમાંથી જરી વ્યવહારમાં આવે એટલે... એક પત્ર છે. એ વ્યવહાર આવે પણ એ માર્ગ નથી. આહાહા..! અંદર ઠરી શકે નહિ. દૃષ્ટિ હોવા છતાં, અનુભવ હોવા છતાં ઉપયોગ એમાં રહી શકે નહિ ત્યારે ઉપયોગ રાગમાં–વ્યવહારમાં આવે પણ એ વ્યવહારમાં રાગ બંધનું કારણ છે. આહાહા..! કહો, 'ચીમનભાઈ'! રાડ પાડે એવું છે ને? સામાયિક અને આવશ્યક કરે છે ને બધા. છોડીયું-છોકરા સામાયિક ને પોષા ને આઠ-આઠ અપવાસ ચોવિહારા ને તપસ્યા (કરે). ધૂળેય તપસ્યા નથી. લાંઘણું છે. આહાહા..!

જ્યાં ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય નિરંતર સ્વવશ છે. આહાહા..! એને પરવશની ગંધ એમાં નથી. '**નિરંતર સ્વવશને નિશ્ચય-આવશ્યક-કર્મ છે...**' શું કીધું? નિરંતર જે આત્મા આનંદ

પ્રભુ, એ આનંદને આશ્રયે છ આવશ્યક છે. આહાહા..! નિરંતર. કોઈ વખતે પણ વ્યવહારના આશ્રયે છ આવશ્યક ધર્મના છે એમ નથી. આહાહા..! '**નિરંતર...**' વચ્ચે વ્યવહાર આવે છતાં તેનો આશ્રય નહિ. '**નિરંતર સ્વવશને નિશ્ચય-આવશ્યક-કર્મ છે...**' આત્મભગવાન પૂર્ણાનંદનો સ્વભાવ, એને આશ્રય જે દશા તે આવશ્યક કર્મ છે, તે સામાયિક કાર્ય છે, તે ચોવીસંથોનું કાર્ય છે. આહાહા..! હવે આ વાત સાંભળી ન હોય એ બહારમાં કડાકૂટા કરી નાખે. આહાહા..!

'**(આ ગાથામાં), નિરંતર સ્વવશને...**' અંતર પડ્યા વિના જ્ઞાનાનંદ સ્વભાવ નિત્ય અને ધ્રુવ છે, તેને આશ્રયે નિશ્ચય-આવશ્યક કાર્ય હોય છે. કર્મ એટલે કાર્ય. નિશ્ચય આવશ્યકરૂપી કર્મ એટલે કાર્ય, એટલે મોક્ષનો માર્ગ. આહાહા..! આવું આકરું પડે. વ્યવહાર સાધન છે.. વ્યવહાર સાધન છે. શાસ્ત્રમાં આવે, હોં! એવું.

મુમુક્ષુ :- બેયને સાધન કીધા છે.

ઉત્તર :– એ તો સાધ્ય થયું છે, પછી આ સાધનને આરોપ દેવાય છે. થયા વિનાનું સાધન, એકલું સાધન-ફાધન છે જ નહિ. આહાહા..! આત્માનો અનુભવ થયો, સ્થિરતા થઈ, પૂર્ણ સ્થિરતા નથી ત્યાં રાગની મંદતા આવે એને વ્યવહાર સાધનનો આરોપ અપાય છે. આહાહા..! નિશ્ચય સાધન છે એને વ્યવહાર સાધનનો આરોપ અપાય છે. નિશ્ચય સાધન અંતરનો આશ્રય જ્યાં નથી એને વ્યવહાર સાધન આરોપથી પણ કહેવાતો નથી. આહાહા..! આવો માર્ગ. '**એમ કહ્યું છે.**'

'**(આ ગાથામાં), નિરંતર સ્વવશને...**' આહાહા..! ભગવાનની ભક્તિનો વિકલ્પ ઊઠે એ પરવશ છે. આહાહા..! સામાયિકના પાઠ બોલીને બેસવું કે મારે સામાયિક થઈ એ બધું પરવશ છે. આહાહા..! એ પરાધીન રાગ છે, સંસાર છે. આહાહા..! '**(આ ગાથામાં), નિરંતર સ્વવશને નિશ્ચય-આવશ્યક-કર્મ છે એમ કહ્યું છે.**' એમ ભગવાને કહ્યું છે, એમ 'કુંદકુંદાચાર્યે' પોતાની ભાવના માટે પણ આ બનાવ્યું છે. આહાહા..! 'નિયમસાર' પોતાની ભાવના માટે બનાવ્યું છે. ભગવાન આમ કહે છે કે સ્વવશને આશ્રયે આવશ્યક કર્મ છે એમ કહ્યું છે. પરાશ્રય જેટલું લક્ષ જાય... આહાહા..! તેટલું બંધનું કારણ છે. ચાહે તો ભગવાનની ભક્તિનું સ્મરણ રહે, અંદર પંચ પરમેષ્ઠીનું સ્મરણ થાય પણ છે બંધનું કારણ. પરદ્રવ્ય આશ્રયે ભાવ (થાય એ) બંધનું કારણ છે. સ્વદ્રવ્ય આશ્રયે ભાવ (થાય) એ મુક્તિનું કારણ છે. તદ્દન બે વિરુદ્ધ છે. આહાહા..!

'**વિધિ અનુસાર પરમજિનમાર્ગના આચરણમાં કુશળ એવો જે જીવ...**' આહાહા..! '**વિધિ અનુસાર...**' આત્માની અનુકૂળતામાં અંદરમાં જવું એ વિધિને અનુસાર છે. આહાહા..! '**વિધિ અનુસાર પરમજિનમાર્ગના આચરણમાં કુશળ...**' પરમજિનમાર્ગ–વીતરાગમાર્ગના આચરણમાં કુશળ. આહાહા..! '**એવો જે જીવ સદાય અંતર્મુખપણાને લીધે અન્યવશ નથી...**' આહાહા..!

વિધિને અનુસાર, આત્માને અનુસાર એમ કહે છે. વિધિ એટલે એ. આત્મા ચૈતન્ય આનંદસ્વરૂપ અનાકુળ, નિરાકુળ નિર્વિકલ્પ સ્વરૂપ. આહાહા..! એની વિધિને અનુસારે પરમજિનમાર્ગમાં આચરણમાં કુશળ. આહાહા..! આવું તો કેટલાકે સાંભળ્યું ન હોય, લ્યો! બહારમાં માથાકૂટ (કર્યા કરે). **'એવો જે જીવ...'** કેવો? આત્માની જે અંતરમાં ઉતરવાની વિધિ છે, શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર જ્યાં અંતરમાં ઉતરવાની એ વિધિને અનુસાર.

મુમુક્ષુ :– પહેલા વ્યવહાર લીધો પછી નિશ્ચય લીધો.

ઉત્તર :– ના ના. વ્યવહાર ક્યાં? એ તો વિધિ અનુસાર અંતર લીધું. વ્યવહાર વિધિની વાત જ નથી.

મુમુક્ષુ :– ભાઈ કહે છે કે વિધિનો અર્થ વ્યવહાર છે.

ઉત્તર :– ના ના. અર્થ કર્યો ને પહેલો? વિધિના બે અર્થ થાય : એક વિધિ કર્મ અને એક વિધિ આત્માને અનુસાર. આહાહા..!

**'વિધિ અનુસાર પરમજિનમાર્ગના આચરણમાં કુશળ...'** એ વિધિ. ચૈતન્યમૂર્તિ ભગવાન, એના સન્મુખમાં દૃષ્ટિ, જ્ઞાન ને ચારિત્ર (થાય) એ એની વિધિ. આહાહા..! નહિતર શબ્દમાં કર્મમાં વિધિ આવે છે. વિધિને વશ પડ્યો, વિધિનો નાશ કર્યો એવો શબ્દ આવે છે. વિધિ એટલે કર્મ. અહીં એ નથી. અહીં તો પહેલું કહ્યું ને? સ્વવશને નિશ્ચય આવશ્યક કર્મ છે એમ કહ્યું છે. પહેલી જ લીટીમાં કહ્યું છે. આહાહા..! **'વિધિ અનુસાર...'** એ વિધિ જ આ છે. ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ, એને અનુસરવું એ જ વિધિ છે. આહાહા..! એને અનુસરીને થવું એનું નામ વિધિ છે. રાગને અનુસારે થવું એનું નામ કવિધિ છે, અવિધિ છે. આહાહા..!

મુમુક્ષુ :– આપ અર્થ જ બધા જુદા કરો છો.

ઉત્તર :– એ છે અંદર. આ શું કીધું? પહેલેથી કહ્યું શું? કે આમાં નિશ્ચય આવશ્યક, નિરંતર સ્વવશને નિશ્ચય આવશ્યક છે એમ કહેવું છે. આહાહા..! એ ભગવાનઆત્માની વિધિ, કર્મની વિધિ નહિ. એ તો સંસાર. આમાં એ કહેવું નથી.

ભગવાન ચૈતન્યસ્વરૂપ, એના દર્શન-જ્ઞાન-ચારિત્રના ચૈતન્ય પરિણામ, એ **'વિધિ અનુસાર પરમજિનમાર્ગના...'** માર્ગ છે ને? અહીં માર્ગની વાત કરવી છે ને? **'પરમ જિનમાર્ગના આચરણમાં કુશળ...'** આહાહા..! વીતરાગમાં રહેવાને કુશળ. અંતર વીતરાગીદશામાં ગમે તે પ્રકારે પણ રહેવામાં ડાહ્યો-કુશળ. વીતરાગભાવ અંદર. કંઈ કોઈ ચીજની અંદર આશા કે સ્પૃહા કે આશ્રય છે જ નહિ. આહાહા..! **'વિધિ અનુસાર પરમજિનમાર્ગના આચરણમાં કુશળ એવો જે જીવ સદાય અંતર્મુખપણાને લીધે...'** લ્યો! વિધિ અનુસાર આ. સદાય અંતર્મુખપણું. જ્યાં ભગવાન પૂર્ણ સ્વરૂપ છે–અંતર્મુખ ત્યાં સદાય અંતર્મુખ દૃષ્ટિ રાખીને. આહાહા..! **'અંતર્મુખપણાને લીધે અન્યવશ નથી...'** એ પરને વશ નથી.

આવશ્યકનો અધિકાર છે ને? આહાહા..! પરને વશે છે એ આવશ્યક નથી. સ્વને વશે છે તે આવશ્યક છે. અવશ્ય કર્મ હોય તો આ છે. આવશ્યક એટલે અવશ્ય કાર્ય. જરૂરી અને અવશ્ય કાર્ય હોય તો તે ભગવાન ચૈતન્યને અનુસરીને અંતરમાં દર્શન-જ્ઞાન-ચારિત્રમાં આવવું એ વિધિને અનુસાર છે. આહાહા..! આકરું લાગે. વખત મળે નહિ. હજી તો નિર્ણય કરવાનો વખત ન મળે. ધ્યાન ઉપર વાત આવવી મુશ્કેલ પડે. માણસ નથી કહેતા? કે, ભાઈ! હું કહું છું એ ધ્યાનમાં તો લે. પછી તારે કરવું હોય એમ કરજે. તારે કરવાનું કરજે પણ ધ્યાનમાં તો લે. કહે છે કે નહિ એમ? એમ અહીં કહે છે કે તું ધ્યાનમાં તો લે. પછી આમાં રુચિ કરીને અંદરમાં જા. એવું પણ આવે છે ક્યાંક, ધ્યાનમાં લે પછી તને ઠીક પડે એમ કરજે. એમ પણ આવે છે. 'દશવૈકાલિક'ની ગાથા. વાત ધ્યાનમાં લે પછી કેમ કરવું એ તારી મરજી. આહાહા..!

**'એવો જે જીવ સદાય અંતર્મુખપણાને લીધે...'** આહાહા..! સદાય અંતર્મુખ શુદ્ધઉપયોગ. આહાહા..! આત્મા તરફનો જે ઉપયોગ એ શુદ્ધઉપયોગ. પર પદાર્થ ભગવાનાદિ પરમેશ્વર તરફનો ઉપયોગ એ અશુદ્ધઉપયોગ. આહાહા..! એ **'સદાય અંતર્મુખપણાને લીધે અન્યવશ નથી...'** પરવશ નથી. **'પરંતુ સાક્ષાત્ સ્વવશ છે...'** આહાહા..! અંતરમાં ચૈતન્ય ભગવાન અનંતગુણની ખાણ, એનો આશ્રય તે સ્વવશ છે. આહાહા..! ચાહે તો પછી ભગવાનની ભક્તિ આદિ વિનય એ બધું પરવશ છે. આહાહા..!

મુમુક્ષુ :– ગુરુભક્તિ હોય તો?

ઉત્તર :– તો એ પરવશ છે. અહીં ન કહ્યું પહેલા? કે પેલા પર પદાર્થનું મારે શું કામ? આહાહા..! અત્યારે તો એ બધા એ રીતે ફૂકે. સભા ભરાય, હું આમ કરું, હું આમ કરું. એ તો અજૈનમાર્ગ છે. આહાહા..! અજૈનને જૈનપણે મનાવે. બહુ ઝીણી વાતું, બાપુ! આહાહા..!

અંતરના આચરણમાં કુશળ એવો જે જીવ. અંતર આચરણમાં કુશળ એવો જે જીવ. આહાહા..! એ સદાય અંતર્મુખપણાને લીધે અન્યવશ નથી. આહાહા..! એને વિકલ્પ નથી. એ પરવશ નથી. **'પરંતુ સાક્ષાત્ સ્વવશ છે એવો અર્થ છે,...'** છે? અન્યવશ નથી. એ કથનનો અર્થ સાક્ષાત્ સ્વવશ છે. એમ. અન્યવશ નથી એનો સાક્ષાત્ સ્વવશ છે એવો અર્થ છે. અન્યવશ નથી એનો અર્થ સ્વવશ છે. આહાહા..! દેવ-ગુરુ ને ધર્મને વશે પણ નથી તે સ્વવશ છે. આહાહા..! દેવ-ગુરુના સાન્નિધ્યમાં આવ્યું હતું ને. સાન્નિધ્યમાં આવ્યું હતું એ તો સાંભળવા માટે. પણ થવા કાળે તે લક્ષ છોડી દેવાનું. આહાહા..! અંતરમાં સ્વનો આશ્રય લીધા વિના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણકાળમાં થાય નહિ. પરને આશ્રયે કાંઈ ત્રણકાળમાં થાય નહિ. આહાહા..! એ કહે છે.

**'વ્યાવહારિક ક્રિયાપ્રપંચથી પરાઙ્મુખ...'** દેખો! લ્યો, આવ્યું? **'વ્યાવહારિક ક્રિયાપ્રપંચ...'**

દયા, દાન, સામાયિક, ચૌવિસંથો વંદના ને એ બધા વ્યવહાર, છ આવશ્યક વ્યવહાર. વ્યવહાર આવશ્યક ક્રિયાપ્રપંચ. એ તો ક્રિયાનો પ્રપંચ છે. આહાહા..! છે કે નહિ? 'શાંતિભાઈ'! કોઈ દિ' વાંચ્યું નહિ હોય આ. આહાહા..! **'વ્યાવહારિક ક્રિયાપ્રપંચથી પરાઙ્મુખ જીવને...'** આહાહા..! શું આ ટીકા! 'કુંદકુંદાચાર્ય' કહે છે, મારે માટે મેં બનાવ્યું. એનો અર્થ-ટીકા કરનાર નીકળ્યા 'પદ્મપ્રભમલધારિદેવ'. આહાહા..! એ કહે કે મેં તો મારે માટે આ બનાવ્યું છે. આહાહા..! **'વ્યાવહારિક ક્રિયાપ્રપંચ..'** જેટલી દયા, દાન, વ્રત, કામ, ક્રોધ, ભગવાનનું સ્તવન, સ્તુતિ એ બધી ક્રિયાનો પ્રપંચ છે. આહાહા..! ભગવાનનું સ્મરણ કરવું એ ક્રિયાનો પ્રપંચ છે. કારણ કે એ આત્માનો સ્વભાવ જ્ઞાન ને આનંદ એનાથી વિરુદ્ધ ભાવ છે. માટે તે ક્રિયાપ્રપંચ છે. આહાહા..!

**'વ્યાવહારિક ક્રિયાપ્રપંચથી પરાઙ્મુખ જીવને સ્વાત્માશ્રિત-નિશ્ચયધર્મધ્યાનપ્રધાન...'** આહાહા..! સ્વઆશ્રિત, જોયું! આહાહા..! **'નિજ આત્મા જેનો આશ્રય છે એવું નિશ્ચયધર્મધ્યાન પરમ આવશ્યક કર્મમાં પ્રધાન છે.'** આહાહા..! અવશ્ય કાર્યમાં એ મુખ્ય છે. આહાહા..! **'પરાઙ્મુખ જીવને સ્વાત્માશ્રિત-નિશ્ચયધર્મધ્યાનપ્રધાન પરમઆવશ્યક કર્મ છે...'** એ પરમઆવશ્યક. અવશ્ય કાર્ય કરવા લાયક આ છે. આહાહા..! નિશ્ચયની તો વાત સાંભળે ત્યારે એમ લાગે કે આ તો કોઈ એકાંતની વાત છે. એમ લોકોને થાય છે. નિશ્ચય તે સત્ય છે, પરમસત્ય છે. વ્યવહાર તે આરોપિત કથન છે. એ વાસ્તવિક સત્ય નથી. આહાહા..! આહાહા..!

**'સ્વાત્માશ્રિત-નિશ્ચયધર્મધ્યાનપ્રધાન પરમ આવશ્યક કર્મ છે...'** એને પરમ-જરૂરી કાર્ય છે. આહાહા..! સ્વઆત્માઆશ્રિત નિશ્ચયધર્મધ્યાન પ્રધાન. જ્યાં નિશ્ચય ધર્મધ્યાન મુખ્ય છે. એને પરમ આવશ્યક કર્મ છે. આહાહા..! **'એમ નિરંતર પરમતપશ્ચરણમાં લીન...'** આહાહા..! એમ નિરંતર પરમતપશ્ચરણ એટલે આત્મા. આત્મામાં લીન એ પરમતપસ્યા. અપવાસ-બપવાસ કરવા એ બધી લાંઘણું છે. આહાહા..! છે?

**'નિરંતર પરમતપશ્ચરણમાં લીન...'** કોણ? કે પરમઆવશ્યક કર્મ છે તે. **'સ્વાત્માશ્રિત-નિશ્ચયધર્મધ્યાનપ્રધાન...'** એ પરમ તપસ્યા છે. આહાહા..! એનું નામ પરમ તપસ્યા. એ આત્માને આશ્રયે (થાય છે). પરાશ્રય **'ક્રિયાપ્રપંચથી પરાઙ્મુખ જીવને સ્વાત્માશ્રિત-નિશ્ચયધર્મધ્યાનપ્રધાન પરમ...'** જરૂરી કાર્ય. આત્મામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર-આનંદ (થવા) એ જરૂરી કાર્ય (છે). આહાહા..! **'એમ નિરંતર પરમતપશ્ચરણમાં લીન...'** એને તપસ્યા કીધી છે. જોયું! અપવાસ કર્યા, ફલાણું કર્યું, એને તપસ્યા કીધી નથી. અંતર સ્વરૂપમાં લીન તે પરમતપશ્ચરણ છે. આહાહા..!

મુમુક્ષુ :– આ બધે ઠેકાણે પરમ કેમ લગાડે છે?

ઉત્તર :– પરમ ઉત્કૃષ્ટ તપ છે ઇ. પેલો વ્યવહાર નામ માત્ર છે. નામ માત્ર છે. યથાર્થ માત્ર છે આ. પરમતપશ્ચરણ. આહાહા..! અંતર આનંદસ્વરૂપમાં લીન થવું એ જ પરમ તપસ્યા

છે. ઓલું તો નામમાત્ર છે, પરમ નથી, એમ કહે છે. આહાહા..! અપવાસ કરવા ને પછી અઠ્ઠમ કરવો ને અઠ્ઠમને પારણે પોરસી કરે તો પચ્ચીસ અપવાસનો લાભ થાય. એવું કહે છે બધા. અઠ્ઠમ કરે અને એમાં જો પોરસી કરે તો પચ્ચીસનો લાભ થાય. આહાહા..! સંસારનો રખડવાનો લાભ થાય, એમ કહે છે. આહાહા..!

**'નિરંતર પરમતપશ્ચરણમાં લીન પરમજિનયોગીશ્વરો કહે છે.'** એ આ વાત પરમ જિનયોગીશ્વરો કહે છે. આ કાંઈ હું કહું છું એમ નહિ. આહાહા..! છે? **'વ્યાવહારિક ક્રિયાપ્રપંચથી પરાઙ્મુખ જીવને સ્વાત્માશ્રિત-નિશ્ચયધર્મધ્યાનપ્રધાન પરમ આવશ્યક કર્મ છે એમ નિરંતર પરમતપશ્ચરણમાં લીન પરમજિનયોગીશ્વરો કહે છે.'** અજ્ઞાનીઓ કોઈને આવશ્યક ક્રિયાકાંડ ને બહારને કહે છે. આહાહા..! **'પરમજિનયોગીશ્વરો કહે છે.'** આહાહા..!

**'સકળ કર્મના વિનાશનો હેતુ...'** પૂર્ણ કર્મના નાશનું કારણ **'એવો જે ત્રિગુપ્તિગુપ્ત-પરમસમાધિલક્ષણ...'** ત્રિગુપ્તિગુપ્ત. આહાહા..! **'પરમયોગનું લક્ષણ ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત...'** નીચે અર્થ છે. **'પરમ યોગનું લક્ષણ...'** મન-વચન-કાયા ત્રણને ગુપ્ત. તેના તરફનું વલણ છોડીને **'ગુપ્તિ વડે ગુપ્ત (–અંતર્મુખ) એવી પરમ સમાધિ છે. [પરમ આવશ્યક કર્મ તે જ પરમ યોગ છે અને પરમ યોગ તે નિર્વાણનો માર્ગ છે.]'** નીચે અર્થ છે. આહાહા..! **'ત્રિગુપ્તિગુપ્ત-'** એટલે મન-વચન-કાયા ત્રણ તરફથી ગુપ્ત. ત્રણેયની ક્રિયા એ નહિ. મનની ક્રિયા નહિ, વાણીની નહિ, દેહની નહિ. આહાહા..! એ પરમ જિનયોગીશ્વરો તેને કહે છે.

**'વળી, સકળ કર્મના વિનાશનો હેતુ એવો જે ત્રિગપ્તિગુપ્ત-પરમસમાધિલક્ષણ પરમ યોગ...'** **'ત્રિગુપ્તિગુપ્ત-પરમસમાધિલક્ષણ પરમ યોગ...'** આહાહા..! અંતરયોગનું લક્ષણ શું? આત્મામાં અંતર યોગ-આનંદમાં એકાગ્ર થવું એનું લક્ષણ શું? કે ત્રિગુપ્તિગુપ્ત પરમસમાધિલક્ષણ એ એનું લક્ષણ છે. આહાહા..! મન, વાણી અને દેહ ત્રણથી છૂટીને એના વલણવાળી ક્રિયાથી પણ છૂટીને આત્માના સ્વરૂપમાં પરમ સમાધિ ત્રિગુપ્તિ સહિત, તેને અહીંયાં પરમયોગ કહેવામાં આવે છે. પરમયોગ–પરમ વેપાર. આહાહા..! પરમયોગી. યોગમાં યોગ જોડાય તે પરમયોગી. આહાહા..!

**'તે જ સાક્ષાત્ મોક્ષનું કારણ હોવાને લીધે...'** આહાહા..! તે જ સાક્ષાત્ અંતરમાં એકાગ્રતા. મન-વચન-કાયાની ક્રિયાથી છૂટીને અંદરમાં ગુપ્ત થઈ જવું. આહાહા..! એ જ એક મોક્ષનું કારણ હોવાને લીધે **'સાક્ષાત્ મોક્ષનું કારણ હોવાને લીધે નિર્વાણનો માર્ગ છે. આમ નિરુક્તિ અર્થાત્ વ્યુત્પત્તિ છે.'** માથે કીધું ને? **'पिज्जुतो'** **'णिव्वुदिमग्गो त्ति पिज्जुतो'** કહ્યું હતું ને? ચોથું પદ છે ને. એનો અર્થ કર્યો. વ્યુત્પત્તિનો અર્થ આવો છે. **'पिज्जुतो'** વ્યુત્પત્તિનો અર્થ આવો છે કે સ્વવશમાં લીન થાવું એનું નામ વ્યુત્પત્તિ છે. બીજી વ્યુત્પત્તિ લગાવીને પર ને વ્યવહારથી આમ થાય તેમ થાય એ વ્યુત્પત્તિ નથી. આહાહા..! **'આમ નિરુક્તિ અર્થાત્ વ્યુત્પત્તિ છે.'** વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૬૨, શ્લોક--૨૩૮, રવિવાર, જ્યેષ્ઠ સુદ ૧૦, તા.૨૨-૦૬-૮૦

'નિયમસાર'. શ્લોક છે. છે 'પ્રવચનસાર'નો. 'અમૃતચંદ્રાચાર્ય'નો આધાર આપે છે, આધાર.

**आत्मा धर्मः स्वयमिति भवन् प्राप्य शुद्धोपयोगं**
**नित्यानन्दप्रसरसरसे ज्ञानतत्त्वे निलीय।**
**प्राप्स्यत्युच्चैरविचलतया निःप्रकम्पप्रकाशां**
**स्फूर्जज्ज्योतिःसहजविलसद्रत्नदीपस्य लक्ष्मीम्।।**

આહાહા..! ધર્મનું સ્વરૂપ એવું છે, પ્રભુ! શુદ્ધોપયોગને પ્રાપ્ત કરવો એ ધર્મ છે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો અશુભરાગ છે. એ તો આત્માને નુકસાન કરનાર છે. આહાહા..! હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ તો પાપ છે પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ પણ પુણ્યબંધન અને સંસારનું કારણ છે. એ બેય શુભ અને અશુભભાવ અશુદ્ધઉપયોગ કહેવામાં આવે છે. બેય ધર્મ નથી, બેય અધર્મ છે. આહાહા..! એ અશુદ્ધઉપયોગથી રહિત શુદ્ધઉપયોગ તે ધર્મ છે. છે?

**શ્લોકાર્થ :- 'એ રીતે શુદ્ધોપયોગને પ્રાપ્ત કરીને...'** આહાહા..! ભગવાનઆત્મા આનંદની મૂર્તિ પ્રભુ, એનો ઉપયોગ લગાવી દે. શુભ-અશુભ રાગ એ તો બંધનનું કારણ છે, સંસાર છે. શુભ-અશુભભાવ બેય સંસાર છે. આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ, એમાં ઉપયોગને જોડી દે. એનું નામ શુદ્ધોપયોગ કહેવાય છે. શુભ અને અશુભ ઉપયોગ બેય અશુદ્ધોપયોગ મલિન અને બંધનનું કારણ છે. આહાહા..! શુદ્ધોપયોગ. ચૈતન્ય શુદ્ધ વસ્તુ છે, સચ્ચિદાનંદ મૂર્તિ પ્રભુ છે, એનો ઉપયોગ જે શુદ્ધ, જેમાં રાગના કણની પણ અપેક્ષા નહિ... આહાહા..! જેમાં એકલો ચિદાનંદ આત્મા જ ઉપયોગમાં વર્તે એ ઉપયોગને શુદ્ધોપયોગ–ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! કહો, 'શાંતિભાઈ'! કોઈ દિ' સાંભળ્યું નહોતું ન્યાં. રખડવામાં બધું. રખડવામાં ગયું ને? આવ્યા ને ભાગ્યશાળી. આ વસ્તુ બાપુ! સાંભળવા મળતી નથી, ભાઈ! આહાહા..!

પ્રભુ અંદર ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વરૂપે બિરાજે છે. જેની સત્તામાં અનંતી શક્તિઓ પડી છે. શક્તિવાન પોતે છે. પ્રભુ પોતે આત્મા શક્તિવાન છે. એમાં અનંતી શક્તિ પડી છે. આહાહા..! એ અનંતી શક્તિનો પણ ભેદ લક્ષમાં ન લેતા... આહાહા..! શુભ અને અશુભરાગનો ઉપયોગ તો મેલ ને બંધનનું કારણ છે પણ આત્મામાં એકરૂપ છે છતાં અનંતી શક્તિઓ, એનો ભેદ પણ લક્ષમાં લેતાં રાગ થાય એવું છે. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! આહાહા..! અરે..! એની પ્રભુતા, એને મોટપ બેસતી નથી. બહારની ચીજની મોટપ એટલી મીઠાશ ગરી

ગઈ કે જે ભાળ્યું નથી એની મીઠાશ જ નથી. ભાળે છે એની મીઠાશ ગરી ગઈ છે. આહાહા..!

મુમુક્ષુ :– આપ નમૂનો ચખાડો.

ઉત્તર :– હા. અહીં તો વસ્તુ આ છે, પ્રભુ! અહીં તો પ્રભુ તરીકે બોલાવીએ છીએ. ભગવાન તરીકે આચાર્યોએ બોલાવ્યો છે. હે ભગવાન! આહાહા..! રંક અને રાજા બધાને આચાર્યે ૭૨ ગાથામાં ત્રણ વાર ભગવાન તરીકે સંબોધ્યા છે. આહાહા..! ૭૨ ગાથા. પ્રભુ! શુભ અને અશુભ ભાવ એ મલિન છે. પહેલો બોલ છે. ભગવાન નિર્મળાનંદ છે એમ ત્યાં ૭૨ ગાથામાં કહ્યું છે. આહાહા..! ૭૨ ગાથા. ૭૨. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનનું સ્મરણ, પંચપરમેષ્ઠીની ભક્તિ અને એને મગજમાં યાદ કરવા એ બધો સંસાર અને રાગ છે, કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– કયા ધર્મની વાત છે?

ઉત્તર :– એ આત્માના ધર્મની વાત છે.

ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. આહાહા..! અરે..રે..! એના વિરહ પડ્યા. પંચમઆરામાં કેવળજ્ઞાન રહ્યું નહિ. પ્રભુ પાસેથી વિરહ પડ્યા. આહાહા..! એવો આ ધર્મ ત્રણલોકના નાથ અનંત તીર્થંકરોએ સ્વીકાર્યો. પ્રભુ! તારી પ્રભુતાની વાત શું કરીએ? વચનાતીત વિકલ્પાતીત તારી ચીજ છે. એને અમે વચન દ્વારા પ્રભુ તરીકે તને કહીએ. આહાહા..! ભગવાન તરીકે તને કહીએ છીએ અને અમે એમ કહીએ છીએ કે અમે તો ભગવાન થયા... આહાહા..! પ્રભુ! બધા ભગવાન થાવ, દુઃખી ન થાવ. રાગનો વિકલ્પ ઊઠે એ દુઃખ છે, નાથ! આકુળતા છે, વેદનમાં દુઃખ છે. આહાહા..!

**'એ રીતે...'** 'પ્રવચનસાર' **'શુદ્ધોપયોગને પ્રાપ્ત કરીને...'** પંચમઆરાના સાધુ પંચમઆરાના શ્રોતાને કહે છે. એમ નથી કહેતા કે તને પ્રાપ્ત નહિ થાય. 'ચંદુભાઈ'! આહાહા..! પંચમઆરાના સંત પંચમઆરાના અપ્રતિબુદ્ધ શિષ્યને કહે છે, હે શિષ્ય! એ રીતે, જે વિધિ કીધી એ રીતે શુદ્ધઉપયોગને પ્રાપ્ત કર. પુણ્ય-પાપના પરિણામના વિકલ્પ છે એ વૃત્તિ છોડ. આહાહા..!

પ્રભુ! શરીરમાં કઈ જાતની વેદના આવશે? શરીરમાં કઈ જાતનો રોગ આવશે? એ જડ છે, માટી છે. એ માટીમાં શું ક્યારે કેમ થશે? એને ભૂલી જા. આહાહા..! અને અહીં ત્રિકાળમાં કાંઈ થવાનું નથી. એને રોગ નથી, રાગ નથી. એવી ચીજ અંતર આનંદકંદ પ્રભુ બિરાજે છે ને. આહાહા..! જેમાં ઊણપ નથી, અશુદ્ધતા નથી, વિપરીતતા નથી, કોઈનો સંબંધ એને નથી. એવી ચૈતન્યસત્તા ભગવાન તારામાં બિરાજે છે, પ્રભુ! આહાહા..! એનો ઉપયોગ કર, પ્રભુ! એ વિના જનમ-મરણ નહિ મટે. આહાહા..! 'પંડિતજી'! આહાહા..!

**'એ રીતે શુદ્ધોપયોગને પ્રાપ્ત કરીને...'** આહાહા..! અત્યારે તો એમ કહે છે કે શુભયોગ જ અત્યારે હોય. અર..ર..! પ્રભુ! શું તું કરે છો? એટલી હા પણ પાડતો નથી કે શુદ્ધોપયોગથી ધર્મ થાય અને એ વિના શુભોપયોગ એ ધર્મ નથી. અરે..રે..! એટલું પણ વીર્ય કામ ન

કરે, પ્રભુ! એ અંતરમાં જવાને શી રીતે કામ કરશે? આહાહા..! સમજાય છે? **'એ રીતે શુદ્ધોપયોગ...'** આહાહા..! કેટલાક કહે છે કે શુદ્ધોપયોગ અત્યારે હોય નહિ. પંચમઆરાના આચાર્ય મહારાજ, મુનિરાજ હજાર વર્ષ પહેલા શ્રોતાને કહે છે, હે શ્રોતા! અમે જે વિધિ કહીએ એ પુણ્ય-પાપને છોડી દઈ... આહાહા..! અંતરમાં ચૈતન્યસ્વરૂપ ભગવાન બિરાજે છે, એને ઉપયોગમાં જોડી દે. આહાહા..!

એને **'પ્રાપ્ત કરીને આત્મા સ્વયં ધર્મ થતો...'** આહાહા..! આત્મા સ્વયં ધર્મ થતો એટલે? આત્મા પોતે ધર્મપણે પરિણમતો થકો. આહાહા..! કોઈ વચ્ચે દયા, દાન, ભક્તિના રાગ એ પણે પરિણમતો નથી. આહાહા..! **'આત્મા સ્વયં...'** પરની અપેક્ષા રાખ્યા વિના. શુભરાગ અને દેવ-ગુરુ-શાસ્ત્રની અપેક્ષા રાખ્યા વિના સ્વયં ધર્મ પ્રાપ્ત કર્યો થકો. આહાહા..! સ્વયં ધર્મ થયો થકો. **'પોતે ધર્મપણે પરિણમતો થકો...'** આહાહા..! ખબર નથી મુનિરાજને કે આ પંચમઆરાના શિષ્યને હું કહું છું? ભાઈ! તારામાં તાકાત છે. તારા વલણ ફેરે તને દેખાતું નથી. તારું વલણ પરમાં જાય છે, પ્રભુ! અંતરમાં ભગવાન બિરાજે છે ત્યાં વલણ તારું જાતું નથી. તને તેનું માહાત્મ્ય અને કિંમત આવતી નથી. બહારનું મહાત્મ્ય જરી.. આહાહા..! કહો, 'મધુભાઈ'! પૈસા-બૈસા મળે ત્યાં 'હોંગકોંગ'માં લાખો રૂપિયા. હવે આ ધર્મ... આહાહા..!

કહે છે **'પોતે ધર્મપણે પરિણમતો થકો...'** એટલે રાગ અને નિમિત્તની અપેક્ષા વિના. વ્યવહાર અને નિમિત્ત બેની અપેક્ષા રાખ્યા વિના નિરપેક્ષપણે. **'પોતે ધર્મપણે પરિણમતો થકો..'** આહાહા..! આ જૈન વીતરાગ ધર્મ. પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર અનંત તીર્થંકરોનો આ ધ્વનિ છે. અનંત તીર્થંકરોનો આ ઉપદેશ છે. આહાહા..! એ પંચમઆરાના સાધારણ પ્રાણી અબુધ જેવાને પણ કહે છે કે, હે શિષ્ય! તું શુદ્ધઉપયોગને પ્રાપ્ત કરને, પ્રભુ! આહાહા..! તેથી તે સ્વયં ધર્મ પરિણમતો થકો. અમારી પણ આશા રાખ્યા વિના. આહાહા..! દેવ-ગુરુ ને ધર્મની પણ આશા રાખ્યા વિના, એનું પણ લક્ષ કર્યા વિના સ્વયં પોતે ધર્મપણે પરિણમતો. આહાહા..! પોતે ધર્મ એટલે વીતરાગપણે, શુદ્ધોપયોગપણે, આનંદપણે.. કહેશે. (પરિણમતો) થકો. સ્વયં પોતે ધર્મપણે પરિણતો થકો. ઓહોહો..! ગજબ શ્લોક છે.

**'નિત્ય આનંદના ફેલાવથી સરસ...'** કેવો છે પ્રભુ? તને જ્યારે એનો ઉપયોગ થશે અને એનું પરિણમન થશે ત્યારે નિત્ય આનંદનો વિસ્તાર થશે. જે આનંદ શક્તિરૂપે છે, જે આનંદ સત્તાના અસ્તિત્વપણે છે, અતીન્દ્રિય આનંદ અંદર સત્તાપણે છે એ તને વ્યક્તપણે અનુભવમાં આવશે. આહાહા..! આવો ધર્મ. અને આ ધર્મના રૂપ એવા આપ્યા કે આવું કહે એને ઉડાવી દે, મશ્કરી કરે કે આ નિશ્ચય ધર્મ... નિશ્ચય ધર્મ. બાપુ! નિશ્ચય ધર્મ, પ્રભુ! એટલે સાચો ધર્મ એમ કહે. નિશ્ચય એટલે સાચો-સત્ય. વ્યવહાર એટલે ઉપચાર, કથન. વાસ્તવિકતા નહિ. આહાહા..!

એવી રીતે પરિણમતો થકો નિત્ય આનંદના ફેલાવ... આહાહા..! અતીન્દ્રિય આનંદનો નિત્ય ફેલાવ. સમયના વિરહ વિના કાયમ અતીન્દ્રિય આનંદના અનુભવનો ફેલાવ. **'સરસ (અર્થાત્ જે શાશ્વત આનંદના ફેલાવથી રસયુક્ત છે)...'** આહાહા..! શ્લોક તો બહુ સારો આવ્યો છે. આહાહા..! શાશ્વત આનંદસ્વરૂપ પ્રભુ, જેની સત્તા અનાદિની છે, અનંતકાળ રહેશે. એ સ્વભાવથી ખાલી નથી, સ્વભાવથી પરિપૂર્ણ ભરેલ છે. એ અતીન્દ્રિય આનંદના રસવાળો શાશ્વત છે. આહાહા..! એ **'શાશ્વત આનંદના ફેલાવથી રસયુક્ત...'** શાશ્વત આનંદ શક્તિરૂપે, સત્તારૂપે છે એમાં ઉપયોગને જોડ. તો તેનો પર્યાયમાં–અવસ્થામાં આનંદનો ફેલાવ રસસહિત આવશે. આહાહા..! વાતમાં એવો ફેરફાર થઈ ગયો. વ્યવહાર... વ્યવહાર.. વ્યવહાર... વ્યવહાર (કરો). વ્યવહાર રાગ ને ઝેર છે. વ્યવહાર એટલે રાગ ને ઝેર. એનાથી કલ્યાણ માને, અરે..! પ્રભુ! તું એ સ્વરૂપે નથી, નાથ! કીધું ને?

**'શાશ્વત આનંદના ફેલાવથી રસયુક્ત...'** આહાહા..! આત્મામાં જે શાશ્વત આનંદ છે, નિત્યાનંદ પ્રભુ છે એનામાં ઉપયોગ મૂકતાં અંદર પર્યાયમાં આનંદસહિત થાય છે. શાશ્વત આનંદ છે તેની વ્યક્તતા પ્રગટતા સહિત થાય છે. આહાહા..! પૈસા જરી પાંચ લાખ હોય અને પાંચ લાખ પેદા કરે ત્યાં તો જાણે આમ... ઓહોહો..! શું આપણે કર્યું! અને શું જાણે.. અરે..! પ્રભુ! શું કર્યું તેં? એ ઝેરના પ્યાલા છે.

મુમુક્ષુ :– બાપ-દાદાએ નહોતું કર્યું એવું કર્યું.

ઉત્તર :– બાપ-દાદાએ શું કર્યું? એ પણ ઝેર કર્યું હતું. આહાહા..! એ બધું જોયું છે ને. અમારે મોટી દુકાન ચાલતી. 'કુંવરજીભાઈ'ની દુકાન. બે દુકાનો. એક અમારી પિતાજીની દુકાન અને એક 'કુંવરજીભાઈ'ની દુકાન. મારા મોટા ભાઈ ત્યાં (બેસતા). બે દુકાન ચાલતી. મોટી પેદાશ. બે-બે લાખની. તે વખતે, હોં! અત્યારે તો વધી ગયું છે. ચાર છોકરાઓ છે. ચાલીસ લાખ રૂપિયા હશે. એથી વધારે હશે. લાખ-સવા લાખની પેદાશ તો વર્ષોથી. એમાં શું થયું? એમાં શું થયું? આહાહા..!

આત્મામાં આનંદ ભર્યો છે, એને શક્તિમાંથી વ્યક્તતામાં ન કરે, પ્રભુ! તેં શું કર્યું ત્યાં સુધી? આહાહા..! તને ક્યાંય ચેન પડવું ન જોઈએ. આત્માના આનંદ સિવાય ક્યાંય ચેન પડવું ન જોઈએ. આહાહા..! આકરી વાત છે, ભાઈ!

પંચમઆરામાં નાને મોઢે મોટી વાતું લાગે. મોટી વાત નથી, પ્રભુ! પંચમઆરાના મુનિ પોતે કહે છે. આહાહા..! પંચમઆરાના મુનિ પોતે કહે છે, પ્રભુ! તારામાં શાશ્વત આનંદ પડ્યો છે ને! એને વ્યક્ત પ્રગટ કરને. કરવાનું તો પ્રભુ આ છે. આહાહા..! શાશ્વત અતીન્દ્રિય આનંદ પડ્યો છે ને. આ ઇન્દ્રિયના સુખો તો ઝેરના પ્યાલા છે. આહાહા..! વિષ. એક ઠેકાણે આવ્યું છે. વિષ છે તે તો એકવાર મારે છે. પણ વિષયની વેદના અનંતા ભવમાં મારી નાખે છે. એમ આવ્યું છે ક્યાંક.

મુમુક્ષુ :– શીલપાહુડમાં.

ઉત્તર :– પાહુડમાં આવ્યું છે. પાહુડમાં શબ્દ આવ્યો છે. યાદ ન રહે ક્યાં હતું. ભાવ યાદ રહે. એમાં પાહુડમાં એ આવ્યું છે. આહાહા..!

આનંદનો રસ.. આહાહા..! વિષયના વેદનથી, વિષયનું દુઃખ તો થોડું છે. વિષય ઝેરનું, વિષના ઝેરનું દુઃખ તો વિષયના દુઃખ આગળ બહુ થોડું છે. ઝેર એક વાર મારે છે અને આત્માના આનંદને ભૂલીને વિષયમાં આનંદ માનવામાં અનંતા ભવ કરે છે. આહાહા..! 'અષ્ટપાહુડ'માં છે. આહાહા..! એ વિષયની વેદનાની તને જે મીઠાશ લાગે છે, પ્રભુ! પણ એ કાળાનાગનું ઝેર છે. આહાહા..! આ શાશ્વત, અંદર શાશ્વત આનંદ પડ્યો છે, ભગવાન! એના ફેલાવથી, એનો વિસ્તાર કર. આહાહા..! એને પર્યાયમાં લાવ. દ્રવ્યમાં જે અતીન્દ્રિય આનંદ પડ્યો છે એને પર્યાયમાં પ્રગટમાં લાવ. આહાહા..! જે પર્યાયની દૃષ્ટિમાં રોકાય ને દૃષ્ટિ આઘી જાય તો રાગ અને દ્વેષ ઉપર જાય. પણ એ પર્યાય અંદરમાં જતા પર્યાયમાં આનંદ આવે. એ આનંદનો ફેલાવ થાય, આનંદ વિસ્તરે. આહાહા..! આવો ઉપદેશ છે. ઓલા તો (કહે), એકેન્દ્રિયની દયા પાળો, વ્રત કરો, આ છોડો, આ મૂકો. સમજવું સહેલુંસટ (હતું) રખડવાનું. આહાહા..! રખડવાનું.

ભગવાનઆત્મા શાશ્વત આનંદથી ભરેલો, એને પર્યાયમાં ફેલાવ કર, પ્રભુ! આહાહા..! એ આનંદને પર્યાયમાં વિસ્તાર–શક્તિમાંથી વ્યક્તતા કર–શક્તિમાંથી પ્રગટતા કર. એનાથી રસયુક્ત છે. **'એવા જ્ઞાનતત્ત્વમાં લીન થઈને,...'** આહાહા..! જે જ્ઞાનતત્ત્વમાં અતીન્દ્રિય આનંદ છે એવા જ્ઞાનતત્ત્વમાં લીન થઈને. જ્ઞાન એટલે આત્મા. આહાહા..! જ્ઞાનતત્ત્વ એટલે આત્મતત્ત્વ. જેમાં શાશ્વત આનંદના ફેલાવથી પર્યાયમાં વિસ્તાર થાય છે એવા જ્ઞાનતત્ત્વમાં લીન થઈને. આહાહા..! ગજબ કળશ છે ને!

**'અત્યંત અવિચળપણાને લીધે,...'** અત્યંત ચળ્યા વિના. આહાહા..! જેમ અનાદિથી વિકારમાંથી ચળતો નથી ને ખસતો નથી. એ તો કૃત્રિમમાંથી ખસતો નહોતો. આ તો અકૃત્રિમ શાશ્વત વસ્તુ છે. એમાં અવિચળપણાને લીધે. આહા..! એમાં એકાગ્ર થતાં અવિચળ-ચળવાપણું નથી એવી ચીજ છે ઇ. આહાહા..! અરે..રે..! સાંભળવા મળે નહિ, એ કે દિ' પ્રગટ કરે? આહાહા..! મનુષ્યભવ ચાલ્યા જાય છે. આહાહા..! એક ઘડીમાં જોને, અહીં ન જોયું? 'ભાઈલાલભાઈ'નું. આમ ચાલીને આવ્યા ને બેઠા. ખુરશીએ બેઠા ત્યાં મારી નજર ગઈ. નહિતર કોણ સામું જોત? આમ થઈ ગયું. અસાધ્ય થઈ ગયા. હાર્ટનો હુમલો આવ્યો. છૂટી ગયા, નવ વાગ્યા પહેલા દેહ છૂટી ગયો. આહાહા..! પણ એ તો છૂટો પડ્યો જ છે. એકક્ષેત્રાવગાહમાં છે એટલે એમ ભેગું લાગે છે. બાકી તો એક ક્ષેત્રમાં પણ એનું ક્ષેત્ર તો જુદું છે. આત્માનું ક્ષેત્ર અને શરીરનું ક્ષેત્ર બેય જુદા છે. કર્મનું ક્ષેત્ર અને આત્માનું ક્ષેત્ર બેય જુદા છે, બેય દ્રવ્ય જુદા, ક્ષેત્ર જુદા, કાળ જુદા, ભાવ જુદા. આહાહા..!

અરે..! શાશ્વત આનંદના જ્ઞાનતત્ત્વની અપેક્ષાએ, પ્રભુ! બીજા તત્ત્વો અદ્રવ્ય છે. આહાહા..! તું છો ત્યાં તારે લઈને બીજા અદ્રવ્ય છે. આહાહા..! ત્રણલોકના નાથ પણ તારા દ્રવ્યની અપેક્ષાએ અદ્રવ્ય છે, તારા ક્ષેત્રની અપેક્ષાએ અક્ષેત્ર, તારા ભાવની અપેક્ષાએ અભાવ છે. આહાહા..! તારા સ્વકાળની અપેક્ષાએ પરમેશ્વરનો કાળ પણ અકાળ છે. આહાહા..! આની અપેક્ષાએ, હોં! એની અપેક્ષાએ તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે. આહાહા..!

આવો જે ભગવાન **'જ્ઞાનતત્વમાં લીન થઈને, અત્યંત અવિચળપણાને લીધે, દેદીપ્યમાન જ્યોતિવાળા...'** આહાહા..! મુનિરાજને શબ્દો થોડા પડે છે. કેમ કહેવું એને? દૈદીપ્યમાન જ્યોતિ. ચૈતન્યજ્યોતિ દૈદીપ્યમાન છે. ઝળહળ જ્યોતિ... ઝળહળ જ્યોતિ... પ્રભુ. આહાહા..! એવો ભગવાનઆત્મા તારા સ્વભાવમાં છે ને, પ્રભુ! તું પોતે જ તે છો. આહાહા..! **'અને સહજપણે વિલસતા...'** એવા દૈદીપ્યમાન જ્યોતિવાળા અને સ્વભાવપણે **'સ્વભાવથી જ પ્રકાશતા...'** પોતાનો જે સ્વભાવ છે, સ્વ-ભાવ–પોતાનો સ્વ એનો ભાવ, એ પર્યાયમાં પોતાના સ્વભાવથી પ્રકાશતો. આહાહા..! સ્વભાવ જે ત્રિકાળી છે એને પર્યાયમાં પ્રકાશતો. આહાહા..!

**'રત્નદીપકની નિષ્કંપ-પ્રકાશવાળી શોભાને પામે છે...'** રત્નનો દીવો હોય જેમ ગમે તેવો વાયરો વાય પણ એ રતન ફરે નહિ. ચમક ચમક લાગે. પણ ક્ષેત્ર ફરતું નથી. રત્નનો આમ દીવડો હોય. મણિરત્ન. આ હીરાનો. આહાહા..! ૯૦ હજારનો હીરો જોયો છે એકવાર તો. 'બેચરભાઈ' લાવ્યા હતા. 'રાજકોટ'. ડાબલીમાં એક હીરો આટલો દાણો નેવું હજારનો. એ તો ઠીક પણ ક્યાંક ક્યાંક તો પાંચ-પાંચ કરોડના, દસ-દસ કરોડના હીરા હોય. એવી ઊંચી ચીજ હોય છે. એ રતન જેમ એની ચમક માટે અંદરથી સહજ ચમક ઊઠે છે. એમ **'રત્નદીપકની નિષ્કંપ-પ્રકાશવાળી શોભા...'** રત્નદીપકની પેઠે નિષ્કંપ પ્રકાશવાળી તારી શોભા છે. તું રતનનો દીવો, ચૈતન્યરતન દીવો અંદર પ્રકાશનો (છો). આહાહા..! મુનિરાજને શબ્દો થોડા પડે છે. શી રીતે એને કહેવું? આહા..! એને અહીં બે બીડીમાં વેંચી નાખવો, બે રોટલી ને પૂરણપોળી ને જરી... આહાહા..! અળવીના પાંદડા, પતરવેલીયા.. એ પતરવેલિયા ઘીમાં તળેલા અને લાડવા ખાયને આહા..! અરે..! પ્રભુ! તેં શું કર્યું? તું ક્યાં ગયો? નાથ! તારી રુદ્ધિમાં કેટલું ભર્યું છે, પ્રભુ! તને તારી રુદ્ધિની ખબર નથી. તને તેનો વિશ્વાસ નથી. આહાહા..!

એવા રત્નદીપકનો પ્રકાશ. આહાહા..! જેમ રત્નને એના પ્રકાશ માટે એને કોઈ તેલ પૂરવું પડતું નથી. રતનના પ્રકાશ માટે તેલ પૂરવું પડતું નથી. સ્વભાવિક જ રત્નનો પ્રકાશ છે. એમ ભગવાનઆત્માનો પ્રકાશ, એને કોઈ રાગની મંદતાનું તેલ પૂરવું પડતું નથી. આહાહા..! એને કોઈ સાંભળવાનું કે બહુ સાંભળે તો એ દીપે એવો એ ભગવાન નથી. આહાહા..!

**'રત્નદીપકની નિષ્કંપ–'** રત્નદીપક જેમ નિષ્કંપ છે અને પ્રકાશ કરે છે એમ ભગવાન શાશ્વત ચૈતન્યમૂર્તિ નિષ્કંપ છે અને પ્રકાશ કરે છે. આહાહા..! **'પ્રકાશવાળી શોભાને પામે છે...'** એવી શોભાને એ ભગવાન પામે છે. આહાહા..! એક કળશે તો ગજબ કામ કરે

છે ને. એક એક કળશ 'પદ્મપ્રભમલધારિદેવ'... 'સમયસાર'ના ૨૭૮ કળશ છે. આના ૩૧૧ છે. પોતાના બનાવેલા અને આધારના આપેલા ૩૧૧ છે. આધારના આપેલા વધારે હશે. ૩૧૧ તો એના પોતાના બનાવેલા છે. આહાહા..!

'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ. નગ્ન મુનિ જંગલમાં અતીન્દ્રિય આનંદની સાથે લહેરું કરતો. સિદ્ધ ભગવાનની સાથે લહેર કરતા. આહાહા..! દિગંબર મુનિ એટલે શું?! આહાહા..! સાચા દિગંબર મુનિ તો અતીન્દ્રિય આનંદની સાથે લહેર કરતા હોય છે. આહાહા..! અને પરિષહ અને ઉપસર્ગની તો ખબર પણ પડતી નથી. વિકલ્પ આવે તો ખ્યાલ આવે કે અહીં કાંઈક છે. બાકી તો અંદરમાં કાંઈ છે નહિ. આહાહા..! એવી પોતાના પ્રકાશના રત્નના દીપકની પેઠે. રત્નદીપકને કાંઈ ગ્યાસતેલ પૂરવું પડતું નથી. એમ તારા પ્રકાશ માટે કોઈ પરની જરૂર નથી. આહાહા..! એવી શોભાને પામે છે.

**'(અર્થાત્ રત્નદીપકની માફક સ્વભાવથી જ નિષ્કંપપણે અત્યંત પ્રકાશ્યા–જાણ્યા કરે છે).'** બસ! એ એનું સ્વરૂપ છે. એ તો નિષ્કંપપણે જાણ્યા જ કરે. આહાહા..! આવો ધર્મ કઈ જાતનો? ઓલા તો દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો, દાન કરો, મંદિર બનાવો.

મુમુક્ષુ :– ગરીબ માણસે શું કરવું?

ઉત્તર :– ગરીબ છે જ કોણ? આત્મા આનંદનો નાથ ગરીબ છે? પ્રભુ! આહાહા..! આનંદની ઝવેરાતથી ભરેલો છે એને ગરીબ કેમ કહેવો? આહાહા..! પોતે માનીને બેઠો છે. આહાહા..! જરી કાંઈક પૈસા મળે, કાંઈક બાયડી સારી મળે, એમાં છોકરો કાંઈક ઠીક થાય, પાંચ-સાત-દસ હજાર મહિને રળતો હોય. આહાહા..! બસ! મજા કરતો હોય દુઃખમાં. દુઃખમાં, હોં! આહાહા..!

અહીં કહે છે... એક શ્લોકે તો ગજબ કર્યો છે ને! **'રત્નદીપકની માફક સ્વભાવથી જ...'** રત્નદીપકનો પ્રકાશ સ્વભાવથી જ. એને કોઈ પરની, મદદની જરૂર નથી. એમ ભગવાનના પ્રકાશ માટે કોઈ પરપ્રકાશ અને પરસાધનની જરૂર નથી. આહાહા..! એવો નિષ્કંપપણે પ્રકાશ્યા જ કરે છે. આહાહા..! આવો શ્લોક છે. 'દેવચંદજી'! આહાહા..! અરેરે..! આવી વાત સાંભળવા મળે નહિ. પ્રભુ! તારે ક્યાં જાવું? દેહ છોડીને ચાલ્યા જાય છે.

ત્રણ દિ' પહેલા અહીંયાં 'ભાઈલાલભાઈ' અહીં બેઠા હતા. ખુરશીએ. એના જમાઈ આવ્યા હતા તો મળવા જતા હતા. કાંઈ ન મળે. મળવા ગયા ત્યાંથી આમ આવ્યા, બેઠા. મારી નજર આમ જરી ગઈ. લોકોની નજર તો આમ રહી નહિ. મારી નજર આમ ગઈ જરી. એલા આમ કેમ થઈ ગયું? આ..મ. જ્યાં જોવે ત્યાં અસાધ્ય. હાર્ટ એટેક. હાર્ટનો હુમલો. આહાહા..! બહાર લઈ ગયા. નવ વાગ્યા પહેલા તો ગુજરી ગયા. દેહ છૂટી ગયો. ડૉક્ટર બહેન આવી હતી. 'મધુરીબહેન' ડૉક્ટર છે. આવી હતી. ... કર્યું હતું કાંઈ. એમ કે હાર્ટ છે કે નહિ કાંઈ? છ તો ઇંજેક્શન આપ્યા. શું કરે ઇંજેક્શન, બાપા! જેની સ્થિતિ

પૂરી થઈ... આહાહા..!

આ તો રત્નદીપકની માફક ભગવાનઆત્મા પોતાની શોભાથી શોભી રહ્યો છે. એની શોભાને માટે પરની કોઈ જરૂર નથી. રાગની મંદતા, પુણ્ય ને કોઈ તીર્થંકરગોત્ર બાંધે ત્યારે જ એની શોભા કહેવાય એમ છે નહિ. આહાહા..! એ પવિત્રતામાં પણ પૂરો છે અને તીર્થંકર થાય એ તો પુણ્યમાં પણ પૂરા છે. એથી સાધારણ પ્રાણી પુણ્યમાં ન હોય. વસ્તુએ પૂર્ણ છે. આહાહા..!

**'વળી (આ ૧૪૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે):–'**

## શ્લોક–૨૩૮

(मंदाक्रांता)

**आत्मन्युच्चैर्भवति नियतं सच्चिदानन्दमूर्तौ**
**धर्मः साक्षात् स्ववशजनितावश्यकर्मात्मकोऽयम्।**
**सोऽयं कर्मक्षयकरपटुर्निर्वृतरेकमार्गः**
**तेनैवाहं किमपि तरसा यामि शं निर्विकल्पम्।।२३८।।**

**[શ્લોકાર્થ :–] સ્વવશતાથી ઉત્પન્ન આવશ્યક-કર્મસ્વરૂપ આ સાક્ષાત્ ધર્મ નિયમથી (ચોક્કસ) સચ્ચિદાનંદમૂર્તિ આત્મામાં (સત્-ચિદ્-આનંદસ્વરૂપ આત્મામાં) અતિશયપણે હોય છે. તે આ (આત્મસ્થિત ધર્મ), કર્મક્ષય કરવામાં કુશળ એવો નિર્વાણનો એક માર્ગ છે. તેનાથી જ હું શીઘ્ર કોઈ (–અદ્ભુત) નિર્વિકલ્પ સુખને પ્રાપ્ત કરું છું. ૨૩૮.**

## શ્લોક–૨૩૮ ઉપર પ્રવચન

પોતે ટીકા કરનાર શ્લોક કહે છે.

**आत्मन्युच्चैर्भवति नियतं सच्चिदानन्दमूर्तौ**
**धर्मः साक्षात् स्ववशजनितावश्यकर्मात्मकोऽयम्।**
**सोऽयं कर्मक्षयकरपटुर्निर्वृतरेकमार्गः**
**तेनैवाहं किमपि तरसा यामि शं निर्विकल्पम्।।२३८।।**

આહાહા..! દિગંબર સંતોએ કામ કર્યા છે.. આહાહા..! કેવળીને ભુલાવી દીધા છે. અંદરથી

એવા ભાવ કાઢી કાઢીને મૂક્યા છે, એ વસ્તુ બીજે ક્યાંય નથી. આહાહા..! બીજાને દુઃખ લાગે જે સંપ્રદાયમાં જન્મ્યો હોય એને. જેનો સંગ નહિ, જેમાં કળે જન્મ્યો એની માન્યતા ઉપર ઘા પડે ત્યારે આકરું લાગે. આહાહા..!

આચાર્ય તો એમ કહે છે, પ્રભુ! હું ગયા કાળના દુઃખને જ્યાં યાદ કરું છું, દુઃખને લક્ષમાં લઉં છું ત્યાં ઘા વાગે છે. અમે આનંદના ભોગવનારા... આહાહા..! અતીન્દ્રિય આનંદના વેદનારા ગયા કાળના દુઃખો ભૂતના, એ અવતાર અનંતકાળ કર્યા. આહાહા..! નિગોદના ભવ કર્યા. એક અંતર્મુહૂર્તમાં ૬૬ હજાર. એક નિગોદ, લસણમાં, ડુંગળીમાં એક અંતર્મુહૂર્તમાં ૬૬૩૩૬ ભવ (કર્યા). આહાહા..! એક શ્વાસમાં અઢાર ભવ. એવા અંતર્મુહૂર્તમાં ૬૬૩૩૬ ભવ. એ એક વાર નહિ પણ પ્રભુ અનાદિઅનંતકાળ થયો પ્રભુ અનંતવાર ત્યાં એ ભવ થયો. એવા ભવ અનંતવાર કર્યા. આહાહા..! એ કાંઈક અહીં જરી સગવડતા, માન ને પૈસા ને મળે ત્યાં તો જાણે અમે શું થયું અને અમે શું! આહાહા..!

ત્યાં કહ્યું ને. 'આફ્રિકા'માં. સાત લાખની વસ્તી (છે). સાડા ચારસો તો કરોડપતિઓ. 'મધુભાઈ'! ક્યું ગામ કીધું? 'નાઈરોબી'. ૨૬ દિ' રહ્યા ને હમણા. સાડા ચારસો તો કરોડપતિ અને પંદર અબજપતિ. આહાહા..! માથા ફરી જાય ને. અબજપતિ-સો કરોડ. સો હજારના લાખ અને સો લાખના કરોડ અને સો કરોડના અબજ. અમારા વખતમાં તો વધારે હતું. સો અબજનું ખર્વ અને સો ખર્વનું નિખર્વને. ખર્વ ને નિખર્વ મહાપદ્મ, જલ્દી, અંત્ય, મધ્યમ અને પ્રાબ્ધ એ વખતમાં હતું. નિશાળમાં હતું. પોણોસો વર્ષ પહેલા. અબજ ઉપર લઈ જતા. સો અબજનું ખર્વ, સો ખર્વનો નિખર્વ. ખર્વ, નિખર્વ, મહાપદમ, જલ્દી, અંત્ય, મધ્યમ અને પ્રાબ્ધ ત્યાં સુધી આંકડો હતો તે દિ'. આહાહા..! એવા ભવ કરી પ્રાબ્ધના અનંતી અનંતી વાર પ્રભુ જેની આદિ ન મળે... આહાહા..!

હવે અહીં કહે છે, એનો અર્થ '**સ્વવશતાથી ઉત્પન્ન આવશ્યક-કર્મસ્વરૂપ...**' સ્વવશ. આત્મા આનંદ અને જ્ઞાનમૂર્તિ પ્રભુ, એને વશ થઈને જે ઉત્પન્ન થયેલી દશા, પુણ્ય-પાપને વશ થઈને ઉત્પન્ન થયેલી દશા તે અધર્મ છે. આહાહા..! શુભ અને અશુભભાવ, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, દયા, દાન, ભક્તિ, પૂજા આદિ એ બેય ભાવ અધર્મ છે. આહાહા..! આ '**સ્વવશતાથી ઉત્પન્ન આવશ્યક-કર્મસ્વરૂપ...**' આહાહા..! જરૂરિયાતવાળું કાર્ય. આવશ્યક એટલે જરૂરિયાતવાળું કાર્ય. આહાહા..! જેને જરૂરિયાત જણાય ત્યાં પુરુષાર્થ કર્યા વિના રહે નહિ. રુચિ અનુયાયી વીર્ય. જેનું પોષાણ આવે એનો પુરુષાર્થ કર્યા વિના રહે નહિ. એમ જેની જરૂરિયાત જણાય તેનો અંતર પુરુષાર્થ કર્યા વિના રહે નહિ. 'બ્રહ્મચારીજી'! આવી વાત છે, પ્રભુ! આહા..!

અરે..! એકાંત કહી કહીને શાસ્ત્રો ખોટા છે એમ કહીને, અરે..રે..! પ્રભુ! ગજબ કરી ગયા છે. 'વર્ણીજી' કહી ગયા છે ને કે 'સોનગઢ'ના પુસ્તકો, શાસ્ત્રો સંસારમાં બુડાડી દેશે.

એવું કહી ગયા છે. અર..ર..! પ્રભુ! શું કર્યું? પ્રભુ! આહાહા..! ચાલતું નહોતું એટલે એણે બિચારાને... આમ તો નરમ માણસ હતા. આહાહા..! નિમિત્તથી પરમાં બિલકુલ ન થાય. ધારાવાહી પર્યાય વહે છે એમાં વળી... નિમિત્તની પર્યાય નિમિત્તમાં, ઉપાદાનની પર્યાય ઉપાદાનમાં. કોને લઈને કોણ થાય? કે ના. નિમિત્તથી કોઈ વખતે થાય. આહાહા..! અને ક્રમબદ્ધની એક પછી એક થાય તે જ થાય કીધું. જે થવાની હોય તે જ થવાની. એક પછી એક થાય. એ કહે, એમ નહિ. એક પછી એક થાય પણ આ જ થાય એમ નહિ. મોટી ચર્ચા ચાલી. (એમણે કહ્યું) 'સોનગઢ'ના સિદ્ધાંતો સંસારમાં બુડાડી દેશે. આહાહા..! અરે..! પ્રભુ! પ્રભુ!

આ તો ત્રણકાળના ત્રિલોકનાથના સિદ્ધાંત છે, પ્રભુ! આ કાંઈ 'સોનગઢ'ની વાત નથી. આહાહા..! પરમેશ્વર મહાવિદેહમાં સાક્ષાત બિરાજે છે. આહાહા..! અરે..! અમે ત્યાં હતા અને સમવસરણમાં સાંભળતા હતા. પણ પરિણામમાં ફેર પડી ગયો અવતાર આવી ગયો અહીં. મરતા પરિણામમાં ફેર પડી ગયો જરી. આહાહા..! આ વાણી અને આ વસ્તુ ભગવાનના ઘરની છે. આહાહા..! લોકોને નવું લાગે. નવું નથી. અનાદિઅનંત તીર્થંકરો એ જ કહી ગયા છે અને એ જ વસ્તુનું સ્વરૂપ છે. જૈનધર્મ કોઈ પક્ષ અને વાડો નથી. જૈનધર્મ એ વસ્તુ જે છે એને જીતવી એટલે રાગ-અજ્ઞાન છે તેને જીતે અને સ્વરૂપમાં આવે એનું નામ જૈન. એ તો વસ્તુનું સ્વરૂપ છે. આહાહા..! 'જિન સો હી આત્મા..' 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન, મતમદિરા કે પાન સો મતવાલા સમજે ન.' આહાહા..!

અહીંયાં કહે છે, **'સ્વવશતાથી ઉત્પન્ન આવશ્યક-કર્મસ્વરૂપ...'** જોયું! આવશ્યક કર્મ એને કહીએ કે આત્માના વશથી જે કાર્ય ઉત્પન્ન થાય એનું નામ આવશ્યક. તેમાં દયા, દાન અને વ્રત એ તો પરને આશ્રયે ઉત્પન્ન થાય છે. એ આવશ્યક નહિ. પડિક્કમણામાં ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, મિચ્છામી દુક્કડમ (બોલે) એ આવશ્યક નહિ. **'સ્વવશતાથી ઉત્પન્ન...'** ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો સાગર, એના વશથી ઉત્પન્ન. આહાહા..! મુનિની ભાષા તો દેખો! ટૂંકી ટચ.

**'સ્વવશતાથી ઉત્પન્ન આવશ્યક-કર્મસ્વરૂપ આ સાક્ષાત્ ધર્મ...'** આહાહા..! ભાષા તો બહુ સાદિ-સરળ-સીધી (છે). આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદમૂર્તિ (છે). એ પુણ્ય અને પાપના વિકલ્પથી ભગવાન! તું જુદો છો ને, પ્રભુ! બાળ, યુવાન અને વૃદ્ધ ન દેખ. બાળ એને કહીએ કે જે શુદ્ધ સ્વરૂપ ન માનતા રાગને પોતાનો માને તેને બાળક કહીએ. રાગ રહ્યો છતાં રાગથી ભિન્નતાનું ભાન કરે તેને યુવાન કહીએ અને રાગરહિત થઈને એકલો આત્મા રહે તેને વૃદ્ધ કહીએ. આહાહા..! બહારના બાળ, યુવાન, વૃદ્ધ એ તો દેહ-જડ-માટી એની અવસ્થા છે. તારી અવસ્થા તો આ છે. બહિર–જે આત્મામાં નથી તે બહારની ચીજને પોતાની માનવી એનું નામ બહિર્આત્મા. આત્મામાં નથી, પુણ્ય અને પાપ, દયા

અને દાન, રાગાદિ આત્મામાં નથી. એને બેયને પોતાના માનવા એનું નામ બહિર્આત્મા. આહાહા..! 'શાંતિભાઈ'! કોઈ દિ' સાંભળ્યું નહિ આ બધું. ભાષણ કરી કરીને દીધે રાખ્યું.

મુમુક્ષુ :– દિલ્હીમાં કોઈ છે નહિ.

ઉત્તર :– આહાહા..! પણ આવ્યા ને હવે ફરીને. આહાહા..! આવી વાતું. આહાહા..!

**'સ્વવશતાથી ઉત્પન્ન આવશ્યક-કર્મસ્વરૂપ...'** આહાહા..! પરથી નહિ. દેવ-ગુરુ-શાસ્ત્રના આશ્રયથી પણ નહિ. વ્યવહારરત્નત્રયના આશ્રયથી પણ નહિ. **'સ્વવશતાથી ઉત્પન્ન આવશ્યક–'** જરૂરનું કાર્યસ્વરૂપ. આવશ્યક એટલે જરૂરનું કાર્યસ્વરૂપ. આહાહા..! જરૂરિયાત એની છે કે જેનાથી એને મુક્તિ મળે. આહાહા..! છે ને? અંદર છે. **'સ્વવશતાથી ઉત્પન્ન આવશ્યક-કર્મસ્વરૂપ...'** જરૂરનું કાર્ય આત્માને અવલંબે થયેલું. આહાહા..! અતીન્દ્રિય આનંદનો નાથ અંદરથી ગરજી ઊઠ્યો. આહાહા..! રાગ અને પુણ્યને તો ક્યાંય છંછેડીને માર્યો. આહાહા..! ગર્જના કરીને ઉઠ્યો અંદરથી હું તો આનંદનો નાથ છું, અતીન્દ્રિય આનંદ હું છું. બીજી રીતે મને તું માન નહિ. આહાહા..! એવા સ્વવશથી ઉત્પન્ન થયેલું જરૂરનું કાર્યસ્વરૂપ **'આ સાક્ષાત્ ધર્મ નિયમથી (ચોક્કસ) સચ્ચિદાનંદમૂર્તિ આત્મામાં...'** આહાહા..! શબ્દો પણ થોડા પડે છે એને.

**'સાક્ષાત્ ધર્મ...'** આત્મા આનંદમૂર્તિ પ્રભુ, એનાથી સ્વવશથી ઉત્પન્ન થયેલો જરૂરનું આવશ્યક શુદ્ધોપયોગ તે સાક્ષાત્ ધર્મ **'(ચોક્કસ) સચ્ચિદાનંદમૂર્તિ આત્મામાં (સત્-ચિદ્-આનંદસ્વરૂપ આત્મામાં) અતિશયપણે હોય છે.'** આ ધર્મ આત્મામાં હોય છે, કહે છે. આહાહા..! જૈનધર્મ એ કોઈ વાડો–પક્ષ નથી. વસ્તુ છે તેનું સ્વરૂપનું વર્ણન ભગવાને જોયું એવું કહ્યું. આહાહા..! **'સ્વવશતાથી ઉત્પન્ન આવશ્યક-'** આવશ્યક એટલે જરૂરનું કાર્ય–વીતરાગી પર્યાય. **'આ સાક્ષાત્ ધર્મ નિયમથી (ચોક્કસ) સચ્ચિદાનંદમૂર્તિ આત્મામાં (સત્-ચિદ્-આનંદસ્વરૂપ આત્મામાં અતિશયપણે હોય છે.)'** એ ધર્મ આત્મામાં હોય છે. એ ધર્મ પુણ્ય અને પાપના પરિણામમાં હોતો નથી. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિમાં ધર્મ હોતો નથી. આહાહા..! કેટલાકે તો સાંભળ્યું પણ ન હોય બિચારાને. ૩૦-૩૦ વર્ષ, ૩૫-૩૫ વર્ષ વયા ગયા હોય, મજૂરી કાઢી કાઢીને. સંસારની મજૂરી કરી એકલી. આહાહા..! ઓલા મજૂર તો હજી ૮ થી ૧૨ કામ કરે અને ૨ થી ૬. અને આ મજૂર સવારે ૬ થી તે રાતના ૧૦ વાગે.

મુમુક્ષુ :– પેલા મજૂર તો વચમાં બીડી પીવા જાય.

ઉત્તર :– બીડી પીવા જાય, દીશાએ જઈ આવે એટલો કાળ બચે. જોયા છે ને. ચાર કલાકમાં  નજીકમાં દિશાએ જઈ આવે. એટલે એટલો કાળ બચી જાય, પેશાબ કરી આવે એટલો કાળ બચી જાય. આહાહા..! સવારમાં ૮ થી ૧૨, બપોરે ૨ થી ૬. આહાહા..! એને એ આઠ કલાક. એમાં પણ બચાવ કરે. પેશાબ કરી આવે દિશા કરવા જાય. થોડીવાર

ન કોઈ દેખતું હોય તો બેસી રહે. આહાહા..! અને આ મજૂર તો ચોવીસ કલાકવાળો મજૂર. સપના પણ એના આવે.

અમારે એક ભગત હતા ને. 'રાણપુર'. 'નારણભાઈ'ના .. દીક્ષા લેવાના હતા અમારી પાસે. પણ અમે દીક્ષાની ના પાડી. દીક્ષા અત્યારે છે નહિ, સાધુપણું અત્યારે છે નહિ. દીક્ષા લેવા આવ્યા હતા. બે-ત્રણ જણા આવ્યા હતા. 'રાણપુર'નો એક હતો. ગુજરી ગયો. જુવાન હતો કો'ક. નામ ભૂલી ગયો. વિશાશ્રીમાળી હતા. એ દીક્ષા લેવા આવેલા. એક 'ગઢડા'ની પાસે નાનું ગામ (છે) ત્યાંથી દીક્ષા લેવા આવેલો. અરે..! આ દીક્ષા અમારી પાસે તો છે. 'ઉત્તમચંદ' 'વડિયા-વડિયા'. 'ઉત્તમચંદભાઈ'એ મંદિર બનાવ્યું ને દીક્ષા લેવા આવેલા. નાનો ભાઈ પરણેલો. પોતે કુંવારા અને પછી કહે, મહારાજ મને દીક્ષા આપો. મેં કીધું, ભાઈ દીક્ષા અમે કોઈને આપતા નથી. એને કેમ કહેવું કે અત્યારે સાધુપણું છે જ નહિ. આહાહા..! ઇચ્છા હતી. પછી તો બિચારાએ ઘરે મંદિર બનાવ્યું. ભક્તિ હંમેશા. ઘરની જમીનમાં 'વડિયા'માં પોતે ઘરમાં મંદિર બનાવ્યું. ઘરમાં દિગંબર મંદિર. હમેશાં ભક્તિ, વાંચન, છોકરાઓને ભેગા લઈને બધું આખો દિ' કરતા બિચારા. આહાહા..! એ પણ દીક્ષા લેવા આવેલા પણ કીધું અમે દીક્ષા આપતા નથી. એને એમ કહેવું કે સાધુપણું છે નહિ. બાપુ! સાધુ કોને કહેવા? અમને બધા બહારના ત્યાગી દેખે અને સૌથી મોટા દેખે. આ સાધુ છે. એમ કેમ માને? બાપુ! સાધુપણું જુદી જાત છે, ભાઈ! કપડાનો કટકો પણ રાખીને સાધુપણું માને તો નરક ને નિગોદમાં જશે. આહાહા..! એવું વચન (છે). ભગવાન 'કુંદકુંદાચાર્ય' ભગવાન પાસે ગયા હતા. એણે અહીં આવીને આ પોકાર કરીને શાસ્ત્રમાં રચ્યું છે. આહાહા..!

અહીં કહે છે કે આ સાક્ષાત્ ધર્મ તો સચ્ચિદાનંદમૂર્તિ આત્મામાં હોય છે. અતિશયપણે અંદર હોય છે–આત્મામાં હોય છે. બહારમાં હોતો નથી એમ કહે છે. આહાહા..! ટીલા-ટપકાં ને મોટી માળા ડોકમાં નાખી ને... આહાહા..! માળા નાખીને આમ ફરે કે અમે ભગત છીએ. આહાહા..! એમ ધર્મ બહારમાં નથી, પ્રભુ! ધર્મ તો અંદર સચ્ચિદાનંદ પ્રભુ આત્મામાં છે. **'તે આ (આત્મસ્થિત ધર્મ),...'** આહાહા..! **'કર્મક્ષય કરવામાં કુશળ એવો નિર્વાણનો એક માર્ગ છે.'** લ્યો! ઓલા બે કહે છે. વ્યવહારથી નિશ્ચય થાય. આહાહા..! છે ને ઓલી આર્જિકા 'જ્ઞાનમતિ'. પુણ્યશાળી છે કાંઈક. પચ્ચીસ લાખનું ત્યાં 'દિલ્હી'માં જંબુદ્વિપ. અને 'હસ્તીનાપુર'માં ૮૦ ફૂટનો માનસ્તંભ બનાવ્યો. એ એમ કહે છે. આહાહા..! અને એ તો એમ કહે છે કે આપણે ભવિ છીએ કે અભવિ, કાળલબ્ધિ પાકી છે એ તો ભગવાન જાણે. અર..ર..! પ્રભુ! પ્રભુ! હજી અભવિ છીએ કે નહિ એનું નક્કી નથી ને તું વાત શેની કરે છો? અરે..રે..! દુનિયા શું કરે છે આ? એના હા પાડનારા પણ કેવા! આપણે અભવિ છીએ કે ભવિ એની આપણને ખબર નથી. એ તો ભગવાન જાણે. અર..ર..! 'દેવચંદભાઈ'! આહાહા..!

અહીં કહે છે, આ સાક્ષાત્ ધર્મ તો આત્મામાં થાય છે. અતિશયપણે હોય છે. આહાહા..!

**'તે આ (આત્મસ્થિત ધર્મ), કર્મક્ષય કરવામાં કુશળ એવો નિર્વાણનો એક માર્ગ છે.'** બે નહિ. વ્યવહાર મોક્ષમાર્ગ અને નિશ્ચય મોક્ષમાર્ગ બે નહિ. આહાહા..! એક જ માર્ગ છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' **'તેનાથી જ હું શીઘ્ર કોઈ...'** આહાહા..! મુનિરાજ પોતાની દશા વર્ણવે છે. નિર્માનપણે. કંઈ માન જોઈતું નથી. લોકો માને ન માને. આહાહા..! **'નિર્વાણનો એક માર્ગ છે. તેનાથી જ હું શીઘ્ર કોઈ (–અદ્દ્ભુત) નિર્વિકલ્પ સુખને પ્રાપ્ત કરું છું.'** વર્તમાન પ્રાપ્ત કરું છું. આહાહા..! **'કર્મક્ષય કરવામાં કુશળ એવો નિર્વાણનો એક માર્ગ...'** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. **'તેનાથી જ...'** વ્યવહારથી નહિ. **'હું શીઘ્ર અલ્પકાળમાં કોઈ (–અદ્દ્ભુત) નિર્વિકલ્પ સુખને પ્રાપ્ત કરું છું.'** આહાહા..! બે કળશ પણ બહુ સારા આવ્યા. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૧૪૨

**ण वसो अवसो अवसस्स कम्म वावस्सयं ति बोद्धव्वा।**
**जुत्ति त्ति उवाअं ति य णिरवयवो होदि णिज्जुत्ती।।१४२।।**

न वशो अवशः अवशस्य कर्म वाऽवश्यकमिति बोद्धव्यम्।
युक्तिरिति उपाय इति च निरवयवो भवति निरुक्तिः।।१४२।।

अवशस्य परमजिनयोगीश्वरस्य परमावश्यककर्मावश्यं भवतीत्यत्रोक्तम्।

यो हि योगी स्वात्मपरिग्रहादन्येषां पदार्थानां वशं न गतः, अत एव अवश इत्युक्तः, अवशस्य तस्य परमजिनयोगीश्वरस्य निश्चयधर्मध्यानात्मकपरमावश्यककर्मावश्यं भवतीति बोद्धव्यम्। निरवयवस्योपायो युक्तिः। अवयवः कायः, अस्याभावात् अवयवाभावः। अवशः परद्रव्याणां निरवयवो भवतीति निरुक्तिः व्युत्पत्तिश्चेति।

**વશ જે નહીં તે 'અવશ', 'આવશ્યક' અવશનું કર્મ છે;**
**તે યુક્તિ અગર ઉપાય છે, અશરીર તેથી થાય છે. ૧૪૨.**

**અન્વયાર્થ :– [ न वशः अवशः ] જે (અન્યને) વશ નથી તે 'અવશ' છે [ वा ] અને [ अवशस्य कर्म ] અવશનું કર્મ તે [ आवश्यकम् ] 'આવશ્યક' છે [ इति बोद्धव्यम् ] એમ જાણવું; [ युक्तिः इति ] તે (અશરીર થવાની) યુક્તિ છે, [ उपायः इति च ] તે (અશરીર થવાનો) ઉપાય છે, [ निरवयवः भवति ] તેનાથી જીવ નિરવયવ (અર્થાત્ અશરીર) થાય છે. [ निरुक्तिः ] આમ નિરુક્તિ છે.**

**ટીકા :– અહીં, *અવશ પરમજિનયોગીશ્વરને પરમ આવશ્યક કર્મ જરૂર છે એમ કહ્યું છે.**

**જે યોગી નિજ આત્માના પરિગ્રહ સિવાય અન્ય પદાર્થોને વશ થતો નથી અને તેથી જ જેને 'અવશ' કહેવામાં આવે છે, તે અવશ પરમજિનયોગીશ્વરને નિશ્ચયધર્મધ્યાનસ્વરૂપ પરમ-આવશ્યક-કર્મ જરૂર છે એમ જાણવું. (તે પરમ-આવશ્યક-કર્મ) નિરવયવપણાનો ઉપાય છે, યુક્તિ છે. અવયવ એટલે કાય; તેનો (કાયનો) અભાવ તે અવયવનો અભાવ (અર્થાત્ નિરવયવપણું). પરદ્રવ્યોને અવશ જીવ નિરવયવ થાય છે (અર્થાત્ જે જીવ પરદ્રવ્યોને વશ તો નથી તે અકાય થાય છે). આ પ્રમાણે નિરુક્તિ–વ્યુત્પત્તિ–છે.**

---

**પ્રવચન નં.૧૬૩, શ્લોક-૨૩૯, ગાથા-૧૪૨, સોમવાર, જ્યેષ્ઠ સુદ ૧૧, તા.૨૩-૬-૮૦**

---

'નિયમસાર'. ગાથા-૧૪૨.

**ण वसो अवसो अवसस्स कम्म वावस्सयं ति बोद्धव्वा।**
**जुत्ति त्ति उवाअं ति य णिरवयवो होदि णिज्जुत्ती।।१४२।।**
**વશ જે નહીં તે 'અવશ', 'આવશ્યક' અવશનું કર્મ છે;**
**તે યુક્તિ અગર ઉપાય છે, અશરીર તેથી થાય છે. ૧૪૨.**

'**ટીકા :– અહીં, અવશ...**' અવશનો અર્થ સ્વાધીન, પરને વશ નહિ. રાગ કે દયા કે દાન કે એવા વિકલ્પને વશ નહિ પણ એકલો આત્માને વશ. સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધોપયોગ પોતાને વશ છે એને અવશ કહેવામાં આવે છે. આહાહા..! દયા, દાનાદિ વ્યવહારરત્નત્રય, ભેદોપચાર એનો આશ્રય એ તો પરાધીન છે, પરવશ છે. એ વસ્તુ ધર્મ નથી. આહાહા..! '**અહીં, અવશ...**' એટલે પરને વશ નહિ. '**પરમ જિનયોગીશ્વર...**' પરમ જિનયોગીશ્વર. આત્માના આનંદમાં જેનું ઉગ્ર આલંબન છે. પોતાના આનંદસ્વરૂપમાં જ્ઞાનાનંદમાં જેનું અવલંબન છે. એ '**પરમ આવશ્યક કર્મ જરૂર છે...**' તેને પરમ જરૂરનું કાર્ય છે, એ જરૂર થાય છે. જરૂરનું કાર્ય છે એ જરૂર થાય છે. આહાહા..! આ આવશ્યક તો હંમેશા ધંધો કરવો, આ કરવું એ જરૂરનું કામ... નહિ? આહાહા..! અહીં તો વ્યવહારરત્નત્રયના વિકલ્પ જે છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ભક્તિ, પૂજા, વ્રત, નિયમ એ પણ પરવશપણું છે. કેમકે રાગ છે એ પરવશપણું છે, એ આવશ્યક નથી. એ આવશ્યક–અવશ્ય કરવાલાયક નથી. આહાહા..! કરવા લાયક તો આ એક જ વસ્તુ છે. છે?

'**જે યોગી...**' જે કોઈ આત્માના સ્વરૂપમાં જોડાણ કરનાર પુણ્ય અને પાપના વિકલ્પના રાગમાં નહિ જોડાણ કરનાર. આહાહા..! આ આવશ્યક ક્રિયા. આહાહા..! એવી '**નિજ**

---

*** અવશ = પરને વશ ન હોય એવા; સ્વવશ; સ્વાધીન; સ્વતંત્ર.**

**આત્માના પરિગ્રહ સિવાય...**' નિજ આત્માના પરિગ્રહ સિવાય–પોતાના આત્માની પક્કડ સિવાય. આહાહા..! અંતર ભગવાનઆત્મા પૂર્ણાનંદ આદિ અંદર સર્વાંગ આનંદથી ભરેલો પ્રભુ એવો જે નિજ પરિગ્રહ, એને પકડ્યો છે જેણે એ એનો પરિગ્રહ છે. આહાહા..! પરિગ્રહધારીઓનો બાયડી, છોકરા, પૈસા, આબરૂ પરિગ્રહ છે. એ બધા દુઃખના નિમિત્તો છે. દુઃખરૂપ એ નથી.

મુમુક્ષુ :– તેના ઉપર લક્ષ કરે તો દુઃખ થાય.

ઉત્તર :– દુઃખનું નિમિત્ત છે. એના ઉપર મારું-તારું લક્ષ કરે તો દુઃખ થાય. પર ચીજ કોઈ નુકસાન કરનાર (નથી), એ તો પરજ્ઞેય છે. જ્ઞેય પણ એકરૂપે છે. એના બે ભાગ પાડવા કે આ ઠીક છે અને અઠીક (છે), એ તો કલ્પનાનો ભાવ છે. એ કાંઈ સંયોગિક ભાગ પડાવતા નથી. સંયોગિક જે ચીજ જ્ઞેય અને અહીં જ્ઞાન. (જ્ઞેય) આખી દુનિયા, જ્ઞાન પોતે. જ્ઞેયના બે ભાગ પાડવા એ જ્ઞેયમાં ભાગ નથી. પણ અજ્ઞાની ભાગ પાડે કે આ મને ઠીક છે અને આ મને ઠીક નથી. એ ઠીક અને અઠીક ભાવ એ દુઃખરૂપ પરવશ પરાધીન છે. આહાહા..! આવી વાત છે.

**'નિજ આત્માના પરિગ્રહ સિવાય...**' આહાહા..! પોતાનો આત્મા પરિગ્રહ. ધૂળ-બુળ તો ક્યાંય રહી ગઈ તમારી. ધૂળમાં ધૂળ આવી. આહાહા..! ધૂળ કોઈની થઈ નથી. એ તો જ્ઞેયમાં છે. જ્ઞાનનું આખી દુનિયા જ્ઞેય છે અને આત્મા તેનો જ્ઞાતા જ્ઞાન છે. બસ, આ સિવાય કાંઈ નથી. આહાહા..! જ્ઞાન સિવાય કોઈપણ ચીજને જ્ઞેય તરીકે ન જાણતા ભાગલા પાડવા કે આ જ્ઞેય ઠીક છે અને આ જ્ઞેય ઠીક નથી, એવો જે ભાવ તે મિથ્યાત્વભાવ તે દુઃખરૂપ છે. ચીજ નહિ. ચીજ દુઃખરૂપ નથી. એ તો જગતની ચીજ (જગતમાં રહી). આહાહા..!

અહીંયાં તો આવશ્યક સ્વવશની વાત કરવી છે. તેથી **'જે યોગી નિજ આત્માના પરિગ્રહ સિવાય...**' આહાહા..! એક આત્મા સિવાય **'અન્ય પદાર્થોને વશ થતો નથી...**' આહાહા..! રાગને વશ થતો નથી, દયા-દાનને વશ થતો નથી. આહાહા..! વિકલ્પને વશ થતો નથી. તે ધર્મીજીવ (છે). **'તેથી જ જેને 'અવશ' કહેવામાં આવે છે,...**' તેથી જ તેને અવશ–પરમાં વશ થયો નહિ અને સ્વને આશ્રયે સ્વમાં વશ થયો, માટે તેને અવશ કહેવામાં આવે છે. આહાહા..!

આત્મા આનંદ ને જ્ઞાન ને અનંતગુણસ્વરૂપ (છે) એ એક જ પરિગ્રહ જ્ઞાનીને છે. એ સિવાય બીજી બધી ચીજો જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે ઠીક-અઠીક કર્યા વિના જાણવા જેવી છે. એ જાણવા જેવી છે એ વ્યવહાર છે. આહાહા..! પરચીજ કોઈ સુખ-દુઃખનું કારણ નથી. સ્ત્રી, કુટુંબ, પૈસો, લક્ષ્મી એ કાંઈ સુખ-દુઃખનું (કારણ નથી). એ તો જડ જગતની ચીજ છે. આહાહા..! એમાં ભાગ પાડવા, એક જ પ્રકાર છે જ્ઞેય. એકકોર જ્ઞાન અને એકકોર

આખી દુનિયા જ્ઞેય. જાણવાલાયક જ્ઞેય એ વ્યવહાર. એના પણ બે ભાગ પાડવા કે આ મને ઠીક પડે અને આ મને ઠીક પડતું નથી... આહાહા..! એ પરવશ સ્વાધીનપણું ખોઈ બેસે છે. આહાહા..! એને આવશ્યક કર્મ હોતું નથી. જરૂરનું કાર્ય-જરૂરનું કર્મ એને હોતું નથી. અજરૂરનું રખડવાનું હોય છે. આહાહા..! જુઓને! ક્યાં સંસાર... ઓહોહો..! હવે 'ઇન્દિરા'ને કેટલો વિચાર હશે કે દીકરાને લાવીને વડાપ્રધાન કરવો. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધાર્યા કેના થાય? થાય ધાર્યા. પોતાના સ્વવશમાં વળવું એ ધાર્યું થાય. ધાર્યું થાય. પોતાનો આનંદાદિ ગુણ જે છે એમાં આવે તો એ ધાર્યું થાય. પરમાં ધાર્યું કાંઈ જરીએ થાય નહિ. આહાહા..! દુશ્મન આવીને છરો મારે એ દુઃખ નથી. એના પ્રત્યે લક્ષ જતાં આ.. ચિંતા અને કલ્પના ઊભી થાય એ દુઃખ છે. આહાહા..!

મુમુક્ષુ :- છરો ક્યાં એને અડે છે.

ઉત્તર :- અડતો નથી. છરો અડતો નથી પણ કલ્પના કરે છે ને? આહાહા..!

હમણા થયું ત્યાં. એનો સામાવાળો 'ઇન્દિરા'નો કો'ક માણસ. શું કહેવાય એ? જનતા-જનતા. જનતાનો. તમારા શબ્દો યાદ રહેતા નથી. આ શાસ્ત્રના જે શબ્દો ઝટ આવે એમ આ શબ્દો યાદ રહેતા નથી. આહાહા..! એ જનતાનો માણસ હતો. ... ત્યાં બીજા જનતા વિરુદ્ધના બેઠા હતા. 'ઇન્દિરા'ના. ઓલા આવો.. આવો.. છરો મારી દીધો. મારી નાખ્યો. આહાહા..! એ છરાનું દુઃખ નથી, એ દુશ્મનનું દુઃખ નથી. જગતમાં કોઈ દુશ્મન છે જ નહિ. બધી ચીજ જાણવાલાયક જ્ઞેય છે. એક જ પ્રકાર છે. ત્રણલોકના નાથથી દુશ્મન જીવ સુધી બધા જ્ઞેય છે. એમાં આ ઠીક છે અને અઠીક એવા બે ભાગ જ્ઞેયમાં નથી. આહાહા..! એમ બે ભાગ પાડવા એ જ પરવશ અને પરાધીન (છે). રાગ આવે, રાગ આવે છતાં એને વશ થતો નથી. આહાહા..! અહીં સુધી પહોંચવું હવે. 'શાંતિભાઈ'! ઓલા લાખો રૂપિયા પેદા થાય ત્યાં હુકમ... શું કહેવાય એ? આહાહા..! પેદા કોને કહેવું? કહે છે. પૈસો આવ્યો એ મારો આવ્યો, મને આવ્યો એ કહેવું કોને? એ ચીજ તો જ્ઞેય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આવ્યો તો એને કારણે. એની ક્રિયાવતીશક્તિ લઈને ક્ષેત્રાંતર આવ્યું. એ તારે લઈને આવ્યું નથી. આહાહા..! ખરેખર તો એના પુણ્યને લઈને (પણ) આવ્યું નથી. પુણ્યના પરમાણુ જુદા અને આ ચીજ આવે એ જુદી. કહેવાય ખરું કે પુણ્યને લઈને આવ્યું. પણ છતાં એ સ્વતંત્ર ચીજ તે સમયે આવી છે. એને એમ કહેવાય કે આ મને મળી અને મેં પેદા કર્યું એ ભ્રમ છે, ભ્રમણા છે. આહાહા..! આકરું કામ છે.

જે ધર્મી. યોગી એટલે ધર્મી. **'નિજ આત્માના પરિગ્રહ સિવાય...'** આહાહા..! પોતાનો ભગવાન જ્ઞાન અને દર્શન, આનંદમય છે. **'અન્ય પદાર્થોને વશ થતો નથી અને તેથી જ**

**જેને 'અવશ' કહેવામાં આવે છે,...'** પરને વશ થતો નથી તેથી તેને અવશ, અવશ એટલે વશ થતો નથી. આહાહા..! જે ધર્મી, આત્માના સિદ્ધ સ્વરૂપમાં જોડાણ કરે છે... આહાહા..! એ પરને વશ થતો નથી. એ ધર્મીજનને જરૂર આવશ્યક કર્મ જાણવું. જરૂરનું કાર્ય જરૂર એની પાસે છે. જરૂરનું કાર્ય જરૂર એની પાસે છે. આહાહા..! બાકી તો આખો દિ' બિનજરૂરી એકલા પાપના કામ કરીને પાપના પોટલા બાંધે. આહાહા..!

**'પરમજિનયોગીશ્વર...'** પરમધર્મી જીવને **'નિશ્ચયધર્મધ્યાનસ્વરૂપ પરમ-આવશ્યક-કર્મ જરૂર છે...'** કહે છે કે નિશ્ચયધર્મધ્યાનસ્વરૂપ પરમઆવશ્યક કર્મ નિજ આત્માને વશ થયેલાને જરૂર હોય છે. પરને વશ થયેલો ચાહે તો ત્રણલોકનો નાથ હોય એને આશ્રયે પણ જો થાય તો એ પરવશ ને રાગ છે, એ પરાધીનતા છે. આહાહા..! એને જરૂર, પરમ જરૂરિયાતવાળું કાર્ય જરૂર છે એમ જાણવું.

**'(તે પરમ આવશ્યક કર્મ) નિરવયવપણાનો ઉપાય છે,...'** શું કહે છે એ? અવયવ એટલે શરીર. શરીરરહિત થવાનો એ ઉપાય છે. અવયવ એટલે શરીર, નિરવયવ એટલે શરીરરહિત. સ્વને આશ્રયે ચિદાનંદ વિકલ્પ વિનાનો એને આશ્રયે થયેલો જે ભાવ એ અવશ્ય છે, સ્વાધીન છે અને તે નિરવયવપણાને, શરીરરહિતપણાને પામવાનું કાર્ય છે. આહાહા..! ઓલાને નિશ્ચય લાગે. ભાઈ! સત્ય જ આ છે. ગપ્પા મારીને વ્યવહાર કરી કરીને અનાદિથી મરી ગયો છે એ. આહાહા..! આત્મા વ્યભિચાર આદિ કરે અને મરીને પાછું નરકે જવું. આહાહા..! નરકમાં પણ પ્રતિકૂળ સંયોગનો પાર ન મળે. એના ઉપર લક્ષ જાય એટલે દુઃખી... દુઃખી. દુઃખની પીડા સહન થાય નહિ એવું દુઃખ. આહાહા..! આનંદનો નાથ સ્વવશ ન પડે અને પરવશ પડે એને શરીર મળે અને દુઃખી થાય.

અહીં કહે છે, સ્વવશ દેખે એ કર્મ નિર્ભયપણાનો ઉપાય છે. શરીરનું નહિ મળવું એનો એ ઉપાય છે. આહાહા..! ભગવાનઆત્મા જેમાં ભવ અને ભવના ભાવનો અભાવ (છે), એનો જેણે ભાવ કર્યો અને આશ્રય લીધો એ કાર્ય શરીરરહિત થવાનું એ કાર્ય છે. બાકી બીજો કોઈ ઉપાય નથી. આહાહા..! પરની સેવા કરે, પરને ... જાય, પરને જીવાડી દે.. આવી જાય. કૃપા થઈ જાય. અભયદાન આપે. આહાહા..! જગતથી ઊંધું બહુ. અભયદાન આપે. અભયદાન કોનું? પોતે પોતાના આનંદગુણમાં દાન પોતે આપે. સંપ્રદાન નામનો ગુણ છે. આત્મામાં સંપ્રદાન નામનો ગુણ છે. એ પોતે અનંતાગુણ ઉપર લક્ષ કરે તો પોતે ગુણને પોતે પોતાને દે. પોતે જ લે અને પોતે જ દે એનું નામ દાન છે. આહાહા..! આ પૈસા ને લક્ષ્મી ને મુનિને આહાર (આપવો) એમાં કોઈ સ્વવશપણું નથી. એ બધું પરવશપણું છે. આહાહા..! ગજબ વાત છે. ત્રણલોકનો નાથ તીર્થંકર છદ્મસ્થપણે જ્યારે હોય છે ત્યારે આહાર લેવા જાય છે એને પણ આહાર આપે એ પરવશ છે, રાગ છે. આહાહા..!

પોતાના સ્વરૂપમાંથી ખસી જવું અને પરનો આશ્રય લેવો એ દુઃખની ખાણ છે. પોતાનો

આશ્રય લેવો એ આનંદની ખાણ છે. આહાહા..! અને તે જીવનું આવશ્યક કર્મ સ્વને આશ્રયે થયેલું તે શરીરરહિત થવાનો ઉપાય છે. બાકી બીજા શરીરસહિત થવાના ઉપાય છે. આહાહા..! છે? **'નિરવયવપણાનો ઉપાય છે, યુક્તિ છે.'** યુક્તિ.. યુક્તિ.

**'અવયવ એટલે કાય;...'** એનો અર્થ કરે છે. નિરવયવપણાનો અર્થ કરે છે. **'અવયવ એટલે કાય; તેનો (કાયનો) અભાવ તે અવયવનો અભાવ (અર્થાત્ નિરવયવપણું). પરદ્રવ્યોને અવશ જે નિરવયવ થાય છે...'** આહાહા..! પરદ્રવ્યને આધીન થતો નથી તે જરૂર કર્મરહિત, શરીરરહિત થાય છે. આહાહા..! એક એક ગાથા.. છે શું? આ તો પંચમઆરાના ટીકાકાર મુનિ છે. હજી નવસો વર્ષ પહેલા થઈ ગયા છે. ગાથા બે હજાર વર્ષ પહેલાની છે. અને એ 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે કે મેં તો મારે માટે બનાવ્યું છે. આહાહા..! એમાં વળી ટીકા કરનારા આવા મળ્યા, 'પદ્મપ્રભમલધારિદેવ'! આહાહા..! ... અનુભવીએ છીએ અને આનંદને અનુભવતા અનુભવતા અમે મુક્તિને લેનારા છીએ. આહાહા..! પંચમઆરાના સાધુ. આહાહા..! કેમકે આત્મા પોતે મુક્તસ્વરૂપ છે. એટલે એની દૃષ્ટિ જ્યાં અનુભવ થયો ત્યાંથી મુક્તિની શરૂઆત થઈ ગઈ. આહાહા..! સમજાય છે કાંઈ?

'સમયસાર'માં પાછળ કળશમાં છે કે સાધક જીવ-ધર્મનો સાધનારો જીવ આમ જ્યાં લક્ષ કરે તો રાગ ને ભવ છે, આમ લક્ષ કરે ત્યાં મુક્તિ છે. એક સમયમાં, હોં! આહાહા..! હજી સાધક છે ને? કેવળ થયું નથી. ત્યાં સુધી આમ લક્ષ કરે ત્યાં ભવ છે. એ જ સમયે આમ લક્ષ કરે ત્યાં મુક્તિ છે. અંતરમાં લક્ષ કરે ત્યાં મુક્તિ છે. બહારમાં જેટલું લક્ષ કરે તેટલો સંસાર છે. આહાહા..! આમાં તો એણે કાંઈક કરવું અને કાંઈક કરે તો થાય. એમ છે પણ કરે તો થાય, આ કરે તો થાય. કરવાનું તો છે. આહાહા..!

શુદ્ધ ચૈતન્ય ભગવાન પરમજ્ઞાન અને આનંદનો સાગર, તેને વશ થઈને જે ક્રિયા થાય તે તો શરીરરહિત થવાની ક્રિયા છે. ભગવાનના સ્મરણ આદિની જેટલી પરવશ થવાની ક્રિયા છે એ પણ ભવનું કારણ છે. આહાહા..! પંચ પરમેષ્ઠીનું સ્મરણ એ રાગ ભવનું કારણ છે. આહાહા..! સ્વ અને પર બે ચીજ છે. સ્વ ચૈતન્યમૂર્તિનો આશ્રય તે શરીરરહિત થવાનો ઉપાય (છે). એને મૂકીને પરનો આશ્રય લેવો તે શરીરનું કારણ છે. ભવ થવાનું, ભવ ઉત્પન્ન થવાનું કારણ છે. આહાહા..! આખો દિ' ધંધા કરવા, આવું કરવું બધું. નવરાશ કે દિ'? એય..! 'મધુભાઈ'! શું કરવું? આ બધા હીરા ને માણેકમાં ગરી ગયા અંદર. આહાહા..! એમાં ગરી નથી જતો પણ એ મારા છે અને હું એનો વેપાર કરું છું એવો જે ભાવ તેમાં ગરી જાય છે. આહાહા..!

**'પરદ્રવ્યોને અવશ જીવ નિરવયવ થાય છે...'** પરદ્રવ્યને વશ ન થાય એ જરૂર શરીરરહિત થાય. આહાહા..! **'(અર્થાત્ જે જીવ પરદ્રવ્યોને વશ થતો નથી તે અકાય થાય છે).'** એને કાયા-બાયા મળતી નથી. આહાહા..! એ શરીર વિનાનો થઈ જાય છે. આહાહા..! 'સમયસાર'

જ્યારે પહેલું હાથમાં આવ્યું (સંવત) ૧૯૭૮ની સાલમાં. ત્યારે મેં તો બહાર તરત પાડ્યું હતું કે શરીરરહિત થવાનો આ ઉપાય છે, શેઠ! કીધું. પણ તે દિ' તો આમાં (સ્થાનકવાસીમાં) હતા એટલે કાંઈ વિરોધ ન કરે. પછી તો વિરોધ કર્યો. ૧૯૭૮ની સાલમાં 'સમયસાર' હાથમાં આવ્યું. શેઠ હતા. 'દામોદર શેઠ'. દસ લાખ રૂપિયા તે દિ' ૬૦ વર્ષ પહેલા હતા. અત્યારે તો એની કિંમત વધી ગઈ. પણ એ કાંઈ ... આહાહા..! એને કહ્યું, આ અશરીરી પુસ્તક છે, શેઠ! કીધું. આ શરીરરહિત થવું હોય તો આ પુસ્તક છે. એ પુસ્તક છે એનો અર્થ કે એ પુસ્તક પોતે નહિ. એના તરફ લક્ષ કરતાં વિકલ્પ છોડીને નિર્વિકલ્પ થાય. આહાહા..! એમાં એ કહ્યું છે. એમાં 'સમયસાર'માં નિર્વિકલ્પ થવાનું કહ્યું છે. નિર્વિકલ્પ થવું એ જ શરીરરહિત થવાનો ઉપાય છે. આહાહા..! આ બધા કામ માથે લીધા હોય એનું શું કરવું?

આ દીકરો મરી ગયો નહિ સવારમાં? 'ઈન્દિરા'નો દીકરો. સવારમાં ૮ વાગે જવું પડશે. ત્યાં તો એ મરી ગયો. ઘણા કામ માથે લીધા હતા. આહાહા..! 'ઈન્દિરા'ને પણ એને વડાપ્રધાન બનાવવાનો હતો.

મુમુક્ષુ :– કોઈનું ધાર્યું કાંઈ થાય?

ઉત્તર :– પણ એને એ કરવું હતું. એમાં આ થયું. આહાહા..! કોની કઈ સ્થિતિ-અવસ્થા થાય? બાપુ! એ પરની વસ્તુ કાંઈ આત્માને આધીન નથી. આહાહા..! એ દેહની સ્થિતિની અવસ્થા જ એટલી ત્યાં આત્માની રહેવાની હતી. કર્મને લઈને નહિ. આત્માની યોગ્યતાને લઈને શરીરમાં એટલું જ રહેવાનું હતું. ત્યારે આયુષ્યકર્મ હતું એટલું એમ કહેવામાં આવે. બાકી કર્મ છે એ પર છે. આત્મા ભગવાન પર છે, કર્મને આત્મા અડતો નથી. આહાહા..! એટલે આયુષ્ય પ્રમાણે જીવે છે એમ પણ નથી. એની પોતાની પર્યાયની યોગ્યતા પ્રમાણે જીવે છે. આહાહા..! વ્યવહારના રસિયાને આ બધું આકરું પડે. એકદમ વ્યવહાર-વ્યવહાર આ કરો.. આ કરો.. આ કરો... વ્યવહાર સાધન છે. આહાહા..! ... અર્થ કર્યો. 'નિયમસાર' સાર એટલે મિથ્યાત્વનો અભાવ. એના વિરુદ્ધની વ્યવહાર ક્રિયા એનો અભાવ નહિ. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ એ નિશ્ચય છે તેનાથી વિરુદ્ધ છે એ સંસારનું કારણ છે. વ્યવહારરત્નત્રય સંસારનું કારણ છે. આહાહા..! પણ પુણ્ય જરી .. એય.. મોટું 'દિલ્હી'માં ૨૫ લાખનું જંબુદ્વીપ બનાવ્યું. ૩૦ ફૂટનો અહીં 'હસ્તીનાપુર'માં માનસ્તંભ બનાવ્યો છે. માણસો ઘણા ભેગા થાય છે. આહાહા..! શ્રદ્ધા વીસપંથીની અને 'હસ્તીનાપુર'માં અગ્રેસરો છે એની શ્રદ્ધા તેરાપંથીની છે. પછી વાંધા ઊઠે અંદરથી. ... શ્વેતાંબરના પછી નામ બહુ આવ્યા એ શ્વેતાંબરમાં ... હતા. અરે..રે..! આહાહા..! એ તો એમ કહે કે પરના કામ કરીએ સારા દેશ સેવા આદિ, એમાંથી જન્મ-મરણ મટવાનો ઉપાય છે. વ્યવહારરત્નત્રય એ નિશ્ચયનું કારણ છે. એ નિશ્ચયની

વિરુદ્ધ એને કહો એ ખોટી વાત છે. નિશ્ચયની વિરુદ્ધ તો મિથ્યાત્વ છે. આહાહા..! પણ અહીં નિશ્ચયની જે ક્રિયા ચાલે છે, દર્શન-જ્ઞાન-ચારિત્ર અને નિશ્ચય, એનાથી વિરુદ્ધ તે એની વ્યવહારક્રિયા છે. આહાહા..!

વ્યવહારક્રિયા એ પરાધીન શરીરનું કારણ છે. શરીર મળશે અને ચાર ગતિમાં રખડશે. આહાહા..! પણ શું થાય? કોણ કોને કહે? અને કોણ કોને માને? કોઈ કોઈનું માને એવું છે? ભગવાનનું પણ કાંઈ માને એવું છે? એને પોતાને માને ત્યારે ભગવાનનું માન્યું, ભગવાનનું નિમિત્ત કહેવામાં આવે. આહાહા..! ભગવાનને માનવામાં પણ ભગવાન કાંઈ કારણ નથી. એ તો પોતાને વિકલ્પ ઊઠ્યો ને માને ત્યારે ભગવાનને નિમિત્ત કહેવાય. આહાહા..! એ પણ માને એ રાગ સંસાર છે. શુભરાગ એ સંસાર છે, એ ઘોર સંસાર છે. 'નિયમસાર'માં છે. એ શુભરાગ એ ઘોર સંસાર છે. એમ નહિ કે અશુભ કરતાં શુભ ઠીક છે. ઘોર સંસાર.

ભગવાન આનંદના નાથથી વિરુદ્ધ ભાવ, ત્રણલોકનો નાથ ચૈતન્ય નિરંજન નાથ, એનાથી અમૃતના સાગરથી વિરુદ્ધ ભાવ. એ અમૃતનો સાગર ભરેલો પ્રભુ છે. રાગ એનાથી વિરુદ્ધ છે એ તો ઝેર છે. આહાહા..! ચાહે તો શુભરાગ પણ અંદરથી ઝેર છે. જીવના જીવન એ નહિ, નાથ! આહાહા..! જીવના જીવન એ નહિ. જીવના જીવન તો શુદ્ધઉપયોગ એ જીવનું જીવન છે. આહાહા..! એ અહીં કહે છે.

**'જે જીવ પરદ્રવ્યોને વશ તો નથી તે અકાય થાય છે. આ પ્રમાણે નિરુક્તિ-વ્યુત્પત્તિ છે.'** નિરવયવ કીધું ને? નિરવયવ એની વ્યાખ્યા કરી. નિરવયવ એની વ્યુત્પત્તિ એટલે અવયવ વિના. અવયવ એટલે શરીર વિના. આહાહા..! અહીં તો બે વાત (છે). કાં શરીર સંસાર અને કાં મુક્તિ. કોઈ વચલી દશા નથી. આહાહા..! જેટલો સ્વવશ થાય તેટલી મુક્તિ. કેમકે પોતે મુક્તસ્વરૂપ છે તે મુક્તિનું કારણ થાય અને રાગ બંધનું કારણ છે તે સંસારનું કારણ થાય. પુણ્ય-પાપમાં આવે છે. એ રાગ પોતે બંધસ્વરૂપ છે. તે બંધનું કારણ છે અને આત્મા તો મુક્તસ્વરૂપ છે. અંદરમાં રાગથી મુક્તસ્વરૂપ છે. મુક્તસ્વરૂપ તે મુક્તિનું કારણ છે. આહાહા..! આવી વાત સાંભળી પણ ન હોય. બહારમાં ઘુંચી ગયા. લાકડા. આહાહા..!

મુમુક્ષુ :– બહુ ગોટાળા કર્યા છે.

ઉત્તર :– ગોટાળા છે. પહેલેથી અનાદિથી. અનાદિના જીવો... આહાહા..! એમાંથી ફરી જવું એ .. વાત છે. આહાહા..! અરે..! ભગવાન! એકકોર સંસાર ને એકકોર મુક્તિ. બે છે. હવે જેટલું ચૈતન્ય ભગવાનનું અવલંબન એટલી શરીરરહિત થવાની દશા અને જેટલું પરનું આલંબન એ શરીરસહિત થવાની દશા. રહિત સહિત. આહાહા..! એક એક ગાથાએ કેટલી વાત કરી છે!

'[હવે આ ૧૪૨ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'

## શ્લોક–૨૩૯

(मंदाक्रांता)

योगी कश्चित्स्वहितनिरतः शुद्धजीवास्तिकायाद्
अन्येषां यो न वश इति या संस्थितिः सा निरुक्तिः।
तस्मादस्य प्रहतदुरितध्वान्तपुंजस्य नित्यं
स्फूर्जज्ज्योतिः स्फुटितसहजावस्थयाऽमूर्तता स्यात्।।२३९।।

[શ્લોકાર્થ :–] કોઈ યોગી સ્વહિતમાં લીન રહેતો થકો શુદ્ધજીવાસ્તિકાય સિવાયના અન્ય પદાર્થોને વશ થતો નથી. આમ જે સુસ્થિત રહેવું તે નિરુક્તિ (અર્થાત્ અવશપણાનો વ્યુત્પત્તિ-અર્થ) છે. એમ કરવાથી (–પોતામાં લીન રહી પરને વશ નહિ થવાથી) *દુરિતરૂપી તિમિરપુંજનો જેણે નાશ કર્યો છે એવા તે યોગીને સદા પ્રકાશમાન જ્યોતિ વડે સહજ અવસ્થા પ્રગટવાથી અમૂર્તપણું થાય છે. ૨૩૯.

## શ્લોક–૨૩૯ ઉપર પ્રવચન

હવે આ ૧૪૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :

योगी कश्चित्स्वहितनिरतः शुद्धजीवास्तिकायाद्
अन्येषां यो न वश इति या संस्थितिः सा निरुक्तिः।
तस्मादस्य प्रहतदुरितध्वान्तपुंजस्य नित्यं
स्फूर्जज्ज्योतिः स्फुटितसहजावस्थयाऽमूर्तता स्यात्।।२३९।।

**શ્લોકાર્થ :-** આહાહા..! **'કોઈ યોગી સ્વહિતમાં લીન રહેતો થકો...'** યોગી એટલે કોઈ બાવો-બાવો યોગી એમ નહિ. યોગી એટલે આ આત્માનું જોડાણ કરે તે યોગી. આહાહા..! કોઈપણ ધર્મી **'સ્વહિતમાં લીન રહેતો થકો...'** આહાહા..! પોતાના સ્વહિતમાં લીન રહેતો થકો. પરહિત કરવામાં લીનતા છોડી દઈને, પરનું હિત કરી શકતો નથી. આહાહા..! પરને મદદ કરી શકતો નથી, પરને એક પાઈ પણ આપી શકતો નથી. પરને રોટલીનું બટકું પણ દઈ શકતો નથી. આહાહા..! પર ચીજ છે એ દે કોણ ને લે કોણ? એ તો જ્ઞાનનું જ્ઞેય

* દુરિત = દુષ્કૃત; દુષ્કર્મ. (પાપ તેમ જ પુણ્ય બન્ને ખરેખર દુરિત છે.)

છે. પર તરીકે જાણવાલાયક છે. એ પણ વ્યવહાર. આહાહા..! એક રોટલીનું બટકું પણ બીજાને આપી શકે... આહાહા..! બહુ તૃષા લાગી હોય અને તૃષાથી તરફડતો હોય એને પાણી પાવું, એ પાણી આપી શકે એમ ત્રણકાળમાં નથી. આહાહા..! આ વાત કેમ બેસે? આખો દિ' કાં વ્યવહારના .. થાય અને અહીં કહે એ કરી શકે નહિ. કરવાનું માને તો સંસાર ઊભો છે. શરીર છે. નરક ને નિગોદમાં જાશે. આહાહા..! ભવમાં જતા ક્યા ઠેકાણે ભવ જશે એ ક્યાં ઠેકાણું છે? આ ચોર્યાશીના અવતાર ભવભ્રમણ પડ્યા છે, બાપા! આહાહા..!

આવ્યું હતું ને? ભવનો ભય. આમાં આવ્યું હતું. '**સંસારની ઘોર ભીતિથી સર્વ જીવો...**' એક પાના પહેલા જ. ટીકામાં. ૨૩૩. '**સંસારની ઘોર ભીતિથી સર્વ જીવો નિત્ય તે ઉત્તમ ભક્તિ કરો.**' આહાહા..! સંસારથી ડરો. આહાહા..! એમ કહે છે. અરે..! ભવ થશે એમાં શું થશે? ડરો. પરવશ (છે). ક્યે વખતે ત્યાં શું થવું? ભવરહિત થવાની દશાને પ્રગટ કરો, પ્રભુ! આહાહા..! કારણ કે તું ભવરહિત જ છો. ભવરહિત છે એ ભવરહિત થઈ શકે છે. રાગ અને પુણ્ય ભવસહિત છે એ તો સંસાર છે. એટલે એમાંથી તો સંસાર મળશે. પુણ્યભાવનો, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ સંસાર છે. આહાહા..! 'શાંતિભાઈ'! આવું સાંભળ્યું ન હોય. દીધે રાખે ત્યાં ભાષણ. આમ છે ને તેમ છે ને ફલાણું છે, ઢીંકણું છે. આહાહા..!

'**કોઈ યોગી...**' આને યોગી કીધો. જે આત્મામાં જોડાય તે યોગી, બાકી બધા ભોગી. આહાહા..! જ્ઞાન અને આનંદસ્વરૂપ પ્રભુ, તેમાં જે જોડાય તે યોગી. '**સ્વહિતમાં લીન રહેતો થકો...**' આહાહા..! સ્વહિતમાં, સ્વહિતમાં લીન રહેતો થકો. પરહિતનું કરવું કરવું કાંઈ છે નહિ. આહાહા..! પાંજરાપોળું કરવી ને આ બધું (કરે છે), ભૂખ્યાને માટે અનાજ ભેગું કરીને રોટલા આપવા. આહાહા..! માણસને નોકરીએ રાખવા કે જેથી .. આપે. અહીં તમારે પણ આપતા હતા કૂતરાને રોટલા. એક ફેરી સાંભળ્યું હતું ખરું. આપણને બહુ ખબર નહિ. કો'ક .. રોટલા આપતા હતા. 'પોપટભાઈ' તરફથી હતું. 'પોપટભાઈ' તરફથી. 'પોપટભાઈ' તરફથી હતું. અહીં કૂતરાને રોટલા આપતા. પણ રોટલો પર, કૂતરો પર, દ્યે કોણ? લે કોણ? 'શાંતિભાઈ'! આવું છે, બાપા! આહાહા..!

એકકોર સારો રાગ સંસાર અને એકકોર ભગવાન. જેમાં સંસાર છે જ નહિ. અને સંસારમાં આત્મા છે જ નહિ. સંસારની દશામાં આત્મસ્વરૂપ છે જ નહિ અને આત્મસ્વરૂપમાં સંસાર છે જ નહિ. આહાહા..! એવા ધર્મી સ્વહિતમાં લીન રહેતો થકો '**શુદ્ધજીવાસ્તિકાય...**' ભાષા કેવી લીધી જોયું! શુદ્ધ જીવ ન લીધો. વીતરાગ સર્વજ્ઞદેવે અસંખ્ય પ્રદેશી જીવ જોયો છે. એ સિવાય, સર્વજ્ઞ સિવાય કોઈએ જોયો નથી. કોઈ ઠેકાણે એ વાત નથી. આહાહા..! શ્વેતાંબરમાં પણ જે અસંખ્ય પ્રદેશી છે એમાં એની ભૂલ છે. કેમકે ૩૪૩ રાજુ (કહ્યા છે) એમાં એની ભૂલ છે. પોતે કબુલ કર્યું છે. આપણા આ ૩૪૩ (રાજુની) ભૂલ છે. તો પછી

જીવના પ્રદેશો ૩૪૩ રાજુ પ્રમાણે છે. તો એમાં ભૂલ છે તો આમાં પણ ભૂલ થઈ. આહાહા..! ભાગ્ય જગતના કે આ રહી ગયું, આ વસ્તુ (રહી ગઈ). આહાહા..! ભવરહિતની વાત... આહાહા..! એને કાને પડવી પણ મુશ્કેલ પડે, એને હા પાડવી તો મુશ્કેલ પડે, એનું પરિણમન થવું તો મહામુશ્કેલ પડે. આહાહા..! આવો જે માર્ગ.. આહાહા..!

કહે છે એ **'શુદ્ધજીવાસ્તિકાય...'** ભાષા કેવી લીધી? વીતરાગ સિવાય જીવાસ્તિકાય. કાય, અસ્તિકાય. અસંખ્ય પ્રદેશી છે એટલે અસ્તિકાય કીધું એને. એક જીવ અસંખ્યપ્રદેશી છે. ભલે નિગોદના રાય જેટલી કટકીમાં અસંખ્ય શરીર, એક શરીરમાં અનંતા જીવ, એક એક જીવના અસંખ્ય પ્રદેશ અને એક એક જીવની સાથે તૈજસ અને કાર્માણ શરીર. આહાહા..! સર્વજ્ઞ સિવાય એ વાત કોઈએ જોઈ નથી. વસ્તુસ્થિતિ પણ આ છે. આહાહા..! અસંખ્ય પ્રદેશ. તેથી અહીં શુદ્ધ જીવાસ્તિકાય શબ્દ વાપર્યો છે. શુદ્ધ જીવ એકલો શબ્દ નથી વાપર્યો. શુદ્ધ જીવાસ્તિકાય. અસ્તિકાય એટલે અસંખ્ય પ્રદેશી. આહાહા..!

અસંખ્ય પ્રદેશમાં પણ વિરોધ કરે. એ તો વિરોધ છે. વસ્તુનું સ્વરૂપ જ એ છે. સંકોચ વિકાસ થાય છે. એ અસંખ્યપ્રદેશીના સંકોચ-વિકાસ નથી. અસંખ્ય પ્રદેશ ઘટે-વધે નહિ. સંકોચ-વિકાસમાં અસંખ્ય પ્રદેશ ઘટે-વધે નહિ. લોકપ્રમાણે સમુદ્ઘાત કરે તો તેટલા પ્રદેશ અને એક રાયના કટકી જેટલામાં અસંખ્યમાં ભાગમાં... આહાહા..! આત્મા અનંત, એના પ્રદેશ પણ એક એકના અસંખ્ય. આહાહા..!

**'કોઈ યોગી સ્વહિતમાં લીન રહેતો થકો શુદ્ધજીવાસ્તિકાય સિવાયના...'** આહાહા..! શુદ્ધજીવાસ્તિકાય. જીવ અસ્તિ અને અસંખ્ય પ્રદેશી કાય. આહાહા..! એ **'શુદ્ધજીવાસ્તિકાય સિવાયના અન્ય પદાર્થોને વશ થતો નથી.'** રાગના વિકલ્પમાં પણ વશ થતો નથી. આહાહા..! ભેદજ્ઞાન થયા પછી પરને વશ થતો જ નથી. વસ્તુ થાય છે. રાગ આવે છતાં પરવશ થતો નથી. આહાહા..! **'અન્ય પદાર્થોને વશ થતો નથી. આમ જે સુસ્થિત રહેવું...'** આમ જે આત્મામાં સુસ્થિત રહેવું. આહાહા..! આવું કરવા જાય. હવે છોકરા નાના (હોય). બે વર્ષનો, ચાર વર્ષનો છોકરો અને આઠ વર્ષનો. બે-બે વર્ષે એક એક છોકરો થાય. સોળ વર્ષમાં આઠ થાય. એક બે ને એક ચાર ને એક છ ને એક આઠ ન એક દસ. આ બધાને સાચવવા... આહાહા..! બાર ભાયા છે. 'વીંછીયા'માં... 'વીંછીયા'માં. બાર ભાયા. એમાં શું છે? ચક્રવર્તીને ચોસઠ હજાર દીકરા છે. આહાહા..! પણ સમકિતી છે એ પોતાના સ્વભાવમાં અને પરમાં કંઈ પણ અડવા દેતો નથી. આહાહા..! મારું આ છે ને હું એનો, એ સપનામાં થાતું નથી. આહાહા..! સોળ સોળ હજાર દેવ સેવા કરતા હોય, છન્નું હજાર સ્ત્રી, છન્નું હજાર પાયદળ. મારો પ્રભુ આત્મા સિવાય મારે કોઈ નથી. આહાહા..!

અહીં એ કહે છે **'જે સુસ્થિત રહેવું તે નિરુક્તિ (અર્થાત્ અવશપણાનો વ્યુત્પત્તિ-અર્થ) છે.'** અવશપણું એટલે પરને વશ ન થવું અને સ્વને વશ થવું એવી એની વ્યુત્પત્તિનો

અર્થ છે. **'એમ કરવાથી (–પોતામાં લીન રહી પરને વશ નહિ થવાથી)...'** આહાહા..! **'દુરિતરૂપી તિમિરપુંજ...'** પુણ્ય અને પાપ બે દુરિત છે. આહાહા..! દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પરમાત્માનું સ્મરણ એ બધું દુરિત છે. એ આત્માની રીત નથી. આહાહા..! છે ને નીચે? **'દુરિત = દુષ્કૃત; દુષ્કર્મ. (પાપ તેમ જ પુણ્ય બન્ને ખરેખર દુરિત છે.)'** આહાહા..! આમાં પણ કહ્યું ને? 'મોક્ષપાહુડ'માં. **'परदव्वादो दुग्गई'** 'કુંદકુંદાચાર્યે' 'અષ્ટપાહુડ'માં એમ કહ્યું કે તારું લક્ષ જો સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્યમાં જશે તો દુર્ગતિ છે. આહાહા..! દુર્ગતિ એટલે એ ચૈતન્યની ગતિ નથી. આહાહા..!

દિગંબર સંતોને જગતની પડી નથી. આમ કહીશ તો સમાજ સમતોલ રહેશે કે નહિ. સમાજમાં ભાગ પડી જશે કે નહિ. એ વાણી આવી એ આવી-નીકળી. એના એ કર્તા-બર્તા નથી. આહાહા..! એ વાણીનું ફળ આવશે કે નહિ? લોકો સમજશે કે નહિ? એની સંખ્યા વધશે કે નહિ? એની પણ જેને દરકાર નથી. આહાહા..! આકરું કામ છે, ભાઈ! પણ એના ફળ પણ આકરા છે ને! મોક્ષ! આહાહા..! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં.' ભૂતકાળ કરતા ભવિષ્ય અનંતગુણો. એ આ આત્માના સ્વવશ થઈને થવાય છે. અવયવરહિત એટલે શરીરરહિત. એ શરીરરહિત થઈને કાળ (જશે એ) ગયા કાળ કરતા અનંતગુણો ભવિષ્યકાળ છે. આહાહા..! ગયા કાળનો તો અત્યારે અંત પણ આવ્યો. અને ભવિષ્યનો શરૂ થશે તેનો ક્યાંય અંત જ નથી. આહાહા..! પછી ભૂતકાળ કરતા ભવિષ્યકાળ અનંતગુણો. અનંત અનંત આનંદમાં રહેવું. આહાહા..!

'અનુભવીને એકલું રે આનંદમાં રહેવું રે.. ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે.' આહાહા..! પરિબ્રહ્મ એટલે પોતે આત્મા. આહાહા..! આકરું કામ પડે. સાધારણ પ્રાણીને નવરાશ નહિ, નિવૃત્તિ નહિ અને આ તદ્દન નિવૃત્તસ્વરૂપ, જેને રાગનો વિકલ્પનો તીર્થંકરગોત્ર બંધાય એ વિકલ્પનો પણ જેને સ્પર્શ નથી. જેને આત્મા અડતો નથી. આહાહા..! હવે એને આ દુનિયાની બધી ચીજથી દૂર રાખવો... આહાહા..! એ અહીં કહ્યું.

એમ કરવાથી **'(–પોતામાં લીન રહી પરને વશ નહિ થવાથી) દુરિતરૂપી તિમિરપુંજનો...'** પુણ્ય અને પાપ બેય દુરિત છે. આહાહા..! પરની દયાનો ભાવ એ દુરિત છે. આહાહા..! એ રાગ છે. આત્માના સ્વભાવથી વિરુદ્ધ જેટલો ભાવ એટલો દુરિત છે. એ **'દુરિતરૂપી તિમિરપુંજ...'** એ પુણ્યને પણ અંધકારનો ઢગલો કીધો. આહાહા..! તિમિર એટલે અંધકારનો પુંજ છે. આહાહા..! કેમકે એ શુભ અંધારું છે. શુભમાં પ્રકાશ નથી. શુભ અને અશુભભાવ બેય અંધારું છે. ચૈતન્યનો પ્રકાશ એમાં નથી. આહાહા..! ચૈતન્યના પ્રકાશના અભાવમાં એ અંધારું છે તેથી તેને દુરિત તિમિર કહ્યું છે. અંધારું, ભૂંડુ અંધારું, દુરિત અંધારું. આહાહા..! દિગંબર સંતોને ક્યાં પડી છે. આ સાંભળતા લોકો કેમ થશે? આહાહા..!

**'દુરિતરૂપી તિમિરપુંજ...'** એ પુણ્ય અને પાપનો ભાવ દુરિત અને અંધકારનો ઢગલો.

આહાહા..! **'જેણે નાશ કર્યો છે...'** આહાહા..! એવા પુણ્ય-પાપરૂપી દુરિત તિમિર અંધકાર, એના પુંજનો જેણે નાશ કર્યો છે **'એવા તે યોગીને સદા પ્રકાશમાન જ્યોતિ...'** ઓલા અંધકારનો નાશ થયો અને પ્રકાશ પ્રગટ્યો. ચૈતન્યપ્રકાશ પ્રગટ્યો અંદર. આહાહા..! **'તે યોગીને સદા પ્રકાશમાન જ્યોતિ...'** સદા પ્રકાશમાન જ્યોતિ. કોઈ સમય પણ રાગને વશ નહિ. રાગ આવે પણ તેને જ્ઞેય તરીકે પોતામાં રહીને તેને ભિન્ન જાણે. જ્ઞાનમાં રહીને રાગ આવે તેને ભિન્ન જાણે. આહાહા..! વ્યવહારના બધા 'દિલ્હી'માં ભેગા થયા હોય ત્યાં આવું મૂકે છે. શું કહે છે આ?

અહીં તો કહે છે કે એ પુણ્યના પરિણામ જેને તું સારા કહે એ દુરિત છે અને એ અંધકાર છે. લે. આહાહા..! અંધકારનો **'જેણે નાશ કર્યો છે એવા તે યોગી સદા પ્રકાશમાન જ્યોતિ વડે સહજ અવસ્થા પ્રગટવાથી...'** આત્માની સ્વાભાવિક દશા પ્રગટવાથી **'અમૂર્તપણું થાય છે.'** આહાહા..! એ અમૂર્ત આત્મા થઈ જાય છે. પૂર્ણાનંદની પ્રાપ્તિમાં અશરીરી અમૂર્ત આત્મા થઈ જાય છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૧૪૩

वट्टदि जो सो समणो अण्णवसो होदि असुहभावेण।
तम्हा तस्स दु कम्मं आवस्सयलक्खणं ण हवे।।१४३।।

वर्तते यः स श्रमणोऽन्यवशो भवत्यशुभभावेन।
तस्मात्तस्य तु कर्मावश्यकलक्षणं न भवेत्।।१४३।।

इह हि भेदोपचाररत्नत्रयपरिणतेर्जीवस्यावशत्वं न समस्तीत्युक्तम्।

अप्रशस्तरागाद्यशुभभावेन यः श्रमणाभासो द्रव्यलिङ्गी वर्तते स्वस्वरूपादन्येषां परद्रव्याणां वशो भूत्वा, ततस्तस्य जघन्यरत्नत्रयपरिणतेर्जीवस्य स्वात्माश्रयनिश्चयधर्मध्यान-लक्षणपरमावश्यककर्म न भवेदिति अशनार्थं द्रव्यलिङ्गं गृहीत्वा स्वात्मकार्यविमुखः सन् परमतपश्चरणादिकमप्युदास्य जिनेन्द्रमन्दिरं वा तत्क्षेत्रवास्तुधनधान्यादिकं वा सर्वमस्मदीयमिति मनश्चकारेति।

**વર્તે અશુભ પરિણામમાં, તે શ્રમણ છે વશ અન્યને;**
**તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૩.**

**અન્વયાર્થ :–** [ यः ] જે [ अशुभभावेन ] અશુભ ભાવ સહિત [ वर्तते ] વર્તે છે,

[ सः श्रमणः ] તે શ્રમણ [ अन्यवशः भवति ] અન્યવશ છે; [ तस्मात् ] તેથી [ तस्य तु ] તેને [ आवश्यकलक्षणं कर्म ] આવશ્યકસ્વરૂપ કર્મ [ न भवेत् ] નથી.

**ટીકા :– અહીં, ભેદોપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને અવશપણું નથી એમ કહ્યું છે.**

**જે શ્રમણાભાસ–દ્રવ્યલિંગી અપ્રશસ્ત રાગાદિરૂપ અશુભભાવ સહિત વર્તે છે, તે નિજ સ્વરૂપથી અન્ય (–ભિન્ન) એવાં પરદ્રવ્યોને વશ છે; તેથી તે જઘન્ય રત્નત્રયપરિણતિવાળા જીવને સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાનસ્વરૂપ પરમ-આવશ્યક-કર્મ નથી. (તે શ્રમણાભાસ) ભોજન અર્થે દ્રવ્યલિંગ ગ્રહીને સ્વાત્મકાર્યથી વિમુખ રહેતો થકો પરમ તપશ્ચરણાદિ પ્રત્યે પણ ઉદાસીન (બેદરકાર) રહીને જિનેન્દ્રમંદિર અથવા તેનું ક્ષેત્ર, મકાન, ધન, ધાન્યાદિક બધું અમારું છે એમ બુદ્ધિ કરે છે.**

---

**પ્રવચન નં. ૧૬૪, શ્લોક--૨૪૦ થી ૨૪૨, ગાથા-૧૪૩, મંગળવાર, જ્યેષ્ઠ સુદ ૧૨, તા.૨૪-૦૬-૮૦**

---

'નિયમસાર' ગાથા-૧૪૩. આવશ્યકનો અધિકાર છે.

**वट्टदि जो सो समणो अण्णवसो होदि असुहभावेण।**
**तम्हा तस्स दु कम्मं आवस्सयलक्खणं ण हवे।।१४३।।**

**વર્તે અશુભ પરિણામમાં, તે શ્રમણ છે વશ અન્યને;**
**તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૩.**

'**ટીકા :– અહીં, ભેદોપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને...**' વ્યવહારરત્નત્રયવાળા જીવને. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, નવતત્ત્વની ભેદવાળી શ્રદ્ધા એવી એની શ્રદ્ધા બરાબર હોય. વ્યવહાર. એ વ્યવહાર ભેદોપચાર રત્નત્રયપરિણતિવાળાને અશુભભાવ જ્યારે આવે છે એથી તદ્દન પરવશ-અવશ છે. એને આવશ્યક છે નહિ. બહારના કામમાં જોડાય છે ત્યારે એને અશુભભાવ થઈ જાય છે. એથી અહીં કહે છે. '**ભેદોપચાર-**' વ્યવહાર કહો, ભેદ કહો કે ઉપચાર કહો. '**વ્યવહારરત્નત્રયપરિણતિવાળા જીવને અવશપણું...**' એટલે કે સ્વવશપણું. અવશપણું એટલે સ્વવશપણું '**નથી...**' આહાહા..! '**એમ** (અહીંયાં) **કહ્યું છે.**'

ભેદ તો પાંચમી ગાથામાં આવે છે ને ભેદ? અંતઃતત્ત્વ, બાહ્યતત્ત્વ અને પરમાત્મતત્ત્વ. એની શ્રદ્ધા હોય તો એ વ્યવહાર છે. એકલો પરમાત્મસ્વભાવ ત્રિકાળ સ્વના આશ્રયથી થતી દૃષ્ટિ અનુભવ એ નિશ્ચય સમ્યક્ છે. એના વિના પરમાત્મતત્ત્વ, અંતઃતત્ત્વ, બહિરતત્ત્વની શ્રદ્ધા પણ વ્યવહાર છે. આહાહા..! ત્યારે કહે (છે), અગિયાર અંગ ભણ્યો હોય એમાં એ વાત તો આવી હોય. નવ પૂર્વ પણ ભણ્યો હોય. એ વાત આવી હતી એને શ્રદ્ધામાં તો હોય વ્યવહાર. પણ એ બધો વ્યવહાર છે. અહીં તો વળી વધારે લે છે.

**'જે શ્રમણાભાસ–'** સાધુ નથી પણ સાધુનો લિબાસ છે. આહાહા..! **'દ્રવ્યલિંગી...'** અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન નથી અને નગ્નપણું ધારણ કર્યું છે. આહાહા..! અને **'અપ્રશસ્ત રાગાદિરૂપ અશુભભાવ સહિત વર્તે છે,...'** ભેગો ઇ. અશુભરાગ. અપ્રશસ્ત એટલે અશુભ. રાગ, દ્વેષ, રતિ, અરતિ બાહ્ય પદાર્થમાં (થાય છે). અંતરપદાર્થની તો દૃષ્ટિ નથી એથી બાહ્ય પદાર્થમાં એને અશુભભાવ થઈ જાય છે. એ અશુભભાવ સહિત વર્તે છે. આહાહા..! દિગંબર નગ્ન મુનિ **'તે નિજ સ્વરૂપથી અન્ય (–ભિન્ન) એવાં પરદ્રવ્યોને વશ છે;...'** તે નિજ સ્વરૂપ ચિદાનંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ આત્મા એ નિજ સ્વરૂપ. એનાથી તે ભિન્ન એવા પરદ્રવ્યોને વશ છે, અશુભરાગને વશ છે. આહાહા..! આર્તધ્યાન થાય. અશુભરાગ આનું આમ કરવું... આનું આમ કરવું. મંદિરને આમ બનાવવું, ફલાણું આમ બનાવવું એ આગળ આવશે. ધનધાન્ય, મંદિર. ક્ષેત્ર, મકાન, ધનધાન્ય આદિ. એ બધું બહારમાં કોઈપણ પરદ્રવ્યનો આશ્રય લઈને જે અશુભભાવમાં વર્તે છે... આહાહા..! તે પરદ્રવ્યને વશ છે. તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! લોકોને આ આકરું પડે છે. તેથી 'સોનગઢ'વાળાને એમ કહે છે ને કે એકાંત છે... એકાંત છે... એકાંત છે.

આમ કહે, નગ્ન મુનિ છે, અઠ્ઠાવીશ મૂળગુણ પાળે છે. ત્યાં અઠ્ઠાવીશ મૂળગુણ પણ ક્યાં છે? એને માટે ચોકા કરીને આહાર લ્યે છે. ચોકા વિનાનો આહાર અત્યારે મળતો નથી. ચોકા સમજો છો? એને માટે બનાવે. એ વિના તો બનતું નથી. ત્યાં અઠ્ઠાવીસ મૂળગુણના ગુણના ઠેકાણા નથી. 'અષ્ટપાહુડ'માં તો એમ કહ્યું છે કે જેના ગુણમાં મૂળગુણના ઠેકાણા નથી એનું એકેય ઠેકાણું નથી. આવી વસ્તુની સ્થિતિ કોઈ થઈ ગઈ. એના આત્માને માટે કાંઈ છે નહિ. એની જવાબદારી તો એને છે. પણ આવી વસ્તુની સ્થિતિ છે. જેવું સ્વરૂપ છે તેવું વર્ણન થાય છે એથી કોઈ એની નિંદા (કરવી છે) કે એવી વાત નથી. અરે..! એ પણ ભગવાન છે. એવી સ્થિતિ ફેરવીને ભગવાન થાવ. આહાહા..! પણ જ્યાં સુધી એને ભગવાનઆત્માની ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ, પુણ્ય અને પાપના વિકલ્પના રાગ રહિત એની દૃષ્ટિ, અનુભવ અને આશ્રય નથી ત્યાં સુધી તે અહીંયાં તો અશુભભાવવાળો લીધો છે. પછી શુભભાવવાળો લેશે. આહાહા..!

**'અપ્રશસ્ત...'** એટલે ખોટા **'રાગાદિરૂપ અશુભભાવ સહિત વર્તે છે, તે નિજ સ્વરૂપથી અન્ય (–ભિન્ન) એવા પરદ્રવ્યોને વશ છે;...'** આહાહા..! **'તેથી તે જઘન્ય રત્નત્રયપરિણતિવાળા જીવને...'** જઘન્યરત્નત્રય કીધું એટલે કાંઈક હશે ખરું? જઘન્ય એટલે હલકું-ખોટું. ખોટા રત્નત્રયપરિણતિવાળા જીવને. જઘન્ય એટલે કાંઈક કાંઈક એનો અંશ છે એમ નહિ. હલકું, ખોટું. આહાહા..! એવા **'જઘન્ય રત્નત્રયપરિણતિવાળા જીવને સ્વાત્માશ્રિત...'** ભગવાનઆત્મા ચિદાનંદ પ્રભુ, **'સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાનસ્વરૂપ...'** જે સ્વભાવને આશ્રયે નિશ્ચયધર્મ સાચો થાય તે એને નથી. આહાહા..! 'લાખ વાતની વાત...' આહાહા..! બીજું છોડી દ્યો, કહે

છે. નિજ આત્મા એક આનંદકંદ પ્રભુ મહા આનંદે બિરાજમાન (છે) એનો આશ્રય લ્યો તો કલ્યાણ છે અને ધર્મ છે.

અહીંયાં તો કહે છે કે એ **'નિશ્ચય-ધર્મધ્યાનસ્વરૂપ...'** સ્વ આત્માશ્રિત એ નિશ્ચય ધર્મ છે તેનાથી આ રહિત છે. આહાહા..! સ્વ એ જઘન્ય રત્નત્રય એટલે હલકા રત્નત્રયવાળાને સ્વાત્માશ્રિત, સ્વ આત્માને અવલંબે **'નિશ્ચય-ધર્મધ્યાનસ્વરૂપ પરમ-આવશ્યક-'** ખાસ જરૂરનું જે કાર્ય એ **'કર્મ** (એને) **નથી.'** નિશ્ચય આવશ્યક એને નથી. આહાહા..! અહીંયાં તો હજી દેવ-ગુરુ-શાસ્ત્ર કોને કહેવા એના ઠેકાણા (નથી) એને ભેદઉપચાર પણ નથી. દેવ-અરિહંત એ આહાર કરે, એને રોગ થાય, એને મા-બાપ બે હોય, એને તો વ્યવહારના પણ ઠેકાણા નથી. આહાહા..! આ તો વ્યવહારમાં બરાબર છે, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા છે, નવતત્ત્વની ભેદની શ્રદ્ધા છે એવો હોવા છતાં સ્વ આત્માને આશ્રયે નથી. પર આશ્રયે એ વર્તે છે. એમાં પણ અશુભભાવ વર્તે છે. આહાહા..!

**'(તે શ્રમણાભાસ)...'** સાધુ નથી પણ સાધુ કેવા છે? **'ભોજન અર્થે દ્રવ્યલિંગ...'** ધારણ કર્યું છે. આહાહા..! ગજબ કરે છે. એ રોટલા ખાવા માટે દ્રવ્યલિંગ ધારણ કર્યું છે. આહાહા..! તેથી એને અશુભભાવ કહ્યો છે. સાધુ થઈએ એટલે નિરાંતે આહાર મળે, સારો મળે, ચોખ્ખો મળે. આહાહા..! એક જણ અહીં કહેતો હતો. ક્ષુલ્લક. ક્ષુલ્લક નહિ પણ આઠ પડિમાવાળો હતો. એ આવ્યો હતો. કહે, હજી આઠ પડિમા છે ત્યાં સુધી લોકો આદર નથી કરતા. એટલે આદર કરવા માટે અગિયાર પડિમા લેવી પડશે. આહાહા..! એમ કહેતા હતા. (સંવત) ૨૦૦૬ની સાલની વાત છે. 'રાજકોટ'. આહાહા..! ત્રીસ વર્ષ થયા. એમ કહે, આઠ પડિમા છે પણ જ્યાં સુધી આમ લોકોને ત્યાગી દેખાતા નથી ત્યાં સુધી નિમંત્રણ ને આમંત્રણ આપતા નથી. અગિયાર પડિમા ધારણ કરશું તો આદર થાશે. આહાહા..!

અહીં એ કહે છે, **'(તે શ્રમણાભાસ) ભોજન અર્થે દ્રવ્યલિંગ ગ્રહીને...'** નગ્નપણું ગ્રહણ કરી **'સ્વાત્મકાર્યથી વિમુખ રહેતો...'** પોતાનું જે કાર્ય છે શ્રદ્ધા–જ્ઞાન અંદર, એનાથી વિમુખ રહેતો. સ્વ આત્માનું કાર્ય તો આ છે. પોતાનો આત્મા જ્ઞાન અને આનંદથી ભરેલો પ્રભુ પૂર્ણ, તેના આશ્રય વિનાનો, એના કાર્ય વિનાનો... આહાહા..! **'સ્વાત્મકાર્યથી વિમુખ...'** એ વ્યવહારની ક્રિયા આદિ જે કરનાર શુભભાવ અહીં તો કહે છે. એ **'સ્વાત્મકાર્યથી વિમુખ રહેતો થકો પરમ તપશ્ચરણાદિ પ્રત્યે પણ ઉદાસીન...'** પરમ તપસ્યા એટલે આત્માનું ધ્યાન. આત્માના આનંદમાં ઉગ્રપણે આનંદનું થવું. આત્મામાં અતીન્દ્રિય આનંદનું ઉગ્રપણે થવું એનું નામ પરમ તપશ્ચર્યા. આહાહા..!

એ **'પરમ તપશ્ચરણાદિ પ્રત્યે...'** આદિ એટલે નિશ્ચય દ્રવ્યને આશ્રયે થતી ક્રિયા, એના આશ્રય પ્રત્યે **'ઉદાસીન (બેદરકાર) રહીને...'** આહાહા..! બહારનું બરાબર જાળવવું. લોકોમાં પસંદ પડે, લોકો આદર કરે એ બહારનું જાળવવું, અંદરના સ્વાત્મકાર્યથી વિમુખ. આહાહા..!

અહીં તો ચોખ્ખી ના પાડે છે. એવા '**(બેદરકાર) રહીને જિનેન્દ્રમંદિર...**' એનું ધ્યાન રાખે. મંદિર બન્યું કે નહિ? બનાવ્યું કે નહિ? જોઈએ છીએ અમે. આહાહા..! એ બધા અશુભભાવવાળા છે કહે છે. શુભભાવવાળા પણ નથી. આહાહા..!

'**જિનેન્દ્રમંદિર અથવા તેનું ક્ષેત્ર,...**' આ મંદિર માટે કેટલું ક્ષેત્ર પહોળું લીધું છે? કેટલું રહેશે? ફલાણું ધ્યાન રાખે સાધુ થઈને. આહાહા..! સ્વાત્માનું કાર્ય છોડીને પરક્ષેત્ર અને પરદ્રવ્યના કાર્યમાં જોડાતો થકો. આહાહા..! '**ક્ષેત્ર, મકાન,...**' પરના મકાનમાં, આ મકાનમાં આટલું ઠીક પડશે, આને આટલું રહેવાનું ઠીક પડશે અને આમાં આમ, આટલા ઓરડા બનાવો અને આમાં આ બનાવો. આહાહા..!

'**ધન,...**' ધનની-પૈસાની દરકાર. આહાહા..! આ ટ્રસ્ટમાં પૈસા થાય છે ને, જુઓને! ટ્રસ્ટમાં પૈસા .. રૂપિયા ભેગા કરવા છે ને? ...મંદિર છે ને ભેગા કરે છે. એક કરોડ. એમાં એટલા હજી થયા નથી. અહીંયા પણ મંદિર છે. સમંતભદ્રાચાર્યે એને દીક્ષા આપી છે. આહાહા..! એ પૈસા ઉઘરાવે છે આ. તીર્થક્ષેત્રના ઉદ્ધાર માટે. એક કરોડ ભેગા કરવાનું નક્કી કર્યું છે. એમાં કેટલાક લાખ થઈ ગયા છે. આહાહા..! એ કહે છે કે દ્રવ્યલિંગી પણ અશુભભાવવાળા છે. આહાહા..! હવે આ શાસ્ત્ર આમ પોકારે છે. એ પૈસાનું ધ્યાન રાખે, આ રાખે, તેમ કરે. આહાહા..! એક હતા ને 'પૂર્ણચંદજી ક્ષુલ્લક' ગુજરી ગયા. અહીં રહેતા, અહીં પ્રેમ હતો. પણ .. કરતા બધું. પૈસા રાખતા. આઠમી પડિમા પછી પૈસા હોય નહિ. અગિયાર પડિમામાં આઠ પડિમા પછી પૈસા રખાય નહિ. એ પૈસા રાખે, સંભાળ કરે, ચોપડાનું ધ્યાન રાખે, બીજાનું એવું કરે. ત્યારે એ બચાવ કરતા. ઓલું 'નિયમસાર'માં આવે છે ને? ગાથા નહિ? કે આવું જરીક હોય તોપણ એને..

મુમુક્ષુ :– પરમાર્થ વચનિકાનો આધાર લઈને કહે છે.

ઉત્તર :– હા. 'પરમાર્થવચનિકા'. બધાનો ઉદય એકસરખો નથી હોતો. એમ આધાર લેતા. અમારો ઉદય આ છે. પૈસા-બૈસા રાખવા, ભેગા કરવા. ભલે ક્ષુલ્લક છીએ પણ અમારો ઉદય એવો છે. બધાનો ઉદય એકસરખો ન હોય. અરે..! પણ એ કોની અપેક્ષાએ વાત છે? અરે..રે..! વાત કરતા પણ શરમ થાય એવું છે. કોઈની વાત શું કરવા આલોચના. પણ આ તો લખાણ આવ્યું છે. આચાર્ય મહારાજે 'કુંદકુંદાચાર્ય મહારાજે' પોતાને માટે બનાવ્યું છે અને એની ટીકા કરનાર 'પદ્મપ્રભમલધારિદેવ' છે. આહાહા..! હું તો આનંદમાં રહું છું. એમ કહે છે. હું તો પરમ અતીન્દ્રિય આનંદમાં રહું છું. એ આ વાત કરે છે. વાત કરતા કાંઈ કોઈ રાગ-દ્વેષ નથી. એ તો વસ્તુ જણાવે છે. આહાહા..!

એવા '**ધન, ધાન્યાદિક...**' અનાજનું ધ્યાન રાખે. આહાહા..! આદિ. આહાહા..! મકાનના કારણો વગેરે વગેરે, મંદિરના પૈસા, ટ્રસ્ટના પૈસા, મંદિરના ટ્રસ્ટના ઉદ્ધારના એ બધા ધ્યાન રાખે. એ '**બધું અમારું છે એમ બુદ્ધિ કરે છે.**' આહાહા..! એ શ્રમણાભાસી દ્રવ્યલિંગી છે.

આહાહા..! હવે આ તો આમાં લખાણ છે. અને તે પણ દ્રવ્યલિંગી એને માટે ભોજન (બનાવેલું લે). અહીં તો એ લીધું ભોજન અર્થે દ્રવ્યલિંગ ગ્રહ્યું. બાકી એને માટે ભોજન કરીને લે તો એ પણ દ્રવ્યલિંગી નથી. ત્યાં દ્રવ્યમાં છ મૂળગુણમાં આખો ફેર છે. 'અષ્ટપાહુડ'માં કહે છે મૂળગુણમાં ફેર એને બધું ફેર આખો છે. આહાહા..! આવી વાત. આચાર્ય તો કહે છે એ જગતને પ્રત્યક્ષ સત્ય કરે છે. કોઈની વ્યક્તિનું કાંઈ નથી. કોઈ વ્યક્તિના આદર-અનાદરની વાત નથી. આહાહા..! વસ્તુનું આવું સ્વરૂપ છે એ વર્ણન કરે છે. આહાહા..!

**'[હવે આ ૧૪૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ પાંચ શ્લોક કહે છે :]'**

## શ્લોક-૨૪૦

(मालिनी)

अभिनविदमुच्चैर्मोहनीयं मुनिनां
त्रिभुवनभुवनान्तर्ध्वांतपुंजायमानम्।
तृणगृहमपि मुक्त्वा तीव्रवैराग्यभावाद्
वसतिमनुपमां तामस्मदीयां स्मरन्ति।।२४०।।

**[શ્લોકાર્થ :–] ત્રિલોકરૂપી મકાનમાં રહેલા (મહા) તિમિરપુંજ જેવું મુનિઓનું આ (કોઈ) નવું તીવ્ર મોહનીય છે કે (પહેલાં) તેઓ તીવ્ર વૈરાગ્યભાવથી ઘાસના ઘરને પણ છોડીને (પછી) 'અમારું તે અનુપમ ઘર!' એમ સ્મરણ કરે છે! ૨૪૦.**

## શ્લોક-૨૪૦ ઉપર પ્રવચન

૨૪૦.

अभिनविदमुच्चैर्मोहनीयं मुनिनां
त्रिभुवनभुवनान्तर्ध्वांतपुंजायमानम्।
तृणगृहमपि मुक्त्वा तीव्रवैराग्यभावाद्
वसतिमनुपमां तामस्मदीयां स्मरन्ति।।२४०।।

**શ્લોકાર્થ :-** આહાહા..! **'ત્રિલોકરૂપી મકાનમાં રહેલા (મહા) તિમિરપુંજ જેવું મુનિઓનું આ (કોઈ) નવું તીવ્ર મોહનીય છે...'** આહાહા..! મુનિ થઈને આ શું કર્યું? કહે છે. એને તો આત્માના ધ્યાનમાં આનંદમાં રહેવું જોઈએ. આહાહા..! અતીન્દ્રિય આનંદમાં રહેવું. એમાં

વિકલ્પ આવે એને પણ દુઃખરૂપ દેખે. એમાં રહેવા માગે નહિ. બહારમાં દુનિયાના આચરણમાં કોઈ શુભભાવમાં રહેવા માગે નહિ. આવે, પણ અતીન્દ્રિય આનંદમાં રહેવા માગે. મુનિ તો એને કહીએ. આત્માનો જે અતીન્દ્રિય આનંદ તેમાં લીન થાય. આહાહા..!

એ અહીં કહે છે, **'ત્રિલોકરૂપી મકાનમાં રહેલા (મહા) તિમિરપુંજ જેવું મુનિઓનું આ (કોઈ) નવું...'** અરે..! ઘર છોડી, મકાન છોડી, કુટુંબ છોડી, દુકાન છોડી. આ બધું નવું નવું ક્યાંથી આવ્યું? કહે છે. આહાહા..! આ મોહનો ઉદય નવો તીવ્રમોહ ક્યાંથી આવ્યો? આહાહા..! **'કે (પહેલાં) તેઓ તીવ્ર વૈરાગ્યભાવથી ઘાસના ઘરને પણ છોડીને...'** આહાહા..! એટલે સાધારણ ઘર હતું એને પણ છોડી દઈ **''અમારું તે અનુપમ ઘર'...'** છે. અમે રહીએ તે અમારું મકાન છે. આ અમારું છે. અરે..! આ તીવ્ર મોહ ક્યાં નવો જાગ્યો? કહે છે. આહાહા..!

આ વસ્તુસ્થિતિનું વર્ણન છે, ભાઈ! કોઈ વ્યક્તિને માટે કંઈ નથી. કાળ બહુ હલકો થઈ ગયો. એટલે ઊંચી વસ્તુ, મુનિપણું, ભાવલિંગ એ રહ્યું નહિ. અને દ્રવ્યલિંગમાં મુનિપણું મનાવીને, દ્રવ્યલિંગમાં પણ એના માટે ચોકા-આહાર-પાણી કરીને મનાવવું (છે). આખો કાળ ફરી ગયો બહુ. મુનિરાજ વર્ણન કરે છે તે મધ્યસ્થથી કરે છે. આહાહા..! અરે..! ઘર છોડીને વળી આ શું બીજા ઘરની માંડી? છોકરા-બાયડી છોડીને વળી બીજા નવા છોકરા ને... આહાહા..! શાસ્ત્રમાં તો ત્યાં સુધી આવે છે કે શિષ્યને દીક્ષા દેવી હોય એવા શિષ્યની ઉપર મોહ પણ કરે તો એ પણ સાધુ નથી. આહાહા..! આવે છે ને? જેને દીક્ષા દેવી છે, એના ઉપર રાગ કરે ને મોહ કરે એ મુનિ નથી. આહાહા..! છોકરા ઉપર રાગ કરે. આહાહા..! આ શિષ્ય ઉપર કરે. વાત તો બધી એકની એક થઈ. આહાહા..! શ્લોક છે, હોં! અરે..! આ નવો મોહ ક્યાંથી જાગ્યો? કહે છે. ઘર છોડ્યા, દુકાન છોડી, વેપાર છોડ્યા વળી આ મારું ઘર, આ અમારા મકાન, અમારા મંદિર.. આહાહા..! આ અમારા રહેવાના સ્થાન. આ નવો મોહનીય ક્યાંથી જાગ્યો? એમ કહે છે. આહાહા..!

**'અનુપમ ઘર! એમ સ્મરણ કરે છે!'** યાદ કરે, હોં! ભલે એ બહારમાં જાય. અંદર યાદ કરે કે આ ઘર અમારું ને આ ફલાણું ને આ ઢીંકણું. એ પણ પરવશ મુનિ પરાધીન છે. આહાહા..! મુનિ તો પરમેશ્વરપદ છે. આહાહા..! જેને ક્ષણે ક્ષણે સાતમું ગુણસ્થાન, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. ક્ષણમાં વિકલ્પ ઊઠે એ દુઃખ લાગે, વળી ક્ષણમાં સાતમે અંદર જાય. અતીન્દ્રિય આનંદના સ્વાદમાં મશગુલ થઈ જાય. આહાહા..! બહાર નીકળવું ગોઠે નહિ છતાં પુરુષાર્થની નબળાઈને લઈને બહાર વિકલ્પમાં આવે પણ દુઃખ લાગે છે. આહાહા..! આવું મુનિપણું હોય છે. જૈનદર્શનનું મુનિપણું આવું હોય છે. એકલું નગ્નપણું (ધારણ કર્યું), વસ્ત્ર છોડી દીધા ને બહારમાં વહોરવાની ક્રિયા કરે માટે સાધુ છે એમ છે નહિ, કહે છે. આહાહા..! આકરી વાત છે. શ્વેતાંબર અને સ્થાનકવાસીને તો અહીં ગણ્યા

જ નથી. એને તો સાધુના વ્યવહારમાં પણ (નથી રાખ્યા). કારણ કે એ તો મિથ્યાદૃષ્ટિ થઈને જુદા પડ્યા. ભગવાન પછી બે હજાર વર્ષે. અત્યારથી બે હજાર વર્ષે. ભગવાન પછી પાંચસો વર્ષે. આહાહા..! અહીં તો દિગંબરમાં રહેલા મુનિઓ ઘર છોડીને વળી આ શિષ્યની, મકાનની, પૈસાની મમતા માંડે.. આહાહા..! આ તે નવીન જાતનો મોહ ક્યાંથી ઊગ્યો? એમ કહે છે. **'આ (કોઈ) નવું તીવ્ર મોહનીય...'** આહાહા..! પહેલા નહોતું અને નવું ક્યાંથી આવ્યું આ? ઘર છોડતી વખતે તો વૈરાગ્ય હતો. એમાં આ વળી પાછું ક્યાં આવ્યું? એ ૨૪૦ થયો.

## શ્લોક–૨૪૧

(शार्दूलविक्रीडित)

कोपि क्वापि मुनिर्बभूव सुकृति काले कलावप्यलं
मिथ्यात्वादिकलंकपंकरहितः सद्धर्मरक्षामणिः।
सोऽयं संप्रति भूतले दिवि पुनर्देवैश्च संपूज्यते
मुक्तानेकपरिग्रहव्यतिकरः पापाटवीपावकः।।२४१।।

**[શ્લોકાર્થ :–] કળિકાળમાં પણ ક્યાંક કોઈક ભાગ્યશાળી જીવ મિથ્યાત્વાદિરૂપ મળકાદવથી રહિત અને *સદ્ધર્મરક્ષામણિ એવો સમર્થ મુનિ થાય છે. જેણે અનેક પરિગ્રહોના વિસ્તારને છોડ્યો છે અને જે પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ છે તે આ મુનિ આ કાળે ભૂતળમાં તેમ જ દેવલોકમાં દેવોથી પણ સારી રીતે પૂજાય છે. ૨૪૧.**

## શ્લોક–૨૪૧ ઉપર પ્રવચન

૨૪૧.

कोपि क्वापि मुनिर्बभूव सुकृति काले कलावप्यलं
मिथ्यात्वादिकलंकपंकरहितः सद्धर्मरक्षामणिः।
सोऽयं संप्रति भूतले दिवि पुनर्देवैश्च संपूज्यते
मुक्तानेकपरिग्रहव्यतिकरः पापाटवीपावकः।।२४१।।

* સદ્ધર્મરક્ષામણિ = સદ્ધર્મની રક્ષા કરનારો મણિ. (રક્ષામણિ = આપત્તિઓથી અથવા પિશાચ વગેરેથી પોતાની જાતને બચાવવા માટે પહેરવામાં આવતો મણિ).

**શ્લોકાર્થ :-** આહાહા..! '**કળિકાળમાં પણ...**' આવા પંચમ કળિકાળમાં પણ '**ક્યાંક કોઈક ભાગ્યશાળી જીવ મિથ્યાત્વાદિરૂપ મળકાદવથી રહિત...**' થઈ. આહાહા..! મિથ્યાત્વની ભ્રમણા. મિથ્યાત્વ અસંખ્ય પ્રકારના (છે). એના અસંખ્ય પ્રકારના મિથ્યાત્વથી છૂટી... આહાહા..! '**અને સદ્ધર્મરક્ષામણિ એવો સમર્થ મુનિ થાય છે.**' કળિકાળમાં પણ હોય છે. આહાહા..! 'પદ્મનંદી પંચવિંશતિ'માં તો એમ કહ્યું છે, બે-ત્રણ હોય છે. આ કાળે બે-ત્રણ ધર્મી જીવ હોય. એવું લખ્યું છે. 'પદ્મનંદિ પંચવિંશતિ' બે-ત્રણ એટલે ઓછા. સંખ્યા ભલે (લખી). 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ખુલાસો કર્યો છે. બે-ત્રણ એટલે થોડા. એમ. 'જ્ઞાનાર્ણવ'માં પણ એમ કહ્યું છે. એનો અર્થ થોડા. આહાહા..!

અહીં '**કળિકાળમાં પણ...**' આવો કાળ વર્તે છે છતાં '**ક્યાંક કોઈક ભાગ્યશાળી જીવ...**' આહાહા..! '**મિથ્યાત્વાદિ...**' અવ્રતાદિ, પ્રમાદાદિ છોડી. '**મિથ્યાત્વાદિ...**' છે ને બધું? મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ આદિ. અરે..! પાંચમાંથી પાંચેયનો અંશ છૂટે છે. મિથ્યાત્વ સર્વથા છૂટે. અવ્રતનો અંશ, પ્રમાદનો અંશ, કષાયનો અંશ અને જોગનો અંશ, એ અંશ પણ ચોથે છૂટી જાય છે. આહાહા..! '**મિથ્યાત્વાદિરૂપ મળકાદવથી રહિત...**' એવા પણ મુનિ હોય છે. આ કાળમાં પણ એવા મુનિ હોય છે. આહાહા..!

મુમુક્ષુ :– ક્યાંક અને કો'ક.

ઉત્તર :– ક્યાંક કો'ક છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે કે અત્યારે હંસલા કહ્યા છે પણ હંસ ન દેખાય એટલે કાંઈ કાગડાને હંસ કહેવાય? કૌઆને હંસ મનાય? એમાં લખ્યું છે. અત્યારે છે પણ દેખાતા નથી. હંસલા દેખાય નહિ તેથી કાંઈ કાગડાને હંસ મનાય? આહાહા..! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. 'ટોડરમલ'.

અહીં કહે છે, મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય આદિરૂપ મહાકાદવ. મોટો કાદવ. આહાહા..! એનાથી રહિત '**અને સદ્ધર્મરક્ષામણિ...**' નીચે અર્થ. '**સદ્ધર્મની રક્ષા કરનારો મણિ. (રક્ષામણિ = આપત્તિઓથી અથવા પિશાચ વગેરેથી પોતાની જાતને બચાવવા માટે પહેરવામાં આવતો મણિ).**' આ સદ્ધર્મમણિ. પોતાના ધર્મનું રક્ષણ કરનારો મણિ. આહાહા..! અહીં તો સ્વ આશ્રય... સ્વ આશ્રય એક વાત. એ વાત કરતા ઝીણી પડે પણ વાત બીજી છે નહિ. પરનો આશ્રય, ત્રણલોકના નાથનો આશ્રય લેવા જઈશ તોપણ રાગ થશે. ધર્મ નહિ (થાય). અને એ ધર્મ નહિ પણ એ રાગ એટલે પછી.. એ આકરું પડે છે કે તમે એને રાગને અધર્મ કહો છો? એમ કહે છે. પણ એ તો ધર્મ નહિ તે અધર્મ છે. બીજું શું? આહાહા..! શુભભાવ આવશે પછી. એ શુભભાવ પણ રાગ છે. રાગ તે અધર્મ છે. આહાહા..! ધર્મ નથી. ધર્મથી વિરુદ્ધ તે અધર્મ છે. આહાહા..! આકરું પડે.

સંપ્રદાયમાં (સંવત) ૧૯૮૫ની સાલમાં કહ્યું હતું. ૧૯૮૫. ૧૫ ને ૩૬ = ૫૧ વર્ષ પહેલા. હજારો માણસો હતા. 'બોટાદ'માં તો મોટી સભા ભરાઈ ગઈ હતી. ત્રણસો ઘર

ને માણસ ભરાય બહુ. માણસ સમાય નહિ. તે દિ' કહ્યું હતું કે, ભાઈ! જુઓ! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નથી. ધર્મ નથી એટલે બીજી ભાષાએ કહીએ તો અધર્મ છે. આહાહા..! સંપ્રદાયમાં કહ્યું હતું.

મુમુક્ષુ :– ત્યારે કોઈએ વિરોધ ન કર્યો?

ઉત્તર :– કોઈ સામું જોતા નહિ. એક સાધુ હતો અમારો ગુરુ ભાઈ. એ અંદર જરી વોસરે.. વોસરે... કરે. હળવે હળવે વોસરે.. વોસરે... વોસરે (બોલ્યા). આવી શ્રદ્ધા નહિ. બે વાર કરી. ૧૯૮૫ના પોષ મહિનાની વાત છે. પંચમહાવ્રતના પરિણામ એ આસ્રવ અને દુઃખ છે.

મુમુક્ષુ :– આસ્રવ તે સંવર નહિ. આસ્રવમાં દુઃખ છે.

ઉત્તર :– દુઃખ છે. અને તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય એ આસ્રવ અને દુઃખ છે. બધા સમજતા હતા. ત્યારે તો બહુ માન હતું ને. સંપ્રદાયમાં બહુ માન હતું. એ ગમે તે કહેતા હશે એમની વાત તો સાચી જ છે. એનો કોઈ વિરોધ કરે નહિ. એક ગુરુભાઈ બેઠા હતા સાંભળતા હતા આ. એ જરી (બોલ્યા) વોસરે... વોસરે.. આવી શ્રદ્ધા (નહિ). કોણ સાંભળે? મેં કીધું, સાંભળ્યું કોઈએ? ન બોલ્યા હોત તો શું વાંધો હતો? કોઈએ સાંભળ્યું નથી તમે શું કહ્યું ઇ. એમ કે આવી શ્રદ્ધા ન જોઈએ, આવી શ્રદ્ધા ન જોઈએ. જે શુભભાવ પંચમહાવ્રત પણ દુઃખરૂપ, એ શ્રદ્ધા ન જોઈએ. આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ રાગ. ધર્મથી બંધાય? ત્યારે અધર્મથી બંધાય છે. આહાહા..! સંપ્રદાયમાં ચોખ્ખી વાત કરી હતી. ૧૯૮૫ની સાલમાં. ૫૧ વર્ષ પહેલા. કાંઈ ખળભળાટ થયો નહોતો. એ એક બોલ્યો પણ એને કોઈ સાંભળે નહિ. પછી બધા ઉઠી ગયા પછી મેં એને કહ્યું પણ તમને નહોતું બેસતું તો બોલવું હતું શું કરવા? કોણે માન્યું? કીધું, તમે શું બોલ્યા એ કોઈને-સભાને ખબર છે?

વાત એ પંચમહાવ્રતના પરિણામ દુઃખ? અને તીર્થંકરગોત્ર બાંધે એ ભાવ દુઃખ? પણ રાગ છે ને. રાગ છે તે દુઃખ છે કે સુખ છે? આહાહા..! મંદરાગ આવશે હમણા કહેશે. ૧૪૪માં. આહાહા..! ધર્મ નથી. મંદરાગ પણ એ ધર્મ નથી એટલે અધર્મ છે. સીધી ભાષાએ કીધું કઠણ કહીએ તો અધર્મ છે. આમ કહીએ તો એ શુભરાગ છે. આહાહા..! ખળભળાટ... ખળભળાટ થઈ ગયો. આહાહા..! વિકલ્પ છે ને? શુભરાગ એ વિકલ્પ છે. વિકલ્પ છે તે કષાય છે. કષાય છે તે કસ નામ સંસારનો લાભ છે. એમાં સંસાર ભવનો લાભ છે. એમાં આત્માનો લાભ નથી. આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવથી પણ આત્માને લાભ નથી. કારણ કે એ ભાવથી પ્રકૃતિ બંધાશે. (જ્યારે) એ ભાવનો નાશ કરશે ત્યારે એ પ્રકૃતિનો ઉદય આવશે. શું કીધું?

જે ભાવે તીર્થંકરગોત્ર બાંધ્યું હતું તે ભાવનો નાશ થાય ત્યારે ઓલી પ્રકૃતિનો ઉદય આવશે. પ્રકૃતિ જડ બંધાશે. શુભભાવ છે એટલે તીર્થંકરગોત્રની જડ પ્રકૃતિ બંધાશે. સમકિતી

છે ને. પણ એ પ્રકૃતિનો ઉદય ક્યારે આવશે? કે એ જે શુભરાગ કર્યો હતો એનો નાશ કરીને વીતરાગ થઈશ ત્યારે એનો તેરમે ગુણસ્થાને ઉદય આવશે. એમાં તને લાભ શું થયો? શુભરાગે લાભ શું થયો? સમજાણું કાંઈ આમાં? તીર્થંકરગોત્ર પ્રકૃતિનો ઉદય તેરમે જ આવે. ચોથે-પાંચમે તીર્થંકરગોત્રની પ્રકૃતિનો ઉદય ન હોય. આહાહા..! તીર્થંકરગોત્રનું બંધન ચોથે-પાંચમે-છઠ્ઠે ગુણસ્થાને હોય. પણ એનો ઉદય ન હોય. એ પ્રકૃતિ બંધાય છે એ ઝેરના ઝાડમાં છે. 'સમયસાર'માં ૧૪૮ પ્રકૃતિને ઝેરના ઝાડ કહ્યા છે. ૧૪૮ પ્રકૃતિને ઝેરના-વિષના ઝાડ કહ્યાં. એ પ્રકૃતિ ઝેરનું ઝાડ છે. પ્રકૃતિ સંયોગ આપશે. એ પણ કેવળ થયા પછી સમવસરણ આપશે. એમાં આત્માને શું થયું? આહાહા..! સમજાણું પંડિતજી? આહાહા..! માર્ગ તો આ છે, ભાઈ! અહીં તો હજી... આહાહા..!

**'કળિકાળમાં પણ ક્યાંક કોઈક...'** ક્યાંક અને કોઈક. આહાહા..! **'ભાગ્યશાળી જીવ મિથ્યાત્વાદિ...'** અવ્રત, પ્રમાદ, કષાય આદિ **'મળકાદવથી રહિત અને સદ્ધર્મરક્ષામણિ એવો સમર્થ મુનિ થાય છે.'** પોતાના આત્માના આનંદના ધ્યાનને, આનંદના સ્વભાવને રક્ષા કરનારો એવો એ સદ્ધર્મરક્ષામણિ થાય છે. પોતાનો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય શાંતિ, એને રાખવા માટે મણિરત્ન સમાન એ મુનિ છે. આહાહા..! અમથી આ બાંધે છે ને મણિ? પિશાચને એ નીચે લખ્યું છે ને? **'આપત્તિઓથી અથવા પિશાચ વગેરેથી પોતાની જાતને બચાવવા માટે પહેરવામાં...'** આવે છે. આ તો સદ્ધર્મ આત્મા છે કે પોતાની રક્ષા પોતે કરે છે. આહાહા..! શુદ્ધઉપયોગ. શુભ અને અશુભરહિત શુદ્ધોપયોગ પોતાની રક્ષા કરે છે. એ સદ્ધર્મમણિરત્ન છે. આહાહા..!

આવી આવી ઊંચી વાતું, લોકોને પછી સાંભળી ન હોય એટલે એમ લાગે. એય..! એકાંત છે. બાપુ! વસ્તુ તો એકાંત જ છે. નિશ્ચયનય કહેવાય છે જે નય એ સમ્યક્ એકાંત છે. આહાહા..! બીજી ચીજ છે. વ્યવહારનય નથી? વ્યવહારનયનો વિષય નથી? એનું ફળ નથી? બધું છે. વ્યવહારનય છે, વ્યવહારનયનો વિષય છે. નય તો વિષયી છે. તો એનો વિષય છે (પણ) આદરવા જેવો નથી. આહાહા..! આવી વાતું હવે. બે નયનો ઉપદેશ (છે), વીતરાગનો બે નયનો ઉપદેશ છે. બે નયનો ઉપદેશ છે. આમાં પણ આવે છે ને? પહેલા શરૂઆતમાં. 'પંચાસ્તિકાય'માં આવે છે અને આમાં પણ આવે છે.

જુઓ! **'બે નયોના આશ્રયે સર્વસ્વ કહેવાની જેની પદ્ધતિ છે...'** એ બીજો બોલ (–શ્લોક) છે. પાનું બીજું છે. બીજું પાનું, એની પાંચમી લીટી. **'બે નયોના આશ્રયે...'** છે? **'બે નયોના આશ્રયે સર્વસ્વ...'** સર્વસ્વ, બધે ઠેકાણે કહેવાની પદ્ધતિ છે. વસ્તુ છે ને! એ આદરણીય નથી. વ્યવહારનય નથી? વ્યવહારનો વિષય નથી? રાગ નથી! આહાહા..! છે માટે આદરણીય છે એમ નહિ. એ જ્ઞાન કરવા માટે છે. આહાહા..! બે નયનો ઉપદેશ છે એમ કહ્યું છે અહીં. એક નયનો જ ઉપદેશ છે એમ નથી. આદરવા જેવો (નથી). કારણ

કે બે જ્યારે પડ્યા ત્યારે એક આદરવા યોગ્ય અને એક આદરવા યોગ્ય નહિ. નહિતર બે પડે કેમ? બેય જો આદરવા લાયક સરખા હોય તો બે પડે શું કામ? આહાહા..! સમજાય છે કાંઈ? ન્યાયથી સમજે તો ભાઈ સમજાય, બાપુ! આ તો એવી વાત છે. આ કાંઈ કોઈ પરાણે હઠથી મનાવી દેવું અને માનવું એવી કોઈ આ ચીજ નથી. આ તો અંતરની ચીજ છે. આહાહા..!

વ્યવહારનયનો વિષય છે. તીર્થંકરપણું બંધાય એ વ્યવહારનયનો વિષય છે. આહાહા..! આદરવા જેવો નથી. એ પ્રશ્ન મોટો થયેલો. 'બોટાદ'માં 'મૂળચંદજી' સાધુ હતા. ત્યાં એક ગૃહસ્થ હતા. 'ગોપાણી'. છે ને ત્યાં? 'અમદાવાદ'માં મંદિર. એની પાસે દુકાન છે. ભૂરો-ભૂરો ભૂરો ગોપાણી. એ એક પ્રશ્ન એની પાસે લાવ્યા હતા કે આ જે તીર્થંકરગોત્ર બંધાય છે અને આ બધો શુભભાવ થાય છે તો એ પણ આદરણીય છે કે નહિ? કીધું, ના. એ તો સંપ્રદાયમાં 'ગઢડા'માં ચોમાસું હતું ત્યારે. 'ગઢડા'માં. ૧૯૮૧ની વાત છે. ૧૯૮૧ની સાલ. 'ગઢડા' ચોમાસુ હતું ને એટલે આમ જાતા હતા. એમાં વચ્ચે 'બોટાદ' નહોતા ગયા. ત્યાં 'મૂળચંદજી' હતા એક. પછી એક ગામ છે, ગામનું નામ શું? ભૂલી ગયા. ત્યાં ઉતર્યા હતા. ત્યાં એણે એવો એક પ્રશ્ન કર્યો હતો. કે .. 'ઉત્તરાધ્યયન' ૨૯માં બોલમાં આવે છે. ૨૯મો અધ્યાયમાં. વૈયાવૃત્ત .. કેમ જણાવ્યું? વૈયાવૃત તીર્થંકરગોત્ર બાંધે. આહાર, વૈયાવૃતથી તીર્થંકરગોત્ર બંધાય એ આદરણીય નહિ? કીધું, ના. તે દિ' ૧૯૮૧ની વાત છે. એ લાવ્યા હતા સાધુ તરફથી વાત. 'ગોપાણી'. અત્યારે ખાડિયામાં.. આ ખાડિયા છે ને 'અમદાવાદ'? ખાડિયાના મંદિર પાસે એની દુકાન છે. આહાહા..!

અહીં કહે છે, **'સદ્ધર્મરક્ષામણિ એવો સમર્થ મુનિ થાય છે.'** પંચમઆરામાં મુનિ નથી એમ નહિ. પણ મુનિ છે. હંસ છે, માટે હંસ ન દેખાય તો કાંઈ કાગડાને હંસ મનાય? એમ મુનિ છે પણ મુનિના લક્ષણ ન દેખાય તો કાંઈ મુનિ મનાય? સમજાય છે? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. આહાહા..! અત્યારે મુનિ દેખાતા નથી. મુનિ કહ્યા છે. હંસ દેખાતા નથી તે કાંઈ કાગડાને હંસ મનાય? એમ લખ્યું છે. અરે..! પ્રભુ! આકરું કામ બહુ. સરળતા થઈને કષાયને મંદ કરીને માન મૂકી દેવું જોઈએ. આહાહા..! ગમે તેવી સત્ય વાત આવે નાની, પણ ભૂલ હોય તો એને છોડી દેવી જોઈએ. બાપુ! માનમાં ક્યાં સુધી રહીશ? માનમાં મરી જઈશ. આહાહા..!

અહીં કહે છે કે સમર્થ મુનિ છે. **'જેણે અનેક પરિગ્રહોના વિસ્તારને છોડ્યો છે...'** આહાહા..! વસ્ત્રનો કટકો પણ મુનિ તો રાખે નહિ. આહાહા..! શિષ્યને મારો શિષ્ય છે એ તરીકે પણ માને નહિ. પરચીજ છે એને પોતાની ક્યાં માને? આહાહા..! આવી વાત છે. **'પરિગ્રહોના વિસ્તારને...'** અનેક પરિગ્રહનો વિસ્તાર. આહાહા..! મકાન, આબરૂ, કીર્તિ, શિષ્ય-શિષ્યણી એને માનનારા, લાખો માણસ માનનારા હોય માટે હું મોટો છું. એ બધું

છોડી દે, ભાઈ! આહાહા..! એ માન કામ નહિ આવે. આત્માનો આશ્રય, નિર્માનતા એ કામ આવશે. આહાહા..! આવી વાત છે.

**'અને જે પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ છે...'** મુનિ. પાપ એટલે પુણ્ય ને પાપ બેય. **'પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ છે...'** આહાહા..! એને રાખનારો તો નથી, રચનારો નથી. આહાહા..! રચાય છે ખરો. પણ રચું, રાખું એમ નથી. એને તો નાશ કરનારો અગ્નિ સમાન છે. આહાહા..! શુભ અને અશુભભાવ એને બાળી નાખવાને અગ્નિ સમાન છે. એનાથી લાભ માનનારો મુનિ નથી. લાભ માનનારો મુનિ હોય તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! શુભ કે અશુભભાવ બેય. આહાહા..! **'તે આ મુનિ આ કાળે ભૂતળમાં...'** વર્તમાનમાં પણ **'તેમ જ દેવલોકમાં દેવોથી પણ સારી રીતે પૂજાય છે.'** આહાહા..! એવું મુનિપણું જે હોય એ તો આ લોકમાં પણ પૂજાય અને દેવલોકમાં દેવ પણ પૂજે. આહાહા..! ૨૪૧ કહ્યો.

## શ્લોક–૨૪૨

(शिखरिणी)

तपस्या लोकेस्मिन्निखिलसुधियां प्राणदयिता
नमस्या सा योग्या शतमखशतस्यापि सततम्।
परिप्राप्यैतां यः स्मरतिमिरसंसारजनितं
सुखं रेमे कश्चिद्बत कलिहतोऽसौ जडमतिः।।२४२।।

**[શ્લોકાર્થ :–] આ લોકમાં તપશ્ચર્યા સમસ્ત સુબુદ્ધિઓને પ્રાણપ્યારી છે; તે યોગ્ય તપશ્ચર્યા સો ઇન્દ્રોને પણ સતત વંદનીય છે. તેને પામીને જે કોઈ જીવ કામાન્ધકારયુક્ત સંસારથી જનિત સુખમાં રમે છે, તે જડમતિ અરેરે! કળિથી હણાયેલો છે (–કળિકાળથી ઇજા પામેલો છે). ૨૪૨.**

## શ્લોક–૨૪૨ ઉપર પ્રવચન

૨૪૨.

तपस्या लोकेस्मिन्निखिलसुधियां प्राणदयिता
नमस्या सा योग्या शतमखशतस्यापि सततम्।
परिप्राप्यैतां यः स्मरतिमिरसंसारजनितं
सुखं रेमे कश्चिद्बत कलिहतोऽसौ जडमतिः।।२४२।।

**શ્લોકાર્થ :- 'આ લોકમાં તપશ્ચર્યા સમસ્ત સુબુદ્ધિઓને પ્રાણપ્યારી છે;...'** તપસ્યા એટલે આનંદસ્વરૂપ. આહાહા..! તપ્યન્તે ઇતિ તપઃ. આનંદનો સાગર તપથી તપીને સોનામાં જેમ ગેરુ લાગે અને શોભે. સોનામાં જેમ ગેરુ લાગે અને ઓપે અને શોભે. એમ આત્મા અંદર આનંદથી શોભી ઊઠે. અતીન્દ્રિય આનંદથી ઝળહળી ઊઠે. એને તપસ્યા કહીએ. આહાહા..! છે? **'આ લોકમાં તપશ્ચર્યા સમસ્ત સુબુદ્ધિઓને પ્રાણપ્યારી છે;...'** પણ આ તપસ્યા. આ અપવાસ આ કર્યા ને આ કર્યા ને સમ્યગ્દર્શન વિના.. આહાહા..! આકરું કામ બહુ. સમ્યગ્દર્શન વિના શાસ્ત્ર ભણ્યો, અગિયાર અંગ ભણ્યો, એના માન લીધા એ કોઈ વસ્તુ નથી. આહાહા..!

**'આ લોકમાં...'** તપશ્ચર્યા શબ્દે મુનિપણું. મુનિ શબ્દે ભાવલિંગી. ભાવમુનિપણું. ભગવાનનો દીક્ષા મહોત્સવ કહેવાય છે ને? દીક્ષા મહોત્સવ એટલે તપનો. તપ મહોત્સવ કહો કે દીક્ષા મહોત્સવ કહો. દીક્ષાને તપ કહેવાય, ચારિત્રને તપ કહેવાય. ચારિત્ર અંદરમાં રમણતાની ઉગ્રતા તેને તપ કહેવાય. આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો હોય. તે ઉપરાંત ચારિત્રમાં પુરુષાર્થની ઉગ્રતા તેને તપસ્યા કહેવાય છે. શબ્દે શબ્દે ફેર. આહાહા..! પાછા આમાં માની લે. તપસ્યામાં લીન આ અપવાસ-બપવાસ કરે ત્યાં લીન થઈ જાય. એની વાત અહીં નથી. અહીં તો તપ્યન્તે ઇતિ તપઃ. અતીન્દ્રિય આનંદનો નાથ અંતરની પર્યાયમાં જાગતી જ્યોત જાગે અને આનંદની લહેરમાં ઊઠે અને એનાથી શોભે એને તપસ્યા કહેવામાં આવે છે. આહાહા..! કહો, આવી તપસ્યા કોઈ દિ' સાંભળી હતી?

મુમુક્ષુ :– સંભળાવનાર ક્યાં છે?

ઉત્તર :– ત્યાં પણ ભાષણ કરતા હતા. ભાષણ આપતા હતા. માણસ સાંભળતા હતા. ઊંધી શ્રદ્ધાનું અંદર આવતું. આહાહા..! સ્થાનકવાસીમાં પત્ર નીકળે છે ને? પહેલા તો ભાઈ તરફથી નીકળતું. 'વાડિલાલ મોતીલાલ', 'અમદાવાદ'. એ હું દુકાન ઉપર મગાવતો. (સંવત) ૧૯૬૫ની સાલ. ૧૯૬૫ની સાલથી 'વાડિલાલ મોતીલાલ'નું જૈન સમાચારનું પત્ર હતું. નીકળતા એ. શું કીધું?

મુમુક્ષુ :– હવે જૈન .. નામ છે.

ઉત્તર :– એ નહિ. પણ તે દિ' જૈન સમાચાર. ખબર છે. ઘરે આવતું. આહાહા..! અને ભેટ તરીકે 'કબીર'નું પુસ્તક આવ્યું હતું. 'કબીર'નું બનાવેલું. આ મૂર્તિ માને નહિ ને. ઓલો 'કબીર' મૂર્તિને ન માને. પત્થર પૂજે, હરિ પૂજે, મોટા પૂજે પહાડ. 'કબીર' એમ કહે. 'પત્થર પૂજે હરિ મીલે તો મોટા મૈં પૂજું પહાડ.' એવું આવતું. એ ચોપડી આવતી ભેટમાં. તે દિ'ની વાત છે.

મૂર્તિ છે, મૂર્તિ પૂજા છે, અનાદિની છે. શાશ્વત સાતમા દ્વિપમાં, નંદીશ્વર દ્વિપમાં મૂર્તિ શાશ્વત છે, બાવન જિનાલય છે, એક એકમાં એકસો આઠ પ્રતિમા છે. ઇન્દ્રો એકાવતારી જઈને પૂજે છે. પણ સમજે છે કે આ શુભભાવ છે. મૂર્તિ કાઢી નાખે એ દૃષ્ટિ વિપરીત

છે. આહાહા..! તેમ મૂર્તિમાં ધર્મ માને એ મિથ્યાત્વ છે. ધર્મ નથી. પણ શુભભાવ આવે ત્યારે મૂર્તિ આદિની પૂજા હોય છે. હોય છે. ભાવ શુભભાવ આવે છે. આહાહા..! પણ તેને ધર્મના કારણ તરીકે સ્વીકારે નહિ. ધર્મ તરીકે તો નહિ પણ ધર્મના કારણ તરીકે પણ નહિ. આહાહા..! છતાં મૂર્તિ અને પૂજા નથી એમ પણ નહિ. આહાહા..! અનાદિથી શાશ્વત પ્રતિમાઓ છે. ઇન્દ્રો એકાવતારી પૂજે છે. આહાહા..! જિનાલય છે. સપ્તમ નંદીશ્વર દ્વિપમાં આઠ આઠ દિ' કારતક સુદ આઠમથી પૂનમ સુધી ઇન્દ્રો ત્યાં જાય છે. મનુષ્ય તો જઈ શકે નહિ. અઢી દ્વિપ બહાર મનુષ્ય જઈ શકે નહિ. દેવો પૂજા કરે અને મોટી ભક્તિ કરે છે. ધામધુમ ચાલે. સમજે. ઘુઘરા પહેરીને નાચે, સમજે કે આ ક્રિયા જડની છે. અંદર મારો ભાવ છે એટલો શુભભાવ રાગ છે, પણ એ બંધનનું કારણ છે. હું એનાથી ભિન્ન છું. આહાહા..! એ અહીં કહે છે. આહાહા..!

**'આ લોકમાં તપશ્ચર્યા સમસ્ત સુબુદ્ધિઓને...'** એ તપશ્ચર્યા એટલે આ. **'તે યોગ્ય તપશ્ચર્યા સો ઈન્દ્રોને પણ સતત વંદનીય છે.'** એવી તપસ્યા તો ઇન્દ્રને પણ વંદનીય છે. **'તેને પામીને જે કોઈ જીવ કામાન્ધકારયુક્ત સંસારથી જનિત સુખમાં રમે છે,...'** એવી દશા પામીને વળી વિષયમાં કામાન્ધકાર થઈને રમે છે **'તે જડમતિ અરેરે! કળિથી હણાયેલો (–કળિકાળથી ઇજા પામેલો છે).'** આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૧૬૫, શ્લોક-૨૪૨ થી ૨૪૪, ગાથા-૧૪૪, બુધવાર, જ્યેષ્ઠ સુદ ૧૩, તા.૨૫-૦૬-૮૦**

---

૨૪૨-કળશ.

तपस्या लोकेस्मिन्निखिलसुधियां प्राणदयिता
नमस्या सा योग्या शतमखशतस्यापि सततम्।
परिप्राप्यैतां यः स्मरतिमिरसंसारजनितं
सुखं रेमे कश्चिद्बत कलिहतोऽसौ जडमतिः।।२४२।।

**શ્લોકાર્થ :- 'આ લોકમાં તપશ્ચર્યા...'** તપશ્ચર્યા એટલે શું? દીક્ષા. અને દીક્ષા એટલે ચારિત્ર. સમ્યગ્દર્શન સહિત સ્વરૂપમાં લીનતા, સ્વરૂપમાં ચરવું એનું નામ તપસ્યા છે. **'આ લોકમાં તપશ્ચર્યા સમસ્ત સુબુદ્ધિઓને પ્રાણપ્યારી છે;...'** આહાહા..! સુબુદ્ધિઓને–સમ્યગ્જ્ઞાનીને અંતરના સ્વભાવની લીનતા, રમણતા, સુબુદ્ધિ સમ્યગ્જ્ઞાનીને પ્યારી છે. પણ આ તપશ્ચર્યા. **'તે યોગ્ય તપશ્ચર્યા સો ઈન્દ્રોને પણ...'** તે યોગ્ય તપશ્ચર્યા સો ઇન્દ્રોને, સો ઇન્દ્રોને પણ **'સતત વંદનીય છે.'** ઇન્દ્રોને પણ એ તપશ્ચર્યા વંદનીય છે. આહાહા..!

**'તેને પામીને જે કોઈ જીવ કામાન્ધકારયુક્ત સંસારથી જનિત સુખમાં રમે છે,...'**

આહાહા..! ઇચ્છા કરીને પરપદાર્થમાં પ્રેમ કરીને જે રહે છે. પોતાનો આનંદ અને જ્ઞાનાનંદને છોડી, જે સો ઇન્દ્રોને પણ પૂજનીક છે અને સુબુદ્ધિને પણ પ્યારી છે, એવી અંતર આનંદની ધારા, એવી તપસ્યા પામીને પણ જે જીવ કામાન્ધકારયુક્ત–કામમાં આંધળા થઈને સંસારથી જનિત... આહાહા..! સંસારમાં રાગથી જનિત સુખમાં રમે છે એ રાગથી જનિત રાગમાં રમે છે. આહાહા..!

**'તે જડમતિ...'** રાગ છે એ ખરેખર જડ છે. શુભરાગ હો કે અશુભરાગ હો પણ એ છે જડ. ચૈતન્યનો સંગ્રહાલય સ્વભાવ જે ભગવાનઆત્માનો, એનાથી રાગ તે જડ વિપરીત છે. છતાં કહે છે અજ્ઞાની, **'તે જડમતિ અરેરે! કળિથી હણાયેલો...'** કળિકાળને કારણે હણાય ગયેલો, **'(કળિકાળથી ઇજા પામેલો છે).'** એ રાગથી સુખમાં રમે છે. આહાહા..! પોતાનો સ્વ આનંદ અંદર છે, અતીન્દ્રિય આનંદની ખાણ છે એમાં રમતો નથી અને એને છોડીને રાગમાં રમે છે તે જડમતિ છે. અરેરે! કળિકાળે હણાવી નાખ્યો છે, કળિકાળે એને હણી નાખ્યો, કહે છે. આહાહા..! હવે આવી વાતું.

આ તપશ્ચર્યા પાછા આ અપવાસ ને એ નહિ, હોં! એ તો કહેશે ૧૪૪માં. એ બધી ક્રિયાઓ તો શુભરાગ છે. અપવાસ ને ઉણોદરી ને રસપરિત્યાગ ને... અરે..! બાર પ્રકારનું તપ, બધો શુભરાગ છે. આહાહા..! એ કાંઈ ચારિત્ર નથી, એ તપસ્યા નથી. અહીં કહે છે, એવી જે અંતરની આનંદની દશારૂપ તપસ્યા જે સુબુદ્ધિને–જ્ઞાનીઓને વહાલી છે અને સો ઇન્દ્રથી પૂજનિક છે, એને છોડીને રાગની રમતમાં સુખ માને છે... આહાહા..! વિકલ્પમાં સુખ માને છે એ જડમતિ કળિકાળથી હણાયેલો છે. આહાહા..! ૨૪૨ (શ્લોક પૂરો થયો).

## શ્લોક–૨૪૩

(आर्या)

**अन्यवशः संसारी मुनिवेषधरोपि दुःखमाङ्नित्यम्।**
**स्ववशो जीवन्मुक्तः किंचिन्न्यूनो जिनेश्वरादेषः।।२४३।।**

**[શ્લોકાર્થ :–] જે જીવ અન્યવશ છે તે ભલે મુનિવેશધારી હોય તોપણ સંસારી છે, નિત્ય દુઃખનો ભોગવનાર છે; જે જીવ સ્વવશ છે તે જીવન્મુક્ત છે, જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન છે (અર્થાત્ તેનામાં જિનેશ્વરદેવ કરતાં જરાક જ ઊણપ છે). ૨૪૩.**

## શ્લોક–૨૪૩ ઉપર પ્રવચન

૨૪૩.

**अन्यवशः संसारी मुनिवेषधरोपि दुःखमाङ्नित्यम्।**
**स्ववशो जीवन्मुक्तः किंचिन्न्यूनो जिनेश्वरादेषः।।२४३।।**

**શ્લોકાર્થ :-** આહાહા..! **'જે જીવ અન્યવશ છે...'** જે જીવ ભગવાનઆત્માને વશ નથી. અતીન્દ્રિય જ્ઞાનનો સાગર પ્રભુ, એને વશ નથી. **'તે ભલે મુનિવેશધારી હોય...'** નગ્ન મુનિ હો, અઠ્યાવીસ મૂળગુણ પાળતા હોય, પંચમહાવ્રત પાળતા હોય **'તોપણ સંસારી છે,...'** આહાહા..! કેમકે એ રાગ છે એ પોતે સંસાર છે. રાગરહિત ભગવાન મુક્તસ્વરૂપ પોતે છે. મુક્તસ્વરૂપનું અવલંબન મૂકીને બંધભાવનું અવલંબન લઈને રમે છે એ સંસારી છે. નગ્ન મુનિ હોય, દિગંબર હો તોપણ એ સંસારી પ્રાણી છે. આહાહા..!

તે **'નિત્ય દુઃખનો ભોગવનાર છે;...'** અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, એને ન સંભારતા એ માન ને આબરૂ ને કીર્તિના રાગને યાદ કરીને અતિ દુઃખનો ભોગવનાર છે. આહાહા..! પ્રતિકૂળ સંયોગો એ કોઈ દુઃખ છે નહિ. સંયોગો પ્રતિકૂળ છે એ કોઈ દુઃખ નથી. ફક્ત એના તરફનું વલણ થઈને સ્વભાવ તરફનું વલણ છોડે એ દુઃખ છે. આહાહા..! આનંદનો સાગર સચ્ચિદાનંદ પ્રભુ, એનો આશ્રય ને અવલંબન છોડી અને રાગના અવલંબનની રમતમાં રમે એ મુનિવેશધારી હોય... આહાહા..! એ નગ્નપણું હોય, પંચમહાવ્રત પાળતો હોય... આહાહા..! તોપણ સંસારી છે. આવી વાતું આકરી (લાગે). નગ્ન મુનિ, હોં! તમારા લુગડાવાળાની તો વાત જ નહિ. એ તો સાધુ નથી ને મિથ્યાદૃષ્ટિ છે. કપડાના કટકા રાખીને મુનિ માને, મનાવે એ તો ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

આ તો નગ્ન મુનિ છે, પંચમહાવ્રત પાળે છે, અઠ્યાવીસ મૂળગુણ પાળે છે પણ ચૈતન્યસ્વરૂપ ભગવાન, એને અડતો નથી, સ્પર્શતો નથી, વેદતો નથી, અનુભવતો નથી. એ રાગને વેદે છે. રાગને વેદનારો તે સંસારી છે. આહાહા..! આવી વાત છે. એકકોર ભગવાન વીતરાગ ચૈતન્યસ્વરૂપ અને એક બાજુ પુણ્યના વિકલ્પથી માંડીને આખો સંસાર. એમાં ક્યાંય પણ પ્રેમ રાખ્યો એ દુઃખને ભોગવનારો છે. આહાહા..!

**'જે જીવ સ્વવશ છે...'** ભાષા સાદી છે પણ વસ્તુ અલૌકિક છે. ભાષામાં 'જીવ સ્વવશ છે' એટલો શબ્દ છે. આહાહા..! પણ એનો અર્થ અનંતગુણનો ધણી નિર્વિકલ્પ પ્રભુ, એ નિર્વિકલ્પને વશ જે છે તે સ્વવશ છે. વિકલ્પને વશ, રાગને વશ એ પરવશ છે. આહાહા..! **'જે જીવ સ્વવશ છે તે જીવન્મુક્ત છે,...'** લ્યો! અહીં તો જીવન્મુક્ત કહ્યું. ચોથે ગુણસ્થાનથી જીવન્મુક્ત એક ન્યાયે કહ્યું. આહાહા..! શરીરના પરમાણુ... આહાહા..! બાળીને રાખ થશે

આ તો. આ તો રાખ થવાની છે. આ કાંઈ આત્મા નથી. એને સ્વવશને છોડીને રાગને વશ પડી, શરીરાદિને વશ પડી જે રાગને વેદે છે એ મુનિવેશધારી હોય તોપણ તે સંસારી છે અને જે સ્વવશ છે... બહુ ટૂંકી ભાષા! જે કોઈ અતીન્દ્રિય આનંદ, એવો જે સ્વભાવ, તેની સન્મુખ થઈને વશ થયો છે, રાગથી ભિન્ન પડી ગયો છે તે જીવન્મુક્ત છે. આહાહા..!

**'જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન છે...'** વીતરાગથી કાંઈક જરીક ઓછો છે. આહાહા..! આગળ તો એ કહેશે કે બેય સરખા છે. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ વીતરાગતાને પ્રાપ્ત છે. પણ અહીંયાં આત્માને વશ છે એ પણ જીવન્મુક્ત જિનેશ્વરથી જરીક ન્યૂન છે. જિનેશ્વર વીતરાગ પરમાત્મા અરિહંતદેવ ત્રિલોકનાથ પરમેશ્વર દેવાધિદેવ... આહાહા..! એનાથી સ્વવશ મુનિ થોડો ઓછો છે–થોડો ન્યૂન છે. આહાહા..! છદ્મસ્થ છે ને હજી રાગ થોડો છે ને અલ્પજ્ઞ છે. આહાહા..!

**'(અર્થાત્ તેનામાં જિનેશ્વરદેવ કરતાં જરાક જ ઊણપ છે).'** આહાહા..! આ મુનિપણું, આ સાધુ, આ દિગંબર સાધુ. આહાહા..! સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વરદેવ એનાથી જરી ન્યૂન છે એને અહીં મુનિ કહેવામાં આવે છે. આહાહા..! અહીં તો લૂગડુ જરી ફેરવીને... રાંડી રાંડ બાય હોય ને લુગડું ફેરવે તો સાધ્વી થઈ ગઈ. સાધ્વી. પછી સૌ જય નારાયણ કરે. આહાહા..!

મુમુક્ષુ :– પછી કહે ધર્મ લાભ.

ઉત્તર :– ધર્મ ક્યાં હતો? અધર્મ લાભ છે. આહાહા..!

સ્વવશ છે એ સુખી છે. અને પરવશ રાગને વશ છે, ચાહે તો મુનિવેશધારીને પડ્યો હોય પણ કોઈપણ જગતની ચીજમાં રાગ થઈને રાગમાં રમતો છે... આહાહા..! એ દુઃખી છે, એ સંસારી છે. આહાહા..! છે ને? આહાહા..! ૨૪૩ (શ્લોક પૂરો થયો).

## શ્લોક–૨૪૪

(आर्या)

**अत एव भाति नित्यं स्ववशो जिननाथमार्गमुनिवर्गे।**
**अन्यवशो भात्येवं भृत्यप्रकरेषु राजवल्लभवत्।।२४४।।**

**[શ્લોકાર્થ :–] આમ હોવાથી જ જિનનાથના માર્ગને વિષે મુનિવર્ગમાં સ્વવશ મુનિ સદા શોભે છે; અને અન્યવશ મુનિ નોકરના સમૂહોમાં *રાજવલ્લભ નોકર સમાન શોભે છે (અર્થાત્ જેમ આવડત વિનાનો, ખુશામતિયો નોકર શોભતો નથી તેમ અન્યવશ મુનિ શોભતો નથી). ૨૪૪.**

* રાજવલ્લભ = (ખુશામતથી) રાજાનો માનીતો થયેલો.

## શ્લોક–૨૪૪ ઉપર પ્રવચન

૨૪૪.

**अत एव भाति नित्यं स्ववशो जिननाथमार्गमुनिवर्गे।**
**अन्यवशो भात्येवं भृत्यप्रकरेषु राजवल्लभवत्।।२४४।।**

**શ્લોકાર્થ :-** આહાહા..! **'આમ હોવાથી જ જિનનાથના માર્ગને વિષે...'** જિનેશ્વરદેવ વીતરાગ પરમાત્માના માર્ગને વિષે **'મુનિવર્ગમાં સ્વવશ મુનિ સદા શોભે છે;...'** મુનિના સમુદાયમાં આત્માને વશ છે તે શોભે છે. આહાહા..! જેણે વીતરાગી સ્વરૂપ પ્રગટ કર્યું છે અને એને વશ પડ્યો છે એ મુનિવર્ગમાં શોભે છે. આહાહા..! **'અને અન્યવશ મુનિ...'** સ્વરૂપને ભૂલી રાગના વશે પડેલો... આહાહા..! એ **'મુનિ નોકરના સમૂહોમાં રાજવલ્લભ નોકર સમાન...'** ખુશામતીયા હોય છે ને? ખુશામતીયા. ખુશામત બધાની (કરે). બીજાને અનુકૂળ દેખાવા માટે આમ બધી ખુશામત કરે. આહાહા..! ખુશામતીયા. રાજવલ્લભ જે ખુશામતીયા નોકર સમાન શોભે છે.

**'(અર્થાત્ જેમ આવડત વિનાનો, ખુશામતિયો નોકર શોભતો નથી તેમ અન્યવશ મુનિ શોભતો નથી).'** આહાહા..! કોઈ ગૃહસ્થ હોય, રાજા હોય, શેઠ હોય એને માખણ ચોપડે એને અનુકૂળતા (વર્તે), જાણે.. ઓહો..! કહે છે કે એ બધા નોકર જે રાજવલ્લભ–ખુશામતિયા હોય એવા એ છે. આહાહા..! શાસ્ત્રમાં તો એવું ચાલ્યું છે, મુનિ જો રાજાનો સંગ કરે તો પરાધીન થઈ જાય છે. કાં દબાય. મોટો પુણ્યશાળી હોય અને દબાય જાય. ધૂળમાં પૂણ્યશાળી હોય એમાં શું છે? આહાહા..! આત્માને વશ વિનાના પ્રાણી ભલે પુણ્યથી ગમે તે મોટા ચક્રવર્તી હો એ બધા બહિર્આત્મા દુઃખી છે. આહાહા..! અને ગરીબ હોય, પૈસો મળે નહિ, નિર્ધન હોય, એક ટંકનું ખાવાનું પણ મળતું ન હોય... આહાહા..! એવો જીવ પણ સ્વવશ ચૈતન્યને વશ જે હોય... આહાહા..! તે સુખી છે. વ્યાખ્યા જ આખી જુદી.

અંતરના આનંદમાં રહેનારો તે સુખી છે. આહાહા..! અને રાગના કોઈપણ કાર્યમાં રમનારો અને પ્રેમથી તેને પોતાનો માનીને રમનાર એ ખુશામતીયા નોકરની જેવો છે. બીજાને માખણ ચોપડે અનુકૂળ કરવા માટે. આહાહા..! એવા માણસો હોય છે ને? હા, ભાઈસા'બ... હા, ભાઈસા'બ... હા, ભાઈસા'બ... કર્યા કરે. અનુકૂળ બોલ્યા જ કરે. સામે ભલે ગપ્પ મારતો હોય. એવા પરને અનુકૂળ ખુશામતિયા જેવા નોકર એવા મુનિ વેશધારી છે, કહે છે. આહાહા..!

## ગાથા-૧૪૪

जो चरदि संजदो खलु सुहभावे सो हवेइ अण्णवसो।
तम्हा तस्स दु कम्मं आवासयलक्खणं ण हवे।।१४४।।

यश्चरति संयतः खलु शुभभावे स भवेदन्यवशः।
तस्मात्तस्य तु कर्मावश्यकलक्षणं न भवेत्।।१४४।।

अत्राप्यन्यवशस्याशुद्धान्तरात्मजीवस्य लक्षणमभिहितम्।

यः खलु जिनेन्द्रवदनारविन्दविनिर्गतपरमाचारशास्त्रक्रमेण सदा संयतः सन् शुभोपयोगे चरति, व्यावहारिकधर्मध्यानपरिणतः अत एव चरणकरणप्रधानः, स्वाध्यायकालमवलोकयन् स्वाध्यायक्रियां करोति, दैनं दैनं भुक्त्वा भुक्त्वा चतुर्विधाहारप्रत्याख्यानं च करोति, तिसृषु संध्यासु भगवदर्हत्परमेश्वरस्तुतिशतसहस्रमुखमुखारविन्दो भवति, त्रिकालेषु च नियमपरायणः इत्यहोरात्रेऽप्येकादशक्रियातत्परः, पाक्षिकमासिकचातुर्मासिकसांवत्सरिकप्रतिक्रमणाकर्णन-समुपजनितपरितोषरोमांचकंचुकितधर्मशरीरः, अनशनावमौदर्यरसपरित्यागवृत्तिपरिसंख्यान-विविक्तशयनासनकायक्लेशाभिधानेषु षट्सु बाह्यतपस्सु च संततोत्साहपरायणः, स्वाध्यायध्यानशुभाचरणप्रच्युतप्रत्यवस्थापनात्मकप्रायश्चित्तविनयवैयावृत्यव्युत्सर्गनामधेयेषु चाभ्यन्तरतपोनुष्ठानेषु च कुशलबुद्धिः, किन्तु स निरपेक्षतपोधनः साक्षान्मोक्षकारणं स्वात्माश्रयावश्यककर्म निश्चयतः परमात्मतत्त्वविश्रान्तिरूपं निश्चयधर्मध्यानं शुक्लध्यानं च न जानीते, अतः परद्रव्यगतत्वादन्यवश इत्युक्तः। अस्य हि तपश्चरणनिरतचित्तस्यान्यवशस्य नाकलोकादिक्लेशपरंपरया शुभोपयोगफलात्मभिः प्रशस्तरागांगारैः पच्यमानः सन्नासन्नभव्यतागुणोदये सति परमगुरुप्रसादासादितपरमतत्त्वश्रद्धानपरिज्ञानानुष्ठानात्मक-शुद्धनिश्चयरत्नत्रयपरिणत्या निर्वाणमुपयातीति।

---

સંયત રહી શુભમાં ચરે, તે શ્રમણ છે વશ અન્યને;
તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૪.

અન્વયાર્થ :– [ यः ] જે (જીવ) [ संयतः ] સંયત રહેતો થકો [ खलु ] ખરેખર [ शुभभावे ] શુભભાવમાં [ चरति ] ચરે–પ્રવર્તે છે, [ सः ] તે [ अन्यवशः भवेत् ] અન્યવશ છે; [ तस्मात् ] તેથી [ तस्य तु ] તેને [ आवश्यकलक्षणं कर्म ] આવશ્યકસ્વરૂપ કર્મ [ न भवेतु ] નથી.

ટીકા :– અહીં પણ (આ ગાથામાં પણ), અન્યવશ એવા અશુદ્ધ-અંતરાત્મજીવનું લક્ષણ

કહ્યું છે.

જે (શ્રમણ) ખરેખર જિનેંદ્રના વદનારવિંદમાંથી નીકળેલા પરમ-આચારશાસ્ત્રના ક્રમથી (રીતથી) સદા સંયત રહેતો થકો શુભોપયોગમાં ચરે–પ્રવર્તે છે; વ્યાવહારિક ધર્મધ્યાનમાં પરિણત રહે છે તેથી જ *ચરણકરણપ્રધાન છે; સ્વાધ્યાયકાળને અવલોકતો થકો (–સ્વાધ્યાયયોગ્ય કાળનું ધ્યાન રાખીને) સ્વાધ્યાય ક્રિયા કરે છે, પ્રતિદિન ભોજન કરીને ચતુર્વિધ આહારનું પ્રત્યાખ્યાન કરે છે, ત્રણ સંધ્યાઓ વખતે (–સવારે, બપોરે ને સાંજે) ભગવાન અર્હત્ પરમેશ્વરની લાખો સ્તુતિ મુખકમળથી બોલે છે, ત્રણે કાળે નિયમપરાયણ રહે છે (અર્થાત્ ત્રણે વખતના નિયમોમાં તત્પર રહે છે),—એ રીતે અહર્નિશ (દિવસ-રાત થઈને) અગિયાર ક્રિયામાં તત્પર રહે છે; પાક્ષિક, માસિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ સાંભળવાથી ઊપજેલા સંતોષથી જેનું ધર્મશરીર રોમાંચથી છવાઈ જાય છે; અનશન, અવમૌદર્ય, રસપરિત્યાગ, વૃત્તિપરિસંખ્યાન, વિવિક્ત શય્યાસન અને કાયક્લેશ નામનાં છ બાહ્ય તપમાં જે સતત ઉત્સાહપરાયણ રહે છે; સ્વાધ્યાય, ધ્યાન, શુભ આચરણથી ચ્યુત થતાં ફરી તેમાં સ્થાપનસ્વરૂપ પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય અને વ્યુત્સર્ગ નામનાં અભ્યંતર તપના અનુષ્ઠાનમાં (આચરણમાં) જે કુશળબુદ્ધિવાળો છે; પરંતુ તે નિરપેક્ષ તપોધન સાક્ષાત્ મોક્ષના કારણભૂત સ્વાત્માશ્રિત આવશ્યક કર્મને–નિશ્ચયથી પરમાત્મતત્ત્વમાં વિશ્રાંતિરૂપ નિશ્ચયધર્મધ્યાનને તથા શુક્લધ્યાનને–જાણતો નથી; તેથી પરદ્રવ્યમાં પરિણત હોવાથી તેને અન્યવશ કહેવામાં આવ્યો છે. જેનું ચિત્ત તપશ્ચરણમાં લીન છે એવો આ અન્યવશ શ્રમણ દેવલોકાદિના ક્લેશની પરંપરા પામવાથી શુભોપયોગના ફળસ્વરૂપ પ્રશસ્ત રાગરૂપી અંગારાઓથી શેકાતો થકો, આસન્નભવ્યતારૂપી ગુણનો ઉદય થતાં પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત પરમતત્ત્વનાં શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનસ્વરૂપ શુદ્ધ-નિશ્ચય-રત્નત્રયપરિણતિ વડે નિર્વાણને પામે છે (અર્થાત્ ક્યારેક શુદ્ધ-નિશ્ચય-રત્નત્રયપરિણતિને પ્રાપ્ત કરે તો જ અને ત્યારે જ નિર્વાણને પામે છે).

## ગાથા–૧૪૪ ઉપર પ્રવચન

૧૪૪-ગાથા. હવે શુભભાવનું આવ્યું. ઓલું અશુભભાવનું હતું.

**जो चरदि संजदो खलु सुहभावे सो हवेइ अण्णवसो।**
**तम्हा तस्स दु कम्मं आवासयलक्खणं ण हवे।।१४४।।**
**સંયત રહી શુભમાં ચરે, તે શ્રમણ છે વશ અન્યને;**
(આહાહા..! સાધુ થઈ, નગ્ન થઈ, દિગંબર થઈ) આહાહા..!
**તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૪.**

* ચરણકરણપ્રધાન = શુભ આચરણના પરિણામ જેને મુખ્ય છે એવો.

આહાહા..! **'ટીકા :– અહીં પણ (આ ગાથામાં પણ), અન્યવશ એવા અશુદ્ધ-અંતરાત્મજીવનું લક્ષણ કહ્યું છે.'** શુભભાવ પરાધીન છે. શુભભાવવાળો પોતાને શુભભાવવાળો માને તો મિથ્યાદૃષ્ટિ છે. પણ શુભભાવમાં રોકાય તોપણ તે અશુદ્ધ આત્મા છે. આહાહા..! **'અન્યવશ એવા અશુદ્ધ-અંતરાત્મજીવનું લક્ષણ કહ્યું છે.' 'જે (શ્રમણ) ખરેખર જિનેન્દ્રના વદનારવિંદમાંથી...'** ભગવાનનું વદન એટલે મુખ, અરવિંદ એટલે કમળ. ભગવાનના મુખરૂપી કમળ, એમાંથી **'નીકળેલા પરમ-આચારશાસ્ત્રના ક્રમથી (રીતથી)...'** આહાહા..! વ્યવહાર. **'સદા સંયત રહેતો થકો શુભોપયોગમાં ચરે–પ્રવર્તે છે;...'** જેટલી ભગવાનની કહેલી વ્યવહારની ક્રિયાકાંડ, ચરણાનુયોગમાં (કહેલી) તે ક્રિયામાં જે રમે છે... આહાહા..!

**'વ્યાવહારિક ધર્મધ્યાનમાં પરિણત રહે છે...'** જોયું! ધર્મધ્યાનના બે પ્રકાર છે. નિશ્ચય ધર્મધ્યાન અને વ્યવહાર ધર્મધ્યાન. શુભભાવ એ વ્યવહાર ધર્મધ્યાન કહેવામાં આવે છે. છે અધર્મ. શુભભાવ એ ધર્મ નથી, અઘ છે–પાપ છે. આહાહા..! **'વ્યાવહારિક ધર્મધ્યાનમાં પરિણત રહે છે તેથી જ ચરણકરણપ્રધાન છે;...'** એને તો **'શુભ આચરણના પરિણામ જેને મુખ્ય છે...'** દયા, સત્ય, વ્યવહાર, આચરણ, પડિક્કમણ... આહાહા..! શાસ્ત્રો વેચવા ને શાસ્ત્રો આપવા...

મુમુક્ષુ :– આવા મુનિ તો આ કાળમાં ક્યાંય મળતા નથી.

ઉત્તર :– તેથી મુનિ–સાચા મુનિ તો દેખાતા નથી. વ્યવહારવાળા દેખાય છે. આહાહા..! શું થાય? 'શ્રુતસાગર' તો એમ કહે છે કે અત્યારે શુભભાવ જ હોય. અહીં કહે છે કે શુભભાવને વશ થયેલો મિથ્યાદૃષ્ટિ હોય. આહાહા..! કોને કહેવું? કોને ત્રુટક? આહાહા..! 'જ્ઞાનમતિ' આર્જિકા કહે છે કે આપણે અભવિ છીએ કે કાળલબ્ધિ પાકી છે એ ભગવાન જાણે. આપણને કાંઈ ખબર પડે નહિ. અર..ર..! હજી અભવિ છીએ કે નહિ એની ખબર ન પડે. એ ધર્મની વાતું કરે. આહાહા..! આંધળું ખાતું ચાલે છે.

**'વ્યાવહારિક ધર્મધ્યાનમાં પરિણત રહે છે તેથી જ ચરણકરણપ્રધાન છે;...'** એને તે ક્રિયાકાંડ જ મુખ્ય છે. **'સ્વાધ્યાયકાળને અવલોકતો થકો...'** સ્વાધ્યાયનો કાળ, શાસ્ત્ર ક્યારે વાંચવા એને અવલોકે. એ બધો તો વ્યવહાર છે, એ તો બધો વિકલ્પ ને રાગ છે. આહાહા..! સ્વાધ્યાય યોગ્ય કાળનું ધ્યાન રાખે. સ્વાધ્યાય ક્રિયા કરે. બરાબર સવારમાં સ્વાધ્યાય કરે, રાત્રે કરે. આહાહા..! એ સ્વાધ્યાય શાસ્ત્રની કરે તો એ રાગ છે. આહાહા..! આકરું કામ ભારે.

**'પ્રતિદિન ભોજન કરીને ચતુર્વિધ આહારનું પ્રત્યાખ્યાન કરે છે,...'** દરરોજ એકવાર ભોજન કરી અને પછી આહાર-પાણીનો ત્યાગ કરે છતાં એ તો શુભભાવ છે. એ કોઈ ધર્મધ્યાન નથી. આહાહા..! આકરું કામ છે, ભાઈ! **'પ્રતિદિન ભોજન કરીને ચતુર્વિધ આહારનું પ્રત્યાખ્યાન કરે છે,..'** ચારેય આહાર ન કરવો એમ પચ્ચખાણ કરે. છતાં એ શુભભાવ

છે. **'ત્રણ સંધ્યાઓ વખતે (–સવારે, બપોરે ને સાંજે) ભગવાન અર્હત્ પરમેશ્વરની લાખો સ્તુતિ...'** આહાહા..! ભગવાનની લાખો સ્તુતિ કરે એ શુભરાગ છે. તીર્થંકરદેવ પ્રતિમાની કે સાક્ષાત્ ભગવાનની સ્તુતિ કરે પણ એ પરદ્રવ્ય છે, એની સ્તુતિ છે એ શુભરાગ છે. આહાહા..! બહુ લાખો સ્તુતિ કરે એમ કહે છે. ઓહોહો..! એક દિવસમાં તો લાખો થાય નહિ. ભલે લાખો સ્તુતિ કરતો હોય. આહાહા..!

**'સ્તુતિ મુખકમળથી બોલે છે,...'** મુખમાંથી બોલે છે. ભગવાન આવા અરિહંત, તીર્થંકરદેવ કેવળી ત્રણકાળના જાણનારા દેવાધિદેવ એ બધી પરદ્રવ્યની વ્યાખ્યા છે, એ કાંઈ ત્યાં આત્મા નથી. આહાહા..! એ વીતરાગનું સ્મરણ એ પણ શુભરાગ છે, એ ધર્મધ્યાન નથી. આહાહા..! સંપ્રદાયમાં આ વાત કઠણ પડે કે નહિ? એક જ ઇ ચાલે છે. આ કરો ને આ કરો ને આ કરો ને આ કરો. આહા..!

**'ત્રણે કાળે નિયમપરાયણ રહે છે...'** આહાહા..! **'(અર્થાત્ ત્રણે વખતના નિયમોમાં તત્પર રહે છે),...'** સવારમાં, બપોરમાં અને સાંજમાં જે નિયમ હોય છે તે નિયમમાં બરાબર હોય છે. છતાં એ નિયમસાર નથી. આહાહા..! **'એ રીતે અહર્નિશ (દિવસ-રાત થઈને) અગિયાર ક્રિયામાં તત્પર રહે છે;...'** આહાહા..! શાસ્ત્ર સ્વાધ્યાય કરે, શાસ્ત્ર લખે, શાસ્ત્ર બોલે... આહાહા..! એ બધી અગિયાર ક્રિયાઓ રાગની છે. આહાહા..!

મુમુક્ષુ :– સાધુની ક્રિયા કઈ?

ઉત્તર :– અંતર ધ્યાનમાં, આનંદમાં રહેવું એ ક્રિયા છે.

મુમુક્ષુ :– આમાં અગિયાર ક્રિયા કીધી ને.

ઉત્તર :– કીધીને આ બીજી, આ બધી માથે કીધી નહિ? આ શું કીધું? સ્વાધ્યાય ક્રિયા કરે, પ્રતિદિન ભોજન કરે, એ ચાર પ્રકારનો આહાર ત્યાગ કરે, ત્રણ સંધ્યા ભક્તિ (કરે) એ થઈને અગિયાર છે. માથે કીધી એમ થઈને અગિયાર છે. નવી નથી.

**'ભગવાન અર્હત્ પરમેશ્વરની લાખો સ્તુતિ મુખકમલથી બોલે છે, ત્રણે કાળે નિયમપરાયણ રહે છે (અર્થાત્ ત્રણે વખતના નિયમોમાં...)'** સવારમાં બરાબર પ્રતિક્રમણ કરે, સાંજનું પ્રતિક્રમણ કરે, બરાબર ધ્યાન રાખે. આહાહા..! **'એ રીતે અહર્નિશ (દિવસ-રાત થઈને) અગિયાર ક્રિયામાં તત્પર રહે છે;...'** માથે કીધી એ બધી. **'પાક્ષિક, માસિક,..'** આહાહા..! પાક્ષિકનું પ્રતિક્રમણ કરે, પંદર દિ'નું પ્રતિક્રમણ કરે, મહિનાનું પ્રતિક્રમણ કરે, ચાર મહિનાનું પ્રતિક્રમણ કરે અને સંવત્સરી–વર્ષનું પ્રતિક્રમણ કરે. આહાહા..!

એ **'પ્રતિક્રમણ સાંભળવાથી ઊપજેલા સંતોષથી...'** એક પ્રતિક્રમણે તો એને સંતોષ થઈ જાય કે... આહાહા..! આપણે તો ઘણું કર્યું. પડિક્કમણા કર્યા, આ કર્યા, આ કર્યા, સંવત્સરીનો દિવસ. આહાહા..! સામાયિક કરી, ભગવાનની સ્તુતિ કરી, વંદન કર્યું, કાયોત્સર્ગ કર્યા. આહાહા..! બધી ક્રિયા રાગની છે. એમાં આત્મા ક્યાંય આવ્યો નહિ. આહાહા..! આ

શુભભાવની ગાથા છે. શુભભાવની ક્રિયા થાય એ પરવશ છે. એ સ્વાધીન નથી, એ સ્વવશ નથી. આહાહા..!

પોતાનો આત્મા જે ચૈતન્યસ્વરૂપ, જેમાં રાગ અને વિકલ્પનો અભાવ છે એના આશ્રય વિના ગમે તેટલી ક્રિયાકાંડમાં જોડાય. સવારથી સાંજ સુધી ક્રિયાકાંડ (કરે)... આહાહા..! માસિક આદિ કરે અને એ કરતાં **'જેનું ધર્મશરીર રોમાંચથી છવાઈ જાય છે;...'** શું કહે છે? સંવત્સરીનું, માસિકનું પ્રતિક્રમણ એવું કરે કે ક્રિયામાં અંદર રોમ-રોમ ખુશી-ખુશી થઈ જાય કે, આહાહા..! આપણે તો ખૂબ ધર્મધ્યાન કર્યાં. છે બધો રાગ, ધર્મ નથી. આહાહા..! આવી ક્રિયાને ધર્મ મનાવે, માને એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! કેટલી ક્રિયા લીધી? ઘણી લીધી છે. **'જેનું ધર્મશરીર...'** શું કહે છે? એ ક્રિયા કરવામાં જેને અંદર રોમ રોમ સંતોષાઈ જાય છે. આપણે ઘણું કરીએ. આખો દિ' એમાં જ પડ્યા છીએ. ધર્મધ્યાનમાં જ પડ્યા છીએ. અમારે દુકાન ને ધંધો છોડી દીધો છે. આહાહા..! છતાં એ રાગ છે, એ ધર્મ નથી. આહાહા..!

**'અનશન,...'** કરે. આમાં બધી વાત નાખી છે. અનશન, છ-છ મહિનાના અપવાસ કરે, **'અવમૌદર્ય,...'** પેટ પૂરું ન ભરે એ પણ શુભભાવ છે, ધર્મ નથી. **'રસપરિત્યાગ,...'** આ દૂધ ખપે નહિ, દહીં ખપે નહિ, કેરીનો રસ ખપે નહિ, એવા જે રસનો પરિત્યાગ એ પણ શુભભાવ છે, ધર્મધ્યાન નથી. પર વસ્તુ તરફના ત્યાગનું લક્ષ (રહેવું) એ બધો શુભરાગ છે. આહાહા..! **'રસપરિત્યાગ, વૃત્તિપરિસંખ્યાન,...'** વૃત્તિને સંકોચે કે આ ઘરે જ મારે જાવું, બીજે ન જાવું. એ પણ શુભભાવ છે એ કાંઈ ધર્મધ્યાન નથી. આહાહા..! **'વિવિક્ત શય્યાસન...'** એકલું જુદું આસન રાખે, એકલો (રહે), કોઈની સાથે મેળ નહિ. એકાંત રહે. એ પણ શુભભાવ છે. એકાંત તો આ આત્મામાં અંદર રહે ત્યારે એકાંત કહેવાય. આહાહા..!

છે ને? **'કાયક્લેશ...'** અપવાસ કરીને શરીર જીર્ણ કરી નાખે. ત્રણ-ત્રણ, ચાર-ચાર, પાંચ-પાંચ, આઠ-આઠ અપવાસ કરી શરીર જીર્ણ કરે. શરીર જીર્ણ શું? મરી જાય, દેહ છોડી દે. કેટલાક અપવાસ એટલા હોય છે નાની છોડીયું બોડીયું કરે અને કુંબજા પડ્યા રહે ન્યાં મરી જાય. આ ઘણું સાંભળ્યું છે. આહાહા..! પણ એ કાંઈ ધર્મ નથી. આહાહા..! એ **'કાયક્લેશ નામનાં છ બાહ્ય તપમાં જે સતત ઉત્સાહપરાયણ રહે છે;...'** એમાં નિરંતર ઉત્સાહ અને તત્પર રહે છે. આહાહા..! **'સ્વાધ્યાય,...'** કરે શાસ્ત્રની એ પણ શુભભાવ છે. આહાહા..! આકરું કામ બહુ. જેટલી ક્રિયાઓ છે એ બધી શુભરાગ છે. શાસ્ત્રનો સ્વાધ્યાય કરે. અમારે સંપ્રદાયમાં રાતના કલાક, દોઢ કલાક, બે કલાક સ્વાધ્યાય કરતા. રાત્રે ચર્ચા કરતા નહિ. હજાર-પંદરસો ગાથા ફેરવે. હજાર-પંદરસો દરરોજ. મોઢે કરેલા, છ હજાર શ્લોક મોઢે હતા. કંઠસ્થ છ હજાર શ્લોક! અમે રાત્રે ભેગા થઈને સ્વાધ્યાય કરીએ.

મુમુક્ષુ :– આમ ફેરવે...?

ઉત્તર :– ફેરવે એટલે એને એમ થાય આહાહા..! આપણે તો ઘણું આજ કર્યું છે.

પહેલે પહોરે સ્વાધ્યાય આવે છે ને શ્વેતાંબરમાં? પઢમ પહોરે સજ્જાય... રાત્રિના પહેલે પહોરે સજ્જાય, બીજે પહોરે ધ્યાન, ત્રીજે પહોરે જરી નિંદ્રા, ચોથે પહોરે વળી સજ્જાય. એવી ગાથા આવે છે. 'ઉત્તરાધ્યયન'ની ર૬મી ગાથા. ર૬માં અધ્યયનમાં. એનું પણ ક્યાં ઠેકાણું છે? આહાહા..! આ તો એ પ્રકારે બરાબર કરે, કહે છે.

એવું '**જે સતત ઉત્સાહપરાયણ રહે...**' નિરંતર ઉત્સાહપરાયણ એ ક્રિયામાં રહે. આહાહા..! શાસ્ત્રની સ્વાધ્યાય કરે. આહાહા..! એક કોર કહે કે આગમનો અભ્યાસ કરવો. એ કહેવું એ તો આત્માનું લક્ષ રાખીને કરવું. આ તો આત્માના લક્ષ વિના એકલી શાસ્ત્રની સ્વાધ્યાય એ તો શુભભાવ, પરાધીન પરવશ છે. ધર્મ નહિ. આહાહા..! એના–સ્વાધ્યાયના પણ ક્યાં ઠેકાણા છે? આ તો સ્વાધ્યાયમાં નિરંતર તત્પર બરાબર સ્વાધ્યાય કરે. સવાર, સાંજ, રાત્રે. આહાહા..! શાસ્ત્રવાંચન રાખે ખૂબ. એથી શું થયું? એ તો શુભભાવ છે. એ કોઈ ધર્મ નથી. જે કરવાનું છે એ કહે છે ધર્મ નથી. પણ એ તો બહારની ક્રિયાની વાત છે આ તો. અંદર આત્મા ક્યાં આવ્યો? અતીન્દ્રિય આનંદનો નાથ અંદર ભર્યો છે. એનો વલ્લભ કરીને એમાં એકાગ્ર ક્યાં થયો છે? આ તો રાગનો વલ્લભી થયો. આહાહા..!

'**સ્વાધ્યાય,...**'માં તત્પર રહે. છે? '**ધ્યાન,...**' કરે. ઠીક! એ શુભભાવ. આત્માનું ધ્યાન નહિ. અંદર વિકલ્પ ઓછો કરીને ધ્યાન કરે. અત્યારે સ્થાનકવાસીમાં ઘણા ધ્યાનની શિબિર કાઢે છે. હતો કે દિ' તમારે ધર્મ? શિબિર-બિબિર કાઢે ને થાય. ધ્યાન કરે. કલાક, અડધો કલાક ધ્યાનમાં રહેવું. એ વિકલ્પમાં રહેવું. એમ. શુભવિકલ્પ રાખવો, બીજો વિકલ્પ ન થવા દેવો. '**ધ્યાન,...**' આ તો ધ્યાનને પણ શુભનું કારણ કહ્યું છે. આહાહા..! પરલક્ષી છે ને? સ્વલક્ષી ધ્યાન આનંદનું ધ્યાન હોય. અતીન્દ્રિય આનંદમાં લીન રહે એ સ્વાધ્યાય છે. સ્વ-અધ્યાય. સ્વ પોતાનું ભણતર, પોતાનું જ્ઞાન. અતીન્દ્રિય આનંદમાં અંદરમાં રમે તેને નિશ્ચયસ્વાધ્યાય કહે છે. આહાહા..! બારેય પ્રકારનું તપ નાખ્યું. એમ નહિ કે વળી ધ્યાનને જુદું રાખ્યું. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પણ નાખ્યું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પણ સ્વાધ્યાય, ધ્યાન એ બધું શુભ. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પણ નાખ્યું છે. પોતે આમ વિકલ્પ ઘટાડીને ધ્યાનમાં બેસે. શુભ વિકલ્પમાં. એ જાણે કે ધ્યાન કર્યું. બહારનું ધ્યાન છોડી અને શુભભાવમાં અંદર રહે એટલે જાણે અમે ધ્યાન (કર્યું). પણ એ શુભભાવ પણ બંધનનું કારણ, સંસાર છે.

'**શુભ આચરણથી ચ્યુત થતાં...**' આહાહા..! વળી કોઈ શુભ આચરણથી કાંઈ ભ્રષ્ટ થતાં '**ફરી તેમાં સ્થાપનસ્વરૂપ પ્રાયશ્ચિત્ત,...**' કરે. આહાહા..! છતાં એ પ્રાયશ્ચિત પણ શુભભાવ છે. આહાહા..! ભારે વાતું આકરી. આ શુભભાવની વ્યાખ્યા છે. ગાથા શુભભાવની છે ને? પહેલી અશુભભાવની ગઈ. આ શુભભાવની આટલી ક્રિયા કરે છતાં એ બધું પરાધીન છે. આહાહા..! પ્રાયશ્ચિત કરે, અરે..! '**વિનય,...**' કરે. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્ર, એનો વિનય કરે એ શુભભાવ છે. આહાહા..! છે? વિનય મૂલો ધમ્મો. વળી એક ઠેકાણે એમ કહ્યું. વિનય

મૂળ ધર્મ છે. એ તો વિનય અંતરનો. આત્માના આનંદનો વિનય, અતીન્દ્રિય આનંદનો આદર કરીને આનંદનો સ્વાદ લેવો, અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેવો એ વિનય (છે). આહાહા..!

**'વૈયાવૃત્ય,...'** લ્યો! સાધુની વૈયાવૃત્ય કરે તે શુભભાવ છે. પરદ્રવ્ય છે ને? આહાહા..! **'અને વ્યુત્સર્ગ...'** ત્યાગ કરે. કાયોત્સર્ગ. એ કાયોત્સર્ગ કરે. આમ લક્ષ... એ શુભભાવ છે, એ કાંઈ ધર્મ નથી. આહાહા..! એવા **'નામનાં અભ્યંતર તપના અનુષ્ઠાનમાં (આચરણમાં) જે કુશળબુદ્ધિવાળો છે;...'** એમાં કુશળબુદ્ધિવાળો છે, કહે છે. આહાહા..! અભ્યંતર તપમાં પણ કુશળ બુદ્ધિવાળો છે. આહાહા..! **'પરંતુ તે નિરપેક્ષ તપોધન સાક્ષાત્ મોક્ષના કારણભૂત સ્વાત્માશ્રિત આવશ્યક કર્મને-નિશ્ચયથી પરમાત્મતત્ત્વમાં..'** આહાહા..! અહીંથી વિશેષણ ઉપાડ્યું છે. એક તો ભગવાનઆત્મા અંદર નિરપેક્ષ છે. જેને કોઈ વિકલ્પની અપેક્ષા જ નથી. વિનયનો વિકલ્પ કર્યો માટે... આહાહા..! દરવાજામાં આમ કર્યું છે ને 'શ્રીમદ્'માં? નહિ? મોઢા આગળ લખ્યું છે કાંઈક. 'શ્રીમદ્'માં આવે છે. વિનય મોક્ષનો દ્વાર છે.

મુમુક્ષુ :- ક્ષમા મોક્ષનું દ્વાર છે.

ઉત્તર :- ક્ષમા. ક્ષમા. કઈ ક્ષમા? ઘણા પ્રકારે કરે છે. એ નહિ. અંતરમાં આનંદમાં રહીને જે કાંઈ વિકલ્પ ઊઠે જ નહિ એવી દશાને ક્ષમા કહે છે. આહાહા..! આ તો આખી સંપ્રદાયથી વાત જ બધી ફેરફારવાળી.

**'પરંતુ તે નિરપેક્ષ તપોધન સાક્ષાત્ મોક્ષના કારણભૂત સ્વાત્માશ્રિત...'** સ્વાત્માક્ષિત. જેમાં એકલું આત્માનું જ અવલંબન રહે. બીજા તરફનો વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્ર એના તરફનું પણ વલણ છૂટી જાય. આહાહા..! એને અહીંયાં ધ્યાન અને ધર્મધ્યાન કહે છે. **'સ્વાત્માશ્રિત આવશ્યક કર્મને—'** પોતાને આત્માને આશ્રયે જે જરૂરનું કર્મ છે, નિર્વિકલ્પ કાર્ય છે એ **'નિશ્ચયથી પરમાત્મતત્ત્વમાં...'** ખરેખર તો પરમતત્ત્વ જે ભગવાન શુદ્ધ ચૈતન્યઘન, એમાં **'વિશ્રાંતિરૂપ...'** એમાં વિશ્રાંતિ. આહાહા..! સંસારનો થાક નાશ કરવા ચૈતન્યમૂર્તિ ભગવાનને પકડીને એમાં વિશ્રાંતિ કરવી. કહો, 'શાંતિભાઈ'! આ બધું આવું સાંભળ્યું હતું ને આવું કીધું હતું.

મુમુક્ષુ :- આવું ન કરે તો સાધુ કરે શું?

ઉત્તર :- આને તો બધું ધર્મ માનતો હોય. એ ના પાડી. એ તો પરલક્ષી છે. બધી પરલક્ષી ક્રિયા છે. સ્વલક્ષી અંદરના આત્માના આનંદના લક્ષવાળી નથી. આહાહા..!

મુમુક્ષુ :- પણ અંદરની માનીને ચાલીએ તો?

ઉત્તર :- એ માન્યતાની આખી વાત જ બીજી. અત્યારે સ્થાનકવાસી, શ્વેતાંબર અરે...! દિગંબરમાં અત્યારે ત્રણેય. બધે અત્યારે એ ચાલે છે. આણે આ તપસ્યા કરી, આણે આમ કર્યું, જંગલમાં રહ્યા, એકલા રહ્યા, અહીં રહ્યા. પણ એમાં શું થયું? જંગલમાં રહ્યા ને એકલા રહ્યા ને. રાગ વિનાનો ભગવાન અંદર જંગલ છે ત્યાં તો રહેતો નથી. અનુભવરૂપી ગિરીગુફામાં

અંદરમાં રહેતો નથી. આહાહા..! આવું સાંભળતા કઠણ પડે. આખા સંપ્રદાયમાં આ વાત સાંભળવા મળે, આ કરો... ને આ કરો... ને આ કરો.. ને આ કરો... ને આ કરો. આહાહા..!

મુમુક્ષુ :– 'શાંતિભાઈ'એ કહ્યું ને હમણાં કે કરે શું પણ?

ઉત્તર :– એ કરે અંદર દૃષ્ટિ કરે. એના ઉપરથી લક્ષ છોડીને અંદર આત્માનું લક્ષ, દૃષ્ટિ કરે. પણ એ સાંભળ્યું ન હોય, કરે કે દિ'?

મુમુક્ષુ :– આત્મલક્ષપૂર્વક આવી ક્રિયા કરે તો?

ઉત્તર :– ક્રિયા કરે તો એ શુભભાવ છે. ધર્મ નથી. આહાહા..! આત્મલક્ષ તો નિર્વિકલ્પ આનંદ છે. એને લક્ષે શું બહારની ક્રિયામાં લક્ષ જાય? બહારમાં લક્ષમાં જાય એ તો બધો વિકલ્પ અને રાગ છે. આહાહા..!

મુમુક્ષુ :– આ બધું ચાલે છે એ બધું ખોટું છે?

ઉત્તર :– બધું ખોટે ખોટું ગપ્પ ચાલે છે. આહાહા..!

**'નિશ્ચયથી પરમાત્મતત્વમાં વિશ્રાંતિ...'** આહાહા..! સ્વયંજ્યોતિ સુખધામ. અતીન્દ્રિય આનંદનું ધામ ભગવાન, એમાં વિશ્રાંતિ-ઠરે. આહાહા..! એ નિશ્ચય ધર્મધ્યાન. એ નિશ્ચય ધર્મધ્યાન, સાચું ધર્મધ્યાન એ છે. બાકી આ ક્રિયાકાંડવાળો ધર્મ એ વ્યવહાર શુભભાવ છે. આહાહા..! **'નિશ્ચયધર્મધ્યાનને તથા શુક્લધ્યાનને–જાણતો નથી;...'** એ ક્રિયાકાંડમાં જ જાણે ધર્મ છે એમ માની બેસે છે. સાચો અંદર આત્માને આશ્રયે ધર્મધ્યાન થાય, શુક્લધ્યાન આત્માને આશ્રયે થાય એની તો ખબર પણ નથી. આહાહા..! છે એને જાણતો પણ નથી. એ તો આ ક્રિયા એટલે બસ.

અમારે તો 'હીરાજીમહારાજ' કહેતા બિચારા. બહુ આકરી ક્રિયા કરતા. બસ, હવે આપણે સાધુ (છીએ), બીજા સાધુ કોણ હશે? એમ કહેતા. એ ન બોલતા. બહુ ઓછું બોલે. 'મૂળચંદજી' કહેતા. નિર્દોષ આહાર લઈ આવે. એના માટે કરેલો લે નહિ. કપડું-બપડું પણ વેચાતું લે નહિ. એટલે આખો દિ' પડ્યા રહે. સ્વાધ્યાય કરે. 'હીરાજીમહારાજ' બપોરે સ્વાધ્યાય કરે. હાથમાં છીંકણી રાખે. છીંકણી સૂંઘે અને સ્વાધ્યાય કરે. એમ બેય કરે. આહાહા..! છીંકણી અડવી ન જોઈએ. છીંકણીનું ખરાબ વ્યસન છે. છીંકણી સૂંઘે અને સ્વાધ્યાય કરે તો અશાતના થાય. પણ એ કરતા. એ વખતે કાંઈ ખબર નહિ ને. આહાહા..!

આવો જે નિશ્ચયધર્મ વિશ્રાંતિરૂપ. આ તો થાકરૂપ, રાગરૂપ. આ બધી જે ક્રિયાઓ કીધી એ તો રાગરૂપ, મેલરૂપ... આહાહા..! અવિશ્રાંતિ (છે). વિશ્રાંતિ તો આત્મામાં છે. આહાહા..! ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ તેમાં વિશ્રાંતિ પામતો... આહાહા..! **'નિશ્ચયધર્મધ્યાનને તથા શુક્લધ્યાનને—'** જોયું અહીં? **'નિશ્ચયથી પરમાત્મતત્ત્વમાં વિશ્રાંતિરૂપ નિશ્ચયધર્મધ્યાન...'** ધર્મધ્યાન આ એકલી ક્રિયાકાંડ કે એ ધર્મધ્યાન નહિ. આહાહા..! વ્યવહારે બોલે, વિકલ્પને ધર્મધ્યાન. આવે. 'સમયસાર'માં આવે છે. વ્યવહાર કરે છે એ વ્યવહાર ધર્મધ્યાન છે. વ્યવહાર

ધર્મધ્યાન એટલે રાગ, નિશ્ચયધર્મધ્યાન એટલે અરાગ. આહાહા..!

વિશ્રાંતિ નિશ્ચયથી પરમાત્મતત્ત્વમયમાં... આહાહા..! પરમસ્વરૂપ આત્મા અંદર જે છે ભગવાન, એમાં ઠરે, વિશ્રામ કરે, ત્યાં બેઠક કરે, આસન ત્યાં લગાવે. ઉદાસીન–રાગ અને પરથી ઉદાસીન થઈને ત્યાં અંદર આસન લગાવે. આહાહા..! એને તો જાણતો પણ નથી. એની તો એને ખબર પણ નથી. (એ તો એમ જ માને છે કે) આ બધા કરીએ એ ધર્મધ્યાન છે. આહાહા..! અને ભાષણ કરનારા પણ એ જ પોષણ આપે બધું આ. ઓલાને એમ લાગે કે આ ભણેલા છે એ પણ એમ કહે છે કે આ સાચું હશે ને. આહાહા..! અત્યારે કહે છે ને? દિગંબરમાં કહે છે ને. શ્વેતાંબરમાં તો છે જ ક્યાં? દિગંબરમાં ઓલો 'શ્રુતસાગર', 'શાંતિસાગર'ને પરંપરાએ કેડાયત આવેલો. અત્યારે પાટ ઉપર 'ધર્મવિજય', 'ધર્મસાગર' (છે). અને આ છે ભણેલો-વાંચેલો. એ કહે છે કે અત્યારે શુભજોગ જ હોય. ધર્મ હોય નહિ, અધર્મ જ હોય. આહાહા..! આ બાહ્ય ત્યાગ દેખીને, નગ્ન દેખીને આપણા મહારાજ છે આ. એ જે કહે છે એ બરાબર કહે છે. આહાહા..!

અહીં કહે છે, **'વિશ્રાંતિરૂપ નિશ્ચયધર્મધ્યાનને તથા શુક્લધ્યાનને–જાણતો નથી; તેથી પરદ્રવ્યમાં પરિણત હોવાથી...'** એ બધી ક્રિયાઓ જે છે એ તો પરદ્રવ્યમાં પરિણત છે, રાગમાં પરિણત છે. આહાહા..! કહો, સાંજ-સવાર સ્વાધ્યાય કરે, ધ્યાન કરે, સ્વાધ્યાયમાં બરાબર રોકાય. એ બધું રાગમાં રોકાવું છે. આહાહા..! એ પરદ્રવ્યમાં પરિણત છે. **'તેને અન્યવશ કહેવામાં આવ્યો છે.'** એને તો પરને વશ થયેલો કહેવામાં આવે છે. આવી ક્રિયા કરનારને રાગમાં વશ થયેલો કહેવામાં આવે છે. આહાહા..! પરાધીન સ્વપ્નેય સુખ નાંહિ. આહાહા..! એને પરાધીન કહેવામાં આવે છે. આહાહા..! અરે..! એ વાત સાંભળી નહોતી. શું છે ઇ? અમારા 'હીરાજીમહારાજ' સંપ્રદાયના ગુરુ હતા. એક ફેરી એક પ્રશ્ન કર્યો હતો. (સંવત) ૧૯૮૦ની સાલમાં. મેં કીધું, આ અનુભવ શું? અને આ વિભાવ એ શું? તો કહે, એ વિભાવ આપણે નહિ, આપણે નહિ. વિભાવ વળી શું? અનુભવ-અનુભવ એ અન્યમતિમાં, વેદાંતમાં (હોય), આપણે નહિ. આહાહા..! એણે નહોતું કહ્યું પણ બીજાએ કહ્યું હતું. આહાહા..!

**'તેથી પરદ્રવ્યમાં પરિણત હોવાથી તેને અન્યવશ કહેવામાં આવ્યો છે.'** પરને વશ પરાધીન છે. આવી ક્રિયાકાંડ કરનારો રાગને વશ થઈ ગયેલો છે. આહાહા..! **'જેનું ચિત્ તપશ્ચરણમાં લીન છે એવો આ અન્યવશ શ્રમણ દેવલોકાદિના ક્લેશની પરંપરા...'** પામશે. આહાહા..! દેવલોક એ ક્લેશ છે ત્યાં. ત્યાં ક્યાં સુખ છે? રાગ છે. અશુભરાગમાં સુખ માને છે. આહાહા..! **'જેનું ચિત્ત તપશ્ચરણમાં લીન છે એવો આ અન્યવશ શ્રમણ દેવલોકાદિના...'** દેવ લોકાદિ. કોઈ મરીને મનુષ્ય પણ થાય.

**'ક્લેશની પરંપરા પામવાથી શુભોપયોગના ફળસ્વરૂપ પ્રશસ્ત રાગરૂપી અંગારાઓથી શેકાતો થકો,...'** આહાહા..! આવી ભાષા કરી છે. એ શુભોપયોગથી પ્રશસ્ત રાગથી, **'પ્રશસ્ત**

**રાગરૂપી અંગારાઓથી શેકાતો થકો,...**' આહાહા..! શુભરાગ એનાથી આત્મા શેકાય છે, બળે છે. આહાહા..! શાંતિ એમાં દાઝે છે. શુભરાગથી શાંતિ–ધર્મ પ્રાપ્ત થતો નથી. આહાહા..! હવે આ કહે, આટલું કરે તો ધર્મ થાય, આમ કરે તો ધર્મ થાય. વ્યવહાર આવો પહેલો કરે તો ધર્મ થાય એ વાત તદ્દન ખોટી છે. આહાહા..! '**અંગારાઓથી શેકાતો થકો,...**' આહાહા..! શુભભાવથી તો આ ફળ છે. પણ '**આસન્નભવ્યતારૂપી ગુણનો ઉદય થતાં...**' એ જ્યારે વળી સ્વવશમાં આવે, પર ઉપરનું લક્ષ છોડી દે ત્યારે ધર્મને પામે. એ વિશેષ વાત છે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૬૬, શ્લોક-૨૪૫, ગાથા-૧૪૪-૧૪૫, ગુરુવાર, જ્યેષ્ઠ સુદ ૧૩, તા.૨૬-૦૬-૮૦

૧૪૪ છે. છેલ્લી ચાર લીટી. ૧૪૪. કહે છે કે ક્રિયાકાંડ કરી, ગમે તેટલી કરે છતાં એનાથી કાંઈ મુક્તિ અને ધર્મ નથી. પણ '**આસન્નભવ્યરૂપી ગુણનો ઉદય થતાં...**' અંતરમાં. સંસારની નજીક આવી, અલ્પકાળ જ્યાં મોક્ષ રહે છે. આહાહા..! એવો આસન્ન નજીક ભવ્યતારૂપી ગુણનો ઉદય થતાં '**પરમગુરુના પ્રસાદથી...**' આહાહા..! એમ લીધું. પરમગુરુનો પ્રસાદ એટલે એની પાસે સાંભળવું. એના પ્રસાદથી થાતું નથી પણ સાંભળવામાં નિમિત્તપણું હોય છે. ગુરુપ્રસાદથી પ્રાપ્ત પરમતત્ત્વ. બીજી રીતે કહીએ તો અજ્ઞાનીને ગુરુ પરમતત્ત્વનો ઉપદેશ આપે. એમાંથી એમ નીકળ્યું છે. આહાહા..! અજ્ઞાનીને ધર્મી ગુરુ ઉપદેશ એ આપે કે પરમતત્ત્વનો ઉપદેશ આપે. પરમતત્ત્વ એવો જે આત્મા આનંદસ્વરૂપ. આવ્યું ને ઇ? 'રામજીભાઈ' નથી આવ્યા? પટેલ. આ 'રામજીભાઈ'. આવે છે? શું કહ્યું?

અનાદિકાળથી ક્રિયા કરતો આવે છે. ક્રિયા ગમે તેટલી કરે. ઘણા નામ આવ્યા ને? પણ જ્યારે '**આસન્નભવ્યતારૂપી ગુણનો ઉદય થતાં...**' પણ એને પહેલું એ લીધું, પછી ગુરુનું લીધું. '**આસન્નભવ્યતારૂપી ગુણનો ઉદય થતાં...**' એને મોક્ષની નજીક જવાની લાયક થતાં. આહાહા..! છે? '**પરમગુરુના પ્રસાદથી...**' પછી પરમગુરુનો ઉપદેશ મળ્યો. કેવો ઉપદેશ? કે '**પરમતત્ત્વનાં શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનસ્વરૂપ...**' આહાહા..! આ ઉપદેશ મળ્યો. ગુરુએ આવો ઉપદેશ આપ્યો.

મુમુક્ષુ :– પ્રસાદનો અર્થ જ ઉપદેશ મળ્યો.

ઉત્તર :– એ ઉપદેશ મળ્યો બસ, એટલું. પ્રસાદ (કહીને) નિમિત્તથી વાત કરી છે. એને પરમ લાભ થયો છે, લાભ થવાનો છે એથી એણે પ્રસાદ શબ્દ વાપર્યો છે. '**પરમગુરુના પ્રસાદથી...**' એનાથી મળી જાય એમ નથી. એનાથી મળી જાય એવું નથી. ત્રણલોકનો નાથ હોય તોપણ એના ઉપદેશની વાણી સાંભળે તો વિકલ્પ છે અને એનાથી કાંઈ મળે એવું નથી. પંડિતજી! આહાહા..! સિદ્ધ તો આ કર્યું કે '**આસન્નભવ્યતારૂપી ગુણનો ઉદય થતાં...**'

મુમુક્ષુ :– એની પાત્રતા બતાવી.

ઉત્તર :– બસ, એની પાત્રતા પહેલી કહી. એ પાત્રતા થઈ અને ગુરુનો ઉપદેશ મળ્યો. એ પણ કેવો ઉપદેશ મળ્યો? કે પરમતત્ત્વ જે આત્મા આનંદસ્વરૂપ ભગવાન, એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એનું અનુષ્ઠાનરૂપ '**શુદ્ધ-નિશ્ચય-રત્નત્રયપરિણતિ વડે...**' આહાહા..! '**નિર્વાણને પામે છે...**' આહાહા..!

મુમુક્ષુ :– પહેલા પરમગુરુનો પ્રસાદ આવ્યો પછી પ્રાપ્ત આવ્યું.

ઉત્તર :– એ પ્રાપ્ત (કહ્યું) પણ એને પ્રસાદ કીધો એટલું. પ્રાપ્ત અહીં પોતે કર્યું. એને તો ઉપદેશ આપ્યો. '**પરમતત્ત્વનાં શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનસ્વરૂપ...**' ઉપદેશ આપ્યો ત્યારે પોતે પોતાના '**શુદ્ધ-નિશ્ચય-રત્નત્રયપરિણતિ વડે...**' શુદ્ધ નિશ્ચયરત્નત્રયપરિણતિ વડે '**નિર્વાણને પામે છે...**' એના વડે પામે છે. ગુરુના પ્રસાદથી નહિ. આહાહા..! બે લીટીમાં કેટલું.. કેટલું! એની યોગ્યતા, ગુરુનો ઉપદેશ, એ શેનો? કે અંદર આત્મતત્ત્વનો. એ પછી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પામ્યો, પોતે પામ્યો. '**શુદ્ધ-નિશ્ચય-રત્નત્રયપરિણતિ વડે...**' જોયુંને? એ ગુરુના પ્રસાદ વડે કરીને નહિ. આહાહા..! વસ્તુ તો એવી છે અંદરની.

મુમુક્ષુ :– પુરુષાર્થ પહેલો આવ્યો, પરિણતિ પછી આવી.

ઉત્તર :– એ પુરુષાર્થ ત્યારે જ આવ્યો. ત્યારે ગુરુનું નિમિત્ત કહેવાણું. આસન્નભવ્યતા પાકી ત્યારે ગુરુનું નિમિત્ત કહેવાણું. ત્યારે નિમિત્તથી પણ ઉપદેશ આ કીધો. અને એ જ્યારે એ પામ્યો. '**શુદ્ધ-નિશ્ચય-રત્નત્રયપરિણતિ વડે નિર્વાણ પામે છે...**' એમ કીધું. આહાહા..!

પોતાનો ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એનું આચરણ. આ અનુષ્ઠાન કહ્યું છે. એનું અનુષ્ઠાન–આચરણ. એ વડે રત્નત્રયપરિણતિને... આહાહા..! '**શુદ્ધ-નિશ્ચય-રત્નત્રયપરિણતિ વડે...**' આહાહા..! મુક્તિને પામ્યો એ શુદ્ધ-નિશ્ચય-રત્નત્રયની પરિણતિ વડે '**નિર્વાણને પામે છે...**' આવી ક્રિયાકાંડથી નહિ પણ જ્યારે આ એની યોગ્યતા થાય અંદરની અને ઉપદેશ સારો મળે અને જ્યારે શુદ્ધરત્નત્રય પરિણમે ત્યારે મુક્તિ મળે. આહાહા..! આવું છે. છે ને જુઓને!

'**(અર્થાત્ ક્યારેક શુદ્ધ-નિશ્ચય-રત્નત્રયપરિણતિને પ્રાપ્ત કરે...**' ક્યારેક એટલે? પહેલું આ બધું ખુબ કર્યું. આહાહા..! પણ '**ક્યારેક શુદ્ધ-નિશ્ચય-રત્નત્રયપરિણતિને પ્રાપ્ત કરે તો જ અને ત્યારે જ નિર્વાણને પામે છે.**' આહાહા..! સ્વઆશ્રય વિના મુક્તિની શરૂઆત ત્રણકાળમાં ક્યાંય થતી નથી. સ્વઆશ્રય વિના સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થતી નથી. આ સિદ્ધાંત. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ-ફંદ નિજ આતમ ઉર ધ્યાવો.' 'છ ઢાળા'. 'છ-ઢાળા'માં એ આવે છે. આહાહા..! પછી વાત આવે ગમે તે. નિમિત્ત હોય, હોય વ્યવહાર નિમિત્ત છે, વ્યવહાર છે, નથી એમ નહિ પણ તેના લક્ષે મુક્તિ પામે એમ નથી. આહાહા..! તેને આશ્રયે, સમ્યગ્દર્શન નિશ્ચય પણ તેને આશ્રયે પામે એમ નથી. આહાહા..!

'શાંતિભાઈ'! આવી છે વાતું. આહાહા..!

અરે..! જગત દીઠ્યું. શું કર્યું? કેવા વેદન થયા? વિચાર કર્યો છે એણે? આહાહા..! એ બધું મૂકીને પછી જ્યારે ઉપદેશ સારો મળે તો એની પાત્રતા થાય છે, જ્યારે એને ઉપદેશ સારો મળે છે ત્યારે તે પણ નિશ્ચયરત્નત્રય વડે તે નિર્વાણને પામે છે. આહાહા..! આમ વાત છે, ભાઈ! આહાહા..! આકરું કામ છે, ભાઈ! આહાહા..! 'આનંદઘનજી' કહે છે એક વાત. 'લહી ભવ્યતા મોટું માન, કણ અભવ્ય ત્રિભુવન તમામ.' ત્રણલોકનો નાથ એમ કહે કે આ ભવ્યજીવ છે, મુક્તિને લાયક છે. હવે તારે કોનું માન જોઈએ છે? કહે છે. અને પરમાત્માના મુખથી એમ નીકળે કે આ જીવ લાયક નથી. હવે કોનું અપમાન તારે જોવે છે? આહાહા..! વસ્તુ તો બધી અંદર ભરી છે. આહાહા..! એની શ્રદ્ધા પરમતત્ત્વની શ્રદ્ધા, અહીં નવતત્ત્વની શ્રદ્ધા કીધી નથી. આહાહા..! નવતત્ત્વમાં પણ પરમતત્ત્વ, એની શ્રદ્ધા, જ્ઞાન, અનુષ્ઠાનસ્વરૂપ શુદ્ધ-નિશ્ચય-રત્નત્રયપરિણતિ, શુદ્ધનિશ્ચયરત્નત્રયપરિણતિ. ત્રણ. પરિણતિ એટલે અવસ્થા. એ દ્વારા નિર્વાણને પામે છે. આહાહા..! એ ગાથા પૂરી થઈ.

**'[હવે આ ૧૪૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'**

## શ્લોક–૨૪૫

(हरिणी)

त्यजतु सुरलोकादिक्लेशे रतिं मुनिपुंगवो
भजतु परमानन्दं निर्वाणकारणकारणम्।
सकलविमलज्ञानावासं निरावरणात्मकं
सहजपरमात्मानं दूरं नयानयसंहतेः।।२४५।।

**[શ્લોકાર્થ :–] મુનિવર દેવલોકાદિના કલેશ પ્રત્યે રતિ તજો અને *નિર્વાણના કારણનું કારણ એવા સહજપરમાત્માને ભજો–કે જે સહજપરમાત્મા પરમાનંદમય છે, સર્વથા નિર્મળ જ્ઞાનનું રહેઠાણ છે, નિરાવરણસ્વરૂપ છે અને નય-અનયના સમૂહથી (સુનયો તથા કુનયોના સમૂહથી) દૂર છે. ૨૪૫.**

---

* નિર્વાણનું કારણ પરમશુદ્ધોપયોગ છે અને પરમશુદ્ધોપયોગનું કારણ સહજપરમાત્મા છે.

## શ્લોક-૨૪૫ ઉપર પ્રવચન

त्यजतु सुरलोकादिक्लेशे रतिं मुनिपुंगवो
भजतु परमानन्दं निर्वाणकारणकारणम्।
सकलविमलज्ञानावासं निरावरणात्मकं
सहजपरमात्मानं दूरं नयानयसंहतेः।।२४५।।

**શ્લોકાર્થ :-** આહાહા..! '**મુનિવર...**' આહાહા..! '**દેવલોકાદિના ક્લેશ પ્રત્યે રતિ તજો...**' સ્વર્ગમાં જશું ને પછી શેઠાય મળશે ને પછી રાજ મળશે ને.. એ મૂકી દે, પ્રભુ! એ બધું દુઃખ છે. સ્વર્ગનો ભવ દુઃખ છે. અબજોપતિ શેઠ એ બધા દુઃખી પ્રાણી છે. જેટલા પરના લક્ષને કરનારા છે એ બધા દુઃખી છે. એક સિદ્ધાંત. સ્વનું લક્ષ છોડીને જેટલું પરનું લક્ષ કરે છે એટલો વિકાર થઈને દુઃખી છે. આહાહા..! હે મુનિવર! પોતે ઉપદેશ કરે છે. '**દેવલોકાદિ...**' શેઠાય ને રાજા ને મોટા ચક્રવર્તીપદ ને એ '**ક્લેશ પ્રત્યે રતિ તજો...**' એ તો ક્લેશ છે. આહાહા..!

મુમુક્ષુ :– પરની સાથે સંબંધ થાય એ ક્લેશ જ છે.

ઉત્તર :– એ દુઃખ જ છે. અસંગી તત્ત્વ છે એને સંગ થયો એટલે રાગ થયા વિના રહે જ નહિ. આહાહા..! તેથી કહ્યું છે કે સંગ છોડજે. બહુ સંગ કરીશ નહિ. લોકનો પરિચય છોડી દે. વિકલ્પની જાળ ઉત્પન્ન થશે. આહાહા..! આવો માર્ગ. આહાહા..!

'**દેવલોકાદિના ક્લેશ...**' દેવલોકનો ક્લેશ કીધો. આહાહા..! અહીં કહે કે લોકમાં સુખી છે એમ પણ ક્યાંક કહેશે. વ્યવહારનયથી એમ પણ કહે. આહાહા..! એ આવે છે ને, આવે છે. 'સમાધિશતક'માં આવે છે, 'અષ્ટપાહુડ'માં આવે છે. અવ્રતમાં રહેવા કરતા વ્રતમાં (રહેવું ઠીક છે). તડકામાં રહેવા કરતા છાયામાં ઠીક છે. આવે છે ને. આહાહા..! અવ્રતના પાપમાં સમ્યગ્દષ્ટિ તો છે જ. એને અવ્રતમાં રહેવા કરતાં... આહાહા..! વ્રતમાં રહેવામાં છાંયો છે. પણ વ્રતી થાય ક્યારે? એકલું ચોથું ગુણસ્થાન રહે ને વ્રત થાય? વ્રત થાય ત્યારે પાંચમું આવે. એટલે અંદરમાં સ્થિરતા વધી જાય. આહાહા..! એ ધ્યાન ન આપે. ઓલા વ્રતના શબ્દ ઉપર ધ્યાન આપે. અવ્રત તજીને વ્રત કરો. તડકો તજીને છાંયો મળશે. પણ વ્રતનો વિકલ્પ કયે ગુણસ્થાને હોય? આહાહા..! પાંચમે કે છઠ્ઠે ગુણસ્થાને એ હોય. સાતમે એ હોય નહિ, ચોથે હોય નહિ. આહાહા..! આહાહા..!

અહીં કહે છે '**નિર્વાણના કારણનું કારણ...**' પ્રભુ! એ દેવલોક ને શેઠાય ને ચક્રવર્તીપદ ને તીર્થંકરપદ ને એ બધા ભાવોનું રહેવા દે. પરમતત્ત્વની ભાવના, પરમતત્ત્વ આનંદસ્વરૂપ ભગવાન... આહાહા..! '**નિર્વાણના કારણનું કારણ...**' નિર્વાણનું કારણ મોક્ષનો માર્ગ, એનું

કારણ પરમાત્મતત્ત્વ. આહાહા..! છે? નીચે. **'નિર્વાણનું કારણ પરમશુદ્ધોપયોગ છે અને પરમશુદ્ધોપયોગનું કારણ સહજપરમાત્મા છે.'** કાંઈ નિર્વાણનું કારણ મોક્ષ સીધું નહિ, નિર્વાણનું કારણ મૂળ તો ભગવાનઆત્મા. મોક્ષના કારણનું કારણ આત્મા. એ આત્માને આશ્રયે મોક્ષનું કારણ થાય. એ કારણ મોક્ષનું કારણ થાય. આહાહા..!

**'નિર્વાણના કારણનું કારણ...'** મોક્ષનું કારણ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એનું કારણ... આહાહા..! એનું કારણ સહજપરમાત્મા ત્રિકાળી વસ્તુ. આહાહા..! મોક્ષમાર્ગની પર્યાય મોક્ષનું કારણ, પણ એ મોક્ષમાર્ગની પર્યાયનું કારણ આત્મતત્ત્વ. આહાહા..! લોકોને એવું લાગે, બહારથી નવરાશ લઈને એકાદ કલાક સાંભળવું ને કાંઈક વખત મળતો હોય એમાં આવું? આહાહા..! મોક્ષનું કારણ, એનું કારણ. મોક્ષનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું કારણ પરમતત્ત્વ આત્મા. આહાહા..! પરમાત્મા ભગવાનસ્વરૂપ, એની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતાનો અનુભવ એ મોક્ષનું કારણ છે. આહાહા..!

**'એવા સહજપરમાત્માને ભજો—'** જોયું! નિર્વાણ કારણનું કારણ એવો સ્વભાવિક પરમાત્મા. ધ્રુવસ્વરૂપ, નિત્યસ્વરૂપ એ ધ્રુવ. એને ભજો એ પર્યાય. **'સહજપરમાત્મા...'** તે દ્રવ્ય. એને **'ભજો...'** એ પર્યાય. પર્યાય વિના ભજન થાય નહિ. કારણ કે દ્રવ્ય તો ધ્રુવ છે. ધ્રુવનું ભજન ધ્રુવથી ન હોય. ધ્રુવનું ભજન પર્યાયથી હોય. એ પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કે જે મોક્ષનું કારણ (છે), એનું કારણ પરમતત્ત્વ છે. આહાહા..! **'કે જે સહજપરમાત્મા...'** મોક્ષનું કારણ જે પરમાત્મા પોતે. આહાહા..! સહજ શબ્દ વાપર્યો છે ને? પર આત્મા નહિ. એમ. નિજ પરમાત્મા શબ્દ ન વાપરતા સહજ શબ્દ વાપર્યો. સહજ પરમાત્મા. એમ. સ્વભાવિક પરમાત્મા પોતે. આહાહા..! નહિતર તો એમ લે કે નિજપરમાત્માનું કારણ મોક્ષનો માર્ગ અને એ કારણ મોક્ષનું. પણ અહીં કીધું કે સહજ પરમાત્મા, સ્વભાવિક વસ્તુ જે છે. ત્રિકાળ, જેની આદિ નહિ, અંત નહિ, ઉત્પત્તિ નહિ. આહાહા..! જેને કોઈની અપેક્ષા નહિ એવું જે પરમાત્મ(તત્ત્વ) નિજ સહજ સ્વભાવિક પરમાત્મા ધ્રુવ, એને ભજો. આહાહા..! એનું ભજન કરો. દયા, દાન, ભક્તિ અને બહારનું ભજન-બજન એ મોક્ષનું કારણ નથી. આહાહા..!

**'કે જે સહજપરમાત્મા...'** સ્વભાવિક પરમાત્મા ત્રિકાળી, **'પરમાનંદમય છે,...'** એ પરમ આનંદમય છે. પરમઆનંદવાળો છે એમ પણ નહિ. પરમ આનંદવાળો છે એ તો ભેદ પડ્યો. આ તો પરમાનંદમય છે. પોતે પરમાનંદમય ભગવાન છે આત્મા. ત્રિકાળી ભગવાનઆત્મા, જેને આશ્રયે સમ્યગ્દર્શન થાય તે તત્ત્વ સહજ પરમાનંદસ્વરૂપ છે. આહાહા..! બધેથી ઉઠાડી ઉપાડીને પરમતત્ત્વમાં આનંદ છે ત્યાં નજર લઈ જવી એ કાંઈ સાધારણ પુરુષાર્થ છે? આહાહા..! અનંત પુરુષાર્થ છે, અપૂર્વ પુરુષાર્થ છે, અત્યંત પુરુષાર્થ છે. આહાહા..!

જે સહજ પરમાત્મા નિર્વાણના કારણનું કારણ એ પરમાનંદમય–પરમઆનંદસ્વરૂપ જ

છે એ તો. પરમ આનંદવાળો છે એમ પણ નહિ. એ તો પરમાનંદમય પ્રભુ છે. આહાહા..! અતીન્દ્રિય પરમાનંદમય પરમાત્મા પોતે છે. અનાદિઅનંત સ્વભાવિક, નહિ ઉત્પત્તિ, નહિ નાશ, નહિ અભાવ, નહિ પરિણમન, નહિ ફેરફાર. આહાહા..! એવું સહજ પરમાત્મતત્ત્વ આનંદ, તે **'સર્વથા નિર્મળ જ્ઞાનનું રહેઠાણ છે,...'** આહાહા..! સર્વથા નિર્મળ જ્ઞાનનું એ રહેઠાણ છે. શાસ્ત્રજ્ઞાન અને ભણતર જ્ઞાન ને એ કોઈ નિર્મળ જ્ઞાનનું રહેઠાણ નથી. આહાહા..! બધેથી ઉઠાવીને ત્યાં લઈ જવો છે.

જે **'સર્વથા નિર્મળ જ્ઞાનનું રહેઠાણ છે,...'** કથંચિત્ શાસ્ત્રજ્ઞાન કારણ અને કથંચિત્ આત્મતત્ત્વ એમ પણ નહિ. સર્વથા. અનેકાંતમાં સર્વથા હોય નહિ ને? હોય અનેકાંતમાં સર્વથા. **'સર્વથા નિર્મળ જ્ઞાનનું રહેઠાણ છે,...'** આહાહા..! જે પરમાનંદમય છે અને એ નિર્મળ જ્ઞાનનું સ્થાન છે. રહેઠાણ એટલે નિર્મળ જ્ઞાનનું એ સ્થાન છે, નિર્મળ જ્ઞાનનું ધામ છે. એ ક્ષેત્ર તો નિર્મળ જ્ઞાનનું ક્ષેત્ર છે. એમાંથી તો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન પાકે એ ક્ષેત્ર છે. આહાહા..!

આવો નિશ્ચય આકરો લાગે. પછી કહે, એકાંત છે... એકાંત.... છે. પ્રભુ! એકાંત કહે, ભાઈ! બાપા! તને દુઃખ થશે. આહાહા..! વ્યવહારરત્નત્રયથી તો સંસાર મળશે, ભવ મળશે. વ્યવહારરત્નત્રય તો કથનમાત્ર છે. એ આમાં–'નિયમસાર'માં આવી ગયું. 'નિયમસાર'માં પહેલું. વ્યવહાર તો કથનમાત્ર, કહેવામાત્ર એક નિમિત્તની ઓળખાણ આપવા. એમાં ક્લેશ છે. વ્યવહારરત્નત્રય ક્લેશ, રાગ અને દુઃખ (છે). આહાહા..! દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા પંચમહાવ્રત અને શાસ્ત્રના જ્ઞાનનો વિકલ્પ એ બધું દુઃખરૂપ (છે). આહાહા..! રાગ છે ને? પરાશ્રય છે ને? સ્વાશ્રયે સુખ, પરાશ્રયે દુઃખ, સ્વઆશ્રયે મોક્ષ, પરાશ્રયે બંધ. આહાહા..! સ્વ આશ્રયે સંવર, પરાશ્રયે અસંવર. સ્વ આશ્રયે નિર્જરા, પરાશ્રયે બંધ. આહાહા..! સ્વ આશ્રયે મોક્ષ અને પરાશ્રયે બંધ. 'શાંતિભાઈ'? આવી વાત છે. આહાહા..! આવું નિશ્ચય કહીએ તો (એમ કહે), એ તો નિશ્ચય છે.. એ તો નિશ્ચય છે. એમ કરીને (કાઢી નાખે). પણ નિશ્ચય એટલે? પ્રભુ! તું એમ રહેવા દે. પરમ સત્ય છે આ, એમ લે. પરમ સત્ય છે. પરમ સત્ય તે ત્રિકાળી ચીજ છે. જેમાં પરમઆનંદ અને પરમજ્ઞાન રહેવાનું સ્થાન છે. એ પર્યાયમાં રહેવાનું સ્થાન નથી. આહાહા..! પરમાનંદ અને પરમજ્ઞાન રહેવાનું સ્થાન એ ધ્રુવ છે. આહાહા..! એમાં પરમજ્ઞાન અને પરમઆનંદ પડ્યો છે. આહાહા..!

'નિર્જરા અધિકાર'માં આવે છે ને? રહેનારનું રહેઠાણ છે. આહાહા..! જેને સ્થિર થવું હોય એને માટે રહેઠાણ ઇ છે. અંદર જામીને રહેવું હોય તો એ આત્મા રહેનારનું રહેઠાણથી ઉપાડ છે. એવો 'નિર્જરા અધિકાર'માં પાઠ છે. આહાહા..! જેને રહેવું છે, જેને એમાંથી ખસવું નથી, જેમાંથી ચંચળ કરીને ડોલાયમાન થવું નથી એને રહેવા માટે એ રહેઠાણ છે. એવા રહેનારને રહેઠાણ છે. આહાહા..! આવી ભાષા સાંભળી ન હોય કોઈ દિ', લ્યો. બહારની

માથાકૂટ. એક નહિ, બધાયને એમ છે ને, બાપા! આહાહા..! અરે..! બીજી વાત છે, બાપા!

આ તો શાંત માર્ગ છે, શાંતિ માર્ગ છે. એમાં કષાયના વિકલ્પના દુઃખની ઉત્પત્તિ એ સંસારનું કારણ છે. આહાહા..! એવો શાંતરસથી ભરેલો ભગવાન, એ જ્ઞાનને રહેવાનું સ્થાન છે. જ્ઞાન ત્યાં રહે. શાંતસાગરમાં જ્ઞાન રહે. એ વિકલ્પમાં અને રાગમાં જ્ઞાન ન રહે. બહારના વિકલ્પથી ગમે તેટલું ભણતર કર, એ જ્ઞાનને રહેવાનું રહેઠાણ નથી. એ તો નાશ પામી જશે. નિગોદમાં જશે તો બધું ખલાસ થઈ જશે. આહાહા..! અગિયાર અંગ ને નવ પૂર્વનું ભણતર (પણ) સ્વના આશ્રય વિના નિગોદમાં જશે. ત્યાં અક્ષરનો અનંતમો ભાગ થઈ જશે. અને એમાંથી નીકળીને આવશે ત્યારે અગિયાર અને નવ પૂર્વનું થઈ જશે. પણ બેય કાંઈ રહેનારનું રહેઠાણ નથી. આહાહા..! એક અક્ષરની અનંતમા ભાગની પર્યાય અને નવ પૂર્વનું જ્ઞાન એ રહેનારનું રહેઠાણ નથી, પ્રભુ! આહાહા..! ગજબ વાત છે ને. 'શાંતિભાઈ'! આખો દિ' પૈસા ને ધન ને હીરા ને માણેકમાં. એમાં આ વાત ક્યાં અંદર (પેસે)? આહાહા..!

મુમુક્ષુ :– આપની વાત સાંભળીએ ત્યારે ઠીક લાગે છે, ઘરે જઈએ ત્યારે ભૂલી જઈએ છીએ.

ઉત્તર :– આહાહા..! શાંતિનો સાગર. શાંતિ... શાંતિ.. શાંતિ... શાંતિ નામ છે ને, આ તો શાંતિસાગર છે. આહાહા..!

જ્યાં ઉદ્વેગ નથી, જ્યાંથી ખસવું નથી, જેમાં ચિંતા નથી. આગળ આવશે. ચિંતા એ સંસાર છે. આગળ આવશે. પછી ક્યાંક છે. ક્યાંક છે ખરી. ૨૪૬માં જ આવે છે. ૨૪૬ (શ્લોક)ની છેલ્લી લીટી. ૨૪૬ (શ્લોક)ની છેલ્લી લીટી. **'જ્યાં સુધી જીવોને ચિંતા (વિકલ્પો) છે ત્યાં સુધી સંસાર છે.'** ૨૪૬ની તદ્દન છેલ્લી (લીટી). છેલ્લો કળશ. ૨૪૬મો કળશ છે ને? એમાં પણ છેલ્લી લીટી. ૧૪૬ (ગાથા) થયા પહેલા, ૧૪૫નું. ૨૪૬ તો કળશ, હોં! પણ ૧૪૬ ગાથા, એના ઉપર. આહાહા..! **'જ્યાં સુધી જીવોને ચિંતા (વિકલ્પો) છે...'** છે? આહાહા..! ૧૪૬ ગાથા ઉપર તદ્દન ગાથાની ઉપર એક જ લીટી. આહાહા..!

**'જ્યાં સુધી જીવોને ચિંતા (વિકલ્પો) છે ત્યાં સુધી સંસાર છે.'** આહાહા..! એ ચિંતા એ સંસાર, વિકલ્પ એ સંસાર (છે). આહાહા..! સંસાર એ સ્ત્રી, કુટુંબ, પૈસો, મકાન એ સંસાર નથી. કેમકે સંસાર એ જીવની પર્યાય છે. તો સંસાર જીવથી જુદો ન રહે. શું કીધું? સ્ત્રી, કુટુંબ, પૈસો, બાયડી, છોકરા, મકાન, પૈસા એ સંસાર નથી. એ તો ચીજ છે. સંસાર તો દોષ છે. એ સંસાર તો જીવની દોષ અવસ્થા છે. પૈસો ને બાયડી, છોકરા એ સંસાર નથી. આહાહા..! સમજાય છે? ચિંતા વિકલ્પ છે એ સંસાર છે. સંયોગ જે ચીજ છે એ સંસાર નહિ. ભલે કરોડો છન્નું હજાર સ્ત્રી હોય ને છન્નું કરોડ ગામ હોય, એ સંસાર નથી. એમના પ્રત્યેની ચિંતા ને મમતા ને વિકલ્પ એ સંસાર છે. આહાહા..! આવી વાત છે.

**'સહજપરમાત્મા પરમાનંદમય છે, સર્વથા નિર્મળ જ્ઞાનનું રહેઠાણ છે, નિરાવરણસ્વરૂપ છે...'** આપણે ચાલતો શ્લોક. **'નિરાવરણસ્વરૂપ છે...'** તદ્દન નિરાવરણ. દ્રવ્ય સ્વરૂપને આવરણ હોય જ નહિ. દ્રવ્યને આવરણ હોય તો અદ્રવ્ય થઈ જાય. આહાહા..! **'અને નય-અનયના સમૂહથી (સુનયો તથા કુનયોના સમૂહથી) દૂર છે.'** સુનયથી પણ દૂર છે. આહાહા..! નયાતીત છે. ત્રિકાળી દ્રવ્ય વસ્તુ પરમ શાંતિના રસથી સાગર ભરેલો, જેમાં કષાયના વિકલ્પની ચિંતા, દ્રવ્ય-ગુણ-પર્યાયની પણ નહિ. એ આવશે આમાં. હવે આવશે. જેમાં દ્રવ્ય-ગુણ–પર્યાય ત્રણની ચિંતાનો વિકલ્પ પણ નથી. પોતાના, હોં! પરના તો નહિ. પણ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય એવા ત્રણની પણ ચિંતા છે એ વિકલ્પ છે. આહાહા..! પરની વાત તો શું કરવી? કર્મ, સ્ત્રી, કુટુંબ, પૈસા, આબરૂ, ધૂળ ને... આહાહા..! પણ ન્યાં મજા પડે દુકાને બેઠા હોય તો. ૨૫-૨૫ જણા કામ કરનારા, હીરાના ઘસનારા અને એક એકને સાતસો-આઠસો-હજાર રૂપિયા પડે એવા ૨૫ જણા છે એના ઘરે. હીરાનું કામ કરનારા. હવે હૂંફ ચડી જાય કે નહિ આમાં? પાવર ચડી જાય કે નહિ અંદર?

મુમુક્ષુ :– છોડી દીધું બધું.

ઉત્તર :– બંધ કર્યું? બંધ કરી દીધું? તે દિ' આવ્યા હતા તે દિ' હતું. દુકાને આવ્યા હતા મેડીએ. આહાહા..!

અહીં તો પરમાત્માનું વચન (છે) કે અમે છીએ એની ચિંતા પણ સંસાર છે. અમે છીએ એવો જે તને વિકલ્પ ઊઠે એ ચિંતા છે, એ સંસાર છે. આહાહા..! એ વીતરાગ કહે. વીતરાગ સિવાય કોઈ ઠેકાણે એવી વાત કરે... આહાહા..! સર્વજ્ઞ વીતરાગ પરમશાંતનું મૂળ પ્રભુ એમ કહે કે પ્રભુ! તારા દ્રવ્યમાં ઠરને. અમારી સામું જોઈશ તો તને દુઃખ થશે. વિકલ્પ થશે, દુઃખ થશે. આહાહા..! અમારી ભક્તિથી પણ તને દુઃખ થશે. આહાહા..! તારામાં જા ને તને શાંતિ મળશે. કે જ્યાં શાંતિ પડી છે. અમારા તરફ જોતાં અમારી શાંતિ તારી પાસે છે? તો તને શાંતિ ક્યાંથી મળશે? આહાહા..! અમારા સામું તું ભજન કર તો અમારી શાંતિ તારી પાસે છે? એ તો અમારી પાસે છે. અમારી ઉપર નજર કરીશ તો તને રાગ થશે. આહાહા..! આવું સાંભળવું મુશ્કેલ પડે. ઉપદેશ જ બધો બહારનો. ધોડાધોડ. આહાહા..!

અરે..! પ્રભુ! તું કોણ છો? નિરાવરણ છો ને, નાથ! પરમાનંદમય છો ને. સમ્યક્ નિર્મળ જ્ઞાનને રહેવાનું રહેઠાણ છો ને. આહાહા..! અને નય ને અનય એનો પણ વિષય તું નથી. એના સમૂહથી તું દૂર છો. આહાહા..! વિકલ્પવાળી નય લેવી. નહીંતર તો 'નિશ્ચયનય આશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની' એ 'સમયસાર'માં આવે છે. ત્યાં એ નિર્વિકલ્પ નય છે. આ છે તે વિકલ્પવાળી નય છે. આહાહા..!

નિશ્ચયનયના પણ બે ભેદ છે : એક વિકલ્પ-રાગવાળી નય અને એક રાગ વિનાની નય. રાગવાળી નય એ કલ્યાણનું કારણ નથી. રાગ વિનાની નય જે અનુભવમાં જાય છે,

એકાકાર થાય છે. 'નિશ્ચયનય આશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' એવો પાઠ છે. એ નિર્વિકલ્પ નય છે. આહાહા..! ક્યા ઠેકાણે કઈ અપેક્ષાએ કથન છે, શું કહેવા માગે છે? એમ સમજવા ન માગે અને પોતાની દૃષ્ટિએ વાતને ખતવી નાખે તો ઊલટું પડે બધું. ક્યાંય [illegible] આહાહા..! એ [illegible] (પૂરો) થયો.

## ગાથા-૧૪૫

**दव्वगुणपज्जयाणं चित्तं जो कुणइ सो वि अण्णवसो।**
**मोहंधयारववगयसमणा कहयंति एरिसयं।।१४५।।**

द्रव्यगुणपर्यायाणां चित्तं यः करोति सोप्यन्यवशः।
मोहान्धकारव्यपगतश्रमणाः कथयन्तीदशम्।।१४५।।

अत्राप्यन्यवशस्य स्वरूपमुक्तम्।

यः कश्चिद् द्रव्यलिङ्गधारी भगवदर्हन्मुखारविन्दविनिर्गतमूलोत्तरपदार्थसार्थप्रतिपादनसमर्थः क्वचित् षण्णां द्रव्याणां मध्ये चित्तं धत्ते, क्वचित्तेषां मूर्तामूर्तचेतनाचेतनगुणानां मध्ये मनश्चकार, पुनस्तेषामर्थव्यंजनपर्यायाणां मध्ये बुद्धिं करोति, अपि तु त्रिकालनिरावरणनित्यानंदलक्षण-निजकारणसमयसारस्वरूपनिरतसहजज्ञानादिशुद्धगुणपर्यायाणामाधारभूतनिजात्मतत्त्वे चित्तं कदाचिदपि न योजयति, अत एव स तपोधनोऽप्यन्यवश इत्युक्तः।

प्रध्वस्तदर्शनचारित्रमोहनीयकर्मध्वांतसंघाताः परमात्मतत्त्वभावनोत्पन्नवीतराग-सुखामृतपानोन्मुखाः श्रवणा हि महाश्रवणाः परमश्रुतकेवलिनः, ते खलु कथयन्तीदशम् अन्यवशस्य स्वरूपमिति।

तथा चोक्तम् -

(अनुष्टुभ्)

``आत्मकार्यं परित्यज्य दृष्टादृष्टविरुद्धया।
यतीनां ब्रह्मनिष्ठानां किं तया परिचिन्तया।।''

---

**જે ચિત્ત જોડે દ્રવ્ય-ગુણ-પર્યાયની ચિંતા વિષે,**
**તેનેય મોહવિહીન શ્રમણો અન્યવશ ભાખે અરે! ૧૪૫.**

અન્વયાર્થ :– [ **यः** ] જે [ **द्रव्यगुणपर्यायाणां** ] દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં (અર્થાત્ તેમના વિકલ્પોમાં) [ **चित्तं करोति** ] મન જોડે છે, [ **सः अपि** ] તે પણ [ **अन्यवशः** ] અન્યવશ છે; [ **मोहान्धकारव्यपगतश्रमणाः** ] મોહાન્ધકાર રહિત શ્રમણો [ **ईद्दशम्** ] આમ [ **कथयन्ति** ] કહે છે.

ટીકા :– અહીં પણ અન્યવશનું સ્વરૂપ કહ્યું છે.

ભગવાન અર્હત્‌ના મુખારવિંદથી નીકળેલા (–કહેવાયેલા) મૂળ અને ઉત્તર પદાર્થોનું સાર્થ (–અર્થ સહિત) પ્રતિપાદન કરવામાં સમર્થ એવો જે કોઈ દ્રવ્યલિંગીધારી (મુનિ) ક્યારેક છ દ્રવ્યોમાં ચિત્ત જોડે છે. ક્યારેક તેમના મૂર્ત-અમૂર્ત ચેતન-અચેતન ગુણોમાં મન જોડે છે અને વળી ક્યારેક તેમના અર્થપર્યાયો અને વ્યંજનપર્યાયોમાં બુદ્ધિ જોડે છે, પરંતુ ત્રિકાળ-નિરાવરણ, નિત્યાનંદ જેનું લક્ષણ છે એવા નિજકારણસમયસારના સ્વરૂપમાં લીન સહજજ્ઞાનાદિ શુદ્ધગુણપર્યાયોના આધારભૂત નિજ આત્મતત્ત્વમાં ચિત્ત ક્યારેય જોડતો નથી, તે તપોધનને પણ તે કારણે જ (અર્થાત્ પર વિકલ્પોને વશ થતો હોવાના કારણે જ) અન્યવશ કહેવામાં આવ્યો છે.

જેમણે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મરૂપી તિમિરસમૂહનો નાશ કર્યો છે અને પરમાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન વીતરાગસુખામૃતના પાનમાં જે ઉન્મુખ (તત્પર) છે એવા શ્રમણો ખરેખર મહાશ્રમણો છે, પરમ શ્રુતકેવળીઓ છે; તેઓ ખરેખર અન્યવશનું આવું (–ઉપર કહ્યા પ્રમાણે) સ્વરૂપ કહે છે.

એવી રીતે (અન્યત્ર શ્લોક દ્વારા) કહ્યું છે કે :–

“[શ્લોકાર્થ :–] આત્મકાર્યને છોડીને દૃષ્ટ તથા અદૃષ્ટથી વિરુદ્ધ એવી તે ચિંતાથી (–પ્રત્યક્ષ તથા પરોક્ષથી વિરુદ્ધ એવા વિકલ્પોથી) બ્રહ્મનિષ્ઠ યતિઓને શું પ્રયોજન છે?”

## ગાથા–૧૪૫ ઉપર પ્રવચન

૧૪૫-ગાથા.

**दव्वगुणपज्जयाणं चित्तं जो कुणइ सो वि अण्णवसो।**
**मोहंधयारववगयसमणा कहयंति एरिसयं।।१४५।।**

આહાહા..! હવે પોતાનું લીધું. પર બધું છોડાવ્યું. પરની તો વાત છોડાવી. હવે સ્વમાં આવ્યા. સ્વમાં પણ ભેદ પાડે એ પણ વિકલ્પ-રાગ છે. આહાહા..! છે?

**જે ચિત્ત જોડે દ્રવ્ય-ગુણ-પર્યાયની ચિંતા વિષે,**
**તેનેય મોહવિહીન શ્રમણો અન્યવશ ભાખે અરે! ૧૪૫.**

મોહરહિત સર્વજ્ઞ પરમાત્મા તેને પરવશ કહે છે. ત્રણલોકના નાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પ્રભુ (એમ ફરમાવે છે), તારા દ્રવ્ય-ગુણ-પર્યાયના ત્રણ ભેદના વિચારમાં રોકાતા તું પરવશ છો, સ્વવશ નથી. આહાહા..! ગજબ છે. પરદ્રવ્યને તો કાઢી નાખ્યું. આહાહા..! કેમકે પરદ્રવ્ય ઉપર લક્ષ જતાં તો રાગ જ થાય. હવે સ્વદ્રવ્યમાં આવ્યો. એમાં પણ ત્રણ ભેદમાં પડ્યો, દ્રવ્યમાં એકલા દ્રવ્યની અંદર એકાગ્ર ન થતાં દ્રવ્ય, ગુણ ને પર્યાયની ચિંતામાં જોડાણો

તો વિકલ્પ થશે, દુઃખી થઈશ, રાગ થશે. આહાહા..! નિજ દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારમાં પણ દુઃખી થઈશ. એ શુભભાવ છે. દુઃખ છે. આહાહા..! 'શાંતિભાઈ'! કોઈ દિ' સાંભળ્યું નથી, ત્યાં મફતના વખત કાઢ્યા પાપમાં. આહાહા..! નિજ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ ભેદ પાડ તોપણ પરવશ છો. રાગ છે, ચિંતા છે, વિકલ્પ છે, સંસાર છે. આહાહા..!

મુમુક્ષુ :– ઘરનું કામ કરવું હોય એનું શું?

ઉત્તર :– ઘરનું કોણ કરે છે? કરી શકે છે કોણ? એક હાથ ફેરવી શકે નહિ, આંખની પાંપણ ફેરવી શકે નહિ. આહાહા..! એક પાંપણને આમથી આમ ત્રણકાળમાં કરી શકે નહિ. આમ પાંપણ ઊંચી છે એને નીચી આત્મા ત્રણકાળમાં કરી શકે નહિ. એ પાંપણના પરમાણુ અનંત છે, એની તે સમયે પર્યાય થવાની તે થાય છે. આહાહા..! એને આત્મા ત્રણકાળમાં કરી શકતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

પરમાત્મા પંચપરમેષ્ઠી એ તો છોડાવ્યા, અમારા ઉપરથી તો છૂટી જા, પ્રભુ! કેમકે અમે તો તારા દ્રવ્યથી પરદ્રવ્ય બીજું છીએ. એકડે એક ને બગડે બે. જો બીજો લક્ષમાં લીધો તો બગડીશ, રાગ થશે. એ તો એકકોર રહ્યું પણ અહીં વસ્તુ એકરૂપ છે એમાં ત્રણ ભેદ પાડીશ તો બગડીશ. આહાહા..! વસ્તુ એકરૂપ ત્રિકાળ ચિદાનંદ અનંત આનંદનો કંદ છે. આહાહા..! એમાં પણ જો દ્રવ્ય, ગુણ ને પર્યાય (એવા) ત્રણ ભેદ પાડ્યા તો ચિંતા ઊભી થશે અને એ ચિંતા સંસાર છે. આમ વીતરાગ કહે. દુનિયા એથી અટકી જાય, દુનિયાને ઠીક પડશે કે નહિ? ઝીલી શકશે કે નહિ? વીતરાગને કાંઈ પડી નથી. એ તો વાણી આવી ગઈ એ આવી ગઈ. એને ક્યાં વાણી કરવી છે? આહાહા..! વાણી આવી ગઈ એ આવી ગઈ. ફક્ત વાણીમાં કેવળજ્ઞાન નિમિત્ત હતું. નિમિત્ત હતું એ કાંઈ પરને કરતું નથી. આહાહા..! એ વાણી દિવ્યધ્વનિમાં પણ ભગવાનના જ્ઞાને કર્યું નથી કાંઈ. ભગવાનના જ્ઞાને વાણીમાં કાંઈ કર્યું નથી. આહાહા..! વાણીને જ્ઞાન અડ્યું પણ નથી. 'પંડિતજી'! આવી વાતું છે, બાપુ! આહાહા..! પ્રભુ! તું એકરૂપ છો ને. પરથી તો નિરાળો છો ને, નાથ! તું એકરૂપ દ્રવ્ય વસ્તુ છો ને. એ વસ્તુના વળી અંદર ગુણ અને એ વસ્તુની પર્યાય એવા ત્રણ ભેદ પાડીશ તો ચિંતા થશે, વિકલ્પ થશે, દુઃખી થઈશ. આહાહા..! આ વીતરાગ કહે. આહાહા..!

'**ટીકા :– અહીં પણ અન્યવશનું સ્વરૂપ કહ્યું છે. ભગવાન અર્હત્‌ના મુખારવિંદથી નીકળેલા...**' વળી કેવા શબ્દો? કે ભગવાનના મુખથી નીકળેલા. આહાહા..! અજ્ઞાનીના પણ નહિ. આહાહા..! '**ભગવાન અર્હત્‌ના મુખારવિંદથી...**' અરવિંદ એટલે કમળ. મુખરૂપી કમળથી '**નીકળેલા (–કહેવાયેલા) મૂળ અને ઉત્તર પદાર્થોનું સાર્થ (–અર્થ સહિત) પ્રતિપાદન કરવામાં સમર્થ...**' આહાહા..! એવા પદાર્થોનું–મૂળ અને ઉત્તર પદાર્થોનું અર્થ સહિત કહેવામાં, કરવામાં સમર્થ '**એવો જે કોઈ દ્રવ્યલિંગધારી (મુનિ)...**' આહાહા..! દ્રવ્યલિંગી મુનિ થયો છે એ. આહાહા..! ભગવાને કહેલા દ્રવ્ય, ગુણ અને પર્યાય જે પદાર્થ છે તેને જે કહેવામાં સમર્થ,

એવો કોઈ દ્રવ્યલિંગી સાધુ. કહેવામાં સમર્થ છે એવો કોઈ દ્રવ્યલિંગી. આહાહા..!

**'(મુનિ) ક્યારેક છ દ્રવ્યોમાં ચિત્ત જોડે છે.'** ક્યારેક છ દ્રવ્યમાં ચિત્તને જોડે છે એ વિકલ્પ-ચિંતા છે. આહાહા..! આ તો વ્રતથી ધર્મ થાય અને દયાથી ધર્મ થાય એવું વ્યાખ્યાનમાં-ભાષણમાં મૂક્યું હોય. 'શાંતિભાઈ'! બધા (એમ છે). એક નહિ, તમારી વાત નહિ. આ તો તમે મોઢા આગળ બેઠા છો એટલે તમારી વાત (થાય). બાકી બધા ઇ જ કરે છે ને. આહાહા..! આ વસ્તુ...

પરદ્રવ્ય, પરમેશ્વર કહે છે કે હું તો નહિ. અમે તો તારાથી પરદ્રવ્ય છીએ એટલે અમારા ઉપર નજર જશે તો પ્રભુ! તને મોહ થશે, રાગ થશે. આહાહા..! પણ પ્રભુ! તું છો ને. એકરૂપે ચિદાનંદ આનંદકંદ છો. એમાં પણ જો ત્રણ ભેદ પાડીને વિચાર કરીશ કે આ અનંતગુણનો પિંડ તે દ્રવ્ય છે અને ગુણ તે શક્તિ છે ને પર્યાય તે અવસ્થા છે. આહાહા..! છેલ્લામાં છેલ્લું લીધું, 'પંડિતજી'! આહાહા..! એમાં પ્રભુ! તને નિર્વિકલ્પતા નહિ થાય. એ દ્રવ્ય-ગુણ ને પર્યાયના ત્રણ ભેદ પાડીશ તો તને ચિંતા થશે, પ્રભુ! એ ચિંતા(થી) દુ:ખી થઈશ તું. આહાહા..!

**'છ દ્રવ્યોમાં ચિત્ત જોડે છે.'** પણ કોણે કહેલા? ભગવાને કહેલા, હોં! અન્યમતિના કહેલા અને અજ્ઞાનીના કહેલા એ શબ્દોની વાત પણ નથી. આહાહા..! ખરેખર તો અહીં શ્વેતાંબરના સૂત્ર કરેલાની વાત પણ નથી. આ તો **'ભગવાન અર્હત્‌ના મુખારવિંદથી નીકળેલા...'** ત્રણ લોકના નાથના મુખમાંથી નીકળેલી વાણી. શ્વેતાંબરની વાણી એ કાંઈ ભગવાનની વાણી નથી. પ્રભુ! કોઈને દુ:ખ લાગે તો ક્ષમા કરવી. આહાહા..! બીજું શું થાય? માર્ગ તો જે છે ઇ છે. આહાહા..! આ અમારો મત ખોટો? અમારો શ્વેતાંબર મત ખોટો? એમ થઈ જાય. ભાઈ! ખોટો શું? અહીં તો એક દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણનો વિચાર કરે તોપણ વિકલ્પ ખોટો. તે (પણ) ભગવાને કહેલા દ્રવ્ય-ગુણ-પર્યાય. ત્રણલોકના નાથના મુખમાંથી નીકળેલી વાણી. શ્વેતાંબરના શાસ્ત્રો તો આચાર્યોએ કલ્પિત બનાવેલા છે. એટલે એને જે ફેરવે છે એની વાત તો અહીં છે જ નહિ. આહાહા..! બહુ સ્પષ્ટ કરવા જાય તો...

**'ભગવાન અર્હત્‌ના મુખારવિંદથી...'** મુખરૂપી કમળ, એમાંથી દિવ્યધ્વનિ છૂટી. એ નિમિત્તથી કથન છે. (વાણી) મુખથી નથી નીકળતી. વાણી તો આખા શરીરમાંથી નીકળે છે. પણ લોકોની ભાષા એવી છે ને એટલે એ રીતે ગોઠવ્યું છે. નહિતર એ તો ભગવાનનું મુખ કાંઈ હલતું નથી. આખા શરીરમાંથી ૐ ધ્વનિ ઊઠે. આખા શરીરમાંથી ૐ ધ્વનિ (ઉઠે). હોઠ બંધ, આ બધું બંધ, કંઠ હલે નહિ, હોઠ હલે નહિ. પણ લોકો સમજે છે ને એ ભાષાથી (કહ્યું છે). **'મુખારવિંદથી નીકળેલા...'** એમ શબ્દ વાપર્યો છે. મુખરૂપી કમળથી નીકળેલું. આહાહા..! બાકી તો આખા શરીરમાંથી ૐ ધ્વનિ નીકળે છે. ૐ જે ધ્વનિ ઊઠે છે એ તો આખા શરીરમાંથી ઊઠે છે. અસંખ્ય પ્રદેશમાંથી ઊઠતો ૐ ધ્વનિ. આહાહા..! એના

ધ્વનિમાં જે કાંઈ દ્રવ્ય, ગુણ ને પર્યાય પરમાત્માની વાણીમાં જે આવ્યા, ભગવાને જે કહ્યા એમાં જે દ્રવ્યમાં ચિત્ત જોડશે. છ દ્રવ્ય ભગવાને કીધા છે. શ્વેતાંબર પાંચ દ્રવ્ય માને છે. કાળ દ્રવ્ય માનતા નથી. ખબર છે ને. એની અહીં વાત નથી. આહાહા..! બીજાને દુઃખ લાગે બિચારાને. શું થાય? સત્ય વસ્તુ તો આ છે. જેણે કાળદ્રવ્ય માન્યું નથી એ જૈન નથી. જૈનના મુખમાંથી તો છ દ્રવ્ય નીકળ્યા છે. વીતરાગ 'મહાવીર'ના મુખમાંથી તો છ દ્રવ્ય નીકળ્યા છે. આહાહા..! આકરી વાત છે. 'શાંતિભાઈ'! તમારો પંથ ક્યાંય રહી ગયો. આહાહા..!

મુમુક્ષુ :– ઉપરની ગાથામાં વદનારવિંદ લખ્યું છે.

ઉત્તર :– વદન-મુખ બેય એક જ છે. એ તો બધું એક જ છે. ભાષા એવી આવે. પણ વદનથી નીકળતું નથી, આખા શરીરથી નીકળે છે. સમજાય છે? આ તો ૐનો અનુભવ છે. આખા શરીરમાંથી ઊઠ્યો હતો. આખા શરીરમાંથી ૐ ઉઠ્યો હતો. શરીર બંધ, હોઠ બધું બંધ હતું. ૐ ધ્વનિ ઊઠ્યો અંદરથી. એ તો અહીં ઉઠ્યો. ભગવાનનું છે એ ઉઠ્યો હતો અંદરથી. આહાહા..! ભગવાનના મુખમાંથી જે ૐ નીકળે એ આખા શરીરમાંથી નીકળે છે. વદનથી અને મુખથી ને કથનશૈલી–જગતની શૈલી છે એ અપેક્ષાએ બોલાય છે. આહાહા..!

એ '**દ્રવ્યલિંગધારી...**' આહાહા..! નગ્નમુનિની વાત, હોં! નગ્નમુનિ છે, દિગંબર છે. રાજ છોડ્યા છે, પરદ્રવ્ય છોડ્યા છે, અંતર દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છ દ્રવ્યમાં ચિત્ત જોડે છે એ પરાધીન છે. કોઈ દિ' સાંભળ્યું નથી આ બાપ-દાદા પહેલા. આહાહા..! '**છ દ્રવ્યોમાં ચિત્ત જોડે છે. ક્યારેક...**' ક્યારેક ને? '**ક્યારેક તેમના મૂર્ત-અમૂર્ત ચેતન-અચેતન ગુણોમાં મન જોડે છે...**' છ દ્રવ્ય છે ને? એક ચેતન છે અને પાંચ અચેતન છે. એમાં મનને જોડે છે. આહાહા..! '**અને વળી ક્યારેક તેમના અર્થપર્યાયો...**' એની આકૃતિ વ્યંજનપર્યાય સિવાય. પ્રદેશગુણના વ્યંજનપર્યાય સિવાયના બધા ગુણોની અર્થપર્યાય. વ્યંજનપર્યાય પ્રદેશગુણની પર્યાય–વ્યંજન–દ્રવ્યની આકૃતિ. એમાં '**બુદ્ધિ જોડે છે,...**' અર્થ પર્યાયમાં અને વ્યંજનપર્યાયમાં બુદ્ધિને જોડે છે. આહાહા..!

'**પરંતુ ત્રિકાળ-નિરાવરણ, નિત્યાનંદ જેનું લક્ષણ છે...**' નિત્યાનંદ જેનું લક્ષણ છે. પર્યાય આનંદ એમ નહિ. '**નિત્યાનંદ જેનું લક્ષણ છે એવા નિજકારણસમયસારના સ્વરૂપમાં...**' અહીં નિજ આવ્યું. ઓલામાં એમ કીધું, સહજ. કીધું હતું ને ઓલામાં? સહજ કીધું હતું. '**નિજકારણસમયસારના સ્વરૂપમાં લીન સહજજ્ઞાનાદિ શુદ્ધગુણપર્યાયોના આધારભૂત...**' આહાહા..! નિજ કારણસમયસારના સ્વરૂપમાં લીન. કોણ લીન? નિજ કારણસમયસાર સ્વરૂપમાં કોણ લીન? '**સહજજ્ઞાનાદિ શુદ્ધગુણપર્યાયો...**' આહાહા..! એવા '**લીન સહજજ્ઞાનાદિ શુદ્ધગુણપર્યાયોના આધારભૂત...**' આહાહા..! આવી વાતું હવે ઉપદેશ... નિજ કારણસમયસાર એવો ભગવાન કાયમનો સમય, એમાં લીન. શું લીન? સ્વભાવિક જ્ઞાન, દર્શન, આનંદ શુદ્ધ

ગુણ પર્યાયો એમાં લીન છે, એ તો એકાકાર છે. આત્મામાં કારણસમયસારમાં ગુણ-પર્યાય તો એકાકાર-અભેદ છે. આહાહા..! એનો જે **'આધારભૂત નિજ આત્મતત્ત્વ...'** આહાહા..! **'નિજકારણસમયસારના સ્વરૂપમાં લીન સહજજ્ઞાનાદિ શુદ્ધગુણપર્યાયોના આધારભૂત નિજ આત્મતત્ત્વમાં ચિત્ત ક્યારેય જોડતો નથી,...'** આહાહા..!

મુમુક્ષુ :– પર્યાયને અંદર સમાવી દીધી.

ઉત્તર :– પર્યાય અભેદ લીન થઈ ગઈ છે. દ્રવ્યમાં લીન, દ્રવ્યમાં લીન.

મુમુક્ષુ :– શુદ્ધ ગુણ પર્યાય...

ઉત્તર :– દ્રવ્યમાં લીન. ભેદ નહિ. કામ કરે પર્યાયથી પણ છે બધું દ્રવ્યમાં લીન. દ્રવ્યથી જુદી કીધી છે. અહીં અત્યારે એ લેવી છે ને. લીન કીધીને?

**'સહજજ્ઞાનાદિ શુદ્ધગુણપર્યાયનો આધારભૂત નિજ આત્મતત્ત્વમાં ચિત્ત ક્યારેય જોડતો નથી, તે તપોધનને પણ તે કારણે જ...'** તેને તે જ કારણે **'(અર્થાત્ પર વિકલ્પોને વશ થતો હોવાના કારણે જ) અન્યવશ કહેવામાં આવ્યો છે.'** એ પણ પરાધીન, પરવશ છે, દુઃખી છે. એ વિકલ્પને વશ છે, આત્માને વશ નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૬૭, શ્લોક–૨૪૬, ગાથા-૧૪૫-૧૪૬, શુક્રવાર, જ્યેષ્ઠ સુદ ૧૪, તા.૨૭-૦૬-૮૦

---

૧૪૫ની **'ટીકા :– અહીં પણ અન્યવશનું સ્વરૂપ કહ્યું છે.'** આત્મા સિવાય પરદ્રવ્યની ક્રિયામાં માને છે અને દયા, દાન આદિમાં ધર્મ માને છે એ બધા મિથ્યાદૃષ્ટિ છે. દ્રવ્યલિંગધારી મુનિ નગ્ન હોય છે. પણ દ્રવ્યલિંગધારી છે અંદર ધર્મ નથી. અંતર સમકિત નથી. સમકિત વિનાનું નગ્નપણું એ મુનિપણું નથી. એ દ્રવ્યલિંગધારી છે. એ **'દ્રવ્યલિંગધારી (મુનિ) ક્યારેક છ દ્રવ્યોમાં ચિત્ત જોડે છે.'** ભગવાને કહેલા છ દ્રવ્યમાં ચિત્ત લગાવે છે એ તો રાગ છે. એ કોઈ ધર્મ નથી. આહાહા..! આકરી વાત છે.

છ દ્રવ્યો જે ભગવાને કહ્યાં, એમાં પણ જે ચિત્ત લગાવે છે એ પરવશ પરાધીન દુઃખી છે. એ રાગ છે અને રાગ છે એ દુઃખ છે, એ પરવશ છે. એને નિશ્ચય આવશ્યક, સત્ય આવશ્યક હોતા નથી. આહાહા..! **'ક્યારેક તેમના મૂર્ત-અમૂર્ત ચેતન-અચેતન ગુણોમાં મન જોડે છે...'** છ દ્રવ્યમાં ચેતન એક છે, પાંચ અચેતન છે. એમાં વિચાર અને મન લગાવે એ પણ પરાધીન છે, એ પણ રાગને આધીન છે. કેમકે પરાધીન થયો અને એક દ્રવ્યમાં ત્રણ ભેદ કરીને વિચાર કરે તો એને રાગ જ થાય, ધર્મ નથી થતો. આકરી વાત છે, ભાઈ! અત્યારે તો કાંઈ ઠેકાણા વિનાનું ચાલે છે. બહારની નગ્ન ક્રિયા કરે એ ધર્મ, એ મુનિ. અહીં તો હજી સમકિતી પણ નથી. આહાહા..! મુનિપણું તો ક્યાંય રહી ગયું. સમકિતી

છ દ્રવ્યમાં, છ દ્રવ્યના ગુણમાં ચિત્ત લગાવે તો પણ પરાધીન મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! એમાં ધર્મ માને તો એ ધર્મ છે નહિ. છ દ્રવ્યના, છ દ્રવ્ય ગુણના અને છ દ્રવ્યની પર્યાયના. પર્યાય આવી. જુઓ!

**'તેમના અર્થપર્યાયો...'** ક્યારેક એની-છ દ્રવ્યની પ્રદેશત્વગુણ સિવાય અનંતગુણની પર્યાયનો વિચાર કરે છે. ક્યારેક વ્યંજનપર્યાયનો વિચાર કરે છે, પ્રદેશત્વગુણનો પર્યાય આકાર એનો વિચાર કરે છે. **'પરંતુ ત્રિકાળ-નિરાવરણ, નિત્યાનંદ...'** આહાહા..! એમાં ચિત્ત લગાવે એ કોઈ ધર્મ નથી. છ દ્રવ્ય, છ દ્રવ્યના ગુણ અને છ દ્રવ્યની પર્યાય એ ત્રણેયમાં ચિત્ત લગાવે એ ધર્મ નથી. આહાહા..!

જગતને હજી તો સમ્યગ્દર્શન કોને કહેવું અને સમ્યગ્દર્શન કેમ ઉત્પન્ન થાય છે એની ખબર નથી અને મુનિપણું થઈ ગયું, નગ્નપણું લઈ લીધું. મુનિપણા વિના મોક્ષ થાય નહિ. પણ કયુ મુનિપણું? સમ્યગ્દર્શનમાં પહેલા અંતર આત્માના આનંદનો અનુભવ થાય છે. આહાહા..! છ દ્રવ્ય અને એના ગુણ-પર્યાયનો વિચાર છોડીને અંદરમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. સમ્યગ્દર્શન પ્રથમ ચોથે ગુણસ્થાને. આહાહા..! એના તો ઠેકાણા નહિ ને છ દ્રવ્યના વિચાર, ગુણ ને પર્યાયની ધારા ને (એના વિચાર કરે). આત્મા સિવાય પરદ્રવ્યની બધી ધારાના વિચાર કરે છે. અરે..! આત્મામાં પણ દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણ ભેદનો વિચાર કરે છે એ પણ પરાધીન છે, એ ધર્મી નહિ. આહાહા..! ગજબ વાત!

**'પરંતુ ત્રિકાળ-નિરાવરણ,...'** પ્રભુ આત્મા જે અંદર છે એ તો ત્રિકાળ નિરાવરણ છે. અંદર ચૈતન્યમૂર્તિ આત્મા જે છે એ તો ત્રિકાળ નિરાવરણ છે. **'નિત્યાનંદ જેનું લક્ષણ છે...'** જેમાં અતીન્દ્રિય આનંદનું નિત્યાનંદ લક્ષણ છે. આહાહા..! અંદર જે ભગવાનઆત્મા નિત્ય-આનંદ, અતીન્દ્રિય આનંદમૂર્તિ છે. એ અતીન્દ્રિય આનંદમાં તો દૃષ્ટિ લગાવતા નથી અને ત્રિકાળી નિરાવરણ પ્રભુ, એમાં દૃષ્ટિ લગાવતા નથી અને બહારની ક્રિયા પંચમહાવ્રત ને અઠ્યાવીશ મૂળગુણ ને દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારમાં ચિત્તને લગાવે એ પરાધીન છે. એને મુનિ નથી કહેતા. આહાહા..! અંદર છે કે નહિ?

**'નિત્યાનંદ જેનું લક્ષણ...'** પ્રભુ અંદર આત્મા વસ્તુ જે છે એ ત્રિકાળ નિરાવરણ છે, નિત્ય આનંદ લક્ષણ છે. અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય અમૃતથી ભરેલો છે. અને **'એવા નિજકારણસમયસાર..'** પોતાનો આત્મા નિજ કારણસમયસાર નામ ધ્રુવ નિત્યાનંદ ત્રિકાળી. પરદ્રવ્યનો પણ વિચાર નહિ, પોતામાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણનો પણ વિચાર નહિ, પોતાની એક સમયની પર્યાય તરફ પણ લક્ષ નહિ... આહાહા..! ત્રિકાળ નિરાવરણ નિત્યાનંદ ઉપર **'સમયસારના સ્વરૂપમાં...'** નિત્યાનંદ ત્રિકાળ નિરાવરણ એવો અંદર ભગવાનઆત્મા છે. એમાં **'લીન સહજજ્ઞાનાદિ શુદ્ધગુણપર્યાયોના આધારભૂત...'** જે સહજજ્ઞાન, ત્રિકાળી જ્ઞાન, ત્રિકાળી આનંદ, ત્રિકાળી શાંતિ, ત્રિકાળી પ્રભુતા એવા ગુણના આધારભૂત **'નિજ આત્મતત્ત્વ...'**

આહાહા..! ભગવાનના દર્શન કરવા કે ભગવાનની જાત્રા-બાત્રા કરવી એ બધો શુભરાગ છે. એ કંઈ ધર્મ નથી. આહાહા..! ઝીણી વાત બહુ. પોતાનો પણ ત્રણ પ્રકારનો ભેદ કરીને વિચાર કરવો. દ્રવ્ય ત્રિકાળી એના જ્ઞાનાદિ ગુણ અને પર્યાય એવા ત્રણ ભેદનો વિચાર કરવો એ પણ રાગ છે, એ ધર્મ નથી. આહાહા..! સમકિતદૃષ્ટિ ધર્મ એને કહે છે. પ્રથમ ચોથું ગુણસ્થાન. સમ્યક્ મુનિપણું તો આઘી વાત.

**'ત્રિકાળી નિરાવરણ નિત્યાનંદ જેનું લક્ષણ છે એવા નિજ કારણસમયસારના સ્વરૂપમાં લીન સહજજ્ઞાનાદિ શુદ્ધગુણપર્યાયોના આધારભૂત નિજ આત્મતત્ત્વમાં ચિત્ત ક્યારેય જોડતો નથી,...'** અજ્ઞાની પોતાનો આનંદસ્વરૂપ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો સાગર નાથ છે એમાં તો કદી ચિત્ત લગાવતો નથી અને દ્રવ્ય-ગુણ-પર્યાયમાં, પર દ્રવ્યમાં, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિમાં ચિત્ત લગાવે છે તો એને ધર્મ થતો નથી. આહાહા..! ગજબ વાત છે. માનવું કઠણ પડે. હજી માન્યતાના ઠેકાણા નથી ત્યાં મુનિપણું ક્યાંથી આવ્યું? અને મુનિપણા વિના મોક્ષ થાય નહિ. મુનિપણું પણ સમકિત વિના થતું નથી અને સમકિત પોતાના ત્રિકાળી દ્રવ્યના આશ્રય વિના થતું નથી. એ સમકિત કોઈ બહારના દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર કરવાથી કે સ્વદ્રવ્યનો વિચાર કરવાથી કે પરમાત્માની ભક્તિ, વિચાર અને જાત્રા કરવાથી બિલકુલ સમકિત થતું નથી. આહાહા..! એ તો રાગ છે, ભક્તિનો રાગ છે. આહાહા..! છે?

**'શુદ્ધગુણપર્યાયોના આધારભૂત...'** પવિત્ર ગુણ અને પવિત્ર પર્યાય, આનંદ ગુણ અને આનંદ દશા, એના આધારભૂત આત્મતત્ત્વ, એમાં ક્યારેય ચિત્ત નથી જોડતો. આહાહા..! એમાં–અંતર આનંદમાં ક્યારેય ચિત્ત નથી જોડતો. **'તે તપોધનને પણ...'** એ તપોધન મુનિ નગ્ન દિગંબર હોય તોપણ. **'કારણે જ (અર્થાત્ પર વિકલ્પોને વશ થતો હોવાના કારણે જ) અન્યવશ કહેવામાં આવ્યો છે.'** એ પરવશ છે. ધર્મ નથી. આહાહા..! એ અધર્મને વશ થયો છે. આહાહા..! દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણનો વિચાર કરવાથી અને છ દ્રવ્યનો વિચાર કરવાથી અને પરમાત્માની ભક્તિ, જાત્રા આદિ કરવાથી રાગ થાય છે, પરવશ થાય છે, દુઃખી થાય છે અને તેમાં ધર્મ માને તો મિથ્યાદૃષ્ટિ થાય છે. આહાહા..! આવી વાત છે.

આ આત્મા સિવાય કોઈપણ પદાર્થ, બીજો પદાર્થ ચાહે તો ભગવાન હોય અને ચાહે તો અન્ન, પાણી, આહાર, ઔષધ આદિ ચીજ હોય.. આહાહા..! એના ઉપર લક્ષ રહેવાથી રાગ ઉત્પન્ન થાય છે. એ પરાધીન છે. એ આત્મા પરાધીન છે, ધર્મી નથી. પરાધીન અધર્મ કરે છે એ તો. આહાહા..! પોતાનો જે ત્રિકાળી આનંદસ્વરૂપ લક્ષણ ભગવાન, એમાં ક્યારેય ચિત્ત જોડતો નથી. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' અનંતવાર મુનિ થયો, નગ્ન દિગંબર પંચમહાવ્રતધારી અનંતવાર થયો. હજારો રાણી છોડીને, કરોડો રૂપિયાની પેદાશ છોડીને, દુકાન છોડીને મુનિ થયો પણ મિથ્યાદૃષ્ટિ (રહીને). એ રાગની ક્રિયામાં ધર્મ માનનારા. આહાહા..! એ મુનિ તો નથી, સમકિતી પણ નથી. આવી વાત છે. જગતથી ઊંધી છે. આહાહા..!

પોતાનો આત્મા જે શુદ્ધ ગુણપર્યાયનો આધાર. આધાર, હોં! શુદ્ધ ગુણપર્યાયનો વિચાર એમ નહિ. શુદ્ધ ગુણપર્યાયનો (આધાર). શુદ્ધ પવિત્ર અનંતગુણ અને અનંતી પર્યાયનો આધાર જે આત્મા દ્રવ્ય વસ્તુ એકરૂપ ચીજ, એમાં ચિત્ત લગાવતો નથી અને એને છોડીને બીજે ચિત્ત લગાવે છે તો એને અધર્મ થાય છે, ધર્મ નથી થતો.

મુમુક્ષુ :– આ તો પ્રમાણનું દ્રવ્ય થયું. શુદ્ધ ગુણ પર્યાય.

ઉત્તર :– નહિ. પ્રમાણ-ફ્રમાણની અહીં વાત નથી. અહીં તો એકરૂપ વસ્તુ દ્રવ્યની દૃષ્ટિ નિશ્ચય એ સમ્યક્ (છે).

મુમુક્ષુ :– પર્યાય...

ઉત્તર :– પર્યાયનો વિચાર પણ નહિ. એકલું ત્રિકાળી દ્રવ્ય. કીધું નહિ? **'શુદ્ધગુણપર્યાયોના આધારભૂત નિજ...'** આત્મદ્રવ્ય. પર્યાય નહિ. શું કહ્યું? આકરી વાત છે, ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એનો માર્ગ કોઈ અલૌકિક છે. અત્યારે તો લોકોમાં ગડબડ (થઈ ગઈ છે). વ્રત, તપ ને ભક્તિ ને પૂજા ને જાત્રા એ ધર્મ.. ધર્મ... ધર્મ... ધર્મ... ધર્મ (છે). (એ તો) રાગ છે, વિકાર છે, એ ધર્મ નથી. આહાહા..!

અહીંયાં તો કહે છે કે શુદ્ધ ગુણપર્યાય નહિ, શુદ્ધ ગુણપર્યાયના આધારભૂત તત્ત્વ. સમજાણું કાંઈ? આહાહા..! **'શુદ્ધગુણપર્યાયોના આધારભૂત...'** એકરૂપ **'નિજ આત્મતત્ત્વ...'** ભગવાન પણ નહિ. નિજ આત્મતત્ત્વ. પોતાનું અંતરતત્ત્વ સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ આનંદ અને શુદ્ધ જ્ઞાનનો ગંજ-પિંડ, અતીન્દ્રિય આનંદનો પિંડ આત્મા અંદર છે. અતીન્દ્રિય આનંદ. વિષયનો આનંદ એ તો ઝેર છે. પાંચ ઇન્દ્રિયના વિષય, એનું જે સુખ કે કલ્પના છે એ તો કાળું ઝેર છે, કાળા નાગનું ઝેર છે. આહાહા..! અહીંયાં તો શુદ્ધ ગુણ અને પર્યાય એ નહિ. પણ શુદ્ધ ગુણપર્યાયનો આધાર આત્મા છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! એના ગુણ અને પર્યાય અને દ્રવ્ય–ત્રણનો વિચાર કરવો એ પરાધીન છે, આસ્રવ છે, રાગ છે. આ તો શુદ્ધ ગુણપર્યાયનો આધાર એકરૂપ જે વસ્તુ. આહાહા..! આવું સાંભળ્યું ન હોય એટલે કઠણ પડે. માર્ગ તો આવો છે. અત્યારે તો બધી ગડબડ થઈ ગઈ છે. બધા સંપ્રદાયમાં આ કરવું.. આ કરવું.. આ કરવું... વ્રત પાળવા ને વ્રત પાળવા એ ધર્મ છે. વ્રત તો આસ્રવ છે, આસ્રવ એ દુઃખ છે. દુઃખ એ ધર્મ નથી, અધર્મ છે. આહાહા..! ગજબ વાત છે, પ્રભુ!

અહીં તો પ્રભુ આત્મા એક સિવાય બીજાનો વિચાર કરવો અને બીજા ઉપર લક્ષ જવું, ચાહે તો ગીરનાર, સમ્મેદશિખર અને શેંત્રુજય અને ચાહે તો ત્રણલોકના નાથનું સમવસરણ (હોય), સમવસરણમાં જઈને ભગવાનની આરતી ઉતારે તો એ બધો રાગ છે, ધર્મ નથી. અનંતવાર એવું કર્યું છે. મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરનો કદી વિરહ હોતો નથી. ત્યાં અનંતવાર જન્મ્યો છે. દરેક જીવે ત્યાં અનંતવાર જન્મ લીધો છે. જન્મ લઈને ભગવાનના સમવસરણમાં પણ અનંતવાર ગયો છે. સમવસરણમાં જઈને ભગવાનની આરતી અનંતવાર

ઉતારી છે. આહાહા..! હીરા-રત્નની થાળી, કલ્પવૃક્ષના ફૂલ (લઈને આરતી ઉતારી). આહાહા..! એ શુભરાગ છે, ધર્મ નહિ.

જેટલો પરદ્રવ્ય(નો) આશ્રય થાય છે એ કોઈ ધર્મ નથી. સ્વદ્રવ્યનો આશ્રય થાય એનું નામ ધર્મ છે. બહુ ટૂંકી વાત આ છે. સાંભળ્યું પણ ન હોય કોઈ દિ'. બહારની પ્રવૃત્તિમાં ધર્મ માને. હજી તો સમકિતના ઠેકાણા નથી મુનિપણું ક્યાંથી આવ્યું? ઊંધી પ્રરૂપણા કરે છે કે ભગવાનના દર્શન કરવાથી ધર્મ થાય, જાત્રા કરવાથી ધર્મ થાય એ માન્યતા મિથ્યાદષ્ટિ અજ્ઞાનીની છે. એ જૈન નથી. એને જૈનની શ્રદ્ધા નથી. 'પંડિતજી'! આવી વાત છે, ભાઈ! 'વિજયભાઈ'! સમજાય છે કાંઈ? આકરી વાત છે. આહાહા..! પહેલા અહીં આવ્યા હતા? આહાહા..!

અરે..! અહીં આચાર્ય મહારાજ 'કુંદકુંદાચાર્ય' એમની ટીકા કરનાર 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ. આ મુનિ. એ ટીકા કરનાર છે. એ ટીકા કરનાર એમ કહે છે કે તારા દ્રવ્ય પદાર્થ સિવાય બીજા કોઈ પણ અરિહંત, પંચપરમેષ્ઠીનું લક્ષ કરીશ તો રાગ થશે. ધર્મ નહિ. આહાહા..! અને પંચમહાવ્રત ધારણ કરે એ પણ ધર્મ નથી અને પર જીવની હું દયા પાળી શકું એવી માન્યતા મિથ્યાદષ્ટિની છે. પરની દયા આત્મા પાળી શકતો નથી. પરદ્રવ્ય છે એને આત્મા અડતો નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. એને ઠેકાણે દયા પાળી શકું છું એમ માને એ મિથ્યાદષ્ટિ છે, જૈન નથી. એ તો જૈન નથી પણ એની દયાનો ભાવ આવ્યો એ રાગ છે. એ રાગ હિંસા છે. આત્માના સ્વરૂપની હિંસા છે. એ હિંસાને ધર્મ માને એ પણ જૈન નથી, મિથ્યાદષ્ટિ છે. કોઈ દિ' સાંભળી નહિ હોય એવી વાત છે.

અહીં તો ૪૫ વર્ષથી ચાલે છે. ૪૫ વર્ષ અહીં થયા. સમજાણું કાંઈ? ૪૦ અને ૫ = ૪૫ વર્ષ આ જંગલમાં થયા. ૪૫ વર્ષે આવ્યા હતા અને ૪૫ વર્ષ અહીં થયા. ૯૧ વર્ષ ચાલે છે. શરીરને ૯૧ મું વર્ષ ચાલે છે. ૯૦ અને ૧. ૯૧ સમજો છો? ઇક્યાનવે. ૯૦ ઉપર ૧. ૯૦ ઉપર ૧. ૪૫ વર્ષ અહીંયાં થયા અને ૪૫ વર્ષે આવ્યા. આ વાત તો ૪૫ વર્ષથી ચાલે છે. ૩૦ લાખ પુસ્તક તો બહાર પડી ગયા છે. ૨૨ લાખ અહીંથી અને ૮ લાખ 'જયપુર'થી. અને હવે ૭ લાખ 'મુંબઈ'થી બહાર પડશે. ઘણા પુસ્તકો બહાર પડે છે. પણ વાંચવા માટે નિવૃત્તિ નથી મળતી. આહાહા..! અને વાંચે તો પાછા એ પરદ્રવ્યથી લાભ થાય એવી માન્યતા કાઢે છે. આહાહા..! એ મિથ્યાત્વ છે. સાધુ થયા હોય તોપણ એ મિથ્યાદષ્ટિ છે, સાધુ નથી. પુણ્ય મહાવ્રતમાં ધર્મ મનાવે, માને તો મિથ્યાદષ્ટિ છે. કેમકે મહાવ્રત એ આસ્રવ છે અને આસ્રવ એ રાગ છે, રાગ છે એ દુઃખ છે. આહાહા..! એને ધર્મ મનાવે અને (એનાથી) ધર્મ થાય છે (એમ માને) એ જૈન નથી, મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે. આહાહા..! આવી વાત!

અહીં એ કહે છે. આત્મા સિવાય બીજી ચીજ નહિ. એ તો નહિ. હવે આત્મામાં

પણ દ્રવ્ય-ગુણ-પર્યાય એવા ત્રણ ભેદ પણ નહિ. પણ આત્મા જે છે એ શુદ્ધ ગુણ ત્રિકાળી પવિત્ર ગુણ અનંત છે અને એની પર્યાય છે એ ગુણ અને પર્યાયનું આધારભૂત તત્ત્વ એક છે. એક એના ઉપર દૃષ્ટિ નથી લગાવતા, એના ઉપર ચિત્ત નથી લગાવતા, એ ઉપર લક્ષ નથી કરતા તો એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આવી વાત છે.

**'શુદ્ધગુણપર્યાયોના આધારભૂત...'** એમાં એમ પણ આવ્યું કે આત્માની પર્યાયનો આધાર આત્મા છે. આત્માની પર્યાયનો આધાર બીજી ચીજ નથી. આવ્યું ને? શું કીધું? સમ્યગ્દર્શનની પર્યાય જ્યારે ઉત્પન્ન થાય તો પોતાના ત્રિકાળ આત્માના આધારે ઉત્પન્ન થાય છે. એ સમ્યગ્દર્શનની પર્યાય પરદ્રવ્યના અવલંબને કદી ઉત્પન્ન થતી નથી. સમ્યગ્દર્શનની પર્યાય અને ત્રિકાળી ગુણ, એ પર્યાય ને ગુણ પરના આધારે નથી. એ પર્યાય અને ગુણ પરને આધારે નથી. એ પર્યાય ને ગુણ પોતાના આધારે છે. આહાહા..! છે?

**'શુદ્ધગુણપર્યાયોના આધારભૂત...'** આહાહા..! આ તો સિદ્ધાંત છે. આ કાંઈ વાર્તા નથી, કથા વાર્તા નથી. ત્રિલોકનાથ સર્વજ્ઞ ભગવાન જિનેશ્વરદેવની દિવ્યધ્વનિ છે. સાક્ષાત્ ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. એમની પાસેથી આવ્યું છે. 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા. સંવત ૪૯. બે હજાર વર્ષ પહેલા. 'કુંદકુંદાચાર્ય' નગ્ન મુનિ આ પુસ્તક બનાવનાર ત્યાં ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. આઠ દિવસ રહીને ભગવાનને સમવસરણમાં સાંભળ્યા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા કે ભગવાન આમ કહે છે. હમણા કહેશે કે ભગવાન આમ કહે છે. નીચે આવશે.

**'આધારભૂત નિજ આત્મતત્ત્વમાં ચિત્ત ક્યારેય જોડતો નથી, તે તપોધનને પણ...'** એ મુનિ નગ્ન હોય તોપણ **'તે કારણે જ (અર્થાત્ પર વિકલ્પોને વશ થતો હોવાના કારણે જ) અન્યવશ કહેવામાં આવ્યો છે.'** પરવશ છે, પરાધીન છે. આહાહા..! પોતાનું ત્રિકાળી દ્રવ્ય ભગવાન, એકરૂપ શુદ્ધ ગુણપર્યાયના આધારભૂત તત્ત્વ દ્રવ્ય, એના ઉપર દૃષ્ટિ નથી કરતા, એની ઓળખાણ કરતા નથી, ત્યાં ચિત્ત લગાવતા નથી એ બધા પરવશ, પરાધીન મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આવી વાત છે. હવે આ કહેશે કે આ કહે છે કોણ? ઇ કહેશે કે આ વાક્ય છે કોનું?

**'જેમણે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મરૂપી તિમિરસમૂહનો નાશ કર્યો છે...'** એમનું આ વાક્ય છે. આહાહા..! જેમણે દર્શનમોહનીય–મિથ્યાત્વ, ચારિત્રમોહનીય–રાગ-દ્વેષ એ કર્મરૂપી તિમિર એટલે અંધકારસમૂહનો નાશ કર્યો છે. આહાહા..! એ પરમાત્માએ આ કહ્યું છે. આ કોઈની કલ્પનાની કે આચાર્યની કલ્પનાની વાત નથી. ત્રિલોકનાથ તીર્થંકરદેવ... આહાહા..! 'સીમંધરસ્વામી' કેવળી ભગવાન બિરાજે છે એમની આ વાણી છે. આહાહા..! દર્શનમોહનો નાશ કર્યો હોય, ચારિત્રમોહનો નાશ કર્યો હોય **'અને પરમાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન...'** પાછા એ પરમાત્મા થયા કઈ રીતે? પરમાત્મા થયા કઈ રીતે? કે **'પરમાત્મતત્ત્વની**

**ભાવનાથી ઉત્પન્ન...**' પોતાનું પરમસ્વરૂપ ભગવાનઆત્મા, નિર્મળાનંદ, એની ભાવના-એકાગ્રતા, એનાથી ઉત્પન્ન થયેલ '**વીતરાગસુખામૃતના...**' વીતરાગના આનંદના અમૃતને પીવો. એ ભગવાન કેવળી વીતરાગ આનંદને પીવે છે. આહાહા..!

'**વીતરાગસુખામૃતના...**' સુખરૂપી અમૃતના '**પાનમાં જે ઉન્મુખ (તત્પર) છે...**' અંતર આનંદના અનુભવમાં ભગવાન તત્પર છે. સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર વાણી કહેવામાં તત્પર છે એમ નહિ. આહાહા..! વાણી તો જડ છે. જડ તો જડને આધારે નીકળે છે. દિવ્યધ્વનિ પણ જડથી નીકળે છે. ભગવાન તો '**વીતરાગસુખામૃતના પાનમાં જે ઉન્મુખ (તત્પર) છે...**' છે? આહાહા..! ઇન્દ્રિયના વિષય દુઃખ-ઝેર છે. પોતાનો અતીન્દ્રિય આનંદસ્વભાવ આત્મા એ અતીન્દ્રિય આનંદઅમૃત વીતરાગી સુખ, વીતરાગી સુખ-અમૃત, એના પાનમાં જે તત્પર છે '**એવા શ્રમણો ખરેખર મહાશ્રમણો છે,...**' એવા સાધુને વાસ્તવિક સાધુ કહે છે. આહાહા..! 'વિજયભાઈ'! સમજાય છે? ઘરે પુસ્તકો તો ઘણા છે. અહીંથી ત્યાં પુસ્તકો તો ઘણા આવ્યા છે પણ ધંધા આડે નવરાશ ન મળે. આહાહા..! શું કહ્યું?

આ પોતાના સ્વદ્રવ્ય સિવાય પરમાત્મા કહે છે કે તું મારા ઉપર લક્ષ કરીશ તો તને રાગ થશે, ધર્મ નહિ થાય. અને તારામાં ત્રણ ભેદ પાડીશ (અર્થાત્) દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ ભાગ પાડીને વિચારીશ તો રાગ થશે. એમ કોણ કહે છે? કે જે '**ભગવાન પરમાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન વીતરાગસુખામૃતના પાનમાં જે ઉન્મુખ (તત્પર) છે એવા શ્રમણો ખરેખર મહાશ્રમણો છે,...**' એ સાધુ એ સાધુ છે. આહાહા..! એ સાધુને સાધુ કહે છે. વસ્ત્ર રાખે અને મુનિ માને એ મુનિ છે નહિ. વસ્ત્ર છોડીને નગ્ન થયા એ પણ મુનિ નથી. અંતર ચીજ દૃષ્ટિમાં લીધી નહિ, આત્માનો અનુભવ સમકિત થયા નહિ તો એ મુનિ નથી અને સમકિતી નથી. આહાહા..!

'**એવા શ્રમણો ખરેખર મહાશ્રમણો છે, પરમ શ્રુતકેવળીઓ છે;...**' આ શ્રુતકેવળી લીધા. કેવળી નથી લીધા. પરમશ્રુતકેવળી. '**તેઓ ખરેખર અન્યવશનું આવું (–ઉપર કહ્યા પ્રમાણે) સ્વરૂપ કહે છે.**' આહાહા..! શ્રુતકેવળી 'ગૌતમ' ગણધર અને એમના પછી જે પરંપરાએ શ્રુતકેવળી થયા. ત્યાં-મહાવિદેહમાં પણ શ્રુતકેવળી છે. પરમાત્મા પાસે પૂર્ણ શ્રુતકેવળી આત્માના આનંદમાં રહેનારા. એવા શ્રુતકેવળી છે '**તેઓ ખરેખર અન્યવશનું..**' પરવશનું. અંતર દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણનો વિચાર કરનાર પરવશનું આવું સ્વરૂપ કહે છે. આહાહા..! કોઈ વ્યક્તિની વાત નથી.

મહાશ્રુતકેવળી ગણધર ભગવાન પાસે સીધું સાંભળ્યું છે અને સીધું આત્મામાંથી પ્રાપ્ત કર્યું છે. આત્મામાંથી આત્માનો અતીન્દ્રિય આનંદનો સ્વાદ લીધો છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો સ્વાદ. આ સ્વાદ કેવો હશે? આ દૂધપાકનો સ્વાદ, આ સાકરનો સ્વાદ, ધૂળનો સ્વાદ એ સ્વાદ પણ આત્મા નથી લેતો. એ તો જડ છે. એ જડ ઉપર લક્ષ કરીને રાગ

કરે છે એ રાગનો સ્વાદ લે છે. પરનો સ્વાદ નહિ. આહાહા..! રોટલીનો, દાળ, ભાતનો, ચુરમાનો, લાડવાનો, સાકરનો એનો સ્વાદ ક્યારેય અજ્ઞાની આત્મા પણ નથી લેતો. એ તરફનું લક્ષ કરીને 'આ ઠીક છે' એવો રાગ કરે છે, એ રાગનો સ્વાદ છે. આહાહા..! શ્રમણને રાગરહિત આત્માના આનંદનો સ્વાદ છે. પર તરફનું લક્ષ છૂટી ગયું છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! પરમ સત્ય છે. આહાહા..! સાંભળવામાં કઠણ પડે.

પોતાની ચીજ છે. પોતાની ચીજ સિવાય બીજી ચીજ ભગવાન પંચપરમેષ્ઠીનો પણ વિચાર કરવામાં રોકાય તો રાગ છે. (એનાથી) પુણ્યબંધ થશે, ધર્મ નહિ થાય. એ તો નહિ થાય પણ પોતાના આત્મામાં દ્રવ્ય–વસ્તુ અને ગુણ–શક્તિ, પર્યાય–અવસ્થા, ત્રણનો વિચાર કરશે તોપણ ધર્મ નહિ થાય. આહાહા..! તોપણ રાગ થશે. ત્રણ થયા તો ત્રણના વિચારમાં રાગ થશે. ધર્મ નહિ થાય. સમકિત નહિ થાય. ત્રણનો વિચાર કરવાથી સમકિત નહિ થાય. પંચપરમેષ્ઠીનો વિચાર કરવાથી સમકિત નહિ થાય. પોતાના શુદ્ધ ગુણપર્યાયનો વિચાર કરવાથી સમકિત નહિ થાય. શુદ્ધ ગુણપર્યાયનો આધાર આત્મા છે. એની અંદર વિચાર કરવાથી સમકિત થશે. આહાહા..! આવી વાત છે. દુનિયાને આકરી લાગે. દુનિયામાં તો જ્યાં હોય ત્યાં વ્રત પાળો, વ્રત કરો, અહિંસા કરો, જીવની દયા પાળો, સત્ય બોલો, જૂઠું ન બોલો તો ધર્મ થશે. ધૂળેય ધર્મ નથી. પાંચમહાવ્રત ચોખ્ખા પાળે, એના માટે ચોકા કરીને આહાર લે તો તો મિથ્યાદૃષ્ટિ છે. ચોકા કરીને લે, એને માટે બનાવે અને દે અને સાધુ મનાવે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! અહીં તો કહે છે કે એના માટે (બનાવેલો) આહાર ન લે, ચોકા કરીને ન લે, નિર્દોષ લે, અંદર છ દ્રવ્યના વિચારમાં રોકાય, પર વિચારમાં ન રોકાય તોપણ તે અજ્ઞાની છે, મિથ્યાદૃષ્ટિ છે, પરવશ છે. આહાહા..! કેમકે રાગ ઉત્પન્ન થાય છે.

એક સ્વરૂપ ચિદાનંદ પ્રભુ! શુદ્ધ ગુણ અને શુદ્ધ પર્યાય અવસ્થા, હાલત, એને ધરનાર જે શુદ્ધ તત્ત્વ ભગવાન છે, એના ઉપર ચિત્ત લગાવવાથી સમ્યગ્દર્શન થાય છે. ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું સોપાન ત્યાંથી થાય છે. એ સિવાય એકડા વિનાના મીંડા છે. આહાહા..! કેટલાએ તો કદી સાંભળ્યું પણ નહિ હોય. આવી વાત અત્યારે ચાલતી નથી. ગડબડ-ગડબડ. ક્રિયા કરો, આ કરો... અને આ કરો... આ કરો... આ કરો. આહાહા..!

આ વાત કોણ કહે છે? આકરી વાત લીધી છે ને? કે પોતાના સિવાય પંચપરમેષ્ઠીનું ધ્યાન પણ રાગ છે. અને પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણનો વિચાર પણ રાગ છે. એ ત્રણેય રાગ તો ધર્મ કઈ રીતે થાય? તો કહે છે, આત્મા જે ત્રિકાળ શુદ્ધ ગુણપર્યાયનો આધાર દ્રવ્ય છે, એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડવાથી સમકિત થાય છે. એ કોણ કહે છે? મહાશ્રમણ કહે છે, શ્રુતકેવળી કહે છે. આહાહા..! છે?

**'પરમશ્રુતકેવળીઓ છે;...'** મહાશ્રમણ છે. **'તેઓ ખરેખર અન્યવશનું...'** પરાધીન જીવનું

એવું સ્વરૂપ કહે છે. આહાહા..! પરાધીન છે... પરાધીન છે. પોતાનો નિત્યાનંદ પ્રભુ, સહજાનંદસ્વરૂપ પ્રભુ, એની અંદર જાતો નથી અને અંતરનું અવલંબન લેતો નથી અને બહારની ક્રિયાકાંડમાં બધા ધર્મ માને છે એ પરાધીન મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :– પરમ સત્ય.

ઉત્તર :– પરમ સત્ય તો આ વાત છે. ભાઈ! આજ માને, કાલે માને, પછી માને. આ વસ્તુ માન્યા વિના એના જન્મ-મરણનો અંત નહિ આવે. દુનિયાની સિફારીશ ચાલે કે જાજા માનનારા આવા છે માટે સત્ય છે. સત્યને એવી સંખ્યાની જરૂર નથી. સત્યને જાજા માને તો સત્ય છે અને થોડા માને તો સત્ય નથી એમ નથી. સત્ય તો સત્ય જ છે. માનનાર એક હોય તોપણ સત્ય તો સત્ય જ છે. આહાહા..!

આ સત્ય ભગવાને કહ્યું છે. અનંત શ્રુતકેવળીઓ, ત્રિલોકનાથ પાસે સીધું સાંભળ્યું છે એવા શ્રુતકેવળી, ગણધર અનંત ગણધરોએ આમ કહ્યું છે કે પરદ્રવ્યનું ધ્યાન કરીશ તો રાગ થશે. તારામાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણનો ભેદ પાડીને ધ્યાન કરીશ તો રાગ થશે. આહાહા..! તારો આત્મા જે અંદર પરમાનંદની મૂર્તિ પ્રભુ, અતીન્દ્રિય આનંદનું ધામ, અતીન્દ્રિય જ્ઞાનનું ધામ, અતીન્દ્રિય શાંતિનું ધામ, અતીન્દ્રિય શાંતિનો સાગર–સમુદ્ર પ્રભુ છે. એવું જે તત્ત્વ-ચીજ છે, એમાં ભેદ પાડ્યા વિના એ તત્ત્વ ઉપર દૃષ્ટિ દેતાં સમકિત થાય છે. ધર્મની પહેલી સીઢી આમ થાય છે. ધર્મનું પહેલું સોપાન. આહાહા..! આ તો આખો દિ' બહારની ક્રિયા કરે, આ સામાયિક કરી, પોષા કર્યા. ક્યાં સામાયિક હતો? સમકિત વિના સામાયિક કેવી? સામાયિકમાં તો સમતાનો લાભ છે. સમતામાં વીતરાગનો લાભ છે. વીતરાગનો લાભ ક્યારે થાય? વીતરાગી આત્મામાં દૃષ્ટિ લગાવીને એકાગ્ર થાય તો વીતરાગનો લાભ થાય. આહાહા..! આ તો ભાન ન મળે કાંઈ અને પથરણા પાથરીને સામાયિક કરી, પોષા કર્યા, પડિક્કમણા કર્યા. બધો ભ્રમ છે. એ ધર્મ નથી. આહાહા..! માર્ગ આવો છે.

ભગવાન! અહીં તો ભગવાન તરીકે બોલાવે છે. આત્મા તો ભગવાન છે અંદર. 'સમયસાર'ની ૭૨મી ગાથામાં આત્માને ભગવાન કહીને બોલાવે છે. ભગવાન! તારામાં શુભ-અશુભભાવ થાય એ મલિન દુઃખ છે. એ તારી ચીજ નહિ, પ્રભુ! એમ કહે છે. ભગવાન કહે છે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ વિકલ્પ ઊઠે છે એ તો રાગ છે, દુઃખ છે. ભગવાન! એ તારું સ્વરૂપ નહિ. એમ ૭૨ ગાથામાં છે. 'સમયસાર'માં ભગવાન તરીકે બોલાવ્યો છે. આચાર્યોએ ભગવાન તરીકે બોલાવ્યો છે. તારું સ્વરૂપ ભગવાન છે. આહાહા..! અને તું ભગવાન થવાને લાયક છો. પણ તારી દૃષ્ટિ જ્યાં ભગવાન છે ત્યાં જતી નથી અને બીજામાં રહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ટીકાકારે કેવું કહ્યું કે, ભાઈ! આવી વાત મોંઘી છે, દુર્લભ છે એ અમે એકલા નથી કહેતા. શ્રુતકેવળીઓએ કહી છે. ભગવાન પાસે સીધા સાંભળનારા ગણધર. ત્યાં મહાવિદેહમાં

પરમાત્મા પાસે ગણધર બિરાજે છે. અહીં પણ 'મહાવીર' પાસે 'ગૌતમ' ગણધર હતા. એ બધા ગણધરો અનંત તીર્થંકરના જેટલા ગણધર શ્રુતકેવળી છે એ બધાનું આ કથન છે. આહાહા..! તેઓએ આ કહ્યું છે. કોઈ એક વ્યક્તિએ કહ્યું છે અને કલ્પનાએ કહ્યું છે, એવો કોઈ સંપ્રદાય બાંધવા માટે કહ્યું છે (એમ નથી). વસ્તુનું સ્વરૂપ આવું છે એમ ભગવાન ત્રિલોકનાથના શ્રુતકેવળીએ કહ્યું છે. આહાહા..!

**'(એવી રીતે (અન્યત્ર શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'**

**आत्मकार्यं परित्यज्य दृष्टादृष्टविरुद्धया।**
**यतीनां ब्रह्मनिष्ठानां किं तया परिचिन्तया।।**

**'શ્લોકાર્થ :– આત્મકાર્યને છોડીને...'** આહાહા..! શુદ્ધ ચૈતન્યગુણ અને પર્યાયને ધરનાર દ્રવ્ય એ વસ્તુના કાર્યને છોડીને, નિજ દ્રવ્યની દૃષ્ટિ છોડી તો પર્યાયનું કાર્ય થયું નહિ. આત્મકાર્ય તો પર્યાય છે. પણ આત્મદૃષ્ટિ કરી નહિ તો કાર્ય થયું નહિ. **'આત્મકાર્યને છોડીને...'** તારું આત્માનું કાર્ય એટલે મોક્ષમાર્ગની નિર્મળ પર્યાય છોડીને **'દૃષ્ટ તથા અદૃષ્ટથી વિરુદ્ધ એવી તે ચિંતાથી...'** ભગવાન આદિ ચીજ દેખવામાં આવે છે, નથી દેખાતી એવી ચીજ ધર્માસ્તિ આદિ એવી ચિંતા. એની ચિંતા. **'(–પ્રત્યક્ષ તથા પરોક્ષથી વિરુદ્ધ એવા વિકલ્પોથી)...'** આહાહા..! મહા **'બ્રહ્મનિષ્ઠ યતિઓને...'** બ્રહ્મ એટલે આનંદમાં લીન થનાર યતિ, મુનિને **'શું પ્રયોજન છે?'** બીજાનું શું પ્રયોજન છે? આહાહા..! પોતાના આત્માના આનંદનું કાર્ય કરવાનું છે. મુનિને બીજા કાર્યો છે જ ક્યાં? આહાહા..! એમ કહ્યું, જુઓ!

**'બ્રહ્મનિષ્ઠ યતિઓને...'** બ્રહ્મ એટલે આનંદ. અતીન્દ્રિય આનંદમાં લીન મુનિ છે તેમને **'શું પ્રયોજન છે?'** દૃષ્ટ અને અદૃષ્ટ પદાર્થના વિચારમાં રોકાવું... આહાહા..! શું કીધું? **'આત્મકાર્યને છોડીને દૃષ્ટ અને અદૃષ્ટથી વિરુદ્ધ...'** પોતાથી (અન્ય એવા) દૃષ્ટ અને અદૃષ્ટ પદાર્થો એ વિરુદ્ધ છે. પોતાથી પર એવા દૃષ્ટ કે અદૃષ્ટની ચિંતામાં રોકાવું એ વિરુદ્ધ છે. છે? **'આત્મકાર્યને છોડીને...'** પોતાનો પ્રભુ અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એના આનંદનું કાર્ય છોડીને **'દૃષ્ટ તથા અદૃષ્ટથી વિરુદ્ધ...'** પોતાના આત્માથી વિરુદ્ધ બધા. આહાહા..! દેખાય એ ચીજ કે અરૂપી ન દેખાય એ બધી ચીજ વિરુદ્ધ છે. આહાહા..!

**'એવી તે ચિંતાથી (–પ્રત્યક્ષ તથા પરોક્ષથી વિરુદ્ધ એવા વિકલ્પોથી) બ્રહ્મનિષ્ઠ યતિઓને શું પ્રયોજન છે?'** આહાહા..! પોતાની ચીજ આત્મા આનંદસ્વરૂપ બિરાજે છે. અતીન્દ્રિય આનંદનો ભંડાર છે. અંતરમાં આત્મા વીતરાગમૂર્તિ છે, વીતરાગસ્વરૂપ છે. એવા વીતરાગસ્વરૂપમાં લીન થનારા બ્રહ્મનિષ્ઠ, એને બીજાનું શું કામ? એને બીજાથી શું કામ? કે હું ઉપદેશ આપું તો દુનિયા સમજે અને આ ને તે... એનું તારે શું કામ છે? ઉપદેશ-વાણી જડ છે. અને એ સમજશે તો એની પર્યાયથી સમજશે. તારી ભાષાથી નહિ સમજે. આહાહા..! ભારે કામ છે. **'બ્રહ્મનિષ્ઠ યતિઓને શું પ્રયોજન છે?'** આહાહા..!

'વળી (આ ૧૪૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–'

## શ્લોક–૨૪૬

**तथा हि -**

(अनुष्टुभ्)

**यावच्चिन्तास्ति जन्तूनां तावद्भवति संसृतिः ।**
**यथेंधनसनाथस्य स्वाहानाथस्य वर्धनम् ।।२४६ ।।**

**[શ્લોકાર્થ :–] જેમ ઇન્ધનયુક્ત અગ્નિ વૃદ્ધિ પામે છે (અર્થાત્ જ્યાં સુધી ઇન્ધન છે ત્યાં સુધી અગ્નિની વૃદ્ધિ થાય છે), તેમ જ્યાં સુધી જીવોને ચિંતા (વિકલ્પો) છે ત્યાં સુધી સંસાર છે. ૨૪૬.**

## શ્લોક–૨૪૬ ઉપર પ્રવચન

હવે પોતે 'પદ્મપ્રભમલધારિદેવ' ટીકા કરનારા (શ્લોક કહે છે).

**यावच्चिन्तास्ति जन्तूनां तावद्भवति संसृतिः ।**
**यथेंधनसनाथस्य स्वाहानाथस्य वर्धनम् ।।२४६ ।।**

**શ્લોકાર્થ :- 'જેમ ઇન્ધનયુક્ત અગ્નિ વૃદ્ધિ પામે છે...'** ઇન્ધન. અગ્નિમાં ઇંધણ નાખવાથી અગ્નિ પ્રજ્વલિત થાય છે, અગ્નિ વૃદ્ધિ પામે છે. આહાહા..! અગ્નિમાં ઇન્ધન નાખવાથી અગ્નિ વૃદ્ધિ પામે છે. **'(અર્થાત્ જ્યાં સુધી ઇન્ધન છે ત્યાં સુધી અગ્નિની વૃદ્ધિ થાય છે), તેમ જ્યાં સુધી જીવોને ચિંતા (વિકલ્પો) છે...'** પરના **'ત્યાં સુધી સંસાર છે.'** આહાહા..! પોતાની ચિંતા કે પોતાના ભાવ સિવાય કોઈપણ વિકલ્પ આવે એ સંસાર છે. આહાહા..!

સંસાર આત્માથી ભિન્ન નથી રહેતો. સ્ત્રી, કુટુંબ, પૈસો, લક્ષ્મી, મકાન, સંસાર નથી, એ તો પર ચીજ છે. પરમાત્મા સંસાર તો એને કહે છે કે તારી ચીજથી વિરુદ્ધ તારી દૃષ્ટિ અને રાગ-દ્વેષ તારી પર્યાયમાં રહે છે એ સંસાર છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર એ તો પર ચીજ છે. એ સંસાર નથી. એ તારો અવગુણ છે એ તારી પર્યાયમાં છે. તારો અવગુણ–સંસાર કંઈ બહારમાં નથી. આહાહા..!

અહીં તો ત્યાં સુધી કહ્યું... આહાહા..! કે અગ્નિમાં જ્યાં સુધી લાકડા પડ્યા હોય ત્યાં સુધી અગ્નિ વૃદ્ધિ પામે છે. તેમ જ્યાં સુધી જીવને પરનું લક્ષ રહેશે... આહાહા..! જ્યાં સુધી અગ્નિમાં ઇન્ધન છે ત્યાં સુધી અગ્નિ પ્રગટશે. એમ જ્યાં સુધી આત્મામાં પરદ્રવ્ય

તરફનો વિકલ્પ રહેશે... આહાહા..! ત્યાં સુધી સંસાર છે. પરદ્રવ્ય તરફનો રાગ, ચાહે તો પંચપરમેષ્ઠી હોય, ત્રણલોકના નાથ ઉપર લક્ષ જશે તો રાગ ઉત્પન્ન થશે અને રાગ એ સંસાર છે. આહાહા..! સ્ત્રી, કુટુંબ એ તો પરદ્રવ્ય છે. એ તો તારી પાસે છે જ નહિ. સ્ત્રી, કુટુંબ, પૈસો, લક્ષ્મી, મકાન એ તો પરમાં છે. તારી પાસે તો પોતાના ચૈતન્યને ભૂલીને પરદ્રવ્યમાં તારું લક્ષ જાય છે અને પરદ્રવ્યના લક્ષમાં આ મારું છે, મારું છે એવી કલ્પના ઊઠે છે એ સંસાર છે. ત્યાં સુધી સંસાર છે. જ્યાં સુધી અગ્નિમાં લાકડી પડી છે ત્યાં સુધી અગ્નિ પ્રજ્વલિત છે. એમ આત્મામાં ચૈતન્ય-ચૈતન્ય અગ્નિ.. જ્યાં સુધી રાગ આવે છે ત્યાં સુધી રાગ સળગે છે, રાગ સળગશે. આહાહા..! ચૈતન્યપ્રભુ નહિ સળગે. આહાહા..!

આવી વાત સાંભળી ન હોય હજી. હવે એને સાંભળ્યા વિના સમજાય કેવી રીતે? આ ચોર્યાશીના અવતારમાં રખડવાનું. દુઃખી-દુઃખી છે ઇ. કીડા, કાગડા, ભૂંડ, નરક ને નારકીના ભવ અનંત કર્યા છે. અનંત અનંત ભવ કર્યા છે. આ ભવ, પહેલા ભવ. ભવ... ભવ.. ભવ... અનંત અનંત કર્યા. એ મિથ્યાત્વને લઈને. નિજ દ્રવ્યની દૃષ્ટિ છોડીને પરદ્રવ્યનો આશ્રય લઈને લાભ માન્યો એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! એ કારણે ચાર ગતિમાં અનંતા ભવ કરે છે, રખડે છે. આહાહા..! 'પદ્મપ્રભમલધારિદેવ' કડક છે. દૃષ્ટાંત કેવું કહ્યું!

**'ઇન્ધનયુક્ત અગ્નિ વૃદ્ધિ પામે છે...'** એમ આત્મામાં પોતાના સ્વભાવને છોડીને પરદ્રવ્યના વિકલ્પમાં રોકાશે તો સંસાર સળગશે. તને સંસાર ઉત્પન્ન થશે. જન્મ-મરણમાં જવું પડશે. આહાહા..! આવું સાંભળવા મળે નહિ એ કે દિ' વિચાર કરે? બધા કરો, વ્રત કરો, તપ કરો, અપવાસ કરો, આ કરો, બસ! એ કરો કરો ને કરો. મહાવ્રત લઈ લ્યો, મુનિપણું લઈ લ્યો, નગ્નપણું થઈ જાવ. પણ સમકિત વિના તારું નગ્નપણું દ્રવ્યલિંગ ધારણ છે. આહાહા..! આત્મજ્ઞાન વિનાની બધી ચીજ મિથ્યા ભ્રાંતિ છે. આહાહા..! ૨૪૬ થયો.

## ગાથા-૧૪૬

परिचत्ता परभावं अप्पाणं झादि णिम्मलसहावं।
अप्पवसो सो होदि हु तस्स दु कम्मं भणंति आवासं।।१४६।।

परित्यज्य परभावं आत्मानं ध्यायति निर्मलस्वभावम्।
आत्मवशः स भवति खलु तस्य तु कर्म भणन्त्यावश्यम्।।१४६।।

अत्र हि साक्षात् स्ववशस्य परमजिनयोगीश्वरस्य स्वरूपमुक्तम्।

यस्तु निरुपरागनिरंजनस्वभावत्वादौदयिकादिपरभावानां समुदयं परित्यज्य कायकरणवाचामगोचरं सदा निरावरणत्वान्निर्मलस्वभावं निखिलदुरघवीरवैरिवाहिनीपताकालुंटाकं

निजकारणपरमात्मानं ध्यायति स एवात्मवश इत्युक्तः। तस्याभेदानुपचाररत्नत्रयात्मकस्य निखिलबाह्यक्रियाकांडाडंबरविविधविकल्पमहाकोलाहलप्रतिपक्षमहानंदानंदप्रदनिश्चयधर्म-शुक्लध्यानात्मकपरभावश्यककर्म भवतीति।

પરભાવ છોડી, આત્મને ધ્યાવે વિશુદ્ધસ્વભાવને,
છે આત્મવશ તે સાધુ, આવશ્યક કરમ છે તેહને. ૧૪૬.

અન્વયાર્થ :– [ परभावं परित्यज्य ] જે પરભાવને પરિત્યાગીને [ निर्मलस्वभावम् ] નિર્મળ સ્વભાવવાળા [ आत्मानं ] આત્માને [ ध्यायति ] ધ્યાવે છે, [ सः खलु ] તે ખરેખર [ आत्मवशः भवति ] આત્મવશ છે [ तस्य तु ] અને તેને [ आवश्यम् कर्म ] આવશ્યક કર્મ [ भणन्ति ] (જિનો) કહે છે.

ટીકા :– અહીં ખરેખર સાક્ષાત્ સ્વવશ પરમજિનયોગીશ્વરનું સ્વરૂપ કહ્યું છે.

જે (શ્રમણ) નિરુપરાગ નિરંજન સ્વભાવવાળો હોવાને લીધે ઔદયિકાદિ પરભાવોના સમુદાયને પરિત્યાગીને, નિજ કારણપરમાત્માને—કે જે (કારણપરમાત્મા) કાયા, ઇન્દ્રિય અને વાણીને અગોચર છે, સદા નિરાવરણ હોવાથી નિર્મળ સ્વભાવવાળો છે અને સમસ્ત *દુરઘરૂપી વીર શત્રુઓની સેનાના ધ્વજને લૂંટનારો છે તેને–ધ્યાવે છે, તેને જ (–તે શ્રમણને જ) આત્મવશ કહેવામાં આવ્યો છે. તે અભેદ-અનુપચાર-રત્નત્રયાત્મક શ્રમણને સમસ્ત બાહ્યક્રિયાકાંડ-આડંબરના વિવિધ વિકલ્પોના મહા કોલાહલથી પ્રતિપક્ષ +મહા-આનંદાનંદપ્રદ નિશ્ચયધર્મધ્યાન તથા નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપ પરમાવશ્યક-કર્મ છે.

## ગાથા–૧૪૬ ઉપર પ્રવચન

૧૪૬.

परिचत्ता परभावं अप्पाणं झादि णिम्मलसहावं।
अप्पवसो सो होदि हु तस्स दु कम्मं भणंति आवासं।।१३५।।

નીચે શ્લોક.

પરભાવ છોડી, આત્મને ધ્યાવે વિશુદ્ધસ્વભાવને,
છે આત્મવશ તે સાધુ, આવશ્યક કરમ છે તેહને. ૧૪૬.

* દુરઘ = દુષ્ટ અઘ; દુષ્ટ પાપ. (અશુભ તેમ જ શુભ કર્મ બંને દુરઘ છે.)

+ પરમ આવશ્યક કર્મ નિશ્ચયધર્મધ્યાન તથા નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપ છે–કે જે ધ્યાનો મહા આનંદ-આનંદના દેનારાં છે. આ મહા આનંદ-આનંદ વિકલ્પોના મહા કોલાહલથી વિરુદ્ધ છે.

**'ટીકા :– અહીં ખરેખર સાક્ષાત્ સ્વવશ...'** આત્માને વશ **'પરમજિનયોગીશ્વરનું સ્વરૂપ કહ્યું છે.'** મુનિ તો આત્માને વશ થયા છે. મુનિ એ પંચમહાવ્રત અને રાગની, દેહની ક્રિયામાં નથી. આહાહા..! નગ્નપણું એ તો જડની ક્રિયા છે. પંચમહાવ્રત એ આસ્રવ દુઃખની ક્રિયા છે. આહાહા..! મુનિ એમાં રહેતા નથી. આહાહા..! કહે છે કે **'અહીં ખરેખર સાક્ષાત્ સ્વવશ પરમજિનયોગીશ્વરનું...'** પરમજિનયોગીશ્વર. આત્મા આત્મામાં લગાવવો. લગની લગાવી અંદર એકાગ્ર થવું. અતીન્દ્રિય વીતરાગતા અને અતીન્દ્રિય જ્ઞાન-આનંદ, એમાં પરમ ઉત્કૃષ્ટપણે લીનતા થવી એ મુનિપણું છે. બાકી તો બધા વેષધારી દ્રવ્યલિંગી છે. આહાહા..!

**'જે (શ્રમણ) નિરુપરાગ નિરંજન સ્વભાવવાળો હોવાને લીધે ઔદયિકાદિ પરભાવોના સુમદાયને પરિત્યાગીને,...'** આહાહા..! શું કહે છે? એથી વધારે લીધું. જે મુનિ પોતાનો નિરુપરાગ–રાગરહિત નિરંજન સ્વભાવવાળા એવો પ્રભુ, એવો હોવાને કારણે ઔદયિકાદિ... આહાહા..! રાગનો ઉદયભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવ. **'ઔદયિકાદિ પરભાવોને સમુદાયને પરિત્યાગીને,...'** આહાહા..! આઘા ગયા. પરદ્રવ્યનું લક્ષ છોડીને પછી દ્રવ્યનો ભેદ છોડવો, હવે કહે છે કે... આહાહા..! તારી પર્યાયમાં જે ઔદયિકભાવ થાય છે, ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, એને પણ છોડીને ત્રિકાળી તત્ત્વની દૃષ્ટિ કરવી. આહાહા..! એક સમયમાં ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ સચ્ચિદાનંદ – સત્ ચિદાનંદ આત્મા ધ્રુવ બિરાજે છે... આહાહા..! પર્યાયનું લક્ષ છોડી ત્રિકાળીનું લક્ષ કરવું અને દૃષ્ટિ ત્યાં લગાવવી. એ સ્વવશ પ્રાણી છે, એ સ્વાધીન છે અને તેને ધર્મ થાય છે. પરને વશ થાય છે તેને ધર્મ થતો નથી. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૧૬૮, શ્લોક--૨૪૭ થી ૨૪૯, ગાથા-૧૪૬, શનિવાર, જ્યેષ્ઠ સુદ ૧૫, તા.૨૮-૦૬-૮૦**

---

'નિયમસાર' ૧૪૬-ગાથા. એની **'ટીકા :– અહીં ખરેખર સાક્ષાત્ પરવશ પરમજિનયોગીશ્વરનું સ્વરૂપ કહ્યું છે.'** **'જે (શ્રમણ) નિરુપરાગ નિરંજન...'** આહાહા..! અંદર તત્ત્વની વાત છે ને? બહારથી તો કાંઈ કરી શકતો નથી. એક લુગડું પહેરવું કે ઓઢવું એ આત્મા કરી શકતો નથી. આહાહા..! લુગડું ઓઢવું કે પહેરવું કે આમ (થાય) એ જડની ક્રિયા આત્મા કરી શકતો નથી. આહાહા..! હવે એનાથી પાર હવે અહીં તો પાછી (વાત છે). વિકલ્પ છે એ પણ આત્માનું કર્તવ્ય નથી. આવશ્યક છે ને? અવશ્ય કર્તવ્ય છે એનું. શું?

**'નિરુપરાગ નિરંજન સ્વભાવવાળો હોવાને લીધે...'** આહાહા..! જેમાં જરીએ રાગ નથી. શુભ કે અશુભ રાગ. ક્રિયા તો નથી. આ હાલવાની, ચાલવાની, કપડા પહેરવાની, ઓઢવાની. આ કપડું પહેરે ત્યારે રહે તેમ રહેતું હશે? આહાહા..! ભારે વાત, ભાઈ! એ કરી શકતો નથી, કહે છે. કપડાને આમ પાકુ બાંધવું તો રહે એ આત્માની ક્રિયા જ નથી. ઝીણી વાત

છે, ભાઈ! આહાહા..! અહીં તો રાગની ક્રિયા પણ એની નથી. જરી રાગ થાય એ ક્રિયા એની નથી. આહાહા..! નિરુપરાગ–જેમાં રાગ જ નથી. ભગવાન ચૈતન્ય ધ્રુવ નિત્યાનંદ પ્રભુ... આહાહા..! જેની દૃષ્ટિમાં રાગ વિનાની નિરુપરાગ ચીજ દૃષ્ટિમાં પડી એની આ વાત ચાલે છે. એ સ્વવશ છે. બાકી બધા પરવશ છે. આહાહા..!

**'નિરુપરાગ નિરંજન...'** જેમાં અંજન કાંઈ નથી, મેલ નથી. ભગવાન આત્મતત્ત્વ નિર્મળાનંદ પ્રભુ, જેમાં રાગ નથી, મેલ નથી. **'નિરંજન સ્વભાવવાળો હોવાને લીધે...'** આહાહા..! એ તો મલિન અને મેલ ને રાગના અભાવવાળો હોવાને લીધે **'ઔદયિકાદિ પરભાવોના સમુદાયને પરિત્યાગીને,...'** ઓહોહો..! બહારની ક્રિયા શરીરની અને કપડાની અને લુગડાની, પીવાની ને રાંધવાની ને ખાવાની એ બધી ક્રિયા તો જડની છે. આહાહા..! પણ અહીં તો કહે છે કે પ્રભુ છે એના ચાર ભાવ એમાં નથી. પર્યાયમાં એના ભાવ. ઉદયભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવ ચાર પર્યાય જે છે (એ એનામાં નથી). આહાહા..! ક્યાં જીવને પહોંચવું!

**'નિરુપરાગ નિરંજન સ્વભાવવાળો હોવાને લીધે ઔદયિકાદિ પરભાવોના...'** એ પરભાવ છે. આહાહા..! સ્વરૂપ પ્રત્યક્ષ, સ્વભાવે પ્રત્યક્ષ એ સિવાયના ચાર ભાવ એ પરભાવ છે. આહાહા..! રાગ તો પરભાવ છે, શુભરાગ અને અશુભરાગ પણ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ પણ પરભાવ છે. કેમકે એ પર્યાય છે. એ ત્રિકાળી ચીજ નથી. આહાહા..! આવી આકરી વાત છે. **'ઔદયિકાદિ પરભાવોના...'** પરભાવ. જેમાં ક્ષાયિકભાવ નથી. આહાહા..! પરમસ્વભાવભાવ ધ્રુવભાવ, નિત્યભાવ અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ, એમાં ક્ષાયિકભાવની પર્યાયનો પણ અભાવ છે. ઉદયમાં રાગનો તો અભાવ છે, ઉપશમભાવનો તો અભાવ છે. રાગને દાબી દેવો એ પણ આત્મામાં નથી. આહાહા..! તેમ રાગનો ક્ષય કરવો એ પણ આત્મામાં નથી. તેમ જ્ઞાનાવરણીય આદિનો ક્ષયોપશમ કરવો અને એથી ક્ષયોપશમભાવ થાય એ આત્મામાં નથી. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદનો સાગર નાથ, જેને ક્ષાયિકભાવ પણ અડતો નથી. આહાહા..! એને પણ અહીંયાં પરભાવ કીધો છે. તો રાગ તો પરભાવ છે. શરીર, વાણી, મન, કપડા, બપડા, ફપડા, ધૂળ આ બધું તો પર છે. આહાહા..!

જેને કલ્યાણ કરવું છે એણે **'ઔદયિકાદિ પરભાવોના સમુદાયનો..'** પરિત્યાગ કરવો જોઈએ. આહાહા..! પર્યાયનું લક્ષ છોડી દેવું જોઈએ, એમ કહે છે. વસ્તુ દ્રવ્ય અને પર્યાય બે સ્વરૂપે છે પણ પર્યાયનો ત્યાગ કરવો જોઈએ તો દૃષ્ટિ દ્રવ્ય ઉપર જશે. આહાહા..! બહારની ક્રિયાની તો વાત જ ક્યાંય રહી ગઈ. આ ટોપી-બોપી સરખી પહેરવી ને.. એ ક્રિયા આત્માની છે જ નહિ. આ ભાવ રાગ તો (એનો) નથી પણ ઉપશમ-ક્ષયોપશમ ભાવ પણ એનો નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આ તો 'નિયમસાર' છે. આહાહા..!

એ **'ઔદાયિકાદિ પરભાવોના સમુદાયને...'** સમુદાય એટલે ચાર ભાવ થયા ને? એને **'પરિત્યાગીને,...'** ત્યાગીને કહ્યું નથી. પરિત્યાગીને સમસ્ત પ્રકારે તેનું લક્ષ છોડી દઈને. આહાહા..! એકલો ધ્રુવ ચૈતન્ય ત્રિકાળી અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનથી સર્વાંગ પૂર્ણ ભરેલો પ્રભુ, એ સિવાય ચાર ભાવનો પરિત્યાગ–સમસ્ત પ્રકારે લક્ષ છોડી દે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! ચાર ભાવના સમુદાયનો પરિત્યાગ. સમુદાય એટલે આ સમુદાય, હોં! આ બહારનો સમુદાય એ નહિ. આહાહા..! આત્મદ્રવ્યમાં પર્યાયના જે ચાર પ્રકાર ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એને અહીંયાં સમુદાય કીધો છે. એ સમુદાયને પરિત્યાગીને. આહાહા..!

**'નિજ કારણપરમાત્માને—'** નિજ કારણપરમાત્મા. જે સ્વરૂપે પ્રત્યક્ષ છે, સ્વભાવે પ્રત્યક્ષ છે. સ્વરૂપે પ્રત્યક્ષ હોવાને લાયક જ છે. આહાહા..! **'નિજ કારણપરમાત્માને—'** નિજ કારણપરમાત્મા. ત્રિલોકનાથ તીર્થંકર પણ નહિ. એ પણ પરદ્રવ્ય છે. જ્યાં ચાર ભાવને પરદ્રવ્ય કીધા. પહેલા આવી ગયા છે. ક્ષાયિકભાવ આત્મામાં નથી. પહેલા આવી ગયા છે. આ 'નિયમસાર'માં. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ આત્મામાં નથી. આહાહા..! તો આ તમારા હીરા-માણેક ક્યાં હતા? આહાહા..!

અહીં તો કહે છે કે કપડાને અડતો નથી, એ હીરા-માણેકને અડતો નથી, પ્રભુ! આ વાત બેસવી... આહાહા..! પોતાની ચીજ સિવાય પર ચીજને તો અડતો પણ નથી. તો પછી એ એની ક્રિયા કરી શકે એ વાત તો છે નહિ. પણ એનામાં થતાં ચાર ભાવ, એની પર્યાયમાં થતાં ચાર ભાવ... આહાહા..! એને પરિત્યાગી–સમસ્ત પ્રકારે લક્ષ છોડી દઈ. આહાહા..! એ પર્યાયનું એટલે અવસ્થાનું. ચાર પ્રકારની જે અવસ્થા છે એને સર્વથા પ્રકારે છોડી દઈ કારણપરમાત્માને, એ કારણપરમાત્મા ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ છે. આહાહા..! અંતર આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પૂર્ણાનંદથી ભરેલો છે.

**'કે જે (કારણપરમાત્મા) કાયા, ઇન્દ્રિય અને વાણીને અગોચર છે,...'** ભગવાનઆત્મા કાયાની ક્રિયાથી અગમ્ય છે. આહાહા..! ઇન્દ્રિયની ક્રિયાથી અગમ્ય છે. દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયથી પણ અગમ્ય છે. આહાહા..! જડઇન્દ્રિય અને ભાવઇન્દ્રિય જે ક્ષયોપશમ છે એનો જેમાં અભાવ છે. એને અને વાણીને અગચોર છે, વાણીને અગમ્ય છે. આહાહા..!

એકકોર એમ કહેવું કે મોક્ષનું કારણ સુબોધ છે. ભાઈ! આવે છે ને? અને સુબોધ તે સુશાસ્ત્રથી થાય છે. અને સુશાસ્ત્ર આપ્તપુરુષથી થાય છે. માટે... આહાહા..! ધર્મીએ ધર્મી જીવનો, જેનાથી મળ્યું તેનો ઉપકાર ન છોડવો. એમ પહેલું આવ્યું છે. પાંચમી ગાથા. પાંચમી છે ને?

મુમુક્ષુ :– છઠ્ઠી ગાથા. ૧૬મું પાનું.

ઉત્તર :– કેટલામું? ૧૬મું પાનું એમ ને? આહાહા..!

**'ઇષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે...'** આહાહા..! સમ્યગ્જ્ઞાન વિના ઇષ્ટ ફળ મળતું નથી. સાચા જ્ઞાન વિના ક્રિયાકાંડ વડે કરીને કાંઈ મળતું નથી. એ **'ઇષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે (અર્થાત્ મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે),...'** એ એનો અર્થ કર્યો. **'સુબોધ સુશાસ્ત્રથી થાય છે,...'** એ સમ્યગ્જ્ઞાન સુશાસ્ત્રથી થાય છે. **'સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે;...'** આહાહા..! ચોથે ગુણસ્થાને પણ આપ્ત લીધા છે. 'દીપચંદજી'એ 'અધ્યાત્મ પંચ સંગ્રહ'માં. **'માટે તેમના પ્રસાદને લીધે...'** આહાહા..! પરને લઈને કાંઈ ન થાય, ત્યારે અહીં તો તેમના પ્રસાદને લીધે એમ કીધું છે. આહાહા..! વ્યવહારનું વાક્ય છે. સદ્ભુત વ્યવહારનું.

**'તેમના પ્રસાદને લીધે આપ્ત પુરુષ બુધજનો વડે...'** ધર્માત્મા આપ્ત પુરુષ છે એ **'પૂજવાયોગ્ય છે. (અર્થાત્ મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી...)'** આ પ્રસાદ કીધું ને? આહાહા..! એકકોર કહ્યું કે મુક્તિને કોઈની અપેક્ષા (નથી), ક્ષાયિકભાવની પણ નથી. આહાહા..! **'મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજનીય છે), કેમ કે કરેલા ઉપકારને સાધુ પરુષો (સજ્જનો) ભૂલતા નથી.'** આહાહા..! માથે છે ને? **'न हि कृतमुपकारं साधवो विस्मरन्ति।।'** આહાહા..! એકકોર ઉપકાર કહેવો અને એક બાજુ કહેવું કે ક્ષાયિકભાવ આત્મામાં નથી. આહાહા..! નિમિત્તનું જ્ઞાન કરાવે છે. વ્યવહાર છે ને? વ્યવહાર વ્યવહારે વંદનીક છે ને? વ્યવહારે વ્યવહાર વંદનીક ન હોય તો ભગવાનને વંદન કરવું એ પણ રહેતું નથી. આહાહા..! પણ નિશ્ચયમાં તો અંતર ભગવાન કારણપરમાત્મા... આહાહા..! છે ને? અહીં તો એ આવ્યું ને ઉપકાર ભૂલતા નથી. અહીં આવ્યું. ૧૪૬ આવ્યું ને?

**'નિજ કારણપરમાત્માને—કે જે (કારણપરમાત્મા) કાયા, ઇન્દ્રિય અને વાણીને અગોચર છે,...'** વાણી સાંભળવાથી પણ અગમ્ય છે. અને ઓલામાં એમ કહ્યું કે વાણી સાંભળવાથી સુબોધ થાય છે. કઈ અપેક્ષાથી કથન છે? આહાહા..! **'કાયા, ઇન્દ્રિય અને વાણીને અગોચર છે,... સદા નિરાવરણ હોવાથી...'** અંતર ભગવાનઆત્મા ત્રિકાળી દ્રવ્યસ્વભાવ નિરાવરણ છે. ત્રિકાળી વસ્તુને આવરણ નથી. આહાહા..! ક્ષાયિકભાવ જેમાં નથી તો વળી આવરણ-ફાવરણ ક્યાં આવ્યા? આહાહા..!

**'સદા નિરાવરણ હોવાથી નિર્મળ સ્વભાવવાળો છે...'** ભગવાનઆત્મા અંદર તો નિર્મળ સ્વભાવવાળો છે. આહાહા..! પૂર્ણાનંદનો નાથ નિર્મળ આનંદ અને નિર્મળ શુદ્ધથી ભરેલો ભગવાન છે અંદર. આહાહા..! પર્યાય ઉપર દૃષ્ટિવાળાને પર્યાયથી એની નજરું કરવાની છે એ નિધાનની, એ નજર ન કરે અને પર્યાય ઉપર નજર અને પર્યાયથી બહારમાં નજર જાય તો એમાં એ કાંઈ દેખાય નહિ. આહાહા..! **'નિર્મળ સ્વભાવવાળો છે અને...'** તે પ્રભુ અંદર... આ આવશ્યકની વાત ચાલે છે. અવશ્ય કરવા લાયક આ છે. બાકી બધું કરવા લાયક બહારનું-ફહારનું છે નહિ, એમ કહે છે. આહાહા..! નિશ્ચય પરમાવશ્યક છે ને? અવશ્ય-

જરૂરી કરવાનું હોય તો આ છે. બાકી બધી બહારની વાતુંમાં... આહાહા..! મીંડા વાળવા જેવું છે.

ટીકાકારે શાસ્ત્રના લખાણ કર્યા અને બોલ્યા કે, ભાઈ! ટીકા મેં કરી નથી, હોં! આહાહા..! હું તો અંતર જ્ઞાનમાં હતો. એ તો અંદર બની ગઈ છે. હું તો જ્ઞાનસ્વરૂપમાં ગુપ્ત છું. આહાહા..! 'પંડિતજી'! ટીકા થઈને? ટીકાનો અર્થ પછી પાછળથી કર્યો. શબ્દથી ટીકા થઈ ગઈ છે. મારાથી થઈ જ નથી. હું તો સ્વરૂપગુપ્ત છું. હું તો જ્ઞાનમાં ગુપ્ત છું. જ્ઞાન બહાર નીકળતો નથી. જ્ઞાન રાગમાં આવતું નથી, જ્ઞાન વાણીમાં આવતું નથી. જ્ઞાન ગુપ્ત છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'સમસ્ત દુરઘરૂપી વીર શત્રુઓની સેનાના ધ્વજને લૂંટનારો છે...'** કેવો છે પ્રભુ અંદર દ્રવ્યસ્વભાવ? દુરઘ. પુણ્ય અને પાપ બેય દુરઘ. અઘ-પાપ. શુભ અને અશુભ બેય દુરઘ-પાપ છે. આહાહા..! 'યોગીન્દ્રદેવે' તો કહ્યું ને! સવારમાં આવ્યું હતું. 'પાપ કો પાપ તો સહુ કહે પણ અનુભવી પુણ્ય કો પાપ કહે.' શુભભાવ વિકલ્પ છે એ પાપ છે. આહાહા..! કેવો છે પ્રભુ અંદર? દુરઘ–અઘ એટલે પુણ્ય અને પાપરૂપી વીર, મહા વીર અનાદિથી જીતે છે. શત્રુઓની સેનાના ધજાને લૂંટનારો છે. આહાહા..! ચૈતન્યમૂર્તિ અંદર ભગવાનઆત્મા શુભ અને અશુભના સમુહને લૂંટનારો છે. કરનારો ને નાશ કરનારો એ નહિ. કરનારો પણ નહિ અને નાશ કરનારો પણ નહિ. આહાહા..! આવી વાત.

એને જે **'ધ્યાવે છે,...'** આવા આત્માને જે ધ્યાનમાં લઈને... આહાહા..! એનું જે ધ્યાન કરે છે, આવો આત્મા જે દુરઘ-પુણ્ય અને પાપને લૂંટનારો, ચાર ભાવ રહિત એવો જે ભગવાનઆત્મા એને જે ધ્યાવે છે **'તેને જ (–તે શ્રમણને જ) આત્મવશ કહેવામાં આવ્યો છે.'** તેને આવશ્યક-અવશ્ય ક્રિયા એણે કરી. આત્મવશ એને કહેવામાં આવે છે. આહાહા..! અહીં તો હજી બહારની ક્રિયા કાંઈ.. કપડા પહેરવા, કપડા ધોવા, એને વળી આ કરવા, એવું આવે છે. નિશિથમાં, નિશિથ સૂત્ર છે ને? એમાં. મુનિને આટલા કપડા હોય અને એ પછી ધોવા, રંગવા નહિ. રંગવા નહિ. કપડા પાણીથી ધોવા. અરે..! એ વાણી ભગવાનની નથી. એ વાણી ભગવાનની નથી. આહાહા..! વસ્ત્રનો ટુકડો પણ રાખે અને એને રંગે ને પહેરે એને મુનિ માને એ સમકિતી નથી. આહાહા..! મિથ્યાદષ્ટિ છે. આહાહા..!

અહીં તો પ્રભુ ચાર ભાવથી રહિત એનું જે ધ્યાન કરે છે તે આત્મવશ છે. આહાહા..! તેને આત્મવશ (કહીએ). આત્મા ચાર ભાવ રહિત, પુણ્ય-પાપનો લૂંટનારો એવો જે દ્રવ્યસ્વભાવ, એને વશ થયો તે આત્મવશ છે. તે આત્માને તાબે છે. આહાહા..! આવી વાત. અજાણ્યા માણસને તો લાગે કે આ શું છે! આ કઈ આવી વાત! આખો દિ' આપણે આ બધું કરીએ છીએ ને. આહાહા..!

**'આત્મવશ કહેવામાં આવ્યો છે. તે અભેદ-અનુપચારરત્નત્રયાત્મક શ્રમણને...'** તે સાધુને

શું છે? અભેદ અનુપચાર રત્નત્રય. અભેદ અનુપચાર રત્નત્રય એટલે? કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અભેદ છે. એ આત્માની સાથે અભેદ છે. અભેદ અનુપચાર છે. ત્રણ નથી. ત્રણ એક છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય આત્મા સાથે અભેદ છે. તેથી અભેદ-અનુપચાર રત્નત્રયાત્મક, એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા..! એને રત્નત્રય કહેવામાં આવે છે.

એવા **'શ્રમણને સમસ્ત બાહ્યક્રિયાકાંડ–આડંબરના...'** આહાહા..! બાહ્યક્રિયાકાંડ... આહાહા..! એનો જે આડંબર. એના **'વિવિધ વિકલ્પોના મહા કોલાહલથી...'** આહાહા..! બાહ્ય પદાર્થના લક્ષે ઉત્પન્ન થતાં કોલાહલ વિકલ્પો. આહાહા..! એના **'મહા કોલાહલથી પ્રતિપક્ષ...'** એવા વિકલ્પથી, રાગથી વિરુદ્ધ. પર તરફના વલણવાળા વિકલ્પથી પરાધીન નથી. એનાથી વિરુદ્ધ છે. આહાહા..! એને એ વિકલ્પ થતા નથી. આહાહા..! **'મહા-આનંદાનંદ...' 'પરમ આવશ્યક કર્મ નિશ્ચયધર્મધ્યાન તથા નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપ છે—કે જે ધ્યાનો મહા આનંદ-આનંદના દેનારા છે. આ મહા આનંદ-આનંદ વિકલ્પોના મહા કોલાહલથી વિરુદ્ધ છે.'** આહાહા..! અતીન્દ્રિય જે આનંદ. મહાઆનંદનો આનંદ એટલે ત્રિકાળી. મહા આનંદનો આનંદ... આહાહા..!

**'બાહ્યક્રિયાકાંડ-આડંબરના વિવિધ વિકલ્પોના મહા કોલાહલથી પ્રતિપક્ષ મહા-આનંદાનંદપ્રદ નિશ્ચયધર્મધ્યાન...'** મહા આનંદ આનંદપ્રદ-દેનાર. ત્રિકાળી આનંદ આનંદ એને દેનાર. અનુભવમાં લેનાર, અતીન્દ્રિય આનંદ અનુભવમાં લેનાર. એ નિશ્ચયધર્મધ્યાન. એનું નામ સાચું ધર્મધ્યાન કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'નિશ્ચયધર્મધ્યાન તથા નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપ પરમાવશ્યક-કર્મ છે.'** આહાહા..! અહીં તો આખો દિ' બહારની ક્રિયાકાંડમાં રોકાય અને કોલાહલ વિકલ્પોનો અને એમાં પાછું માને ધર્મ. આહાહા..! કે અમે ધર્મ કરીએ છીએ. આહાહા..! આ તો કહે છે કે એ નિશ્ચય મહા આનંદ આનંદ કોલાહલથી રહિત, મહા આનંદ આનંદ. મહા આનંદનો આનંદ દેનાર. ભગવાન આનંદ આનંદસ્વરૂપ, એને પર્યાયમાં દેનાર, નિશ્ચયધર્મધ્યાન અને શુક્લધ્યાન એને કહીએ. આહાહા..! જેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એને ધર્મધ્યાન કહીએ. આહાહા..! ઘણું આકરું કામ.

અતીન્દ્રિય આનંદ જે મહા આનંદ આનંદ છે તે પર્યાયમાં એનો આનંદ આવે એને ધર્મધ્યાન ને શુક્લધ્યાન કહીએ. આહાહા..! 'નિયમસાર' 'સમયસાર'થી પણ ઘણું કેટલુંક ચાલી ગયું છે. આહાહા..! 'શીતલપ્રસાદે' લખ્યું છે. આહાહા..! તદ્દન નિજ સ્વરૂપ અખંડાનંદ કારણપરમાત્મા. પરમાણુને કારણપરમાણુ કહ્યા છે. અને આત્મા કારણપરમાત્મા એ શબ્દ અહીં છે, બીજે નથી. પરમાણુ ને કારણપરમાણુ બીજે નથી. 'નિયમસાર'માં છે. હજી કારણ પરમાત્મા અને કારણ સમયસાર એ 'સમયસાર'ની ટીકામાં છે. આહાહા..!

એને અહીં નિશ્ચય ધર્મધ્યાન અને નિશ્ચય શુક્લધ્યાનસ્વરૂપ પરમાવશ્યક. આ એને

પરમાવશ્યક-જરૂરનું એણે કર્યું. જરૂરનું હતું એને કર્યું. આત્મામાં આનંદ લીધો એ એણે જરૂર કર્યું. આહાહા..! કહો, આવી વાત છે. અત્યારે આ વ્યવહારથી થાય... વ્યવહારથી થાય... એ વાતમાં મીંડા પડે છે. વ્યવહાર કરતા કરતા થાય. વ્યવહાર સાધન છે. વ્યવહાર સાધન છે. આહાહા..! 'જયસેનાચાર્ય'ની ટીકામાં લખ્યું છે. વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. લ્યો! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. આહાહા..! આ વાત જૂઠી અને એ વાત સાચી એમ બે થાય? પોતે 'સમયસાર' કહે છે કે ભૂતાર્થ ત્રિકાળી આનંદનો સ્વાદ લે તેને સમકિત કહીએ. ભૂતાર્થ ત્રિકાળી વસ્તુ. જેમાં ચાર ભાવ પણ નથી. આહાહા..! ભલે એનો આનંદ આવે એ ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવ છે પણ વસ્તુ છે એ એનાથી રહિત છે. એનાથી રહિત છે એનું ધ્યાન કરતા આનંદ આવે એમાં ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ક્ષાયિક આવે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવો ઉપદેશ! ઓલામાં કહ્યું છે. આમાં કહ્યું ને. તત્ત્વમાં પ્રવેશી જા, તત્ત્વમાં ઊંડો ઊતરી જા. આમાં આવે છે. પહેલું છે ક્યાંક. છે ને? તત્ત્વમાં પ્રવેશ કર. એમ આવે છે. તત્ત્વમાં ઊંડો ઊતરી જા.

મુમુક્ષુ :– ૧૭મો કળશ.

ઉત્તર :– કેટલામો? ૧૭મો કળશ. ૨૭ પાનું. છે? શું છે?

**'શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે–ઊંડો ઊતરી જાય છે,...'** આહાહા..! એ ૨૬મે પાને શરૂ થાય. નીચે છેલ્લી લીટી. ૨૬મે પાને છેલ્લી લીટી. છે? **'શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે–'** તત્ત્વમાં પેસી જાય છે. આહાહા..! એકકોર કહે કે તત્ત્વને પર્યાય અડે નહિ. આહાહા..! **'પેસી જાય છે–ઊંડો ઊતરી જાય છે,...'** તત્ત્વની અંદર ઊંડો, પર્યાયમાં ન રહેતા આમ ઊંડો ઊતરી જાય છે. તેની પાતાળમાં જાય છે. આહાહા..! પર્યાયની પાતાળમાં ઊંડો જાય છે. આહાહા..! છે? **'તત્ત્વમાં ઊંડો ઊતરી જાય છે.'**

મુમુક્ષુ :– ૨૬-૨૭ પાના.

ઉત્તર :– ૨૬-૨૭ પાનું છે. ૨૬ મા પાનાની છેલ્લી આખી લીટી. છેલ્લી.

**'શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ...'** છેલ્લી અને ૨૭માં પહેલી. **'ઊંડો ઊતરી જાય છે અને પેસી જાય છે.'** આહાહા..! તત્ત્વ ભગવાનઆત્મા એમાં પેસી જાય છે, ઊંડો ઊતરી જાય છે. પર્યાયનું લક્ષ ન રાખતા ત્યાં જાય છે. એમ કહે છે. પર્યાયનું ચાર ભાવનું લક્ષ ન રાખતા ઊંડો એટલે દ્રવ્યમાં જાય છે એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– આત્માની સન્મુખ થઈ જાય.

ઉત્તર :– અંદરમાં જા. આત્મા ચાર ભાવ વિનાનો છે ત્યાં જાય. આહાહા..!

મુમુક્ષુ :– પરમપારિણામિકભાવ.

ઉત્તર :– હા. પરમપારિણામિક. તેમાં પેસી જાય, તેમાં ઊંડો ઉતરી જા. ઊંડો ઊતરી જા. પાતાળ પાતાળ છે. પર્યાયનું પાતાળ છે. દ્રવ્ય એ પર્યાયનું પાતાળ છે. પર્યાયને ઊંડે

લઈ જા, પ્રવેશ કરીને ઊંડે ઊંડે લઈ જા. આહાહા..! અરે..રે..! આ વાત હતી નહિ. બહાર આવી ને વિરોધ થઈ પડ્યો. કોઈને ધારણામાં પણ હતી નહિ. સાંભળી નહોતી. આહાહા..!

'**નિશ્ચયધર્મધ્યાન તથા નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપ પરમાવશ્યક-કર્મ છે.**' લ્યો! એ નિશ્ચય કાર્ય, જરૂરનું કાર્ય તો એ છે. આવશ્યક. અવશ્ય કરવા લાયક. એ ધર્મધ્યાન અને શુક્લધ્યાન જે આનંદનો આનંદ દેનાર એ કરવા લાયક છે. આહાહા..! માણસને ક્યાં જાવું? આખો દિ' પ્રવૃત્તિ... પ્રવૃત્તિ... પ્રવૃત્તિ... હવે એમાં... આહાહા..! સાધુ થાય તોપણ પ્રવૃત્તિ. આહાહા..! લેખક થાય તો આખો દિ' પ્રવૃત્તિ. વિકલ્પ... વિકલ્પ... વિકલ્પ... વિકલ્પ.. આખો દિ' વિકલ્પ બધા. હવે અહીં કહે કે, બાપા! આહાહા..! વિકલ્પની તો પાર છે પણ ચાર ભાવથી પાર છે. ક્ષાયિક ને ઉપશમભાવથી પણ પાર છે. આહાહા..!

'**[હવે આ ૧૪૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ આઠ શ્લોકો કહે છે :]**' આઠ શ્લોક! જુઓ! આહાહા..!

## શ્લોક–૨૪૭

(પૃથ્વી)

जयत्ययमुदारधीः स्ववशयोगिवृन्दारकः
प्रनष्टभवकारणः प्रहतपूर्वकर्मावलिः।
स्फुटोत्कटविवेकतः स्फुटितशुद्धबोधात्मिकां
सदाशिवमयां मुदा व्रजति सर्वथा निर्वृतिम्।।२४७।।

[શ્લોકાર્થ :–] **ઉદાર જેની બુદ્ધિ છે, ભવનું કારણ જેણે નષ્ટ કર્યું છે, પૂર્વ કર્માવલિ જેણે હણી નાખી છે અને સ્પષ્ટ ઉત્કટ વિવેક દ્વારા પ્રગટ-શુદ્ધબોધસ્વરૂપ સદાશિવમય સંપૂર્ણ મુક્તિને જે પ્રમોદથી પામે છે, તે આ સ્વવશ મુનિશ્રેષ્ઠ જયવંત છે. ૨૪૭.**

## શ્લોક–૨૪૭ ઉપર પ્રવચન

जयत्ययमुदारधीः स्ववशयोगिवृन्दारकः
प्रनष्टभवकारणः प्रहतपूर्वकर्मावलिः।
स्फुटोत्कटविवेकतः स्फुटितशुद्धबोधात्मिकां
सदाशिवमयां मुदा व्रजति सर्वथा निर्वृतिम्।।२४७।।

**શ્લોકાર્થ :-** આહાહા..! **'ઉદાર જેની બુદ્ધિ છે,...'** આહાહા..! જે છતી વસ્તુ પર્યાય અને રાગને દેખે છે છતાં **'ઉદાર જેની બુદ્ધિ છે,...'** એને છોડીને અંદર જાય છે. આહાહા..! **'ઉદાર જેની બુદ્ધિ છે,...'** આહાહા..! બાહ્યની કોઈ કિંમત એને લાગતી નથી. અંતરની ચીજની જેને કિંમત લાગે છે એ ઉદારબુદ્ધિ છે. એ ઉદારબુદ્ધિ છે. એટલે? પર્યાયમાં આવતો નથી છતાં ત્યાં દેખાવમાં પર્યાયમાં આવે. મહા ઉદાર બુદ્ધિ, જેને અનંત પારિણામિકભાવ અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ એવી જેની અંતરમાં નિર્વિકલ્પમાં પ્રતીતિ આવી એ ઉદાર બુદ્ધિવાળો છે. આહાહા..! એ ઉદાર બુદ્ધિવાળો છે. આત્મા સિવાય પરવસ્તુ નહિ કબુલ કરતા, રાગને નહિ કબુલ કરતા, પર્યાયને નહિ કબુલ કરતા, ક્ષાયિકને નહિ કબુલ કરતા ઉદાર બુદ્ધિ છે. મહા ત્રિકાળી વસ્તુને કબુલ કરતા ઉદાર બુદ્ધિવાળો છે. આહાહા..! સમજાય છે?

**'ભવનું કારણ જેણે નષ્ટ કર્યું છે,...'** આહાહા..! ભવનું કારણ મિથ્યા ભ્રમણા... આહાહા..! જેણે નાશ કરી છે. આહાહા..! જેને અંતરમાં ઊતરવું છે, જેને બહાર પડવું નથી. આહાહા..! બહાર પડવું છે એ બહિરાત્મા છે. આહાહા..! એમ કહે છે. જુઓ! **'ઉદાર જેની બુદ્ધિ છે, ભવનું કારણ જેણે નષ્ટ કર્યું છે,...'** બહારના કારણમાં જેને રોકાવું છે એ તો ભવ છે. આહાહા..! **'ભવનું કારણ જેણે નષ્ટ કર્યું છે, પૂર્વ કર્માવલિ જેણે હણી નાખી છે...'** આહાહા..! વર્તમાનમાં છે નહિ પણ પૂર્વમાં જે છે એને હણી નાખી છે. આહાહા..! રાગની ધારા પૂર્વની પુણ્યની ધારા પણ જેણે નષ્ટ કરી દીધી છે. આહાહા..! આમાં કાંઈ ઝવેરાતમાં કાંઈ આવે નહિ. ભાઈઓ વાતચીત કરવા બેસે ત્યાં આ આવે? મધુ ને 'શાંતિભાઈ' ને ભેગા થઈને માંડે ઓલી પૈસાની. આ તો બધાને માટે છે ને. જેને જે હોય ત્યાં રોકાય. આહાહા..!

**'ભવનું કારણ જેણે નષ્ટ કર્યું છે,...'** આહાહા..! ભવનું કારણ તો રાગ, શુભરાગ છે. આહાહા..! શુભરાગ એ સંસાર (છે) એનો પણ જેણે નાશ કર્યો છે. આહાહા..! **'પૂર્વ કર્માવલિ જેણે હણી નાખી છે અને સ્પષ્ટ ઉત્કટ વિવેક દ્વારા...'** શું કહે છે? પ્રત્યક્ષ ઊંચા વિવેક દ્વારા. બિલકુલ રાગ અને પર્યાયથી ભિન્ન અંદર પ્રત્યક્ષ, સ્વરૂપનું પ્રત્યક્ષ વેદન કરવું. આહાહા..! **'સ્પષ્ટ ઉત્કટ વિવેક દ્વારા...'** સ્પષ્ટ ઉત્કટ ઊંચા વિવેક દ્વારા. ઊંચામાં ઊંચા ભેદજ્ઞાન દ્વારા. કે જેને કંઈ ક્ષાયિકભાવનો પણ આશ્રય નહિ. આહાહા..!

એવો **'ઉત્કટ વિવેક (ભેદવિજ્ઞાન) દ્વારા પ્રગટ-શુદ્ધબોધસ્વરૂપ...'** પ્રગટ શુદ્ધ બોધસ્વરૂપ અંદર છે. વ્યક્ત પ્રગટ છે. આહાહા..! **'પ્રગટ શુદ્ધબોધસ્વરૂપ સદાશિવમય...'** સદા કલ્યાણમય વસ્તુ છે. આહાહા..! સદા કલ્યાણમય, કલ્યાણમય વસ્તુ છે. આહાહા..! **'સંપૂર્ણ મુક્તિને જે પ્રમોદથી પામે છે,...'** આહાહા..! જે સંપૂર્ણ સદા શિવમય, સંપૂર્ણ મુક્તિને જે પ્રમોદ-આનંદથી પામે છે. આનંદ... આનંદ... આનંદ... આનંદ... કરતા કરતા આનંદથી પામે છે. **'તે આ સ્વવશ મુનિશ્રેષ્ઠ જયવંત છે.'** વર્તે છે, કહે છે. પોતે મુનિ છે ને? પોતે મુનિ છે,

જયવંત વર્તે છે. આહાહા..!

**'પ્રમોદથી પામે છે, તે આ સ્વવશ મુનિ...'** આહાહા..! **'શ્રેષ્ઠ જયવંત** (વર્તે) **છે.'** જયવંત છે. આહાહા..! એ એનું સ્વ આવશ્યક-જરૂરિયાતનું કામ અને એણે કર્યું. જે કામ કરવાનું હતું તે એણે કર્યું. તે મુનિ સર્વોત્કૃષ્ટ છે. જેને મુક્તિ લેવી છે, એ સિવાય બીજું કાંઈ નથી. આહાહા..! વચમાં ક્યાંય અટકવાનું જેને નથી. એવો જીવ... આહાહા..! **'આ સ્વવશ મુનિ શ્રેષ્ઠ જયવંત છે.'** છે. કહે છે. એ વખતે પોતે મુનિ છે ને? આહાહા..! એ ૨૪૭ (શ્લોક પૂરો) થયો.

## શ્લોક-૨૪૮

(अनुष्टुभ्)

प्रध्वस्तपंचबाणस्य पंचाचारांचिताकृतेः।
अवंचकगुरोर्वाक्यं कारणं मुक्तिसंपदः।।२४८।।

**[શ્લોકાર્થ :-] કામદેવનો જેમણે નાશ કર્યો છે અને (જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યાત્મક) પંચાચારથી સુશોભિત જેમની આકૃતિ છે-એવા અવંચક (માયાચાર રહિત) ગુરુનું વાક્ય મુક્તિસંપદાનું કારણ છે. ૨૪૮.**

## શ્લોક-૨૪૮ ઉપર પ્રવચન

૨૪૮.

प्रध्वस्तपंचबाणस्य पंचाचारांचिताकृतेः।
अवंचकगुरोर्वाक्यं कारणं मुक्तिसंपदः।।२४८।।

**શ્લોકાર્થ :-** આહાહા..! **'કામદેવનો જેમણે નાશ કર્યો છે...'** પાંચ ઇન્દ્રિય તરફના વિષયની વાસનાનો જેણે નાશ કર્યો છે **'અને (જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યાત્મક) પંચાચારથી સુશોભિત...'** છે. આહાહા..! પાંચ વિષયની વાસનાનો નાશ કર્યો છે અને પાંચ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય એવા પંચાચારથી સુશોભિત છે. પાંચનો નાશ છે અને પાંચથી સુશોભિત છે. આહાહા..! આ ભાઈ બહારના કોઈ સાધનથી મળે એવું છે નહિ. એવી ચીજ છે. લોકોને આકરી લાગે. પણ આ બધા સાધન? જાત્રા કરવી, આ ફલાણું કરવું, શાસ્ત્રો બનાવવા, ઉપદેશ બીજાને દેવો બધું નકામું? આહાહા..! એ બધી ક્રિયા પરની છે. એ આત્માની ક્રિયા છે નહિ. આહાહા..!

**'પંચાચારથી સુશોભિત જેની આકૃતિ છે—'** એટલે સ્વરૂપ છે જેનું. પંચાચાર–જ્ઞાન-દર્શન-ચારિત્ર-આનંદ આદિથી સુશોભિત જેમનું સ્વરૂપ છે. **'એવા અવંચક (માયાચાર રહિત)...'** આહાહા..! **'એવા અવંચક ગુરુનું વાક્ય મુક્તિસંપદાનું કારણ છે.'** એકકોર ના પાડે કે વાણી કારણ નથી ને અહીં નિમિત્ત કારણ બતાવે છે. વ્યવહાર છે ને? વ્યવહાર નથી એમ નહિ. આદરણીય નથી. વ્યવહાર છે ખરો ને. આહાહા..! કહે છે, આવા જે અવંચક–ઠગારા નહિ, માયાચાર નહિ. આહાહા..! જેમાં અવંચક-ઠગવાપણું જરીએ નથી. માયાચાર રહિત છે. એવા **'ગુરુનું વાક્ય મુક્તિસંપદાનું કારણ છે.'** વાક્ય, દેખો અહીં! એકકોર કહે કે ક્ષાયિકભાવ આત્મામાં નથી. અને એકકોર કહે કે ગુરુનું વાક્ય મુક્તિ સંપદાનું કારણ છે. કહેવાનો હેતુ બીજો છે. ગુરુ એને કહીએ કે જે મુક્તિમાં ચાર ભાવ રહિત તત્ત્વનો આશ્રય કરવાની વાત કરે તેને ગુરુ કહીએ. એમ બતાવે છે. આહાહા..! સમજાય છે? ગુરુનું વાક્ય આવું છે. વાક્ય આમ છે. કે ચાર ભાવ રહિત પ્રભુ પરમપારિણામિક સહજાત્મસ્વરૂપ ભગવાન... આહાહા..! એનો આશ્રયનું વાક્ય એનું હોય એને ગુરુ કહેવાય. આહાહા..! ભારે વાત કરી છે.

**'એવા અવંચક (માયાચાર રહિત) ગુરુનું વાક્ય...'** આહાહા..! ઘડીકમાં એમ પણ કહે આનાથી થાય અને ઘડીકમાં વ્યવહારથી થાય, ઘડીકમાં નિમિત્તથી થાય. આહાહા..! એવા ગુરુનું વાક્ય... આહાહા..! મુક્તિ સંપદાનું કારણ નથી. એ તો બંધના કારણ છે. આહાહા..! આવો શ્લોક અને આવી વાત! સભામાં કેટલા વર્ષે બહાર નહોતી એ બહાર આવી. આહાહા..!

**'આવા અવંચક (માયાચાર રહિત) ગુરુનું વાક્ય...'** કહેવાનો આશય એવો છે કે કામદેવનો જેણે નાશ કર્યો છે, પાંચ આચાર જેને શોભિત છે, તેવું જેનું સ્વરૂપ છે એ પોતે યથાર્થ સ્વરૂપ કહેશે. ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લેવાનું એ કહેશે. આહાહા..! કારણ કે ચારે અનુયોગોનો સાર વીતરાગતા છે–વીતરાગ પર્યાય. એ વીતરાગપર્યાયનો આધાર આત્મા છે. એ ચારેય અનુયોગનો સાર દ્રવ્યનો આશ્રય છે. એ ગુરુ દ્રવ્યનો આશ્રય કહે છે માટે મુક્તિ સંપદાનું કારણ છે. આહાહા..! આવી વાત છે. આ તો ગુજરાતી ચાલે છે.

**'એવા અવંચક–'** આહાહા..! પોતે પણ સાધન કરી રહ્યા છે. આહાહા..! અંતરના અને એના વાક્યમાં પણ અંતર ત્રિકાળી ગુરુ ભગવાનઆત્મા એનો જ આશ્રય લેવાની વાત કરે છે. તે જ વાક્ય મુક્તિની સંપદાનું કારણ છે. આહાહા..! જેના ઉપદેશમાં રાગથી, નિમિત્તથી અને આનાથી, આનાથી લાભ થાય એ ગુરુ નહિ અને એ ગુરુનું વાક્ય નહિ અને એ મુક્તિનું કારણ પણ નથી. આહાહા..! આવું છે. વાત કરતા ઘણી કરે છે. આહાહા..!

ગુરુનું વાક્ય મુક્તિસંપદાનું કારણ છે. કાંઈ વચન કારણ છે? એક તો કીધું વાણી, વચન ને મનથી તો ભિન્ન છે. ચાર ભાવથી તો ભિન્ન છે. પણ આ ઉપદેશક ગુરુ એવા મળ્યા કે એ ચાર ભાવ રહિત આત્માનો આશ્રય કરવાની વાત કરે છે. તેથી તે વાક્યમાં

કહેવાનો આશય સ્વદ્રવ્યનો આશ્રય કરીને આવશ્યક થાય, એ ખરું આવશ્યક છે. આવશ્યક ચાલે છે ને? આહાહા..! નિશ્ચયઆવશ્યક એને કહીએ કે જે એકલા આત્માને અવલંબીને વીતરાગી નિર્મળ પર્યાય પ્રગટ કરે, એવું જે વાક્ય છે એ ગુરુનું વાક્ય મુક્તિ સંપદાનું કારણ છે. અને એ જ ગુરુ આ જ કહે. ગુરુ તને રાગથી લાભ થશે અને વ્યવહારથી નિશ્ચય થાશે એ વાત કરે નહિ. એ વાત કરે એ ગુરુ નહિ. એમ કહે છે. આહાહા..! ગજબ વાત છે.

'નિયમસાર'. આહાહા..! આ નિયમ છે, આ નિયમ છે. નિયમ છે એટલે એ સાર એટલે કે એ તો રાગરહિત છે. પણ નિયમ આ નિયમ છે કે ગુરુના વાક્યમાં દ્રવ્યનો આશ્રય લેવાનું જ આવે. આહાહા..! એકલો ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ ચાર ભાવ રહિત એને આશ્રયે મુક્તિ થાય એમ કહે તે ગુરુનું વાક્ય છે. તે સિદ્ધાંતનું વાક્ય છે. બાકી સિદ્ધાંતનું વાક્ય નથી. એમ એમાં આવ્યું કે નહિ? આહાહા..! ૨૪૮ (શ્લોક પૂરો) થયો.

## શ્લોક-૨૪૯

(अनुष्टुभ्)

इत्थं बद्ध्वा जिनेन्द्रस्य मार्गं निर्वाणकारणम्।
निर्वाणसंपदं याति यस्तं वंदे पुनः पुनः।।२४९।।

**[શ્લોકાર્થ :–] નિર્વાણનું કારણ એવો જે જિનેંદ્રનો માર્ગ તેને આ રીતે જાણીને જે નિર્વાણસંપદાને પામે છે, તેને હું ફરીફરીને વંદું છું. ૨૪૯**

## શ્લોક-૨૪૯ ઉપર પ્રવચન

૨૪૯.

इत्थं बद्ध्वा जिनेन्द्रस्य मार्गं निर्वाणकारणम्।
निर्वाणसंपदं याति यस्तं वंदे पुनः पुनः।।२४९।।

**શ્લોકાર્થ :-** આહાહા..! **'નિર્વાણનું કારણ એવો જે જિનેન્દ્રનો માર્ગ...'** આહાહા..! એ સિવાય-જિનેન્દ્ર માર્ગ સિવાય કોઈ માર્ગ છે જ નહિ. કેમકે અનંત પરદ્રવ્યો, રાગ ને પુણ્ય-પાપના ભાવ, ચાર પ્રકારની પર્યાય અને પર્યાય વિનાનું દ્રવ્ય એવી (વાત) જિનેન્દ્ર સિવાય ક્યાંય છે નહિ. આહાહા..! જિનેન્દ્ર માર્ગ સિવાય આ વાત ક્યાંય છે નહિ. આહાહા..!

એથી **'એવો જે જિનેન્દ્રનો માર્ગ તેને આ રીતે જાણીને...'** આ રીતે જાણીને. જે કીધું એ રીતે જાણીને. **'જે નિર્વાણપદને પામે છે,...'** જે નિર્વાણ સંપદાને પામે છે. આહાહા..! અરે..! પંચમઆરાના મુનિ છે. પંચમઆરામાં શિષ્ય નિર્વાણને પામે છે! પણ સાંભળને હવે. આ એક ભવે ને ઓલે ભવે પામે છે. નિર્વાણને આ રસ્તે જ પામશે. આહાહા..! નિર્વાણને પામે છે.

**'તેને હું ફરી ફરીને વંદું છું.'** આહાહા..! મારું વંદન ફરી ફરીને એને માટે છે. આહાહા..! સવાર-સાંજ પ્રતિક્રમણ કરે, એમાં ગુરુનું સ્મરણ કરે એમાં વંદન આને (કરે છે). જે જિનેન્દ્રનો માર્ગ દ્રવ્યને આશ્રયે, વિકાર રહિત નિર્વિકાર ઉત્પન્ન થાય, ચાર ભાવ રહિત, એ માર્ગની વાત કરે તે મુનિ વંદનીક છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૨૫૦

(द्रुतविलंबित)

स्ववशयोगिनिकायविशेषक
प्रहतचारुवधूकनकस्पृह।
त्वमसि नश्शरणं भवकानने
स्मरकिरातशरक्षतचेतसाम्।।२५०।।

**[શ્લોકાર્થ :–] જેણે સુંદર સ્ત્રીની અને સુવર્ણની સ્પૃહાને નષ્ટ કરી છે એવા હે યોગીસમૂહમાં શ્રેષ્ઠ સ્વવશ યોગી! તું અમારું–કામદેવરૂપી ભીલના તીરથી ઘવાયેલા ચિત્તવાળાનું-ભવરૂપી અરણ્યમાં શરણ છે. ૨૫૦.**

---

**પ્રવચન નં. ૧૬૯, શ્લોક--૨૫૦ થી ૨૫૨, રવિવાર, જ્યેષ્ઠ વદ ૧, તા.૨૯-૦૬-૮૦**

---

'નિયમસાર' ૨૫૦ કળશ છે.

स्ववशयोगिनिकायविशेषक
प्रहतचारुवधूकनकस्पृह।
त्वमसि नश्शरणं भवकानने
स्मरकिरातशरक्षतचेतसाम्।।२५०।।

શ્લોકાર્થ :- **'જેણે સુંદર સ્ત્રીની અને સુવર્ણની સ્પૃહાને નષ્ટ કરી છે...'** શું કહે છે?

જેણે સુંદર સ્ત્રી અને સુંદર સુવર્ણ. જે પર વસ્તુ (છે) એને જેણે અંતરથી છોડી દીધી તો એનાથી નીચેની ચીજની તો વાત શું કરવી? અંદરમાં આત્માનું જ્ઞાન કરીને, સચ્ચિદાનંદ પ્રભુ સત્ ચિદાનંદ સત્ કાયમ રહેનારા એવા આનંદ અને જ્ઞાનનો સાગર, એની દૃષ્ટિ અનુભવ કરીને, જેણે સુંદર સ્ત્રી અને સોનાની સ્પૃહા જેણે છોડી છે. આહાહા..! તો જેણે આ (સ્પૃહા) છોડી તો બીજી સાધારણ ચીજ તો છોડી છે. છે?

**'જેણે સુંદર સ્ત્રીની અને સુવર્ણની સ્પૃહા...'** સ્પૃહા-ઇચ્છા. આહાહા..! સુંદર આનંદકંદ પ્રભુ! અંતરમાં અનંતકાળથી આત્માનું જ્ઞાન કર્યું નથી. બાકી બીજું કરી કરીને મરી ગયો. કરોડોપતિ થયો, અબજોપતિ થયો, મરીને નરકમાં, ઢોરમાં, પશુમાં ગયો. આહાહા..! આત્મા શું ચીજ છે અને એની કિંમત શું છે અને એની આગળ બીજી કોઈ ચીજની કિંમત નથી, એવો અંતરમાં દૃષ્ટિ અને અનુભવ કર્યો નહિ તો એને ચાર ગતિનું પરિભ્રમણ મટ્યું નહિ. ચાર ગતિનું પરિભ્રમણ કરે છે.

આ બે ઊંચા નામ આપ્યા એમ કેમ? સુંદર સ્ત્રી અને સુંદર સુવર્ણ. આહાહા..! તો બીજી ચીજની તો વાત જ શું કરવી? કોઈ ચીજ જ પોતાની નથી. પોતાની ચીજમાં તો જ્ઞાન અને આનંદ ભર્યો છે. ચૈતન્ય આનંદ અને જ્ઞાનનો સાગર-સમુદ્ર અંદર ભર્યો છે. એ પોતાની ચીજ છોડીને બીજી કોઈ ચીજ પોતાની નથી. આહાહા..! એવી પ્રથમ અનુભવ દૃષ્ટિ થયા વિના ધર્મની શરૂઆત થતી નથી. પોતાનો આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એવી દૃષ્ટિ કર્યા વિના અને અનુભવ કર્યા વિના બીજી ચીજ છોડી દે તોપણ કલ્યાણ નથી થતું. બીજી ચીજ અનંતવાર છોડી અને અનંતવાર દ્રવ્યલિંગ ધારણ કર્યું, જૈન દિગંબર સાધુ અનંતવાર થયો પણ આતમજ્ઞાન, આત્મા શું ચીજ છે, અંતર ચીજમાં કેવો કેવો સ્વભાવ છે અને એ સ્વભાવની મર્યાદા કેટલી છે, એનો કદી અનુભવ કર્યો નથી.

ચિદાનંદ ભગવાનઆત્મા જ્ઞાનનો પુંજ પ્રભુ, આનંદનો સાગર, ગુણનું ગોદામ, શક્તિનો સાગર એવો દરિયો ભર્યો દરિયો આત્મા છે. અરે..રે..! ક્યાં ગોતવા જાવું? એની નજરમાં જ્યાં સુધી પર ઉપરની મહિમા રહે ત્યાં સુધી પોતાના સ્વભાવમાં એનું વલણ નહિ થાય. એમ કહે છે. જ્યાં સુધી પોતા સિવાય બીજી ચીજમાં વિશેષતા, અધિકતા, વિસ્મયતા, મીઠાશ પરમાં રહેશે ત્યાં સુધી આત્માની મીઠાશ અને આત્માનું જ્ઞાન નહિ થાય. અને આત્માનું જ્ઞાન નથી થતું તો ચાર ગતિમાં રખડે છે. આહાહા..! કોને પડી છે? એમાં કરોડો રૂપિયાના અબજો રૂપિયા થઈ જાય. થઈ રહ્યું, મરી ગયો એમાં. આહાહા..!

ત્યાં ગયા ને? 'નાઈરોબી'. 'નાઈરોબી'માં સાડા ચારસો તો કરોડપતિ છે. સાડા ચારસો! હવે એને આ ધર્મની વાત (કહેવી). આહાહા..! કોને ધર્મ ક્યાં છે? આ શરીર, વાણી, બાયડી, છોકરા સાચવવાના. આત્માનું મરણ કર્યું છે. જે (પોતાની) ચીજ છે એનો નકાર કરીને જે ચીજ પોતાની નથી એનો હકાર કર્યો. પોતાની ચીજનો નકાર કર્યો તો મરણ કર્યું. આહાહા..!

આત્માનું તો મરણ કરી નાખ્યું.

અહીં એ કહે છે, **'જેણે સુંદર સ્ત્રીની અને સુવર્ણની સ્પૃહા...'** સ્પૃહા, હોં! ચીજ તો ઠીક. ચીજ તો છૂટી જ છે પણ એની સ્પૃહા, ભાવના જેણે છોડી છે. **'એવા હે યોગીસમૂહમાં શ્રેષ્ઠ...'** યોગીસમૂહમાં. યોગી એટલે આત્મા. આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપમાં યોગ જોડવો એ યોગી છે. બાકી આ યોગી બાવા એટલે ધરાવે છે એ બધા યોગી-ફોગી છે નહિ. અંતર આનંદસ્વરૂપમાં આત્માને જોડવો, યોગ એટલે જોડવું, એ યોગી છે. પુણ્ય અને પાપની ક્રિયાકાંડ, દયા, દાન, વ્રતાદિ ક્રિયાકાંડ એ તો રાગ છે. એ કોઈ ધર્મ નથી અને એ કોઈ જન્મ-મરણનો અંત લાવનારી ચીજ નથી. આહાહા..! એક તો જુવાન શરીર હોય, એમાં પાંચ-પચાસ કરોડ, લાખ મળ્યા હોય, એમાં સ્ત્રી અનુકૂળ હોય, દીકરા બે-ચાર સારા થયા હોય. એમાં ઘૂસી ગયો. મરી ગયો એમાં. જાણે હું તો... આહાહા..! આ બધી ચીજ. એ ચીજ તારા સપનામાં નથી. એ ચીજને જાગૃતમાં પોતાની માની. આહાહા..! પણ પોતાની ચીજની જેણે સંભાળ કરી નહિ.

કહે છે કે **'હે યોગીસમૂહમાં શ્રેષ્ઠ સ્વવશ યોગી!'** તેં તો આત્માને સ્વવશ કર્યો. આત્મામાં સ્વવશ-સ્વને આધીન થયો. પરપદાર્થની બધી આધીનતા છોડી દીધી. આહાહા..! **'હે યોગી! તું અમારું–કામદેવરૂપી ભીલના તીરથી ઘવાયેલા...'** આહાહા..! કોઈ કોઈ વખતે પાંચ ઇન્દ્રિયના વિષયમાં કોઈ જરી રાગ આવે તો ઘાયલ થઈ જાય. જેમ શરીરમાં છરીનો ઘા મારે, છરો-છરો. એમ રાગ અને દ્વેષ કરે છે તો આત્માના શરીરમાં ઘા પડે છે. ... નિજ સ્વભાવમાં જવું પડશે. સમજાણું કાંઈ? આહાહા..! એ ૨૫૦.

**'તું અમારું–'** હે યોગી! તેં જે આત્માને વશ કર્યો અને પરનું વશપણું છોડી દીધું **'કામદેવરૂપી ભીલના તીરથી...'** કામદેવના ઘા વાગે છે. આહાહા..! આચાર્ય તો ત્યાં સુધી કહે છે કે અરે..રે..! મેં અનંતભવ કર્યા. આજ પહેલા અનંત અનંતકાળ.. હું તો આત્મા છું. અનંતભવ કર્યા. એ ભવને હું સંભારું છું અને એ ભવના દુઃખને હું યાદ કરું છું તો ઘા વાગે છે. આહાહા..! આ જ પહેલાના ભવનું સ્મરણ કરું છું કે આ ભવ કર્યો... આ ભવ કર્યો... આ ભવ કર્યો... અનંત અનંત ભવ કર્યા. આત્મા તો નિત્યાનંદ અનાદિઅનંત છે. એની કોઈ ઉત્પત્તિ અને નાશ થતો નથી. આત્મા તો અનાદિનો છે. તો એમાં એ રહ્યો ક્યાં? આ ભવભ્રમણમાં રહ્યો. તો કહે છે કે એ ભવભ્રમણને યાદ કરું છું તો ઘા વાગે છે. આહાહા..! કોઈ વખતે તો કરોડપતિ શેઠ થયો તોપણ ઘા વાગે છે. એ કરોડપતિ ને ધૂળપતિ... આહાહા..! એ ધૂળનો ધણી છે. આત્માનો ધણી નથી. આહાહા..! એ ચાર ગતિમાં રખડવાનો છે.

જેને કામ, સ્ત્રી અને સોનું એની ઊંડે સ્પૃહા રહી એ ચાર ગતિમાં રખડનારો છે. એ પશુ અને ઢોર ને ગાય ને ભેંશમાં જન્મ લેશે. આહાહા..! દેહ તો છૂટશે. દેહની તો

મુદત છે. આત્માનો નાશ નહિ થાય. તો દેહ છૂટીને આત્મા જશે ક્યાં? ક્યાંક રહેશે તો ખરો. આ બધા પાપના ભાવ કર્યા હશે તો એ પ્રમાણેના ફળમાં પશુમાં કે ઢોરમાં કે નરકમાં (જશે). આહાહા..! એ ગયા ભવને યાદ કરીએ છીએ મુનિ કહે છે... આહાહા..! ક્યાં રહ્યો? ક્યા ક્યા ભવમાં કેટલું દુઃખ સહન કર્યું! અરે..રે..! હું તો અનંતકાળથી પરિભ્રમણમાં દુઃખી થયો. એ દુઃખને યાદ કરતાં ઘા વાગે છે. આહાહા..! એ વિચાર કરવાનો અવકાશ પણ ક્યાં છે? હું અત્યાર સુધી ક્યાં રહ્યો? કેટલા ભવ કર્યા? એમાં દુઃખી ક્યાં થયો? કઈ રીતે દુઃખી થયો? એ વિચાર કરવાનો અવકાશ ક્યાં છે. આહાહા..!

અહીં એ કહે છે, હે યોગી! જેણે કામ સ્ત્રી અને સોનું આદિની સ્પૃહા છોડીને ભગવાનઆત્માનો આશ્રય લીધો એ જ સ્વવશ યોગી છે. એ પરવશ નથી. હે **'સ્વવશ યોગી! તું અમારું–કામદેવરૂપી ભીલના તીરથી ઘવાયેલા ચિત્તવાળાનું–ભવરૂપી અરણ્યમાં શરણ છે.'** એટલે કે એને છોડીને આત્મામાં જવું એ શરણ છે. આહાહા..! આવી વાતું છે. એ ૨૫૦. ૨૫૧. આમાં કીધુંને ભવરૂપી અરણ્યમાં શરણ છે. ભવરૂપી અરણ્ય અરણ્ય-વન. આહાહા..! ચોર્યાશી લાખના અવતાર, એક એક યોનિમાં અનંત અવતાર કર્યા. ચોર્યાશી લાખ યોનિમાં એક એક યોનિમાં અનંત અવતાર. અહીંયાં કાંઈક પાંચ-પચાસ લાખ મળ્યા અને કાંઈક શરીર ઠીક મળ્યું ત્યાં તો જાણે ઓહોહો..! અમે શું છીએ અને અમને શું થઈ ગયું!

અહીં કહે છે, હે યોગી! જેણે આત્માને વશ કર્યો એ જ અમારું શરણ છે. બીજું કોઈ શરણ છે નહિ. આહાહા..! અરિહંતા શરણમ્, સિદ્ધા શરણમ્. એ આવે છે. પણ એ આત્માને વશ કર્યો એ શરણ છે. પોતાના આત્માને વશ કરવો એ શરણ છે. આહાહા..!

## શ્લોક–૨૫૧

(द्रुतविलंबित)

**अनशनादितपश्चरणैः फलं**
**तनुविशोषणमेव न चापरम्।**
**तव पदांबुरुहद्वयचिंतया**
**स्ववश जन्म सदा सफलं मम।।२५१।।**

**[શ્લોકાર્થ :–] અનશનાદિ તપશ્ચરણોનું ફળ શરીરનું શોષણ (–સુકાવું) જ છે, બીજું નહિ. (પરંતુ) હે સ્વવશ! (હે આત્મવશ મુનિ!) તારા ચરણકમળયુગલના ચિંતનથી મારો જન્મ સદા સફળ છે. ૨૫૧.**

## શ્લોક–૨૫૧ ઉપર પ્રવચન

૨૫૧.

अनशनादितपश्चरणैः फलं
तनुविशोषणमेव न चापरम्।
तव पदांबुरुहद्वयचिंतया
स्ववश जन्म सदा सफलं मम।।२५१।।

અરે..રે...! અનશન કર્યા, આહાર છોડ્યા, બે-ચાર-છ માસ સુધી આહાર ન લીધો, પાણી ન લીધું, શરીરથી જાવજીવનું બ્રહ્મચર્ય પાળ્યું. એ શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું એ કોઈ ધર્મ નથી. એ તો શુભભાવ છે. જડ શરીરનું કામ ન થયું. પણ આત્મામાં બ્રહ્મ એટલે આનંદમાં આવ્યો નહિ. બ્રહ્મચર્ય–બ્રહ્મ એટલે આત્મા આનંદ. એ આનંદમાં ચરવું, રમવું થયું નહિ ત્યાં સુધી બ્રહ્મચર્ય પણ નથી. આહાહા..!

અહીં કહે છે અનશન કર્યા, ઉણોદરી કરી, રસત્યાગ કર્યા, વૈયાવૃત કર્યા, અપવાસ આદિ કર્યા અનશન, ઉણોદરી, રસપરિત્યાગ, કાયક્લેશ. કાયક્લેશ કર્યો. શરીરને આવા કાયોત્સર્ગમાં રહેવું, હલવું નહિ, ચાલવું નહિ. અને વિનય પણ કર્યો. સ્વાધ્યાય કર્યો, અશુભભાવ છોડીને શુભનું ધ્યાન પણ કર્યું. પણ એ તપશ્ચરણાદિ.. આહાહા..! એનું ફળ શરીરનું શોષણ છે. આહાહા..! એ અનશન, ઉણોદરી, ભક્તિ ને પૂજા ને ભક્તિ વંદન... આહાહા..! રસનો ત્યાગ એ બધું શરીરનું શોષણ છે. આત્મામાં નુકસાન છે, આત્માને લાભ નથી. આકરી વાત છે, ભગવાન!

અરે..! કોણે વિચાર કર્યો છે? નિમિત્ત આવ્યે તો આ દેહ જડ પડી જશે. આહાહા..! જુઓને! આ છોડી બિચારી પડીને મરી ગઈ. એ સ્થિતિ જ એટલી હતી. એની મુદ્દત એટલી તે સમયે તે પ્રમાણે થવાનું. એમ આ શરીર છોડવાની મુદ્દત જે સમયે છે તે સમયે આવવાનો. જેટલા જેટલા દિવસ અને મહિના જાય છે એટલો એટલો મૃત્યની સમીપ જાય છે. આહાહા..! શું કર્યું અને હું શું કરીશ? એનો વિચાર પણ કરતો નથી.

અહીં કહે છે કે **'અનશનાદિ...'** કર્યા. બાર પ્રકારના તપ કર્યા. એનું **'ફળ શરીરનું શોષણ (–સુકાવું) જ છે,...'** આત્માને કાંઈ લાભ નથી. આહાહા..! છે? ભાઈ! અંદર છે? આહારનો ત્યાગ, અનશનનો ત્યાગ, રસનો ત્યાગ એ શરીરનું શોષણ છે. એમાં આત્માને કાંઈ લાભ નથી. આહાહા..! અહીં તો જરી બે રસ ત્યાગ કરે ત્યાં તો.. આહાહા..! અમને શેરડીનો રસ ખપે નહિ. કેરીનો રસ ખપે નહિ, મારે ત્યાગ છે. એમાં-ધૂળમાં શું છે? આત્માનો રસ આવ્યા વિના, અતીન્દ્રિય આનંદનો રસ આવ્યા વિના પરના ત્યાગનો રસ એ શરીરનું

શોષણ છે. આત્માને કિંચિત્ લાભ નથી. આહાહા..!

અનશન, ઉણોદરી. બે કોળિયા લેવા પછી નહિ. એવું પણ અનંતવાર કર્યું. અનશન-અપવાસ કર્યા, રસપરિત્યાગ, કાયક્લેશ, પ્રાયશ્ચિત લીધું. પાપ કર્યું તો પ્રાયશ્ચિત લીધું. દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કર્યો. આહાહા..! શાસ્ત્રની સજ્જાય કરી. સજ્જાય, વિનય વૈયાવૃત્ય, વૈયાવૃત્ય, સજ્જાય, ધ્યાન. મેં શુભનું ધ્યાન કર્યું. શુભનું, હોં! શુદ્ધનું નહિ. અશુભ છોડીને શુભમાં રહ્યો એ ધ્યાન. આહાહા..! કાયોત્સર્ગ કર્યા. કાયા છોડીને અંદર વિચારમાં રહ્યો. પણ અંતરમાં આત્મજ્ઞાન કર્યું નહિ. અંતરમાં ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, જેમાં અતીન્દ્રિય આનંદ સર્વાંગ ભરપૂર ભર્યો છે, જેમાં અતીન્દ્રિય જ્ઞાન ભરપૂર પડ્યું છે એ તરફ દૃષ્ટિ કરી નહિ તો આ અનશન ને એ બધું શરીરનું શોષણ છે. એમાં કાંઈ આત્માને લાભ નથી પણ નુકસાન છે. આહાહા..! અહીં તો (બહારમાં એમ કહે), અપવાસ કરો ને આ કરો ને આ કરો. રસ છોડવો. દુનિયાથી ઊંધું છે, ભાઈ!

એક તો એક તત્ત્વ બીજા તત્ત્વનું કાંઈ કરી શકતું નથી. એ વાત બેસે નહિ. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું (કાંઈ કરે નહિ). કેમકે બીજો પણ પદાર્થ છે અને પદાર્થ છે તો પોતાના પરિણામ સહિત પદાર્થ છે. તો પરિણામ સહિત પદાર્થ છે તો એ બીજા પદાર્થનું કરે શું? આહાહા..! શરીર પણ પરિણામથી પરિણમે છે. એમાં આત્મા શું કરે? આહાહા..! પરપદાર્થ પરિણામ પર્યાયથી પરિણમે છે. એમાં બીજો પદાર્થ-આત્મા કાંઈ કરી શકતો નથી. પણ અનશન, ઉણોદરી આદિ કર્યા એનું પણ કાંઈ ફળ નથી. આહાહા..!

અરે..! દેહ તો છૂટશે. દેહ તો એની મુદ્દત છે તે સમયમાં કોઈ ફેરફાર, ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્રથી પણ ફેરફાર નથી થતો. જે સમયે, જે ક્ષેત્રે, જે સંયોગે, જે જગ્યાએ દેહ છૂટશે એ છૂટશે. આગળ-પાછળ નહિ. એ દીકરી જ્યાંથી પડી હતી એ સ્થિતિ જ એવી હતી. અકસ્માત કાંઈ નથી. આહાહા..! એ જ સ્થિતિ દેહ છૂટવાની હતી. આહાહા..! અહીં હમણા નહીં ત્રણ-ચાર-પાંચ દિવસ પહેલા. 'ભાઈલાલભાઈ'. અહીં બેઠા હતા. હવે અહીં જતા હતા, ચાલતા હતા. અહીં ખુરશી ઉપર બેઠા હતા. બેઠા ત્યાં આમ (થઈ ગયું). મારી નજર આમ ગઈ. આમ થઈ ગયું. કીધું, આ થયું શું 'ભાઈલાલભાઈ'ને? હાર્ટ એટેક આવ્યો. હાર્ટનો હુમલો આવ્યો. આહાહા..! અહીં ખુરશી ઉપર બેઠા હતા. એના જમાઈ આવ્યા હતા તો એને મળવા ગયા અહીંથી. ત્યાંથી આવીને અહીં બેઠા. બેઠા પછી એકદમ હુમલો આવ્યો. આહાહા..! હાર્ટનો એટેક-હુમલો, હાર્ટ ફેઈલ. હાર્ટ ફેઈલ થઈ ગયું. બહાર લઈ ગયા. દેહ છૂટી ગયો. આહાહા..! નરેન્દ્ર, ઇન્દ્ર, જિનેન્દ્ર શું કરે? જે સમયે જે પદાર્થની જે અવસ્થા પર્યાય થવાની છે તે થાય છે અને થાય છે તેમાં કોઈ બીજો કરી શકે કે રોકી શકે એમ છે નહિ.

અહીં કહે છે કે અનશનાદિ ક્રિયા.. આહાહા..! એનું ફળ તો શરીરનું શોષણ છે,

બીજું નથી. આહાર છોડે, અનશન કર્યે આત્માને લાભ થાય, તારા જન્મ-મરણ ઘટે, એમ ત્રણકાળમાં નથી. એ તો બધી લાંઘણ છે. લંઘન-લંઘન. આહાહા..! આત્માના આનંદ સ્વરૂપના અનુભવ વિના બધી લાંઘણ છે. આહાહા..! આવું છે, પ્રભુ! તારી પ્રભુતા ઘણી છે, પ્રભુનાથ! અંદરમાં પ્રભુતા અનંતી છે. પણ એ પ્રભુતા ક્યારેય સાંભળી નથી, એ પ્રભુતા તરફ નજર કરી નહિ અને જે એમાં છે નહિ એની કિંમત અને એની મહત્તા અને પ્રભુતા કરી. પોતા સિવાય પર ચીજને મોટપ આપી. પૈસાને મોટપ આપી, બે-પાંચ કરોડ રૂપિયા થઈ ગયા અને એમાં.. આહા..! અમે જાણે મોટા શેઠિયા થઈ ગયા. શેઠિયા થઈ ગયા હેઠિયા. નીચે ઉતરી ગયો છે. નીચે ચાલ્યો જશે એની ખબર નથી. આહાહા..! પૈસા તો ઘણા છે. કીધું ને?

અમે હમણા 'નાઈરોબી' ગયા હતા ને. ૨૬ દિવસ રહ્યા. 'આફ્રિકા' ગયા હતા. ત્યાં સાડા ચારસો તો કરોડપતિ છે. સાડા ચારસો કરોડપતિ અને પંદર અબજપતિ. પણ ભિખારા બધા. આહાહા..! પરને માગે આ લાવ... આ લાવ.. ભિખારી છે બધા. ભગવાન ભિખારી, વરાંકા કહે છે. પોતાની લક્ષ્મીને છોડીને, પોતામાં આનંદ અને જ્ઞાન શાંતિ છે એ લક્ષ્મીને છોડીને પર લક્ષ્મીની સ્પૃહા કરે છે એ ભિખારા છે. ભિખારી છે, ભિખારી. દુનિયા એને મોટા શેઠ કહે. મોટા શેઠ ને અમલદાર ને અધિકારી ને... પાંચ-દસ હજાર પગાર, પંદર હજારના પગાર હોય તો (જાણે શું થઈ ગયું). આહાહા..!

પોતાની ચીજ આનંદકંદ પ્રભુ સિવાય બીજી કોઈપણ ચીજની સ્પૃહા થવી, માંગવું એ ભિખારી છે. શાસ્ત્રમાં વરાંકા શબ્દ છે. એ ભિખારી ભિખારી છે. અબજપતિ એ ભિખારી છે. અબજ તો પૈસા જડ છે, ધૂળ છે. એ તારા છે નહિ. તારી પાસે લક્ષ્મી છે એની તો તને ખબર નથી. આહાહા..! અંતરમાં અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય વીર્ય, અતીન્દ્રિય શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ.. શાંતિ... શાંતિ... પૂર્ણ અતીન્દ્રિય અનંત શાંતિનો ભંડાર ભગવાન, કષાયનો અભાવ છે, શાંતિનો સાગર આત્મા છે. એની તો કિંમત અને મોટપ ક્યારેય કરી નહિ. એની મોટપ ક્યારેય કરી નહિ અને પરને મોટપ આપી. આહાહા..! જ્યાં પાંચ હજારનો, દસ હજારનો, પંદર હજારનો પગાર હોય ત્યાં જાણે મોટા થઈ ગયા. ધૂળના મોટા છે. આહાહા..!

અહીં કહે છે, **'અનશનાદિ તપશ્ચરણોનું ફળ શરીરનું શોષણ (–સુકાવું) જ છે, બીજું નહિ. (પરંતુ) હે સ્વવશ!'** આહાહા..! પણ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો સર્વાંગ સાગર ભર્યો છે. એની તરફ નજર કરીને એને વશ થાય છે. હે સ્વવશ! આહાહા..! હે આત્મવશ મુનિ! એ આત્મવશ સ્વવશ છે. બહારમાં ભિખારી હોય, (ખાવાનો) કવળ મળે નહિ, રહેવાનું મકાન હોય નહિ, ઝૂંપડી ભલે ન હોય, શરીર કાળું મશ હોય, શરીરે રોગ હોય પણ અંદર જો આત્માનું ભાન થયું છે તો આત્મવશ છે–સ્વવશ છે, પરવશ નથી. આહાહા..!

કહે છે **'હે સ્વવશ! (હે આત્મવશ મુનિ!) તારા ચરણકમળયુગલના...'** આહાહા..!

મુનિરાજ પોતાની વાત કરે છે. હે મુનિ સ્વવશ! તારા ચરમકમળની સેવાથી હું આત્મવશ થયો છું. હું આત્મવશ થયો છું. આહાહા..! સ્વવશ થયો છું. છે? **'ચરણકમળયુગલના ચિંતનથી મારો જન્મ સદા સફળ છે.'** ઓહોહો..! પંચમઆરાના મુનિ હજાર વર્ષ પહેલા (આ વાત કહે છે) ભગવાનની હયાતી નથી. પરમાત્મા બિરાજે છે. મહાવિદેહમાં ભગવાન બિરાજે છે. અહીંયા એ મુનિ પોતાનો અનુભવ કરીને, આનંદનો અનુભવ કરતા કરતા (કહે છે), હે આત્મા! આહાહા..! મારો જન્મ સદા સફળ થયો. મેં મારા આત્માને વશ કર્યો તો મારો જન્મ સફળ થયો. આહાહા..! પૈસા-બૈસા ભેગા કર્યા, આબરૂ મોટી થઈ, એલ.એલ.બી ને એમ.એ.ના પૂંછડા વળગાડી દીધા. આ વકીલને એલ.એલ.બી.ના પૂંછડા હોય. ડોક્ટરને એમ.એ. હોય. એમાં શું છે? બધા ભિખારા છે. આહાહા..! પોતાની અંદર જે ચીજ પડી છે એ કોઈ કરોડો-અબજો કિંમત દેવાથી નથી મળતી. બહારની ચીજ તો સાધારણ (પુણ્યથી) મળે છે. આહાહા..! પોતાની ચીજ તો અબજો રૂપિયાથી પણ નથી મળતી. પણ અંતરમાં ધ્યાન અને એકાગ્રતાથી મળે છે. આહાહા..!

**'હે સ્વવશ!'** એવો આત્મા જેણે વશ કર્યો... આહાહા..! **'મારો જન્મ સદા સફળ છે.'** આહાહા..! પંચમઆરાના પ્રાણી કહે છે. આહાહા..! અંતરમાં આનંદનો અનુભવ થયો. રાગ અને દ્વેષના વિકલ્પથી પાર જન્મ-મરણ કરવાના ભાવનો અભાવ થયો અને જેમાં જન્મ-મરણનો ભાવ નથી એવા આનંદનો અનુભવ થયો તો જન્મ સફળ થયો. બાકી જન્મ અફળ છે. આહાહા..! ચક્રવર્તીનું પદ મળે તો પણ જન્મ અફળ છે. 'બ્રહ્મદત્ત', 'બ્રહ્મદત્ત' ચક્રવર્તી. છન્નું હજાર સ્ત્રી... આહાહા..! છન્નું કરોડ પાયદળ (હતું) મરીને સાતમી નરકે ગયો. નીચે ૩૩ સાગર. ગજબ, પ્રભુ! એ દુઃખનું વર્ણન પરમાત્મા કરે છે. નરકના દુઃખનું વર્ણન પ્રભુ કરે છે. આહાહા..! કરોડો ભવે અને કરોડો જીભે ન કહી શકાય એવું દુઃખ નરકમાં છે. અનંતવાર ત્યાં ગયો અને હજી અનંતવાર જશે. જ્યાં સુધી આત્મધ્યાન નહિ કરે. આત્મવશ સમ્યગ્દર્શન. બીજી વસ્તુ પછી. સમ્યગ્દર્શન વિના ચારિત્ર-બારિત્ર હોતું નથી, મુનિપણું હોતું નથી. આહાહા..! મુનિપણા વિના મુક્તિ નથી થતી. મુનિપણા વિના મુક્તિ થતી નથી અને મુનિપણું સમકિત વિના થતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? જુદી જાત છે, ભાઈ!

બહારમાં સફાઈ (રાખે). એ કપડા પહેરે ને આ થાય ને કપડા આમ કરે. હમણા તો રાખે છે... શું કહેવાય એ? દાંતિયો. એ આમ સવારમાં ઊઠીને (વાળ ઓળે). પહેલા એવું નહોતું. પચાસ વર્ષ પહેલા એ નહોતું. હવે એ દાંતિયા રાખે છે. એ રસ્તામાં પણ આમ આમ કરે. આહાહા..! પ્રભુ! શું કરે છો? આ કોની સંભાળ કરે છો? સંભાળ કરે છે પણ એ તારી ચીજ રહેશે? આહાહા..! આ વાળ છે એને હાથ અડતો નથી. હાથ પણ વાળને સ્પર્શતા નથી. આહાહા..! વાળ નીકળે છે એ પણ એની પર્યાયની યોગ્યતાથી બહાર નીકળે છે. એમાં પણ માનવું કે હું વાળ કાઢું છું. હું લોચ કરું છું. આહાહા..! માણસો

ભેગા થાય એમ કહે છે. શું છે? કાયાકષ્ટ છે. આહાહા..! પોતાનો આત્મા રાગના વિકલ્પ અને શરીરની ક્રિયાથી તદ્દન ભિન્ન છે. એવા ભિન્ન આત્માના જ્ઞાન અને ભાન વિના જન્મ સફળ નહિ થાય. એ કહ્યું ને?

**'મારો જન્મ સદા સફળ છે.'** હે મુનિરાજ! આપે કૃપા કરીને ઉપદેશ આપ્યો. ઉપદેશ દીધો એનો ઉપકાર માને છે. આહાહા..! છે? **'(હે આત્મવશ મુનિ!) તારા ચરણકમળયુગલના ચિંતનથી...'** એટલે અંદર આત્માના ચિંતનથી **'મારો જન્મ સદા સફળ છે.'** આહાહા..! હવે મને એક-બે ભવ હો તો હો, અમે તો મોક્ષમાં જઈશું. આહાહા..! અમારા સંસારનો અંત છે. એવી અંતરની દૃષ્ટિનો અનુભવ થાય ત્યારે આત્મામાં એવી ખાત્રી થઈ જાય કે હું તો એક-બે ભવમાં ખલાસ થઈ જઈશ. મારી મુક્તિ છે. મારી મુક્તિ તો છે પણ હે ભગવાનઆત્માઓ! એમ કહે છે. તમે બધા પણ આઠ કર્મોનો નાશ કરીને પરમાત્મા થઈ જાવને, નાથ! આમાં છે શું?

'દ્રવ્યસંગ્રહ'માં કહ્યું. 'દ્રવ્યસંગ્રહ' છે ને? એમાં એમ લીધું છે. અવાયવિચારમાં. અવાયવિચાર. આહાહા..! ધર્મીએ પોતાના સંસારનો અંત કર્યો છે તો વિચાર કરે છે કે હું તો એક-બે ભવમાં આઠ કર્મથી રહિત થઈ જઈશ. પણ હું તો એમ વિચાર કરું છું કે બધા પ્રાણી, બધા જીવો.. આહાહા..! પોતાનું શરણ લઈને આઠ કર્મનો નાશ કરી દ્યો, નાથ! એ વિના તમને સુખ નહિ મળે. દુનિયાના દુઃખની વેદના સહન કરવી કઠણ પડશે, પ્રભુ! આહાહા..!

એક બાઈ હતી. કીધું નહિ? અઢાર વર્ષની યુવાન બાઈ હતી. બે વર્ષના લગન. એના ધણીને બીજી હતી. એમાં એને શીતળા નીકળ્યા. શીતળાને શું કહે? શીતળા. કાણે કાણે જીવ, કીડા પડ્યા. કાણે કાણે કીડા પડ્યા. હમણાં અમે જોયું. 'લાઠી'માં છે. હજી અઢાર વર્ષની ઉંમર. તળાઈમાં સૂતી હતી. આમ ફરે તો હજારો જીવ-કીડા નીકળે. આમ ફરે તો આમ નીકળે. એમ બોલી, બા! મેં આવા પાપ આ ભવમાં કર્યા નથી. મારાથી સહન થતું નથી. એમ બોલી. ત્યાં 'લાઠી'માં છે. હમણા બન્યું. અઢાર વર્ષની છોકરી હતી. બે વર્ષના લગન. આહાહા..! આમ કીડા. દાણે દાણે કીડા, ઇયળ. ઇયળ કહે છે ને? આહાહા..! આમ જ્યાં તળાઈમાં ફરે ત્યાં કીડા પડે અને આમ ફરે તો આમ પડે. સહન અંદર થાય નહિ. આખા શરીરમાં અંદર કીડા બટકા ભરે. ઓહો..! એવું વેદન દરેક પ્રાણીએ અનંતવાર કર્યું છે. ભૂલી ગયો. અનાદિ... અનાદિ... અનાદિ... અનાદિ... આદિ નહિ ત્યાં. પ્રભુ! એવા અનંત ભવ તેં કર્યા છે. હવે એ ભવનો અભાવ કરવો હોય તો, નાથ! આત્માને વશ કરી લે. અંદર અખંડાનંદ પ્રભુ જ્ઞાનનો સાગર, આનંદનો દરિયો ભર્યો છે એનો સ્પર્શ કરીને અનુભવ કર. આહાહા..! તો જન્મ-મરણ મટશે. આહાહા..! એ વિના જન્મ-મરણ મટશે નહિ. આહાહા..! આવી વાત! હવે બહારમાં જ્યાં દુકાન ઉપર જાય. બે-પાંચ કરોડપતિ હોય તો નોકરો (કહે),

પધારો સાહેબ.. પધારો સાહેબ... પધારો સાહેબ. આમ ગાદી ને તકિયા ઉપર બેસે. પ્યાલા ફાટી જાય. અરે..રે..! પ્રભુ! તેં શું કર્યું? તેં એ બધી ઉપાધિ-દુઃખ વહોરી લીધું છે. પોતાનો આનંદસ્વરૂપ ભગવાન અંદર સચ્ચિદાનંદ પ્રભુ, સત્ ચિદાનંદ. સત્-છે, ચિદ્- જ્ઞાન અને આનંદ. સચ્ચિદાનંદ પ્રભુ આત્મા અંદર છે એ બાજુ તારી નજર નથી, એ બાજુ તારો વિશ્વાસ નથી, એ બાજુ તારું વલણ નથી. આહાહા..! એ બાજુ તારો જોક નથી. અને બહારના વલણ અને જોકમાં મરી ગયો તું. આહાહા..! એ કહે છે.

**'હે સ્વવશ!'** મુનિ અમને ગુરુ મળ્યા. ગુરુએ એમ કહ્યું કે આત્મવશ થઈ જાવ. એમ કહ્યું અને આત્મવશ થયા. એ મુનિનો ઉપકાર માને છે. **'તારા ચરણકમળયુગલના ચિંતનથી...'** આહાહા..! તારા ચરણકમળયુગલના ચિંતનથી. આહાહા..! પગનું ચિંતવન કરતા હતા? આહાહા..! પોતાના દર્શન, ચારિત્ર, આનંદ અંદર હતા એના ચિંતવનથી અમને પણ આનંદ અને દર્શન થયા. અમારો જન્મ સફળ થયો. અત્યાર સુધી અનંત ભવમાં રાજા અનંતવાર થયા, અબજોપતિ અનંતવાર થયો પણ ભિખારાની પેઠે ભીખ માગતો હતો. લાવો... લાવો... લાવો... લાવો.. પૈસા લાવો... પૈસા લાવો...

એકવાર અહીં રાજા આવ્યા હતા ને? વ્યાખ્યાનમાં. 'ભાવનગર' દરબાર. કરોડ રૂપિયાનો તાલુકો. આવે, રાજા તો બધે જ્યાં જઈએ ત્યાં બધા આવે. જે ગામમાં જઈએ ત્યાંના રાજા એક વાર તો આવે. 'લખતર', 'વઢવાણ' જ્યાં જઈએ ત્યાં. 'રાજકોટ', 'પોરબંદર', 'જામનગર'. ત્યાં તો એનો દીકરો આવ્યો હતો. પણ અહીંયાં. એ ગુજરી ગયા. એક કરોડ રૂપિયાની પેદાશ. દરબારને કહ્યું, દરબાર! એક મહિને બે લાખ માગે તે નાનો માગણ છે, પાંચ લાખ અને કરોડ માગે એ મોટો માગણ-મોટો ભિખારી છે. હા, મહારાજ! કહે. અમારે ક્યાં એની પાસેથી કાંઈ લેવું હતું? વ્યાખ્યાનમાં આવ્યા હતા. બે-ત્રણ વાર આવ્યા હતા. 'ભાવનગર'ના દરબાર. એની એક વર્ષની કરોડ રૂપિયાની ઊપજ છે. મોટા ભિખારી, કીધું. કરોડ રૂપિયા માગે છો, માગણ, માગણ (છે). માગે છે. લાવો... લાવો... લાવો... લાવો... લાવો... લાવો... આહાહા..! ધર્મીને આત્મા સિવાય બીજું કાંઈ જોઈતું નથી. આહાહા..!

એ અહીં કહે છે, હે મુનિ! તારા ચિંતવનથી, તારા સ્વભાવના ચિંતવનથી. અહીંયાં તો ચરણકમળ લીધા છે. છે ને? **'તારા ચરણકમળયુગલના ચિંતનથી...'** એટલે સેવાથી. એની પાસે કાયમ રહ્યા. **'મારો જન્મ સદા સફળ છે.'** પ્રભુ! આહાહા..! મારો હવે જન્મ નથી. આહાહા..! અનાદિ કાળના ભવનો અંત અને અનંતકાળની શાંતિ ઉત્પન્ન થઈ. અનંતકાળ, ભૂતકાળથી ભવિષ્યકાળ અનંતગુણો છે. ગયા કાળથી ભવિષ્યકાળ અનંતગણો છે. તો ભૂતકાળના દુઃખનો અંત થયો અને અતીન્દ્રિય આનંદની, ધર્મની, સમકિતની શરૂઆત થઈ. આહાહા..! તો સાદિઅનંત. ઉત્પન્ન થયો ત્યાંથી અનંત... અનંત.. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ક્યાંય અંત નથી એટલો કાળ સુખ રહેશે. આહાહા..! ભૂતકાળ કરતા

ભવિષ્યકાળના અનંતગણો છે. આહાહા..! તો આનંદનો કાળ અનંતગણો છે. દુઃખના કાળથી અનંતમાં ભાગે છે. આહાહા..!

મુનિને એમ કહે છે, હે મુનિરાજ! ગુરુને કહે છે. આપના ચરણકમળની સેવાથી, એના ચિંતવનથી મારો જન્મ સદા સફળ થઈ ગયો. આહાહા..! એનો અર્થ કે પોતાના સ્વભાવ તરફના ધ્યાનથી પોતાની ઓળખાણ કરી લીધી કે આત્મા આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ છે. એની ઓળખાણ કરી તો જન્મ સફળ થઈ ગયો. એ વિના બધા જન્મ... આહાહા..! એ ૨૫૧ (શ્લોક પૂરો) થયો.

## શ્લોક-૨૫૨

(मालिनी)

जयति सहजतेजोराशिनिर्मग्नलोकः
स्वरसविसरपूरक्षालितांहः समंतात्।
सहजसमरसेनापूर्णपुण्यः पुराणः
स्ववशमनसि नित्यं संस्थितः शुद्धसिद्धः।।२५२।।

**[શ્લોકાર્થ :–] જેણે નિજ રસના વિસ્તારરૂપી પૂર વડે પાપને સર્વ તરફથી ધોઈ નાખ્યાં છે, જે સહજ સમતારસથી પૂર્ણ ભરેલો હોવાથી પવિત્ર છે, જે પુરાણ (સનાતન) છે, જે સ્વવશ મનમાં સદા સુસ્થિત છે (અર્થાત્ જે સદા મનને-ભાવને સ્વવશ કરીને બિરાજમાન છે) અને જે શુદ્ધ સિદ્ધ છે (અર્થાત્ જે શુદ્ધ સિદ્ધભગવાન સમાન છે)—એવો સહજ તેજરાશિમાં મગ્ન જીવ જયવંત છે. ૨૫૨.**

## શ્લોક–૨૫૨ ઉપર પ્રવચન

૨૫૨.

जयति सहजतेजोराशिनिर्मग्नलोकः
स्वरसविसरपूरक्षालितांहः समंतात्।
सहजसमरसेनापूर्णपुण्यः पुराणः
स्ववशमनसि नित्यं संस्थितः शुद्धसिद्धः।।२५२।।

શ્લોકાર્થ :- 'જેણે નિજ રસના વિસ્તારરૂપી પૂર વડે પાપને સર્વ તરફથી ધોઈ નાખ્યાં

**છે,...'** આહાહા..! જેણે નિજ રસના વિસ્તારરૂપી પૂર દ્વારા. આહાહા..! અંતરમાં આનંદનું પૂર ભર્યું છે. પાણીમાં જેમ પૂર આવે છે, પાણીમાં પૂર આવે છે એમ આત્મામાં આનંદનું પૂર ભર્યું છે. આહાહા..! કોઈ દિ' સાંભળવાનું મળે નહિ અને ભિખારીની પેઠે આખો દિ' ધંધામાં રોકાયને પાંચ-પચ્ચીસ લાખ મળી જાય એટલે જાણે બસ, અભિમાનની હૂંફ ચડી જાય. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! **'જેણે નિજ રસના વિસ્તારરૂપી પૂર વડે પાપને સર્વ તરફથી ધોઈ નાખ્યાં છે,..'** આહાહા..! માર્ગ આ છે એમ કહે છે. ગુરુ જે માર્ગ બતાવે છે તે આ છે. બીજી કોઈ ક્રિયાકાંડ–દયા પાળો, વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, મંદિર બનાવો તો જન્મ-મરણનો અંત થશે એમ નથી. અબજો રૂપિયાનું મંદિર બનાવો તો રાગની મંદતા હોય તો પુણ્ય થશે. બંધન થશે, ધર્મ-બર્મ થશે નહિ, જન્મ-મરણનો અભાવ થશે નહિ. આહાહા..!

અહીં કહે છે **'જેણે નિજ રસના...'** આત્મરસ, આનંદરસ. રાગરસને છોડીને, પુણ્ય-પાપના રાગનો રસ છોડીને **'નિજ રસના વિસ્તારરૂપી પૂર વડે...'** આનંદનો વિસ્તાર કર્યો. આહાહા..! શક્તિમાં તો અનંત પડ્યો છે પણ પર્યાયમાં આનંદનો વિસ્તાર કર્યો, ફેલાવ કર્યો. આહાહા..! અંતર સમકિતદર્શન-જ્ઞાન ને ચારિત્ર ત્રણે મળીને વિસ્તાર કર્યો. અરે..! આવી વાતું હવે.

**'જેણે નિજ રસના...'** પોતાનો આનંદરસ. અતીન્દ્રિય આનંદરસ, અતીન્દ્રિય જ્ઞાનરસ, અતીન્દ્રિય શાંતરસથી ભરેલો પ્રભુ છે. એ પોતાના નિજરસથી... આહાહા..! **'વિસ્તારરૂપી પૂર...'** વિશાળ પર્યાયમાં એકાગ્ર થયો તો પર્યાયમાં વિશાળ આનંદ થયો, વિશાળ વીર્યની સ્ફુરણા થઈ, વિશાળ શાંતિ થઈ.. આહાહા..! **'વિસ્તારરૂપી પૂર વડે...'** આહાહા..! પોતાના આત્માના આનંદના અનુભવના પૂર દ્વારા. આહાહા..! કેટલાએ તો આત્મા નામ સાંભળ્યું હોય નહિ. આત્મા વળી હશે, આત્મા છે. પણ કોણ છે એની ખબર ન મળે. આંધળે આંધળા. આહાહા..! અહીં કાંઈ માખણ-બાખણ નથી. કોઈને ઠીક લાગે એવું બોલવું એમ અહીંયાં નથી. અહીં તો આચાર્ય મહારાજ કઠણ વાત છે એ પણ કરે છે. આહાહા..! મરીને નરકે જઈશ. જો આત્માનું ભાન નહિ કરે અને પાપ કરશે તો મરીને નરકે જશે. ત્યાં તારું કોઈ શરણ નથી. આહાહા..! ૩૩-૩૩ સાગર અસંખ્ય અબજ, અસંખ્ય અબજ વર્ષ. એક-બે વાર નહિ, અનંતવાર (ગયો). આહાહા..!

જેણે આત્મામાં નજર કરી અને એનો વિસ્તાર કર્યો. શક્તિમાં જે અનંત આનંદ હતો એ પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્રથી, વીર્યની રચનાથી પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો વિસ્તાર કર્યો. આહાહા..! વિસ્તારથી પૂર્ણ ભરેલો. **'પૂર્ણ ભરેલો હોવાથી પવિત્ર છે,..'** આહાહા..! પોતાની પર્યાય–દશામાં અનંત આનંદથી પૂર્ણ ભરેલો છે ત્યારે સર્વજ્ઞ થાય છે. કેવળજ્ઞાન થાય છે ત્યારે પૂર્ણ આનંદ અને પૂર્ણ શાંતિ ભરી છે. આહાહા..! **'જે પુરાણ (સનાતન) છે....'** એ

સનાતન ચીજ છે. એ કોઈ નવી ચીજ નથી એમ કહે છે. અંતરમાંથી અનંત આનંદનો વિસ્તાર કરીને, પૂર્ણ વિસ્તાર કર્યો એ ચીજ કોઈ નવી નથી. અનાદિની ચીજ પડી હતી તેને કાઢી છે. આહાહા..! આવો ઉપદેશ હવે. હજી દુકાનથી ઘડીએ નવરો થાય નહિ. એને આવો ઉપદેશ. આહાહા..!

**'સર્વ તરફથી ધોઈ નાખ્યાં છે,...'** આહાહા..! અતીન્દ્રિય આનંદ પ્રભુ, એના અવલંબનથી, રાગ-દ્વેષના ત્યાગથી પર્યાયમાં જે આનંદ અને શાંતિનો વિસ્તાર વિશાળતા પ્રગટી. અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની વિશાળતા પ્રગટી. અનંત આનંદ અને અનંત શાંતિ, અનંત વીર્ય, અનંત શ્રદ્ધા... આહાહા..! એના વિસ્તારથી **'પૂર્ણ ભરેલો હોવાથી...'** આહાહા..! **'પૂર વડે પાપને સર્વ તરફથી ધોઈ નાખ્યાં છે,...'** નાશ કર્યો, સર્વ તરફથી ધોઈ નાખ્યાં છે. **'જે સહજ સમતારસથી પૂર્ણ ભરેલો હોવાથી પવિત્ર છે,...'** કેવો છે ભગવાન? સહજ સમતારસ, સ્વભાવિક વીતરાગભાવથી ભરેલો છે. અરૂપી ભગવાન અંદર વિસ્તારથી વિશાળ વીતરાગભાવથી ભરેલો છે. આહાહા..!

**'સમતારસથી પૂર્ણ ભરેલો હોવાથી પવિત્ર છે,...'** ભગવાનઆત્મા પવિત્ર છે. આહાહા..! પોતાની પર્યાય સિવાય ક્યારેય અંતરમાં જવાનું સાંભળ્યું જ નથી. આહાહા..! એને આ ક્યાંથી પ્રગટે? આહાહા..! અનંતા અનંતા ભવ દુઃખમાં ગાળ્યા. અનંતા ભવ કર્યા. હવે કહે છે, એક વાર અંદર ભગવાન પાસે જાને. આનંદ, જ્ઞાન અને શાંતિનો વિસ્તાર કર. વિસ્તારથી પાપને ધોઈ નાખ. આહાહા..! **'સહજ સમતારસથી પૂર્ણ ભરેલો હોવાથી...'** આત્મા તો સહજ વીતરાગભાવથી ભરેલો છે માટે પવિત્ર છે. પ્રગટ પર્યાયમાં પણ વીતરાગ સમતારસ પ્રગટ થયો. જે શક્તિમાં હતો, સ્વભાવમાં પૂર્ણ વીતરાગ પવિત્રતા હતી એ પર્યાયમાં પૂર્ણ વીતરાગતા આવી. આહાહા..! આવો માર્ગ છે.

**'જે પુરાણ (સનાતન) છે,...'** એ તો અનાદિનો છે. શાંતિ, આનંદ અનાદિની ચીજ છે. કોઈ નવી ચીજ નથી. આહાહા..! **'જે સ્વવશ મનમાં સદા સુસ્થિત છે...'** જે પ્રાણી પોતાના આત્માને વશ મનથી સદા અંદર સુસ્થિત છે. આહાહા..! **'(અર્થાત્ જે સદા મનને-ભાવને સ્વવશ કરીને બિરાજમાન છે)...'** મનનો ભાવ જે પર તરફનો હતો એને છોડીને નિજ મનનો ભાવ પોતાનો આત્મા દરિયો-સમુદ્ર છે ત્યાં લઈ ગયા. આહાહા..! એ બાજુ બિરાજમાન છે. સ્વવશ કરીને બિરાજમાન છે **'અને જે શુદ્ધ સિદ્ધ છે (અર્થાત્ જે શુદ્ધ સિદ્ધ ભગવાન સમાન છે)–'** 'સિદ્ધ સમાન સદા પદ મેરો' આહાહા..! સિદ્ધ સમાન સદા પદ મેરો. મહાત્મ્ય આવે ત્યારે ને. આ બહારમાં મહાત્મ્ય ધૂળમાં (પડ્યા છે). આ શરીરની કાંઈક જુવાની હોય ને બાયડી ઠીક મળી હોય અને પાંચ-પચાસ લાખ રૂપિયા હોય. થઈ રહ્યું, મરી ગયો બિચારો. જીવતો મરી ગયો. જે ચૈતન્ય અંદર સનાતન છે એ નહિ, આ હું. તો એ નહિ ને આ હું, એનો અર્થ એણે મારી નાખ્યો આત્માને. આહાહા...! એ કહે

છે, જુઓ !

જે શુદ્ધ સિદ્ધ સમાન છે. આહાહા..! **'એવો સહજ તેજરાશિમાં મગ્ન જીવ જયવંત છે.'** આહાહા...! આવો ભગવાન આત્મા સ્વભાવિક તેજરાશિ–જ્ઞાનના પ્રકાશના તેજરાશિનો પુંજ પ્રભુમાં મગ્ન, મગ્ન જીવ જયવંત છે. એમાં મગ્ન રહેનાર જયવંત છે. આહાહા..! વસ્તુ તો વસ્તુ છે પણ વસ્તુમાંથી કાઢીને પોતાના અતીન્દ્રિય આનંદ અને શાંતિમાં જે રહે છે તે જીવ જયવંત છે. તે સુખી છે, તે સિદ્ધ થયો. આહાહા..! અને તે જીવ જયવંત છે. આહાહા..! એ જીવ જીવ્યો. એ જીવે જીવન લીધું. એ જીવનું જીવન અમૃતમય (થયું). એણે અમૃતમય બનાવ્યું. અજ્ઞાનીએ ઝેરમય બનાવ્યું છે. પુણ્ય-પાપમાં જીવના જીવનને ઝેરમય બનાવ્યું. આણે અમૃતમય બનાવ્યું. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૨૫૩

(अनुष्टुभ्)

**सर्वज्ञवीतरागस्य स्ववशस्यास्य योगिनः।**
**न कामपि भिदां क्वापि तां विद्मो हा जडा वयम्।।२५३।।**

**[શ્લોકાર્થ :–] સર્વજ્ઞ-વીતરાગમાં અને આ સ્વવશ યોગીમાં ક્યારેય કાંઈ પણ ભેદ નથી; છતાં અરેરે! આપણે જડ છીએ કે તેમનામાં ભેદ ગણીએ છીએ. ૨૫૩.**

---

**પ્રવચન નં. ૧૭૦, શ્લોક--૨૫૩-૨૫૪, ગાથા-૧૪૭, સોમવાર, જ્યેષ્ઠ વદ ૨, તા.૩૦-૦૬-૮૦**

---

'નિયમસાર' ૨૫૩. કળશ. ૨૫૩-કળશ.

**सर्वज्ञवीतरागस्य स्ववशस्यास्य योगिनः।**
**न कामपि भिदां क्वापि तां विद्मो हा जडा वयम्।।२५३।।**

**શ્લોકાર્થ** :- આહાહા..! **'સર્વજ્ઞ–વીતરાગમાં અને આ સ્વવશ યોગીમાં...'** આત્માના આનંદને આશ્રયે જે યોગી છે, પરમાત્મા પરમ પારિણામિકભાવને આશ્રયે યોગી છે અને એ સર્વજ્ઞ ભગવાન છે. **'ક્યારેય કાંઈ પણ ભેદ નથી;...'** એ બેમાં કાંઈ ફેર નથી. પહેલા જરી આવી ગયું હતું. સહેજ ફેર છે એવો શ્લોક આવી ગયો છે. અહીં કાઢી નાખ્યું. આહાહા..! સર્વજ્ઞ વીતરાગ અને આ સ્વવશ યોગી. આહાહા..! અંતર આત્મા આનંદસ્વરૂપને વશ છે.

વિકલ્પ જેને નથી એ કેવળજ્ઞાની જેવા જ છે, એમ કહે છે.

એ યોગીમાં ક્યારે પણ... આહાહા..! કોઈપણ. બે બોલ લીધા છે. કદી અને કાંઈ પણ ભેદ નથી. આહાહા..! ધન્ય એ મુનિપણું! જે એકલા આત્માને આશ્રયે સ્વવશ પૂર્ણ થાય છે અને સર્વજ્ઞ ભગવાન, બેમાં કાંઈ ફેર નથી. આહાહા..! કેમકે આત્મા પૂર્ણાનંદ પ્રભુ પરમાત્મસ્વરૂપ, એનું પૂર્ણ અવલંબન લીધું છે. પરમાત્મા સર્વજ્ઞે પૂર્ણ અવલંબન લઈને પ્રાપ્ત કર્યું છે. આ પણ પ્રાપ્ત કરવાની તૈયારીમાં છે. આહાહા..! મુનિ એને કહીએ. જે પરમ પંચમભાવ, ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ચાર ભાવથી રહિત પરમપારિણામિકભાવના અવલંબનમાં પડ્યો છે એ યોગી સ્વવશ છે, પોતાને વશ છે. આહાહા..! એ અને સર્વજ્ઞ ભગવાન બેમાં કાંઈ ભેદ નથી, એમ અહીંયાં કહે છે. આહાહા..!

**'ક્યારેય...'** આહાહા..! ખૂબી તો શું કહી છે? ખૂબી તો એ છે **'ક્યારેય કાંઈ પણ ભેદ નથી; છતાં અરેરે!'** આહાહા..! એ મુનિ છે, ભાવલિંગી છે, સંત છે. નિર્માની, એટલા નિર્માની કહે છે **'અરેરે! આપણે જડ છીએ...'** આહાહા..! એમાં ફેર માને એ જડ છે એમ ન કહ્યું. આપણે જડ છીએ. આહાહા..! સર્વજ્ઞયોગી પરમાત્મા પૂર્ણાનંદનો નાથ અનંતગુણને વશ પડ્યા છે. સર્વજ્ઞ પ્રભુ તો પૂર્ણ આત્માને વશ જ છે. અને યોગી પણ સ્વવશ જ છે. દયા, દાન, વ્રતને વશ યોગી નથી. એ યોગી અને મુનિ કહેવાતા નથી. એ તો ઠીક પણ બેમાં કદી કાંઈ પણ ભેદ નથી. એ પણ ઠીક. પણ... આહાહા..! નિર્માનતા ગજબ વાત છે.

**'અરેરે! આપણે જડ છીએ...'** આહાહા..! મુનિ પોતે ભાવલિંગી સ્વવશ અતીન્દ્રિય આનંદના અનુભવમાં (છે). એક સંજ્વલનનો કષાય છે. બાકી અનુભવમાં પડ્યા છે. એ પોતાને એમ કહે છે. બીજાને કહે છે પણ એમાં પોતાને નાખ્યા છે. નહિતર આપણે અથવા બીજાઓ એમ માને એમ ન લીધું. **'અરેરે! આપણે જડ છીએ કે તેમનામાં ભેદ ગણીએ છીએ.'** આહાહા..! સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ અને સંત કોને કહીએ? આહાહા..! સાધુ જે આત્મા આનંદ... આનંદ... આનંદ... અતીન્દ્રિય જ્ઞાન, પંચમ પારિણામિકભાવમાં લપેટાઈ ગયા છે, વશ થઈ ગયા છે. આહાહા..! એવા સ્વવશ યોગી અને કેવળજ્ઞાની પરમાત્મા બેમાં કાંઈપણ ફેર નથી.

**'અરેરે! આપણે...'** મુનિ કહે છે. ગજબ વાત કરે છે. **'અરેરે! આપણે જડ છીએ કે તેમનામાં ભેદ ગણીએ છીએ.'** આહાહા..! નિર્માનતાની હદ છે. આહાહા..! જેને ત્રણ કષાયનો નાશ થયો છે, પોતાના આનંદનો અનુભવ છે. અતીન્દ્રિય આનંદનો ત્રણ કષાયના અભાવથી આનંદ છે. આહાહા..! વિકલ્પ છે તો કહે છે કે અરે..રે..! જે અંદરમાં વશ પડ્યો છે, વિકલ્પ પણ જેને નથી.. આહાહા..! એવા સ્વવશ જે મુનિ છે, અમે વિકલ્પમાં આવ્યા.. આહાહા..! આટલું લખવાના વિકલ્પમાં આવ્યા (તો કહે છે), અરેરે! અમે જડ છીએ. આહાહા..! પૂર્ણાનંદના નાથમાં ન રહેતા એવો લખવાનો વિકલ્પ આવ્યો, તો એ સ્વવશ મુનિ જે અંદરમાં

એકાકાર છે એ અને સર્વજ્ઞ બેય એકસરખા છે. એમાં ફેર માને છે તો કહે છે, અમે જડ છીએ. આહાહા..! ગજબ વાત છે. અરેરે..! પાછો ખેદ કરીને કહે છે. આહાહા..!

**'આપણે જડ છીએ...'** કહેવાનો આશય તો એ છે કે અમને આ વિકલ્પ આવ્યો છે અને જે મુનિ વિકલ્પ રહિત અંતર સ્વવશમાં પડ્યા છે... આહાહા..! સપ્તમ ગુણસ્થાનમાં અંતર આનંદમાં પડ્યા છે, જેને શાસ્ત્રની ટીકા કરવાનો પણ વિકલ્પ નથી... આહાહા..! એમાં ભેદ માને છે એ જડ છે. આહાહા..! એટલી નિર્માનતા. અભિમાનતા છોડીને એટલી નિર્માનતા (છે). આહાહા..! અહીં તો જરી માન જાય તો ખદબદાટ થાય. આહાહા..!

ભગવાન જ્ઞાનસ્વરૂપી પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ, એમાં લખવાનો વિકલ્પ (આવે તે) પણ જડ છે. વિકલ્પ જડ છે તો અમે પણ જડ છીએ, કહે છે. આહાહા..! એટલા વિકલ્પમાં આવ્યા કેમ? 'યશપાલજી'! આહાહા..! જુઓ! દિગંબર સંતોની વાણી! આહાહા..! ગજબ! ક્યાંય છે નહિ. ભરતક્ષેત્રમાં આવી વાત ક્યાંય છે નહિ. આહાહા..! એ ૨૫૩ (શ્લોક પૂરો) થયો.

## શ્લોક–૨૫૪

(अनुष्टुभ्)

एक एव सदा धन्यो जन्मन्यस्मिन्महामुनिः।
स्ववशः सर्वकर्मभ्यो बहिस्तिष्ठत्यनन्यधीः।।२५४।।

**[શ્લોકાર્થ :–] આ જન્મમાં સ્વવશ મહામુનિ એક જ સદા ધન્ય છે કે જે અનન્યબુદ્ધિવાળો રહેતો થકો (–નિજાત્મા સિવાય અન્ય પ્રત્યે લીન નહિ થતો થકો) સર્વ કર્મોથી બહાર રહે છે. ૨૫૪.**

## શ્લોક–૨૫૪ ઉપર પ્રવચન

૨૫૪.

एक एव सदा धन्यो जन्मन्यस्मिन्महामुनिः।
स्ववशः सर्वकर्मभ्यो बहिस्तिष्ठत्यनन्यधीः।।२५४।।

**શ્લોકાર્થ :-** **'આ જન્મમાં...'** ઓહો..! આ મનુષ્યપણાના અવતારમાં **'સ્વવશ મહામુનિ એક જ સદા ધન્ય છે...'** આહાહા..! જેને પંચમહાવ્રત કે લખવાનો વિકલ્પ પણ નથી.. આહાહા..!

સ્વવશ પોતાના આનંદસ્વરૂપમાં ગુપ્ત થઈ ગયા છે. અતીન્દ્રિય આનંદ પંચમ પારિણામિકભાવ, એમાં લીન થયા છે. **'આ જન્મમાં સ્વવશ મહામુનિ...'** પોતાને વશ થયા એ મહામુનિ. **'એક જ...'** આહાહા..! પાછા એક જ. આહાહા..! **'સદા ધન્ય છે...'** સદા અંતરમાં આનંદમાં ગુપ્ત થયા, જેને ટીકા લખવાનો વિકલ્પ નથી, ભગવાનના શાસ્ત્ર લખવાનો પણ વિકલ્પ નથી. આહાહા..! એમ એ કહે છે. એવા મુનિ અંદરમાં પડ્યા છે. એ મહામુનિ સ્વવશ એક જ, એ એક જ. એક જ. એક ને એક જ. સદા ધન્ય છે. આહાહા..!

હવે અહીંયાં ક્રમબદ્ધ અને નિશ્ચયની વાત કરે ત્યારે કહે, એકાંત છે. શું કરે? પ્રભુ! એને સૂઝે એ પ્રમાણે કરે. એનું ફળ શું આવશે? આકરું છે, પ્રભુ! એને પણ વિપરીત માન્યતાનું ફળ દુઃખ હોય એ કોઈ ઇચ્છે? કોઈ પ્રાણીને દુઃખ થાય એમ ઇચ્છે નહિ. સર્વ પ્રાણી સુખી થાઓ, બધા અતીન્દ્રિય આનંદમાં રહો. આહાહા..! વિપરીતભાવથી દુઃખ થાય, ભાઈ! આહાહા..! જન્મ-મરણમાં માતાના પેટમાં સવા નવ મહિના ઊંધે માથે રહેવું... આહાહા..! શ્વાસ લેવો કઈ રીતે? આહાહા..! શ્વાસ તો છે. આહાહા..! મનુષ્ય ભવમાં... તિર્યંચ ભવમાં, નરક ભવમાં, નિગોદની તો વાત શું કરવી? મનુષ્યભવમાં પણ જન્મ સવા નવ મહિના ઊંધે માથે રહેવું... આહાહા..! અને જ્યારે બહાર નીકળવું કઠણ પડે, ભીંસમાંથી નીકળવું પડશે. આહાહા..! એવો મનુષ્યનો અવતાર, એને વશ થવું છોડીને... આહાહા..! પોતાના અતીન્દ્રિય આનંદને વશ થઈ ગયા છે. ફરીને અવતાર લેવાનો છે નહિ. મહામુનિ લીધા ને?

**'આ જન્મમાં સ્વવશ મહામુનિ...'** આહાહા..! **'એક જ સદા ધન્ય છે...'** પોતાની પણ ભાવના ભાવે છે કે વિકલ્પથી રહિત હું પૂર્ણ થઈ જાઉં. આહાહા..! લખું છું તો સારું છે, લાભ થશે. એ કાંઈ છે નહિ. મને વિકલ્પ આવે છે. પહેલા કળશમાં આવે છે કે મારું મન ફરી ફરીને થાય છે કે ટીકા કરું, એનું રહસ્યુ ખુલ્લું કરું, એનું રહસ્ય ખુલ્લું કરું એવો વિકલ્પ વારંવાર આવે છે. એ પહેલા લખ્યું છે. તેથી આ બની ગયું છે. પહેલા છે ને? પહેલા શ્લોકમાં છે. પહેલા શ્લોકો છે ને? આહાહા..!

મુમુક્ષુ :– છઠ્ઠો શ્લોક, ત્રીજે પાને.

ઉત્તર :– છઠ્ઠો શ્લોક. શું કહ્યું?

મુમુક્ષુ :– ત્રીજું પાનું.

ઉત્તર :– ત્રીજું પાનું. છઠ્ઠો શ્લોક. **'હમણાં અમારું મન પરમાગમના સારની પુષ્ટ રુચિથી...'** આહાહા..! **'પુષ્ટ રુચિથી...'** મુનિ છે. આહાહા..! **'ફરી ફરીને અત્યંત પ્રેરિત થાય છે.'** હું એને બનાવું, હું એને બનાવું એવો વારંવાર વિકલ્પ આવે છે. વિકલ્પ નાશ નથી થતો. આહાહા..! વિકલ્પથી પ્રેરિત થવાને લીધે... આહાહા..! **'એ રુચિથી પ્રેરિત થવાને લીધે...'** જોયું! આહાહા..! **'તાત્પર્યવૃત્તિ નામની આ ટીકા રચાય છે.'** આહાહા..! મનમાં વિકલ્પ આવ્યા કરે છે કે આની ટીકા થાય. ટીકા તે ટીકા છે! આહાહા..! 'સમયસાર'ની ટીકાથી

પણ કેટલીક વાત તો ઊંચા દરજ્જાની વાત કરી છે. ઓહોહો..! જુઓને! અહીં પણ કહ્યું. આહાહા..!

**'એક જ સદા ધન્ય છે...' 'આ જન્મમાં સ્વવશ મહામુનિ એક જ સદા ધન્ય છે...'** એક જ સદા ધન્ય છે. આહાહા..! **'કે જે અનન્ય બુદ્ધિવાળો રહેતો થકો...'** અનન્ય એટલે અનેરામાં બુદ્ધિ નહિ જતાં પોતાની અનન્ય બુદ્ધિના આનંદની બુદ્ધિમાં રહેનારા **'(–નિજાત્મા સિવાય અન્ય પ્રત્યે લીન નહિ થતો થકો) સર્વ કર્મોથી બહાર રહે છે.'** આહાહા..! સર્વ વિકલ્પરૂપી કાર્ય–સર્વ વિકલ્પરૂપી કર્મ–એનાથી બહાર રહે છે. આહાહા..! અત્યારે (એમ કહે છે), વિકલ્પથી કરો, એના વેપારથી, મહાવ્રતથી કલ્યાણ થશે. અરે..! પ્રભુ! શું થાય? તારા લાભનું કારણ છે ને, પ્રભુ! લાભનું કામ તો સત્યથી થશે કે અસત્યથી થશે? આહાહા..!

આ ક્રમબદ્ધનો બહુ વિરોધ થયો. જેમાં પુરુષાર્થ છે. ક્રમબદ્ધમાં સ્વ તરફનો પુરુષાર્થ છે. કેમકે પર્યાયનો નિર્ણય કરવામાં પર્યાય ઉપર લક્ષ નહિ કરવાથી થાય છે. પર્યાયનો નિર્ણય કરવામાં દ્રવ્ય ઉપર જ્યારે લક્ષ થાય છે ત્યારે દ્રવ્યનું જ્ઞાન થાય ત્યારે પર્યાયનો નિર્ણય યથાર્થ થાય છે. એ જ પુરુષાર્થ છે. આહાહા..! પણ (અત્યારે એમ કહે છે) ક્રમબદ્ધ જે સમયે થશે તે સમયે થશે, એ તો નિયતિ થઈ. અરે..! પ્રભુ! નિયતિની સાથે પાંચ સમવાય સાથે છે. એમાં પુરુષાર્થની મુખ્યતા છે. આહાહા..! પોતાની પર્યાયને પોતા તરફ ઝુકાવવી, વલણ કરવી, પ્રભુ! એ કાંઈ અલ્પ પુરુષાર્થ છે? આહાહા..! એ પુરુષાર્થને પુરુષાર્થ ગણતા નથી અને પર્યાય આડીઅવળી, આઘીપાછી કરવી ને આમ કરવું ને તેમ કરવું (તેને પુરુષાર્થ માને છે). આહાહા..!

જે સમયે જે પર્યાય થવાની છે તે સમયે તે પર્યાય થશે. એવો જ્યારે નિર્ણય થાય છે ત્યારે દ્રવ્યનો પુરુષાર્થ થાય છે, જ્ઞાયકસ્વભાવ તરફનો પુરુષાર્થ થાય છે. આહાહા..! વાત આકરી પડી પણ શું કરે? ક્રમબદ્ધને નિયત કરીને (કાઢી નાખ્યું). પણ શાસ્ત્ર જોતા નથી કે આ શાસ્ત્રમાં ક્રમબદ્ધ લખ્યું છે.

'સમયસાર' ૩૦૮ ગાથામાં ક્રમનિયમિત (શબ્દ છે). આહાહા..! ક્રમ અને નિયમિત. જે સમયે થવાની છે તે સમયે થશે. એ નિયમિત છે. આહાહા..! ક્રમ નિશ્ચિત્ત-ક્રમ નિશ્ચિત્ત. આહાહા..! પણ એનો પુરુષાર્થ કરવામાં દ્રવ્ય તરફ જાવું. ત્યારે ક્રમનિયમિતનો, પર્યાયનો, દ્રવ્યનો નિર્ણય થતાં પર્યાયનો નિર્ણય થાય છે. એ જ પુરુષાર્થ છે. આહાહા..! ક્રમબદ્ધની વાત હતી નહિ. નવી લાગી. પણ પાઠમાં તો છે. આ કાંઈ નવું 'સમયસાર' છે? 'સમયસાર'માં ક્રમનિયમિત પાઠ છે. દરેક દ્રવ્યની ક્રમનિયમિત (પર્યાય) થાય છે. આહાહા..! આઘી-પાછી કરવામાં જિનેન્દ્ર પણ સમર્થ નથી. એવું 'સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષા'માં લખ્યું છે. જિનેન્દ્ર પણ સમર્થ નથી. પણ એમાં જ પુરુષાર્થ આવ્યો. આહાહા..!

સ્વસન્મુખ થતાં જ ક્રમબદ્ધનો નિર્ણય થાય છે એ જ પુરુષાર્થ છે. એમાં પાંચેય સમવાય

આવી ગયા અને એના ભવનો નાશ થઈ ગયો. આહાહા..! અને મોક્ષની શરૂઆત થઈ ગઈ. આહાહા..! હવે એને એકાંત માને. અરે...! પ્રભુ! શું કરે છે? એવી બુદ્ધિ કેમ સૂઝે છે? અહીં તો ના પાડે છે. આહાહા..!

મુનિ તો અંતરમાં લીન થાય છે. આહાહા..! એ ટીકા કરવાનો વિકલ્પ પણ જડ છે. આહાહા..! ગજબ છે. 'સમાધિશતક'માં પણ કહ્યું છે. અમે જે આ કહીએ છીએ એમાં વિકલ્પ છે એ પાગલ જેવો છે. એમ લખ્યું છે. મુનિ. અમે સમજાવીએ છીએ એમાં વિકલ્પ આવે છે એ પાગલ છે. કેમકે વિકલ્પથી કાંઈ એને જ્ઞાન થતું નથી અને વિકલ્પથી મને લાભ થતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? સાંભળનારને પણ વિકલ્પથી જ્ઞાન નથી થતું. આહાહા..!

મુમુક્ષુ :– સ્વયંના પુરુષાર્થથી થાય છે.

ઉત્તર :– એ એના પુરુષાર્થથી થાય છે. અને કહેનારને વિકલ્પથી લાભ થતો નથી. વિકલ્પ તો રાગ છે. એવું 'સમાધિશતક'માં કહ્યું છે કે ઉપદેશ દેનાર પાગલ છે. આહાહા..! એ દિગંબર સંતો કહે. જેને જગતની પડી નથી, જગતની દરકાર નથી. જગત માનશે કે નહિ માને, સમતોલ રહેશે કે નહિ રહે એની કંઈ દરકાર નથી. આહાહા..! અહીં કહે છે...

મુમુક્ષુ :– સાંભળવાવાળાને તો દેશનાલબ્ધિનો લાભ થાય છે ને?

ઉત્તર :– એ એનાથી અંતરમાં નથી જતો. અંતરમાં દેશનાલબ્ધિનું જ્ઞાન કામ નથી કરતું.

મુમુક્ષુ :– એવી પ્રતીતિ થાય છે કે પરથી લાભ થશે માટે પરમાં ભટકે છે.

ઉત્તર :– પરથી લાભ થતો જ નથી. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવની વાણી નીકળે છે તો તેનાથી પણ આત્માને લાભ નથી. ભગવાન તો ત્યાં સુધી કહે છે કે પરમાત્મા ત્રિલોકનાથ 'સમયસાર'ની ૩૧મી ગાથામાં એમ કહે છે કે પ્રભુ! અમે તારી અપેક્ષાએ અમે ઇન્દ્રિય છીએ. અમારા ઉપર લક્ષ જશે તો તને દુર્ગતિ-રાગ થશે. આહાહા..! ઇન્દ્રિયને જીતવી ત્યારે થાય છે કે રાગને, જડઇન્દ્રિયને, ભાવઇન્દ્રિયને, ઇન્દ્રિયના જેટલા વિષય છે–'મહાવીર' તીર્થંકર, સર્વજ્ઞની વાણી આદિ બધાનું લક્ષ છોડીને અંદરમાં જવું તે ઇન્દ્રિયનું જીતવું છે. આહાહા..! એવી વાણી દિગંબર મુનિ સિવાય ક્યાંય નથી, ક્યાંય નથી. આહાહા..! ગજબ વાત કરે છે ને! આહાહા..!

ઇન્દ્રિય. '**जो इंदिये जिणित्ता**' જે કોઈ ઇન્દ્રિયને જીતીને. એના અર્થમાં એમ લીધું કે ઇન્દ્રિયનો અર્થ શું? કે આ જડ ઇન્દ્રિય, ભાવઇન્દ્રિય (અર્થાત્) એક ઇન્દ્રિય એક વિષય કરે એ અને ઇન્દ્રિયનો વિષય–ભગવાન તીર્થંકર સ્ત્રી, કુટુંબ, પરિવાર, ભગવાનની વાણી બધો ઇન્દ્રિયનો વિષય છે. આહાહા..! ઇન્દ્રિયના વિષયને ઇન્દ્રિય કહ્યું. તો ઇન્દ્રિયને જીતવી, એના ઉપરનું લક્ષ છોડવું અને અતીન્દ્રિયમાં આવવું એ લાભનું કારણ છે. 'યશોપાલજી'!

એમાં યશપાલ છે. એમાં યશ નીકળે છે. આહાહા..! બાકી અપજસ છે. આહાહા..! દુનિયામાં રખડવું... આહાહા..!

જુઓને! ઓલા આવ્યા છે બિચારા. આઠ વર્ષની છોડી ઉપરથી પડીને મરી ગઈ. ઉપરથી પડીને. આહાહા..! એવા મરણ અનંતવાર કર્યા છે. આ જીવે અનંતવાર એવા મરણ કર્યા છે. એણે કર્યા એ વાત નથી. અનાદિ... અનાદિ... અનાદિ... અનાદિ... આહાહા..! જેની આદિ નથી–શરૂઆત નથી એનું માપ શું? એની મર્યાદા શી? એનો અનંતનો અંત શું? એના અનંતનો અંત શું? આહાહા..! છે.. છે અનાદિકાળથી, ભ્રમણા કરે છે તો એમાં અનંત ભવ એવા આવ્યા છે કે અનંતવાર ઘાણીમાં પીલાયો અને છરા વડે અનંતવાર કપાણો. શિકારી... ઓહોહો..! માંસ વેચનાર. કસાય-કસાય. કસાય. કસાયના હાથે જીવતો માણસ મળે તો એના કટકા કરે એવું અનંતવાર થયું છે, પ્રભુ! અનંતવાર... અનંતવાર.. અનંતકાળમાં બધું થઈ ગયું. આહાહા..! કોનું અભિમાન કરવું? આહાહા..!

અહીં કહે છે, **'આ જન્મમાં...'** આહાહા..! **'સ્વવશ મહામુનિ એક જ સદા ધન્ય છે.'** આહાહા..! **'કે જે અનન્ય બુદ્ધિવાળો રહેતો થકો..'** પોતાના સ્વભાવ તરફથી નીકળીને બીજામાં નથી જતો. અનન્ય બુદ્ધિ, પોતામાં બુદ્ધિ રાખે છે એ યશ છે, એ ધન્ય છે. એ સર્વ કર્મથી બહાર રહે છે. આહાહા..! સાંભળવું કઠણ પડે. ૧૪૬ થઈ.

## ગાથા-૧૪૭

आवासं जइ इच्छसि अप्पसहावेसु कुणदि थिरभावं।
तेण दु सामण्णगुणं संपुण्णं होदि जीवस्स।।१४७।।

आवश्यकं यदीच्छसि आत्मस्वभावेषु करोषि स्थिरभावम्।
तेन तु सामायिकगुणं सम्पूर्णं भवति जीवस्य।।१४७।।

शुद्धनिश्चयावश्यकप्राप्त्युपायस्वरूपाख्यानमेतत्।

इह हि बाह्यषडावश्यकप्रपंचकल्लोलिनीकलकलध्वानश्रवणपराङ्मुख हे शिष्य शुद्धनिश्चयधर्मशुक्लध्यानात्मकस्वात्माश्रयावश्यकं संसारव्रततिमूललवित्रं यदीच्छसि, समस्त विकल्पजालविनिर्मुक्तनिरंजननिजपरमात्मभावेषु सहजज्ञानसहजदर्शनसहजचारित्रसहजसुखप्रमुखेषु सततनिश्चलस्थिरभावं करोषि, तेन हेतुना निश्चयसामायिकगुणे जाते मुमुक्षोर्जीवस्य बाह्यषडावस्यकक्रियाभिः किं जातम्, अप्यनुपादेयं फलमित्यर्थः। अतः परमावश्यकेन निष्क्रियेण अपुनर्भवपुरन्ध्रिकासंभोगहासप्रवीणेन जीवस्य सामायिकचारित्रं सम्पूर्णं भवतीति।

तथा चोक्तं श्रीयोगीन्द्रदेवै :-

(मालिनी)

``यदि चलति कथञ्चिन्मानसं स्वस्वरूपाद्
भ्रमति बहिरतस्ते सर्वदोषप्रसङ्गः।
तदनवरतमंतर्मग्नसंविग्नचित्तो
भव भवसि भवान्तरस्थायिधामाधिपस्त्वम्।।''

---

આવશ્યકાર્થે તું નિજાત્મસ્વભાવમાં સ્થિરતા કરે;
તેનાથી સામાયિક તણો ગુણ પૂર્ણ થાયે જીવને. ૧૪૭.

અન્વયાર્થ :– [ यदि ] જો તું [ आवश्यकम् इच्छसि ] આવશ્યકને ઇચ્છે છે તો તું [ आत्मस्वभावेषु ] આત્મસ્વભાવોમાં [ स्थिरभावम् ] સ્થિરભાવ [ करोषि ] કરે છે; [ तेन तु ] તેનાથી [ जीवस्य ] જીવને [ सामायिकगुणं ] સામાયિકગુણ [ सम्पूर्णं भवति ] સંપૂર્ણ થાય છે.

ટીકા :– આ, શુદ્ધનિશ્ચય-આવશ્યકની પ્રાપ્તિનો જે ઉપાય તેના સ્વરૂપનું કથન છે.

બાહ્ય ષટ્–આવશ્યકપ્રપંચરૂપી નદીના કોલાહલના શ્રવણથી (–વ્યવહાર છ આવશ્યકના વિસ્તારરૂપી નદીના કકળાટના શ્રવણથી) પરાઙ્મુખ હે શિષ્ય! શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન તથા શુદ્ધનિશ્ચય-શુક્લધ્યાનસ્વરૂપ સ્વાત્માશ્રિત આવશ્યકને—કે જે સંસારરૂપી લતાના મૂળને છેદવાનો કુહાડો છે તેને–જો તું ઇચ્છે છે, તો તું સમસ્ત વિકલ્પજાળ રહિત નિરંજન નિજ પરમાત્માના ભાવોમાં–સહજ જ્ઞાન, સહજ દર્શન, સહજ ચારિત્ર અને સહજ સુખ વગેરેમાં–સતત-નિશ્ચળ સ્થિરભાવ કરે છે; તે હેતુથી (અર્થાત્ તે કારણ વડે) નિશ્ચયસામાયિકગુણ ઊપજતાં, મુમુક્ષુ જીવને બાહ્ય છ આવશ્યકક્રિયાઓથી શું ઊપજ્યું? [1]અનુપાદેય ફળ ઊપજ્યું એવો અર્થ છે. માટે અપુનર્ભવરૂપી (મુક્તિરૂપી) સ્ત્રીનાં સંભોગ અને હાસ્ય પ્રાપ્ત કરવામાં પ્રવીણ એવા નિષ્ક્રિય પરમ-આવશ્યકથી જીવને સામાયિકચારિત્ર સંપૂર્ણ થાય છે.

એવી રીતે (આચાર્યવર) શ્રી યોગીન્દ્રદેવે (અમૃતાશીતિમાં ૬૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–

''[શ્લોકાર્થ :–] જો કોઈ પ્રકારે મન નિજ સ્વરૂપથી ચલિત થાય અને તેનાથી બહાર ભમે તો તને સર્વ દોષનો પ્રસંગ આવે છે, માટે તું સતત અંતર્મગ્ન અને [2]સંવિગ્ન ચિત્તવાળો થા કે જેથી તું મોક્ષરૂપી સ્થાયી ધામનો અધિપતિ થશે.''

---

૧. અનુપાદેય = હેય; નાપસંદ કરવા જેવું; નહિ વખાણવા જેવું.

૨. સંવિગ્ન = સંવેગી; વૈરાગી; વિરક્ત.

## ગાથા-૧૪૭ ઉપર પ્રવચન

૧૪૭.

**आवासं जइ इच्छसि अप्पसहावेसु कुणदि थिरभावं।**
**तेण दु सामण्णगुणं संपुण्णं होदि जीवस्स।।१४७।।**

**આવશ્યકાર્થે તું નિજાત્મસ્વભાવમાં સ્થિરતા કરે;**
**તેનાથી સામાયિક તણો ગુણ પૂર્ણ થાયે જીવને. ૧૪૭.**

આહાહા..! અહીં સામાયિક કહ્યું, જોયું! સામાયિક ગુણ સંપૂર્ણ.

'**ટીકા :– આ, શુદ્ધનિશ્ચય-આવશ્યકની પ્રાપ્તિનો જે ઉપાય...**' શુદ્ધ નિશ્ચય આવશ્યક. વ્યવહાર આવશ્યક તો રાગનું કારણ છે, બંધનું કારણ છે. આહાહા..! વ્યવહાર સામાયિક ચૌવિસંથો, વંદન, પડિક્કમણું બધો રાગ બંધનું કારણ છે. આહાહા..! હવે આને નિશ્ચય કહીને એકાંત કહે છે. વ્યવહારથી પણ લાભ થાય છે. એણે ઊંધા અર્થ કર્યા છે ને? એણે તો કળશ પ્રમાણે અર્થ કર્યા છે. એટલે આણે લખ્યું કે તેમાં તો વ્યવહારનો નિષેધ કર્યો છે. એવો અર્થ નથી. એવો અર્થ છે. આહાહા..! પંડિતો-પંડિતો... 'ધર્મચંદ' છે કોઈ શાસ્ત્રી. કોઈ સાધુનો સંઘ છે એમાં રહેતો હશે. આહાહા..! એમ કહે છે કે તમે આમ માનો છો એ વાત નથી. વ્યવહારનો અર્થ તમે તો એમ કરે છો કે નિષેધ કરવો. (પરંતુ) એમ વાત નથી. એમ વાત નથી ત્યાં. એનો અર્થ એ નથી. એમ કહે છે. વ્યવહારથી પણ લાભ થાય. અરે..રે..! હવે શું કરે? અરે..! મનુષ્યપણું આવ્યું, દિગંબરમાં જન્મ થયો, દિગંબર સાધુની સાથે રહ્યો. સંઘસ્થ લખ્યું છે. એટલે દિગંબર સાધુની સાથે કોઈ સંઘમાં હશે. આહાહા..! એણે આ બધા અર્થ આવા કર્યા છે. આહાહા..!

અહીં તો કહે છે, '**શુદ્ધનિશ્ચય-આવશ્યકની પ્રાપ્તિનો જે ઉપાય તેના સ્વરૂપનું કથન છે.**' વ્યવહાર-આવશ્યકનું કથન અહીંયા નથી. આહાહા..! શુદ્ધ સ્વરૂપનું, શુદ્ધ નિશ્ચય આવશ્યકની પ્રાપ્તિનો જે ઉપાય છે એના સ્વરૂપનું કથન છે.

'**ટીકા :– બાહ્ય ષટ્-આવશ્યકપ્રપંચરૂપી નદીના કોલાહલના શ્રવણથી (–વ્યવહાર છ આવશ્યકના વિસ્તારરૂપ નદીના કકળાટના શ્રવણથી) પરાઙ્મુખ...**' આહાહા..! વ્યવહાર જે ષટ્ આવશ્યકના વિકલ્પ આવે છે, સામાયિક, ચૌવિસંથો, વંદન આદિ, એનાથી પરાઙ્મુખ થઈ જા. એ તો કોલાહલ છે. વ્યવહાર આવશ્યક તો કોલાહલ છે. વિકલ્પનો, રાગનો કોલાહલ છે. દુઃખનો કોલાહલ છે. રાગ કહો કે દુઃખ કહો. આહાહા..! છે?

'**બાહ્ય ષટ્-આવશ્યકપ્રપંચરૂપી...**' ષટ્-આવશ્યક પ્રપંચ છે. આહાહા..! મુનિને દરકાર નથી કે આવા શબ્દ લખ્યા છે તો દુનિયા શું અર્થ કરશે. દુનિયા દુનિયાની જાણે. વિકલ્પ

આવ્યો છે તો ટીકા થઈ જાય છે. એ ટીકા તો શબ્દથી થાય છે. વિકલ્પ આવ્યો એટલે ટીકા થઈ એમ નથી. એ ટીકા તો શબ્દથી તે સમયે થવાની હતી તો થઈ છે. એ વિકલ્પથી થઈ નથી. આહાહા..! આવી વાત. અહીંયાં તો બાહ્ય ષટ્-આવશ્યક, સામાયિક, ચૌવિસંથો, ભગવાનની સ્તુતિ, વંદન, કાયોત્સર્ગ, સામાયિક, વંદના, પડિક્કમણ, પ્રતિક્રમણ, પચ્ચખાણ, કાયોત્સર્ગ, ધ્યાન, બધો વિનય, બાર (પ્રકારના) વિનય, દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય... આહાહા..! એ **'ષટ્-આવશ્યકપ્રપંચરૂપી નદીના કોલાહલ...'** આહાહા..! છે ને?

આવું આચાર્યો પોકાર કરીને કહે છે. દિગંબર સંતો પોકાર કરીને કહે છે. આહાહા..! એને કાંઈ જગતની પડી નથી. એક ઠેકાણે આવે છે કે સમાજ સમતોલ રહેશે કે નહિ એની દરકાર નથી. સત્ય જાહેર કરે છે. દિગંબર સંતો સત્યનો પોકાર કરે છે. સત્ય આ છે. બાકી ષટ્-આવશ્યક પણ અસત્ય છે. આહાહા..! બાહ્ય સામાયિક, આત્મજ્ઞાન વિનાની સામાયિક પૌષધ, ભગવાનની સ્તુતિ, વંદન બધું કોલાહલ છે. નદીનો કોલાહલ થાય છે. નદીમાં જેમ કળ.. કળ.. કળ.. (થાય) એવો વિકલ્પનો, રાગનો કળકળાટ છે. આહાહા..! આવી વાત સાંભળી પણ ન હોય એવી વાત છે, પ્રભુ! આહાહા..!

પ્રભુ! તું બિરાજે છે ને! તારી સત્તા પૂર્ણ છે. પૂર્ણ સત્તામાં કોઈ પરની અપેક્ષા નથી. એવો નિરપેક્ષ પંચમ પારિણામિક જ્ઞાયકભાવ, એના આશ્રયથી છ આવશ્યકના કોલાહલને છોડી દે. આહાહા..! છ આવશ્યક નદીનો કોલાહલ. નદીમાં જેમ કોલાહલ થાય છે ને? ખળખળાટ-ખળખળાટ બહુ પાણી આવે ત્યારે થાય. આહાહા..! **'નદીના કકળાટના શ્રવણથી...'** આહાહા..! એ વચનોના શ્રવણથી, **'(-વ્યવહાર છ આવશ્યકના વિસ્તારરૂપી નદીના કકળાટના શ્રવણથી)...'** આહાહા..! વિકલ્પ ઊઠે છે અને તું સાંભળે છો. આહાહા..! **'પરાઙ્મુખ...'** છે. નિશ્ચય આવશ્યક તો વ્યવહાર આવશ્યકથી પરાઙ્મુખ છે. એમાં લખ્યું છે કે વ્યવહારથી નિશ્ચય વિરુદ્ધ નથી. વિરુદ્ધ અર્થ લખ્યો એ જૂઠો છે. કોઈ વખતે વિરુદ્ધ અર્થ લખ્યો છે, ભાઈએ 'જગમોહનલાલજી'. એક ઠેકાણે ભૂલ કરી છે. વ્યવહારથી નિશ્ચય થાય. શુભભાવથી. ખોટી-જૂઠી વાત છે. શુભભાવથી નિશ્ચય થતો જ નથી. શુભભાવ કોલાહલ છે, રાગ છે. આહાહા..!

હવે છ આવશ્યકનો વિકલ્પ પણ કોલાહલ. પ્રપંચ.. આહાહા..! રાગ, દુઃખ એ જાળમાંથી નીકળીને પ્રભુ! નિશ્ચયમાં આવી જા. આહાહા..! હજી તો સાંભળવા મળ્યું ન હોય એ ક્યારે કરે? આહાહા..! વ્યવહાર અને નિશ્ચય બે છે કે નહિ? બે છે તો બેય લાભનું કારણ છે કે નહિ? પ્રભુ! બે લાભનું કારણ હોય તો બે હોય જ નહિ. તો બે કેમ પડે? એક જ નામ પડે નહિ. નિશ્ચય અને વ્યવહાર બે પડ્યા છે તો વિરુદ્ધ છે તો વિરુદ્ધ પડ્યા. જો એક હોય તો તેનાથી પણ લાભ થાય અને એનાથી પણ લાભ થાય તો નિશ્ચય-વ્યવહાર બે ભાગ જ ન પડે. આહાહા..! ન્યાયથી પણ વાત કબુલાતમાં હજી આવતી નથી એ

પરિણમનમાં ક્યાંથી આવે? આહાહા..! અંતર પરિણમન ક્યાંથી થાય? અને એ વિના સંસારનો અંત કદી નથી થતો, પ્રભુ! આહાહા..! એ દેહ તો છૂટી જશે અને ક્યાંય ઉતારા કરશે. અંતરનું ભાન નથી તો ચોર્યાશીના અવતારમાં ઉતારા થશે. આહાહા..! કોઈ સાથે આવશે નહિ. આહાહા..! એ વિકલ્પ પણ સાથે નહિ આવે. વિકલ્પથી કર્મબંધન થાય છે એ કર્મ સાથે આવે છે. વિકલ્પ આવ્યો હતો એ તો ગયો. એનાથી જે સ્વતંત્ર બંધ થયો તો એ કર્મ પોતાની પર્યાયની યોગ્યતાથી સાથે આવે છે. આત્માને કારણે નહિ. આહાહા..! આત્મા પણ આમ જાય છે તો કર્મ પણ પોતાની પર્યાયની યોગ્યતાથી પોતાને કારણે સાથે આવે છે. આહાહા..!

એવો કોલાહલ. આવશ્યકના વિસ્તારરૂપી '**(–વ્યવહાર છ આવશ્યકના વિસ્તારરૂપી નદીના કકળાટના શ્રવણથી) પરાઙ્મુખ હે શિષ્ય!**' આહાહા..! પરાઙ્મુખ હે શિષ્ય! '**શુદ્ધનિશ્ચયધર્મધ્યાન તથા શુદ્ધનિશ્ચય-શુક્લધ્યાનરૂપ સ્વાત્માશ્રિત આવશ્યકને...**' કર. આહાહા..! શુદ્ધ ધર્મધ્યાન ને શુક્લધ્યાન. નિશ્ચય સ્વભાવ જે શુદ્ધ ચૈતન્ય રાગથી રહિત, ભેદથી રહિત અભેદ ચીજ જે છે એના આશ્રયે જ નિશ્ચય આવશ્યક થાય છે. આહાહા..! હવે આમાં વખત ક્યારે મળે? 'સુમનભાઈ'! નોકરી કરવી, આખો દિ' બાયડી-છોકરા સાચવવા. દીકરીઓના લગ્ન કરવા, સારા ઠેકાણે નાખવા. પછી ભલે વૈષ્ણવમાં નાખે. પણ ક્યાંક ઠેકાણે પાડીને... આહાહા..! અરે..રે..! જન્મ, અરે..! જન્મ મનુષ્ય.. આહાહા..!

આ મનુષ્ય જન્મમાં શું કરવું? કે આ એક કરવાનું છે. છ આવશ્યકના વિકલ્પથી રહિત નિશ્ચય આવશ્યક કરવાનું છે. આહાહા..! આવી વાત જૈન સિવાય તો ક્યાંય છે નહિ. જૈનમાં પણ દિગંબર જૈન સિવાય ક્યાંય નથી. શ્વેતાંબર અને સ્થાનકવાસીમાં આ વાત છે નહિ, પ્રભુ! દુઃખ લાગે તો માફ કરજો. અમે સ્થાનકવાસી છીએ અને અમે દેરાવાસી છીએ. અમને ખોટા ઠરાવે છે. આચાર્યે (પંડિત ટોડરમલે) તો 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ઠરાવ્યા છે. શ્વેતાંબર-સ્થાનકવાસી જૈન નથી, અન્યમત છે. એ જૈન જ નથી. આહાહા..! એણે ઘણી ગડબડ કરી નાખી છે. દેવ-ગુરુ-શાસ્ત્રની, ધર્મની બહુ ગડબડ કરી નાખી છે. આહાહા..! દિગંબરમાં આવે તોપણ પાછા ગડબડ કરે. (દિગંબરમાં) જન્મ્યા તો શું થયું? આહાહા..!

મુમુક્ષુ :– દિગંબરમાં પણ કેવળ અહીં જ છે. બીજે ક્યાંય નથી.

ઉત્તર :– દિગંબર ધર્મ, દિગંબર ધર્મ એટલે જૈન ધર્મ, જૈન ધર્મ એટલે વાસ્તવિક વસ્તુનું સ્વરૂપ. એ કોઈ પક્ષપાત નથી. આહાહા..! એ તો વસ્તુના જેવા દ્રવ્ય-ગુણ-પર્યાય છે અને જેવા સ્વતંત્ર છે એવા જાણ્યા, એવા ભગવાને કહ્યો. આ કોઈ પક્ષ કે વાડો નથી. અરે..રે..! શું કરીએ? સત્ય કહીએ છીએ તો તોફાન કરે (છે). નહિ. એ એકાંત છે... એકાંત છે.. એકાંત છે એ મિથ્યાત્વ છે. સારું, ભાઈ! પ્રભુ! આહાહા..!

અહીં કહે છે... આહાહા..! '**હે શિષ્ય!**' ગુરુ કહે છે, જુઓ! '**હે શિષ્ય! શુદ્ધનિશ્ચય**

**ધર્મધ્યાન...**' પોતાનો આત્મા આનંદસ્વરૂપનું ધ્યાન અને શુક્લધ્યાન નિર્વિકલ્પ વિશેષ. હજી ધર્મધ્યાનમાં અબુદ્ધિપૂર્વકનો વિકલ્પ હોય છે. એ તો બંધનું કારણ છે. પણ અંતરમાં જેટલો આશ્રય થયો એટલું ધર્મધ્યાન છે. અને શુક્લધ્યાનમાં તો વિકલ્પ પણ નથી. એ વિકલ્પ રહિત '**શુદ્ધનિશ્ચય-શુક્લધ્યાનસ્વરૂપ સ્વાત્માશ્રિત આવશ્યકને...**' આહાહા..! સ્વ આત્માને આશ્રિત. એ છ આવશ્યકના વિકલ્પ સ્વ આત્મા નથી. એ તો અનાત્મા છે. આહાહા..! છ વ્યવહાર આવશ્યક જે સામાયિક, ચૌવિસંથો, વંદન, પ્રભુની ભક્તિ, પૂજા એ બધા અનાત્મા છે. આહાહા..! ગજબ વાત છે. કઠણ છે, પ્રભુ! વાત તો એવી છે, પ્રભુ! તને ગોઠે ન ગોઠે... આહાહા..! વસ્તુનું સ્વરૂપ તો આવું છે. આહાહા..!

'**સ્વાત્માશ્રિત...**' આહાહા..! આ સિદ્ધાંત છે. '**સ્વાત્માશ્રિત આવશ્યક...**' છ આવશ્યક વ્યવહાર એ પર આત્મા આશ્રિત છે. વિકલ્પ પરાશ્રિત રાગ છે. આહાહા..! ખરેખર તો એ છ આવશ્યક પુદ્‌ગલ છે. આહાહા..! આત્મા નહિ. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદના રસથી ભરેલો છે ને, પ્રભુ! અતીન્દ્રિય વીતરાગની મૂર્તિ છે ને, નાથ! એના અવલંબને જે આવશ્યક થાય એ સ્વાશ્રિત આવશ્યક છે. આહાહા..! સાંભળ્યું ન હોય કોઈ દિ'. બહારમાં આ કરો.. આ કરો.. આ કરો... આહાહા..! '**સ્વાત્માશ્રિત...**' સ્વ આત્મામાં પરમાત્મા પણ નહિ. તીર્થંકર પણ પર આત્મા છે. એના આશ્રયે પણ વિકલ્પ-રાગ થાય છે. આહાહા..!

અરે..! ટાઈમ જાય છે, સમય ચાલ્યો જાય છે. મૃત્યુની નજીક (જાય છે). આહાહા..! ક્યા સમયે કઈ રીતે દેહ છૂટવાનો એ રીતે દેહ છૂટશે. એમાં લાખ ઉપાય અંદરના કરે અને ઇંજેક્શન લગાવે અને ડોક્ટર બોલાવે ને ઇંજેક્શન લગાવે તોપણ ધૂળેય નહિ રહે. આહાહા..! જે સમયે દેહ છૂટવાનો એ છૂટવાનો.. છૂટવાનો... છૂટવાનો. આહાહા..! એ ડોક્ટરની દવા અડતી નથી. ઇંજેક્શન શરીરને અડતું નથી. શરીર આત્માને અડતું નથી. શું તારું ઇંજેક્શન કામ કરશે? આહાહા..! 'સુમનભાઈ'! ઇંજેક્શન શરીરને અડતું નથી. શરીર આત્માને અડતું નથી. તારું ઇંજેક્શન શું કરશે? આહાહા..! આ ભાઈને ઇંજેક્શન આપ્યું હતું ને અહીં. હમણા પાંચ-છ દિ' પહેલા ગુજરી ગયા ને 'ભાઈલાલભાઈ'? આવી હતી 'મધુરીબેન'. ડૉક્ટર બહેન છે ને? આ બહેન આવી હતી. છ ઇંજેક્શન આપ્યા. મહેનત બિચારી બહુ કરતી હતી આમ ઘસવાની. પણ શરીર મોટું લઠ્ઠ જેવું. ઊડી ગયું, અહીં. આહાહા..! ઊડી ગયું શું? ઊડેલું જ હતું. ક્ષેત્રફેર થઈ ગયો એટલે બહાર એમ લાગે. બાકી અહીંયા પણ ક્ષેત્ર ફેર છે. જે ક્ષેત્રમાં આત્મા છે, એ ક્ષેત્રમાં શરીર નહિ, શરીરમાં આત્મા નથી. આત્મા અને શરીરનું ક્ષેત્ર બે ભિન્ન છે. આહાહા..!

'**સ્વાત્માશ્રિત આવશ્યકને—કે જે સંસારરૂપી લતાના મૂળને છેદવાનો કુહાડો છે...**' સ્વ આત્માના આશ્રયે થનારી ક્રિયા, નિર્વિકલ્પ આનંદની શાંતિની વીતરાગની ક્રિયા, સંસારરૂપી વેલડી–સંસારરૂપી લતા, ભવ, એના મૂળને છેદવાનો કુહાડો છે. એના મૂળને છેદવાનો કુહાડો

છે. આહાહા..! આ શુદ્ધ-નિશ્ચયઆવશ્યક. સંસારરૂપી લત્તા, વેલડી, વિકલ્પ એને મૂળથી છેદવામાં સમર્થ છે. આહાહા..! **'જો તું ઇચ્છે છે,...'** આહાહા..! તેને જો તું ઇચ્છે છે **'તો તું સમસ્ત વિકલ્પજાળ રહિત...'** આહાહા..! સમસ્ત વિકલ્પજાળ રહિત. ભગવાન કહે છે કે ગુરુ કહે છે કે મારો પણ વિકલ્પ છોડી દે. આહાહા..! મારા ઉપર નજર કરીશ તો, પ્રભુ! તને વિકલ્પ થશે. તારી પ્રભુતાનો પત્તો નહિ મળે. આહાહા..! તારી પ્રભુતાનો પત્તો તો તારી પ્રભુતાના સ્વભાવથી મળશે. આહાહા..! આવી વાત!

**'સમસ્ત વિકલ્પજાળ રહિત...'** સમસ્તમાં કોઈ વિકલ્પ બાકી નથી કે હું ગુણી છું અને આ જ્ઞાનગુણ છે એવો પણ જ્યાં વિકલ્પ નથી. ગુણ-ગુણીનો પણ જ્યાં વિકલ્પ નથી. આહાહા..! **'સમસ્ત વિકલ્પજાળ રહિત નિરંજન નિજ પરમાત્માના ભાવોમાં—'** આહાહા..! જેમાં નિરંજન એટલે મળ રહિત નિજ પરમાત્મા-નિજ પરમાત્મા... આહાહા..! જ્યાં હોય ત્યાં વાણી આ નાખી છે. નિજ પરમાત્મા, ભગવાન નહિ, પર પરમાત્મા નહિ. આહાહા..! પર પરમાત્મા ઉપર લક્ષ જશે તો પ્રભુ! તને રાગ થશે. આહાહા..! આવી વાત છે. વ્યવહારની રુચિવાળાને આકરું લાગે કે આ તો બસ, નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... એક જ નિશ્ચય. એટલે શું? સત્ય... સત્ય... સત્ય.. વાત કરે છે. અસત્ય વાત નથી કરતા. વ્યવહાર અસત્ય છે. આહાહા..!

મુમુક્ષુ :– વ્યવહાર આપોઆપ છૂટી જાય છે.

ઉત્તર :– વ્યવહાર તો રાગ છે. એ એની મેળે છૂટી જાય છે. એવી દૃષ્ટિ-શ્રદ્ધા તો કરે પહેલી. વાત ધ્યાનમાં, લક્ષમાં તો લે કે આવી ચીજ છે. આહાહા..!

નિરંજન **'નિજ પરમાત્માના ભાવોમાં—'** આહાહા..! **'જો તું ઇચ્છે છે, તો તું સમસ્ત વિકલ્પજાળ રહિત નિરંજન નિજ પરમાત્માના ભાવોમાં—'** નિજ પરમાત્માના ભાવમાં, જોયું! આહાહા..! એ છે તો અભેદ, હોં! પરમાત્માના ભાવોમાં ભેદ નથી. પરમાત્માના ભાવમાં. અંદર આનંદ, જ્ઞાન, દર્શન આદિ ભાવ પડ્યો છે. આહાહા..! **'પરમાત્માના ભાવોમાં...'** અંદર પરમાત્માનો કેવો ભાવ છે? પરમાત્મા, નિજ પરમાત્મા. **'સહજ જ્ઞાન, સહજ દર્શન,...'** સ્વભાવિક જ્ઞાનસ્વરૂપ જ છે. એની ઉત્પત્તિ નથી, એની વૃદ્ધિ-હાનિ નથી, એનો નાશ નથી. એકરૂપ રહેનાર જ્ઞાન ત્રિકાળ સહજ જ્ઞાન, પરમાત્માનો એક ભાવ છે. પરમાત્મા-ભગવાનઆત્માનો એ ભાવ છે. આહાહા..! વિકલ્પની જાળ છે એ આત્માનો ભાવ નથી. આહાહા..!

**'સહજ જ્ઞાન,...'** સ્વભાવિક જ્ઞાન. સ્વભાવિક દર્શન, સ્વભાવિક ચારિત્ર અને સ્વભાવિક સુખ વગેરેમાં. આદિ અનંત સ્વભાવ. ભગવાનઆત્મામાં અનંત.. અનંત.. અનંત.. અનંત... અનંત.. અનંત (સ્વભાવ છે). અસંખ્યથી પાર. અનંત શક્તિઓ પડી છે, અનંતગુણ પડ્યા છે. આહાહા...! સુખ આદિ અનંત **'સતત-નિશ્ચળ સ્થિરભાવ કરે છે;...'** જે ઇચ્છા હોય તે સતત, નિશ્ચય ચળ્યા વિના સ્થિરભાવ કરે છે. આહાહા...! ગાથા તો એક એક... આહાહા..! ગજબ ગાથા છે.

મુમુક્ષુ :- નિર્વિકલ્પ સમાધિની અદ્ભુત મહિમા કરી છે.

ઉત્તર :- આ નિર્વિકલ્પ સમાધિ. આહા..! આહાહા..! લોકોની રાડ ઇ કે વ્યવહાર છે તો થાય છે ને, વ્યવહાર છે તો થાય છે ને. પહેલા વ્યવહાર આવે છે કે નહિ? આવે છે પણ એનાથી થતું નથી. આહાહા...! શું થાય? જેની પર્યાયના ક્રમમાં જે આવ્યું હોય ઇ આવે. આહાહા...!

**'સ્થિરભાવ કરે છે; તે હેતુથી (અર્થાત્ તે કારણ વડે) નિશ્ચયસામાયિકગુણ ઉપજતાં,...'** તેનાથી નિશ્ચયસામાયિક ઉત્પન્ન થાય છે. સાચી સામાયિક. આહાહા..! સહજ નિજ પરમાત્માના ગુણમાં સ્થિર નિશ્ચય સામાયિક થાય છે. આહાહા..! **'નિશ્ચયસામાયિકગુણ ઉપજતાં, મુમુક્ષુ જીવને બાહ્ય છ આવશ્યકક્રિયાઓથી શું ઉપજ્યું?'** આહાહા...! **'નિશ્ચયસામાયિકગુણ ઉપજતાં, મુમુક્ષુ જીવને બાહ્ય છ આવશ્યકક્રિયાઓથી શું ઉપજ્યું?'** છ આવશ્યકથી તને શું ઉત્પન્ન થયું? શું સામાયિકગુણ ઉત્પન્ન થયો? વિકલ્પ ઉત્પન્ન થાય છે, એ તો રાગ છે. આહાહા..! આટલો તો વ્યવહારનો નિષેધ આવે છે, એની રાડ (પાડે છે). વ્યવહારનો નિષેધ, સોનગઢવાળા વ્યવહારનો નિષેધ કરે છે. એકાંત છે, એકાંત છે. કરે, પોકાર કરો, ભગવાન!

**'નિશ્ચયસામાયિકગુણ ઉપજતાં, મુમુક્ષુ જીવને બાહ્ય છ આવશ્યકક્રિયાઓથી શું ઉપજ્યું? અનુપાદેય ફળ ઉપજ્યું,...'** છ આવશ્યકથી અનઉપાદેય, હેય, નાપસંદ કરવા જેવું, નહિ વખાણવા જેવું. આહાહા..! છ આવશ્યકનું ફળ તો આ છે. હેય છે, પસંદ કરવા લાયક નથી. રાગ છે, દુઃખ છે. આહાહા..! છે ને? **'અનુપાદેય ફળ ઉપજ્યું, એવો અર્થ છે.'** લ્યો. આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૭૧, શ્લોક--૨૫૫, ગાથા-૧૪૭-૧૪૮, મંગળવાર, જ્યેષ્ઠ વદ ૩, તા.૦૧-૦૭-૮૦

---

આમાંથી આ કાઢ્યું. અહીં સુધી આવ્યું છે ને? **'આવશ્યક ક્રિયાઓથી શું ઊપજ્યું?'** આત્મામાં અંદર વસ્તુનું ભાન ન મળે અને છ આવશ્યક કરે એથી એને ઊપજ્યું શું? આહાહા..! **'અનુપાદેય ફળ ઊપજ્યું એવો અર્થ છે.'** અનુપાદેય. **'હેય; નાપસંદ કરવા જેવું;...'** એ ક્રિયા તો રાગ છે. છ બાહ્ય આવશ્યક છે એ તો રાગની ક્રિયા છે. આહાહા..! અત્યારે તો એ જ રાગની ક્રિયાને ધર્મ માનીને બેઠા છે. અહીંયાં કહે છે કે છ પ્રકારની બાહ્ય ક્રિયા જે છે એનું ફળ સંસાર છે. એ રાગ છે, શુભરાગ છે અને શુભરાગનું ફળ સંસાર છે. આહાહા..!

**'માટે...'** આ કારણે. જ્યારે બાહ્ય છ આવશ્યકનું ફળ ઉપાદેય નથી અને છોડવા લાયક છે **'માટે અપુનર્ભવરૂપી (મુક્તિરૂપી) સ્ત્રીનાં સંભોગ...'** જેને આત્માના આનંદની મુક્તિ જોઈતી હોય, આનંદનો લાભ એવો જે મોક્ષ, અતીન્દ્રિય આનંદનો લાભ એવો જે મોક્ષ, એ જેને જોઈતો હોય તેણે એ મોક્ષરૂપી સ્ત્રીનો **'સંભોગ અને હાસ્ય પ્રાપ્ત કરવામાં..'** એટલે આનંદ.

આહાહા..! મુક્તિરૂપી સ્ત્રીનો અનુભવ અને આનંદ. મોક્ષ એટલે આત્માનો પૂર્ણ સ્વરૂપ આનંદ, એનો આનંદનો અનુભવ, એ જેને જોઈતો હોય તેને. આહાહા..! **'હાસ્ય પ્રાપ્ત કરવામાં પ્રવીણ એવા નિષ્ક્રિય...'** એ છ આવશ્યક છે એ તો સક્રિય રાગ છે. આહાહા..! અને છ આવશ્યક વિના આત્મા આનંદસ્વરૂપ પ્રભુ, એને રાગ વિનાની જે ક્રિયા એને અહીંયાં નિષ્ક્રિય કીધી છે. રાગની અપેક્ષાએ છ આવશ્યક જે વ્યવહાર છે રાગને સક્રિય કીધા. એ અપેક્ષાએ આત્માની નિષ્ક્રિયક્રિયા (અર્થાત્) એકલા અતીન્દ્રિય આનંદને સ્પર્શવું, અતીન્દ્રિય જ્ઞાનના સ્વભાવમાં એકાગ્રતા થવી એનું નામ નિષ્ક્રિય ક્રિયા છે, એનું નામ ધાર્મિક ક્રિયા છે. બહુ આકરું કામ. નિર્વિકલ્પ વીતરાગી ક્રિયા, નિર્મળ પવિત્ર પરિણતિની ક્રિયા (કરતાં) એ જીવને સામાયિક ચારિત્ર સંપૂર્ણ થાય છે.

એ પરમ આવશ્યકથી **'નિષ્ક્રિય પરમ-આવશ્યકથી...'** આહાહા..! અંતર આનંદસ્વરૂપ ભગવાન, એને રાગની ક્રિયા વિના સ્વભાવિક ક્રિયાને અહીં નિષ્ક્રિય કીધી છે. રાગને ક્રિયા કીધી ત્યારે આત્માની મોક્ષમાર્ગની ક્રિયા, ધર્મક્રિયા તેને સક્રિય કીધી છે. દ્રવ્યને જ્યારે નિષ્ક્રિય કહેવું હોય તો આને સક્રિય કહેવાય છે. નહિતર રાગની અપેક્ષાએ એને નિષ્ક્રિય કહેવાય છે. આહાહા..! પરમ આવશ્યકથી જીવને... આહાહા..! પરમસમતા રાગરહિત આત્માના આનંદના અનુભવથી થતી જે સામાયિક, આનું નામ સામાયિક. આહાહા..! આ દુનિયા કરીને બેસે જે આ પથરણું પાથર્યું, નમોત્થુણં ને અરિહંતાણં, નવકાર ને તિક્ખુત્તો ને ઇચ્છામિ પડિકમણા (બોલે એટલે) થઈ ગઈ સામાયિક જાણે. એ સામાયિક નથી. એવું તો અનંતવાર કર્યું છે. આહાહા..!

આત્માનું અંતર જ્ઞાન જે પરમપવિત્ર પરમાત્મસ્વરૂપ, એનો અનુભવ, એનું જ્ઞાન, એનો અનુભવ અને એમાં સ્થિરતા, એવી જે નિષ્ક્રિય, એ નિષ્ક્રિય પરમ આવશ્યકથી જીવને સામાયિક ચારિત્ર સંપૂર્ણ થાય છે. તેને સમતા પૂર્ણ–પૂર્ણ પ્રાપ્ત થાય છે. આહાહા..! બધું દુનિયાથી વિરૂદ્ધ. સંપ્રદાયમાં ચાલે એનાથી વાત વિરૂદ્ધ ચાલી છે. સંપ્રદાયમાં સત્ય વાત મૂકી દીધી અને અસત્ય ઉપર બધા ચડી ગયા છે. આહાહા..! સામાયિક, ચૌવિસંથો, વંદના, પડિકમણા, ભક્તિ, પૂજા, વ્રત એ બધી રાગની ક્રિયા છે. એ રાગ તો સંસાર છે. એ કોઈ ધર્મની ક્રિયા નથી. ધર્મની ક્રિયા તો આ નિષ્ક્રિય જે આવશ્યક ક્રિયા, રાગના વિકલ્પ વિનાની, આત્માના નિર્વિકલ્પ સ્વભાવની જે ક્રિયા, પરિણતિ તેનું નામ સામાયિકની પ્રાપ્તિ છે. આહાહા..! આવી ઝીણી વાતું!

**'એવી રીતે (આચાર્યવર) શ્રી યોગીન્દ્રદેવે (અમૃતાશીતિમાં ૬૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'**

**``यदि चलति कथञ्चिन्मानसं स्वस्वरूपाद्**
**भ्रमति बहिरतस्ते सर्वदोषप्रसङ्गः।**

तदनवरतमंतर्मग्नसंविग्नचित्तो
भव भवसि भवान्तरस्थायिधामाधिपस्त्वम्।।''

**શ્લોકાર્થ :-** આહાહા..! **'જો કોઈ પ્રકારે મન નિજ સ્વરૂપથી ચલિત થાય...'** આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ આનંદ અને ચૈતન્યમૂર્તિ છે. વીતરાગસ્વરૂપી આત્મા છે, એમાંથી મન ચલિત થાય. **'કોઈ પ્રકારે...'** આહાહા..! સંસારના કામ માટે કે ધર્મના નામે મનમાં કોઈ પ્રકારે પણ નિજ સ્વરૂપથી ચલિત થાય. આહાહા..! શુદ્ધ ચૈતન્યસ્વરૂપ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા, એના નિજ સ્વરૂપથી મન કોઈપણ પ્રકારે ધર્મને નામે પણ જો ચલિત થાય **'અને તેનાથી બહાર ભમે...'** આહાહા..! અંતરમાં ન જતાં મન બહાર ભમે **'તો તને સર્વ દોષનો પ્રસંગ આવે છે.'** આહાહા..! અંતર પ્રભુ ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્મા, એને છોડીને મન કંઈ પણ બહારમાં જાય તો બધા દોષનો પ્રસંગ આવે છે. આહાહા..!

મુમુક્ષુ :– બધા દોષો એટલે?

ઉત્તર :– એ રાગ-દ્વેષ બધા, મિથ્યા ભ્રાંતિ બધી. એ ઠીક કરું છું એ મિથ્યાત્વ સાથે બધા દોષ ભેગા આવે છે. આહાહા..! એકલું મન બહાર જાય તો એકલો દોષ ચારિત્રનો છે એમ નહિ, એમ કહે છે. એને પાછો પોતાનો માન્યો લાભદાયક અને મિથ્યાત્વ સહિત... આહાહા..! **'સર્વ દોષનો પ્રસંગ આવે છે,...'** આહાહા..! મન બહાર જતાં એનાથી લાભ માનતા સર્વ દોષનો પ્રસંગ આવે છે. આહાહા..! આવી વાત હવે. વાડામાં તો સાંભળી ન હોય. જિંદગી મજૂરી-મજૂરી કરીને કાઢી હોય. 'ચીમનભાઈ'! આ શું તમારા ધંધા મજૂરના છે મોટા. આખો દિ'. ભલે પાંચ-પચ્ચીસ લાખ પેદા કરે. પણ મોટા મજૂર. આત્મા અંદર મનનો સંગ કરે... કહે છે. આહાહા..! તો બધા દોષનો પ્રસંગ થાય છે. આહાહા..! આત્મા મનનો પ્રસંગ-સંગ કરે. કેમકે આત્મા પ્રભુ મન વિનાની ચીજ છે. એમાં મન નથી. એ મન વિનાની ચીજ આત્મા અંદર છે એને છોડીને એ આત્મા મનનો સંગ કરે, મનનો પ્રસંગ કરે. આહાહા..!

**'કોઈ પ્રકારે મન નિજ સ્વરૂપથી ચલિત થાય...'** આહાહા..! ભ્રમણાથી, રાગથી, પ્રેમથી, શુભથી, અશુભથી, કોઈપણ પ્રકારે મન ચલિત થાય... આહાહા..! અને તેનાથી બહાર ભમે... આહાહા..! ચૈતન્ય ભગવાન સિવાય મન બહાર ભમે, અરે..! પંચપરમેષ્ઠીને મન સ્મરે તોપણ એ સંસાર છે, રાગ છે. આકરી વાત છે, પ્રભુ! આહાહા..! કહ્યું ને? **'તેનાથી બહાર ભમે તો તને સર્વ દોષનો પ્રસંગ આવે છે,...'** એમાંથી પોતાનું પાછું કાંઈક ઠીક કરું છું એ પણ માને અંદર ભેગું એટલે મિથ્યાત્વ પણ ભેગું આવે છે. આહાહા..! શું કહ્યું સમજાણું?

આત્મા સચ્ચિદાનંદ પ્રભુ વીતરાગ મૂર્તિ આત્મા છે. કહે છે, એને રાગના પ્રસંગમાં મનને જોડે તો સર્વ દોષનો પ્રસંગ આવે છે. ચારિત્રદોષનો તો આવે પણ ઠીક કરું છું એવી બુદ્ધિ થાય એ મિથ્યાત્વનો દોષ પણ સાથે આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? હવે

એકકોર દુકાન ને ધંધા 'મુંબઈ'ના-મોહનગરીના અને એકકોર આવી વાત. કાંઈ ઉગમણે-આથમણે મેળ ખાય એવું ન મળે. આહાહા..! આખો દિ'...

મુમુક્ષુ :– ધંધો કરીએ, પૈસા કમાઈએ પછી અહીં બેસીએ.

ઉત્તર :– ધૂળમાં પણ મરી જશે વચમાં તો પૈસા કમાણા ક્યાં? પૈસા કમાયા પહેલા વચમાં મરી જશે ત્યારે? ક્યારે દેહ છૂટી જશે? દેહ છૂટો જ પડ્યો છે. એનું ક્ષેત્ર પણ જુદું છે. એનો કાળ જુદો, ભગવાનઆત્માનો કાળ ને ક્ષેત્ર જુદો છે. એ અહીંથી ક્ષેત્ર બાહ્યરૂપે ક્ષેત્ર જુદો પડ્યો ભેગો દેહ છૂટી જશે. આહાહા..! એને ભરોસે રહીને, કમાઈએ અને પછી કરશું... આહાહા..!

એ અહીં કીધું. બહારમાં મનને ક્યાંય પણ જોડે... આહાહા..! અરે..! વાંચનમાં, શ્રવણમાં, મનનમાં, લખાણમાં પણ જોડે (તો) **'સર્વ દોષનો પ્રસંગ આવે છે,...'** આહાહા..! ભગવાન સ્વ આશ્રય છોડી અને પરાશ્રયમાં મનમાં જોડાય એને સર્વ દોષનો પ્રસંગ આવે છે. આહાહા..! આકરું કામ છે. **'માટે તું...'** આ કારણે તું **'સતત અંતર્મગ્ન...'** આહાહા..! **'સતત અંતર્મગ્ન...'** કરવું. એમ છે ને? **'અંતર્મગ્ન અને સંવિગ્ન ચિત્તવાળો થા...'** આહાહા..! માટે તું નિરંતર અંતર્મગ્ન. જ્ઞાનાનંદ સ્વભાવને એક સમય પણ ભૂલ નહિ, ભાઈ! તારો પ્રભુ તે છે. એને એક સમય પણ ભૂલ્યો તો ભમી ગયો. બધા દોષો આવશે. આહાહા..! આમાં મોટા ધંધા (આડે) નવરાશ ન મળે. આ વિચાર કરવાની નવરાશ ન મળે. આખો દિ' આ કર્યું... આ કર્યું.. આ કર્યું અને આ કર્યું... આહાહા..!

**'માટે તું...'** માટે એટલે શું? સ્વરૂપથી, ચૈતન્ય ભગવાનથી મનને ક્યાંય પણ જો બહાર જોડી દીધું.. આહાહા..! સર્વ દોષનો પ્રસંગ આવશે. **'નિજ સ્વરૂપથી ચલિત થાય અને તેનાથી બહાર ભમે તો તને સર્વ દોષનો પ્રસંગ આવે છે, માટે તું સતત અંતર્મગ્ન...'** આહાહા..! નિરંતર ભગવાન આનંદસ્વરૂપમાં લીનતા નિરંતર કર. આહાહા..! અને મનના જોડાણમાં ગયું તો દોષનો પાર નહિ આવે. આહાહા..! પાર ન આવે એનો અર્થ? દોષ પણ ઘણા અને દોષનો અંત પણ નહિ આવે. આહાહા..! અને આમાં દોષ ઉત્પન્ન થાય નહિ અને દોષનો અંત આવીને સામાયિક સાચી થાય, મુક્તિ મળે. અંતર આત્મામાં ધ્યાન અને સ્વરૂપમાં અંદર એકાગ્રતાથી સમતા મળે, સમકિત મળે, ચારિત્ર મળે અને મુક્તિ મળે. આહાહા..! કહો, 'સુમનભાઈ'! આવી વાતું છે. સવારની જુદી અને આ રાતની જુદી. આહાહા..!

**'જેથી તું મોક્ષરૂપી સ્થાયી ધામનો અધિપતિ થશે.'** આહાહા..! સંવેગી, વૈરાગી. મનથી પણ વિરક્ત અને આત્મામાં રક્ત એવા વિરક્તના કારણે... આહાહા..! **'સંવિગ્ન ચિત્તવાળો થા કે જેથી તું મોક્ષરૂપી સ્થાયી...'** આહાહા..! કાયમ રહેનાર. આ દેહ તો ક્ષણમાં આવે ને વયો જાય. આહાહા..! નિગોદના ભવ જુઓને! એક અંતર્મુહૂર્તમાં ૬૬ હજાર ભવ કર્યા. યાદ કોને? ભગવાન જાણે. આ વર્તમાનમાં છે ઇ (સર્વસ્વ થઈ ગયું). નિગોદ લસણ ને

ડુંગળી, એના અંતર્મુહૂર્તમાં ૬૬૩૩૬ ભવ કર્યા. અંતર્મુહૂર્તમાં. એવા અનંતા અંતર્મુહૂર્તમાં. આહાહા..! ભૂલી ગયો. માણસ થયો ત્યાં ભૂલી ગયો. આહાહા..! જન્મ્યો એટલે ઉંઆ... ઉંઆ... ઉંઆ.. એ ત્યાંનો ત્યાં અને અહીંનું અહીં હવે અમારે થઈ રહ્યું. આહાહા..! કાંઈ ભાન ન મળે. જન્મે ત્યારે આંખ પહેલી ઊઘાડે નહિ. જન્મે ત્યારે પહેલા ઉંઆ... જ પહેલું કરે. જન્મ થાય ને? એ બાળક આંખ પહેલી ઊઘાડે નહિ. ઉંઆ... અવાજ કરે. આહાહા..! ત્યારે એની મા તપાસે કે આ દીકરી છે કે દીકરો. આહાહા..! આવા અવતાર!

કહે છે, બધા મનના પ્રસંગને લઈને આ બધા બને છે. આહાહા..! માટે મનના એ પ્રસંગને છોડી સંવિગ્ન ચિત્તવાળો થા. આહાહા..! સંવેગી-વૈરાગી. વૈરાગ્ય તો એને કહીએ કે શુભ અને અશુભભાવથી પણ જુદો પડે એનું નામ વૈરાગ્ય. આખી દુનિયાથી જુદો પડે ત્યારે વૈરાગ્ય કહેવાય. આહાહા..! અંતરમાં શુભભાવથી પણ જુદો પડે તેને વૈરાગ્ય કહેવાય. અને શુભથી પણ જ્યાં જુદો પડ્યો એટલે આખી દુનિયાથી જુદો (પડી ગયો). આહાહા..! પંચપરમેષ્ઠી સિદ્ધ ભગવાનથી પણ જુદો (પડ્યો). એવો સંવિગ્ન એટલે વૈરાગી એટલે કે વિરક્ત. આહાહા..! એવો વિરક્ત ચિત્તવાળો થા. આહાહા..! મુનિરાજ કહે છે આવો થા ને, પ્રભુ!

**'જેથી તું મોક્ષરૂપી સ્થાયી ધામનો અધિપતિ થશે.'** આહાહા..! તેથી મોક્ષરૂપી સ્થાયી ધામ-કાયમ રહેનારું. અહીં તો પાંચ-પચ્ચીસ, પાંચ-પચાસ વર્ષ રહે અને મરીને ક્યાંય ચાર ગતિમાં રખડવા ચાલ્યો જશે. આહાહા..! નરક અને નિગોદ, ભૂંડ ને... આહાહા..! રીંછડા અને ભૂંડમાં જન્મશે. આહાહા..! પણ આ સંવિગ્ન–વિરક્તથી મોક્ષરૂપી સ્થાયી ધામ–સ્થિર રહેનારું, કાયમ રહેનારા ધામને પામીશ, એનો અધિપતિ થઈશ. એમ કહે છે. આહાહા..!

**'વળી (૧૪૭ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–'** ઓલો તો આધાર આપ્યો. હવે પોતે ટીકા કરે છે.

## શ્લોક–૨૫૫

**तथा हि -**

**(शार्दूलविक्रीडित)**

**यद्येवं चरणं निजात्मनियतं संसारदुःखापहं**
**मुक्तिश्रीललनासमुद्भवसुखस्योच्चैरिदं कारणम्।**
**बुध्वेत्थं समयस्य सारमनधं जानाति यः सर्वदा**
**सोयं त्थक्तबहिःक्रियो मुनिपतिः पापाटवीपावकः।।२५५।।**

**[શ્લોકાર્થ :–] જો એ રીતે (જીવને) સંસારદુઃખનાશક [1]નિજાત્મનિયત ચારિત્ર હોય, તો તે ચારિત્ર મુક્તિશ્રીરૂપી (મુક્તિલક્ષ્મીરૂપી) સુંદરીથી ઉત્પન્ન થતા સુખનું અતિશયપણે કારણ થાય છે;–આમ જાણીને જે (મુનિવર) નિર્દોષ સમયના સારને સર્વદા જાણે છે, તે આ મુનિપતિ–કે જેણે બાહ્ય ક્રિયા છોડી છે તે–પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ છે. ૨૫૫.**

## શ્લોક–૨૫૫ ઉપર પ્રવચન

**यद्येवं चरणं निजात्मनियतं संसारदुःखापहं**
**मुक्तिश्रीललनासमुद्भवसुखस्योच्चैरिदं कारणम्।**
**बुध्वेत्थं समयस्य सारमनधं जानाति यः सर्वदा**
**सोयं त्थक्तबहिःक्रियो मुनिपतिः पापाटवीपावकः।।२५५।।**

**શ્લોકાર્થ :-** '**જો એ રીતે (જીવને) સંસારદુઃખનાશક...**' સંસારના દુઃખનો નાશ કરનાર. ભગવાનઆત્માની દૃષ્ટિ અને અનુભવ (છે) એ પુણ્ય-પાપના ભાવ, સંસાર, એનો નાશ કરનાર (છે). આહાહા..! સંસારદુઃખનો નાશ '**નિજાત્મનિયત ચારિત્ર...**' છે? '**નિજ આત્માને વળગેલું;...**' નિયત છે ને? '**નિજ આત્માને અવલંબતું; નિજાત્માશ્રિત; નિજ આત્મામાં એકાગ્રતા.**' નિજાત્મનિયત. પોતાના આત્મામાં નિશ્ચય, સ્થિરતા. મનમાં જોડાણ એ કાંઈ પોતાના આત્મામાં સ્થિરતા નથી. એ તો વ્યગ્રતા (છે). આહાહા..! '**સંસારદુઃખનાશક નિજાત્મનિયત ચારિત્ર...**' નિજ આત્મા પોતાનો તેમાં નિયત-નિશ્ચય ચારિત્ર. નિશ્ચય સ્વરૂપમાં રમણતા એ નિશ્ચય ચારિત્ર. આહાહા..! ક્રિયા-બ્રિયા બધી એ કાંઈ ચારિત્ર-બારિત્ર નથી. આહાહા..! વાડામાં તો અત્યારે આ જ બધું ચાલે છે.

મુમુક્ષુ :– વાડામાં તો ચીભડા જ ઊગે ને.

ઉત્તર :– અને સાચી વાત કહેવા જાય તો કહે, એ..! એકાંત છે. એકાંત છે. વ્યવહાર માનતા નથી એમ નહિ વ્યવહાર છે. પણ વ્યવહારનું ફળ સંસાર છે. વ્યવહારનય નથી એમ નહિ. વ્યવહારનય છે, વ્યવહારનયનો વિષય છે અને એનું ફળ પણ છે. વ્યવહારનય એટલે જ્ઞાનનો અંશ. તો જ્ઞાનનો અંશ તો એનું જ્ઞેય એટલે વસ્તુ છે. રાગ, ભેદ એ બધો એનો વિષય છે અને નય છે એ વિષયી છે. તેથી એનો વ્યવહારનો વિષય છે. વ્યવહાર નથી એમ નહિ પણ એનું ફળ સંસાર છે. આહાહા..!

'**નિજાત્મનિયત ચારિત્ર...**' ભાષા દેખો! આહાહા..! નિજાત્મનિયત ચારિત્ર. પોતાના આત્મામાં નિશ્ચય ચારિત્ર. આહાહા..! પોતાનો જે શુદ્ધ ચૈતન્યઘન આત્મા છે એમાં નિયત

---

**૧. નિજાત્માનિયત = નિજ આત્માને વળગેલું; નિજ આત્માને અવલંબતું; નિજાત્માશ્રિત; નિજ આત્મામાં એકાગ્ર.**

નિશ્ચયથી રમવું. એ ચારિત્ર **'હોય તો તે ચારિત્ર મુક્તિશ્રીરૂપી (મુક્તિલક્ષ્મીરૂપી) સુંદરીથી ઉત્પન્ન થતા...'** આહાહા..! એ સંસાર રહિત આનંદની પૂર્ણ દશારૂપ એ મુક્તિ, એ સુંદરીથી ઉત્પન્ન થતાં **'સુખનું અતિશયપણે કારણ થાય છે;...'** આહાહા..! મન બહાર ભમે તો બધા દોષો ઉત્પન્ન થાય છે. આત્મામાં નિયત ચારિત્ર થાય તો બધા ગુણો ઉત્પન્ન થાય. એમ કહે છે. આહાહા..!

**'ચારિત્રનિજાત્મા મુક્તિશ્રીરૂપી (મુક્તિલક્ષ્મીરૂપી) સુંદરીથી ઉત્પન્ન થતા સુખનું અતિશયપણે કારણ થાય છે;...'** નિજાત્માનો આશ્રય કરતાં, પોતાનો ભગવાનઆત્માનો આશ્રય અને અવલંબન કરતાં મુક્તિરૂપી સુંદરીથી ઉત્પન્ન થતા સુખનું અતિશય કારણ થાય છે. એ આનંદનું કારણ થાય છે. આહાહા..! **'આમ જાણીને...'** આમ જાણીને કે **'જે (મુનિવર) નિર્દોષ સમયના સારને સર્વદા જાણે છે,...'** આહાહા..! નિર્દોષ સમયનો સાર વીતરાગતા. આહાહા..! નિર્દોષ સમયના સારને સર્વદા જાણે છે. આહાહા..! આખી ભાષા બીજી જાતની. આહાહા..! બહારમાં તો એ ચાલે. વ્યવહાર સાધન છે, વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે, વ્યવહાર કારણ છે, નિશ્ચય કાર્ય છે, વ્યવહાર પહેલો આવે અને નિશ્ચયનું ફળ પછી આવે. આહાહા..! અરે..રે..! અહીં કહે છે કે વ્યવહારમાં મન બહાર ગયું એનું ફળ સંસાર છે. એ વ્યવહારનું ફળ કીધું. આહાહા..!

અંતર્મુખ નિજાત્મ નિયત ચારિત્રથી સુખનું અતિશયપણે કારણ થાય છે. આત્માનું ચારિત્ર... આહાહા..! સહજ સુખસ્વરૂપ ભગવાનઆત્મા એની જે ચારિત્ર એટલે રમણ દશા સુખનું કારણ થાય છે. આ પૈસા, બાયડી, છોકરા સુખનું કારણ થાય છે એમ નથી કહ્યું. આ તમારા હીરા-માણેક એ સુખનું કારણ (નથી કહ્યું).

મુમુક્ષુ :– મુનિ એમ કહે?

ઉત્તર :– વસ્તુનું સ્વરૂપ જ એમ છે. મુનિની વાત ક્યાં? આહાહા..!

સવારમાં નહોતું આવ્યું? કે દીવો બીજાને પ્રકાશે છે. પણ દીવો પ્રકાશે છે તેની પાસે જાતો નથી. તેમ તે દીવાને બીજી ચીજ પ્રકાશતી નથી, તેમ એ દીવો બીજી ચીજને ઊપજાવતો નથી. તેમ બીજી ચીજ દીવાને ઊપજાવતી નથી. આહાહા..! એમ ભગવાનઆત્મા ચૈતન્યરૂપી દીવો એ રાગાદિ પર ચીજને ઉત્પન્ન કરતો જ નથી. અને રાગાદિ આત્માના જ્ઞાનને ઉત્પન્ન કરતા નથી. આહાહા..! હવે આવું ક્યારે બેસે? આહાહા..! જેમ એ દીવો જે ચીજને પ્રકાશે છે તે ચીજ દીવાને વિક્રિય-વિપરીત કરી શકતી નથી. તેમ એ દીવો તે ચીજને ઉત્પન્ન કરી શકતો નથી, તેમ બદલાવી શકતો નથી. આહાહા..! એમ ભગવાનઆત્મા...

આ લોહચુંબકનો દાખલો આપ્યો હતો ને? લોહચુંબક જેમ સોયને ખેંચે એમ દીવો જેને પ્રકાશે તેને ખેંચતો નથી. અને જે પ્રકાશે છે એ ચીજ પણ દીવાને ખેંચતી નથી. એમ આ ભગવાનઆત્મા જેને જાણે તેને ખેંચતો નથી. તેનાથી જીવ જુદો રહે છે. આહાહા..!

તેમ પોતે જ્ઞાન પરચીજને ખેંચતું નથી, લાવતું નથી. જ્ઞાનસ્વરૂપ તો જ્ઞાનમાં રહે છે. રાગસ્વરૂપ ને પુણ્યસ્વરૂપને બહારના ફળસ્વરૂપ તે તેનામાં રહે છે. આહાહા..! પ્રભુ તો પ્રકાશમય છે. દીવાની પેઠે ચૈતન્ય તો પ્રકાશમય છે. આહાહા..! દીવો બીજી ચીજને પ્રકાશે એથી દીવામાં કંઈ વિક્રિયા આવે એમ નથી. તેમ એ દીવાનો પ્રકાશ જેને પ્રકાશે એનાથી પ્રકાશ્યો છે એમ નથી. તેમ દીવો જેને પ્રકાશે છે એ પ્રકાશ એ ચીજને લાવે છે અને એ ચીજને રચે છે એમ નથી. આહાહા..! દૃષ્ટાંત મૂકી દીધું હતું, એકદમ પછી સિદ્ધાંત લીધો હતો. બાકી દૃષ્ટાંતમાં આ છે. આહાહા..!

દીવા સમાન ચૈતન્યપ્રભુ, બીજી ચીજને પ્રકાશતા બીજી ચીજ એને વિક્રિય કરી શકતી નથી. તેમ દીવો તે જેને પ્રકાશે તેને લાવતો નથી, તેને રચતો નથી. આહાહા..! દીવો જેને પ્રકાશે છે તેની ઉત્પત્તિ દીવો કરતો નથી. આહાહા..! અને જેને પ્રકાશે છે એ દીવાને ઉત્પન્ન કરતા નથી.

એમ ભગવાનઆત્મા ચૈતન્યદીવો જે ચીજને પ્રકાશે છે એ વ્યવહાર, એ પણ હજી વ્યવહાર છે. આહાહા..! 'હરિભાઈ'એ પ્રશ્ન કર્યો હતો ને? કે પરને જાણે છે ને? પરને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. પરને કરતો તો નથી, પરમાં તો નથી, પર એને લઈને નથી પણ પરને જાણવું એ પણ વ્યવહાર છે. આહાહા..! આવી વાત સંપ્રદાયને આકરી લાગે, નિશ્ચય લાગે, એકાંત લાગે. શું થાય? ભાઈ પ્રભુ! માર્ગ તો આ છે. સત્યનું સત્ પરમસત્ય શરણ તો આ છે. એ સિવાય કાંઈ કોઈ ચીજ શરણ છે નહિ. સચ્ચિદાનંદ પ્રભુ, જ્ઞાનાનંદનો ધરનાર આત્મા એ જ શરણ છે, બીજી કોઈ ચીજ શરણ છે નહિ. આહાહા..! આત્માથી બહાર મન ગયું તો ચાર ગતિમાં રખડવાનું છે, એમ કહે છે. આહાહા..!

ભગવાનઆત્મા ચૈતન્યની જ્યોત અંદર દીવો છે, ચૈતન્યદીવો છે, આનંદનો દરિયો છે. એમાંથી મનને જો બહાર મૂક્યું તો બધા દોષની ઉત્પત્તિ છે અને મન છોડીને અંદરમાં ગયો, એકાગ્ર (થયો) તો બધા ગુણની ઉત્પત્તિ છે. આહાહા..! આ ક્યાં વાત બેસે? દીવાને દૃષ્ટાંતે એ કીધું છે. દૃષ્ટાંત મફત નથી આપ્યું.

લોહચુંબક સોયને ખેંચે છે અને સોય ખેંચાય જાય છે. એમ દીવો પ્રકાશે છે એટલે બીજી ચીજ તેને ખેંચે છે કે દીવો બીજી ચીજને ખેંચે છે તેમ નથી. એમ ભગવાનઆત્મા પરને જાણતા વ્યવહારે જાણતા, પરમાં જાતો નથી, પરને ખેંચતો નથી. સમીપ કે અસમીપ, આ જાણનાર પ્રભુની પાસે સમીપ વસ્તુ હોય કે અસમીપ હો, એ તો જાણનારો જાણનારો જ છે. સમીપ હોય કે અસમીપ હોય. આ ચૈતન્યદીવડો ભગવાન અંદર દેહમાં હાડકાની પાછળ, આ તો હાડકા-માંસ છે, એની પાછળ રહેલો ચૈતન્યદીવડો, એ ચૈતન્યદીવો... આહાહા..! પરને પ્રકાશતા પરમાં જાતો નથી. તેમ પરને લઈને જાણે છે તેમ નથી. એ તો ભગવાનઆત્મા ચૈતન્ય જાણનાર પ્રકાશમૂર્તિ છે. આહાહા..! ક્યાંથી આવે સાંભળવા?

અંદરમાં ચીજ મળે નહિ. અનાદિથી ચાર ગતિમાં રખડપટ્ટી છે. આહાહા..! બહાર સત્ય સાંભળવા મળે નહિ, એમાં અંદર આ (કરવું)... ઓહોહો..! શું પણ વાત કરી છે!

**'આમ જાણીને...'** કેમ જાણીને? કે સંસારના દુ:ખનાશક નિજાત્મ નિજ ચારિત્ર છે એમ જાણીને. મનનું ચારિત્ર મનના કારણે શુભરાગાદિ ક્રિયા (થાય) એ કોઈ દુ:ખનો નાશક નથી. આહાહા..! **'આમ જાણીને...'** આમ જાણીને એટલે? સંસારદુ:ખનો નાશ કરનાર તો નિજાત્મ ચારિત્ર જ છે. બીજી કોઈ ચીજ દુ:ખનો નાશ કરનાર, સંસારનો અભાવ કરનાર છે જ નહિ. એમ જાણીને... આહાહા..! **'જે (મુનિવર)...'** મુખ્ય તો એનો ઉપદેશ છે ને? **'સમયના સારને સર્વદા જાણે છે,...'** સમય એટલે ભગવાનઆત્મા, એનો સાર જે શુદ્ધ ચૈતન્યઘન, આનંદકંદ એને જે સર્વદા જાણે છે. સર્વદા. એક ક્ષણે જાણ્યું અને પછી પડી ગયું, થઈ રહ્યું, ખલાસ એમ નહિ. આહાહા..! કોઈ કાળલબ્ધિ પાકી ગઈ હોય અને એક ક્ષણ કોઈ આવી ગયું હોય, એ તો કાંઈ વસ્તુ નથી. આહાહા..! પાછા મિથ્યાત્વમાં ઠેકાણે પડ્યા ઇના ઇ. આહાહા..! પરના કામ કરવા, પર પાસેથી માન લેવું, પરમાં પુષ્ટિ કરવી એની એ દશા પાછી છે.

અહીં એ કહે છે કે **'આમ જાણીને જે (મુનિવર) નિર્દોષ સમયના સારને સર્વદા જાણે છે,...'** આહાહા..! મુનિવર ચૈતન્યમૂર્તિને સર્વદા જાણે છે. કોઈ સમય જાણે અને કોઈ ક્ષણ (ન જાણે) એમ નહિ. આહાહા..! **'તે આ મુનિપતિ–કે જાણે બાહ્ય ક્રિયા છોડી છે...'** આહાહા..! જેણે મનના સંગની ક્રિયા, રાગની ક્રિયા છોડી છે. આહાહા..! એ વ્યવહાર છે. છોડી છે એ વ્યવહાર છે. અને પરને જાણે છે એ વ્યવહાર છે તો આ છોડી તો વળી ક્યાંય વ્યવહાર છે. આહાહા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એ અતીન્દ્રિય આનંદમાં રમે, રહે એટલે પરમાં ન જાય એને પર છોડે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! કથન શૈલી શું કરે? વ્યવહાર વિનાનું કથન. એ વ્યવહારનું કથન આવે તો માની બેસે કે આ વસ્તુ છે. આહાહા..!

**'જેણે બાહ્ય ક્રિયા છોડી છે...'** આહાહા..! મુનિવર એને કહીએ, જેણે અતીન્દ્રિય આનંદની રમણતામાં બાહ્ય ક્રિયા છોડી છે. બેન આવ્યા નથી. નહિ? આહાહા..! **'તે–પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ છે.'** આહાહા..! જેણે બાહ્ય રાગની ક્રિયા છે એ છોડી છે અને ભગવાન ચિદાનંદ પ્રભુ વીતરાગમૂર્તિ આત્મા, એને અવલંબીને વીતરાગી ક્રિયા કરી છે. આહાહા..! એ **'પાપરૂપી અટવી...'** આહાહા..! એ પુણ્ય અને પાપના ભાવ બેય પાપરૂપી વન-અટવી છે મોટી. આહાહા..! પુણ્ય અને પાપના બેય ભાવ, **'પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ છે.'** આહાહા..!

એક એક શબ્દમાં કેટલું ભર્યું છે! હવે લોકોને એમ લાગે એકાંત છે... એકાંત છે. અત્યારે આમ ન હોય, અત્યારે વ્યવહાર હોય. એક 'શ્રુતસાગર' સાધુ છે ને? 'શાંતિસાગર'ના કેડાયત (એ કહે છે), અત્યારે શુભભાવ જ હોય. એમ પ્રરૂપણા કરે. અત્યારે બીજો ભાવ

શુભ સિવાય હોય જ નહિ. આહાહા..! અરે..રે..! અંતર જવાની જરૂર છે એટલું પણ માનતો નથી. શુભભાવથી કાંઈ પણ આત્માને લાભ નથી. સર્વ દોષની ઉત્પત્તિનું સ્થાન શુભભાવ છે. આહાહા..! કેમકે શુભભાવ એ સંસાર છે, રાગ છે. એ રાગ સર્વ દોષની ઉત્પત્તિનું સ્થાન છે. ભગવાનઆત્મા રાગ વિનાની ચીજ છે. એ બધા ગુણોની ઉત્પત્તિનું સ્થાન છે. સ્થાયી, કાયમ રહેનાર ગુણમાં મુક્તિના ગુણોની ઉત્પત્તિનું સ્થાન પ્રભુ છે. આહાહા..! આવું એકાંત લાગે ને? 'પંડિતજી'! માણસને આ એકાંત લાગે. વાડામાં... આ તો એકાંત.. એકાંત... આત્મા... આત્મા... આત્મા... આહાહા..!

'શ્રીમદ્'માં એક પત્ર આવે છે. એ આધાર આપે. એમ કે અંતરમાં બહુ થાકી જાય ત્યારે શુભભાવમાં વિશ્રામ થોડો લે. પણ શુભભાવ વિશ્રામ ક્યાં છે? આહાહા..! અરે..રે..! વિશ્રામ તો આત્મા છે. શુભભાવ અવિશ્રામ છે. એ છે એમાં લખાણ. ભાઈ એમ કહેતા. 'છોટાલાલજી' બ્રહ્મચારી નહોતા? 'ઇન્દોર'માં. 'છોટાલાલ' બ્રહ્મચારી 'ઇન્દોર' આશ્રમમાં હતા. એ અહીં આવતા ને. એ ઘણીવાર (કહેતા). પહેલા આ વાત બેઠેલી પછી વળી પાછી ફરી ગયેલી. શુભ જરી વિશ્રામ લેવાને સ્થાન છે. શુભમાં વિશ્રામ લે પછી થાકી જાય તો અંદર જાય. આહાહા..! એમ કહેતા. પણ પછી પાછળથી ફરી ગયું. પાછળથી અહીં આવીને (કહે), ખોટી વાત (છે). એમ નથી, બાપુ! એમ નથી.

શુભભાવ, એને તો અહીં ઘોર સંસાર કહ્યો છે, ભાઈ! એ ઉદયભાવ છે, એ સ્વભાવ પારિણામિકભાવથી ભિન્ન છે, ઉગમણી-આથમણી દશા છે, બાપા! આહાહા..! તું કોણ અને રાગ કોણ? ભાઈ! તું પરમેશ્વર ને રાગ રાંક. આહાહા..! તું પરમેશ્વર મોટો પ્રભુ અનંતગુણનો ધામ (અને) રાગ રાંક. એક સમય રહે અને નાશ થઈ જાય. અને તે ફળ આપે તો દુઃખ આપે. આહાહા..! આવું સાંભળવું 'પંડિતજી' મુશ્કેલ પડી ગયું છે. બધી બહારની માંડી બધાએ એટલે આકરું પડી ગયું. આ તો ભાગ્યશાળીઓ વળી આ વાતને સાંભળવા આવ્યા. સાંભળે, રુચે, ગોઠે. આહાહા..! તદ્દન નિરાળો પ્રભુ... નિજાત્મચારિત્ર એમ કીધું ને?

**'બાહ્ય ક્રિયા છોડી...'** રાગની ક્રિયા શુભ આદિ છે એને છોડીને **'પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ છે.'** પુણ્ય અને પાપરૂપી સંસાર, એનો નાશ કરનારો ભગવાન છે. આહાહા..! એ પુણ્ય અને પાપની ઉત્પત્તિ કરનારો પ્રભુ આત્મા નથી. આહાહા..! શુભભાવને ઉત્પન્ન કરનારો પણ આત્મા નથી. આહાહા..! એણે બાહ્ય ક્રિયા છોડી છે તે પાપરૂપી અટવી, પાપરૂપી મોટું વન, શુભ અને અશુભભાવ મોટું વન... આહાહા..! એને (બાળવા માટે) અગ્નિ સમાન છે. એને બાળનારો છે, એને રાખનારો નથી. આહાહા..! ભગવાનઆત્માની જ્યાં રક્ષા કરે છે ત્યારે તે પુણ્ય-પાપને બાળનારો અગ્નિ છે. આમ વસ્તુ છે. કહો, 'યશપાલજી'! આહાહા..!

## ગાથા-૧૪૮

आवासएण हीणो पब्भट्ठो होदि चरणदो समणो।
पुव्वुत्तकमेण पुणो तम्हा आवासयं कुज्जा।।१४८।।

आवश्यकेन हीनः प्रभ्रष्टो भवति चरणतः श्रमणः।
पूर्वोक्तक्रमेण पुनः तस्मादावश्यकं कुर्यात्।।१४८।।

अत्र शुद्धोपयोगाभिमुखस्य शिक्षणमुक्तम्।

अत्र व्यवहारनयेनापि समतास्तुतिवंदनाप्रत्याख्यानादिषडावश्यकपरिहीणः श्रमणश्चारित्रपरिभ्रष्ट इति यावत्, शुद्धनिश्चयेन परमाध्यात्मभाषयोक्तनिर्विकल्पसमाधिस्वरूपपरमावश्यकक्रियापरिहीणश्रमणो निश्चयचारित्रभ्रष्ट इत्यर्थः। पूर्वोक्तस्ववशस्य परमजिनयोगीश्वरस्य निश्चयावश्यकक्रमेण स्वात्माश्रयनिश्चयधर्मशुक्लध्यान स्वरूपेण सदावश्यकं करोतु परममुनिरिति।

---

આવશ્યકે વિરહિત શ્રમણ ચારિત્રથી પ્રભ્રષ્ટ છે;
તેથી યથોક્ત પ્રકાર આવશ્યક કરમ કર્તવ્ય છે. ૧૪૮.

અન્વયાર્થ :– [ **आवश्यकेन हीनः** ] આવશ્યક રહિત [ **श्रमणः** ] શ્રમણ [ **चरणतः** ] ચરણથી [ **प्रभ्रष्टः भवति** ] પ્રભ્રષ્ટ (અતિ ભ્રષ્ટ) છે; [ **तस्मात् पुनः** ] અને તેથી [ **पूर्वोक्तक्रमेण** ] પૂર્વોક્ત ક્રમથી (પૂર્વે કહેલી વિધિથી) [ **आवश्यकं कुर्यात्** ] આવશ્યક કરવું.

ટીકા :– અહીં (આ ગાથામાં) શુદ્ધોપયોગસંમુખ જીવને શિખામણ કહી છે.

અહીં (આ લોકમાં) વ્યવહારનયે પણ, સમતા, સ્તુતિ, વંદના, પ્રત્યાખ્યાન વગેરે છ આવશ્યકથી રહિત શ્રમણ ચારિત્રપરિભ્રષ્ટ (ચારિત્રથી સર્વથા ભ્રષ્ટ) છે; શુદ્ધનિશ્ચયે, પરમ-અધ્યાત્મભાષાથી જેને નિર્વિકલ્પ-સમાધિસ્વરૂપ કહેવામાં આવે છે એવી પરમ આવશ્યક ક્રિયાથી રહિત શ્રમણ નિશ્ચયચારિત્રભ્રષ્ટ છે;–આમ અર્થ છે. (માટે) સ્વવશ પરમજિનયોગીશ્વરના નિશ્ચય-આવશ્યકનો જે ક્રમ પૂર્વે કહેવામાં આવ્યો છે તે ક્રમથી (–તે વિધિથી), સ્વાત્માશ્રિત એવા નિશ્ચય-ધર્મધ્યાન અને નિશ્ચય-શુક્લધ્યાનસ્વરૂપે, પરમ મુનિ સદા આવશ્યક કરો.

## ગાથા-૧૪૮ ઉપર પ્રવચન

૧૪૮ ગાથા.

**आवासएण हीणो पब्भट्ठो होदि चरणदो समणो।**
**पुव्वुत्तकमेण पुणो त्म्हा आवासयं कुज्जा।।१४८।।**
**આવશ્યકે વિરહિત શ્રમણ ચારિત્રથી પ્રભ્રષ્ટ છે;**
**તેથી યથોક્ત પ્રકાર આવશ્યક કરમ કર્તવ્ય છે. ૧૪૮.**

'**ટીકા :– અહીં (આ ગાથામાં) શુદ્ધોપયોગસંમુખ જીવને શિખામણ દીધી છે.**' આહાહા..! એ ક્રિયા જેટલી છે એ બધી અશુદ્ધઉપયોગ છે. આહાહા..! એ અશુદ્ધઉપયોગ છોડીને શુદ્ધોપયોગ સન્મુખ જીવને, અંતર શુદ્ધઉપયોગ જે શુભ-અશુભ રહિત.. આહાહા..! શુભ-અશુભભાવ રહિત શુદ્ધોપયોગ સન્મુખ થયો છે. એટલે કે શુભથી છૂટીને પણ અંદરમાં જવા માગે છે હવે. આહાહા..! એવા જીવને શિખામણ દીધી છે. આહાહા..! આવા આત્માને આ શિખામણ આપી છે, કહે છે.

'**અહીં (આ લોકમાં) વ્યવહારનયે પણ, સમતા, સ્તુતિ, વંદના, પ્રત્યાખ્યાન વગેરે છ આવશ્યકથી રહિત શ્રમણ...**' એ છ પ્રકારના વ્યવહાર છે એનાથી પણ ભ્રષ્ટ છે તે '**ચારિત્રપરિભ્રષ્ટ (ચારિત્રથી સર્વથા ભ્રષ્ટ) છે;...**' જુઓ ખુબી! નિશ્ચય તો છે પણ છ વ્યવહારથી ભ્રષ્ટ છે તોપણ એ ભ્રષ્ટ છે. શુભભાવમાં ન રહે અને અશુભમાં આવી જાય છે (એ ભ્રષ્ટ છે). આહાહા..! આવી વાત છે. '**વ્યવહારનયે પણ,...**' આહાહા..! '**સમતા,...**' વ્યવહાર '**સ્તુતિ,...**' પ્રભુની '**વંદના,...**' ગુરુની. '**પ્રત્યાખ્યાન,...**' વસ્તુની '**વગેરે છ આવશ્યકથી રહિત શ્રમણ...**' વ્યવહારના છ આવશ્યકથી રહિત છે એ પણ '**શ્રમણ ચારિત્રપરિભ્રષ્ટ (ચારિત્રથી સર્વથા ભ્રષ્ટ) છે;...**' કારણ કે અશુભમાં છે એ. આહાહા..! શુભમાં જે નથી. નિશ્ચય સહિતની વાત છે, હોં! એકલો વ્યવહાર નહિ. નિશ્ચય જ્યાં છે અને વ્યવહાર નથી તો એ પણ ચારિત્રથી ભ્રષ્ટ છે, એમ કહે છે. આહાહા..! કારણ કે તે ઠેકાણે વ્યવહાર આવ્યા વિના રહે નહિ. પૂર્ણ સ્વરૂપ જ્યાં નથી ત્યાં શુભરાગ આવે. વ્યવહારનયનો વિષય હોય છે, આવે છે. ભલે એનું ફળ બીજું હો પણ એ આવ્યા વિના રહેતો નથી. છ આવશ્યકનો વિકલ્પ જ ન હોય, એકલો નિર્વિકલ્પ જ કોઈ મુનિ હોય એમ બની શકે નહિ. આહાહા..! એ તત્કાળ એકદમ અંદરમાં ચોથે, પાંચમેથી સાતમે ચડીને ગયો હોય, સ્થિર (થયો તો) અંતર્મુહૂર્તમાં શ્રેણી માંડીને કેવળ થઈ જાય, એ વાત જુદી. આહાહા..! પણ જે કાંઈ નિશ્ચય સહિત વ્યવહારથી પણ ભ્રષ્ટ છે, નિશ્ચય સહિતની વાત છે, નિશ્ચય તો છે પણ જો આ વ્યવહારથી પણ ભ્રષ્ટ છે. આહાહા..! ચારિત્ર.

**'છ આવશ્યકથી રહિત શ્રમણ ચારિત્રપરિભ્રષ્ટ (ચારિત્રથી સર્વથા ભ્રષ્ટ) છે; શુદ્ધનિશ્ચયે, પરમ-અધ્યાત્મભાષાથી જેને નિર્વિકલ્પ-સમાધિસ્વરૂપ કહેવામાં આવે છે એવી પરમ આવશ્યક ક્રિયાથી રહિત...'** આહાહા..! જ્યારે નિશ્ચય આત્માના અવલંબનમાં છે અને વળી છ આવશ્યક પણ નથી, વ્યવહારના શુભ વિકલ્પ પણ નથી એ પણ ભ્રષ્ટ કહેવામાં આવે છે. આહાહા..! તો **'શુદ્ધનિશ્ચયે, પરમ-અધ્યાત્મભાષાથી...'** આહાહા..! **'જેને નિર્વિકલ્પ-સમાધિસ્વરૂપ કહેવામાં આવે છે...'** રાગ રહિત શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... એવું જેને કહેવામાં આવે છે. **'એવી પરમ આવશ્યક ક્રિયાથી રહિત...'** એવી જે નિશ્ચયની પરમક્રિયાથી રહિત એ **'શ્રમણ નિશ્ચયચારિત્રભ્રષ્ટ છે;...'** ઓલો વ્યવહારચારિત્ર ભ્રષ્ટ છે, આ નિશ્ચયચારિત્ર ભ્રષ્ટ છે. આહાહા..! વ્યવહાર આવે છે ને? સાંજ-સવાર પડિક્કમણામાં વ્યવહારમાં આવે પણ એનું જોર છે નિશ્ચયમાં. વિકલ્પ આવે છે પણ જોર નિશ્ચયમાં છે. આદરણીય નથી. પણ આવ્યા વિના રહેતો નથી. અને ન જ હોય અને નિશ્ચય એકલું કરે તોપણ કહે છે ભ્રષ્ટ છો. તો પછી નિશ્ચય જ્યાં નથી ત્યાં તો ભ્રષ્ટમાં ભ્રષ્ટ છે. નિશ્ચયથી પણ ભ્રષ્ટ છે અને વ્યવહારથી પણ ભ્રષ્ટ છે. આહાહા..! કીધું?

**'(ચારિત્રથી સર્વથા ભ્રષ્ટ) છે;...'** વ્યવહાર નથી ત્યાં ચારિત્રથી સર્વથા ભ્રષ્ટ છે. માટે **'શુદ્ધનિશ્ચયે, પરમ અધ્યાત્મભાષાથી જેને નિર્વિકલ્પ-સમાધિસ્વરૂપ કહેવામાં આવે છે...'** આહાહા..! 'સમાહિવરમુત્તમ દિંતુ' લોગસ્સમાં આવે છે, નહિ? ક્યાં અર્થની ખબર મળે? ગડિયા હાંકે રાખે. સમાધિ કોને કહેવી? એ લોગસ્સ તો કર્યું હશે. નથી કર્યું? ઠીક! જોડાઈ ગયા પાછા લોઢામાં. આહાહા..!

અહીં તો કહે છે **'નિર્વિકલ્પ-સમાધિસ્વરૂપ કહેવામાં આવે છે...'** વ્યવહારથી ભ્રષ્ટ છે એ તો ભ્રષ્ટ છે જ પણ નિશ્ચમાં પણ જે નથી તે પણ ભ્રષ્ટ છે. આહાહા..! છે? **'નિશ્ચયચારિત્રભ્રષ્ટ છે;...'** ઓલો વ્યવહારચારિત્ર ભ્રષ્ટ છે. **'આમ અર્થ છે.'** આહાહા..! પાઠમાં છે ને? '**आवासएण हीणो पब्भट्ठो होदि चरणदो समणो**'. એમાંથી આ કાઢ્યું. વ્યવહાર આવશ્યકથી હીણ, નિશ્ચય આવશ્યકથી હીણ. આહાહા...! ભલે હેય છે, એનું ફળ સંસાર છે પણ આવ્યા વિના રહે નહિ. છદ્મસ્થને પૂર્ણ વીતરાગ નથી ત્યાં સુધી શુભરાગ વ્યવહાર છ આવશ્યક આવે, નિશ્ચય ભાન હોવા છતાં. અંદર ઠરી શકે નહિ તો આવે. એ જો ન હોય તો વ્યવહારથી પણ ભ્રષ્ટ છે. અને નિશ્ચયમાં સ્વનું આલંબન નથી તો એ નિશ્ચયથી ભ્રષ્ટ છે. આહાહા...! આવી વાતું છે. નોકરીમાં ન્યાં ક્યાંય સંભળાય એવું નથી આખો દિ'. આહાહા...! **'આમ અર્થ છે.'**

**'(માટે) સ્વવશ પરમજિનયોગીશ્વરના નિશ્ચય-આવશ્યકનો જે ક્રમ પૂર્વે કહેવામાં આવ્યો...'** પોતાને વશ પરમ પરમજિનયોગીશ્વર. આહાહા..! પરમ યોગીશ્વર. આ શુભભાવ કીધા ઇ આવશ્યકનો શુભભાવ, હોં! બીજો શુભ નહિ. આવશ્યકનો શુભભાવ. આવશ્યકના જે શુભભાવ

છે એનાથી ભ્રષ્ટ છે તે ભ્રષ્ટ છે. બીજા શુભભાવની અહીં વાત નથી. સમજાણું? આ ફેર છે. આવશ્યકના જે સામાયિકનો જે શુભભાવ છે એનાથી જે ભ્રષ્ટ છે વ્યવહારચારિત્રથી ભ્રષ્ટ છે. બીજા જે શુભભાવ થાય એ તો વળી બધી રીતે ભ્રષ્ટ છે. આહાહા..! ભારે વાત.

**'સ્વવશ પરમજિનયોગીશ્વરના નિશ્ચય-આવશ્યકનો જે ક્રમ પૂર્વે કહેવામાં આવ્યો છે તે ક્રમથી (-તે વિધિથી)...'** લ્યો, તે વિધિ આવી. પેલું નહોતું આવ્યું? વિધિ અનુસાર. ન્યાં વળી કર્મને અનુસાર, કોઈ કહે છે. આવ્યું હતું ને? વિધિ અનુસાર. વિધિ અનુસાર એટલે ન્યાં શાસ્ત્રની વિધિ, એ વિધિ અનુસાર. ન્યાં વિધિને (એટલે) કર્મને અનુસાર એમ નથી. ... થયો હતો ને? અહીં એ કહ્યું, જુઓ! **'પૂર્વે કહેવામાં આવ્યો છે તે ક્રમથી (-તે વિધિથી) સ્વાત્માશ્રિત એવાં** (પોતાના આત્માને આશ્રિત એવા) **નિશ્ચય-ધર્મધ્યાન અને નિશ્ચય-શુક્લધ્યાનસ્વરૂપે, પરમ મુનિ સદા આવશ્યક કરો.'** પરમ મુનિ સદા આ રીતનું આવશ્યક કરો. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૨૫૬

(मंदाक्रांता)

आत्मावश्यं सहजपरमावश्यकं चैकमेकं
कुर्यादुच्चैरघकुलहरं निर्वृतेर्मुलभूतम्।
सोऽयं नित्यं स्वरसविसरापूर्णपुण्यः पुराणः
वाचां दूरं किमपि सहजं शाश्वतं शं प्रयाति।।२५६।।

**[શ્લોકાર્થ :–] આત્માએ અવશ્ય માત્ર સહજ-પરમ-આવશ્યકને એકને જ–કે જે *અઘસમૂહનું નાશક છે અને મુક્તિનું મૂળ (–કારણ) છે તેને જ–અતિશયપણે કરવું. (એમ કરવાથી,) સદા નિજ રસના ફેલાવથી પૂર્ણ ભરેલો હોવાને લીધે પવિત્ર અને પુરાણ (સનાતન) એવો તે આત્મા વાણીથી દૂર (વચન-અગોચર) એવા કોઈ સહજ શાશ્વત સુખને પામે છે. ૨૫૬.**

* અઘ = દોષ; પાપ (અશુભ તેમ જ શુભ બન્ને અઘ છે.)

## પ્રવચન નં. ૧૭૨, શ્લોક--૨૫૬-૨૫૭, ગાથા-૧૪૯, શનિવાર, જ્યેષ્ઠ વદ ૮, તા.૦૫-૦૭-૮૦

'નિયમસાર' ૧૪૮-ગાથા. એનો શ્લોક છે, શ્લોક-૨૫૬.

**आत्मावश्यं सहजपरमावश्यकं चैकमेकं**
**कुर्यादुच्चैरघकुलहरं निर्वृतेर्मूलभूतम्।**
**सोऽयं नित्यं स्वरसविसरापूर्णपुण्यः पुराणः**
**वाचां दूरं किमपि सहजं शाश्वतं शं प्रयाति।।२५६।।**

**શ્લોકાર્થ :-** **'આત્માએ અવશ્ય...'** જરૂરનું એ છે કે, મનુષ્યપણું પામીને. આહાહા..! અનંતા અનંતા જીવો નિગોદમાં પડ્યા છે એ અનંતે કાળે ઇયળ પણ થવાના નથી. તો આવું જે મનુષ્યપણું મળ્યું, આર્યકુળ અને જૈન અવતાર (મળ્યા) તો કહે છે કે **'આત્માએ અવશ્ય...'** જરૂરનું આ છે. આહાહા..! **'માત્ર સહજ-પરમ-આવશ્યક...'** પાછું જોયું? બીજું કાંઈ નહિ. બીજું કાંઈ કરવા જેવું નથી. આહાહા..! સહજ માત્ર. એમ કીધું ને? અવશ્ય અને માત્ર. સહજ. આહાહા..! માત્ર પરમ આવશ્યકને. એકલા વ્યવહાર આવશ્યકને નહિ. પરમ આવશ્યક નિશ્ચય. આહાહા..!

નિશ્ચય પરમઆવશ્યકને **'એકને જ–'** એકાંત કર્યું. કથંચિત્ નિશ્ચય કરવો અને કથંચિત્ વ્યવહાર કરવો એમ ન આવ્યું. આહાહા..! **'પરમ-આવશ્યકને એકને જ–'** આહાહા..! જેને આત્માનું હિત કરવું છે એને તો એક અવશ્ય આત્મા અખંડાનંદ પ્રભુ, એના તરફનું લક્ષ કરી અને એમાં ઠરવાનું એ અવશ્ય એક કર્તવ્ય છે. આહાહા..! પાછી ભાષા શું છે? **'માત્ર...'** એટલે બીજું કાંઈ નહિ. છ આવશ્યક વ્યવહાર એ નહિ. આહાહા..! તે **'સહજ-પરમ-આવશ્યક...'** સ્વભાવિક આનંદસ્વરૂપ, ભગવાન જે આનંદસ્વરૂપ, એનું એકાગ્રપણું એ **'એકને જ...'** આહાહા..! કરવા જેવું છે. આ એકને જ કરવા જેવું છે. ધર્મના નામે પણ આ એકને જ કરવા જેવું છે એમ કહે છે. સંસારમાં તો એકલું પાપ છે પણ ધર્મને નામે ધર્મ કરવો હોય તો... આહાહા..! અવશ્ય આત્માને એક જ આવશ્યક, સહજ **'પરમ-આવશ્યકને એકને જ–કે જે...'** પરમ આવશ્યક કે જે એક જ પરમ આવશ્યક. આનંદસ્વરૂપમાં એકાગ્રતા એ અવશ્ય એક જ આવશ્યક. અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન પૂર્ણ અતીન્દ્રિય આનંદસ્વરૂપથી ભરેલો ભગવાન છે. એ એકને જ. આહાહા..! કેટલા શબ્દ વાપર્યા છે!

**'માત્ર સહજ-પરમ-આવશ્યકને...'** વ્યવહારને નહિ. માત્ર કહેતા વ્યવહારને નહિ. અને આ નિશ્ચયસ્વભાવ એ એકને **'કે જે...'** એ આવશ્યક નિશ્ચય જે **'અઘસમૂહનું નાશક છે...'** પુણ્ય અને પાપના ભાવનો નાશ (કરવો) એ આવશ્યક છે. આહાહા..! પોતાનો પ્રભુ પરમાત્માથી

જુદો નથી, પરમાત્મસ્વરૂપ જ છે. જિન અને જિનવરમાં કાંઈ ફેર નથી. આહાહા..! એના તરફનું માત્ર સ્વભાવિક અવશ્ય કરવાલાયક એક જ છે. આહાહા..! આ બધો વ્યવહાર પાછો કહ્યો એ ક્યાં ગયો? એ આવે છે, હોય છે પણ કરવા જેવું આ એક છે. આહાહા..! વ્યવહાર આવે છે. એ કહ્યું ને? સામાયિક, ચૌવિસંથો, વંદન એવા છ આવશ્યકોનો પહેલા વિકલ્પ હોય છે. પહેલા એટલે? નિશ્ચય છે એને પહેલા એવા વિકલ્પ આવે. પછી એ વિકલ્પ તોડીને અંદરમાં જાય છે. નિશ્ચય નથી અને વિકલ્પ તોડીને (અંદર) જાય એ વાત નથી. વિકલ્પ છે એને લઈને જાય એમ પણ નથી. આહાહા..!

આ ભગવાનઆત્મા પૂર્ણાનંદનો સાગર પ્રભુ, માત્ર સહજ અવશ્ય આત્માનું કામ અવશ્ય કરવાનું એક જ છે. આહાહા..! આમાં બધું આવી ગયું, લ્યો. (નિશ્ચય) આવશ્યક આત્માના અવલંબે થાય, બીજાને અવલંબે નહિ. વાણીથી આવશ્યક થાય નહિ, મનથી થાય નહિ, દેહથી થાય નહિ... આહાહા..! પૈસા અને લક્ષ્મીથી આવશ્યક કર્મ થાય નહિ. પાંચ-પચ્ચીસ લાખ ખર્ચ્યા એટલે એને (આવશ્યક કર્મ થયું એમ નથી). આહાહા..! આવું છે. એક લીટીમાં આટલું ભર્યું છે, લ્યો! આહાહા..!

**'આત્માએ...'** આત્માએ આત્માને જરૂરનું માત્ર સ્વભાવિક પરમ આવશ્યક, નિશ્ચય પરમ આવશ્યક **'એકને જ–કે...'** કેમ એકને જ કરવા જેવું છે? **'કે જે અઘસમૂહનું નાશક છે...'** પુણ્ય અને પાપનો બેયનો નાશક છે. આહાહા..! છે નીચે? **'પાપ (અશુભ તેમ જ શુભ બન્ને અઘ છે.)'** આહાહા..! સ્વભાવ વસ્તુ જે આત્મા, એના આશ્રય વિના પુણ્ય અને પાપના ભાવનો નાશ થાય નહિ. અહીં તો નાશ કરવાનું (કહે છે). પુણ્યથી આમ થાય, શુભભાવ કરતા અંદરમાં જવાય એ વાત તો લીધી નહિ. અહીંયાં તો આ સ્વરૂપનું આવશ્યક કરતાં પુણ્ય-પાપનો અઘ જે સમૂહ, જેને લોકો મદદગાર કહે છે, વ્યવહાર સહાયક કહે છે એને માત્ર સહજ આવશ્યક આ કરવા જેવું છે. આહાહા..! **'અઘસમૂહનું નાશક છે...'** બે વાત.

ત્યારે એ **'મુક્તિનું મૂળ (–કારણ) છે...'** આહાહા..! આત્મા ભગવાનઆત્મા, એની એકાગ્રતા, આત્માના આનંદને પકડીને એકાગ્ર થવું એ એક જ મુક્તિનું મૂળ છે. મોક્ષનું મૂળ આ એક જ છે. મોક્ષનો માર્ગ આ એક જ છે. કોઈ બે કહેતા હોય ને આમ છે ને તેમ છે, એ નથી. આહાહા..! છે? એમાં છે કે નહિ? જે **'મુક્તિનું મૂળ (–કારણ) છે...'** પરમઆવશ્યક કેમ? કે પ્રભુ આત્મા પોતે મુક્તસ્વરૂપ જ છે. ત્રિકાળ નિરાવરણ અખંડ એક પરમપારિણામિકભાવ એ મુક્તસ્વરૂપ છે. મુક્તસ્વરૂપને આશ્રયે મુક્તિ થાય. બાકી બીજાના આશ્રયે અવલંબે મુક્તિ-મોક્ષ, મોક્ષનો માર્ગ થાય નહિ. આહાહા..! આ ઝઘડા, વ્યવહારના ઝઘડા. વ્યવહારનું આમ કરવું ને વ્યવહાર.. આવે ખરું. રાત્રે પ્રશ્ન થાતા નહોતા? ૭૩ ગાથામાં આવે પહેલા આ નિર્ણય કરો. પણ એ તો નિર્ણય કરો એમ આવ્યું પણ એનાથી થાય એમ નહિ. ત્યાં દૃષ્ટાંત એમ લીધો કે વહાણને જેમ (વમળે) પકડ્યું હોય. દરિયામાં (વમળે)

વહાણને પકડ્યું હોય એ (વમળ) છોડે તો વહાણ છૂટું પડે. એમ પુણ્ય અને પાપના વિકલ્પથી બંધનમાં પડ્યો છે. એને પોતે છોડે તો મુક્તિને પામે. એનાથી મુક્તિને પામે (એમ નથી). આહાહા..! આવી વાત છે. આકરી લાગે.

શબ્દ પડ્યા છે, માત્ર એક જ. માત્ર અવશ્ય... આહાહા..! સ્વભાવ જે પૂર્ણાનંદ, તેનો જ સ્પર્શ, તેનો જ આશ્રય, તેનું જ અવલંબન, તેનો જ આધાર તે જ એક મુક્તિનું મૂળ અને પુણ્ય-પાપના નાશનું કારણ છે. આહાહા..! એક લીટીમાં આટલું બધું સમાડી દીધું. બધા ઝઘડા, વ્યવહારથી થાય, આનાથી થાય. શાસ્ત્રમાં આવે ને એવા શબ્દો તો આવે. પણ કઈ અપેક્ષાએ? એ તો વ્યવહારનું જ્ઞાન કરાવવા આવે છે.

**'તેને જ—'** એ મુક્તિનું મૂળ છે અવશ્ય. સામાયિક, ચૌવિસંથો, વંદના એ આત્માનું ધ્યાન અને આનંદ એ બધું છ આવશ્યક છે. આહાહા..! આકરું પડે. **'મુક્તિનું મૂળ (–કારણ) છે...'** ઘણા ન્યાય આપ્યા. જરૂરનું માત્ર પરમ આવશ્યકને એકને જ કરવાનું છે. કેમકે તે પાપ-પુણ્યનું નાશક છે અને મુક્તિનું મૂળ છે. આહાહા..! **'તેને જ અતિશયપણે કરવું.'** તેને જ વિશેષપણે-અતિશયપણે, અતિશયપણે-વિશેષપણે એ જ કરવા જેવું એક છે. આહાહા..!

મનુષ્યપણું પામીને આ કરવા જેવું છે. નહિતર નિગોદના જીવો... આહાહા..! વિચાર કરે તેને ખબર પડે. એક નિગોદના અનંતમાં ભાગે મોક્ષ જાય. એવા અસંખ્ય શરીર છે. નિગોદમાં એમ ને એમ રહેવાના. આહાહા..! પ્રભુ! પ્રભુ! પ્રભુ! કે દિ' એ ત્રસ થાય ને મનુષ્ય થાય? કોઈ દિ' થવાના નહિ કેટલાક. ત્રસ જ થવાના નહિ. આહાહા..! એવા અનંતા જીવો લસણ ને ડુંગળી ને કાય–લીલ, ફુગ એમાં જીવ પડ્યા રહે. આહાહા..! આમ ઢગલો દેખે વરસાદમાં જ્યારે ત્યારે ચારે કોર લીલ ફુગ. પાંદડા, લીલ-ફુગ, લીમડો, ઘાસ આખું લીલું... લીલું... લીલું (દેખાય). આહાહા..! એમાંથી ત્રસ થવું મુશ્કેલ, એમાં એને મનુષ્ય થવું મુશ્કેલ, એમાં એને લાંબુ આયુષ્ય મળવું મુશ્કેલ, એમાં એને આયુષ્યમાં નિરોગતા રહેવી મુશ્કેલ, એમાં એને વીતરાગની વાણી સાચી કાને પડવી મુશ્કેલ. આહાહા..! સાચી વાણી તો આ છે. આહાહા..!

લાખ વાતની વાત પણ વાત આ છે. ગમે તેટલી વાત આવે. આહાહા..! માત્ર આત્માની જરૂર અંદર આવશ્યક એકને જ કરવા જેવું છે. કેમકે એનાથી જ પુણ્ય અને પાપનો નાશ થાય છે અને એનાથી જ મુક્તિનું મૂળ છે તો મુક્તિ મળે છે. કહો, 'શાંતિભાઈ'! આમાં કાંઈ પૈસા-બૈસાનું, ઝવેરાતનું આવ્યું નહિ કાંઈ. આ લાખ, બે લાખ, પાંચ લાખ ખર્ચીએ. આહાહા..! આ હમણાં એક ચોપાનિયું આવ્યું હતું તો 'ધરમચંદભાઈ' બતાવવા આવ્યા હતા. કેટલાયના નામ આપ્યા છે. ... ફલાણાના ને ઢીંકણાના મોટા મોટા. આહાહા..! અરે..રે..! ભાઈ! એ મોટપ ક્યાં સુધી રહેશે? પ્રભુ! દુનિયા મોટા માને, દુનિયા મોટા કહે, કેટલો કાળ રહેશે ઇ? તું તો અનાદિઅનંત છો. આહાહા..! એ દુનિયાની મોટપ તારી સાથે આવશે

નહિ. આહાહા..! અને એનાથી તને લાભ થશે નહિ.

જરૂરનું (આ) એક (છે). સામાયિક તો એ, પડિક્કમણું તો એ, પ્રત્યાખ્યાન તો એ, ચૌવિસંથો તો એ, વંદન તો એ, કાયોત્સર્ગ તો એ, પચ્ચખાણ તો એ (એક છે). આહાહા..! અવશ્ય કરવાનું ચૈતન્ય ભગવાન અનંત આનંદનો કંદ નાથ, એને આશ્રયે એક જ કરવા જેવું છે. જરૂરનું તો આ એક જ છે. આહાહા..!

**'(એમ કરવાથી,) સદા નિજ રસના ફેલાવથી પૂર્ણ ભરેલો હોવાને લીધે...'** આહાહા..! કેવો છે ભગવાન? હવે એ કહે છે. આત્મા કેવો છે? **'સદા નિજ રસના...'** એટલે આનંદના રસના **'ફેલાવથી પૂર્ણ ભરેલો હોવાને લીધે પવિત્ર...'** પ્રભુ છે. આહાહા..! ભગવાનઆત્મા જેને કહીએ એ તો પવિત્ર છે. એમાં અપવિત્રની ગંધ નથી. આહાહા..! એ આત્માનું કર્તવ્ય કર, આવશ્યક કામ કર એમ કહે છે. આહાહા..! પહેલા વાત કરી પણ આત્મા કેવો છે કે જેને અવશ્ય કામ કરવું એની સામું જઈને અંદરનું. તો કહે છે, અનંત **'સદા નિજ રસ...'** આનંદના રસથી વિસ્તારથી **'ફેલાવથી પૂર્ણ ભરેલો હોવાને લીધે પવિત્ર...'** છે. પ્રભુ એ પવિત્ર છે. એનાથી (અધિક) કોઈ પવિત્ર છે નહિ. આહાહા..! બીજા કોઈ અપવિત્ર કાર્યથી આ પવિત્ર કાર્ય ન થાય (કે) પવિત્રની સામું જોવાય, સન્મુખ થવાય એમ નથી. આહાહા..!

**'અને પુરાણ (સનાતન) એવો તે આત્મા...'** એ સનાતન છે. આ પુણ્ય-પાપનો નાશ થવો અને મુક્તિ મળવી એ તો પર્યાય છે. સમજાય છે? પહેલું કીધું એ તો પર્યાયની વાત કરી છે. પુણ્ય-પાપનો નાશ અને મુક્તિનું મૂળ એ તો પર્યાય (થઈ), પણ વસ્તુ શું? વસ્તુ તો અનાદિઅનંત છે. આહાહા..! અનાદિઅનંત **'નિજ રસના ફેલાવથી પૂર્ણ ભરેલો હોવાને લીધે...'** આહાહા..! નિજ એટલે પોતાના, સદાય એટલે ત્રણેકાળ આનંદના રસ અને શાંતિરસના ફેલાવથી... આહાહા..! પૂર્ણ ભરેલો હોવાને લીધે. જેમ પૂર્ણ ઘડો ભર્યો હોય એમ આત્મા ભગવાન પૂર્ણ આનંદાદિ સ્વભાવથી પૂર્ણ ભરેલો છે. આહાહા..! આઠ વર્ષે સમજીને કેવળ પામીને મોક્ષ જાય છે. આહાહા..! અંતરની ૠદ્ધિ, ચૈતન્ય ચમત્કારી પ્રભુ,.. આહાહા..! કીધું ને?

**'સદા નિજ રસ...'** ત્રણેકાળે નિજરસથી ભરેલો ભગવાન, એનો ફેલાવ છે, અંદર વિસ્તાર છે. પૂર્ણ હોવાને લીધે પવિત્ર છે પ્રભુ તો. આહાહા..! એ પવિત્રનો આશ્રય તે અવશ્ય કર્તવ્ય આવશ્યક છે એમ કહે છે. પવિત્ર જે આત્મા તેની સન્મુખ (થવું) તે અવશ્ય આવશ્યક છે. એ કરવા જેવું છે. આહાહા..! ત્યારે આ ભણવું કે દિ'? ભણ્યા વિના સમજાય નહિ. પહેલું ભણવું? ભણવું ક્યાં? આઠ વર્ષનું બાળક પણ કેવળજ્ઞાન પામી જાય છે. આહાહા..! કેમકે સનાતન પવિત્ર પડ્યું છે. અનાદિઅનંત અંદર પવિત્ર ભગવાન છે, એને કોઈ કાળ લાગુ પડતો નથી. આહાહા..!

સનાતન પવિત્ર છે. **'એવો તે આત્મા...'** આહાહા..! એવો તે આત્મા **'વાણીથી દૂર...'** વાણીથી કહી શકાય એવો નથી, કહે છે. આ સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આવ્યું ને? વીતરાગની

વાણીમાં પૂર્ણ આવ્યું એમ બોલાય. એકકોર કહે કે વાણીનો વિષય નથી, વાણી જડ છે. ચૈતન્યતત્ત્વથી એ વાણી પૂર્ણ ભિન્ન તત્ત્વ જડ છે. આહાહા..! ભગવાન જેમ પૂર્ણ પવિત્રતાથી સદાય ભરેલો છે એમ વાણી પણ પૂર્ણ જડના સ્વભાવથી ભરેલી છે. આહાહા..! વાણી તો ઠીક, વાણીનો એક એક પરમાણુ, વાણીનો એક એક પરમાણુ પૂર્ણ જડના અનંતગુણથી ભરેલો પૂરો છે. આહાહા..!

**'તે આત્મા વાણીથી દૂર (વચન-અગોચર) એવા કોઈ સહજ શાશ્વત સુખને પામે છે.'** આહાહા..! આ જે અવશ્ય કામ કરે છે, સદાનંદ પ્રભુ તેનો આશ્રય લઈને ઠરે છે તેને જરૂર કોઈ સહજ શાશ્વત સુખ (પ્રાપ્ત થાય છે). સ્વભાવિક આનંદનો સાગર... આહાહા..! અતીન્દ્રિય સુખ અને આનંદથી ભરચક ભરેલો ભગવાન છે. એક ગુણથી પવિત્ર નહિ એવા અનંતગુણથી પવિત્ર છે. આહાહા..! એનું માન ક્યાં આવ્યું છે? કાંઈક બહારનું કરે એનો અર્થ કે અંદરથી નીકળી જાય ત્યારે એને ઠીક પડે. ભગવાનઆત્મામાંથી કાંઈક નીકળે તો બહાર દેખાય ને દુનિયાને ખબર પણ પડે. આહાહા..! ફોટા આવ્યા છે. હિન્દુસ્તાનના જાણીતા મોટા પુરુષો આવા છે બધા. એમાં દાળિયા શા થયાં? આહાહા..! દુનિયામાં વખાણ થયા, દુનિયામાં પ્રસિદ્ધ થયા, દુનિયામાં મોઢા આગળ પડ્યો, દુનિયામાં મોઢા આગળ પડ્યો. રખડવામાં મોઢા આગળ પડ્યો. આહાહા..!

**'એવો તે આત્મા વાણીથી દૂર...'** છે. આહાહા..! તો પ્રભુ! તમે કહો છો ને આ? એ વાણીથી દૂર છે. વાણી ત્યાં અડતી નથી. વાણીનો એ વિષય નથી. એ તો નિર્વિકલ્પ તત્ત્વ છે. આહાહા..! **'એવો તે આત્મા વાણીથી દૂર (વચન-અગોચર) એવા કોઈ સહજ...'** જે આ પરમ આવશ્યકને સહજ આત્માના અવલંબે એકને જ અવશ્ય કરે છે તે **'સહજ શાશ્વત સુખને પામે છે.'** આહાહા..! પામે છે તો પર્યાયમાં પણ એ શાશ્વત એટલે પછી ન જાય. આત્મા તો ત્રિકાળ છે. પણ આ સહજ સુખને પામે છે એ તો પર્યાય છે. વસ્તુ જે છે એ ત્રિકાળ સહજ પરમ પવિત્રતાથી ભરેલી છે પણ તેનું અવલંબન લઈને એમાં જે સ્થિર થાય છે તે જરૂર સહજ શાશ્વત સુખને પામે છે. તે સ્વભાવિક અંદરમાં જે સુખ ભર્યું છે, આનંદથી ભરેલો છે (તેને પામે છે).

પહેલું કહી ગયા ને? **'સદા નિજ રસના ફેલાવથી પૂર્ણ ભરેલો..'** એની માથે લીટી કહી. **'સદા નિજ રસના...'** નિજ રસના. જેમાં રાગનો રસ નથી, નિમિત્તનો રસ નથી. આહાહા..! **'નિજ રસના ફેલાવથી પૂર્ણ ભરેલો હોવાને લીધે પવિત્ર...'** સહજ શાશ્વત સુખને પામે છે. એ પર્યાયમાં પવિત્રતા, સ્વભાવિક શાશ્વત સુખ આવ્યું એ જાય નહિ. સાદિઅનંત... આહાહા..! એવા સુખને પામે છે. કહો, એક કળશમાં કેટલું આવ્યું! નિશ્ચયની અસ્તિ આવી, વ્યવહારની નાસ્તિ આવી, અનેકપણાની નાસ્તિ આવી, એકપણાની અસ્તિ આવી, ત્રિકાળપણાના રસથી ભરેલો તેનો આશ્રય લેતા સદા શાશ્વત સુખને પામે છે. આહાહા..!

## શ્લોક-૨૫૭

(अनुष्टुभ्)

स्ववशस्य मुनीन्द्रस्य स्वात्मचिन्तनमुत्तमम्।
इदं चावश्यकं कर्म स्यान्मूलं मुक्तिशर्मणः।।२५७।।

**[શ્લોકાર્થ :–] સ્વવશ મુનીંદ્રને ઉત્તમ સ્વાત્મચિંતન (નિજાત્માનુભવન) હોય છે; અને આ (નિજાત્માનુભવનરૂપ) આવશ્યક કર્મ (તેને) મુક્તિસૌખ્યનું કારણ થાય છે. ૨૫૭.**

## શ્લોક-૨૫૭ ઉપર પ્રવચન

૨૫૭.

स्ववशस्य मुनीन्द्रस्य स्वात्मचिन्तनमुत्तमम्।
इदं चावश्यकं कर्म स्यान्मूलं मुक्तिशर्मणः।।२५७।।

**શ્લોકાર્થ :- 'સ્વવશ મુનીંદ્રને...'** સ્વભાવને વશ થયેલ મુનીંદ્ર કોને કહેવો? સ્વભાવને તાબે થયેલો મુનિન્દ્ર કોને કહેવો? કે જે **'ઉત્તમ સ્વાત્મચિંતન...'** કે જે ઉત્તમ સ્વાત્મચિંતન એટલે અનુભવ. ચિંતનનો અર્થ અહીં અનુભવ છે. ચિંતન એટલે વિકલ્પ નહિ. આહાહા..! અહીં દુકાનાદિથી નવરાશ બાર મહિનામાં એક મહિનો, બે મહિના નિવૃત્તિ લેવી હોય તો લઈ શકે નહિ. આઠ દિ', દસ દિ', પંદર દિ' માંડ માંડ લે. આહાહા..! હવે એમાં આવી વાત! આહાહા..!

**'સ્વવશ મુનીંદ્રને...'** ચૈતન્યસ્વભાવ શુદ્ધ પવિત્ર ભગવાન, એને વશે થયેલો, એની સન્મુખ થયેલો, તેમાં ગરકાવ થયેલો. આહાહા..! એ **'ઉત્તમ સ્વાત્મચિંતન...'** ઉત્તમ સ્વઆત્મ અનુભવ છે એ. એ આત્માના આનંદનો રસ છે. આહાહા..! અનુભવ એટલે આનંદનો રસ છે. આહાહા..! એવા અનુભવને આત્મચિંતન હોય છે. સ્વવશ મુનીંદ્રને ઉત્તમ અનુભવ હોય છે. આહાહા..! મુનીંદ્ર મુનિ ભલે થયા પણ જેને સ્વવશ આત્મઆશ્રય અનુભવ છે તેને અહીંયા મુનિ કહેવામાં આવે છે. આહાહા..! આવ્યું ને આમાં?

**'અને આ (નિજાત્માનુભવરૂપ) આવશ્યક કર્મ (તેને) મુક્તિસૌખ્યનું કારણ થાય છે.'** આહાહા..! તેને મુક્તિના સુખનું કારણ (થાય છે). ચૈતન્યસ્વભાવ જે ભગવાન, આ પૂર્ણ હીરો ભરેલો, અનંતગુણના પાસાથી જેમ હીરો ભર્યો હોય. આહાહા..! હીરાને તો અનંતગુણ હોય નહિ. આહાહા..! અનંત સુખને પામે છે તે સહજ શાશ્વત (છે). **'સ્વવશ મુનીંદ્રને ઉત્તમ**

**સ્વાત્મચિંતન (નિજાત્માનુભવન) હોય છે; અને આ (નિજાત્માનુભવનરૂપ) આવશ્યક કર્મ...'** મુનિનું આ કાર્ય છે. કર્મ એટલે કાર્ય. મુનિની આ પર્યાય છે. મુનિની આ દશા છે, મુનિની આ હાલત છે. કર્મ એટલે કાર્ય. જરૂરનું કાર્ય તેને મુક્તિ સૌખ્યનું કારણ છે. આહાહા..! છે? '**(નિજાત્માનુભવનરૂપ) આવશ્યક કર્મ...**' એ જરૂરનું કર્મ આવશ્યક (છે). આ બહારના સામાયિક, ચૌવિસંથો, વંદન એ બધા તો શુભરાગ છે. એ કાંઈ આવશ્યક અને અવશ્ય કરવા જેવું નથી. એ તો છોડવા જેવું છે. આહાહા..! છોડવા જેવું છે તેને આદરવા જેવું માને છે. આહાહા..!

અરે..! પ્રભુ! તું ક્યાં સુધી દુઃખી રહીશ? પ્રભુ! તું આનંદ છો ને! બધા આત્માઓ આનંદમૂર્તિ છે ને, પ્રભુ! બધા આત્માઓ આનંદ અને પવિત્રતાથી ભરેલા છે ને. આનંદને પામોને, પ્રભુ! તમે દુઃખ ક્યાં સુધી વેદશો? આહાહા..! એ નરકના અને નિગોદના... આહાહા..! પરાધીનના દુઃખ. એ દુઃખની વ્યાખ્યા આકરી. આ ખિસકોલી ને ચકલા ને આમ ફરતા હોય છે, કાગડા આવીને પકડીને ખાય જાય. આહાહા..! ચકલા બહાર ફરે. ઓસરી છે ને ઓસરી? ત્યાં ફરતા હોય છે. કાગડા આવીને ઉપાડીને ખાય જાય. આહાહા..!

મુમુક્ષુ :– કાગડો આવીને પકડી લે.

ઉત્તર :– પકડી લે. મોટી હોય તો તો એકદમ દોડીને ક્યાંક વઈ જાય. પણ નાનું હોય એ એટલું ચાલી શકે નહિ. કાગડો લઈ જાય. ઓસરી ઉપરથી લઈ જાય છે. આહાહા..! દેખાય આવે. કાગડાને ધ્યાન હોય કે ખિસકોલી, ચકલીનું બચ્ચું ક્યાંક ફરતું હોય તો પકડી લે. આહાહા..! એ બધા દુઃખથી મુક્ત થવું હોય તો સુખની પ્રાપ્તિનું કારણ તો સ્વ આવશ્યક છે. સુખની પ્રાપ્તિનું કારણ સ્વ આવશ્યક. ભગવાનઆત્મા ઓળખ્યા વિના અવશ્ય કર્તવ્ય આવશે ક્યાંથી? આત્મા કેવડો છે? કેમ છે? એ જ્યાં સુધી દૃષ્ટિમાં ન આવે ત્યાં સુધી એમાં ઠરશે ક્યાંથી? વસ્તુ દૃષ્ટિમાં આવે પછી એમાં ઠરે. દૃષ્ટિમાં આવ્યા વિના ઠરે ક્યાં? જ્ઞાનમાં ચીજ આવી નથી હવે ઠરવું શેમાં? આહાહા..! પહેલું જ્ઞાન આ પ્રમાણે સમ્યગ્દર્શન-અનુભવ થાય ત્યારે તેમાં ઠરવાનું એને બને. આહાહા..! તો આ બધું કરે છે એ શું? બધા સામાયિક ને પડિક્કમણા ને... આહાહા..! અમે પણ બધા કર્યા હતા, હોં! ત્યાં 'પાલેજ'. પડિક્કમણા કરીએ. આઠ દિ'. આઠ જ દિ', હોં! આઠ દિ' બધા ભેગા થઈને પડિક્કમણા કરે તો સૌ રાજી રાજી થઈ જાય. આપણે પર્યુષણના દિ' છે, ધર્મ કર્યો. રાગ અને અભિમાન બે છે. એ કર્તાપણાનું મિથ્યાત્વ અને કરતો હોય એટલે જરી શુભભાવ (થાય). આહાહા..! મિથ્યાત્વ અશુભ, ભાવ શુભ એ ખરેખર અશુભ છે. પણ એને કહેવાય. નહિતર તો અશુભની જોડે અશુભ હોય. અશુભની જોડે શુભ હોય નહિ. શું કીધું?

જ્યાં મિથ્યાત્વ છે એ જ અશુભ છે. એથી શાસ્ત્રકારે તો એમ પણ કહ્યું છે કે મિથ્યાદૃષ્ટિને શુભભાવ હોય નહિ. શુભ તો સમકિતીને હોય. એને શુભ હોય તોપણ ગણ્યો નથી. કારણ

કે મિથ્યાત્વ છે એ મહા અશુભ છે. એની જોડેનો ભાવ આવે એ જરીક, એને શુભ કેમ કહેવો? આહાહા..! એ બેય અશુભ જ છે. મિથ્યાત્વ અને શુભભાવ બેય અશુભ જ છે. આહાહા..! બેય નાશ કરવા લાયક છે. આહાહા..! બેયનો આશ્રય લેવા લાયક નથી. આશ્રય લેવા લાયક ભગવાન છે. તેથી કહ્યું કે આવશ્યક કર્મ, આવું જે આવશ્યક કાર્ય. આહાહા..!

મુનિએ બહુ થોડા શબ્દોમાં છેક મૂળિયા પકડ્યા છે. આહાહા..! મૂળિયા મૂળ પકડ્યા છે, મૂળ. આવું જે નિજાત્મનુભવ કર્મ, તેને મુક્તિસૌખ્યનું કારણ થાય છે. લ્યો! મોક્ષના સુખનું કારણ તેને થાય છે. આહાહા..! દુનિયા ક્યાં પડી છે! બે પાના લાવ્યા હતા ને 'ધરમચંદભાઈ'. બે શબ્દ એમાં હતા. 'ઈન્દિરા ગાંધી'એ છોકરાના વખાણ કર્યા છે. મરી ગયો એના. ખાટલામાં પડી પડીને મરી જાય એ કરતા મરી ગયો ઘણું સારું છે. એમ લખ્યું છે. સારે મરણે મરી ગયો છે. એમ છે ને? 'ધરમચંદભાઈ'!

મુમુક્ષુ :- 'રજનીશે' એમ કહ્યું.

ઉત્તર :- 'રજનીશે' એમ કહ્યું એમ ને? ઠીક! કહો, આ ધર્મ! અર..ર..! મહા સંસારનો પ્રવીણ, સંસારનો ડાહ્યો. 'રજનીશે' કહ્યું ને? આહાહા..! આ 'રજનીશ' ધર્મની વાત કરે, પ્રભુ! પ્રભુ! અરે..! સત્ય વાત કરે ત્યાં ગોઠે નહિ. આકરી વાત છે. આહાહા..! એ તો મહા અધર્મનું કામ કરતો હતો.

અહીં કહે છે, પ્રભુ! આવશ્યક કર્મ તો તેને કહીએ કે જે મુક્તિસૌખ્યનું કારણ થાય. આવ્યું ને? **'આવશ્યક કર્મ (તેને) મુક્તિસૌખ્યનું કારણ થાય છે.'** આહાહા..! મુક્તસ્વભાવ આત્મા છે. પુણ્ય-પાપ અધિકારમાં આવે છે ને? પુણ્ય-પાપ બંધ છે તો બંધમાંથી બંધ જ થાય. અને આત્મા મુક્ત છે તો એને આશ્રયે જ મુક્તિ થાય. બંધને આશ્રયે બંધ થાય અને મુક્તિને આશ્રયે મુક્તિ થાય. આહાહા..! 'સમયસાર'માં પુણ્ય-પાપના અધિકારમાં આવે છે. ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! એ ૧૪૮ (ગાથા પૂરી) થઈ.

## ગાથા-૧૪૯

**आवासएण जुत्तो समणो सो होदि अंतरंगप्पा।**
**आवासयपरिहीणो समणो सो होदि बहिरप्पा।।१४९।।**

**आवश्यकेन युक्तः श्रमणः स भवत्यंतरंगात्मा।**
**आवश्यकपरिहीणः श्रमणः स भवति बहिरात्मा।।१४९।।**

**अत्रावश्यककर्माभावे तपोधनो बहिरात्मा भवतीत्युक्तः।**
**अभेदानुपचाररत्नत्रयात्मकस्वात्मानुष्ठाननियतपरमावश्यककर्मणानवरतसंयुक्तः**

स्ववशाभिधानपरमश्रवणः सर्वोत्कृष्टोऽन्तरात्मा, षोडशकषायाणामभावादयं क्षीणमोहपदवीं परिप्राप्य स्थितो महात्मा। असंयतसम्यग्दृष्टिर्जघन्यांतरात्मा। अनयोर्मध्यमाः सर्वे मद्यमान्तरात्मानः। निश्चयव्यवहारनयद्वयप्रणीतपरमावश्यकक्रियाविहीनो बहिरात्मेति।

उक्तं च मार्गप्रकाशे -

(अनुष्टुभ)

``बहिरात्मान्तरात्मेति स्यादन्यसमयो द्विधा।
बहिरात्मानयोर्देहकरणाद्युदितात्मधीः''

(अनुष्टुभ)

``जघन्यमध्यमोत्कृष्टभेदादविरतः सुद्दक्।
प्रथमः क्षीणमोहोन्त्यो मध्यमो मध्यमस्तयोः।।''

આવશ્યકે સંયુક્ત યોગી અંતરાત્મા જાણવો;
આવશ્યકે વિરહિત શ્રમણ બહિરંગ આત્મા જાણવો. ૧૪૯.

અન્વયાર્થ :– [ आवश्यकेन युक्तः ] આવશ્યક સહિત [ श्रमणः ] શ્રમણ [ सः ] તે [ अंतरंगात्मा ] અંતરાત્મા [ भवति ] છે; [ आवश्यकपरिहीणः ] આવશ્યક રહિત [ श्रमणः ] શ્રમણ [ सः ] તે [ बहिरात्मा ] બહિરાત્મા [ भवति ] છે.

ટીકા :– અહીં, આવશ્યક કર્મના અભાવમાં તપોધન બહિરાત્મા હોય છે એમ કહ્યું છે.

અભેદ-અનુપચાર-રત્નત્રયાત્મક *સ્વાત્માનુષ્ઠાનમાં નિયત પરમાવશ્યક-કર્મથી નિરંતર સંયુક્ત એવો જે 'સ્વવશ' નામનો પરમ શ્રમણ તે સર્વોત્કૃષ્ટ અંતરાત્મા છે; આ મહાત્મા સોળ કષાયોના અભાવ દ્વારા ક્ષીણમોહપદવીને પ્રાપ્ત કરીને સ્થિત છે. અસંયત સમ્યગ્દષ્ટિ જઘન્ય અંતરાત્મા છે. આ બેની મધ્યમાં રહેલા સર્વે મધ્યમ અંતરાત્મા છે. નિશ્ચય અને વ્યવહાર એ બે નયોથી પ્રણીત જે પરમ આવશ્યક ક્રિયા તેનાથી જે રહિત હોય તે બહિરાત્મા છે.

શ્રી માર્ગપ્રકાશમાં પણ (બે શ્લોક દ્વારા) કહ્યું છે કે :–

''[શ્લોકાર્થ :–] અન્યસમય (અર્થાત્ પરમાત્મા સિવાયના જીવો) બહિરાત્મા અને અંતરાત્મા એમ બે પ્રકારે છે; તેમાં બહિરાત્મા દેહ-ઇન્દ્રિય વગેરેમાં આત્મબુદ્ધિવાળો હોય છે.''

''[શ્લોકાર્થ :–] અંતરાત્માના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવા (ત્રણ) ભેદો છે; અવિરત સમ્યગ્દષ્ટિ તે પહેલો (જઘન્ય) અંતરાત્મા છે, ક્ષીણમોહ તે છેલ્લો (ઉત્કૃષ્ટ) અંતરાત્મા છે અને તે બેની મધ્યમાં રહેલો તે મધ્યમ અંતરાત્મા છે.''

---

* સ્વાત્માનુષ્ઠાન = નિજ આત્માનું આચરણ. (પરમ આવશ્યક કર્મ અભેદ-અનુપચાર-રત્નત્રયસ્વરૂપ સ્વાત્માચરણમાં નિયમથી રહેલું છે અર્થાત્ તે સ્વાત્માચરણ જ પરમ આવશ્યક કર્મ છે.)

## ગાથા-૧૪૯ ઉપર પ્રવચન

૧૪૯-ગાથા.

**आवासएण जुत्तो समणो सो होदि अंतरंगप्पा।**
**आवासयपरिहीणो समणो सो होदि बहिरप्पा।।१४९।।**
**આવશ્યકે સંયુક્ત યોગી અંતરાત્મા જાણવો;**
**આવશ્યકે વિરહિત શ્રમણ બહિરંગ આત્મા જાણવો. ૧૪૯.**

આવશ્યક આ. નિશ્ચય આવશ્યક. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો સાગર, તેના આશ્રયે... આહાહા..! તેનું એક આચરણ જ '**अंतरंगप्पा**' કહેવાય છે. એને અંતરઆત્મા, અંતરમાં ઉતર્યો છે એને અંતરઆત્મા કહેવાય છે. જે આનંદનો સાગર ભગવાન, પૂર્ણ આનંદ ભરેલો, પૂર્ણ જ્ઞાન ભરેલો, અરે..! પૂર્ણ વીર્ય, વીરરસ, જ્ઞાનરસ, શાંતરસ, આનંદરસ પૂર્ણ રસથી ભરેલો પ્રભુ છે. એવા અનંતા અનંતા રસના ગુણથી ભરેલો છે. આહાહા..! એ તેને મુક્તિસુખનું કારણ છે. હવે ૧૪૯.

**ટીકા :- 'અહીં, આવશ્યક કર્મના અભાવમાં...'** આ જ્યાં આત્માનું અવલંબન નથી, જ્યાં આત્મા આનંદસ્વરૂપનું અવલંબન નથી અને પુણ્ય-પાપની ક્રિયામાં-ગોટામાં ઊભો રહ્યો છે... આહાહા..! પુણ્ય-પાપની જાળમાં ગોથા મારે છે... આહાહા..! એવા '**આવશ્યક કર્મના અભાવમાં તપોધન બહિરાત્મા હોય છે...**' આહાહા..! જેને આત્માના આનંદનો આશ્રય નથી તે બહિરાત્મા છે. આહાહા..! પુણ્ય કરે તો બહિરાત્મા છે એ વાત ન લીધી. અહીં તો આવશ્યક કર્મના આભાવમાં (એમ કહ્યું છે). આહાહા..! શુદ્ધ ચૈતન્ય ભગવાન પુણ્ય અને પાપના વિકલ્પથી, રાગથી ભિન્ન ભરેલો ભગવાન... આહાહા..! એવા બધા ભગવાન પૂર્ણ છે અને એમાં અનંતગુણથી છલકાયેલા ભરેલા છે. આહાહા..!

આચાર્યે તો ત્યાં સુધી કહ્યું ને? પ્રભુ! તને આ દશા હવે ન રહો હવે. પ્રભુ! આ તને શોભતું નથી, હોં! આહાહા..! અનંત આનંદથી ભરેલો ભગવાન, અનંત શાંતિના રસનો કંદ આખો, એના વિના તને આ બધું શોભે છે? એ શોભતું નથી, પ્રભુ! દુશ્મનને પણ એમ કહે છે. જૈનધર્મના વિરોધી હોય એને પણ એમ કહે છે, હે પ્રભુ! તું સુખી થા. એ રાગ અને એકત્વબુદ્ધિ છોડીને આત્માના આશ્રયે આવી જા. બાપુ! દુઃખ આકરું પડશે, ભાઈ! આહાહા..! કોઈ પ્રાણી દુઃખી થાવ એમ ધર્મીની ભાવના હોય નહિ. દુશ્મનપણું મૂકી દે, આનંદની અંદર જા. આહાહા..! એમ કીધું ને?

**'આવશ્યક કર્મના અભાવમાં તપોધન બહિરાત્મા હોય છે..'** આહાહા..! **'અભેદ-અનુપચાર-રત્નત્રયાત્મક...'** હવે આ આવશ્યક ક્યું? એમ કહે છે. નિશ્ચય આવશ્યક, નિશ્ચય

જરૂરનું. જેની જરૂરિયાત જણાય તેમાં વીર્ય સ્ફુર્યા વિના રહે નહિ. રુચિ અનુયાયી વીર્ય. જેની રુચિ થાય ત્યાં વીર્યરસ વળ્યા વિના રહે નહિ. આહાહા..! એની રુચિ નથી તો એના તરફ વલણ નથી થયું. આહાહા..!

મુમુક્ષુ :– જેની યાદશક્તિ કાચી હોય એ શું કરે?

ઉત્તર :– અહીં યાદશક્તિનું કામ નથી. અહીં તો પૂર્ણાનંદનો નાથ એણે પકડવો. એક જ વાત. ભલે નામ ન આવડતું હોય. આત્મા નામ પણ ન આવડતું હોય. તિર્યંચને નવતત્ત્વના નામ પણ ન આવડે અને ક્ષાયિક સમકિત હોય. જુગલિયા. અહીં પહેલું સમકિત ન થયું? અહીં તિર્યંચગતિનું આયુષ્ય બંધાય ગયું. તિર્યંચગતિનું આયુષ્ય બંધાઈ ગયું અને પછી થયું સમકિત ક્ષાયિક. એ હવે મરીને ક્યાં જાય? જુગલિયા. ભોગભૂમિ. દેવકુરુ, ઉત્તરકુરુ ત્યાં અવતરે. સમકિતી. આહાહા..! આયુષ્ય પહેલું બંધાઈ ગયેલું પછી થયું સમકિત. 'શ્રેણિક'ને નરકનું આયુષ્ય બંધાઈ ગયું પછી થયું સમકિત. નરકનું આયુષ્ય બંધાઈ ગયું તો નરકમાં જવું પડ્યું. પણ તિર્યંચનું આયુષ્ય બંધાઈ ગયું હોય અને સમકિત હોય તો જુગલિયામાં જાવું પડે. આહાહા..! દેવકુરુ-ઉત્તરકુરુ. ત્યાં બાહ્ય દુઃખની ગંધ નથી. બહારના સુખની સગવડતાનો પાર નથી. ત્યાં રાંધવું પડતું નથી, અનાજ વાવવું પડતું નથી, વાવીને ખાવું પડતું નથી. કહો. આહાહા..! દેવમાં ક્યાં રાંધવું પડે છે એને? એને તો એક હજાર વર્ષે ઓડકાર આવે. આહાહા..! એટલી બધી નિવૃત્તિ પણ છતાં આત્મા પ્રત્યે નિવૃત્તિ કરે નહિ. આહાહા..! કેટલી નિવૃત્તિ! કપડાની જરૂર નહિ એને. તૈયાર હોય શાશ્વતા. દેવલોકમાં શાશ્વત કપડા તૈયાર હોય. આહાહા..! એને વણવા પડે નહિ, પલાળવા પડે નહિ, કરવા પડે નહિ. આહાહા..! લાકડા, છાણા લેવા પડે નહિ, રાંધવું પડે નહિ.

મુમુક્ષુ :– રાંધવું ન પડે પછી લાકડા ને છાણાની ક્યાં જરૂર?

ઉત્તર :– કાંઈ એક વસ્તુ નહિ. આહાહા..! એટલી નિવૃત્તિ છતાં આત્મા તરફ વલણ ન કરે એમ મારું કહેવું છે. આહાહા..! છતાં બહારના ફંદમાં ફસાઈ જાય. આહાહા..!

અહીં કહે છે, **'અભેદ-અનુપચાર-રત્નત્રયાત્મક...'** અભેદ અનુપચાર. ભેદ નહિ. આ દર્શન ને જ્ઞાન ને ચારિત્ર એવા ભેદ નહિ. અભેદ-અનુપચાર. ઉપચાર નહિ, આરોપ નહિ. અભેદ અનુપચાર રત્નત્રયસ્વરૂપ ભગવાન, **'સ્વાત્માનુષ્ઠાનમાં...'** એ સ્વ આત્માનું અનુષ્ઠાન. એ **'અભેદ-અનુપચાર-રત્નત્રયાત્મક સ્વાત્માનુષ્ઠાનમાં...'** આહાહા..! નીચે અર્થ–**'નિજ આત્માનું આચરણ. (પરમ આવશ્યક કર્મ અભેદ-અનુપચાર-રત્નત્રયસ્વરૂપ સ્વાત્માચરણમાં નિયમથી રહેલું છે અર્થાત્ તે સ્વાત્માચરણ જે પરમ આવશ્યક કર્મ છે.)'** આહાહા..! ભગવાનઆત્મા અનંતગુણથી ભરેલો, એના અવલંબનની પર્યાય છે એ જરૂર આવશ્યક મોક્ષનું કારણ છે. આહાહા..! બાકી કોઈ ક્રિયાકાંડ ધર્મનું કંઈ કારણ નથી. આહાહા..!

**'અભેદ-અનુપચાર-રત્નત્રયસ્વરૂપ સ્વાત્માનુષ્ઠાનમાં...'** સ્વઆત્માનું અનુષ્ઠાન–પોતાના

આત્માનું આચરણ. આહાહા..! કાંઈ અનુષ્ઠાન કરો છો? (એમ પૂછે). એ અનુષ્ઠાન આચરણ. સ્વ આનંદસ્વરૂપ ભગવાન એનું આચરણ એ અનુષ્ઠાન, એ આત્માનું અનુષ્ઠાન. એમાં જે **'નિયત પરમાવશ્યક–કર્મથી નિરંતર સંયુક્ત...'** હોય. આહાહા..! આવી નિશ્ચય સ્વાત્માનુભવ રત્નત્રયરૂપ ક્રિયા, એનાથી નિશ્ચય પરમ આવશ્યક કર્મથી નિરંતર સંયુક્ત એવો. આહાહા..! પાછા એમાં પણ નિરંતર. એક સમયનો ભેદ નહિ. આહાહા..! જેમ પોતે સદા પ્રભુ નિરંતર છે એમ એનું નિશ્ચય આવશ્યક સદા નિરંતર છે. આહાહા..! ભગવાનઆત્મા અનાદિઅનંત સનાતન છે તો એને આશ્રયે પર્યાય શાશ્વત મળે એવી છે.

**'નિરંતર સંયુક્ત એવો જે 'સ્વવશ' નામનો...'** આહાહા..! **'સ્વવશ' નામનો પરમ શ્રમણ...'** આહાહા..! પોતાને તાબે થયેલો એવો સ્વવશ મુનિ. જે વિકલ્પને તાબે છોડીને, બહારના અનુષ્ઠાનના તાબે છોડીને, આત્માના અનુષ્ઠાન અને આચરણમાં રહેતો.. આહાહા..! **'પરમ શ્રમણ તે સર્વોત્કૃષ્ટ અંતરાત્મા છે;...'** લ્યો! બારમા ગુણસ્થાને વીતરાગ... સર્વોત્કૃષ્ટ અંતરાત્મા. સર્વ ઉત્કૃષ્ટ અંતરાત્મા. **'આ મહાત્મા સોળ કષાયોના અભાવ દ્વારા...'** બારમું ગુણસ્થાન. અંતરાત્માની છેલ્લી દશા બારમું ગુણસ્થાન. પછી તરત કેવળ, એનું ફળ.

**'સોળ કષાયોના અભાવ દ્વારા ક્ષીણમોહપદવીને પ્રાપ્ત કરીને...'** આહાહા..! ક્ષીણમોહના નાશની પ્રાપ્તિ કરીને **'સ્થિત છે.'** આહાહા..! અંદરમાં જામી ગયો છે, કહે છે. આહાહા..! પોતાનું જે આત્મસ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય વીર્ય, અતીન્દ્રિય શાંતિ ને અતીન્દ્રિય સુખ, એમાં જામી ગયો છે. આહાહા..! એ ઉત્કૃષ્ટ અંતરાત્મા. **'સોળ કષાયોના અભાવ દ્વારા ક્ષીણમોહપદવીને પ્રાપ્ત કરીને...'** એ ક્ષીણમોહ પદવી. બારમું ગુણસ્થાન. આહાહા..! **'ક્ષીણમોહપદવીને પ્રાપ્ત કરીને સ્થિત છે. અસંયત સમ્યગ્દષ્ટિ જઘન્ય અંતરાત્મા છે.'** અહીં લીધો, જોયું! અસંયત સમ્યગ્દષ્ટિ પણ જઘન્ય અંતરાત્મા છે. કોઈ કહે છે ને કે સમકિતીને અનુભૂતિ ન હોય. ચોથે અનુભૂતિ ન હોય. સમ્યગ્દર્શન હોય ત્યાં અનુભૂતિ ન હોય. એવા અર્થ કરે. **'અસંયત સમ્યગ્દષ્ટિ જઘન્ય અંતરાત્મા છે.'** ચોથે ગુણસ્થાને એ નીચલા દરજ્જામાં જઘન્ય અંતરાત્મા છે. છે તો અંતરાત્મા પણ જઘન્ય. **'આ બેની મધ્યમાં રહેલા સર્વે મધ્યમ અંતરાત્મા છે.'** ચોથે છે એ જઘન્ય અંતરાત્મા. **'આ બેની મધ્યમાં રહેલા સર્વે મધ્યમ અંતરાત્મા છે.'** અંતરાત્માની વ્યાખ્યા કરી. ત્રણ પ્રકાર. ઉત્કૃષ્ટ અંતરાત્મા ક્ષીણમોહ, જઘન્ય અંતરઆત્મા સમકિતી, મધ્યમ પાંચમાંથી અગિયાર મધ્યમ (અંતરાત્મા). આહાહા..! પણ બધા અંતરાત્મા છે. અંતરને સાધે છે અને એક અંતર્મુહૂર્તમાં કેવળને પામવાના છે. આહાહા..!

**'નિશ્ચય અને વ્યવહાર એ બે નયોથી પ્રણીત...'** આહાહા..! આ વીતરાગનો માર્ગ. નિશ્ચય અને વ્યવહાર, એ બે નયોથી પ્રણીત. ભગવાને બે નયોથી કહેલ છે. એક જ નિશ્ચયનયથી (નથી કહેલ). વ્યવહારથી વાત (કરી છે), વ્યવહારનો વિષય છે. વ્યવહારનો વિષય છે, વ્યવહારનય છે. નય છે તે વિષયી છે તો એનો વિષય પણ છે. ભગવાનની

વાણીમાં બેય નયનો ઉપદેશ આવ્યો છે. એક જ નયનો ઉપદેશ નથી આવ્યો. આદર એકનો, ઉપદેશ બે નયનો. આહા..હા...! છે?

**'નિશ્ચય અને વ્યવહાર એ બે નયોથી પ્રણીત જે પરમ આવશ્યક ક્રિયા તેનાથી જે રહિત હોય તે બહિરાત્મા છે.'** બેથી રહિત કીધું, એકથી નહિ. નિશ્ચય સહિત વ્યવહાર ન હોય તો એ બહિરાત્મા છે. આહાહા...! **'પરમ આવશ્યક ક્રિયા તેનાથી જે રહિત હોય...'** નિશ્ચય અને વ્યવહાર બેય, વ્યવહારમાં વિકલ્પ છે, નિશ્ચયમાં નિર્વિકલ્પ છે. સાધક છે એટલે બેય હોય છે. કેવળજ્ઞાની પરમાત્મા નથી. તેથી તે બહિરાત્મા છે. આહાહા..! બહિર-આત્મા. આત્મા સિવાય બાહ્ય કોઈ પણ ચીજ જે છે એમાંની કોઈ એક ચીજને પોતાની માનવી એ બહિરાત્મા છે. આહાહા...! અંતરાત્મા પોતાના પૂર્ણ સ્વરૂપને જ માને છે. એ સિવાય અનેરી શુભભાવથી માંડીને અનંત ચીજોને પોતાની માનતો નથી. એ જઘન્ય અંતરાત્મા છે. આહાહા..! બહારનો એક વિકલ્પ પણ પોતાનો છે એમ માનતો નથી. શુભરાગ આવે, ભક્તિ આવે પણ એ મારી છે એમ માનતો નથી. છે ને?

**'નિશ્ચય અને વ્યવહાર એ બે નયોથી પ્રણીત જે પરમ આવશ્યક...'** સાંજ-સવાર મુનિને પ્રતિક્રમણ હોય છે ને? વિકલ્પ હોય છે, વ્યવહાર હોય છે. અને એ વ્યવહાર કરીને, છોડીને જાવું છે નિશ્ચયમાં. ત્યાં અટકવાનું નથી. નીચલી ભૂમિકામાં એ આવે પણ એને છોડીને જવાનું છે અંદરમાં. **'બે નયોથી પ્રણીત જે પરમ આવશ્યક ક્રિયા તેનાથી જે રહિત હોય તે બહિરાત્મા છે.'** વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૭૩, શ્લોક--૨૫૮, રવિવાર, જ્યેષ્ઠ વદ ૯, તા.૦૬-૦૭-૮૦

'નિયમસાર' ૩૦૧ પાનું છે આમાં. બધામાં એ છે?

**'શ્રી માર્ગપ્રકાશમાં પણ (બે શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'** ત્યાંથી શરૂ છે.

बहिरात्मान्तरात्मेति स्यादन्यसमयो द्विधा।
बहिरात्मानयोर्देहकरणाद्युदितात्मधीः।।

**શ્લોકાર્થ :- 'અન્યસમય (અર્થાત્ પરમાત્મા સિવાયના જીવો) બહિરાત્મા અને અંતરાત્મા એમ બે પ્રકારે છે;...'** લ્યો! અહીં તો ચોથાથી બારમા સુધી અંતરાત્મા કહ્યા. પહેલે બહિરાત્મા, ચોથેથી બાર અંતરાત્મા, તેરમે (ગુણસ્થાને) પરમાત્મા. આહાહા..! ઓલી હમણા તકરાર છે ને? 'રયણસાર'ની. 'કૈલાશચંદજી'એ કહ્યું કે 'રયણસાર' 'કુંદકુંદાચાર્ય'નું નથી. ત્યારે એક બીજા 'દેવેન્દ્ર' કો'ક પંડિત છે. એમણે મોટો લેખ લખ્યો, એમનું જ કરેલું છે. 'પ્રવચનસાર' ને 'સમયસાર' ને એની સાથે મળે છે. આવા તકરારમાં આવી ગયા. મોટું પુસ્તક છે.

અહીં તો કહે છે, **'અન્યસમય (અર્થાત્ પરમાત્મા સિવાયના જીવો) બહિરાત્મા અને**

**અંતરાત્મા...**' આહાહા..! **'એમ બે પ્રકારે છે.'** અન્ય સમય એ બે પ્રકારે છે. એક બહિરાત્મા અને એક અંતરાત્માને અન્યસમયમાં નાખ્યા છે. પૂર્ણ દશા નથીને? જેમ 'પંચાસ્તિકાય'માં જ્ઞાનચેતના કેવળીને લીધી છે. 'પંચાસ્તિકાય'માં જ્ઞાનચેતના પાઠ છે. કેવળીને લીધી છે. અને આમ ચોથે ગુણસ્થાનથી જ્ઞાનચેતના હોય છે. 'પંચાધ્યાયીકારે' ત્યાં એમ લીધું છે. જ્ઞાનચેતના એટલે પુણ્ય અને પાપના વિકલ્પનું ચેતનાથી લક્ષ ન કરતા અંતર ચૈતન્ય આનંદનો અનુભવ કરવો એ જ્ઞાનચેતના. એ જ્ઞાનચેતના ચોથેથી હોય છે. છતાં 'સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા'માં 'કુંદકુંદાચાર્યે' મૂળ પાઠમાં જ્ઞાનચેતના કેવળીને કીધી છે. 'પંડિતજી'!

જ્ઞાનચેતના ત્રણ પ્રકારની છે. કર્મચેતના, કર્મફળચેતના, જ્ઞાનચેતના. કર્મચેતના એટલે? રાગ અને દ્વેષ આદિ વિકલ્પને કરવું અને વેદવું એ કર્મચેતના. અને એનું ફળ હરખ-શોકનું વેદવું... આહાહા..! એ કર્મફળચેતના. અને જ્ઞાનચેતના, કર્મચેતના અને કર્મફળચેતનાથી જુદી. એક આત્માને જ જ્ઞાનમાં-લક્ષમાં લઈને વેદન કરવું એ જ્ઞાનચેતના. ચોથે અંશે શરૂ થાય છે. તેરમે પૂરી (થાય છે) તેથી ભગવાને તેરમાં જ વાત લીધી છે. 'કુંદકુંદાચાર્યે' તેરમે લીધું છે. પણ જ્ઞાનચેતના ચોથેથી હોય છે. અહીં અન્યસમય બારમા સુધી ગણ્યો છે. સમજાય છે કાંઈ?

**'અન્યસમય (અર્થાત્ પરમાત્મા સિવાયના જીવો)...'** તેરમે ગુણસ્થાને જે કેવળી પરમાત્મા (છે) એના સિવાય બહિરાત્મા જે રાગ અને શરીરને પોતાનું માને. બહિર્. અંતરમાં ચીજ નથી અને બહિર્ ચીજને (પોતાની) માને એ બહિર્આત્મા. જે આત્મા છે એ તો આનંદકંદ પ્રભુ છે. જ્ઞાનનો આનંદસાગર છે. અતીન્દ્રિય શાંતિનો પિંડ છે. એમાં એને એનું વેદન (થાય) એને જ્ઞાનચેતના કહેવામાં આવી છે. પણ માણસ પાઠને પકડીને ત્યાં રહે. 'કુંદકુંદાચાર્યે' જ્ઞાનચેતના તેરમે લીધી છે. એ પૂર્ણ લીધી છે. અને નીચે ચોથે ગુણસ્થાનથી જ્ઞાનચેતના શરૂ થાય છે. જ્ઞાનચેતના એટલે આત્માના આનંદનો સ્વાદ. જે અનાદિથી નિગોદના જીવથી દ્રવ્યલિંગી દિગંબર સાધુ થઈને નવમી ગ્રૈવેયકે ગયો પણ વેદન રાગનું હતું. રાગનું વેદન. તેથી એ બહિર્આત્મા છે. આહાહા..! કેમકે એ રાગ સ્વરૂપમાં નથી. નિજ સ્વરૂપમાં રાગનો વિકલ્પ નથી. તેથી એ રાગને વેદે અને પોતાનો માને એ બહિરાત્મા (છે). એટલે આત્મામાં નથી એ બાહ્યની ચીજને પોતાની માને એ બહિરાત્મા. આહાહા..! આ શરીર ને વાણી ને મન ને કર્મ ને આ બાયડી, છોકરા, કુટુંબ એ બધા મારા માને. જે પર ચીજ છે એ પોતાની ત્રણકાળમાં નથી. એમાં પોતાની માને એ બહિર્. આત્મામાં નથી એવી બાહ્ય ચીજને પોતાની માને એ બહિરાત્મા. અને આત્મામાં જ્ઞાન, આનંદ, શાંતિ છે, પુણ્ય-પાપના રાગ અને એના ફળ આદિ નથી, તેને વેદે એ જ્ઞાનચેતના. આહાહા..!

અહીંયાં જ્ઞાનચેતના ચોથેથી બારમા સુધી ગણી છે. છે 'માર્ગ પ્રકાશ' (શાસ્ત્રનો આધાર). 'કુંદકુંદાચાર્યે' 'પંચાસ્તિકાય'માં પાઠ કહ્યો કે જ્ઞાનચેતના તેરમે હોય. પણ એથી કરીને ચોથે

જ્ઞાનચેતના ન હોય અને એકલી કર્મચેતના હોય એમ નહિ. ચોથે સમકિતથી જ્ઞાનચેતના હોય, કર્મચેતના પણ હોય, કર્મફળચેતના ત્રણેય હોય. બેને એ જાણે, વેદે છતાં એ મારી ચીજ નથી. આહાહા..! દયા, દાનનો રાગ આવે પણ જ્ઞાની એ મારું સ્વરૂપ છે એમ એ ધર્મી માનતો નથી. તેથી તેને અંતરાત્મા કહ્યો. અંતર આત્મામાં જે નથી. ભલે નિર્મળતા પૂર્ણ નથી પણ આત્મામાં નથી એ ચીજને બાદ કરી અને એકલો આત્મા, અતીન્દ્રિય આનંદનો સાગર, શુદ્ધતાના અનંતગુણથી ભરેલો... આહાહા..! એવા આત્માને માને ત્યારે સમકિતની શરૂઆત થાય. ધર્મનું પહેલું પગથિયું ત્યાંથી શરૂ થાય. આહાહા..! અને જ્યાં સુધી દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ એ મારા છે અને હું એનો છું (એમ માને) ત્યાં સુધી બહિરાત્મા છે. કેમકે એ વસ્તુમાં નથી. અને પૂર્ણ જ્યાં રાગ-દ્વેષ નાશ થઈ ગયા અને એકલી જ્ઞાનચેતના પૂર્ણ પ્રગટી એ પરમાત્મા. આહાહા..! સમજાય છે?

**'અન્યસમય...'** અન્યસમય એટલે? પરમાત્મા સિવાય (બધા) અન્યસમય. કેવળજ્ઞાની પરમાત્મા... 'રયણસાર'માં એ આવે છે. આ શ્લોક. પાનું-૧૧૫, ગાથા-૧૪૫. 'રયણસાર'. અંતરાત્મા બારમા સુધી ગણ્યો છે. તેરથી પરમાત્મા ગણ્યા. અન્યસમય, પરમાત્મા સિવાય અન્યસમય ગણ્યો છે. એમ અહીં પણ કહે (છે), અન્યસમય. આત્માનું વેદન છે અને ભેગું રાગ અને દ્વેષનું વેદન છે તેને અહીંયાં અંતરાત્મા અન્યસમય કહેવામાં આવે છે. અંતરાત્મા અન્યસમય. રાગ ને પુણ્ય મારા એ માનનારો-વેદનારો અન્યસમય બહિરાત્મા છે. અને રાગ-દ્વેષ બિલકુલ નથી અને એકલા આનંદનો પૂર્ણ અનુભવ છે એ સ્વસમય પરમાત્મા છે. સમજાય છે કાંઈ? આહાહા..!

દયાનો ભાવ, પરજીવની દયાનો ભાવ એ મારો છે (એમ માને છે) ત્યાં સુધી એ બહિરાત્મા છે. કેમકે એ ભાવ સ્વરૂપમાં નથી. આહાહા..! પંચમહાવ્રતના પરિણામ એ બહિર્ છે. એ અંતર આત્મામાં નથી. તેથી અંતરાત્મા પંચમહાવ્રતના પરિણામને પોતાના માનતો નથી. છતાં થાય છે. તેથી જ્ઞાનીને કર્મચેતના પણ છે અને કર્મફળચેતના પણ છે. આહાહા..! અહીં અન્યસમય એટલે પરમાત્મા સિવાય અન્યસમય લીધો છે. સમજાય છે કાંઈ? સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ કેવળજ્ઞાની જિનેશ્વરદેવ એને અહીંયાં સ્વસમયમાં નાખ્યા છે. બાકીનાને અન્યસમયમાં નાખ્યા છે. પહેલેથી બાર સુધી અન્યસમય. પહેલે બહિરાત્મા છે. પણ ચોથેથી બારમા ગુણસ્થાન સુધી અન્યસમય છે. આહાહા..!

**'(પરમાત્મા સિવાયના જીવો) બહિરાત્મા અને અંતરાત્મા બે પ્રકારે છે; તેમાં બહિરાત્મા દેહ-ઇન્દ્રિય વગેરેમાં આત્મબુદ્ધિ...'** આહાહા..! મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની (એને) જૈનપણાની ખબર નથી. જૈન કોને કહેવા? એ દેહ ને ઇન્દ્રિય અને પુણ્ય અને દયા-દાનના ભાવ એ મારા માને તે જૈન નથી. આહાહા..! એ બહિરાત્મા અન્ય છે. આહાહા..! આકરું ભારે.

મુમુક્ષુ :– તો જૈનોની સંખ્યા બહુ ઓછી થઈ જાય.

ઉત્તર :– સંખ્યા ભલે એક જ હોય. સત્યને સંખ્યાની જરૂર નથી. સત્યને સત્યની જરૂર છે. સત્યને સંખ્યાની જરૂર નથી. તોપણ સત્ય તો અસંખ્ય પડ્યા છે. તિર્યંચો સમકિતી. આહાહા..!

અન્યસમય. બારમા ગુણસ્થાન સુધી અન્યસમય કહ્યા. તેરમે ગુણસ્થાને સ્વસમય કહ્યા અહીંયાં. અને બીજે ઠેકાણે ચોથે ગુણસ્થાનથી સ્વસમય લીધો. 'સમયસાર'ની શરૂઆત કરતાં બીજી ગાથામાં ભગવાન 'કુંદકુંદાચાર્યે' **'पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं'** જે કોઈ રાગ અને દ્વેષમાં રહે છે તે પરસમય છે. એ તદ્દ્ન મિથ્યાદૃષ્ટિ છે. બીજી ગાથા. **'जीवो चरित्तदंसणणाणठिदो'** ત્રણને ભેગા લીધા છે એટલે કેટલાક એમ કહે છે કે આ બધું સાતમા ગુણસ્થાન માટે છે. તો પછી આ 'અષ્ટપાહુડ'માં સમકિત પાહુડ, 'સમયસાર'માં ૧૪મી ગાથા એ બધી સમકિતની છે. સમજાણું કાંઈ? ઘણી ચર્ચા ચાલે છે. આહાહા..!

અહીં તો અન્યસમય (એને કહ્યા કે) જ્યાં સુધી રાગનો અંશ પણ પોતામાં માનતો નથી પણ છે. માને છે એ બહિરાત્મા છે. પોતાનો માનતો નથી તે અંતરાત્મા છે. અને ત્યાં સુધી હજી અન્યસમયમાં છે. આહાહા..! અને રાગરહિત દશા, કેવળજ્ઞાન પરમાત્માની દશા એ મોક્ષદશા છે. એ પરમાત્મા જ્ઞાનચેતના છે. આ વાત આટલી બધી લાંબી છે. અંતરાત્મા બે પ્રકારે છે. શું કીધું? અન્યસમયના બે અર્થ લીધા. એક બહિરાત્મા પણ અન્યસમય અને એક અંતરાત્મા પણ અન્યસમય. પણ બહિરાત્મા રાગને પોતાનો માને છે, સમકિતી પોતાનો માનતો નથી છતાં રાગ ટળ્યો નથી તેથી એને અન્યસમયમાં નાખ્યા છે. આહાહા..! હવે આવું બધું. ઓલી તો દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, ચોવિહાર કરો (એટલે) ધર્મ થઈ ગયો. ધૂળમાં પણ ધર્મ નથી. એવું અનંતવાર કર્યું છે, ભાઈ! ચૈતન્ય અતીન્દ્રિય આનંદનો સાગર પૂર્ણાનંદની શાંતિથી ભરેલો, એનું વેદન અને શ્રદ્ધા-જ્ઞાન થયા વિના ધર્મની પહેલી સીઢી–શરૂઆત પણ થાય નહિ. ગમે તેટલી ક્રિયા કરે વ્રત ને તપ ને ભક્તિ-પૂજા (કરે) પણ એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

અન્યસમયના બે પ્રકાર : બહિરાત્મા અને અંતરાત્મા. એને અહીં અન્યસમયમાં નાખ્યા. આહાહા..! અને **'તેમાં બહિરાત્મા દેહ-ઇન્દ્રિય વગેરેમાં આત્મબુદ્ધિવાળો હોય છે.'** આહાહા..! દેહ, મન, ઇન્દ્રિય જે નજીક છે એ મારા છે. ઇન્દ્રિયથી હું જાણું છું, મનથી હું જાણું છું. એ પરને જાણનારો પોતાને માને એ બહિરાત્મા છે, મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આવી વાત છે. **'બહિરાત્મા દેહ-ઇન્દ્રિય વગેરેમાં આત્મબુદ્ધિવાળો હોય છે.'** અંતરાત્મા એવો હોતો નથી અને પરમાત્મા તો રાગ રહિત છે.

બીજો શ્લોક.

**``जघन्यमध्यमोत्कृष्टभेदादविरतः सुदृक्।**
**प्रथमः क्षीणमोहोन्त्यो मध्यमो मध्यमस्तयोः।।''**

અંતરાત્મા, ધર્માત્મા, ધર્મની શરૂઆતવાળો એમ કહીએ, ધર્મની શરૂઆતવાળો. ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ જિનેશ્વરદેવની વાણીમાં, મુખારવિંદમાંથી નીકળેલી, એ વાણી આ છે. એ એમ કહે છે કે **'અંતરાત્માના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવા (ત્રણ) ભેદો છે;...'** અંતરાત્મા એટલે ચોથે ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી. એના ત્રણ ભેદ છે : જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. આહાહા..!

**'અવિરત સમ્યગ્દષ્ટિ તે પહેલો (જઘન્ય) અંતરાત્મા છે,...'** અંતરાત્મા છે ને પણ? આહાહા..! અવિરત ભલે વિરતી નથી. ચારિત્રનું આચરણ નથી. રાજ અને પાટ, કુટુંબમાં પડ્યો દેખાય છતાં અંતરમાં તે અવિરતિ સમ્યગ્દષ્ટિ અંતરાત્મા છે. આહાહા..! ગૃહસ્થાશ્રમમાં પણ આત્મામાં લીન થઈ શકે છે. કોઈ એમ કહે કે મુનિને માટે લીનતા હોય છે. 'યોગીન્દ્રદેવ'માં આવ્યું ને? ભાઈ! 'યોગીન્દ્રદેવ'માં ૬૫ ગાથા અને ૧૮ બેમાં. 'ગૃહકામ કરતાં છતાં જે આતમરસ લીન.' સજ્ઝાય થઈ ને કાલે? 'યોગસાર'. એમાં આવ્યું છે એ. 'ગૃહકામ કરતા છતાં અંતર આત્મ રસલીન.' આહાહા..! એ કામમાં ભલે દેખાય પણ અંદરમાં એ કામથી જુદો છે. નાળિયેરમાં જેમ ગોટો જુદો છે એમ ચૈતન્ય ભગવાન... આહાહા..! દેહદેવળના પરમાણુ આ માટી-ધૂળ છે, એ માટીથી તદ્દન જુદો છે. આહાહા..! એને ને એને કાંઈ આદર નથી. સમજાય છે કાંઈ?

અંતરાત્મા. ચૈતન્યસ્વરૂપ અનાકુળ આનંદનો કંદ અને રસકંદ આત્મા છે. એમાં એને પુણ્ય-પાપ થાય પણ એને પોતાના માને નહિ. અસ્થિરતા થાય, છતાં પોતાના માનવાની શ્રદ્ધા અંતરમાં (નથી). તેથી ચોથે ગુણસ્થાને જઘન્ય અંતરાત્મા જ્ઞાની કહેવામાં આવ્યો છે. 'સમયસાર'ના અર્થમાં આવે છે (કે) જ્ઞાની કોને કહેવો? ત્રણ પ્રકાર આવે છે ને? આમ બધા જ્ઞાની જ છે. કેમકે જ્ઞાનસ્વરૂપ છે ને! બધા ભગવાન છે. બધા આત્માઓ ભગવાન છે. અંદર પૂર્ણાનંદ ને જ્ઞાન ભરેલું છે, ભગવાન છે. એમ જોઈએ તો આત્માને ભગવાન કહ્યો. આહાહા..! પણ એમાં રાગ-દ્વેષને, પુણ્ય-પાપ તત્ત્વને એ પોતામાં જો ખતવે તો એ બહિરાત્મા છે અને તે જ ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં, વસ્તુમાં લીન રહેવા છતાં... છે ને એ? કાલે સજ્ઝાય આવી છે ને? સજ્ઝાય-સ્વાધ્યાય. 'ગૃહકામ કરતા છતાં જે આતમરસ લીન.'

મુમુક્ષુ :– હેયાહેયનું જ્ઞાન.

ઉત્તર :– હા. આહાહા..! ગૃહસ્થાશ્રમમાં પડ્યો હોય. છ ખંડનું રાજ ચક્રવર્તીનું. છન્નું હજારી સ્ત્રી, છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ પાયદળ! છન્નું કરોડ ગામ. છતાં એ અંતરાત્મા છે. આહાહા..! એ ચીજને પોતાની માનતો નથી. આહાહા..! નજર કરે છે, જાણપણું કરે છે. આહાહા..! જેમ માતા–જનેતા સ્નાન કરતી હોય અને નગ્ન દેખાય, નજર પડે પણ એમાં મારી મા છે એ ખસતું નથી. એ તો મારી જનેતા છે. દેખાય નજરે જોવે તો નજર

ત્યાં ઠરે નહિ. આમ નજર પડી ગઈ, ન્હાતા હોય અને ખાટલા આડા ન્હાયને? પછી ઊભા થઈને માતા કપડા પહેરતા હોય. છતાં, દેખાય છતાં માતા છે એ વાત ખસતી નથી. એમ રાગ-દ્વેષ રહ્યા છતાં મારી ચીજ એ નથી, એ વાત જ્ઞાનીને ખસતી નથી. આહાહા..!

**'ક્ષીણમોહ તે છેલ્લો (ઉત્કૃષ્ટ) અંતરાત્મા છે...'** બારમે ગુણસ્થાને. એ તો છેલ્લી સ્થિતિ. કેવળ લેવાની તૈયારી. **'અને તે બેની મધ્યમાં રહેલો તે મધ્યમ અંતરાત્મા છે.'** પાંચમેથી તે અગિયાર અંતરાત્મા. આહાહા..! પણ છે બધા આત્માના ભાનવાળા. અંતરાત્મા અને પરમાત્મા બેય. ભલે અંતરાત્માને અન્યસમય કહ્યો. અન્યસમય કહ્યો ને? અન્યસમય કહેવા છતાં એ અન્યસમયની ચીજ જે રાગની છે એને પોતાનો માનતો નથી. ફક્ત એને રાગ છે તેથી અન્યસમયમાં નાખ્યા. શેનો અર્થ થયો ઇ? આહાહા..! ઓલામાં નાખ્યું ને પહેલું અન્યસમય? પહેલા શ્લોકમાં. અન્યસમય. આહાહા..! એ રાગમાં રહ્યા છતાં, અન્યસમય હોવા છતાં ઇ છે અંતરાત્મા. આહાહા..! અને ત્યાગી થયો દ્રવ્યલિંગી મુનિ, હજારો રાણીને છોડીને, છતાં અંતરના રાગના ભાવના પડખે ચડી ગયેલો છે. ભગવાનને પડખે છૂટી ગયો છે. પરમાત્મા પોતે છે. પરમાત્મા ભગવાન પોતે છે. આહાહા..!

બધા આત્માઓ ભગવાન છે અને બધા આત્માઓ ભગવાન થઈ શકે છે. આહાહા..! એમ નહિ કે આ કસાયખાનાનો આત્મા છે માટે કોઈ દિ' છૂટશે જ નહિ. એવું કાંઈ નથી. એ બીજે ભવે, અરે..! એ ભવે છૂટી જાય. આહાહા..! અંદર વસ્તુ પડી છે મહાપ્રભુ, ચૈતન્યગંજ પડ્યો છે. મોટો દરિયો–જ્ઞાનનો મોટો દરિયો, આનંદનો દરિયો, શાંતિનો સાગર, એને જ્યાં પોતાનો જાણ્યો એમાં રાગના કણને પોતાનો કેમ માને? આહાહા..! એવી ચીજને જ્યાં માને એ રાગના કણને કેમ પોતાનો માને? એથી એને રાગ છે એથી અન્યસમય કહ્યો ખરો, પણ એ છે અંતરાત્મા. આહાહા..! જઘન્ય અંતરાત્મા, ક્ષીણમોહ છેલ્લો અને **'બેની મધ્યમાં રહેલો તે મધ્યમ અંતરાત્મા છે.'** પાંચમેથી અગિયાર સુધી. આહાહા..! ઘણાને આચરણનું જોર બતાવવું છે ને એને એમ કે મુનિની જ આમાં વ્યાખ્યા છે. સમકિત ચોથે થાય એની નહિ. બધી મુનિની જ વ્યાખ્યા છે, એમ કહે છે. આહાહા..!

અહીં તો 'શ્રેણિક' રાજા જેવાને હજારો રાણી હતી, હજારો રાજા ચામર ઢાળતા, ક્ષાયિક સમકિતી હતા. પણ પ્રથમ બૌદ્ધને માનનાર હતો. એમાંથી મુનિ પાસે સમકિત પામ્યો. ૩૩ સાગરની નરકની સ્થિતિ બાંધી હતી. એ તોડી નાખીને ચોર્યાશી હજાર વર્ષની રહી ગઈ. અને છે અંતરાત્મા. અત્યારે અંતરાત્મા છે. પહેલી નરકમાં છે. આહાહા..! સમકિતીને પણ પહેલી નરકમાં જવું પડ્યું. આયુષ્ય બંધાઈ ગયેલું, જે લાડુ બંધાણો એમાંથી ઘી કાઢીને પછી નવી પૂરી ન થાય. લાડવો બંધાણો એમાંથી લોટ કાઢીને રોટલી નવી ન થાય. એ તો લાડવો ખાધે છૂટકો. એ લાડવાને ભલે જરી થોડા દિ' સૂકવે તોપણ એમાંથી... શું કહેવાય? ઘઉંનો લોટ. ઘઉંનો લોટ છે ને એમાં? એ કાઢી શકે અને નવી પૂરી ન થઈ શકે. એમ આત્મામાં

દર્શનની પ્રતીત થયા પહેલા નરકનું આયુષ્ય બંધાઈ ગયું છતાં પણ અંદરમાંથી એ છોડીને વસ્તુને પામી શકે છે. આહાહા..!

એક જણ પૂછતા હતા, મહારાજ! મને આયુષ્ય બંધાઈ ગયું હશે? મારા પરિણામ બરાબર સુધરતા નથી. એમ પૂછ્યું હતું. ભાઈ! 'મોહનભાઈ'એ. 'મોહનલાલ કાળિદાસ'. 'રાજકોટ' સાથે રહેતા ને પહેલા? છેલ્લા વખતે સાથે હતા. તો એકવાર પૂછ્યું, મહારાજ! આ પરિણામ કેમ સુધરતા નથી? દક્ષિણ દેશમાં બધાને... શું ભાષા છે ને? સ્વામી... સ્વામી કહે. 'યશપાલજી'! દક્ષિણ દેશમાં બધાને સ્વામી કહે. એવો રિવાજ છે. ભલે બાળક હોય એને પૂછવું હોય તો એય..! સ્વામી! એય..! સ્વામી! એમ પૂછે.

મુમુક્ષુ :– 'કર્ણાટક'માં એમ કહે.

ઉત્તર :– છે ને. બધું જોયું છે ને ત્યાં. સ્વામી કહે. આહાહા..! નાનો બાળક ઊભો હોય એને રસ્તો પૂછવો હોય, એય..! સ્વામી! ભાઈ! આ ક્યાં રસ્તો આવ્યો? પણ એ સ્વામી તો અજ્ઞાની ભલે હોય. આહાહા..!

અહીં કહે છે, અંતરાત્મા પહેલેથી તે ચૌદ સુધીમાં ત્રણ ગુણસ્થાનમાં તો બહિરાત્મા ગણ્યો. ચોથેથી સમકિત અંતરાત્મા ગણ્યો. જઘન્ય. બારમામાં ઉત્કૃષ્ટ અને એ સિવાય મધ્યમ.

## શ્લોક–૨૫૮

(मंदाक्रांता)

**योगी नित्यं सहजपरमावश्यकर्मप्रयुक्तः**
**संसारोत्थप्रबलसुखदुःखाटवीदूरवर्ती।**
**तस्मात्सोऽयं भवति नितरामन्तरात्मात्मनिष्ठः**
**स्वात्मभ्रष्टो भवति बहिरात्मा बहिस्तत्त्वनिष्ठः।।२५८।।**

**[શ્લોકાર્થ :–] યોગી સદા સહજ પરમ આવશ્યક કર્મથી યુક્ત રહેતો થકો સંસારજનિત પ્રબળ સુખદુઃખરૂપી અટવીથી દૂરવર્તી હોય છે તેથી તે યોગી અત્યંત આત્મનિષ્ઠ અંતરાત્મા છે; જે સ્વાત્માથી ભ્રષ્ટ હોય તે બહિઃતત્ત્વનિષ્ઠ (બાહ્ય તત્ત્વમાં લીન) બહિરાત્મા છે. ૨૫૮.**

## શ્લોક–૨૫૮ ઉપર પ્રવચન

૨૫૮ શ્લોક.

**योगी नित्यं सहजपरमावश्यकर्मप्रयुक्तः**
**संसारोत्थप्रबलसुखदुःखाटवीदूरवर्ती।**
**तस्मात्सोऽयं भवति नितरामन्तरात्मात्मनिष्ठः**
**स्वात्मभ्रष्टो भवति बहिरात्मा बहिस्तत्त्वनिष्ठः।।२५८।।**

**શ્લોકાર્થ :-** '**યોગી...**' એટલે આત્મામાં જેનું જોડાણ છે. આહાહા..! ભગવાન આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એમાં જેનું જોડાણ છે. યોગ–જોડાણ. આહાહા..! એ અંતરાત્મા છે. એ '**સદા સહજ પરમ આવશ્યક કર્મથી યુક્ત રહેતો થકો...**' એ સદાય પોતાના જ્ઞાન-દર્શન-આનંદને પોતાના માનતો થકો, અનુભવતો થકો. સદા-જ્યારથી સમ્યગ્દર્શન થયું ત્યારથી સદાય આત્માને વેદે છે. આહાહા..!

કેટલાકને એમ છે ને કે જ્ઞાન થયા પછી એકલું સુખનું જ વેદન હોય. એમ નથી. સુખનું પણ વેદન હોય અને દુઃખનું પણ હોય. છતાં એ દુઃખને પોતાનું માનતો નથી. વેદન હોય. આહાહા..! વેદન એટલે? રાગ થયો તે કાંઈ વેદ્યા વિના થાય? અને કર્મનું બંધન થાય એ વેદ્યા વિના બંધન થઈ જાય? ચોથે-પાંચમે-છઠ્ઠે પણ કર્મ બંધાય છે. એટલે રાગ છે, વેદન છે માટે બંધાય છે. છતાં તેને પોતાના જાણતો નથી. એ અહીં કહે છે.

'**યોગી સદા...**' સદા. ધર્માત્મા તો સદાય... આહાહા..! '**સહજ પરમ આવશ્યક કર્મથી યુક્ત રહેતો થકો...**' સ્વભાવિક પરમ આવશ્યક–જરૂરની અંતરની ક્રિયા, આત્મામાં લીનતારૂપી ક્રિયા, એ રૂપી કર્મ એટલે કાર્ય, એનાથી યુક્ત રહેતો થકો. આહાહા..! '**સંસારજનિત...**' આહાહા..! ભાષા જુઓ! '**સંસારજનિત પ્રબળ સુખદુઃખરૂપી અટવીથી...**' સમકિતીને પ્રબળ સુખ-દુઃખની કલ્પના આવે છતાં, એ સંસારજનિત હોવા છતાં તેનાથી '**દૂરવર્તી હોય છે...**' છે? આવે છે, ભાન છે છતાં દૂરવર્તી છે. આહાહા..!

લોકોને બેસવું એવું કઠણ પડે કારણ કે એને અભ્યાસ ન મળે. બહારનો અભ્યાસ આખો દિ'. અંતર કોણ છે? એની ચીજ વિના દેહ ચાલ્યો જશે. આહાહા..! આ આત્મા કાંઈ ચાલ્યો નહિ જાય. ચાલ્યો નહિ જાય એટલે નાશ નહિ થાય. ચાલ્યો જશે અહીંથી છૂટશે એટલે. પણ ક્યાંક પાછો રસ્તામાં ક્યાંક ભવ તો કરશે ને? ભવ કરશે એમાં કઈ જાતનો ભવ કરશે? એના ભાન વિનાના જીવને સંસારમાં રખડવાનો ભવ કરશે. નરક ને નિગોદ, વાઘ અને સિંહ... આહાહા..! કૂકડા ને મીંદડા, એના અવતાર થાય, ભાઈ! આહાહા..!

અહીં કહે છે, ધર્મીજીવ '**સદા** (સ્વાભાવિક) **સહજ પરમ આવશ્યક કર્મથી યુક્ત રહેતો**

**થકો સંસારજનિત પ્રબળ...**' ભાષા દેખો! કર્મથી ઉત્પન્ન થયેલો એમ ભાષા નથી. શું કીધું? સમકિતીને કર્મથી ઉત્પન્ન થયેલા રાગ-દ્વેષો નથી. તેમ એણે ઉત્પન્ન કર્યા એવો પણ શબ્દ નથી. આહાહા..! શું કીધું? આત્મજ્ઞાની ધર્મીજીવને પહેલા જ ધર્મની શરૂઆતમાં પહેલે પગથિયે, એને '**સંસારજનિત પ્રબળ...**' ગજબ કર્યો છે ને! આહાહા..! પોતાથી ઉત્પન્ન કર્યું નથી. સંસાર છે એટલો. એનાથી ઉત્પન્ન થાય છે. છતાં તેનાથી દૂર વર્તે છે. ધર્મી તેનાથી દૂર વર્તે છે. આહાહા..! થાય છતાં દૂરવર્તી, અને રાગ-દ્વેષ ન કરે છતાં અંતરના ઊંડાણમાં રાગની એકતાબુદ્ધિ હોય... આહાહા..! એ તો રાગના સમીપમાં વર્તે છે. આહાહા..!

અહીં કહે છે કે '**યોગી સદા સહજ પરમ આવશ્યક** (જરૂરની ક્રિયા) **કર્મથી યુક્ત** (સહજ) **રહેતો થકો સંસારજનિત પ્રબળ...**' આહાહા..! ગજબ ભાષા કરી છે. આહાહા..! '**संसारोत्थ**' છે ને? બીજું પદ. '**संसारोत्थ**' આહાહા..! સંસાર કોને કહીએ એમ સમજાવ્યું છે. સંસાર એ બાયડી-છોકરા-કુટુંબ નહિ. વેપાર, ધંધો, સ્ત્રી, કુટુંબ એ સંસાર નહિ. આહાહા..! સંસારજનિત, પરિભ્રમણથી ઉત્પન્ન થવામાં સંસરણ, આત્માને છોડીને પર્યાયમાં સંસારજનિત વિકાર. આહાહા..! આત્મજનિત નહિ, પરજનિત નહિ. આહાહા..! એ સંસાર–સંસરણ ઇતિ સંસાર–સ્વરૂપમાંથી ખસી જવું એવી દશાને સંસાર કહે છે. એ '**સંસારજનિત પ્રબળ સુખદુઃખરૂપી અટવી..**' મોટી અટવી-વન. એનાથી ધર્મી '**દૂરવર્તી હોય છે...**' આહાહા..! ગજબ છે.

ખૂબી તો ઇ છે કે સંસારજનિત શબ્દ. આત્માને કર્મની નબળાઈથી થયો એ તો નહિ પણ પોતાથી થયો એ સંસારજનિત. સંસાર છે એ આત્માનો નથી. એ રાગ-પુણ્ય-પાપ એ સંસાર છે. એ આત્માનો નથી. આહાહા..! એટલે સંસારજનિત વિકારને ધર્મીજીવ પોતાના માનતો નથી. આહાહા..! એ રાગ ધર્મજનિત નથી. રાગ અને દ્વેષના વિકલ્પ ઊઠે એ ધર્મજનિત નથી, કર્મજનિત નથી. આહાહા..! આવી તો ભાષા ચોખ્ખી પડી છે. તોપણ વિકાર કર્મને લઈને થાય... કર્મને લઈને થાય (એમ કહે). શાસ્ત્રમાં પાઠ એવો આવે, કર્મના નિમિત્તે વિકાર થાય, નિમિત્તે વિકાર થાય એવો પાઠ આવે. નિમિત્તે થાય એનો અર્થ કે એ છે અને પોતાને પરલક્ષે થાય છે. આહાહા..!

આ શબ્દ જે મૂક્યો છે આચાર્યે, આ તો 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ છે. '**સંસારજનિત...**' આહાહા..! પોતાનાથી ઉત્પન્ન થયેલો નહિ, કર્મથી ઉત્પન્ન થયેલો નહિ. આહાહા..! એ પુણ્ય અને પાપના ભાવ, એ સુખ-દુઃખની કલ્પનાના ભાવ, સમકિતીને સંસારજનિત છે. આત્મજનિત, સ્વભાવજનિત નથી. આહાહા..! તેમ કર્મજનિત તો છે જ નહિ. પરને લઈને વિકાર થાય એ તો છે જ નહિ. આહાહા..! ગજબ કામ કર્યું છે! સંસારજનિત. સંસાર કોઈ જુદી ચીજ હશે? જુદી છે. આત્મદ્રવ્યથી સંસાર–વિકૃત અવસ્થા જુદી છે. આહાહા..! એ જુદીમાં ઉત્પન્ન થતાં વિકાર... આહાહા..! એનાથી દૂરવર્તી છે. આહાહા..!

રાગ અને દ્વેષના વિકલ્પો, ઇચ્છા, અનેક જાતની ઇચ્છાની કલ્પનાઓ થાય. ચક્રવર્તી

સમકિતી હોય ને થાય. પણ એ સંસારજનિત છે, એ આત્મજનિત નહિ. તેમ કર્મે ઉત્પન્ન કરાવ્યા એમ પણ નહિ. આહાહા..! ગજબ અર્થ લખ્યા છે. સંસારજનિત વિકાર. સંસાર પોતે વિકાર છે. સંસાર સંસરણ ઇતિ સંસાર. સ્વભાવમાંથી ખસવું અને રાગદ્વેષમાં (આવવું) એ સંસાર છે. તો એ જ એમ કહ્યું. ધર્મીને લેવો છે ને? એટલે ધર્મી પોતે આનંદકંદના સ્વરૂપમાં છે. તેથી જે વિકાર થાય છે એ સંસારજનિત છે. આહાહા..! પોતાના અપરાધજનિત છે એને સંસારજનિત કીધા છે. સમજાય છે કાંઈ? વાત તો બહુ જુદી છે. પોતાના પુરુષાર્થની નબળાઈથી થતાં ભાવ છે એ. છતાં એ ભાવ–સંસાર એ મારો નથી. સ્વરૂપમાંથી ખસી જવું એવું મારું સ્વરૂપ નથી. આહાહા..!

એથી સ્વરૂપમાં દૃષ્ટિ હોવાને લઈ, જ્ઞાનીને જે રાગાદિ દ્વેષ ઉત્પન્ન થાય, સુખદુ:ખના ભાવ થાય એ સંસારજનિત છે. આહાહા..! જ્ઞાની સંસારને પોતાનો માનતો નથી. પાછું સંસાર ક્યાં રહે છે એ પણ સિદ્ધ કર્યું. સંસાર જીવની વિકારી પર્યાય છે. સંસાર કોઈ બાયડી, છોકરા, કુટુંબ (નથી). બાયડી, છોકરા, કુટુંબ છોડ્યા માટે સંસાર છોડ્યો એમ નથી. કરોડોની પેદાશનો ધંધો છોડ્યો, દુકાન બંધ કરી દીધી (અને) ત્યાગી (થઈ ગયો). એ ત્યાગ નથી. આહાહા..! ગજબ છે ને? 'દેવીલાલજી'! સંસારજનિત. એ વળી ત્રીજી વાત. આત્મજનિત નહિ, કર્મજનિત નહિ. આહાહા..!

ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવને પ્રબળપણે ચૈતન્યના સ્વભાવનું ભાન ને અનુભવ અને વેદન હોવાથી એ સંસારજનિત જે કંઈ વિકૃત અવસ્થા છે... આહાહા..! એનાથી દૂર વર્તે છે. દૂર વર્તે છે. આહાહા..! આત્માએ કર્યો, પ્રબળપણે પર્યાયમાં વર્તે છે એમ ન લેતાં... આહાહા..! ભાષા તો જુઓ! નહિંતર ધર્મીને આત્માની પર્યાયમાં થાય નબળાઈના પરિણામ. એ તો સંસારજનિત વિકાર છે. સ્વભાવજનિત નથી, કર્મજનિત નથી. આહાહા..! કારણ કે બીજું દ્રવ્ય એને કરાવતું નથી અને સ્વભાવમાં રાગ થતો નથી. સ્વભાવમાં રાગ છે નહિ. એટલે પર્યાયમાં સંસારજનિત રાગ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ આમાં?

પર્યાયમાં... આહાહા..! એનો જાણનાર દેખનાર રહે છે એથી તે વિકારને સંસારજનિત કહ્યો છે. સંસાર કોઈ બીજી ચીજ નથી. સ્વરૂપમાંથી ખસી જવું એટલે ઉત્પન્ન થાય પણ ખસી જવું એમ ન ગણતા, સ્વરૂપમાંથી ખસી ગયો છે એટલું સમકિતનું ભાન છે અને ખસી ગયો માટે રાગ-દ્વેષ થયો છે એટલું પણ નહિ. એ સંસારજનિત વિકાર છે. આહાહા..! કહો, 'દેવીલાલજી'! ગજબ કર્યો છે! આહાહા..! લોકો રાડ પાડે છે, કર્મજનિત રાગદ્વેષ થાય. કર્મને લઈને અમે રખડીએ છીએ. એ તદ્દન જૂઠી વાત છે. તેમ આત્માના સ્વભાવને લઈને અમે રખડીએ છીએ. એ પણ જૂઠી વાત છે. આહાહા..!

સ્વભાવ જાણ્યા છતાં વિકાર જે થાય છે... આહાહા..! ગજબ કામ! એ સંસારજનિત વિકાર (છે). ગજબ વાત! સંસાર કોઈ બીજી ચીજ છે? એટલે કહે છે, ત્રિકાળી જે આત્મા

મુક્તસ્વરૂપ છે... આહાહા..! એનું ભાન વર્તે છે. ભગવાનઆત્મા મુક્તસ્વરૂપ છે. ઝીણું પડે, પ્રભુ! પણ એ કરવું પડશે. આહાહા..! આઠ-આઠ વર્ષના છોકરાઓ દરકાર કરીને કેવળજ્ઞાન પામે છે. આહાહા..! ગજબ કર્યું છે. આહાહા..! સંસારજનિત, ભાષા કેવી!

મુમુક્ષુ :– ૭૫મી ગાથામાં તો કર્મજનિત કહ્યો.

ઉત્તર :– શેમાં?

મુમુક્ષુ :– 'સમયસાર' ૭૫ ગાથા.

ઉત્તર :– કેટલામી?

મુમુક્ષુ :– ૭૫–૭૫

ઉત્તર :– એ તો વળી જુદી જાત. ત્યાં તો સ્વભાવનું ભાન છે એથી એક જુદી ચીજ ગણી એને. એટલે એ તો કર્મ કર્તા છે ને વિકાર તેનું કાર્ય છે, સમકિતીને. અહીં તો સ્પષ્ટ કરી નાખ્યું. આહાહા..! એ વિકારની કમજોરીને લઈને વિકાર થયો એમ શબ્દ ન વાપરતા... આહાહા..! સંતોની વાણી, બાપુ! દિગંબર સંતોની વાણી... ઓહોહો..! ઊંડી, ગંભીરતાનો પાર ન મળે. આહાહા..!

ભગવાનઆત્મા રાગના વિકલ્પથી પાર નિર્વિકલ્પ ચીજ છે. એવી શ્રદ્ધા ને અનુભવ થયો છતાં કહે છે, સંસારજનિત રાગ-દ્વેષ થાય છે. એ સંસારજનિત છે. આહાહા..! કર્મથી નહિ. આહાહા..! પુરુષાર્થની નબળાઈ એમ ન કહેતાં સંસારજનિત વિકાર છે. આહાહા..! નહિંતર પોતાની નબળાઈથી થયેલો છે એમ ન કહેતા... આહાહા..! એ મારામાં છે જ નહિ એટલે પ્રશ્ન શું? કહે છે. નબળાઈથી થાય (એમ કહેતાં) એ મારામાં છે એમ આવ્યું. આ તો સંસારજનિત છે. આહાહા..! ગજબ કામ કર્યું છે!

**'સંસારજનિત,...'** સંસાર-સંસરણદશાથી ઉત્પન્ન થયેલો **'પ્રબળ સુખદુઃખરૂપી અટવી...'** જોયું! આહાહા..! પ્રબળ. બે શબ્દ વાપર્યા છે. આકરા ક્રોધ, માન, માયા થાય. આહાહા..! સંસારજનિત અને આકરા ક્રોધ, માન, માયા થાય. છે ને? આહાહા..! **'પ્રબળ સુખદુઃખરૂપી અટવીથી...'** સુખદુઃખરૂપી વન. આહાહા..!

મુમુક્ષુ :– યોગીને તો સંજ્વલન કષાય હોય. અહીં પ્રબળ કેમ કહ્યો?

ઉત્તર :– એ પ્રબળ જ છે. કષાય વસ્તુ ક્યાં છે? વસ્તુમાં વિકલ્પ ઊઠે એ પ્રબળ છે. નિર્વિકલ્પ વસ્તુ છે. આહાહા..! આનંદનો સાગર છે. જ્યાં બાયડી-છોકરાનો તો સ્પર્શ પણ નથી. આહાહા..! મકાનનો અને આબરૂનો સ્પર્શ નથી. હંમેશા સાબુ વડે ન્હાય છે પણ એ કહે એને અડતો પણ નથી એ તો. આહાહા..! પાણી શરીરને અડતું નથી, શરીર નથી અડતું પાણીને. આહાહા..! ફક્ત જ્ઞાનીને સંસારજનિત જરી રાગ થાય છે, વિકાર થાય છે છતાં સમકિતી તેનાથી દૂર વર્તે છે. આહાહા..! જાણે કે કોઈ બીજી ચીજથી ઉત્પન્ન થયેલો હોય એમ. પોતાની ચીજથી નહિ, કર્મથી નહિ. કર્મથી વિકાર તો નહિ કારણ કે

(કર્મ) પરદ્રવ્ય છે. પણ એક સંસારજનિત અંદર... આહાહા..! પોતાની નબળાઈથી સમકિતીને પણ રાગ-દ્વેષ, ક્રોધ, માન, માયા થાય. આહાહા..!

૧૪ ને ૧૦, ૨૪ પ્રકારનો પરિગ્રહ છે ને? ભાઈ! ૨૪ પ્રકારનો પરિગ્રહ. એમાં ૧૦ પ્રકારનો પરિગ્રહ બાહ્ય. ક્ષેત્ર, મકાન છે ને? સોનું, ચાંદી... આહાહા..! દાસ, દાસી, કપડા, વાસણ એ ૧૦ પ્રકારનો પરિગ્રહ બાહ્ય છે. સમજાણું કાંઈ? પ્રભુએ ૨૪ પ્રકારનો પરિગ્રહ ગણ્યો છે. આ દસ થયા. ક્ષેત્ર ને મકાન. ક્ષેત્ર ખાલી અને મકાન ચણતર. સોનું ને ચાંદી, દાસ ને દાસી, વાસણ ને કપડા... આહાહા..! એ પરિગ્રહ છે. દાસ ને દાસી. દાસ અને દાસી એ બાહ્ય પરિગ્રહ છે. આહાહા..! સોનું ને ચાંદી એ પરિગ્રહ છે. પુણ્યને લઈને મળ્યા પણ છે પાપ પરિગ્રહ. આહાહા..! પુણ્યને લઈને પાંચ-પચ્ચીસ કરોડ રૂપિયા મળ્યા પણ એ પાપી છે. એ વસ્તુ પાપ છે. સંસારજિનત વિકાર છે. આહાહા..! એ વસ્તુથી પણ નહિ. એ બાહ્ય ચીજ મળી એનાથી પણ નહિ. આત્માથી તો નહિ પણ એનાથી પણ નહિ. ફક્ત પર્યાયમાં સંસારજનિત શબ્દ કહેવો. આહાહા..! સંસાર–પર્યાયમાં જરી સ્વભાવમાંથી ખસે છે. એનાથી ઉત્પન્ન થયેલા રાગ અને દ્વેષ. ઝીણું છે, પ્રભુ! આહાહા..! પ્રભુ! તારી મોટપનો પાર નથી. તારી મહત્તા... આહાહા...! મોટપ અને મહિમા.. આહાહા...! તું કોઈ રંક નથી. તું તો ચૈતન્યરત્ન ભરેલો ભગવાન છે. કહે છે, એવું ભાન થયું પછી એનાથી વિરૂદ્ધ જે કંઈ થાય એ સંસારજનિત ગણીને દૂરવર્તી વર્તે. મારાથી ઉત્પન્ન થયેલા છે માટે દૂર, એમ નહિ. આહાહા..! વાત સમજાય છે? છે? 'વિમળચંદજી'! સંસારજનિત. આહા..! આ શું?

એક બાજુ કહે છે, કર્મથી થાય. શાસ્ત્રમાં પણ એમ આવે, સમકિતીને કર્મથી વિકાર થાય અને કર્મ વ્યાપક, વિકાર વ્યાપ્ય. વ્યાપ્ય એટલે અવસ્થા-કાર્ય. કર્તા-કર્મ. કાર્ય વિકાર. સમકિતીને પણ. આહાહા..! અહીં કહે છે કે સંસારજનિત કાર્યથી દૂરવર્તી છે. આહાહા..! ક્ષેત્રથી દૂરવર્તી નથી. ક્ષેત્ર તો એની પર્યાયમાં છે. પણ ખરું ક્ષેત્ર જુઓ તો વિકારનું ક્ષેત્ર એ પોતાનું નથી. આહા..! ઇ આવે છે કે નહિ? 'સંવર અધિકાર'માં. 'સંવર અધિકાર' 'સમયસાર'. વિકારનું ક્ષેત્ર જુદું છે. આહાહા...! આત્માના ક્ષેત્રથી વિકારનું ક્ષેત્ર જુદું છે. આહાહા.! એક સમયની પર્યાયમાં વિકાર ઉત્પન્ન થાય એ સ્વક્ષેત્રથી પરક્ષેત્ર જુદું છે. આહાહા..! ગજબ વાત છે. આવું તો કોઈ દિ' સાંભળ્યું નહિ હોય. એમ ને એમ દીધે રાખે. આહાહા..! આ તો મુનિ છે. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલે છે. કહે છે કે છઠ્ઠામાં પેલો વિકલ્પ જે ઉઠે છે એ સંસારજનિત છે. હું દૂરવર્તી છું. આહાહા..! એમ સમકિતી પણ.. આહાહા..! વિકારમાં વર્તતો નથી. એ સંસારજનિત છે, દૂરવર્તી છે. આહાહા...! એને અટવીથી દૂરવર્તી હોય છે.

**'તેથી તે યોગી અત્યંત આત્મનિષ્ઠ અંતરાત્મા છે,...'** એ તો અંતરાત્મામાં નિષ્ઠ છે, આત્મામાં નિષ્ઠ (છે). આહાહા..! ગજબ વાત છે. પ્રશ્ન કરવા હોય તો રાત્રે કરજો. આહાહા..!

**'આત્મનિષ્ઠ અંતરાત્મા છે,...'** વિકાર હોવા છતાં ધર્મી આત્મનિષ્ઠ છે, આત્મામાં સ્થિર છે. આહાહા..! જે આત્માથી ભ્રષ્ટ હોય, જે આત્માના જ્ઞાનાનંદથી ભ્રષ્ટ હોય તે બહિરતત્ત્વ નિષ્ઠ છે. એ બાહ્યતત્ત્વમાં સ્થિર છે, એ રાગમાં સ્થિર છે, પુણ્યમાં સ્થિર છે, પુણ્યના ફળમાં સ્થિર છે. એને અહીંયાં બાહ્યતત્ત્વ કહેવામાં આવ્યા છે, એને બહિરાત્મા કહેવામાં આવ્યો છે. વિશેષ છે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૭૪, શ્લોક--૨૫૮, ગાથા-૧૫૦, સોમવાર, જ્યેષ્ઠ વદ ૧૦, તા.૦૭-૦૭-૮૦

'નિયમસાર' ૧૫૦ ગાથા. કાલે આવ્યું હતું ને? **'સંસારજનિત પ્રબળ સુખદુઃખરૂપી અટવીથી...'** આહાહા..! કર્મથી ન લીધું, આત્માથી એમ ન લીધું. પર્યાયમાં સંસાર છે, સ્વરૂપમાં સંસાર નથી, બાહ્ય સંસાર નથી. પર્યાયમાં સંસાર છે એમ સિદ્ધ કર્યું. આહા..! એ સંસારજનિત પ્રબળ સુખદુઃખરૂપી વન એટલે અસંખ્ય પ્રકારના સુખદુઃખના ભાવ, એનાથી ધર્મી દૂરવર્તી છે. વાત કરી કે પર્યાયમાં થાય છે એમ વાત કરી. કર્મથી થાય છે કે આત્મામાં થાય છે એમ ન લીધું. આહાહા..! આત્મા વસ્તુ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ છે. પર્યાયમાં સંસારથી ઉત્પન્ન થયેલ, સંસરણ ઇતિ સંસાર, સ્વભાવમાંથી ખસી અને પર્યાયમાં રાગ અને દ્વેષ (ભાવ થાય) એ સંસારજનિત સુખદુઃખની અટવી... આહાહા..! એ વિકલ્પની અનંતી જાળ એવા વનમાં... આહાહા..! ધર્મી દૂરવર્તી વર્તે છે. આવી વાત છે. આહાહા..! જેણે આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદઘન અતીન્દ્રિય આનંદ અને વીતરાગમૂર્તિ એવો જેણે જાણ્યો, અનુભવ્યો એને એની પર્યાયમાં સંસાર છે એ સંસારથી ઉત્પન્ન થયેલી વિકલ્પજાળ, એનાથી પણ રહિત છે. આહાહા..! આવી વાત છે.

સંસારજનિત કીધું. આત્મજનિત પણ ન કીધું, કર્મજનિત પણ ન કીધું. આહાહા..! એમ આત્માની પર્યાયથી ઉત્પન્ન થાય એમ પણ ન કહ્યું. આહાહા..! શું સંતોની વાણી! ગજબ છે! અજબવાત એ વસ્તુ પોતે છે. સંસારની દશા વિનાનો સ્વભાવ છે. જેના સ્વરૂપમાં સંસાર, એમાંથી ખસવું એવી વસ્તુ નથી, કહે છે. આહાહા..! એ ચીજમાંથી ખસીને પર્યાયમાં સંસાર છે એ સંસારથી ઉત્પન્ન થયેલો, ઉદયભાવથી ઉત્પન્ન થયેલો એમ પણ ન કહ્યું. આહાહા..! ગજબ વાત છે. ઉદયભાવથી થાય એમ પણ ન કહ્યું, આત્માની નબળાઈથી થાય એમ પણ ન કહ્યું, કર્મથી થાય એમ ન કહ્યું. આહાહા..! ગજબ વાત કરી છે. એ પ્રભુ સંસાર વિનાનો છે. ચૈતન્ય ભગવાનમાં સંસાર છે જ નહિ. એની પર્યાયમાં સંસાર છે તેથી સંસારજનિત શબ્દ લીધો. પર્યાયજનિત પણ ન લીધો. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– પર્યાયજનિત નહિ પણ વિભાવજનિત...

ઉત્તર :– પર્યાય છે એની, એનો પણ નથી. એ સંસારજનિત ઉત્પન્ન થયેલો એનાથી

દૂરવર્તી (છે) એટલે એમાં એ પોતે નથી. એમ. આહાહા..! આ મુખ્ય વાત છે. આવી વાણી દિગંબર સંતો સિવાય ક્યાંય છે નહિ. આહાહા..! ઘણી ગંભીર, ઘણું ઊંડાણ, ઘણી અંદર અચિંત્યતા. આહાહા..!

એક તો એ સિદ્ધ કરવું છે કે વસ્તુસ્વરૂપમાં સંસાર નથી. એટલે આત્મા વિકાર કરે એમ નથી. આહાહા..! તેમ કર્મથી વિકાર થાય છે એમ ત્રણકાળમાં નથી. આહાહા..! નબળાઈથી વિકાર થાય છે એમ ન લેતાં એ સંસાર પર્યાયમાં સંસાર (છે). આહાહા..! પુણ્ય અને પાપની વિકલ્પજાળ સંસારજનિત ભાવ સુખદુઃખ, પ્રબળ સુખદુઃખ. આહાહા..! **'પ્રબળ સુખદુઃખરૂપી અટવીથી...'** એના વનથી **'દૂરવર્તી હોય છે...'** ભગવાન તો એનાથી દૂરવર્તી છે. આહાહા..! ગજબ ભાષા કરી છે. આવી શૈલી ક્યાંય છે નહિ. સંસાર એના સ્વરૂપમાં નથી એમ કહેવું છે અને સંસાર પર્યાયમાં છે એટલે પર્યાયથી ઉત્પન્ન થાય એમ ન કહેતાં... આહાહા..! સંસારજનિત... આહાહા..! પ્રબળ સુખદુઃખરૂપ (કહ્યું). આહાહા..! આખા સુખ અને દુઃખના પ્રકાર. આહાહા..!

મુમુક્ષુ :– છઠ્ઠા ગુણસ્થાનમાં બુદ્ધિપૂર્વક રાગ હોય માટે અહીં પ્રબળ શબ્દ વાપર્યો?

ઉત્તર :– એ વસ્તુ સ્વરૂપમાં નથી એ માટે વાપર્યો છે. સ્વરૂપમાં આ છે નહિ. આહાહા..! એ સંસારજનિત, પર્યાયમાં સંસાર છે. પર્યાય સંસાર છે. ધર્મીની પર્યાયબુદ્ધિ છે નહિ. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આ તો અંતરની વાતું છે. આહાહા..!

એવા જે **'પ્રબળ સુખદુઃખરૂપી અટવી...'** વન. એનાથી સમકિતી, જ્ઞાની **'દૂરવર્તી હોય છે...'** દૂરવર્તી હોય છે. દૂર વર્તે છે, એમ કહે છે. વર્તે તો છે પર્યાયમાં. આહાહા..! પણ એ સુખદુઃખની કલ્પના, એનાથી દૂરવર્તી વર્તે છે. દૂરવર્તી વર્તે છે. આહાહા..! **'તેથી તે યોગી અત્યંત આત્મનિષ્ઠ...'** જોયું! સંસારજનિત વિકારની લાગણી જ્યાં અંતરમાં છે જ નહિ. તેથી તે દૃષ્ટિનો વિષય જે આત્મા છે એમાં એ નિષ્ઠ છે. આત્મનિષ્ઠ–આત્મામાં નિષ્ઠ રહેલો **'અંતરાત્મા છે;...'** એ અંતરાત્મા છે. અંતરાત્માનું સ્વરૂપ જે છે એ સંસારજનિતથી ભિન્ન છે. એથી ભિન્ન દૂરવર્તી તેનું વર્તન છે. આહાહા..!

અહીં કરોડપતિ કે ધૂળપતિ કે અબજપતિ કાંઈ કામ કરે એવું નથી. કે ભાઈ આટલા કરોડ હોય તો વાંધો નહિ. દાન કરે તો પાપ ખસે, પુણ્ય કરે તો પાપ ખસે, એમ નથી કહેતા? બાળકોને-છોકરાઓને રોગ થાય ને? બહુ થાય પછી એમ કહે, પુણ્યે પાપ ઠેલાય. માટે પુણ્ય કરો. છોકરાને વહેંચો કાંઈક. બરફી વહેંચો, પેંડા વહેંચો, ફ્લાણું વહેંચો. છે કે નહિ? સાંભળ્યું છે? નાના છોકરાને. એવી સ્થિતિમાં થાય તો કહે પાપ પુણ્યથી હટશે. કરો પુણ્ય. આહાહા..! એ આપણે કાઠિયાવાડમાં તો કહેવત છે. એ તો સાંભળ્યું છે ને બધું. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! એ પર્યાયમાં સંસાર જે ઉત્પન્ન થયેલી દશા, એમાં આત્મા નિષ્ઠ

નથી. એમાં આત્મા ઠરતો નથી. આહાહા..! આત્મા તો એને કહીએ... આહાહા..! કે આત્મનિષ્ઠ (હોય). એ સંસારજનિત પ્રબળ સુખદુઃખથી દૂર વર્તતો આત્મનિષ્ઠ (હોય). ત્યાંથી દૂર વર્તે પણ છે ક્યાં હવે? આહાહા..! આત્મનિષ્ઠ. આત્મામાં છે. આહાહા..! એને અહીં અંતરાત્મા કહેવામાં આવે છે. આહાહા..!

**'જે સ્વાત્માથી ભ્રષ્ટ હોય...'** આ રીતે જે આત્મામાં સંસાર નથી પણ એ સંસારમાં જે હોય... ખૂબી તો એ કરી છે કે સંસાર આ બાયડી, છોકરા, કુટુંબ, ધંધો એ સંસાર નથી કાંઈ. એ તો ચીજ-પર ચીજ છે. પર ચીજમાં સંસાર કેવો? સંસાર તો આત્માની પર્યાયમાં વિકૃતરૂપ છે. તો પર્યાય ન લેતા સંસાર જ ઉપાડ્યો એણે. સંસાર પર્યાયમાં છે. સંકલ્પ ને વિકલ્પની જાળ. આહાહા..! ધર્મી તે પર્યાયમાં સંકલ્પ-વિકલ્પો હોવા છતાં દૂરવર્તી વર્તે છે એટલે આત્મામાં વર્તે છે તે અંતરાત્મા છે. આહાહા..! 'દેવચંદજી'! આવા દેવની વાત છે આ. દેવ અંદર મોટો (બિરાજે છે). આહાહા..!

ગજબ વાત કરી છે. ભાષા સાધારણ લાગે છે લોકોને પણ બહુ ગંભીર. મુનિ સંત દિગંબર સંતો તો ભગવાન છે, એ તો પરમેશ્વર છે. પંચપરમેષ્ઠીમાં પરમેશ્વર છે. આહાહા..! અને એ પંચપરમેષ્ઠી અરિહંત તો મોક્ષ જવાના, સિદ્ધ મોક્ષ થઈ ગયો પણ આ પણ એકાદ ભવે મોક્ષ જવાના જ છે. આહાહા..! એ 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય', 'પદ્મપ્રભમલધારિદેવ' (મોક્ષ જવાના છે).

અમે તો એ સંસારજનિત, સંસારજનિત... આહાહા..! ગજબ વાત છે. એમાં અમે નથી. અમે સંસારમાં નથી. બહાર બાયડી-છોકરા છોડ્યા માટે સંસારમાં અમે નથી, એમ નથી. કરોડોનો વેપાર-ધંધો કરતો હતો એ છોડ્યો તો એણે સંસાર છોડ્યો, એમ નથી. પર્યાયમાં સંસારજનિત જે વિકલ્પ થાય તેનાથી દૂર વર્તે તેણે સંસાર છોડ્યો. આહાહા..! કહો, સમજાય છે?

આ ગાથા ઉપર તો કાલે આવી ગયું હતું. વિશેષ (લીધું). આહાહા..! અને એવા સ્વઆત્માથી ભ્રષ્ટ છે. એટલે સંસારજનિત ભાવમાં જે પડ્યો છે અને એના વિનાનો ભગવાન પરમાત્મા છે, છતી ચીજ છે, પ્રત્યક્ષ છે, પ્રગટ છે... આહાહા..! મોજૂદ છે. આહાહા..! પર્યાયમાં પણ જેનું અસ્તિત્વ નથી એવું એનું અસ્તિત્વ મહા અસ્તિત્વ પ્રભુનું, ધ્રુવ અસ્તિત્વ બિરાજમાન છે. તેમા નિષ્ઠ જે સ્થિર છે તે આત્મા (છે), બાકી ભ્રષ્ટ (છે). આહાહા..! એવા આત્મામાંથી નીકળીને જે સંસારજનિત સંકલ્પ-વિકલ્પ, એમાં જે રોકાય છે તે આત્માથી ભ્રષ્ટ છે. છે?

**'જે સ્વાત્માથી ભ્રષ્ટ હોય તે બહિઃતત્ત્વ...'** આહાહા..! બાહ્યતત્ત્વ. આહાહા..! અંતર તત્ત્વમાં સંસાર જ નથી. સંસાર બહિઃતત્ત્વ છે. ધર્મીને બહિઃતત્ત્વ ઉપર દૃષ્ટિ નથી એથી એનાથી દૂરવર્તી છે. આહાહા..! અને અજ્ઞાની સંસારની જે વૃત્તિ છે તેમાં રોકાયેલો, ત્યાં

પર્યાયબુદ્ધિમાં રોકાણો છે. આહાહા..! એથી એ સ્વાત્માથી, વસ્તુના સ્વભાવથી ભ્રષ્ટ છે. આહાહા..! હેઠે વિશેષ લેશે. બાહ્યતત્ત્વમાં બહિરાત્મા છે. આહાહા..!

જે અંતર ભગવાન અનાદિ-અનંત, અનંતગુણની ધ્રુવ ધારા, એમાંથી ખસીને એ સંસારજનિત રાગમાં જે ઊભો છે એ સ્વાત્માથી ભ્રષ્ટ છે. આવી વાત છે. આહાહા..! ગજબ વાત છે! ઓહોહો..! આવી ભાષા-વાણી ક્યાં છે? દિગંબર સંતો સિવાય (ક્યાંય નથી). આ અંતરના અનુભવના ઉદ્‌ગાર છે, હોં! બધા. આહાહા..! આ પ્રભુ પોતે સંસારથી તો દૂરવર્તી વર્તે છે. ત્યાં અમારી દૃષ્ટિ (છે). જ્યાં સંસાર નથી ત્યાં અમે છીએ. આહાહા..! જ્યાં સંસાર છે ત્યાં જે છે તે સ્વઆત્માથી ભ્રષ્ટ છે. આહાહા..! કહો, 'વિમલચંદજી'! આવી વાતું છે. આહાહા..!

## ગાથા-૧૫૦

अंतरबाहिरजप्पे जो वट्टइ सो हवेइ बहिरप्पा।
जप्पेसु जो ण वट्टइ सो उच्चइ अंतरंगप्पा।।१५०।।

अन्तरबाह्यजल्पे यो वर्तते स भवति बहिरात्मा।
जल्पेषु यो न वर्तते स उच्यतेऽन्तरंगात्मा।।१५०।।

बाह्याभ्यन्तरजल्पनिरासोऽयम्।

यस्तु जिनलिंगधारी तपोधनाभासः पुण्यकर्मकांक्षया स्वाध्यायप्रत्याख्यानस्तवनादिबहिर्जल्प करोति, अशनशयनयानस्थानादिषु सत्कारादिलाभलोभस्सन्नन्तर्जल्पे मनश्चकारेति स बहिरात्मा जीव इति। स्वात्मध्यानपरायणस्सन् निरवशेषेणान्तर्मुखः प्रशस्ताप्रशस्तसमस्तविकल्पजालकेषु कदाचिदपि न वर्तते अत एव परमतपोधनः साक्षादंतरात्मेति।

तथा चोक्तं श्रीमदमृतचंद्रसूरिभि :-

(वसंततिलका)

``स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला-
मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षाम्।
अन्तर्बहिः समरसैकरसस्वभावं
स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रम्।।''

જે બાહ્ય-અંતર જલ્પમાં વર્તે, અરે! બહિરાત્મ છે;
જલ્પો વિષે વર્તે નહીં, તે અંતરાત્મા જીવ છે. ૧૫૦.

અન્વયાર્થ :– [ यः ] જે [ अन्तरबाह्यजल्पे ] અંતર્બાહ્ય જલ્પમાં [ वर्तते ] વર્તે છે, [ सः ] તે [ बहिरात्मा ] બહિરાત્મા [ भवति ] છે; [ यः ] જે [ जल्पेषु ] જલ્પોમાં [ न वर्तते ] વર્તતો નથી, [ सः ] તે [ अन्तरंगात्मा ] અંતરાત્મા [ उच्यते ] કહેવાય છે.

ટીકા :– આ, બાહ્ય તથા અંતર જલ્પનો નિરાસ (નિરાકરણ, ખંડન) છે.

જે જિનલિંગધારી તપોધનાભાસ પુણ્યકર્મની કાંક્ષાથી સ્વાધ્યાય, પ્રત્યાખ્યાન, સ્તવન વગેરે બહિર્જલ્પ કરે છે અને અશન, શયન, ગમન, સ્થિતિ વગેરેમાં (–ખાવું, સૂવું, ગમન કરવું, સ્થિર રહેવું ઇત્યાદિ કાર્યોમાં) સત્કારાદિની પ્રાપ્તિનો લોભી વર્તતો થકો અંતર્જલ્પમાં મનને જોડે છે, તે બહિરાત્મા જીવ છે. નિજ આત્માના ધ્યાનમાં પરાયણ વર્તતો થકો નિરવશેષપણે (સંપૂર્ણપણે) અંતર્મુખ રહીને (પરમ તપોધન) પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વિકલ્પજાળોમાં ક્યારેય વર્તતો નથી તેથી જ પરમ તપોધન સાક્ષાત્ અંતરાત્મા છે.

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૯૦મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–

"[શ્લોકાર્થ :–] એ પ્રમાણે જેમાં બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઊઠે છે એવી મોટી નયપક્ષકક્ષાને (નયપક્ષની ભૂમિને) ઓળંગી જઈને (તત્ત્વવેદી) અંદર અને બહાર સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે એવા અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને (–સ્વરૂપને) પામે છે."

## ગાથા–૧૫૦ ઉપર પ્રવચન

૧૫૦.

अंतरबाहिरजप्पे जो वट्टइ सो हवेइ बहिरप्पा।
जप्पेसु जो ण वट्टइ सो उच्चइ अंतरंगप्पा।।१५०।।

જે બાહ્ય-અંતર જલ્પમાં વર્તે, અરે! બહિરાત્મ છે;
જલ્પો વિષે વર્તે નહીં, તે અંતરાત્મા જીવ છે. ૧૫૦.

આહાહા..! બહુ ગાથા ઊંચી છે. માખણ છે, માખણ.

ટીકા :- **'આ, બાહ્ય તથા અંતર જલ્પનો નિરાસ (નિરાકરણ, ખંડન) છે.'** આહાહા..! બાહ્યના લક્ષે થતા વિકલ્પો અને અંતરની ભૂલથી થતા વિકલ્પો એ રહિતની આમાં વાત છે. આત્મામાં વિકલ્પની ગંધ નથી. આહાહા..! બાહ્ય અને અંતર્જલ્પનું નિરાકરણ-ખંડન છે. આહાહા..! **'જે જિનલિંગધારી...'** આહાહા..! કહે છે કે સંસારજનિત રાગભાવ, વિકલ્પભાવ

એનાથી દૂર નથી વર્તતો તે તો, દૂર વર્તે તે તો આત્મા છે, એમાં જે વર્તે છે તે **'જિનલિંગધારી તપોધનાભાસ...'** મુનિયાભાસ, મુનિભાસ. મુનિપણું છે નહિ. આહાહા..! આ શાહુકાર કહે છે ને? શાહુકારાભાસ. પૈસા ન હોય અને શાહુકાર કહેવાય. એમ આ તપોધનાભાસ. મુનિપણું નથી ને મુનિપણું માને છે. આહાહા..!

એ **'તપોધનાભાસ પુણ્યકર્મની કાંક્ષાથી...'** આહાહા..! ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર, એમાં દૃષ્ટિ પડી નથી, એનો સ્વીકાર ને સત્કાર, આદર નથી એને પુણ્યકર્મની કાંક્ષાથી. એને તો પુણ્યકર્મની ઇચ્છાથી **'સ્વાધ્યાય,...'** કરે છે. આહાહા..! શાસ્ત્ર વાંચે, ભણે, સ્વાધ્યાયના બોલ છે ને? વાંચન, પર્યટન, કહેવું વગેરે. પર્યટન, ધર્મકથા.. આહાહા..! ધર્મકથા એ પણ સંસાર છે. અર..ર..! એ સ્વરૂપમાં નથી. ભગવાનઆત્મા સ્વરૂપ ચૈતન્યમૂર્તિ એમાં એ નથી. તેથી જિનલિંગધારી,.. અન્યની તો વાત પણ શું કરવી? કહે છે. અહીં તો જિનલિંગધારી-નગ્નલિંગધારી.. **'તપોધનાભાસ...'** તપનો-તપોભાસ. જાણે મુનિ છે એમ મનાવે અને માને બહાર નગ્નપણામાં. આહાહા..!

**'પુણ્યકર્મની કાંક્ષાથી...'** જ્યારે અંતર સ્વરૂપ સંસારના પરિણામથી રહિત છે એવી દૃષ્ટિ અંતર અનુભવ થયો નથી તેથી તે તેનાથી વિરુદ્ધ એવું પુણ્ય. છે સાધુને? એટલે પુણ્ય લીધું છે. ગૃહસ્થાશ્રમ ને પાપ ને એ અત્યારે નથી લેવું. મુનિ છે, અઠ્ઠાવીશ મૂળગુણ પાળે છે, પંચમહાવ્રત પાળે છે, હજારો રાણી છોડી છે, કરોડોની પેદાશ ને દુકાનો છોડી છે. આહાહા..! એ લીધો છે. એવો જે **'જિનલિંગધારી તપોધનાભાસ પુણ્યકર્મની કાંક્ષાથી...'** ઊંડાણમાં એ આત્મનિષ્ઠ નથી. એ સંસારજનિત રાગમાં નિષ્ઠ છે. તેથી એને પુણ્યકર્મની કાંક્ષા છે. આહાહા..! એને તો પુણ્યના બંધની જ ઇચ્છા છે. પુણ્યની ઇચ્છા છે કહો કે પછી પુણ્યબંધની ઇચ્છા કહો.

પુણ્યની જેને ઇચ્છા છે, શુભ-અશુભ વિકલ્પ જે ઊઠે એની જેને ઇચ્છા છે એ પોતે જ પુણ્યકર્મની વાંછાવાળા છે. પુણ્યકર્મની વાંછાવાળા છે. આહાહા..! એ સ્વાધ્યાય પુણ્યના, શુભરાગના પ્રેમથી સ્વાધ્યાય કરે છે. આહાહા..! શુભરાગની રુચિથી સ્વાધ્યાય કરે છે એટલે એ પુણ્યનો કાંક્ષી, પુણ્યનો કાંક્ષી, પુણ્યની વાંછાવાળો કહ્યો. ભગવાનઆત્મા એ વિકલ્પ વિનાનો દૂરવર્તી (છે) તેની ખબર નથી. આહાહા..! પ્રભુ! પર્યાયમાં સંસાર છે. એ તું નહિ, તારામાં નહિ, એ તને અડે નહિ. આહાહા..! એવી દશામાં જે નથી ત્યારે એને પુણ્યની કાંક્ષા છે. અહીંયાં આમ નથી એને પુણ્યની કાંક્ષા (છે જ). અંતર તરફ વલણ નથી. એથી બહિર્‌ના વલણની પુણ્યની ઇચ્છા છે જ. આહાહા..! સમજાય છે?

**'સ્વાધ્યાય,...'** કરે, શાસ્ત્ર ભણે, લાખો-કરોડો શ્લોકો કંઠસ્થ કરે, સ્વાધ્યાય કરે. આહાહા..! અમારે સંપ્રદાયમાં રાત્રે ચર્ચાનું નહોતું. સ્વાધ્યાય કરતા. હજાર, બારસો, પંદરસો શ્લોક બે કલાક, અઢી કલાક ચાલે. શ્લોકની સજ્ઝાય કરતા. ત્રણેય જણા. મને તો કંઠસ્થ

હતું, મારા ગુરુને કંઠસ્થ હતું. 'મૂળચંદજી' હતા મોટા એને પણ કંઠસ્થ હતું. બે-બે કલાક સુધી રાત્રીના, સવા સાત, સાડા સાતથી તે સાડા નવ સ્વાધ્યાય કરે. એમ કે આ સ્વાધ્યાય છે એમાં આપણો ધર્મ છે. આહાહા..!

**'પ્રત્યાખ્યાન,...'** કરે. લે, બિચારો પ્રત્યાખ્યાન કરે તોપણ કહે છે કે ભ્રષ્ટ છો. સ્વરૂપની અસ્તિત્વતાની દૃષ્ટિ નથી. સંસારથી ઉત્પન્ન થયેલો વિકૃતભાવ, એનાથી ભિન્ન ઉપર દૃષ્ટિ નથી, એનો આદર નથી, અનુભવ નથી, એનું જેને અંતર વેદન નથી... આહાહા..! તે પ્રત્યાખ્યાન પણ ભ્રષ્ટ છે. એ પચ્ચખાણ કરે છે છતાં ભ્રષ્ટ છે. વ્યવહાર પ્રત્યાખ્યાન વિકલ્પ છે. આહાહા..! ભગવાનનું **'સ્તવન,...'** કરે. લાખો સ્તુતિ કરે. આહાહા..! આવે છે ને ક્યાંક? લાખો સ્તુતિ. આહાહા..! 'સમયસાર'માં આવે (છે), નહિ? આમાં જ આવે છે. લાખો સ્તુતિ કરે, લાખો સ્તુતિ. ઓ..હો..! છતાં એ સ્તુતિ છે એ તો વાણી છે અને એના તરફના લક્ષનો ભાવ એ રાગ છે. એ આત્માથી દૂરવર્તી છે. આહાહા..!

ધર્મી સંસારથી દૂરવર્તી છે ત્યારે અજ્ઞાની આત્માના સ્વભાવથી દૂરવર્તી છે. આહાહા..! ભલે એ સ્વાધ્યાય કરે, ભગવાનની સ્તુતિ કરે, ભગવાન સામે બેસીને બે-બે કલાક, ત્રણ-ત્રણ કલાક સ્તુતિ કરે. ભગવાન! તમે આવા અને ભગવાન તમે આવા. પણ તું ભગવાન એવો કોણ છો એની ખબર ન મળે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આમ છે. આહાહા..! ઓહોહો..!

**'સ્તવન વગેરે...'** સ્તુતિ, વંદના આદિ ગમે તે કરે. આહાહા..! ઉઠ-બેસ કરીને ગુરુને વંદન કરે. આદિ પણ તપોભ્રષ્ટ જ છે. આહાહા..! અંતર જે ચૈતન્યસ્વરૂપ ભગવાન, એનાથી ભ્રષ્ટ છે તે આ વિકલ્પમાં વર્તે છે. પાઠ એવો છે ને? કે વિકલ્પમાં વર્તે છે કોણ? **'अंतरबाहिरजप्पे जो वट्टइ सो हवेइ बहिरप्पा।'** છે પાઠ? અંતરમાં અને બાહ્યમાં જે જલ્પ એટલે વિકલ્પમાં વર્તે તે બહિરાત્મા છે. આહાહા..! છે ને મૂળ? અંતર અને બાહ્ય બેય જલ્પ એટલે વિકલ્પ. **'जो वट्टइ'** જો વર્તે **'सो हवेइ बहिरप्पा'** એ બહિરાત્મા છે. આહાહા..! નગ્નમુનિ નાગા બાદશાહથી આઘા. જગતની કાંઈ પડી નથી. જગતને આ બેસશે કે નહિ? જગત મશ્કરી કરશે? જગત જગતમાં છે. અમારે ને એને કાંઈ સંબંધ નથી. આહાહા..!

અહીં તો કહે છે, એવા જે **'બહિર્જલ્પ કરે છે...'** સ્વાધ્યાય, સ્તવન આદિ સ્તુતિના વિકલ્પ કરે છે તે સંસારમાં જ વસે છે. આહાહા..! અહીં દુનિયા બાયડી, છોકરા છોડ્યા, દુકાન છોડે તો આ ત્યાગી છે અને મુનિ છે (એમ કહે). આહાહા..! પરમાત્મા તો એમ કહે છે. જે પર્યાયમાં સંસારજનિત વિકાર છે એ ત્રિકાળી નિર્વિકારી પરમાત્માથી વિરુદ્ધ છે. માટે એકકોર મોક્ષ છે અને એકકોર સંસાર છે. પ્રભુ છે એ તો મુક્તસ્વરૂપ છે. આહાહા..! એ રાગથી બંધાયેલા નથી, રાગમાં અટકેલા નથી. એ તો મુક્તસ્વરૂપ છે, ત્રિકાળ નિરાવરણ

છે, અખંડ છે, એક છે, પ્રત્યક્ષ પ્રતિભાસમય છે. આહાહા..! એને છોડીને જે આ વિકલ્પમાં વસે છે (તે બહિરાત્મા છે). આહાહા..!

**'અને અશન,...'** આહાર. આહારનો ત્યાગ કરે તો ઊંડાણમાં બીજા મને તપસ્વી માને એવી મીઠાશ વેદે છે, એમ કહે છે. આહાહા..! **'અશન, શયન,...'** સૂવામાં પણ થોડું સૂવે. **'ગમન,...'** ગમન કરતાં પણ આશા અંદર અભિલાષ (છે), અંદરના સ્વરૂપની ખબર નથી તેથી એની આવી આશા જતી નથી. આહાહા..! **'અશન, શયન, ગમન, સ્થિતિ...'** ભલે એક ઠેકાણે બેસે. તોપણ અંદર આશા સ્વભાવ તરફની વાત નથી તેથી તે વિકલ્પમાં જ વર્તે છે. આહાહા..! ભલે એ જંગલમાં, વનમાં એકલો ઝાડ તળે બેઠો હોય એકલો. કોઈ જન ન હોય. આહાહા..! પણ અંતર ભગવાનઆત્મામાં વર્તતો નથી તે સંસારજનિત વિકારમાં જ વર્તે છે. આહાહા..!

**'સ્થિતિ વગેરેમાં (-ખાવું, સૂવું, ગમન કરવું, સ્થિર રહેવું ઇત્યાદિ કાર્યોમાં) સત્કારાદિની પ્રાપ્તિનો લોભી...'** આહાહા..! અંતરનો લોભી નથી. અતીન્દ્રિય આનંદના નાથનો સ્વીકાર જ્યાં નથી ત્યાં એનાથી ઊલટો વિકાર થાય તેનો એ લોભી છે. આહાહા..! આવી વાતું છે. એ વિહાર કરે આમ જોઈને પણ ઊંડાણમાં મીઠાશ (વેદે છે કે) બીજા એમ જાણે કે આ તે ભારે ઈર્યા જોઈને કામ કરે છે. ઇર્યાસમિતિથી કરે છે એમ મીઠાશ અંદર ભાવની-પુણ્યની છે. આહાહા..!

**'સત્કારાદિની પ્રાપ્તિનો લોભી વર્તતો થકો...'** આહાહા..! એની પર્યાયમાં એને સત્કાર, સન્માન, માન જોવે છે, મોટપ જોવે છે. અહીં મોટપ ભગવાનની છે એ મોટપ મૂકી દીધી. આહાહા..! અને બહારમાં પડવું, બહારમાં હાલવા, ચાલવા, ગમન, લખવાની ક્રિયામાં, શાસ્ત્ર બનાવવામાં બધામાં પુણ્યની કાંક્ષા છે. આહાહા..! અને લોક મને કેમ ત્યાગી માને. આહાહા..! આવી વાત છે. ધર્મકથા કરતાં પણ ધર્મકથા આને આવડે છે, એવો જે લોભ પોતે કરે તો એ બહિરાત્મા છે. આહાહા..! ગજબ વાત છે. વગેરે છે ને?

**'સ્થિતિ વગેરેમાં...'** આવ્યું ને? **'અશન, શયન, ગમન, સ્થિતિ વગેરેમાં...'** બીજા કોઈપણ બોલમાં હાલવા, ચાલવા, લખવામાં, બોલવામાં, લખવામાં, ધર્મકથા કહેવામાં... આહાહા..! શુભકાર્યના કોઈ કાર્યમાં એની અંદર વાંછા જતી નથી. એને વાંછાની જ પ્રાપ્તિ હોય છે. પુણ્યની જ વાંછા એને હોય છે. કારણ કે ભગવાન ભાળ્યો નથી એથી એનાથી વિરુદ્ધમાં જ એનો પ્રેમ અને વાંછા વર્તે છે. આહાહા..! સત્કાર આદિ. સત્કાર, મોટપ, મને આવડે છે એવો જેને ઊંડાણમાં પ્રેમ છે... આહાહા..! એ જિનલિંગધારી તપોભાસ છે. આહાહા..! ભલે હજારો રાણી છોડીને બેઠો હોય, અબજોની પેદાશ છોડીને દુકાન અને રાજ છોડ્યું હોય. આહાહા..! ભગવાનઆત્મા પૂર્ણાનંદના નાથની જેને અંતરમાં મીઠાશ આવી નથી એને આ પરની મીઠાશ ખસતી નથી, એમ કહે છે. આહાહા..! એને પરનો સત્કાર, સન્માન

એની વાંછા ટળતી નથી. આહાહા..! સત્કાર આદિ શબ્દ છે ને? માન આપે, કોઈ મોટપ આપે. આહાહા..! કોઈ પદવી આપે કે આવું હું કાંઈક કરું તો પદવી મળે.

મુમુક્ષુ :– સારો ઉતારો આપે.

ઉત્તર :– હા, ઉતારો. આ તો મહાપુરુષ છે, ભાઈ! સારા ઠેકાણે ઉતારો. સાધારણમાં નહિ. તો એને એમ થાય કે.. આહા..! મારી મોટપની ખાત્રી આને છે. એ પ્રમાણે ઊંડાણમાં પોતે રાગનો કાંક્ષી છે. આહાહા..!

**'સત્કારાદિની...'** આદિ શબ્દ છે ને? આહાહા..! **'પ્રાપ્તિનો લોભી વર્તતો થકો...'** આ બાજુમાં ભગવાનને જોયો નથી એટલે સંસારનો લોભી છે. આહાહા..! આ બાજુ ભગવાનને ભાળ્યો નથી એટલે એનો પ્રેમ નથી, તેના તરફ વલણ અને ઝુકાવ નથી. આ બાજુ રાગમાં એનો ઝુકાવ છે. આહાહા..! એવો લોભી વર્તતો થકો **'અંતર્જલ્પમાં મનને જોડે છે,...'** આહાહા..! અંતર વિકલ્પમાં મનને જોડે છે **'તે બહિરાત્મ જીવ છે.'** આહાહા..!

**'નિજ આત્માના ધ્યાનમાં પરાયણ વર્તતો થકો...'** આહાહા..! હવે સવળાની વાત છે. **'નિજ આત્માના ધ્યાનમાં પરાયણ વર્તતો થકો નિરવશેષપણે (સંપૂર્ણપણે) અંતર્મુખ રહીને...'** આહાહા..! નિરવશેષ એટલે? કોઈપણ ધર્મના નામનો પણ વિકલ્પ... આહાહા..! સર્વ વિકલ્પને છોડીને **'નિજ આત્માના ધ્યાનમાં પરાયણ...'** પરાયણ. એ ધ્યાનમાં તત્પર વર્તતો થકો. આહાહા..! **'નિરવશેષપણે (સંપૂર્ણપણે)...'** અવશેષ બાકી રાખ્યા વિના. સંપૂર્ણપણે **'અંતર્મુખ રહીને...'** અંતર્મુખ જ્ઞાનાનંદ સ્વભાવ, તેના તરફ રહીને **'(પરમ તપોધન) પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વિકલ્પજાળોમાં ક્યારેય વર્તતો નથી...'** આહાહા..! આવો માર્ગ, આવું મુનિપણું!

આ તો લુગડા છોડીને નાગો થાય (એટલે) થઈ રહ્યું, લ્યો! આહાહા..! કાલે 'ચંદુભાઈ' કહેતા હતા. ઓલો 'વિદ્યાસાગર' છે ને? એ એમ કહે છે ને કે 'અમૃતચંદ્રાચાર્ય' કાષ્ટાસંઘી છે. કેમ? કે કાષ્ટાસંઘી સ્ત્રીને મુક્તિ માને છે અને અહીં એમણે 'જયસેનાચાર્ય'ની ટીકામાં સ્ત્રીનું વર્ણન ખૂબ આવે છે. કે સ્ત્રી મુક્તિમાં ન જાય. એવા શ્લોકો આવે છે. 'અમૃતચંદ્રાચાર્યે' એ શ્લોક નાખ્યા નહિ. માટે એ સ્ત્રીની મુક્તિ માનનાર કાષ્ટાસંઘી છે. આહાહા..! પછી કહે છે કે 'કૈલાશચંદજી'એ ખૂબ ઝાટક્યા. 'અમૃતચંદ્રાચાર્ય'ને તમે બીજી રીતે કાષ્ટાસંઘી ઠરાવો છો? બહારની સ્ત્રીને મુક્તિ નથી એ વાત તમને બેસતી નથી એને ખાતર તમે એને કાષ્ટાસંઘી ઠરાવો છો? પણ સ્ત્રીનો ખુલાસો એણે બહારમાં બહુ કર્યો નથી. પણ આ 'અષ્ટપાહુડ'માં તો આવે છે, નહિ? 'કુંદકુંદાચાર્ય' પોતે કહે છે કે, અરે..! સ્ત્રી અને પશુને મોક્ષ કોઈ દિ' જોયો? આવે છે ને? આહાહા..! સ્ત્રીને, પશુને, જાનવરને મોક્ષ કોઈ દિ' જોયો? સ્ત્રીને મોક્ષ હોતો નથી. સ્ત્રીને મોક્ષ માનનારા મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! ભગવાનની માતાને હાથીને હોદ્દે કેવળજ્ઞાન થયું.

મુમુક્ષુ :– ભગવાનની માતાનું કોણ ના પાડે?

ઉત્તર :– મોટાને કોણ ના પાડે? હાથીને હોદ્દે દર્શન કરવા ગયા ત્યાં ભગવાન (જોઈને)... આહાહા..! હાથી ઉપર કેવળજ્ઞાન થઈ ગયું. અરે..! સ્ત્રીને કેવળજ્ઞાન હાથી ઉપર! એવું શ્વેતાંબરમાં આવે છે. આહાહા..! કામ આકરું બહુ. આ તો વસ્તુની (સ્થિતિ છે). વ્યક્તિગત (વાત નથી). જેને જે માન્યતા છે એના ફળ એને વેદવા છે. અરે..રે..! કોઈ પ્રાણી દુઃખને વેદે અને દુઃખી થાય, ધર્મીને એવી ભાવના હોય નહિ. આહાહા..! એ ભગવાન છે, પ્રભુ! એ દુઃખી થાય (એમ ધર્મીને હોય નહિ). અરે..! જુઓને! આહાહા..! આજે બહેને આજ વાત કરીને? રાજકુમાર છે. વીસ કરોડ રૂપિયા પડી ગયા હાથમાંથી. ચક્રી આવતી હશે અને સાતમી વાર અસાધ્ય થઈ ગયા. આહાહા..! ન્યાં પૈસા શું કરે? વીસ કરોડ રૂપિયા અને આબરુ મોટી. બીજા બધામાં આવ્યું હતું. 'ફૂલચંદભાઈ જાંજરી' ત્યાં જોવા ગયા હતા. સાંભળ્યા હતા સમાચાર. આહાહા..! એ પૈસાને ઠેકાણે પૈસા (રહ્યા). અસાધ્ય થઈને કેટલા દિ' રહ્યા. આહાહા..!

ભગવાન! આ રાગાદિ વિકલ્પ, એને પોતાનો માને છે તે અસાધ્ય છે. આહાહા..! એને સાધ્ય નથી. ચૈતન્ય ભગવાન પરમાત્મસ્વરૂપ અમૃતનો સાગર, જેમાં અમૃતના ગંજ પડ્યા છે. આહા..! અમૃતનો પર્વત પ્રભુ, અમૃતનો પર્વત પ્રભુ, જેમાંથી અમૃત ઝરે એને છોડીને જે રાગમાં... આહાહા..! અહીં તો બહારમાં વર્તે એમ નથી કહ્યું. બહારની વાતમાં વિકલ્પમાં વર્તે. ઇ પાઠ છે ને? **'अंतरबाहिरजप्पे जो वट्टइ'** અંતર અને બાહ્ય પ્રકારના વિકલ્પમાં વર્તે. આહાહા..! બાહ્યમાં વર્તી શકતો નથી. આત્મા બાહ્યનું વર્તન તો કાંઈ કરી શકતો નથી. હાલવું, ચાલવું, બોલવું (કરી શકતો નથી). જે કરી શકે છે અજ્ઞાનભાવે એ વાત લીધી છે. આહાહા..! **'अंतरबाहिरजप्पे जो वट्टइ'** એમ કીધું છે. અંતર બહારની જડની, પરની ક્રિયામાં વર્તે એમ નથી કહ્યું. આહાહા..!

આ 'કુંદકુંદાચાર્ય'ના વચન છે. આહાહા..! અંતરમાં અને બાહ્યમાં જે વિકલ્પો છે, બાહ્ય નિમિત્ત, હાલવું, ચાલવું, બોલવું, લખવું એ નિમિત્ત, એનો જે વિકલ્પ અને અંતરનો માન-સન્માનનો વિકલ્પ, પણ એ વિકલ્પની વાત (કરી), વિકલ્પમાં વર્તે છે. બહારની ચીજમાં વર્તે છે એમ નહિ. આહાહા..! છે ને? **'अंतरबाहिरजप्पे जो वट्टइ सो हवेइ बहिरप्पा। जप्पेसु जो ण वट्टइ सो उच्चइ अंतरंगप्पा।'** બહારનો ત્યાગ કરે તો અંતરાત્મા છે, એમ નથી કહ્યું. **'जप्पेसु जो ण वट्टइ'** વિકલ્પની જાળમાં વર્તે નહિ તે અંતરાત્મા છે. આહાહા..! આકરું પડે ને. ગાથા છે ને એવી, જુઓને! ગાથા બોલે છે ને!

બહાર અને અંતરજલ્પ, વિકલ્પ એમાં વર્તે તે બહિરાત્મા. અને **'जप्पेसु जो ण वट्टइ'** એમ કહ્યું છે. પરની ક્રિયા છોડી દે છે અને એકલો બેઠો એમ નહિ. અંદરના વિકલ્પને જે ન છોડે તે મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા છે. અંતરના વિકલ્પને છોડે તે અંતરાત્મા છે. આહાહા..! આવો ધર્મ કેનો? ક્યાંનો ધર્મ હશે આ? બાપુ! વીતરાગ જૈન પરમેશ્વર ત્રિલોકનાથ અનંત

તીર્થંકરોના શ્રીમુખેથી નીકળેલી વાણી આ છે. અનંત તીર્થંકરોનું આ કથન છે. પોતે મુનિ ભગવાન છે. આહાહા..! પંચપરમેષ્ઠી છે ને? આહાહા..! ત્યાં તો પહેલું કહ્યું નહોતું? કે કેવળીમાં અને વીતરાગી મુનિમાં આપણે જડ છીએ તેથી ફેર માનીએ છીએ. એમ નહોતું આવ્યું? આવ્યું હતું ને? આહાહા..! પાનું કેટલામું?

મુમુક્ષુ :– ૨૯૬ પાનું.

ઉત્તર :– ૨૯૬. હા, અહીં છે ને. **'સર્વજ્ઞ-વીતરાગમાં અને આ સ્વવશ યોગીમાં ક્યારેય કાંઈ પણ ભેદ નથી; છતાં અરેરે! આપણે જડ છીએ...'** એમ મુનિરાજ કહે છે. આહાહા..! જરી વિકલ્પ ઉઠ્યો છે ને? આહાહા..! અરે..રે..! નગ્નમુનિ દિગંબર અને અંતર ધ્યાનમાં મસ્ત છે. એને એમ કહે છે કે ભગવાનમાં અને એમાં ફેર માનીએ તો એ જડ છે. આહાહા..! ફેર જરીક છે એવો પહેલો શ્લોક આવી ગયો છે. એની પહેલા શ્લોક આવી ગયો. થોડો ફેર છે. અહીં કાઢી નાખ્યો. આહાહા..! કારણ કે એ ફેર છે એ ટળીને વીતરાગ થઈ જવાના જ છે. ભગવાન થઈ જવાના છે ઇ. આહાહા..! 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય', 'યોગીન્દ્રદેવ' 'પદ્મપ્રભમલધારિદેવ'... આહાહા..! બધા મોક્ષ જવાના છે. વર્તમાનમાં સ્વર્ગમાં છે. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષે જવાના છે. આહાહા..! ભગવાન છે. એક ભવ બાકી, પંચમઆરે જન્મ્યા. પંચમઆરામાં જન્મ થઈ ગયા. ભગવાનના જ્યાં વિરહ પડ્યા તેથી એકાદ ભવ રહી ગયો. આહાહા..! એને લઈને એકાદ ભવ (રહી ગયો). નહિંતર તો આ જ ભવમાં મોક્ષ જાય. મહાવિદેહમાં તો એના એ ભવમાં અબજોપતિ રાજા રાજપણું છોડી, વિકલ્પ છોડી નિર્વિકલ્પમાં મસ્ત થઈ કેવળજ્ઞાન ઊપજાવીને મોક્ષ જાય છે. કારણ કે છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ મોક્ષ તો જાય. .. જતો નથી. મોક્ષ જાય ત્યાં છે. આહાહા..!

ભગવાન પાસે... આહાહા..! એવા મુનિ છે કે જે છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ મુક્તિ જાય જ. આહાહા..! સમય વધારે છે. ૬૦૮ જીવ છે. અને ઓલા છ મહિના ને આઠ સમય છે. સમય વધારે છે. જીવની સંખ્યા કરતા સમયની સંખ્યા વધારે છે. છ મહિના ને આઠ સમય છે ને? એમાં ૬૦૮ જાય છે ને? તો છ મહિનામાં તો અસંખ્ય સમય થાય. અને અહીં તો ૬૦૮ ગયા. આહાહા..! પણ એ અનાદિની આ સ્થિતિ છે. આહાહા..! ૬૦૮. આહાહા..! જેવા ૬૦૮ મુક્તિ જાય એવા ૬૦૮ નિગોદમાંથી નીકળે. આહાહા..! બાકી તો પડ્યા રહે. એ શરીરને અનંતમે ભાગે નીકળે. ગમે ત્યારે નીકળશે તોપણ એક શરીરને અનંતમા ભાગમાં જ બહાર નીકળશે. આહાહા..!

આવું શું મળ્યું? વીતરાગની વાણી મળી. આહાહા..! આવો યોગ તો મોટા મોટા પુણ્યના ઢગલા, પુણ્યના મોટા મેરુ પર્વત ઉછળ્યા છે અત્યારે. એમાં આવો જોગ છે, કહે છે. હવે કરવાનું તારે છે. આહાહા..!

અહીં એ કહે છે. જે એમાં વિકલ્પને જોડતો નથી. પ્રશસ્ત કે અપ્રશસ્ત બેય, હોં!

શુભરાગ કે અશુભરાગ... આહાહા..! એ બેયમાં **'સમસ્ત વિકલ્પજાળોમાં ક્યારેય વર્તતો નથી...'** આહાહા..! **'તેથી જ પરમ તપોધન...'** આ તપની વ્યાખ્યા. અપવાસની અહીં નથી. આત્માના સમીપમાં વર્તે છે એ તપોધન, ઉપવાસી છે. આહા..! **'સમસ્ત વિકલ્પજાળોમાં ક્યારેય વર્તતો નથી તેથી જ પરમ તપોધન સાક્ષાત્ અંતરાત્મા છે.'** આહાહા...! એક ગાથામાં બહિરાત્મા અને અંતરાત્માની વ્યાખ્યા કરી.

પ્રભુમાં વિકલ્પની ગંધ નથી. નિર્વિકલ્પનો પિંડ છે. આહા..! જેમ સોનાની મોટી પાંચ-પચીસ મણની લગડી હોય એમાં કાટની ગંધ નથી. એમ ભગવાન અનંતગુણનો પિંડ છે.. આહા..! એમાં રાગના વિકલ્પની, શુભરાગના વિકલ્પની પણ ગંધ નથી. આહાહા..! એવો ભગવાન છતી શક્તિએ બિરાજમાન પડ્યો છે. એને તું વિકલ્પમાં વર્તીને અછતો કરી નાખશ આહાહા..! વિકલ્પમાં વર્તીને અછતો કરી નાખે (છે) અને ધર્મી નિર્વિકલ્પમાં વર્તતા વિકલ્પને અછતો કરી નાખે છે. આહાહા..! છતાને અછતો કર અને અછતાને છતો કર. આહાહા..!

સત્ છે. એથી ખરેખર તો એની પરિણતિ સતી (છે). સત્‌ની પરિણતિ સતી હોય છે. આહાહા..! સંકલ્પ, વિકલ્પ એની પરિણતિ નથી. એ સત્ પ્રભુ છે, એ સતી છે. એની પરિણતિ સતી છે. એટલે કે એનો કોઈ માલિક નથી. આહાહા..! પોતે જ પોતાનો અનુભવી માલિક છે. આહા..! એ જીવ અંતરાત્મા છે. અલ્પકાળમાં એ કેવળજ્ઞાન પામીને મોક્ષ જવાના જ છે. આહા..!

કોઈ વખતે લખાણ આવે કે આ (સમકિતી) પડી જાય. એ સમજાવ્યું છે. આહા..! ૩૮ ગાથામાં તો ત્યાં સુધી કીધું કે જે કોઈ અપ્રતિબુદ્ધ શિષ્ય હતો. ગુરુએ વારંવાર સમજાવ્યો, સમજીને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પામ્યો. ૩૮ ગાથામાં છે. અપ્રતિબુદ્ધ હતો, એને ગુરુએ વારંવાર સમજાવ્યો એટલે એણે વારંવાર મનન કર્યું. તે જીવ સમ્યગ્દર્શન, જ્ઞાન પામ્યો. એને ફરીને મિથ્યાત્વ ઉદય થાય એવું છે નહિ. ૩૮ ગાથામાં એવો પાઠ છે. ભગવાન છે. આહા..! એને કાળ અને વિકલ્પ નડે છે ક્યાં? છતી રુદ્ધિએ ભગવાન પડ્યો છે. એની રુદ્ધિનો પાર ન મળે. આહાહા..! એમાં એ વિકલ્પને ગણે શી રીતે? 'સમયસાર' ૩૮ ગાથા. અપ્રતિબુધ્ધ હતો એને ગુરુએ વારંવાર સમજાવ્યો અને પ્રતિબોધ પામ્યો. પામ્યો પણ અપ્રતિહત! પામ્યો એ પામ્યો, એ પડવાનો નહિ, એમ પાઠ છે. હવે અમને મિથ્યાત્વનો અંકુર ઉત્પન્ન થવાનો નથી, એવો પાઠ છે. ૩૮ ગાથા. પંચમઆરાનો સમકિતી ભગવાનના વિરહમાં રહેલો, ભગવાનનો વિરહ છે, છતાં કહે છે કે અમને અંતરનો વિરહ નથી. આહા..! પરમાનંદનો નાથ અમારી પાસે બિરાજે છે. માટે અમે પરમાત્મા છીએ અને પરમાત્મા થવાના છીએ, એવું આવે છે. થઈ ગયો વખત? (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૭૫, શ્લોક--૨૫૯, ગાથા-૧૫૧, મંગળવાર, જયેષ્ઠ વદ ૧૧, તા.૦૮-૦૭-૮૦

'નિયમસાર' ૧૫૦ ગાથા ટીકા પૂરી થઈ ગઈ. ટીકા પૂરી થયા પછી શ્લોક છે, શ્લોક.

**'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૯૦મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'**

**स्वेच्छासमुच्छलदनल्पविकल्पाजाला-**
**मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षाम्।**
**अन्तर्बहिः समरसैकरसस्वभावं**
**स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रम्।।**

**શ્લોકાર્થ :- 'એ પ્રમાણે જેમાં બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઊઠે છે...'** અહીં ખૂબી ઇ છે. આહાહા..! છે 'સમયસાર'નો કળશ. જે વિકલ્પની ગાથાઓ આવી છે ને? પછી એ ગાથા મૂકી છે. આત્મા તો સચ્ચિદાનંદ પરમ પવિત્ર પરમાત્મસ્વરૂપ જ છે. એમાં તો અલ્પતાનો અને વિકલ્પતાનો પણ અવકાશ નથી. અલ્પતા અને વિકલ્પતા બેયનો એમાં અવકાશ નથી. પૂર્ણ અને નિર્વિકલ્પ વસ્તુ છે. આહાહા..! પણ એમાં બહુ વિકલ્પની જાળ આપોઆપ ઊઠે છે. એટલે પર્યાયમાંથી વિકલ્પ ઊઠે છે. આહાહા..! વસ્તુ તો વસ્તુ છે. ગમે તેટલા વિકલ્પ હોય પણ વસ્તુ તો પરમાત્મસ્વરૂપ છે. એમાં ખામી, ખોટ કાંઈ આવતી નથી. આહાહા..! એવી એ ચીજ છે, અખંડ આનંદ ચૈતન્યમૂર્તિ કે જેમાં વિકલ્પનો અવકાશ તો નથી પણ અલ્પતાનો અવકાશ નથી. પૂર્ણ સ્વરૂપ છે. આહાહા..! એમાં કહે છે, **'બહુ વિકલ્પોની જાળ આપોઆપ ઊઠે છે....'** આપો આપ ઊઠે એટલે? સ્વભાવમાં નથી–વસ્તુમાં નથી અને પર્યાયમાં અદ્ધરથી ઉત્પન્ન થાય છે. એમ કહેવા માગે છે. આહાહા..! સ્વરૂપ છે એમાં એ વાત છે નહિ. પર્યાયમાં છેડે વિકલ્પની જાળ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધ, આ વેપાર-ધંધા આદિના વિકલ્પો–પાપ ઊઠે છે, કહે છે. આહાહા..!

પ્રભુ પોતે ચૈતન્યમૂર્તિ ભગવાન પરમાત્માસ્વરૂપ જ છે, પરમેશ્વર જ છે પણ પરમેશ્વરની અંદરની પર્યાયમાં આ વિકલ્પ એટલે બંધનના કારણો દુઃખરૂપ દશા આપોઆપ ઊઠે છે. આનંદસ્વરૂપમાં વિકલ્પ ઊઠે કેવો? પ્રભુ! જ્યાં આનંદ છે ત્યાં દુઃખ કેવું? એમ કહેવા માગે છે. સમજાય છે કાંઈ? જ્યાં નિર્વિકલ્પ ચૈતન્યપ્રભુ (છે) ત્યાં વિકલ્પ કેવો? રાગ કેવો? આહાહા..! જ્યાં અખંડ વીતરાગમૂર્તિ પ્રભુ છે ત્યાં રાગના અંશનો અવકાશ ક્યાંથી? એથી એમ કહે છે કે **'એ પ્રમાણે જેમાં બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઊઠે છે...'** વસ્તુમાં નથી, વસ્તુના ગુણમાં નથી.. આહાહા..!

પર્યાયમાં આપોઆપ (ઉઠે છે) એમ કહેવાનો આશય એવો છે કે કર્મથી નહિ, તેમ

દ્રવ્ય અને ગુણ સ્વભાવથી નહિ. પર્યાયમાં ઊઠે છે. પહેલા આવી ગયું ને? સંસારજનિત પ્રબળ. આહાહા..! વસ્તુ તો પરમાત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ છે. એમ હોવા છતાં વસ્તુમાં વિકલ્પ ઉત્પન્ન થતાં નથી પણ પર્યાયમાં આપોઆપ કર્મની અપેક્ષા વિના અને સ્વભાવની અપેક્ષા વિના આપોઆપ અંદર વિકલ્પ ઊઠે છે. આહાહા..! સમજાય છે? પ્રભુ તો આનંદમૂર્તિ છે. તેમ કર્મથી વિકલ્પ ઊઠે એ છે નહિ. પરથી વિકલ્પ ઊઠે એ છે નહિ. તેમ સ્વભાવ આનંદ ને વીતરાગમૂર્તિ પ્રભુ છે એનાથી પણ વિકલ્પ ઊઠે એવું છે નહિ. એથી આ શબ્દ વાપર્યો છે કે, **'બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઊઠે છે...'** આહાહા..! બેય પડખે જોતા કર્મથી પણ નહિ અને દ્રવ્યથી પણ નહિ. પર્યાયમાં અનાદિ અજ્ઞાનને લઈને વિકલ્પની, દુઃખની જાળ ઉત્પન્ન થાય છે. એ દુઃખ છે, એ દુઃખ છે, આકુળતા છે. આહાહા..! અજ્ઞાનીને એ આકુળતા લાગતી નથી. કેમકે આનંદને જોયો નથી એટલે આકુળતા છે એમ ખબર પડતી નથી. આહાહા..! એથી કહે છે, વિકલ્પની જાળ આપોઆપ ઊઠે છે.

**'એવી મોટી નયપક્ષકથાને (નયપક્ષની ભૂમિને) ઓળંગી જઈને...'** આહાહા..! એવો નયપક્ષ છે એને પણ છોડી દે. હું શુદ્ધ છું, બુદ્ધ છું, અખંડ છું ને એક છું એવા વિકલ્પને પણ ઓળંગી જઈને. આહાહા..! આવો માર્ગ! **'મોટી નયપક્ષકક્ષા...'** એટલે ઘણા અંદર સૂક્ષ્મ વિકલ્પો ઊઠે એને પણ ઓળંગી જઈને. ધર્મી જીવને સ્વતત્ત્વના અવલંબનને લઈને એમાં વિકલ્પની જાળ ઉત્પન્ન થતી નથી. સ્વતત્ત્વના અવલંબનમાં, સ્વતત્ત્વમાં વિકલ્પ નથી માટે એને વિકલ્પ ઊઠતા નથી. ઓળંગી જઈને (અર્થાત્) એ વિકલ્પને ઓળંગી જઈને. અંતરાત્મા આનંદમૂર્તિ પ્રભુ, એની દૃષ્ટિ લઈને વિકલ્પને ઓળંગી જાય છે. દુઃખની જાળને છોડી દયે છે. આહાહા..! આવી વાત! નિવૃત્તિની નવરાશ ન મળે.

અહીં તો બીજી વાત છોડી દીધી. અંતરમાં ગુણ છે એના પક્ષની પણ નયપક્ષકક્ષા ઉત્પન્ન થાય છે. બહારની વાત છોડી દે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, મકાન, હાલવું, ચાલવું એ બધી વાત છોડી દે. એ તો બધું જડનું છે. આ વિકલ્પની જાળ આપોઆપ અંદરથી, પર્યાયમાં વિકૃતિ (ઉત્પન્ન થાય છે)... આહાહા..! એને તત્ત્વનો જાણનાર, ચૈતન્યનો વેદનાર એ વિકલ્પને ઓળંગી જાય છે. આનંદનો વેદનાર દુઃખને ઓળંગી જાય છે. વિકલ્પ એ દુઃખ છે. આહાહા..! છે?

**'(નયપક્ષની ભૂમિને) ઓળંગી જઈને...'** એ નયપક્ષની ભૂમિકા જ એને રહેતી નથી એમ કહે છે. એની સત્તામાં છે નહિ તેથી તેની ભૂમિકામાં એ છે નહિ. એ ભૂમિકાને, નયપક્ષની ભૂમિને ઓળંગી જઈને... આહાહા..! ચૈતન્યની ભૂમિ ને આનંદના સ્પર્શમાં, ચૈતન્ય ભગવાન અંદર પરમાત્મા બિરાજે છે. આહાહા..! જેને હવે નાની-મોટી સાધારણ વાત હોય એમાં રસ લાગી જાય એને આ નયપક્ષ ઓળંગવા એ તો બહુ આકરું કામ. નયપક્ષને ઓળંગવાની વાત છે. જગતના (કાર્ય) કરવાનું ને આ કર્યું એ વાત અહીં નથી. આહાહા..!

હાલવું, ચાલવું, બોલવું, ખાવું, પીવું, લખવું એ વાત નહિ. એ વાતથી વિકલ્પ ઊઠે એ વાત અહીં નહિ. એ માથે આવી ગયું છે ને? માથે આવી ગયું છે. ખાવું, સૂવું, ગમન કરવું, સ્થિર રહેવું. આહાહા..! એ નહિ. ફક્ત પોતાને ભૂલીને વિકલ્પની, રાગની વૃત્તિઓનું ઉત્પન્ન થવું તે પોતાની ભૂમિકાને જાણતા આનંદની ભૂમિકા એવી ભગવાનની ભૂમિ છે એને જાણતાં રાગને ઓળંગી જાય છે. આહાહા..!

'**(તત્ત્વવેદી)...**' એ તત્ત્વનો જાણનાર, તત્ત્વનો વેદનાર, આત્મતત્ત્વને અનુભવનાર '**અંદર અને બહાર સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે...**' અંદરમાં પણ સમતારસ છે, પર્યાયમાં પણ સમતારસ છે. આહાહા..! '**અંદર અને બહાર સમતા-રસરૂપી એક રસ...**' ઓલો અનેક નયપક્ષ હતો. બહુવિકલ્પની જાળ હતી એની સામે એક લીધો. '**સમતારસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે...**' આહાહા..! ભગવાનઆત્માનો વિકલ્પના ભાવ રહિત એકલો નિજરસનો સ્વભાવ, એકરૂપ જેનો સ્વભાવ છે. '**એવા અનુભૂતિમાત્ર...**' ઓહો..! નિશ્ચય સત્ય તો આ છે, પરમસત્ય આ છે. બાકી બધી વાતું. આ ગોઠવું મુશ્કેલ પડે અને ઓલું ગોઠવું સહેલું પડે. કોઈ દિ' અભ્યાસ નહિ. આહાહા..! ચૈતન્યસત્તા મહાપ્રભુની, જેની એક જ પર્યાય એક સમયમાં, એ બહારના કારણે ન લીધી. ફક્ત અંદરને કારણે હું શુદ્ધ છું, બુદ્ધ છું, અખંડ છું એવા નયની વિકલ્પજાળ ઉઠી... આહાહા..! એને પણ ઓળંગી જઈને. આહાહા..! બહારના વિકલ્પની વાત નથી હવે. અંતરની વિકલ્પજાળ જે છે એને ઓળંગી જઈને. આહાહા..!

'**અંદર અને બહાર સમતા-રસરૂપી...**' એનો અર્થ એ કે વિકલ્પ છે તે અસમતા છે. રાગ છે, આકુળતા છે. એને છોડને સમતારસરૂપી '**એક રસ જ જેનો સ્વભાવ છે...**' ભગવાનઆત્માનો સમતા વીતરાગતા એકલી શાંતિ અકષાય સ્વભાવ, એવો એક જ જેનો સ્વભાવ છે. એનો એક જ રસ જેનો સ્વભાવ છે. આહાહા..! '**એવા અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને (–સ્વરૂપને) પામે છે.**' તે જીવ પોતાના આત્મભાવને પામે છે. આવી વાતું છે. બહારનું કરવું, હાલવું, ચાલવું, ફલાણું લખવું, બોલવું એ તો ક્યાંય રહી ગયું. એની વાત તો અહીં કરી નહિ. અંતરમાં નયપક્ષનો જે પક્ષ ઊઠે છે, બહારનો નહિ, અંદરમાં પક્ષ જે વિકલ્પ ઊઠે છે... આહાહા..! એને પણ ઓળંગી જઈને તત્ત્વવેદી આનંદના વેદનમાં તેને ઓળંગી જાય છે. આહાહા..! કેમકે એનો આનંદ એક રસ છે. આત્માનો અતીન્દ્રિય આનંદ એક રસ છે. આહાહા..! ટૂંકી ભાષામાં ઘણું મૂક્યું છે.

મુમુક્ષુ :– પ્રમાણ, નય અને નિક્ષેપ ત્રણેય વિકલ્પ છૂટી જાય?

ઉત્તરઃ– બધા છૂટી જાય. નય-નિક્ષેપ ૧૩મી ગાથામાં ન આવ્યું? ૧૩મી. નય, નિક્ષેપ, પ્રમાણથી નિર્ણય કરે, વિકલ્પ આવે પણ એ છોડે ત્યારે અંદરમાં જાય. આહાહા..!

બહારની વાત તો જુદી જ રહી, આ તો અંતરના આત્મા તરફની, આત્માના વલણવાળા વિકલ્પો જે આવે છે... આહાહા..! એને પણ છોડીને તત્ત્વનો અનુભવ કરે ત્યારે એક રસ,

સમતારસનું વેદન થાય. ત્યારે એને અનુભૂતિ કહેવામાં આવી. આહાહા..! ઓલામાં બહુ વિકલ્પ (શબ્દ) વાપર્યો હતો ને? બહુ વિકલ્પની જાળ વાપર્યો હતો. આપોઆપ ઊઠે. અહીં બહાર અને સમતા અંદર અને બહાર સમતારૂપી. વસ્તુ તો અંતર સમતારસનો પિંડ જ છે પણ પર્યાયમાં પણ સમતારસ પ્રગટ્યો છે. શાંત... શાંત... શાંત... શાંતિ... શાંતિ.. શાંતિ...

એના રસને બહાર અને અંદર એક જ જેનો રસ છે. એક રસ જ જેનો સ્વભાવ છે. એકાંત નથી? આ તો એકાંત કર્યું. **'સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે...'** કથંચિત્ રાગ અને કથંચિત્ વિકારનો. એ વાત જ નથી. આહાહા..! આનું નામ એકાંત છે. **'એક રસ જ જેનો સ્વભાવ છે.'** કથંચિત્ વ્યવહારથી થાય અને કથંચિત્ નિશ્ચયથી થાય એવો ભેદ નથી. કથનમાં આવે પણ વસ્તુસ્વરૂપના અનુભવમાં નથી. કથન વખતે કથન વ્યવહાર આવે, જાણે પણ પોતાના રસમાં જ્યાં જતાં એવી **'અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને (–સ્વરૂપને) પામે છે.'** એનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અનુભૂતિ, આનંદનો સ્વાદ, મોક્ષના માર્ગની પહેલી સીઢી એવું નામ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :– ગુણ તો અનંત છે અને રસ એક જ કેમ?

ઉત્તર :– એક જ રસ સમતા. અનંતગુણનો રસ. ભેદ ક્યાં છે ત્યાં? ભેદ ક્યાં છે કે આ જ્ઞાનનો રસ અને આ આનંદનો રસ. વિકલ્પનો ભેદ જ નથી જ્યાં. એક જ આનંદનો રસ બધા ગુણનો. બધા ગુણના આનંદનો રસ એક રસ જ છે. આહાહા..! ગુણ અનંત છે છતાં એક આનંદનો રસ બધા ગુણના રસમાં એક આનંદનો. જ્ઞાનનો આનંદ, દર્શનનો આનંદ, આનંદનો આનંદ, અસ્તિત્વનો આનંદ, વસ્તુત્વનો આનંદ, એવો એક રસ જ જેનો સમતા સ્વભાવ છે. આહાહા..! આવી વાત ક્યાં...?

એવા પોતાના ભાવને પામે છે. એક રસ જ જેનો સ્વભાવ છે, એમ કીધું કે નહિ? અનંતગુણ છે એમ ન કીધું. અનંતગુણનો આનંદનો રસ એક એનો સ્વભાવ છે. જેમ આકુળતાનો સ્વભાવ દુઃખ છે, અનેક વિકલ્પનો સ્વભાવ દુઃખ છે તો અહીં આત્માનો સ્વભાવ એકલો આનંદ છે. એમ લીધું. આહાહા..! એ અનંતગુણનો આનંદ પણ એકરૂપ રસ છે. ત્યાં ભેદ નથી. આહાહા..!

'વળી (આ ૧૫૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે)' :–

## શ્લોક–૨૫૯

तथा हि -

(मंदाक्रांता)

मुक्त्वा जल्पं भवभयकरं बाह्यमाभ्यन्तरं च
स्मृत्वा नित्यं समरसमयं चिच्चमत्कारमेकम्।
ज्ञानज्योतिः प्रकटितनिजाभ्यन्तरांगान्तरात्मा
क्षीणे मोहे किमपि परमं तत्त्वमन्तर्ददर्श।।२५९।।

[શ્લોકાર્થ :–] ભવભયના કરનારા, બાહ્ય તેમ જ અભ્યંતર જલ્પને છોડીને, સમરસમય (સમતારસમય) એક ચૈતન્યચમત્કારને સદા સ્મરીને, જ્ઞાનજ્યોતિ વડે જેણે નિજ અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે એવો અંતરાત્મા, મોહ ક્ષીણ થતાં, કોઈ (અદ્ભુત) પરમ તત્ત્વને અંદરમાં દેખે છે. ૨૫૯.

## શ્લોક–૨૫૯ ઉપર પ્રવચન

ઓલો તો 'સમયસાર'નો હતો.

मुक्त्वा जल्पं भवभयकरं बाह्यमाभ्यन्तरं च
स्मृत्वा नित्यं समरसमयं चिच्चमत्कारमेकम्।
ज्ञानज्योतिः प्रकटितनिजाभ्यन्तरांगान्तरात्मा
क्षीणे मोहे किमपि परमं तत्त्वमन्तर्ददर्श।।२५९।।

**શ્લોકાર્થ :-** **'ભવભયના કરનારા, બાહ્ય તેમ જ અભ્યંતર જલ્પને...'** આહાહા..! બાહ્યના વિકલ્પો તો ભવભયના કરનારા છે. કહે છે કે એનાથી ભવનો ભય ભવ ઉત્પન્ન થાય. આહાહા..! એ વિકલ્પનું ફળ ભવ છે. ક્યાં જશે? ક્યાં ઉત્પન્ન થશે? **'ભવભયના કરનારા, બાહ્ય તેમ જ અભ્યંતર જલ્પને...'** એ નયપક્ષના જે વિકલ્પ છે એ પણ ભવભયના કરનારા છે. આહાહા..! છે? બાહ્ય તેમ અભ્યંતર જલ્પ. જલ્પ એટલે વિકલ્પ. **'ભવભયના કરનારા,...'** આહાહા..! શુભભાવ તો ક્યાંય અંદર રહી ગયો. વિકલ્પ જે છે એ શુભ છે. આહાહા..! એ પણ ભવભયના કરનારા છે. આહાહા..! આત્મા સંબંધી વિકલ્પો પર્યાયમાં ઊઠ્યા એ

પણ કહે છે કે દુઃખરૂપ છે. આહાહા..!

**'ભવભયના કરનારા,..'** આહાહા..! ભવ થાય. કયાં ઊપજે? ક્યાં અવતરે? કેટલો કાળ ત્યાં રહે? કેવા સંયોગોમાં રહે? આહાહા..! નાળ, નાળ હોય ને? એમાં જનાવર ગરી જાય. ખીસકોલી કે ઉંદર, એનો પાર ન હોય ક્યાંય. પાણી ચાલ્યું જતું હોય એમાં મરી જાય. આહાહા..! મૂંઝાયને મરી જાય. એ તો સાધારણ ભાવનું ફળ છે. પણ અહીં તો નયપક્ષનું ફળ પણ ભવ કરનાર છે. આહાહા..! આ 'પદ્મપ્રભમલધારિદેવ' કહે છે, ટીકાકાર પોતે કહે છે.

**'ભવભયના કરનારા, બાહ્ય તેમ જ અભ્યંતર જલ્પને છોડીને, સમરસમય (સમતારસમય) એક ચૈતન્યચમત્કારને...'** આહાહા..! વીતરાગસ્વરૂપે બિરાજમાન સમતા... સમતા... સમતા... એકલો વીતરાગરસ જ છે. જેમાં એકલો વીતરાગભાવ જ ભર્યો છે. એવો જે ભગવાનઆત્મા એને **'એક ચૈતન્ય ચમત્કારને સદા સ્મરીને,...'** એનું સ્મરણ કર, કહે છે. ભગવાનનું સ્મરણ પણ ભૂલી જા. આહાહા..! આવીને ભાષા? **'એક ચૈતન્યચમત્કારને સદા સ્મરીને,...'** બીજો નહિ. આહાહા..! એક ચૈતન્યચમત્કાર. અનંત આનંદ અને અનંત શાંતિથી ભરેલી ચમત્કારિક ચીજ છે. આહાહા..! એને તું સદા સ્મર, એનું સ્મરણ કર. આહાહા..! બીજાને યાદ કરે છે ને સ્મરણ કરે છે (એ) ભૂલી જા. ભગવાનને યાદ કરને. તું પોતે પરમાત્મા છો ને! આહાહા..!

એને **'સદા સ્મરીને, જ્ઞાનજ્યોતિ વડે...'** આહાહા..! અંતરના ચૈતન્યના પ્રકાશ વડે **'જેણે નિજ અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે...'** જેણે નિજ અભ્યંતર અંગ એટલે શાંતિ અને આનંદ. એ અભ્યંતર અંગ છે. આહાહા..! શાંતિ, આનંદ, વીતરાગતા, અનંતગુણનું એકરૂપ વીતરાગ સ્વરૂપ એવું નિજ અભ્યંતર અંગ પ્રગટ કર્યું. અભ્યંતર અંગને જેણે પ્રગટ કર્યું. અહીં અભ્યંતર અંગ કીધું, જોયું! આ શરીર-બરીર નહિ. શરીર અંગ નહિ, વાણી અંગ નહિ, કર્મ અંગ નહિ. આહાહા..! આવું ઝીણું પડે એટલે પછી લોકો વ્યવહારમાં જોડીને કાઢે. વ્યવહારથી થાય, વ્યવહાર કરતાં કરતાં થાય.

મુમુક્ષુ :– આવું લોકોએ વાંચ્યું કે સાંભળ્યું ક્યે દિવસે?

ઉત્તર :– વાંચતા તો હોય પણ અંદરથી નિશ્ચય ન હોય એમ ને એમ એકકોર કાઢી નાખે. વ્યવહારમાં હોય ઇ. અહીં નહોતા બોલતા તે દિ'? પંડિત ભેગા થયા હતા. 'કૈલાશચંદજી' કહેતા હતા. નિશ્ચયની વાત આવે ત્યારે અમે છોડી દઈએ. વ્યવહારની વાત આવે ત્યારે વિસ્તાર કરીએ. અહીં કહ્યું હતું, (સંવત) ૨૦૦૩ની સાલમાં. આહા..!

આ વાત સાંભળતા હજી એને કઠણ પડે કે આ શું પણ છે? એ ચૈતન્યનો રસ છે. આનંદનો રસ છે. આહાહા..! એક કેરીના રસના સ્વાદમાં ચોંટ્યો. આ તો આનંદનો રસ છે, એ તો ધૂળનો રસ છે. કેરી તો ધૂળ છે. આહાહા..! પુદ્‌ગલ છે, ધૂળ છે. એનો રસ લાગે. એનો રસ નથી લાગ્યો. એના ઉપર લક્ષ કરીને રાગ કરે છે એનો રસ છે. કેરીનો

રસ એ ચાખતો પણ નથી. આહાહા..! ફક્ત એની મીઠાશ ત્યાં દેખાય, એ રાગને વેદે છે. કેરીના રસને કોઈ વેદતું નથી, કોઈ ખાતું પણ નથી. જડને કોણ ખાય? ચૈતન્ય જડ ખાય? આહાહા..! ચૈતન્ય પોતાના સ્વભાવને ભૂલી અને આ ઠીક છે એવો જે રાગ થાય એને વેદે છે. આહાહા..!

અહીં તો કહે છે કે નયપક્ષને પણ ઓળંગી જઈ એક ચૈતન્યચમત્કારને સદા સ્મરીને, સદા સ્મરીને. આહાહા..! જેને એક જ લગની લાગી છે. કોઈ વખતે યાદ કરવું અને કોઈ વખતે ભૂલી જવું એમ નહિ. આહાહા..! જુદું પડ્યું એ તો નિરંતર રહેવાનું. રાગથી જુદું પડ્યું એ તો સદા નિરંતર રહેશે એમ કહે છે. સદા સ્મરીને એનો અર્થ એ છે. સદા નિરંતર રહેવાનો. રાગથી ભિન્ન પડ્યો એવો ભગવાન... આહાહા..! આ તો હજી ધર્મના પહેલા પગથિયાની વાત છે. ચારિત્રની વાતું તો કોઈ અલૌકિક વાતું છે. આહાહા..! લૂગડાં ફેરવીને નગ્ન થઈ જાય એટલે સાધુ થઈ જાય એવું કાંઈ નથી, બાપુ! આહાહા..!

**'એક ચૈતન્યચમત્કારને સદા સ્મરીને,...'** આહાહા..! **'જ્ઞાનજ્યોતિ વડે...'** જ્ઞાનના પ્રકાશ વડે **'જેણે નિજ અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે...'** આહાહા..! જોયું! **'જેણે નિજ અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે...'** આનંદનો રંગ પર્યાયમાં ચડી ગયો છે. આહાહા..! શાંતિનો રસ પર્યાયમાં ચડી ગયો છે. એ અભ્યંતર એનું અંગ છે. આહાહા..! શરીર, વાણી તો નહિ, વિકલ્પની જાળ એ નહિ, શાંતિ અને આનંદ જેનો એક રસ એ અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે. આત્માનું અંતર આનંદનું અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે. આહાહા..!

**'એવો અંતરાત્મા,...'** એવો તો અહીં હજી અંતરાત્માની વાત ચાલે છે, પરમાત્માની નહિ. સાધકજીવની વાત ચાલે છે. આહાહા..! **'એવો અંતરાત્મા, મોહ ક્ષીણ થતાં,...'** ચૈતન્યચમત્કારમાં ચડ્યો એને મોહક્ષીણ થતાં **'કોઈ (અદ્ભુત) પરમ તત્ત્વને અંદરમાં દેખે છે.'** આહાહા..! પૂર્ણ કેવળજ્ઞાન દેખે છે. અનંત અનંતગુણનો દરિયો, સુખનો સાગર... આહાહા..! એને અંતરમાં દેખે છે. આહાહા..! છે? **'પરમ તત્ત્વને અંતરમાં દેખે છે.'** આહાહા..! વિકલ્પમાં નથી, બાહ્યમાં નથી. પૂજા, ભક્તિ અને બહારમાં ધમાલ, દેરાસર ને જાત્રા ને ભક્તિ ને ગજરથ ને વરઘોડા ને એમાં આત્માનું અંગ નથી. આહાહા..! આત્માનું અંગ તો અંતરનું છે. એવો અંતરાત્મા મોહ ક્ષીણ થતાં, મોહનો નાશ કરીને. આ તો મોહ ક્ષીણ થતાં, મોહનો નાશ કરીને એમ ન કહ્યું. અંતરના રસે ચડ્યો અને એનો મોહ ક્ષીણ થતાં એમ કહે છે. આહાહા..! મોહને ક્ષીણ કરે છે એમ પણ શબ્દ ન વાપર્યો.

**'મોહક્ષીણ થતાં...'** આહાહા..! અહીં જ્યાં જામી, ત્યાં મોહ ક્ષીણ થયો. અંતરમાં જ્યાં જમવટ જામી, આનંદ અને વીતરાગભાવની જમવટ થઈ... આહાહા..! ત્યાં મોહ ક્ષીણ થઈ જાય છે. મોહ ક્ષીણ કરે છે એમ પણ શબ્દ ન લીધો. મોહ ક્ષીણ થતાં... આહાહા..! અંતરના આનંદના રસે ચડેલો ભગવાન, એને મોહ ક્ષીણ થતાં **'કોઈ (અદ્ભુત) પરમ તત્ત્વને...'**

ત્રિકાળી પરમાત્મા **'અંદરમાં દેખે છે.'** આહાહા..! પરમપારિણામિકભાવ, જ્ઞાયકભાવ એને પૂર્ણ રીતે દેખે છે. આહાહા..! આવી મોટી વાતું છે.

પંચમઆરામાં ભલે મોહ ક્ષીણ નથી પણ આ વસ્તુની સ્થિતિનો અનુભવ તો કરી શકે છે ને? આહાહા..! પંચમઆરાના મુનિ પંચમઆરાના જીવને કહે છે. એમ નથી કે તમે જીવ છો. પંચમઆરે તમને ન ઉત્પન્ન થાય, પ્રભુ! તું તો સદાય ત્રિકાળી પરમાત્મા છો ને! તને કાળ લાગુ પડતો નથી ને. આહાહા..! ત્રણે કાળે નિરાવરણ છો ને. ત્રણે કાળે પોતે સત્રૂપ, સત્નું સત્ય બિરાજે છે ને. એને અંદરમાં દેખે છે. એવા પરમ તત્ત્વને (દેખે છે). પર્યાય ને રાગ અને નિર્મળ પર્યાયનું પણ લક્ષ ન લીધું. અહીં તો અંદરમાં પરમ તત્ત્વને દેખે છે. પર્યાયને દેખે છે એમ પણ નહિ, નિર્મળ પર્યાય પણ નહિ. નિર્મળ પર્યાય પરમતત્ત્વને અંદરમાં દેખે છે. આહાહા..! ગજબ વાત છે. વાત એવી છે.

**'પરમ તત્ત્વને અંદરમાં દેખે છે.'** દેખે છે ઇ પર્યાય છે પણ દેખે છે એ દ્રવ્ય છે. દેખે છે એ પર્યાય છે પણ અંદર જે દેખે છે એ દ્રવ્ય છે. પર્યાય દ્રવ્યને દેખે છે. આહાહા..! છે ને? જે પર્યાય રાગમાં રોળાતી અને રાગમાં વિકલ્પજાળમાં હેરાન હેરાન થતી... આહાહા..! એ વિકલ્પજાળ છોડીને, એ પર્યાય નિર્વિકલ્પ થઈને અંતરતત્ત્વને જોવે છે. ભગવાન પૂર્ણ ગુણનો પિંડ અંદર છે. ચૈતન્ય પરમાત્મા છે એમ તે પરિણતિ પરમાત્માને દેખે છે. નિર્મળ પરિણતિ પરમાત્માને દેખે છે. આહાહા..! હવે આ વ્યવહારના પક્ષવાળાને આકરું પડે કે અમારા વ્યવહારથી કાંઈ ન થાય? ન થાય એમ કોણે કહ્યું? વ્યવહારથી થાય, બંધ. રાગ થાય, બંધ થાય. આહાહા..! વ્યવહાર આવે ખરો. વ્યવહાર નથી એમ નહિ. બે નય છે, બે નય છે. બે નયનો વિષય પણ છે. જ્ઞાનીને પણ બેય નયનો વિષય છે. પણ ત્રિકાળીના આશ્રયમાં જે આનંદ છે એ વ્યવહારના આશ્રયમાં દુઃખ છે. આહાહા..! ભારે કામ છે.

મુમુક્ષુ :- પ્રત્યક્ષ દેખે છે કે પરોક્ષ દેખે છે?

ઉત્તર :- પ્રત્યક્ષ. પ્રશ્ન બરાબર છે. અહીં ક્ષીણ મોહ થતાં લીધું ને? હેઠે છે એ હજી પરોક્ષ છે અને આ તો ક્ષીણ મોહ થતાં. એમ કહ્યું ને? મોહનો ક્ષય થતાં... આહાહા..! પંચમઆરાના જીવને પણ આ કહે છે. મોહ ક્ષીણ થતો નથી એવો કાળ છે. આહાહા..! છતાં એ વાત યાદ નથી. આહાહા..! મોહ ક્ષીણ થઈને પર તરફની સાવધાની બંધ પડીને, અંતરની સાવધાની પૂર્ણ ઊગી નીકળે છે. એટલે અભ્યંતરનો અંતરમાં અંગ પ્રગટ થાય છે. ઊગે છે એટલે પ્રગટ થાય છે. છે ને? અભ્યંતર અંગ પ્રગટ કર્યું. આહાહા..! બહુ થોડી ભાષા. ભાવ ઘણા ભર્યા છે. આહાહા..!

પોતાને છોડી પરની જંજાળનો પાર ન મળે. એકલા દુઃખ. નયપક્ષના વિકલ્પ પણ દુઃખ છે તો વેપાર ને ધંધા ને બાયડી-છોકરા તો એકલા દુઃખ, દુઃખ ને દુઃખ. આહાહા..! આ તો અંતર ચીજ છે એના નયપક્ષો. અહીં તો નયપક્ષ આવ્યા છે ને? નયના પક્ષો પણ

દુ:ખ છે. આહાહા..! ત્યાં શાંતિ નથી. આહાહા..! આથી કાંઈ બીજો સહેલો ધર્મ નહિ હોય? ધર્મ સહેલો કર કે મોડો પહોંચ, આ છે.

ભગવાન પરમાત્મા સાક્ષાત્ બિરાજે છે. સાક્ષાત્ પ્રભુ બિરાજે છે અંદર. આત્મા તત્ત્વ એ તો પરમાત્મતત્ત્વ જ છે. તારી એક સમયની પર્યાયે ગોટા વાળ્યા છે. ક્યાં સુધી? કે પર મારા, બાયડી મારી, છોકરા મારા, હાલવું મારું, દેખવું મારું, હું રળું ને આમ કરું. એ તો ઠીક. એ તો બહુ સ્થુળ પાપ. પણ નયપક્ષના પર્યાયો... આહાહા..! નિશ્ચયનયનો પક્ષ કરે, અંદર વિકલ્પ ઊઠે (કે) હું જ્ઞાયક છું, હું શુદ્ધ છું, એવો નયનો પક્ષ પણ દુઃખરૂપ છે. આહાહા..! આવું પહોંચી ન શકે એટલે પછી વ્યવહારનો આશ્રય લઈને વાતું કરે. પણ એથી, બાપા! ભવના અંત ન આવે, ભાઈ! કુદરતના નિયમમાં એ કુદરતનો જે સ્વભાવ છે એથી વિરુદ્ધ કરવા જઈશ તો કંઈ નહિ વળે. કુદરતનો સ્વભાવ તો આ છે.

પરમાત્મા પોતે છે. એને વિકલ્પની જાળ પણ દુઃખરૂપ છે. આહાહા..! એ તો વસ્તુનું સ્વરૂપ છે. ભગવાન કહે છે માટે આમ છે, એમ છે? આહાહા..! એ તો વસ્તુની સ્થિતિ છે. એ તો સ્થિતિ છે એમ ભગવાન જાણીને કહે છે. આહાહા..! ઝીણી વાત ભારે બહુ, બાપુ! અંતરમાં ભગવાન... કેમ બેસે? પામરતામાં જ્યાં અર્પાય ગયેલો. પામરતામાં અર્પાય ગયેલો સમર્પણ થઈ ગયો. એને પરમાત્મામાં અર્પણતા ક્યાંથી આવે? આહાહા..! આ ગાથા તો ઘણી ઊંડી છે. 'પદ્મપ્રભમલધારિદેવ' બહુ જ ઊંડા...! આહાહા..! સાક્ષાત ચૈતન્યને પ્રગટ કરીને વાતું કરે છે! આહાહા..!

**'નિજ અભ્યંતર અંગ...'** પાછી ભાષા જોઈ? અભ્યંતર બીજ બહારની ચીજ ભગવાનના અંતર એ નહિ. **'નિજ અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે...'** અંતરના આનંદનું અંગ પ્રગટ કર્યું છે. **'એવો અંતરાત્મા, મોહ ક્ષીણ થતાં, કોઈ (અદ્ભુત) પરમ તત્ત્વને અંદરમાં દેખે છે.'** જ્યાં પ્રભુ પડ્યો છે, જે અનંતગુણનું દળ છે એને અંતરમાં મોહ ક્ષીણ થતાં અંદરમાં દેખે છે. આહાહા..! ૧૫૦ થઈ.

## ગાથા-૧૫૧

जो धम्मसुक्कझाणम्हि परिणदो सो वि अंतरंगप्पा।
झाणविहीणो समणो बहिरप्पा इदि विजाणीहि।।१५१।।

यो धर्मशुक्लध्यानयोः परिणतः सोप्यन्तरंगात्मा।
ध्यानविहीनः श्रमणो बहिरात्मेति विजानीहि।।१५१।।

अत्र स्वात्माश्रयनिश्चयधर्मशुक्लध्यानद्वितयमेवोपादेयमित्युक्तम्।

इह हि साक्षादन्तरात्मा भगवान् क्षीणकषायः। तस्य खलु भगवतः क्षीणकषायस्य षोडशकषायाणामभावात् दर्शनचारित्रमोहनीयकर्मराजन्ये विलयं गते अत एव सहजचिद्विलासलक्षणमत्यपूर्वमात्मानं शुद्धनिश्चयधर्मशुक्लध्यानद्वयेन नित्यं ध्यायति। आभ्यां ध्यानाभ्यां विहीनो द्रव्यलिंगधारी द्रव्यश्रमणो बहिरात्मेति हे शिष्य त्वं जानीहि।

---

વળી ધર્મશુક્લધ્યાનપરિણત અંતરાત્મા જાણજે;
ને ધ્યાનવિરહિત શ્રમણને બહિરંગ આત્મા જાણજે. ૧૫૧.

અન્વયાર્થ :– [ यः ] જે [ धर्मशुक्लध्यानयोः ] ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં [ परिणतः ] પરિણત છે [ सः अपि ] તે પણ [ अन्तरंगात्मा ] અંતરાત્મા છે; [ ध्यानविहीनः ] ધ્યાનવિહીન [ श्रमणः ] શ્રમણ [ बहिरात्मा ] બહિરાત્મા છે [ इति विजानीहि ] એમ જાણ.

ટીકા :– અહીં (આ ગાથામાં), સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાન અને નિશ્ચય-શુક્લધ્યાન એ બે ધ્યાનો જ ઉપાદેય છે એમ કહ્યું છે.

અહીં (આ લોકમાં) ખરેખર સાક્ષાત્ અંતરાત્મા ભગવાન ક્ષીણકષાય છે. ખરેખર તે ભગવાન ક્ષીણકષાયને સોળ કષાયોનો અભાવ હોવાને લીધે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મરૂપી યોદ્ધાઓનાં દળ નાશ પામ્યાં છે તેથી તે (ભગવાન ક્ષીણકષાય) *સહજચિદ્વિલાસલક્ષણ અતિ-અપૂર્વ આત્માને શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન અને શુદ્ધનિશ્ચય-શુક્લધ્યાન એ બે ધ્યાનો વડે નિત્ય ધ્યાવે છે. આ બે ધ્યાનો વિનાનો દ્રવ્યલિંગધારી દ્રવ્યશ્રમણ બહિરાત્મા છે એમ હે શિષ્ય! તું જાણ.

---

## ગાથા–૧૫૧ ઉપર પ્રવચન

૧૫૧. ૧૫૧માં તો એમ કહે છે કે ધ્યાન વિનાનો પ્રાણી એ બહિરાત્મા છે. જુઓ!

जो धम्मसुक्कझाणम्हि परिणदो सो वि अंतरंगप्पा।
झाणविहीणो समणो बहिरप्पा इदि विजाणीहि।।१५१।।

ભાષા જુઓ! આહાહા..!

વળી ધર્મશુક્લધ્યાનપરિણત અંતરાત્મા જાણજે;
ને ધ્યાનવિરહિત શ્રમણને બહિરંગ આત્મા જાણજે. ૧૫૧.

---

* સહજચિદ્વિલાસલક્ષણ = જેનું લક્ષણ (–ચિહ્ન અથવા સ્વરૂપ) સહજ ચૈતન્યનો વિલાસ છે એવા.

આહાહા..! અંતરના ધ્યાન વિનાના આત્માને બહિરાત્મા જાણજે. આહાહા..! અંતરના આત્માના ધ્યાનમાં અંતરાત્મા જાણજે. આહાહા..! એક કરતા એક ગાથાઓ ઊંચી ચડે છે.

**ટીકા :- 'અહીં (આ ગાથામાં), સ્વાત્માશ્રિત...'** આત્માને અવલંબીને, આત્મા પ્રભુ પરમાત્મા તેને આશ્રયે આશ્રિત **'નિશ્ચય-ધર્મધ્યાન...'** જુઓ! કોઈ કહે ધર્મધ્યાન વ્યવહાર રાગને કહ્યો છે. પણ એ તો ઉપચારથી કથન છે. આ નિશ્ચય-ધર્મધ્યાન. વ્યવહાર-ધર્મધ્યાન કહ્યું છે ને? મોક્ષ અધિકારમાં. ચિંતા-ચિંતા કરે છે. એ વ્યવહાર ધર્મધ્યાન છે. શુભભાવ ધર્મ છે. 'સમયસાર' મોક્ષ અધિકારમાં. ચિંતા કરે છે મોક્ષની એ વ્યવહાર-ધર્મધ્યાન. વ્યવહાર એટલે રાગ, રાગ એટલે બંધનનું કારણ. આહાહા..! ભાષા વ્યવહાર ધર્મધ્યાનની છે, હોં ત્યાં. ટીકા એમ છે. આહાહા..! પણ વ્યવહારની ભાષા નિરર્થક છે એમ જાણતો નથી. વ્યવહાર એટલે કાંઈ નહિ, વ્યવહાર એટલે કથનમાત્ર. આહાહા..! છે ખરું. વ્યવહારનો વિષય છે પણ કથનમાત્ર છે, જાણવા માટે છે. આહાહા..!

અહીં કહે છે, **'અહીં (આ ગાથામાં), સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાન અને નિશ્ચય-શુક્લધ્યાન...'** અત્યારે શુક્લધ્યાન નથી છતાં એનું સ્વરૂપ જણાવે છે. આહાહા..! કે જેથી તેને ધર્મધ્યાન થતાં ભવિષ્યમાં શુક્લધ્યાન થશે જ અને કેવળજ્ઞાન પામશે. આહાહા..! પરમાત્મા તું થઈશ. ધર્મધ્યાનમાં આવીશ તું તો પરમાત્મા થઈશ. આહાહા..! મુનિરાજ પંચમઆરાના જીવને પણ નિશ્ચય શુક્લધ્યાન પણ સમજાવે છે, જોયું! જે અત્યારે નથી. આહા..! **'સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાન અને નિશ્ચય-શુક્લધ્યાન એ બે ધ્યાનો જ ઉપાદેય છે...'** બે ધ્યાન જ આદરણીય છે. આહાહા..! એ સિવાય કોઈ પર્યાય કે વિકલ્પ એ પણ ઉપાદેય નથી. પર્યાય ઉપાદેય નથી. પર્યાય પોતે ધ્યાન કરે છે એ ઉપાદેય છે. આહાહા..!

**'અહીં (આ લોકમાં) ખરેખર સાક્ષાત્ અંતરાત્મા ભગવાન ક્ષીણકષાય છે.'** ઉત્કૃષ્ટ લીધું. આહાહા..! **'(આ લોકમાં) ખરેખર સાક્ષાત્ અંતરાત્મા...'** આહાહા..! એ તો **'ભગવાન ક્ષીણકષાય છે.'** જેને કષાય નાશ થઈ ગયો છે. બારમું ગુણસ્થાન એ સાક્ષાત્ અંતરાત્મા છે. આહાહા..! જે અત્યારે નથી એની વાત કરે છે. નથી પણ આ કરવું છે ને એ જ કરવું લાવવું છે. ધર્મને સમજીને પણ એ જ લાવવું છે. ભલે કાળ થોડો ફેર પડે, એ લાવવું જ છે અને એ આવવું જ છે. માટે ધર્મધ્યાનની સાથે શુક્લધ્યાનને જોડી દીધું. આહાહા..! એ ધર્મધ્યાનવાળો પડી જાય ને રખડે પછી એ વાત અહીં નહિ. આહાહા..! જેને અંતરાત્મા આનંદસ્વરૂપ ભગવાન, એનો જેને આનંદનો સ્વાદ આવ્યો એ અંતરાત્મા નિશ્ચયથી ધર્મધ્યાની છે અને નિશ્ચય શુક્લધ્યાની થશે. આહાહા..! થશે જ. આહાહા..!

**'ખરેખર સાક્ષાત્ અંતરાત્મા ભગવાન ક્ષીણકષાય છે. ખરેખર તે ભગવાન ક્ષીણકષાયને...'** જોયું! એને ભગવાન જ કીધો. **'સોળ કષાયનો અભાવ હોવાને લીધે...'** એને તો સોળ કષાયનો અભાવ છે. **'દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મરૂપી યોદ્ધાઓનાં દળ નાશ પામ્યાં છે...'**

આહાહા..! પંચમઆરાના મુનિને ખબર છે કે અત્યારે બારમું ગુણસ્થાન નહિ આવે. પણ છતાં આ પામીને બારમું આવશે એમ બતાવે છે. આહાહા..! ભલે કાળ લાગે. પણ બીજે ભવે આવવાનું કે ત્રીજે ભવે ભલે. એક સ્વર્ગનો ભવ (આવે). સ્વર્ગનો ભવ એ તો વચ્ચે ધર્મશાળા છે. ધર્મશાળા છે. પચ્ચીસ ગાઉ કાપવું હોય તો વીસ ગાઉ ચાલ્યા પછી બાકી પાંચ ગાઉ રહ્યા તો ધર્મશાળા હોય ત્યાં પડાવ નાખે. પછી સવારે ઊઠીને જાવું છે ત્યાં. એમ આ પાંચમા આરાના સાધુ દેહ છૂટીને સ્વર્ગમાં જાય પણ એ તો ધર્મશાળા છે. ન્યાંથી નીકળીને પરમાત્મા થવાના છે. આહાહા..! એટલું જોર આપે છે, પોતે મુનિરાજ એટલું જોર આપે છે. આહાહા..!

**'ભગવાન ક્ષીણકષાયને સોળ કષાયોનો અભાવ હોવાને લીધે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મરૂપી યોદ્ધાઓનાં દળ નાશ પામ્યાં છે...'** આહાહા..! દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય, એના જે દળ. મોટા જોધ્ધા. જડના જોદ્ધા. જડના જોદ્ધાના દળ નાશ પામ્યા છે. આહાહા..! અને ચૈતન્યનો જોદ્ધો પ્રગટ્યો છે. **'તેથી તે (ભગવાન ક્ષીણકષાય) સહજચિદ્‌વિલાસલક્ષણ...'** નીચે અર્થ છે. **'સહજચિદ્‌વિલાસલક્ષણ = જેનું લક્ષણ (-ચિહ્ન અથવા સ્વરૂપ) સહજચૈતન્યનો વિલાસ છે એવા.'** આહાહા..! વિલાસ. વિલાસ રમે છે ને? આ વિલાસ. ચૈતન્યવિલાસ છે અહીં તો કહે છે. આહાહા..! જેનો સહજસ્વાભાવિક જ્ઞાનવિલાસ લક્ષણ **'અતિઅપૂર્વ આત્માને...'** આહાહા..! અતિ અપૂર્વ આત્માને. પૂર્વે કોઈ દિ' નહોતો કર્યો, જાણ્યો એને શુદ્ધનિશ્ચય ધર્મધ્યાન **'અને શુદ્ધનિશ્ચય શુક્લધ્યાન એ બે ધ્યાનો વડે નિત્ય ધ્યાવે છે.'** આહાહા..!

**'તેથી તે (ભગવાન ક્ષીણકષાય) સહજચિદ્‌વિલાસલક્ષણ અતિ અપૂર્વ આત્માને...'** જોયું! જેનું લક્ષણ સહજ ચૈતન્યનો વિલાસ છે. આહાહા..! ભગવાન ચૈતન્યસ્વરૂપ છે એનો વિલાસ, પર્યાયમાં આનંદનો વિલાસ છે. આહા..! એવો જે **'સહજચિદ્‌વિલાસલક્ષણ અતિ અપૂર્વ આત્માને...'** એવી દશાને અનંત ભવમાં નહિ પામેલો કોઈ દિ', એવા અપૂર્વ આત્માને **'શુદ્ધનિશ્ચયધર્મધ્યાન...'** આહાહા..! **'અને શુદ્ધનિશ્ચય-શુક્લધ્યાન એ બે ધ્યાનો વડે નિત્ય ધ્યાવે છે.'** બેય (ધ્યાન) નાખ્યા છે. આહાહા..! બેય ધ્યાનને ધ્યાન કહ્યા. શુક્લધ્યાનની પણ ભાવના તો છે ને! ભલે ધર્મધ્યાન છે, શુક્લધ્યાન નથી પણ એની ભાવના તો છે. એની ભાવના કાંઈ ભવના ભાવની નથી. ભવના ભાવની નથી, ભવ કરું એ ભાવ નથી. આહાહા..!

**'અતિ અપૂર્વ આત્માને શુદ્ધનિશ્ચયધર્મધ્યાન અને શુદ્ધનિશ્ચય-શુક્લધ્યાન એ બે ધ્યાનો વડે નિત્ય ધ્યાવે છે.'** આહાહા..! સદા નિત્ય આત્મા છે તો એનો અનુભવ કરતાં સદા નિત્ય આત્મા અનુભવે છે. કોઈ એક સમય પણ એનો વિરહ પડતો નથી. આહાહા...! **'આ બે ધ્યાનો વિનાનો..'** હવે આકરું નાખ્યું. જેને ધર્મધ્યાન નથી, આત્માનું જેને ધ્યાન

નથી.. આહાહા..! એ ગમે એવો ક્રિયાકાંડી હોય એ '**દ્રવ્યલિંગધારી દ્રવ્યશ્રમણ બહિરાત્મા છે એમ હે શિષ્ય! તું જાણ.**' ત્રણ વિશેષ આપ્યા. ધર્મધ્યાન કે શુક્લધ્યાન સ્વઆત્માશ્રિત વિનાના જીવને તો '**દ્રવ્યલિંગધારી, દ્રવ્યશ્રમણ, બહિરાત્મા છે એમ હે શિષ્ય! તું જાણ.**' હે શિષ્ય! તું આમ જાણ. એમ વિશેષ કહે છે.... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૨૬૦

(वसंततिलका)

कश्चिन्मुनिः सततनिर्मलधर्मशुक्ल-
ध्यानामृते समरसे खलु वर्ततेऽसौ।
ताभ्यां विहीनमुनिको बहिरात्मकोऽयं
पूर्वोक्तयोगिनमहं शरणं प्रपद्ये।।२६०।।

**[શ્લોકાર્થ :–] કોઈ મુનિ સતત-નિર્મળ ધર્મશુક્લ-ધ્યાનામૃતરૂપી સમરસમાં ખરેખર વર્તે છે; (તે અંતરાત્મા છે;) એ બે ધ્યાનો વિનાનો તુચ્છ મુનિ તે બહિરાત્મા છે. હું પૂર્વોક્ત (સમરસી) યોગીનું શરણ ગ્રહું છું. ૨૬૦.**

**પ્રવચન નં. ૧૭૬, શ્લોક-૨૬૦–૨૬૧, બુધવાર, જ્યેષ્ઠ વદ ૧૨, તા.૦૯-૦૭-૮૦**

'નિયમસાર' ૨૬૦ કળશ. કળશ છે. ગાથાનો અર્થ થઈ ગયો છે.

कश्चिन्मुनिः सततनिर्मलधर्मशुक्ल-
ध्यानामृते समरसे खलु वर्ततेऽसौ।
ताभ्यां विहीनमुनिको बहिरात्मकोऽयं
पूर्वोक्तयोगिनमहं शरणं प्रपद्ये।।२६०।।

**શ્લોકાર્થ :-** '**કોઈ મુનિ સતત-નિર્મળ ધર્મશુક્લ-ધ્યાનામૃતરૂપી...**' લ્યો! શુક્લધ્યાન પણ લીધું. પંચમઆરામાં. અંતર નિર્મળ આનંદસ્વરૂપ ભગવાન, એ અતીન્દ્રિય આનંદનું દળ છે. આત્મા એ તો અતીન્દ્રિય આનંદનો સમૂહ–પિંડ છે. એમાં એકાગ્રતા, '**સતત-નિર્મળ...**' નિરંતર એમાં એકાગ્રતાનું રહેવું એ '**ધર્મશુક્લ-ધ્યાનામૃતરૂપી સમરસમાં...**' છે. એ ધર્મધ્યાન અને શુક્લધ્યાનરૂપી અમૃતરૂપી સમરસ છે. આહાહા..!

મુમુક્ષુ :– કોઈ મુનિ લખ્યું એવા કોઈ મુનિ ન હોય તો?

ઉત્તર :– મુનિ ન હોય તો મુનિ નથી. આ પ્રમાણે ન હોય તો મુનિ નથી. પણ વ્યક્તિનું આપણે.. એ કહેશે પોતે.

**'કોઈ મુનિ સતત-નિર્મળ ધર્મશુક્લ-ધર્મધ્યાનામૃતરૂપી...'** અમૃત. આહાહા..! અમૃતનો સાગર પ્રભુ એને જે અમૃતને પીવે છે, અંદરમાં એકાગ્ર ધ્યાન કરીને અમૃતરૂપી અમૃતને જે પીવે છે એ **'સમરસમાં ખરેખર વર્તે છે;...'** એ વીતરાગભાવમાં ખરેખર વર્તે છે. એટલે કે એને વિકલ્પો નથી. આહાહા..! અંતરના કે બાહ્યના એને વિકલ્પ નથી. આહાહા..! જેને અંતરમાં **'ધ્યાનામૃતરૂપી...'** અંતરના ધ્યાનરૂપી અમૃત... આહાહા..! એ જેણે પીધું અને અમૃત જેને મળ્યું એ **'સમરસમાં ખરેખર વર્તે છે;...'** એટલે કે એ તો વીતરાગભાવમાં વર્તે છે, એ વિકલ્પમાં વર્તતો નથી. આહાહા..! આ મુનિ! આકરું કામ છે, ભાઈ! મુનિપણું કોને કહેવું હજી એની ખબર ન મળે અને જેને-તેને માને. આહાહા..!

અંતરમાં આત્મા વિકલ્પરહિત પૂર્ણાનંદ સ્વરૂપ, એનું જેને અંદર ધ્યાન છે, અમૃતનો સ્વાદ છે, ભલે શુક્લધ્યાન પણ લીધું છે, ઉત્કૃષ્ટ વાત લીધી છે, અમૃતના સ્વાદમાં જે અંદર પડ્યો છે એ સમરસ ભાવવાળો છે. એટલે કે વિકલ્પ વિનાનો વીતરાગભાવવાળો છે. એમ કહેવું છે. આહાહા..! એ વીતરાગભાવવાળો છે તે મુનિ છે. આહાહા..! પંચમહાવ્રતના પરિણામ ને એ કાંઈ મુનિપણું નથી. એ સમરસ નથી. એ તો વિષમરસ છે. આહાહા..! કેટલાકને તો આવું સાંભળવા મળ્યું પણ ન હોય. આહાહા..! આ શું મુનિપણું! આહાહા..!

અંતર આનંદનો નાથ પરમાત્મસ્વરૂપ, તેની સન્મુખ થઈ, તેના ધ્યાનમાં અમૃતના રસનું વેદન (કરે) એને અહીં સમરસ કહ્યો છે. એને અહીંયાં વિકલ્પ વિનાનો, ભલે અંતર કે બાહ્યનો શુભ-અશુભ વિકલ્પ છે એ વિષમભાવ છે. ચાહે તો આત્મામાં દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ કે દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિકલ્પ, ત્રણ. દ્રવ્ય-ગુણ ને પર્યાય ત્રણનો વિકલ્પ પણ વિષમભાવ છે. આહાહા..! આવું છે. આ તો આટલા વળી પુણ્ય એટલે બધું રહ્યું, ભેગું આવ્યું. નહિતર તો આવી વાત સાંભળવા ઊભા ન રહે. આ શું કહે છે? અમારાથી કાંઈ કરી શકાય નહિ એવી વાત? કરી શકાય છે એ વાતની વાત નહિ. આહાહા..!

અહીં તો સત્ પ્રભુ સચ્ચિદાનંદ અમૃતનો સાગર અનાદિઅનંત ભગવાનઆત્મા એની સન્મુખમાં, એના ધ્યાનમાં એના અમૃત પીવે એને સમરસતા એટલે અહીં કહેવાનો આશય તો એ છે કે એને વિકલ્પ હોતા નથી એથી તેને વીતરાગભાવ હોય છે. છે ને? **'સમરસમાં ખરેખર વર્તે છે;...'** એ વીતરાગભાવમાં વર્તે છે. પંચમઆરાના મુનિ, પંચમઆરાના પ્રાણીને સંભળાવે છે. કોઈ કહે કે આ વાત તો ચોથા આરા માટે (છે). આહાહા..! મુનિપણું તો અલૌકિક વાત છે, ભાઈ! આહાહા..!

**'(તે અંતરાત્મા છે;)...'** હજી તો સાધક છે ને? તે અંતરાત્મા છે. આહાહા..! અને **'એ બે ધ્યાનો વિનાનો...'** અંતરના આનંદ અતીન્દ્રિય મૂર્તિ પ્રભુ, એના અમૃતના સ્વાદ

વિનાનો... આહાહા..! **'તુચ્છ મુનિ...'** લ્યો, એમ કહ્યું. મુનિએ પોતે કહ્યું. આહાહા..! **'બે ધ્યાનો વિનાનો તુચ્છ...'** અંતરમાં ધ્યાન વિનાનો. આહાહા..! આખો દિ' વિકલ્પ જ કર્યા કરે છે, કહે છે. આહાહા..! એ વિકલ્પ છે એ તો રાગ છે. એ કાંઈ મુનિપણું નથી.. આહાહા..! મુનિપણું તો વીતરાગભાવે પંચપરમેષ્ઠીમાં મુનિપણા ભળે છે. પંચપરમેષ્ઠી વીતરાગભાવે છે. એને–વીતરાગભાવને અહીંયાં સમરસ કહ્યો છે. પણ કઈ રીતે?

**'સતત-નિર્મળ ધર્મશુક્લ-ધ્યાનામૃતરૂપી સમરસમાં...'** આહાહા..! નિરંતર સતત–અંતર પડ્યા વિના આત્માના અમૃતની ધારા, અમૃતની ધારા વહે એવી જે વીતરાગતા તે ખરેખર મુનિ છે. આહાહા..! હવે અહીં તો એણે સાંભળ્યું હોય કે ૨૭ ગુણો પાળો એટલે મુનિપણું. શ્વેતાંબરમાં એમ છે ને? ૨૭ ગુણ. આમાં–દિગંબરમાં અઠ્યાવીશ ગુણ છે. અઠ્યાવીશ વિકલ્પ. આહાહા..! એ તો શુદ્ધ પરિણતિ ધર્મની અંતર હોય એને એવો વિકલ્પ વ્યવહાર હોય છે એનું વર્ણન છે. પણ જ્યાં શુદ્ધ પરિણતિ જ નથી, અંતરના આનંદના સ્વાદનો જ્યાં અભાવ છે એના વ્યવહારને તો વ્યવહાર પણ કહેવાતો નથી. આહાહા..! આવું છે સ્વરૂપ જરી. વ્યવહાર તો નિશ્ચય હોય તો વ્યવહાર કહેવામાં આવે. નિશ્ચય આત્માના..

આત્મા એટલે શું! એકલો અમૃતનો સાગર, શાંતિનો સાગર, સુખનો મોટો દરિયો.. આહાહા..! અતીન્દ્રિય આનંદનો સાગર, એના તરફની જે એકાગ્રતા, એનું નામ અહીંયાં ધર્મધ્યાન અને શુક્લધ્યાન (છે) એટલે કે સમરસ વીતરાગભાવ કહેવાય છે. આહાહા..! આ તો વીતરાગભાવને જ ધર્મધ્યાન કહેવામાં આવ્યું છે, લ્યો! શુક્લધ્યાન તો ઠીક, એ તો કહે પણ અહીં તો ધર્મધ્યાન પણ વીતરાગભાવ (સ્વરૂપ છે). આહાહા..!

**'એ બે ધ્યાનો વિનાનો...'** જેને એ અમૃતના સાગરના ધોધ વહે છે પ્રભુ અંદર, એના અનુભવ વિનાનો... આહાહા..! જે મુનિ **'તુચ્છ મુનિ તે બહિરાત્મા છે.'** લ્યો! આ બે ધ્યાન વિનાનો એમ કીધું. પંચમહાવ્રત વિનાનો અને પંચમહાવ્રતમાં દોષ લગાડે છે ફલાણાને માટે ને એમ નથી કહ્યું. આહાહા..! જેમાં આખા સંસારનો અભાવ છે અને પૂર્ણ આનંદ, જ્ઞાનથી પૂર્ણતા ભરેલી છે. આહાહા..! જેમાં પૂર્ણ વીતરાગતા, પૂર્ણ શાંતિ, પૂર્ણ નિર્વિકલ્પતા પૂર્ણ ભરી છે એનું જેને વેદન છે તેને અહીં મુનિ કહેવામાં આવે છે. એ સિવાયના તુચ્છ મુનિ એકલા વિકલ્પમાં જ વર્તે છે. પંચમહાવ્રતના વિકલ્પ (માત્ર છે) અને વસ્તુ અંતરમાં નથી.. આહાહા..!

**'તુચ્છ મુનિ તે બહિરાત્મા છે.'** તે બહિરાત્મા છે. આહાહા..! કહો, આવું સાંભળ્યું હતું કોઈ દિ'? આહાહા..! આવી વાત છે. અસ્થિરતાનો રાગ હોય એ જુદી વસ્તુ છે. આ અંતર્મુખ આનંદનું ધ્યાન અને આનંદની અનુભવ દશા, અતીન્દ્રિય આનંદનો સાગર પરમાત્મા, એનો એક નમુનો-અંશ અંતરના અમૃતના સ્વાદનો (આવે), એમાં રહેલાને નિર્વિકલ્પ કહી, વીતરાગભાવ કહી, તેને સાચા મુનિ કહેવામાં આવ્યા છે. એ બે ધ્યાન વિનાનો ભલે પંચમહાવ્રત પાળતો હોય... આહાહા..! ભલે સમિતિ, ગુપ્તિ આદિ અઠ્યાવીશ મૂળગુણ હોય પણ

અંતરાત્માનો સ્પર્શ નથી, અમૃતના સાગરને જેણે ભાળ્યો નથી, જોયો નથી એ બહિરાત્મા છે. બહિરાત્મા છે, મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આકરી પડે આવી વાત.

**'બે ધ્યાનો વિનાનો તુચ્છ મુનિ તે બહિરાત્મા છે. હું...'** હવે પોતે મુનિ કહે છે. 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ. **'હું પૂર્વોક્ત (સમરસી) યોગીનું શરણ ગ્રહું છું.'** એટલે કે હું સમરસીમાં છું. આહાહા..! **'હું પૂર્વોક્ત (સમરસી)...'** સમરસી એટલે વીતરાગભાવમાં જે છે, જેને વિકલ્પની ગંધ નથી એવા મુનિના શરણમાં હું છું. એવા **'યોગીનું શરણ ગ્રહું છું.'** આહાહા..! પંચમઆરાની વાત હશે આ? કોઈ એમ કહે છે કે આવી વાત તો ચોથાઆરાની છે. આહાહા..! 'નિયમસાર'માં મુનિ પોતે 'કુંદકુંદાચાર્યે' પોતા માટે, પંચમઆરામાં પોતા માટે બનાવ્યું છે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' પંચમઆરામાં થયા છે. ભગવાન પછી પાંચસે-છસ્સે વર્ષે. એમાંથી આ છે અને પોતે પોતા માટે બનાવ્યું છે. આહાહા..! એકલા આનંદના ઝરણા વહ્યા છે. આહાહા..!

**'વળી (આ ૧૫૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ વડે શ્લોક દ્વારા) કેવળ શુદ્ધનિશ્ચયનયનું સ્વરૂપ કહેવામાં આવે છે :–'**

## શ્લોક–૨૬૧

**किं च केवलं शुद्धनिश्चयनयस्वरूपमुच्यते -**

(अनुष्टुभ्)

**बहिरात्मान्तरात्मेति विकल्पः कुधियामयम्।**
**सुधियां न समस्त्येष संसाररमणीप्रियः।।२६१।।**

**[શ્લોકાર્થ :–] (શુદ્ધ આત્મતત્ત્વને વિષે) બહિરાત્મા અને અંતરાત્મા એવો આ વિકલ્પ કુબુદ્ધિઓને હોય છે; સંસારરૂપી રમણીને પ્રિય એવો આ વિકલ્પ સુબુદ્ધિઓને હોતો નથી. ૨૬૧.**

## શ્લોક–૨૬૧ ઉપર પ્રવચન

૨૬૧.

**बहिरात्मान्तरात्मेति विकल्पः कुधियामयम्।**
**सुधियां न समस्त्येष संसाररमणीप्रियः।।२६१।।**

**શ્લોકાર્થ :-** આહાહા..! **'(શુદ્ધ આત્મતત્ત્વને વિષે) બહિરાત્મા અને અંતરાત્મા એવો**

**આ વિકલ્પ કુબુદ્ધિઓને હોય છે;...'** આહાહા..! બહિરાત્મા અને અંતરાત્માના વિકલ્પમાં વર્તે એ કુબુદ્ધિ છે. આહાહા..! અહીં તો વર્તે એ વિકલ્પ આવો હોય છે એ બહિરાત્મા છે. આહાહા..! એવો ભેદ પાડે છે. અંતરાત્મા અને બહિરાત્મા એમ બે ભેદ પાડવા જાય છે ત્યાં એકલું અંદર ધ્યાન રહેતું નથી. આહાહા..! અંતરાત્મા આ અને બહિરાત્મા આ એમ કરવા જાય ત્યાં વિકલ્પ તૂટતો નથી. ત્યાં વિકલ્પ રાગ રહે છે માટે કહે છે કે **'(શુદ્ધ આત્મતત્ત્વને વિષે)...'** એકલો જ્યાં શુદ્ધ ચૈતન્ય પ્રભુ, નિર્મળાનંદ પ્રભુ આત્મા વીતરાગમૂર્તિ પ્રભુ છે. આહાહા..! એ **'બહિરાત્મા અને અંતરાત્મા એવો આ વિકલ્પ...'** આહાહા..! કારણ કે એનું બહિરાત્મા ઉપર લક્ષ ગયું. અંતરાત્મા અને બહિરાત્મા એવો ભેદ પાડવા જાય છે ત્યાં એનું લક્ષ એકલું વિકલ્પ ઉપર ગયું. આહાહા..!

શુદ્ધ આત્મા એકરૂપ સ્વરૂપ પરમાનંદમૂર્તિ, એ એક સ્વરૂપમાં બહિરાત્મા અને અંતરાત્મા આવા બે ભેદ પાડવા જાય છે, એવો આ વિકલ્પ કુબુદ્ધિઓને હોય છે. આહાહા..! ક્યાં સુધી લઈ ગયા! ફલાણું કરે અને ફલાણું કરે એ તો એક કોર રહી ગયું. પણ અહીંયાં એ તત્ત્વ જે છે એકરૂપ સ્વરૂપ, પરમાત્મસ્વરૂપ જ ચિદાનંદ છે, એમાં શુદ્ધાત્મામાં બે ભેદ પાડવા કે આ અંતરાત્મા આમ અને બહિરાત્મા આ... આહાહા..! એવો જે વિકલ્પ છે એ કુબુદ્ધિને છે. આકરી વાત છે. સંસારના કર્તવ્ય તો એકકોર રહી ગયા. આહાહા..! શુભભાવના કર્તવ્ય પણ એકકોર રહી ગયા.

આવો જે શુભભાવ કે આ આત્મા અંતરાત્મા આને કહીએ અને બહિરાત્મા આને કહીએ એવો જે વિકલ્પમાં આવ્યો છે એ કુબુદ્ધિ છે. એકરૂપ વસ્તુમાં બે પ્રકારના વિકલ્પ ઉઠાવે છે એ કુબુદ્ધિ છે એમ કહે છે. વસ્તુ એકરૂપ છે. એમાં આ અંતરાત્મા એક સમયની પર્યાય એ પર્યાય છે અને બહિરાત્મા એ પણ વિકલ્પની પર્યાય છે. આહાહા..! આકરો વિષય છે, ભાઈ! પાઠમાં જ છે હોં! ઇ. છે ને? **'झाणविहीणो समणो बहिरप्पा इदि विजाणीहि'** 'કુંદકુંદાચાર્ય'નું વચન છે આ. **'जो धम्मसुक्कझाणम्हि परिणदो सो वि अंतरंगप्पा'** ધર્મ(ધ્યાન) અને શુક્લધ્યાનરૂપે પરિણમ્યો છે... આહાહા..! તે અંતરાત્મા છે. અને **'झाणविहीणो'** બે ધ્યાનમાંથી અંદરનું એકેય ધ્યાન ન મળે. એ **'विहीणो समणो बहिरप्पा इदि विजाणीहि'** બહિરાત્મા છે એમ તું જાણ. એમ 'કુંદકુંદાચાર્યે' પોતે કહ્યું છે. ગાથામાં છે. ટીકાકારે જ કહ્યું છે એમ નહિ. આહાહા..! કહેવાનો આશય તો એવો છે કે એકરૂપ સ્વરૂપ છે એમાં ભેદ પાડીને વિકલ્પ ઉઠાવે... આહાહા..! એ કુબુદ્ધિ છે. અભેદમાં ભેદ ઉત્પન્ન કરે અને માને (એ કુબુદ્ધિ છે). આહાહા..! આકરી વાત છે આ. છેલ્લામાં છેલ્લું આ (છે). આહાહા..!

મુમુક્ષુ :- ત્રણ ભેદ પાડે દ્રવ્ય-ગુણ-પર્યાયના...

ઉત્તર :- બે ભેદ પાડ્યા. બે ભેદ પાડ્યા એ કુબુદ્ધિ છે. વસ્તુ ત્રિકાળ એકરૂપ છે. આહાહા..!

શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એકરૂપ, ત્રિકાળ એકરૂપ વસ્તુ છે. એવા શુદ્ધાત્મામાં, પરમાનંદની મૂર્તિ, વીતરાગમૂર્તિમાં બે ભેદ પાડવા એ વિકલ્પ છે અને વસ્તુ વીતરાગસ્વરૂપ છે. માટે વિકલ્પમાં વર્તે છે તે બહિરાત્મા છે. આહાહા..! સાંભળવું પહેલું કઠણ પડે. એકરૂપમાં બેરૂપનો ભેદ પાડીને વિકલ્પ કરે તે કુબુદ્ધિ છે એમ કહે છે. આહાહા..! 'દેવચંદજી'! આહાહા..! આ રાગ કરે અને રાગને પોતાનો માને એ તો મિથ્યાત્વ છે, એ તો સ્થુળ વાત છે. આહાહા..! પણ ભગવાનઆત્મા અંતરમાં એકરૂપ ચિદાનંદ અનાદિઅનંત, સચ્ચિદાનંદસ્વરૂપ અમૃતનો સાગર એકરૂપે, એક સ્વભાવે, એક સ્વરૂપે છે એમાં બે ભેદ પાડે કે આ અંતરાત્માની પર્યાય અને આ બહિરાત્મા, એ વિકલ્પ છે, એ કુબુદ્ધિ છે. આહાહા..! કહો, 'દેવીલાલજી'! આવી વાત છે. વાત હતી કે દિ'? આહાહા..! છેલ્લામાં છેલ્લું તત્ત્વ છે આ.

**'झाणविहीणो'** એમ કીધું ને? તે પહેલા આવી ગયું છે ને? કે **'अंतरबाहिरजप्पे जो वट्टइ सो हवेइ बहिरप्पा'** અંતરાત્મા અને બહિરાત્મા એમાં બે વિકલ્પમાં વર્તે (તે) બહિરાત્મા. ૧૫૦માં. ૧૫૦ ગાથામાં કહ્યું. અંતર અને બહિર્ એવા વિકલ્પમાં વર્તે એ બહિરાત્મા છે. **'जप्पेसु जो ण वट्टइ'** વિકલ્પમાં ન વર્તે તો અંતરાત્મા છે. આહાહા..! વિકલ્પ આવે છે પણ એમાં વર્તતો નથી. આહાહા..! જાણવામાં વર્તે છે એ વિકલ્પમાં વર્તતો નથી. વિકલ્પમાં વર્તે છે એ સ્વરૂપમાં વર્તતો નથી. આહાહા..! આવી વાત છે. એ વાત પહેલા કહી ગયા, ૧૫૦ ગાથામાં કહી ગયા છે. અંતર-બહિર્ બે ભેદ પાડે એ પહેલું તો કહી ગયા છે અને આ વિશેષ સ્પષ્ટ કરે છે. ધ્યાનવાળો છે એ મુનિ છે અને ધ્યાન વિનાનો છે એ બહિરાત્મા છે એમ હવે ચોખ્ખું કરી નાખ્યું. આહાહા..! આવ્યું?

**'(શુદ્ધ આત્મતત્ત્વને વિષે)..'** વજન અહીં છે. શુદ્ધ આત્મતત્ત્વ એકરૂપ છે તેમાં. શુદ્ધ આત્મતત્ત્વ અખંડાનંદ અભેદ અમૃતસ્વરૂપ એકરૂપ છે તેમાં–એકમાં બે ભેદ પાડે છે... આહાહા..! અહીં તો હજી શુભથી છૂટવાની ના પાડે. એકાંત છે. શુભથી શુદ્ધ થાય, શુભથી શુદ્ધ થાય. અને ઘણે ઠેકાણે એવું લખાણ આવે પણ ખરું. શુભ હોય છે એનાથી રહિત થયો છે એટલે શુભમાં આરોપ આપે છે. એવી વાત છે. શુભભાવથી છૂટીને શુદ્ધનો અનુભવ થયો ત્યારે શુભમાં સાધકનો આરોપ આપ્યો. નિશ્ચય સાધક થયો ત્યારે વ્યવહાર સાધકનો આરોપ આપ્યો છે. હવે એને એનાથી થાય એમ માની બેસે છે. આહાહા..!

અહીં તો એકરૂપમાં બેરૂપનો વિકલ્પ કરે... આહાહા..! શું કહ્યું? જુઓ! **'(શુદ્ધ આત્મતત્ત્વને વિષે)...'** શુદ્ધ આત્મતત્ત્વને વિષે એટલે એકરૂપ તત્ત્વને વિષે. આહાહા..! બીજા વિકલ્પ તો એકકોર રહ્યા. લખવાના, બોલવાના, સમજાવવાના એ તો બધા વિકલ્પો છે. આહાહા..! એમાં વર્તે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! પણ અહીં તો કહે છે કે એકરૂપમાં બેપણામાં વર્તે... આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– આટલા વિકલ્પમાં કુબુદ્ધિવાળો કહ્યો.

ઉત્તર :– કુબુદ્ધિ છે, મિથ્યાદૃષ્ટિ કીધો. એકમાં બે ભેદ પાડ્યા કેમ? એકરૂપ ચૈતન્ય છે એમાં બે ભેદ પાડ્યા તો વિકલ્પ આવ્યો અને વિકલ્પમાં વર્તે એ તો મિથ્યાદૃષ્ટિ છે. 'ચીમનભાઈ'! આવું ક્યાંય સાંભળ્યું નહોતું એવું છે આ. હતું ક્યાં? આહાહા..!

**'બહિરાત્મા અને અંતરાત્મા એવો આ વિકલ્પ કુબુદ્ધિઓને હોય છે;...'** આહાહા..! છેલ્લામાં છેલ્લી વાતું (કરી છે). ૧૫૦ ને ૧૫૧ ગાથા. ૧૫૦માં પણ એમ કીધું ને? બહિરાત્મા અને અંતરાત્મામાં વર્તે. બે પ્રકારના જલ્પ થઈને. અંતરાત્મા અને બહિરાત્મામાં જપે. જલ્પ એટલે વિકલ્પમાં વર્તે. બેપણામાં વિકલ્પપણે વર્તે તે બહિરાત્મા. કહ્યું ને એમાં? આહાહા..! અહીં કહે (છે), એકમાં બેપણાના ભાગ પાડે, છે એકરૂપ વસ્તુ, એમાં બે ભાગ પાડે કે આ અંતરાત્મા અને આ બહિરાત્મા... આહાહા..! અને એમાં વર્તે. બહિરાત્મા અને અંતરાત્મા એવો વિકલ્પ કુબુદ્ધિને હોય છે. એનો અર્થ અહીં વર્તે (કર્યો છે).

**'સંસારરૂપી રમણીને પ્રિય એવો...'** સંસારમાં રખડવાની પ્રીતિવાળો **'એવો આ વિકલ્પ...'** આહાહા..! ચોર્યાશીના અવતારમાં રખડવારૂપી પ્રિય સ્ત્રી... આહાહા..! એ રમણી. સંસારરૂપી રમણી. આહાહા..! એ વિકલ્પ છે એ સંસારરૂપી રમણી છે. આહાહા..! આનંદના નાથને, વેદનને ભૂલીને બે ભાવ કરીને ત્યાં વર્ત્યા કરે તો એ **'સંસારરૂપી રમણીને પ્રિય એવો આ વિકલ્પ...'** એવો આ રાગ, એવી આ વૃત્તિનું ઉત્થાન **'સુબુદ્ધિઓને હોતો નથી.'** આહાહા..! અઢી લીટીમાં તો..

એ ૧૫૦ અને ૧૫૧માં નિશ્ચય આવશ્યકની વાત છે ને. નિશ્ચય આવશ્યકનો અધિકાર છે ને? સત્ય જરૂરનું આ છે. બે ભેદ પાડવા એ જરૂરનું નથી, કહે છે. આહાહા..! બીજું જરૂર માને એ સ્વતંત્ર છે. આહાહા..! પણ એક આત્માસ્વરૂપે બિરાજમાન પ્રભુ અનાદિઅનંત સત્તા સહિત, આનંદસત્તા જેની એનાથી વિરુદ્ધના બે વિકલ્પ ઉઠાવે : અંતરાત્મા અને બહિરાત્મા વિકલ્પ (ઉઠાવે) એ કુબુદ્ધિ છે. આહાહા..! આવું તો સાંભળવું કઠણ પડે. 'ધીયા'! ક્યાંય મળે નહિ. સ્થાનકવાસી, દેરાવાસીમાં તો નથી પણ દિગંબરમાં અત્યારે ક્યાં છે? ગોટા વાળ્યા છે. આહાહા..! આકરી વાત છે. એને દુઃખ તો થાય ને, બાપા! જે વિકલ્પ ઊઠે એ દુઃખી છે ને. એ દુઃખના દાઝેલાઓનો અનાદર કરવો, તિરસ્કાર કરવો એ હોઈ શકે નહિ. એ પણ ટળીને પરમાત્મા થાવ. આહાહા..! એવી વિપરીત બુદ્ધિ ટળીને પણ જેવું સ્વરૂપ છે તેવું થાવ. એવી ભાવના ધર્મીને હોય છે. આહાહા..! 'શાંતિભાઈ'! આહાહા..!

'દ્રવ્યસંગ્રહ'માં કહ્યું ને. 'દ્રવ્યસંગ્રહ'માં કહ્યું હતું ને. અવાય વિચાર. ધર્મીજીવ વિચાર કરે છે એમાં આ આવે છે. હરએક પ્રાણી, કોઈપણ પ્રાણી દુઃખી ન થાવ. તમે પ્રભુથી વિરુદ્ધ કરશો, પ્રભુ! તો મને દુઃખ થશે. આહાહા..! અને એ દુઃખની વ્યાખ્યા તમને આકુળતા સહી નહિ જાય અને એમાં ને એમાં મૂંઝાઈને મરી જઈશ, બાપા! આહાહા..! અનાદિ કાળથી વાસ્તવિક તત્ત્વમાંથી ખસીને પુણ્ય અને પાપના વિકલ્પમાં તો રહ્યો પણ અહીં તો અંતરાત્મા

અને બહિરાત્મા ભેદમાં જે રહે... આહાહા..! એના વિકલ્પમાં જે વર્ત્યા કરે. આહાહા..! સ્વરૂપનું ધ્યાન તો નથી, આનંદનો અંદર જે સ્વાદ જોઈએ એ તો છે નહિ અને આવો વિકલ્પ ઉઠાવે કે બહિરાત્મા અને અંતરાત્મા. કહે છે કે એ તો મિથ્યાદષ્ટિ કુબુદ્ધિ છે. આહાહા..!

સત્ય આવું છે. આકરું લાગે કે જરી કઠણ લાગે પણ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માનું વીતરાગસત્ય તો આવું છે. વીતરાગીસત્ય તો આ છે. આહાહા..! એ સાંભળીને કંટાળો ન લાવવો જોઈએ કે આટલું બધું આકરું! એમ ન લાવવું જોઈએ. પણ પ્રભુ! તારી મહત્તા એટલી બધી છે કે એ મહત્તા એકરૂપમાં બે રૂપ ઉઠાવે છે એ દુઃખ છે એ ટળાવે છે. આહાહા..! પ્રભુ! તું એકરૂપે, આનંદરૂપે છો ને. સમતાનું ઘર, વીતરાગનું ઘર છો ને. આહાહા..! એમાં એકરૂપમાં બેરૂપતા ઉપાડતા, બહિરાત્મા અને અંતરાત્મા એવી બે વાત ઉપાડતા, પ્રભુ! તને દુઃખ થાય છે. તું ભલે વિચારતો નથી પણ પ્રભુ તને દુઃખ થાય છે એમાં. એ દુઃખને ટાળવા માટે વાત કરે છે. એ દુઃખમાં રહે તું એના માટે છે આ? આહાહા..! તેથી પોતે એમ કહે છે ને? આહાહા..! પહેલામાં કહ્યું ને? હું તો એવા યોગીનું શરણ ગ્રહું છું. જે રાગરહિત, ભેદરહિત છે તેનું શરણ ગ્રહું છું. આહાહા..! પહેલા શ્લોકમાં કહ્યું. ૨૬૦. ૨૬૧માં આમ લીધું. આહાહા..!

**'સંસારરૂપી રમણીને પ્રિય એવો આ વિકલ્પ...'** આહાહા..! પ્રભુ! પ્રભુ! પ્રભુ! પરમાત્મસ્વરૂપ એકરૂપ છે એમાં બેરૂપતા ઉઠાવે છે. આ અંતરાત્મા અને બહિરાત્મા. પોતે પરમાત્મા તો છે જ. આહાહા..! એમાં અંતરાત્મા અને બહિરાત્માનો વિકલ્પ (ઉઠાવે એ) કુબુદ્ધિ છે. આહાહા..! કેટલાયે તો જિંદગીમાં આ સાંભળ્યું નહિ હોય. આ છેલ્લામાં છેલ્લી વાત છે. આ બે ગાથાઓ જ્યારથી જોઈ ત્યારથી પહેલેથી કહીએ છીએ. આહાહા..! વસ્તુનું સ્વરૂપ જ એ છે.

એકરૂપ એવો ભગવાનઆત્મા એ વસ્તુ છે, અસ્તિ છે, સત્તા છે, સ્વભાવ છે, મોજૂદગી ચીજ છે. અનંતગુણનો ધણી એકરૂપે રહે, અનંત આનંદ અને અમૃતનો સાગર નાથ એકરૂપે રહે એવું તેનું ત્રિકાળી સ્વરૂપ છે. એ બધાનું સ્વરૂપ એવું જ છે, પ્રભુ! એમાંથી નીકળીને આમ બે ભેદ પાડીશ તો પ્રભુ તું દુઃખી થઈશ. તેને કુબુદ્ધિ કીધું ને? આહાહા..! તું દુઃખી થઈશ, તને દુઃખ થશે. અને દુઃખ થશે એટલે સંસાર આવશે રખડવાનો. પરિભ્રમણ આવશે. આહાહા..! આટલી કરુણાથી આ વાત કરી છે. આહાહા..!

કહે છે કે અંતરાત્મા અને બહિરાત્મા એવો એકરૂપ ચૈતન્યમાં ભેદ એ **'સંસારરૂપી રમણીને પ્રિય...'** એટલે રખડવા માટે છે. આહાહા..! એ સંસારમાં રખડવા માટેનો વિકલ્પ છે. પ્રભુ! પ્રભુ! આવી વાત! આહાહા..! અહીં તો કેટલા વિકલ્પના ગોટા ઉઠાવે તોપણ એમાં લાભ માને. આહાહા..! અહીં તો અહીં સુધી આવે તોપણ લાભ નથી. આહાહા..!

સંસારમાં પણ હોય છે રાજા, મહારાજા સમ્યગ્દૃષ્ટિ (હોય છે) એના પ્રમાણમાં એને આર્તધ્યાન અને રૌદ્રધ્યાન પણ હોય છે. છતાં એ બહિરાત્મા નથી. આહાહા..! કેમકે એની દૃષ્ટિમાં અંતરાત્મા તરવરે છે. ત્રિકાળી આત્મા-પરમાત્મા છે એ તરવરે છે. વિકલ્પ થાય છે, રાગ હોય છે એ ક્રિયા પણ રાગની થાય છે, છતાં તેનો જાણનાર રહીને સ્વરૂપમાં રમવાની સ્થિતિ તેના ઘરમાં છે. આહાહા..! એવું સ્વરૂપ છે. આ શું કહેવું છે?

સમકિતી ગૃહસ્થાશ્રમમાં આવી રીતે વિકલ્પમાં આવે તો એ કુબુદ્ધિ નથી. એ ભેદ પાડતો નથી. વસ્તુની તો અભેદ દૃષ્ટિ છે. વસ્તુ ત્રિકાળી છે એ તો અભેદ છે. એમાં બિલકુલ ભેદ પાડતો નથી. રાગાદિ આવે, આર્તધ્યાન આવે, રૌદ્રધ્યાન આવે... આહાહા..! છતાં એ કુબુદ્ધિ નથી. આહાહા..! રૌદ્રધ્યાન આવે તોપણ કુબુદ્ધિ નથી. અને અહીં એકમાં બે ભાગ પાડીને ત્યાં વર્તે તો એ કુબુદ્ધિ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– ગુણ અને ગુણી એમ બે જોવે તો?

ઉત્તર :– એ પણ વિકલ્પ છે. એકમાં બે ભેદ પાડ્યા. એ વિકલ્પ છે અને વિકલ્પમાં વર્તે તો મિથ્યાદૃષ્ટિ (છે). એ તો પહેલા કીધું છે. પહેલા કહી ગયા ને? ૧૫૦માં. **'अंतरबाहिरजप्पे जो वट्टइ'** અંતરાત્મા અને બહિરાત્મા એમ જે વિકલ્પમાં વર્તે. આહાહા..! **'सो हवेइ बहिरप्पा'** એ બહિરાત્મા છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ! ૧૫૦ અને ૧૫૧ (ગાથામાં)... આહાહા..! અલૌકિક વાતું છે. અહીં તો દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, પૂજા કરો, બાપુ! એ બધા તો વિકલ્પ છે. આહાહા..! શાસ્ત્ર બનાવો. એ બધા વિકલ્પની જાળું છે. આહાહા..!

અહીં તો એકરૂપમાં બે ભાગ પાડતા પણ વિકલ્પ છે. પર્યાયના બે ભેદ પાડતા. દ્રવ્ય વસ્તુ એકરૂપે છે. દ્રવ્ય જે છે એ ભગવાન પરમાત્મા એકરૂપે છે. એમાં જે પરમાત્મા સિવાય અંતરાત્મા અને બહિરાત્માનો બે ભેદનો વિકલ્પ ઉઠાવે છે એ પણ કુબુદ્ધિ અને અજ્ઞાન છે. આહાહા..! આવી વાત છે. છે કે નહિ એમાં? આવું સાંભળ્યું છે કે દિ' ત્યાં?

મુમુક્ષુ :– સંભળાવનાર કે દિ' હતા?

ઉત્તર :– હા. આવી વાત રહી ગઈ, બાપા! ઓહોહો..!

મુમુક્ષુ :– તત્ત્વના ચિંતનનો વિકલ્પ?

ઉત્તર :– એ તો વિકલ્પ છે. ચિંતવન કરવું એ વિકલ્પ છે. ચિંતવનાર બે છે. એક આત્માનું ધ્યાન-એકાગ્રતા એને ચિંતવન કહે છે, અંતર ધ્યાનમાં એકાગ્રતા એને ચિંતવન કહે છે અને એક આવો આત્મા છે... આવો છે એવો વિકલ્પ એને પણ ચિંતવન કહે છે. શાસ્ત્રમાં ચિંતવનના કથન બે પ્રકારે છે. આહાહા..! અરે..રે..!

મુમુક્ષુ :– કઠણ લાગે છે આ બધું.

ઉત્તર :– કઠણ છે, ભાઈ! બાપા! આ તો વસ્તુ એવી છે. આહાહા..! ઓ..હો..! ચોર્યાશીના

અવતાર. બાકી ત્યાગ કર્યો, મહાવ્રત પાળ્યા બધું અનંતવાર કર્યું. આહાહા..! અને તે મિથ્યાત્વ કોને કહેવું એ સમજ્યા વિના શલ્ય ઊંડે અંદર રહી જાય અને માને કે આ સમકિત છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ!

આ બે કળશો-૧૫૦ અને ૧૫૧ એ તો નિશ્ચય આવશ્યક છે ને? અહીં જરૂરનું કહે છે એકમાં બે ભાગ પાડવાની જરૂરિયાત નથી. આહાહા..! પ્રભુ ચૈતન્યપિંડ અમૃતનો સાગર એકરૂપ છે એમાં એને એકમાં બે ભાગ પાડવા એ કુબુદ્ધિ છે. આહાહા..! એકમાં અનેકતાને નાખવી એ તારી ભૂલ છે. આહાહા..! આવી વાત 'દેવચંદજી' ક્યાંથી? કહેતા-કહેતા લોકો કહે એકાંત છે.. એકાંત છે... એકાંત છે. પ્રભુ! પ્રભુ..! પ્રભુ! તારા હિતની વાત છે. અંતરના... આહાહા..! રાગ આવે પણ એની મર્યાદા આવે. આહાહા..! ગજબ કામ કર્યું છે. આ તો 'પદ્મપ્રભમલધારિદેવ'. 'અમૃતચંદ્રાચાર્ય' પછી થયેલા. એ પણ આવું ખુલ્લું મૂકીને જગત પાસે વાત કરે છે. સભા વચ્ચે કહે છે કે આ પ્રમાણે છે. આહાહા..!

**'(શુદ્ધ આત્મતત્ત્વને વિષે)...'** એટલે એક જ વસ્તુ, એકરૂપ વસ્તુને વિષે **'બહિરાત્મા અને અંતરાત્મા એવા વિકલ્પ કુબુદ્ધિઓને હોય છે; સંસારરૂપી રમણીને પ્રિય...'** ચાર ગતિમાં રખડવાની જેની વહાલપ છે એવો જે વિકલ્પ. આહાહા..! વિકલ્પનો પ્રેમ છે એને ચાર ગતિમાં રખડવાનો પ્રેમ છે. **'સંસારરૂપી રમણીને પ્રિય એવો વિકલ્પ...'** એ રાગનો જેને રસ છે... આહાહા..! એને ચાર ગતિમાં રખડવાનો રસ છે. આહાહા..! રાગ થાય, રાગ આવે.

'ભરત' ચક્રવર્તી એકાવતારી ક્ષાયિકસમકિતી. એ ભગવાનને મોક્ષ જતા જોયા તો આંખમાંથી આંસુની ધાર. અરે..! આ ભરતક્ષેત્રનો સૂર્ય અસ્ત થયો. ભરતનો સૂર્ય આજ અસ્ત થયો. આ સૂર્ય તો ઊગે અને આથમે પણ આ તો ચૈતન્યસૂર્ય, કેવળજ્ઞાનસૂર્ય આજે અસ્ત થઈ ગયો. આંસુની ધારા ચાલે છે. છે સમકિતી, ક્ષાયિક સમકિતી. આહાહા..! ઇન્દ્ર કહે છે કે, ભાઈ! તારે તો આ ભવમાં મોક્ષ જાવું અને અમારે તો હજી એકાદ ભવ છે. ('ભરત' કહે છે), ખબર છે. બધી ખબર છે. બાપુ! રાગ આવે એટલે આ સ્થિતિ થાય. બધી ખબર છે. ઇન્દ્ર 'ભરત'ને કહે છે, કે શું કરવા રડો છો? ભગવાન મોક્ષ પધાર્યા છે. સાંભળ. ઇન્દ્રને કહે, સાંભળ! મને બધી ખબર છે. પણ રાગ છે એથી આ થાય છે એ જાણું છું. રાગની એકતા મારે છે નહિ. રાગ અને જ્ઞાયક એ બે જુદા જ જાણું છું. અને આ ભવમાં જ મારે મોક્ષ છે. આ મારો દેહ છેલ્લો છે. હવે બીજો દેહ છે નહિ. આહાહા..! એ પણ રોતા.. રોતા (આમ કહે છે). આહાહા..!

મુમુક્ષુ :– રોતા રોતા પણ એ તત્ત્વને યાદ કરે છે.

ઉત્તર :– તત્ત્વને અંદર (યાદ કરે છે). હવે આંખમાંથી આસું છે તોપણ તત્ત્વની અંદર દૃષ્ટિ છે એ ખસી નથી. આહાહા..! તત્ત્વ જે ચૈતન્ય ભગવાન અંદર છે એ ભગવાનને ભૂલ્યા નથી. આહાહા..! આવી વાત તો અન્યને તો આકરી પડે.

## ગાથા–૧૫૨

पडिकमणपहुदिकिरियं कुव्वंतो णिच्छयस्स चारित्तं।
तेण दु विरागचरिए समणो अब्भुट्ठिदो होदि।।१५२।।

प्रतिक्रमणप्रभृतिक्रियां कुर्वन् निश्चयस्य चारित्रम्।
तेन तु विरागचरिते श्रमणोभ्युत्थितो भवति।।१५२।।

परमवीतरागचारित्रस्थितस्य परमतपोधनस्य स्वरूपमत्रोक्तम्।

यो हि विमुक्तैहिकव्यापारः साक्षादपुनर्भवकांक्षी महामुमुक्षुः परित्यक्तसकलेन्द्रियव्यापारत्वान्निश्चयप्रतिक्रमणादिसत्क्रियां कुर्वन्नास्ते, तेन कारणेन स्वस्वरूपविश्रान्तिलक्षणे परमवीतरागचारित्रे स परमतपोधनस्तिष्ठति इति।

પ્રતિક્રમણ આદિ ક્રિયા–ચરણ નિશ્ચય તણું–કરતો રહે,
તેથી શ્રમણ તે વીતરાગ ચરિત્રમાં આરૂઢ છે. ૧૫૨.

અન્વયાર્થ :– [ प्रतिक्रमणप्रभृतिक्रियां ] પ્રતિક્રમણાદિ ક્રિયાને– [ निश्चयस्य चारित्रम् ] નિશ્ચયના ચારિત્રને–[ कुर्वन् ] (નિરંતર) કરતો રહે છે [ तेन तु ] તેથી [ श्रमणः ] તે શ્રમણ [ विरागचरिते ] વીતરાગ ચારિત્રમાં [ अभ्युत्थितः भवति ] આરૂઢ છે.

ટીકા :– અહીં પરમ વીતરાગ ચારિત્રમાં સ્થિત પરમ તપોધનનું સ્વરૂપ કહ્યું છે.

જેણે ઐહિક વ્યાપાર (સાંસારિક કાર્યો) તજેલ છે એવો જે સાક્ષાત્ અપુનર્ભવનો (મોક્ષનો) અભિલાષી મહામુમુક્ષુ સકળ ઇન્દ્રિયવ્યાપારને છોડ્યો હોવાથી નિશ્ચય-પ્રતિક્રમણાદિ સત્ક્રિયાને કરતો સ્થિત છે (અર્થાત્ નિરંતર કરે છે), તે પરમ તપોધન તે કારણે નિજસ્વરૂપવિશ્રાંતિલક્ષણ પરમવીતરાગ-ચારિત્રમાં સ્થિત છે (અર્થાત્ તે પરમ શ્રમણ, નિશ્ચયપ્રતિક્રમણાદિ નિશ્ચયચારિત્રમાં સ્થિત હોવાને લીધે, જેનું લક્ષણ નિજ સ્વરૂપમાં વિશ્રાંતિ છે એવા પરમવીતરાગ ચારિત્રમાં સ્થિત છે).

## ગાથા–૧૫૨ ઉપર પ્રવચન

હવે ૧૫૨-ગાથા.

पडिकमणपहुदिकिरियं कुव्वंतो णिच्छयस्स चारित्तं।
तेण दु विरागचरिए समणो अब्भुट्ठिदो होदि।।१५२।।
પ્રતિક્રમણ આદિ ક્રિયા–ચરણ નિશ્ચય તણું–કરતો રહે,
તેથી શ્રમણ તે વીતરાગ ચરિત્રમાં આરૂઢ છે. ૧૫૨.

**ટીકા :-** આહાહા..! **'અહીં પરમ વીતરાગ ચારિત્રમાં પરમ તપોધનનું સ્વરૂપ કહ્યું છે.'** આ ગાથામાં. આહાહા..! તપની વ્યાખ્યા જ પહેલી કહી છે ને? પહેલા એક આવે છે ને શરૂઆતમાં? ૧૦૯ પાને? તપની વ્યાખ્યા આવે છે. આ લોકો અનશન, ઉણોદરી તપ કરે છે ને એ તપ નહિ. આહાહા..! એ ક્યાંક છે ખરું. તપની વ્યાખ્યા ક્યાંક છે. ૧૦૯ પાને છે. બસ, ૧૦૯ છે. **'પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન...'** બસ ઇ. **'સહજનિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ છે;...'** આ અપવાસ કરવા ને આ ને એ બધું તપ નહિ એમ કહે છે. ૧૦૯ પાને છે. ખ્યાલ હતો પણ કાંઈ બધું યાદ રહે છે? જુઓ! નીચે છે એ. છે? આહાહા..!

હવે **'સહજનિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન...'** આહાહા..! નીચે છે. સહજનિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ છે. આહાહા..! પ્રતપન અંદર શુદ્ધિની વૃદ્ધિ, આનંદની ધારા વિશેષ વધે એને તપ કહેવામાં આવે છે. આહાહા..! તપની આવી વ્યાખ્યા! અનશન, અપવાસ ને (એ તો ક્યાંય રહી ગયા). અહીંયાં આ કહ્યું ને તપ. **'તે તપ છે;...'** એમ છે ને? છે? **'નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજનિશ્ચયચારિત્ર આ તપથી હોય છે.'** નિશ્ચયચારિત્ર પણ આવું તપ હોય ત્યાં હોય છે. આહાહા..! વ્યાખ્યા તપની છે પણ છતાં કહે છે... આહાહા..! આવું તપ હોય એને આવું ચારિત્ર હોય. આહાહા..! છે?

**'સહજનિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન...'** પ્રતપન. પ્ર-તપન એકલું તપન નહિ. **'તે તપ છે; નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજનિશ્ચયચારિત્ર આ તપથી હોય છે.'** આહાહા..! નિશ્ચયચારિત્ર પણ આ તપથી હોય છે. આવી વ્યાખ્યા હવે. ૧૦૯ પાને લખેલું હતું. ક્યાંક છે. આહાહા..!

હવે અહીં આવશ્યક. ૧૫૨ (ગાથા). **'અહીં પરમ વીતરાગ ચારિત્રમાં સ્થિત પરમ તપોધનનું સ્વરૂપ કહ્યું છે.'** ટીકા છે ને? **'જેણે ઐહિક વ્યાપાર (સાંસારિક કાર્યો) તજેલ છે...'** આહાહા..! **'એવો જે સાક્ષાત્ અપુનર્ભવનો (મોક્ષનો) અભિલાષી મહામુમુક્ષુ સકળ ઇન્દ્રિયવ્યાપારને છોડ્યો હોવાથી નિશ્ચય-પ્રતિક્રમણાદિ સત્ક્રિયાને કરતો સ્થિત છે...'** લ્યો! આહા..! આવો સકળ ઇન્દ્રિયવેપારને છોડ્યો હોવાથી નિશ્ચય પ્રતિક્રમણાદિ સત્ક્રિયા. આનું નામ સત્ક્રિયા. ઓલી ક્રિયા સત્ નહિ, એ તો અસત્ક્રિયા (છે). આહાહા..! છે? **'પરમ વીતરાગ ચારિત્રમાં સ્થિત તપોધનનું સ્વરૂપ કહ્યું છે.'** એ જ **'(મોક્ષનો) અભિલાષી મહામુમુક્ષુ સકળ ઇન્દ્રિયવ્યાપાર...'** એનાથી રહિત થઈ સત્ક્રિયા કરતો સ્થિત છે. અંતરના આનંદમાં રહેતો તે ચારિત્રમાં તે તપ છે. અંતરમાં આનંદમાં રહેતો, અતીન્દ્રિય આનંદનું વેદન કરતો, એ તપ છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૭૭, શ્લોક--૨૬૨, ગાથા-૧૫૨-૧૫૩, ગુરુવાર, જ્યેષ્ઠ વદ ૧૩, તા.૧૦-૦૭-૮૦

'નિયમસાર' ૧૫૨-ગાથા. એની ટીકા. અધિકાર આવશ્યકનો છે. પરમ આવશ્યક-જરૂરનું કરવાનું શું? આત્માને જરૂરનું કરવાનું શું? જરૂરનું કરવાનું એ કે આનંદસ્વરૂપ આત્મા એમાં લીન થવું તે કરવાનું. આ છે. બાકી બધી વાતું. આવશ્યક–જરૂરનું એને જરૂરિયાતનું કરવાનું હોય તો તે ચિદાનંદ પંચમપારિણામિક સ્વભાવભાવ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો સાગર છે એમાં દૃષ્ટિ કરીને લીન થવું. જાણપણું ઓછુંવત્તું હોય એની વિશેષ વાત નથી. એટલે કહે છે કે **'અહીં પરમ વીતરાગ ચારિત્રમાં...'** વ્યવહારચારિત્ર તો રાગનું કારણ છે. એટલે એની વાત લીધી નથી. વ્યવહાર જે ક્રિયાકાંડ, પંચમહાવ્રત એ તો રાગ છે. અહીં તો પરમ વીતરાગ ચારિત્ર. આહાહા..! સ્વરૂપ આનંદ, જ્ઞાન અને શાંતિથી ભરેલો ભગવાન છે આત્મા, એમાં રમવું. અનુભવ દૃષ્ટિ પહેલી કરી હોય ત્યારે પછી તેમાં રમવું, લીન થવું. એ **'ચારિત્રમાં સ્થિત પરમ તપોધનનું આ સ્વરૂપ કહ્યું છે.'** આહાહા..!

**'જેણે ઐહિક વ્યાપાર (સાંસારિક કાર્યો) તજેલ છે...'** બહારનો વેપાર એટલે બહારની ક્રિયાઓ ઉપરથી લક્ષ છોડી દીધું છે. એ બહારની ક્રિયા છોડી દીધી છે. આહાહા..! **'એવો જે સાક્ષાત્ અપુનર્ભવનો (મોક્ષનો) અભિલાષી મહામુમુક્ષુ...'** ક્ષાયિકની વાત છે ને? **'સકળ ઇન્દ્રિયવ્યાપારને છોડ્યો હોવાથી...'** પાંચેય ઇન્દ્રિયનો વેપાર છૂટી ગયો. એ વિના ચારિત્ર હોતું નથી. આહાહા..! સમ્યગ્દર્શન પણ પાંચેય ઇન્દ્રિયનો વેપાર છૂટીને અંતર દૃષ્ટિ અનુભવ થાય, એ ઉપરાંત પાંચ ઇન્દ્રિય તરફનું વલણ છે એ પણ છૂટીને અંતરમાં રમણતા થાય એનું નામ ચારિત્ર છે. આહાહા..!

**'સકળ ઇન્દ્રિયવ્યાપારને છોડ્યો...'** પાંચેય ઇન્દ્રિયનો, મનનો વેપાર છોડ્યો છે. આહાહા..! **'નિશ્ચય-પ્રતિક્રમણાદિ સત્ક્રિયાને કરતો સ્થિત છે...'** ઝીણી વાત છે જરી. નિશ્ચય પ્રતિક્રમણ પ્રત્યાખ્યાન એટલે આત્મા આનંદ ને જ્ઞાન ને વીતરાગમૂર્તિ છે, એવું જે આત્મદળ વીતરાગી, એમાં સ્થિરતારૂપી સત્ક્રિયા છે. એ ક્રિયા. એ ક્રિયા તે મોક્ષનું કારણ છે. બહારની ક્રિયાકાંડો જે છે એ કાંઈ મોક્ષનું કારણ નથી. આહાહા..! **'પ્રતિક્રમણાદિ...'** બધું લીધું છે ને? પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના આદિ **'સત્ક્રિયાને કરતો સ્થિત છે...'** આ સત્ક્રિયા. રાગમાં રહેવું એ અસત્ ક્રિયા છે. આહાહા..? આદિ સત્ક્રિયાને કરતો સ્થિત. આ સત્ક્રિયા. રાગમાં રહેવું એ અસત્ક્રિયા છે. આહાહા..! અશુભરાગ તો અસત્ છે પણ શુભરાગ પણ અસત્ છે. આહાહા..! સત્ક્રિયાને કરતો. અહીં **'કરતો સ્થિત...'** કહ્યું છે. સત્ક્રિયાને કરે છે એમ સિદ્ધ કર્યું છે. આહાહા..!

આનંદસ્વરૂપ જ્ઞાયકભાવ ત્રિકાળી પરિપૂર્ણ શુદ્ધ ચૈતન્ય ધાતુ. નિર્મળાનંદ પૂર્ણ પરમાત્મા જ આત્મા છે. એ આત્મસ્વરૂપ-પરમાત્મસ્વરૂપમાં સ્થિર થવું એ સત્ક્રિયા છે. એમાં સ્થિર થવું એ સત્ક્રિયા છે. આહાહા..! આ પાંચમાઆરામાં આવા કાળમાં આવી ક્રિયા.. માર્ગ તો આ છે. પાંચમો આરો હોય કે ચોથો આરો હોય. અંતર આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રજ્ઞાબ્રહ્મ. ખરેખર તો એ ત્રિકાળી ચારિત્રની મૂર્તિ છે. એ ત્રિકાળી ચારિત્રમૂર્તિ છે તેમાં પર્યાયમાં ચારિત્ર કરવું. જ્ઞાન ત્રિકાળી છે તેમાં એકાગ્ર થવું એ જ્ઞાન. દર્શન ત્રિકાળી છે એમાં એકાગ્ર થવું તે શ્રદ્ધા, ચારિત્ર ત્રિકાળી અકષાયભાવ તેમાં સ્થિર થવું તે ચારિત્ર. આવી વાત છે. અહીં તો બહારથી માની બેઠા, આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. આહાહા..!

**'પ્રતિક્રમણાદિ સત્ક્રિયાને કરતો સ્થિત છે...'** અંતર આત્મામાં, અતીન્દ્રિય આનંદમાં અંદર મસ્ત થઈ ગયો છે. આહાહા..! એને અહીંયાં ચારિત્ર કહે છે. મહાવ્રતના પરિણામ અને એ બધી ક્રિયાકાંડ એ ચારિત્ર નથી. એ બધું અચારિત્ર છે, સંસાર છે. આહાહા..! ગજબ વાત છે. અહીં તો કાંઈક વ્રત પાળે અને આ કર્યું.. આ કર્યું (એટલે થઈ ગયું) ચારિત્ર. ચારિત્રની વ્યાખ્યા આકરી છે. અંદર ચારિત્ર અકષાય નામનો ત્રિકાળી ગુણ છે એમાં એકાગ્ર થવું. એકલા ગુણને લક્ષમાં જુદો પાડીને નહિ. અભેદ સ્વરૂપમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ (આદિ) અનંતગુણ છે. એ અનંતગુણમાં એકસાથે દૃષ્ટિમાં અનુભવ સહિત અંદર સ્થિરતા થવી તેનું નામ સત્ક્રિયા એટલે ચારિત્ર છે. આ ચારિત્રની વ્યાખ્યા. આ તો એકાંત (લાગે). ચારિત્ર કોઈ દિ' સાંભળ્યું ન હોય. આ તો મહાવ્રત પાળ્યા, બાયડી છોડી, છોકરા છોડ્યા, દુકાન છોડી માટે ચારિત્ર (થઈ ગયું). એ ચારિત્ર-ફારિત્ર નથી. આહાહા..! જેણે પાંચેય ઇન્દ્રિયનો વેપાર છોડ્યો છે અને અણિન્દ્રિયનો આત્મામાં અંદર લીનતાનો વેપાર કર્યો છે એને અહીંયાં ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા..! આવી વાત છે.

**'સત્ક્રિયાને કરતો સ્થિત છે (અર્થાત્ નિરંતર કરે છે),...'** આહાહા..! જેમ નિરંતર આત્મા નિરંતર છે, એના ગુણો પણ નિરંતર છે. તેમાં સ્થિરતા પણ નિરંતર કરે એને ચારિત્ર કહે છે. આહાહા..! અત્યારે તો આવી ચારિત્રની વ્યાખ્યા સાંભળવી કઠણ પડે. ચારિત્ર તો છે ક્યાં? **'(નિરંતર કરે છે)'**. સ્વરૂપમાં પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના. દૃષ્ટિ સ્વરૂપ તરફ હોવાથી તેના તરફમાં લીનતાની સ્થિરતા એને અહીંયાં ચારિત્ર નિત્ય કરે છે એ સત્ક્રિયા. એ સત્ક્રિયા કહેવામાં આવે છે. આહાહા..! જુઓ! આવ્યું કે નહિ? સત્ક્રિયા છે કે નહિ? એ જ વાત કરી હતી. (સંવત) ૧૯૯૦ની સાલમાં. ઓલા કહે 'જ્ઞાન ક્રિયાભ્યામ મોક્ષ.' શાસ્ત્રનું જ્ઞાન અને પંચમહાવ્રતની ક્રિયા એ બે (એટલે) મોક્ષ. કીધું, બેય ખોટી વાત છે. 'ગુલાબચંદજી' 'રતનચંદજી'ના ગુરુ. ત્યારે 'જ્ઞાન ક્રિયાભ્યામ મોક્ષ' કહ્યું છે ને? કીધું, જ્ઞાન તે આત્મજ્ઞાન. શાસ્ત્રજ્ઞાન પણ નહિ. શાસ્ત્રજ્ઞાન એ વિકલ્પ છે. આહાહા..!

આત્માનું જ્ઞાન અંદર આનંદસ્વરૂપનું ભાન, નિર્વિકલ્પ આનંદની શ્રદ્ધા અને જ્ઞાન એમાં-

સ્વરૂપમાં સ્થિર થવું તેનું (નામ) ચારિત્ર કહેવાય છે. એ ક્રિયા, એ સત્ક્રિયા. આત્માનું જ્ઞાન તે જ્ઞાન અને અંદર સ્થિર થાવું તે સત્ક્રિયા. એ જ્ઞાન ક્રિયાભ્યામ મોક્ષ. શાસ્ત્રનું જ્ઞાન અને પંચમહાવ્રતની લૌકિક ક્રિયા એ કોઈ મોક્ષમાર્ગ નથી. આહાહા..! શાસ્ત્રજ્ઞાન અનંતવાર કર્યા. અગિયાર અંગ અને નવ પૂર્વ અનંતવાર ભણ્યો છે. આહાહા..! આત્મજ્ઞાન અને આત્મચારિત્ર ઝીણી વાત છે.

**'તે પરમ તપોધન...'** એ તપશ્ચર્યા છે. આનંદસ્વરૂપમાં લીનતા તેનું નામ તપોધન. તપરૂપી એને ધન છે. અજ્ઞાનીને ધૂળનું ધન છે. પૈસાની ધૂળ. જ્ઞાનીને અંતર આનંદમાં આનંદનો અનુભવ, જ્ઞાનની એકાગ્રતા, શાંતિની વ્યક્ત પ્રગટતા, વીતરાગતાનો અનુભવ એ તેનું ધન છે, એ એનો વૈભવ છે. **'તે પરમ તપોધન તે કારણે નિજસ્વરૂપવિશ્રાંતિલક્ષણ પરમવીતરાગ ચારિત્રમાં સ્થિત છે...'** આહાહા..! નિજ સ્વરૂપ ત્રિકાળી જે આનંદ સનાતન સત્ય ત્રિકાળી ધ્રુવ, એવા સ્વરૂપનું એમાં વિશ્રાંતિલક્ષણ. એમાં ઠરે છે, વિશ્રાંતિ લે છે. આહાહા..! **'નિજસ્વરૂપવિશ્રાંતિલક્ષણ પરમવીતરાગ ચારિત્રમાં સ્થિત છે...'** નિજસ્વરૂપવિશ્રાંતિલક્ષણ. આહાહા..! નિજ આનંદસ્વરૂપ, એમાં વિશ્રાંતિલક્ષણ. ત્યાં આસન લગાવીને ઠરી જવું એ વિશ્રાંતિલક્ષણ. **'પરમવીતરાગ ચારિત્રમાં સ્થિત છે...'** આહાહા..!

**'(અર્થાત્ તે પરમ શ્રમણ,...)'** પરમ સાધુ ચારિત્રવંત **'(નિશ્ચયપ્રતિક્રમણાદિ નિશ્ચયચારિત્રમાં સ્થિત હોવાને લીધે, જેનું લક્ષણ નિજ સ્વરૂપમાં વિશ્રાંતિ છે...)'** આહાહા..! કહે છે કે એ ક્રિયા કેવી? એ ક્રિયાને શું કહેવું? સામાયિક, પ્રતિક્રમણ, પચ્ચખાણ, સંવર, નિર્જરા એ ક્રિયાને કહેવું શું? કે નિજ સ્વરૂપમાં વિશ્રાંતિ છે ઇ. આહાહા..! 'ધીયા' ! ભક્તિ-બક્તિ, પૂજા ને મંદિર બનાવે એનાથી કાંઈ કલ્યાણ નથી, એમ કહે છે. આવે, શુભભાવ આવે. હોય ખરો, પણ એ કોઈ મોક્ષનું કારણ નથી. આહાહા..! એનો નિષેધ છે એ ભાવ આવે ખરો. વીતરાગ પૂજા, દર્શન(નો ભાવ આવે) પણ એ અશુભથી બચવા પૂરતો આવે. પણ એ પોતે ધર્મ અને સંવર, નિર્જરા નહિ. આહાહા..! એ ધર્મ નહિ. ગમે તેવા લાખ-બે લાખ (ખર્ચી નાખે). આ કીધું ને અહીં 'આફ્રિકા'માં? ૨૨ લાખનું મંદિર કરવાના છે. પહેલા પંદર લાખનું કરવાના હતા પણ અમે ત્યાં ગયા પછી ૬૦ લાખ ભેગા કર્યા. ૬૦ લાખ! 'આફ્રિકા' 'નાઈરોબી'. બાવીસ લાખનું તો મંદિર બનાવવાના છે. એના ઉપર આ બધું કરશે ને શોભા? કીધું, ધર્મ નથી. ધ્યાન રાખજો. એ શુભભાવમાં એવું નિમિત્ત તરફ લક્ષ જાય છે. આહાહા..! ૬૦ લાખ ભેગા કર્યા. ૬૦ લાખ શું પાંચ કરોડ કરે નહિ, સાંઈઠ કરોડ કરે નહિ. એમાં ધર્મ છે. એ વાપરતા ધર્મ થશે (એ વાત નથી). 'શાંતિભાઈ'! પૈસો વાપરતા ધર્મ ન થાય?

મુમુક્ષુ :- પહેલા તો માન્યું હતું.

ઉત્તર :- એ અહીં કહે છે. **'નિજસ્વરૂપવિશ્રાંતિ...'** આહાહા..! **'નિશ્ચયપ્રતિક્રમણાદિ નિશ્ચયચારિત્રમાં સ્થિત હોવાને લીધે, જેનું લક્ષણ નિજ સ્વરૂપમાં વિશ્રાંતિ છે...'** આહાહા..!

સંસારનો પુણ્ય અને પાપનો થાક જ્યાં ઉતરી જાય. પુણ્ય અને શુભ-અશુભભાવ બેય થાક, બેય બંધન અને બેય ઝેર (છે). અમૃતસાગરનો ભરેલો ભગવાન, એમાં વિશ્રાંતિ લેવી. આહાહા..! ત્યાં બેસવું, બેઠકનું સ્થાન કરવું એ વિશ્રાંતિ. આહાહા..! **'નિજ સ્વરૂપમાં વિશ્રાંતિ છે...'** આહાહા..! ક્યાં દેહથી પાર, વાણીથી પાર, દયા-દાનના વિકલ્પથી, રાગથી પાર. હું ચૈતન્ય છું અને અખંડ છું એવો જે વિકલ્પ છે એનાથી પણ પાર. આહાહા..!

રાત્રે કહ્યું હતું ને? હું જ્ઞાયક છું, અખંડ શુદ્ધ છું એ પણ એક વિકલ્પ છે, રાગ છે. આહાહા..! આકરું કામ છે. અને એક પરમાત્મા સ્વરૂપ છું એમાં અંતરાત્મા અને બહિરાત્મા બે પર્યાય છે. એ વિકલ્પ-રાગ છે. એક દ્રવ્યમાં ત્રણ ભેદ પાડીને ઊભા રહેવું એ રાગ છે, ધર્મ નથી. દ્રવ્ય-ગુણ ને પર્યાય ત્રણ. દ્રવ્ય જે ત્રિકાળી વસ્તુ, ગુણ એની શક્તિ-સ્વભાવ સત્ત્વ, સત્‌નું સત્ત્વ અને તેમાં એકાગ્રતા એવા લક્ષમાં ત્રણ ભેદ પાડવા એ પણ એક રાગ છે. આહાહા..! એ પણ ધર્મ નથી. આહાહા..! એમ ત્રણલોકના નાથ તીર્થંકર પરમાત્મા તરફ લક્ષ જાવું એ પણ ધર્મ નથી. એ શુભરાગ છે, પુણ્ય છે. હોય છે, પણ ધર્મ નહિ.

**'નિજ સ્વરૂપમાં વિશ્રાંતિ...'** આહાહા..! મહા સિદ્ધાંત આ છે. નિજ સ્વરૂપ ચિદાનંદ અખંડ ધ્રુવ ચૈતન્યરત્નાકર અખંડ આનંદકંદ, તેમાં વિશ્રાંતિ છે. **'એવા પરમવીતરાગ ચારિત્રમાં સ્થિત છે.'** તે વીતરાગ પરમચારિત્રમાં સ્થિત છે. આહાહા..! એકલું ચારિત્ર ન લીધું. વીતરાગ ચારિત્ર અને પરમવીતરાગ ચારિત્ર. આહાહા..! આટલા વિશેષણ વાપર્યા છે. **'નિજ સ્વરૂપમાં વિશ્રાંતિ છે...'** બહારની આખી દુનિયા ભૂલી જાય. વીતરાગના કહેલા શાસ્ત્ર-બાસ્ત્રના કથન ભૂલી જાય છે. આહાહા..! અને એક ભગવાનને યાદ કરી... પોતાનો ભગવાન, હોં! આ. એમાં વિશ્રાંતિ લે છે એ જ **'પરમ વીતરાગચારિત્રમાં સ્થિત છે.'** આહાહા..! એવા પરમ વીતરાગચારિત્રમાં સ્થિત છે. આહાહા..! આ તો સાંભળવા મળવું મુશ્કેલ, સાંભળ્યું ન હોય. આહાહા..! અને કે દિ' સાંભળે ને કે દિ' કરે?

**'[હવે આ ૧૫૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'**

## શ્લોક-૨૬૨

(मंदाक्रांता)

**आत्मा तिष्ठत्यतुलमहिमा नष्टदृक्शीलमोहो**
**यः संसारोद्भवसुखकरं कर्म मुक्त्वा विमुक्तेः।**
**मूले शीले मलविरहिते सोऽयमाचारराशिः**
**तं वंदेऽहं समरससुधासिन्धुराकाशशांकम्।।२६२।।**

**[શ્લોકાર્થ :–] દર્શનમોહ અને ચારિત્રમોહ જેના નષ્ટ થયા છે એવો જે અતુલ મહિમાવાળો આત્મા સંસારજનિત સુખના કારણભૂત કર્મને છોડીને મુક્તિનું મૂળ એવા મળરહિત ચારિત્રમાં સ્થિત છે, તે આત્મા ચારિત્રનો પુંજ છે. સમરસરૂપી સુધાના સાગરને ઉછાળવામાં પૂર્ણ ચંદ્ર સમાન તે આત્માને હું વંદું છું. ૨૬૨.**

## શ્લોક–૨૬૨ ઉપર પ્રવચન

**શ્લોકાર્થ :-** આહાહા..! **'દર્શનમોહ અને ચારિત્રમોહ જેના નષ્ટ થયા છે...'** ચારિત્ર હોય કોને? કે જેને દર્શનમોહ પહેલો નષ્ટ થયો છે. આહાહા..! આત્માના આનંદસ્વરૂપનો જેને અનુભવ થયો હોય એને દર્શનમોહનો નાશ થયો છે. કેમકે આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ છે. બધા ગુણો કરતાં આનંદનો સ્વાદ અને આનંદનો અનુભવ એ કોઈ જાત જુદી છે. આ ... આ ઝઘડા આવા. આહાહા..! જેને દર્શનમોહ એટલે? આત્મા પૂર્ણાનંદનો નાથ છે એવો અનુભવ એનાથી વિરુદ્ધ જે દર્શનમોહ, એનો જેને નાશ થયો છે. આત્મા પૂર્ણાનંદનો નાથ છે. આહાહા..! એ પરમાત્માનું ધામ છે, એ પરમાત્માની જાત છે, એનો જે અનુભવ થાય એનું નામ સમકિત, એનું નામ દર્શનમોહનો નાશ (થયો કહેવાય). અને એનામાં પછી સ્થિરતા થવી... આહાહા..! એનું નામ ચારિત્ર.

એ **'દર્શનમોહ અને ચારિત્રમોહ જેના નષ્ટ થયા છે એવો જે અતુલ મહિમાવાળો આત્મા...'** આહાહા..! જેની તુલના કરી શકાય નહિ, પ્રભુ! આહાહા..! એ આત્માની જાતની કોની સાથે તુલના કરવી? કોની ઉપમા આપીને એને બતાવવો? આહાહા..! કોનો દષ્ટાંત દઈને એને સમજાવવો? આહાહા..! એ તો અતુલ મહિમાવાળો આત્મા (છે). જેની તુલના નથી, જેની ઉપમા નથી. એની ઉપમા એને છે. એવો જે વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા અંદર... આહાહા..! વીતરાગસ્વભાવની ખાણ છે ઇ. **'એવો જે અતુલ મહિમાવાળો આત્મા સંસારજનિત સુખના કારણભૂત કર્મને છોડીને...'** સંસારથી ઉત્પન્ન થયેલ સુખ. આહાહા..! આ દેવના સુખ અને આ ધૂળના–પૈસાવાળાના સુખ... આહાહા..!

મુમુક્ષુ :– એને સુખ તો ...

ઉત્તર :– એણે માન્યું છે ને. એ માને છે તો કહે કે ઇ સુખ (છે). એ માને છે ને? એ માને છે તો કહે સુખ. માને છે ને એ? છોકરો લાકડીનો ઘોડો લઈને રસ્તામાં બેઠો હોય અને એનો બાપ આવ્યો હોય તો એને એમ કહે કે એલા..! ઘોડો આઘો રાખ, ચાલ અંદર. એનો બાપ પણ લાકડાને ઘોડો કહે. એમ આ વીતરાગ મુનિ પણ એમ કહે છે કે તને જે સુખની કલ્પના થઈ, પ્રભુ! એને હું પણ તારી ભાષાએ સુખ કહું છું. આહાહા..! છે?

**'આત્મા સંસારજનિત સુખ...'** સંસારજનિત સુખ. એટલે કે દુઃખ. આહાહા..! લોકો તો માને છે ને? પૈસાવાળા હોય, અનુકૂળતા હોય... આહાહા..! કીધું ને? આ 'નાઈરોબી'માં

તો લોકો લાખો રૂપિયાવાળા તો .. દેખાય. દસ લાખ ને વીસ લાખ ને પચ્ચીસ લાખ, પચાસ લાખ એવા ઢગલા, 'નાઈરોબી' હમણાં ગયા હતા ને? ૨૬ દિ' રહ્યા. સાડા ચારસો તો કરોડપતિ છે. કરોડપતિ ત્યાં ગામમાં. પંદર તો અબજપતિ છે. પાંચ, સાત, દસ લાખની તો વાતું કરવી નહિ. એવા તો કેટલાય પડ્યા છે, કહે છે. આહાહા..! બધા એમ માને કે અમે સુખી છીએ. જેમાં ઉતર્યા હતા એ મકાન પંદર લાખનું હતું. અને મોટા ગૃહસ્થ કરોડપતિ. વીસ, પચ્ચીસ, ત્રીસ લાખ રૂપિયાના કાપડની તો મોટી દુકાનો ભરેલી. મોટા વેપારી. આમ બિચારા સાધારણ માણસ. આમ કાંઈ બુદ્ધિ એવી કે ડાહ્યા કે આમ મગજવાળા (નહિ), છોકરા હોંશિયાર હતા. એનો બાપ સાધારણ. પણ મેં કીધું આ બધી હોળી છે, બાપા! આ તો દુઃખના બધા દહાડા જાય છે. આહાહા..! આ સુખમાં જઈએ છીએ એમ નથી.

એ **'સંસારજનિત સુખના કારણભૂત કર્મને છોડીને...'** આહાહા..! એટલે પુણ્ય અને પાપ બેયને છોડીને... આહાહા..! **'મુક્તિનું મૂળ...'** મોક્ષનું મૂળ **'એવા મળરહિત ચારિત્રમાં સ્થિત છે,..'** આહાહા..! મોક્ષનું મૂળ એવું જે ચારિત્ર. આહાહા..! જોયું! મોક્ષનું મૂળ ચારિત્ર કહ્યું. મોક્ષનું મૂળ **'એવા મળરહિત ચારિત્રમાં સ્થિત છે,...'** જેને વિકલ્પ પણ નથી. નિર્વિકલ્પ આનંદમાં અંદર મશગુલ થઈ ગયા છે. જેને સંસાર છે કે નહિ એ ખબર પણ નથી. અતીન્દ્રિય આનંદમાં મસ્ત થઈ ગયા છે. આહાહા..! **'તે આત્મા મળરહિત ચારિત્રમાં સ્થિત છે,...'** આહાહા..! એ પુણ્ય અને પાપના ભાવ મેલ છે. આહાહા..! જેમ નાકનો ગુંગો છે એમ એ ગુંગાનો મેલ છે. એ શુભ-અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધો મેલ છે. આહાહા..! એ સંસારજનિત કલ્પેલું-માનેલું સુખ છે. એને છોડીને... આહાહા..!

**'મુક્તિનું મૂળ એવા મળરહિત ચારિત્રમાં સ્થિત છે, તે આત્મા ચારિત્રનો પુંજ છે.'** આહાહા..! પાંચમે આરે પણ સંતોએ આવી વાતું કરી. આહાહા..! આ તો હજાર વર્ષ પહેલાની વાત છે. એ વખતે તો સાચા મુનિઓ હતા. મુનિઓ સાચા હતા. આહાહા..! અત્યારે તો મુનિપણું કહેવું કોને એ હજી સાંભળવામાં મળે નહિ. લૂગડાવાળા તો મુનિ છે જ નહિ, પણ લૂગડા વિનાના નાગા પણ મુનિ નથી. એ ક્રિયાકાંડમાં મશગુલ છે. આહાહા..! શુભ અને અશુભભાવ. અશુભ છોડીને બહુ તો શુભમાં આવે. એ તો સંસાર છે. શુભભાવમાં ઘોર સંસાર છે. આહાહા..! શુભભાવને આમાં ઘોર સંસાર કહ્યો છે. આહાહા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ, એનાથી વિરુદ્ધ ભાવ, શુભને જ્યાં આગળ... આહાહા..! દુઃખરૂપ કહ્યું છે ત્યાં અશુભભાવની શું વાતું કરવી? એ તો દુઃખની જાત જ છે. આહાહા..!

બેયના **'મળરહિત ચારિત્રમાં સ્થિત છે, તે આત્મા ચારિત્રનો પુંજ છે. સમરસરૂપી...'** આહાહા..! કેવો છે મુનિ? કેવો છે ચારિત્રવંત? આહાહા..! **'સમરસરૂપી સુધાના સાગરને ઉછાળવામાં પૂર્ણ ચંદ્ર સમાન...'** જેમ પૂનમનો ચંદ્ર થાય અને દરિયો ઉછળે છે. ભરતી આવે ને ભરતી? પૂનમના ચંદ્રમામાં દરિયામાં ભરતી આવે એવો નિયમ છે. ચંદ્રને અને

દરિયાને એવો સંબંધ છે. ચંદ્ર જ્યાં પૂર્ણ થાય ત્યાં ભરતી પૂરી આવે છે. આહાહા..! એમ **'સમતારૂપી સુધાના સાગરને ઉછાળવામાં પૂર્ણ ચંદ્ર સમાન...'** એ ચારિત્રવંત અંતરમાં સ્થિર જામી ગયો છે. એ આનંદને... આહાહા..! સુધા એટલે અમૃતનો સાગર. મુનિને ભાષા થોડી પડે છે. એ અમૃતના સાગરને ઉછાળવામાં પૂર્ણ ચંદ્ર સમાન (છે). જેમ પૂર્ણ ચંદ્રમા ઊગે અને દરિયો ઉછળે એમ અંદર આત્મામાં સ્થિર થતાં અતીન્દ્રિય આનંદ ઊછળે, અમૃત ઊછળે. આહાહા..! આ ચારિત્ર. આવું સાંભળ્યું પણ નહોતું અને બધી બહારની ક્રિયા-ક્રિયાને (ચારિત્ર માન્યું હતું). આહાહા..!

અમૃતના સાગરને ઉછાળવામાં... આહાહા..! શક્તિરૂપે છે એને પ્રગટ કરવામાં **'પૂર્ણ ચંદ્ર સમાન તે આત્માને હું વંદું છું.'** મુનિરાજ કહે છે કે આવા આત્માને હું વંદું છું. આહાહા..! ધન્ય અવતાર! જેણે અમૃતના સાગર અંદરથી ઉછાળ્યા, અમૃતનો દરિયો ભર્યો છે. પ્રભુ તો અમૃતનો સાગર છે. બાળકથી માંડીને આબાળગોપાળ સૌને. આહાહા..! આવ્યું છે ને આપણે, નહિ? ૧૭-૧૮મી ગાથામાં. આબાળ-ગોપાળ. બાળકથી વૃદ્ધને બધાને ભગવાન પરમાત્મા પ્રાપ્ત થાવ. આહાહા..! એ દોષ ન રહો. આહાહા..! બધા આઠ કર્મનો નાશ કરીને સુખી થાવ. એમ ભાવના ભાવે છે. પોતાની ભાવના છે તે બીજાની પણ ભાવના (ભાવે છે). કોઈ દુઃખી થાવ, કોઈ વિરોધ કરનારા પણ વિરોધ કરીને દુઃખી થાવ (એમ નથી ભાવતા). પ્રભુ! તમે વિરોધને ટાળી સુખી થાવ. આહાહા..!

આનંદની સુધા ઉછળે છે, કહે છે. જોયું! **'સુધાના સાગરને ઉછાળવામાં...'** ચારિત્ર. સ્વરૂપમાં રમણતા, રાગરહિત સ્થિરતા. એ સુધાના સાગર, અમૃતના સાગરને **'ઉછાળવામાં પૂર્ણ ચંદ્ર સમાન...'** આહાહા..! ચારિત્ર આને કહેવું એવું સાંભળ્યું પણ ન હોય. આખી જિંદગી આમ ને આમ બહારની ક્રિયાકાંડ (કરી), લુગડા ફેરવ્યા ને.. આહાહા..! અહીં તો લુગડાવાળાને તો મુનિ માનતા નથી. લુગડાવાળા છે એને મુનિ માને એ તો નિગોદગામી છે. પણ લુગડા કાઢીને નગ્ન ફરે પણ એને જો આવું આત્મભાન નથી... આહાહા..! એ અમૃતના સાગરને અંતરથી ઉછાળતા નથી. અને રાગ ને દ્વેષની ક્રિયામાં પડ્યા છે એ દુઃખી છે. આહાહા..! પ્રભુ! એ આત્માને દુઃખ થાય છે. એને દુઃખ થાય છે. એવી કોઈની ભાવના હોય કે તે દુઃખી થાય? આહાહા..! ભાષા તો કેવી!

અમૃતના સાગરને **'ઉછાળવામાં પૂર્ણ ચંદ્ર સમાન...'** ચારિત્ર છે. ચારિત્ર પોતાને માટે આ છે અને બીજાને માટે પણ આ છે. આહાહા..! ચારિત્ર તો એને કહીએ કે જે આનંદના સાગરમાં તરે. ઢોર જેમ લીલા (ઘાસને) ચરે છે એમ આત્માના આનંદને અંદર ચરે છે, અનુભવે છે અને આનંદને ઉછાળે છે. જે આનંદ શક્તિમાં છે એને પર્યાયમાં ભરતીમાં લાવે છે. જે સમૃદ્ર અંદર ભરેલો છે એ ભરતીમાં બહાર આવે. ભરતી આવે છે ને? એમ અમૃતનો સાગર નાથ! આહાહા..! એને ઉછાળવામાં, ભરતી લાવવામાં ચારિત્રવંત સમર્થ છે.

આહાહા..! આવું ચારિત્ર! આ તો એક બાયડી, છોકરા જ્યાં છોડ્યા અને દુકાન છોડી, લુગડા ફેરવે ત્યાં થઈ ગયા સાધુ. આહાહા..! પ્રભુ! માર્ગ જુદો છે, ભાઈ! એ સ્થિતિમાં દુઃખ થશે. એ માર્ગની રીત નથી, એ માર્ગનો પ્રકાર નથી. એ માર્ગનું સ્વરૂપ એમ નથી. આહાહા..! માર્ગનું આ સ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદનું ધામ, એમાં વસી જા, વિશ્રામ લે. આહાહા..!

જેમ થાકેલો માણસ ઘરમાં આવીને પછી થાક ઉતારે છે નિરાંતે, એમ પુણ્ય અને પાપનો સંસારનો થાક ઉતારીને અંતરના ઘરમાં જા. ત્યાં વિશ્રામ કર. તારો થાક ઉતરી જશે. સંસારના થાકનું દુઃખ નીકળી જશે. આહાહા..! શું આચાર્યે શબ્દ મૂક્યો છે! 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ છે.

**'સુધાના સાગરને ઉછાળવામાં પૂર્ણ ચંદ્ર સમાન તે આત્માને હું વંદું છું.'** આહાહા..! મુનિરાજ કહે છે કે તે આત્માને હું વંદું છું. આહાહા..! અમૃતનો દરિયો ભર્યો છે, ભગવાન! જેમાં શુભાશુભ ભાવરૂપી ઝેરનો અંશ નથી. એ ઝેર છે, અમૃતથી વિરુદ્ધ. આહાહા..! એવા અમૃતના સાગરને ઉછાળવામાં જેણે સ્વરૂપમાં સ્થિરતા કરી છે તે ચંદ્રમા સમાન છે. આહાહા..! આવી વાત છે. આવી કથા! એકેન્દ્રિયાના જીવની દયા પાળવી, ફલાણું આ કરવું, ઢીકણું આ કરવું. પણ બાપુ! કોણ પાળી શકે છે? પરની દયા પાળે છે કોણ? પર પદાર્થને અડી શકતો નથી પછી પાળે છે કોણ? પરદ્રવ્યને અડી શકતો નથી, સ્પર્શી શકતો નથી. સ્પર્શી શકતો નથી તો દયા પાળે કોણ? 'શાંતિભાઈ'! આહાહા..! દયા પાળો.. દયા પાળો... દયા પાળો... શેની દયા કરવી પણ? દયા તો આ. આહાહા..!

અતીન્દ્રિય આનંદનો સાગર ભર્યો છે. એને સ્વરૂમાં સ્થિરતા વડે કરીને ઉછાળવો, બહાર લાવવો એનું નામ આત્મ-દયા છે, એનું નામ અહિંસા છે. આહાહા..! રાગની ક્રિયા એ સ્વરૂપની હિંસા છે. આહાહા..! મહાવ્રતના પરિણામ પણ હિંસા છે. અરે..રે..! કેમ બેસે? કોઈ દિ' સાંભળ્યું ન હોય, નવરાશ ન મળે. છેલ્લી લીટી.

**'સમરસરૂપી સુધાના સાગરને...'** એમ છે ને? સમતારૂપી અમૃતનો સાગર, ભગવાન આ આત્મા. સમતારૂપી અમૃતનો સાગર. આહાહા..! સમરસરૂપી, વીતરાગરૂપી અમૃતનો સાગર. વીતરાગી અમૃતનો સાગર ભરેલો છે. ભગવાન તો વીતરાગી અમૃતનો સાગર ભરેલો છે. એને ઉછાળવામાં... આહાહા..! એ ભરેલાને બહારમાં ઉછાળવામાં, પર્યાયમાં લાવવામાં... આહાહા..! **'પૂર્ણ ચંદ્ર સમાન...'** છે. સ્વરૂપમાં સ્થિરતારૂપી ચારિત્ર.. આહાહા..! એ તો મહા અમૃતને ઉછાળવામાં ચંદ્ર સમાન છે. **'તે આત્માને...'** એવા આત્માને. મુનિરાજ પોતે કહે છે **'હું વંદું છું.'** એને હું વંદન કરું છું. આહાહા..! પોતે પણ મુનિ છે. સાચા મુનિ છે. અમૃતના સાગર ઉછાળ્યા છે. પણ જેણે ઉછાળ્યા છે એને પણ હું વંદન કરું છું. આહાહા..! એ મારી નાતનો, મારી જાતનો છે. આહાહા..! કહો, આવા શબ્દો ત્યાં કોઈ દિ' સાંભળ્યા

હતા? આહાહા..!

ચારિત્ર કોને કહેવું? કે વીતરાગી અમૃતના સાગરને ઉછાળવામાં જે સ્થિરતા ચંદ્ર સમાન છે તેને ચારિત્ર કહેવું. આહાહા..! સમજાય છે કાંઈ? એમ આવ્યું ને? **'સમરસરૂપી સુધાના...'** વીતરાગસ્વરૂપી ભગવાન છે. આત્મા તો વીતરાગી સ્વરૂપ (છે). વીતરાગ શક્તિ સ્વભાવ જેનો વીતરાગ જ છે. એ પ્રગટ કરવાને ઉછાળવામાં એ અંતરની સ્થિરતારૂપી ચારિત્ર, એ પ્રગટ કરવામાં એ સાધન છે, બીજું કોઈ સાધન નથી. આહાહા..! આ દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા એ સાધન નથી. આહાહા..! દિગંબર સંતોની વાણી ક્યાંય છે નહિ. આહાહા..! શ્વેતાંબરમાં આવી વાણી નીકળે નહિ. એના ૩૨ સૂત્ર, ભગવતી(સૂત્ર) સત્તર વાર વાંચ્યું છે. સોળ હજાર શ્લોક અને એક લાખની ટીકા. આ વાત એમાં ક્યાંય નથી. આહાહા..! આ શબ્દ તો જુઓ!

વીતરાગી અમૃતસ્વરૂપ તે સાગર, વીતરાગી અમૃતનો સાગર પ્રભુ, એને પર્યાયમાં ઉછાળવામાં, લાવવામાં, સ્વરૂપમાં સ્થિરતા વીતરાગી ચારિત્ર (થવામાં) તે ચંદ્ર સમાન છે. આહાહા..! શબ્દ તે શબ્દ છે. ગજબ કર્યો છે. ત્યાં ચિહ્ન કર્યું છે. તે દિ' વાંચતા. એ ઉપર એટલા માટે ચિહ્ન કર્યું છે. કેટલું સમાડ્યું છે આમાં! સમરસરૂપી. સમરસ એટલે વીતરાગરૂપી. આહાહા..! વીતરાગી અમૃત, એનો સાગર, એને બહાર લાવવામાં. આહાહા..! શક્તિ અને સ્વભાવમાંથી પર્યાયમાં લાવવામાં પૂર્ણ ચંદ્ર સમાન, પૂર્ણ ચંદ્ર સમાન. પૂનમનો પૂર્ણ ચંદ્રમાં હોય અને જેમ દરિયો ઉછળે છે... આહાહા..! એક લીટીમાં ગમે તેટલું કહો પણ કાંઈ પાર પડે એવું નથી. એવી એક લીટી છે. આહાહા..! આ તો મુનિરાજનો શ્લોક છે. આ મૂળ પાઠ નથી. આ તો મુનિરાજનો પોતાનો છે. ઓહોહો..! ૧૫૨ (ગાથા પૂરી) થઈ.

## ગાથા-૧૫૩

**वयणमयं पडिकमणं वयणमयं पच्चखाण णियमं च।**
**आलोयण वयणमयं तं सव्वं जाण सज्झायं।।१५३।।**

वचनमयं प्रतिक्रमणं वचनमयं प्रत्याख्यानं नियमश्च।
आलोचनं वचनमयं तत्सर्वं जानीहि स्वाध्यायम्।।१५३।।

सकलवाग्विषयव्यापारनिरासोऽयम्।

पाक्षिकादिप्रतिक्रमणक्रियाकारणं निर्यापकाचार्यमुखोद्गतं समस्तपापक्षयहेतुभूतं द्रव्यश्रुतमखिलं वाग्वर्गणायोग्यपुद्गलद्रव्यात्मकत्वान्न ग्राह्यं भवति, प्रत्याख्यान नियमालोचनाश्च। पौद्‌गलिकवचनमयत्वातसर्वं स्वाध्यायमिति रे शिष्य त्वं जानीहि इति।

**રે! વચનમય પ્રતિક્રમણ, નિયમો, વચનમય પચખાણ જે,**
**જે વચનમય આલોચના, સઘળુંય તે સ્વાધ્યાય છે. ૧૫૩.**

**અન્વયાર્થ :– [ वचनमयं प्रतिक्रमणं ] વચનમય પ્રતિક્રમણ, [ वचनमयं प्रत्याख्यानं ] વચનમય પ્રત્યાખ્યાન, [ नियमः ] (વચનમય) નિયમ [ च ] અને [ वचनमयम् आलोचनं ] વચનમય આલોચના– [ तत् सर्वं ] એ બધું [ स्वाध्यायम् ] (પ્રશસ્ત અધ્યવસાયરૂપ) સ્વાધ્યાય [ जानीहि ] જાણ.**

**ટીકા :– આ, સમસ્ત વચનસંબંધી વ્યાપારનો નિરાસ (નિરાકરણ, ખંડન) છે.**

**પાક્ષિક આદિ પ્રતિક્રમણક્રિયાનું કારણ એવું જે નિર્યાપક આચાર્યના મુખથી નીકળેલું, સમસ્ત પાપક્ષયના હેતુભૂત, સઘળું દ્રવ્યશ્રુત તે વચનવર્ગણાયોગ્ય પુદ્ગલદ્રવ્યાત્મક હોવાથી ગ્રાહ્ય નથી. પ્રત્યાખ્યાન, નિયમ અને આલોચના પણ (પુદ્ગલદ્રવ્યાત્મક હોવાથી) ગ્રહણ કરવાયોગ્ય નથી. તે બધું પૌદ્ગલિક વચનમય હોવાથી સ્વાધ્યાય છે એમ હે શિષ્ય! તું જાણ.**

## ગાથા–૧૫૩ ઉપર પ્રવચન

ગાથા-૧૫૩.

**वयणमयं पडिकमणं वयणमयं पच्चखाण णियमं च।**
**आलोयण वयणमयं तं सव्वं जाण सज्झायं।।१५३।।**
**રે! વચનમય પ્રતિક્રમણ, નિયમો, વચનમય પચખાણ જે,**
**જે વચનમય આલોચના, સઘળુંય તે સ્વાધ્યાય છે. ૧૫૩.**

આહાહા..! વ્યવહાર સ્વાધ્યાય શુભભાવ છે. આહાહા..! એમાં ધર્મ નથી. એમાં પ્રભુનો અમૃત સાગર ઉછળે એવી તાકાત એમાં નથી. આવી સજ્ઝાયમાં... આહાહા..!

**'આ, સમસ્ત વચનસંબંધી વ્યાપારનો નિરાસ (નિરાકરણ, ખંડન) છે.'** છે ને? આહાહા..!

**રે! વચનમય પ્રતિક્રમણ, નિયમો, વચનમય પચખાણ જે,**
**જે વચનમય આલોચના, સઘળુંય તે સ્વાધ્યાય છે. ૧૫૩.**

સ્વાધ્યાયનો અર્થ શુભભાવ. સ્વ-અધ્યાય નહિ. આહાહા..! **'આ સમસ્ત વચનસંબંધી વ્યાપારનો નિરાસ (નિરાકરણ, ખંડન) છે.' 'પાક્ષિક આદિ પ્રતિક્રમણક્રિયાનું કારણ એવું જે નિર્યાપક આચાર્યના મુખથી નીકળેલું...'** બનાવેલું. આહાહા..! **'સમસ્ત પાપક્ષયના હેતુભૂત,...'** શુભભાવ છે ને? શુભભાવથી પાપનો ક્ષય એનું કારણ છે, ધર્મ નહિ. આહાહા..! આ સ્વાધ્યાય શુભભાવ પાપનું–અશુભનું, ક્ષયનું કારણ છે. એ પણ અહીં તો ક્ષયના હેતુભૂત કીધું છે. આહાહા..! નિશ્ચય સહિત છે ને? નિશ્ચયના આનંદના અનુભવની ભૂમિકામાં જે વચનમય

આવી દશા હોય એ પાપના ક્ષયભૂત છે. એકલા સમ્યગ્દર્શન વિના, એકલા આત્માના અનુભવ વિનાની વાત નથી. આહાહા..! આત્માની અનુભૂતિ, અનુભવ, આનંદના સ્વાદ સહિત આવો જે શુભભાવ હોય... આહાહા..! પાપના ક્ષયના હેતુભૂત એને કહ્યો છે. પુણ્ય અને પાપ બેયનો ક્ષય નહિ. આહાહા..! છે?

'**પાક્ષિક આદિ પ્રતિક્રમણક્રિયાનું કારણ એવું જે નિર્યાપક આચાર્ય...**' સંતો, સાચા મુનિ, એમણે '**આચાર્યના મુખથી નીકળેલું...**' બનાવેલું, '**એ સમસ્ત પાપક્ષયના હેતુભૂત,...**' છે. એ પ્રતિક્રમણ શબ્દોથી છે એમાં વિકલ્પ છે. એ શુભ વિકલ્પથી પાપનો ક્ષય છે. નિશ્ચય છે એને. જેને નિશ્ચય નથી એને તો પાપનો ક્ષય (હેતુ નથી), એ તો પાપબંધન છે. આહાહા..! જેને આત્માનું ભાન અને અનુભવ છે, એને આ પાપક્ષયનો હેતુભૂત નિમિત્ત છે. આહાહા..!

'**સઘળું દ્રવ્યશ્રુત તે વચનવર્ગણાયોગ્ય..**' આહાહા..! કહેતા જરીયે દુનિયાની દરકાર નથી કે આ હું જે બહાર પાડું છું તો મુનિ તરીકે કોઈ નિંદા કરશે કે આ શું આવી માંડી છે? બાપુ! પ્રભુનો માર્ગ આ છે, ભાઈ! આહાહા..! આત્માના દૃષ્ટિના અનુભવ સહિત આવો જે ભાવ છે તે પાપના ક્ષયભૂત છે. પુણ્યબંધનું કારણ છે, ધર્મ નહિ. આહાહા..! '**સઘળું દ્રવ્યશ્રુત...**' આહાહા..! બધું દ્રવ્યશ્રુત. આહાહા..! અગિયાર અંગ અને બધું દ્રવ્યશ્રુત ભર્યું હોય. ભલે કહે છે હો. '**દ્રવ્યશ્રુત તે વચનવર્ગણાયોગ્ય પુદ્ગલદ્રવ્યાત્મક હોવાથી ગ્રાહ્ય નથી.**' એ દ્રવ્યશ્રુત ગ્રાહ્ય નથી. આહાહા..! અંદર જે ભાવ છે એ શુભ છે અને આ વચનવર્ગણાયોગ્ય જે છે એ તો ગ્રાહ્ય છે જ નહિ. આહાહા..! એ તો પુદ્ગલની પર્યાય છે. દ્રવ્યશ્રુત તો પુદ્ગલની પર્યાય છે. આહાહા..!

'**દ્રવ્યશ્રુત તે વચનવર્ગણાયોગ્ય પુદ્ગલદ્રવ્યાત્મક હોવાથી ગ્રાહ્ય નથી.**' આહાહા..! એક બાજુ એમ કહે કે શાસ્ત્રનો અભ્યાસ કરવો, આગમ અભ્યાસ કરવો. એ બિલકુલ ઠોઠ નિશાળીયા હોય એને કીધું છે. પણ જેને કહે છે કે આત્મજ્ઞાન થયું છે એને આવા વચનવર્ગણા દ્રવ્યશ્રુત... આહાહા..! ગ્રાહ્ય નથી. આહાહા..! આવી વાત છે. '**દ્રવ્યશ્રુત તે વચનવર્ગણાયોગ્ય પુદ્ગલદ્રવ્યાત્મક હોવાથી ગ્રાહ્ય નથી.**' આહાહા..! પહેલા જે પાપના હેતુભૂત (કહ્યું) હતું એ તો ભાવ, એ તો શુભભાવ. અને આ દ્રવ્યશ્રુત છે એ તો ગ્રાહ્ય જ નથી. આહાહા..! શું કહ્યું? પહેલા દ્રવ્યશ્રુત જ્યારે ગ્રાહ્ય નથી કહ્યું એ કાંઈ પાપના ક્ષય હેતુભૂત નથી. આહાહા..! અંદરમાં સમકિત સહિત, આત્મજ્ઞાનસહિત શુભભાવ થયો એને શુભભાવ પાપના ક્ષયભૂત છે. અને વચનવર્ગણાયોગ્ય દ્રવ્યશ્રુત એ તો ગ્રાહ્ય નથી. આહાહા..! ત્રણ પ્રકાર થયા. દ્રવ્યશ્રુતની વચનવર્ગણા શબ્દ છે એ ગ્રાહ્ય નથી. તેમાં જરી ભાવ શુભ થાય તે પાપના ક્ષયભૂત છે અને તે કોને? કે જેને પાપ અને શબ્દવર્ગણાથી ભિન્ન આત્માનો અનુભવ છે તેને. આહાહા..! આવી વાત! ૫૦-૫૦, ૬૦-૬૦ વર્ષ કાઢ્યા હોય. એમાંથી પછી નવું... આહાહા..! વાત નવી છે, બાપુ! સાંભળવામાં આવ્યું નથી. સાંભળવામાં મળતું નથી.

અહીં આચાર્ય કહે છે, **'સઘળું દ્રવ્યશ્રુત તે વચનવર્ગણાયોગ્ય પુદ્ગલદ્રવ્યાત્મક હોવાથી ગ્રાહ્ય નથી. પ્રત્યાખ્યાન, નિયમ અને આલોચના પણ (પુદ્ગલદ્રવ્યાત્મક હોવાથી)...'** આહાહા..! વાણી દ્વારા જેટલું પડિક્કમણું અને આલોચના બોલાય એ ગ્રાહ્ય નથી. આહાહા..! માથું ફરી જાય એવું છે. છે? **'પ્રત્યાખ્યાન, નિયમ અને આલોચના પણ...'** દ્રવ્યશ્રુત તો કીધું હતું. આ પણ **'(પુદ્ગલદ્રવ્યાત્મક હોવાથી) ગ્રહણ કરવાયોગ્ય નથી. તે બધું પૌદ્ગલિક વચનમય હોવાથી સ્વાધ્યાય છે...'** શુભભાવ છે. **'એમ હે શિષ્ય! તું જાણ.'** હે શિષ્ય! આમ જાણ. એને તું ધર્મ જાણ અને એનાથી ધર્મ થાય, એનાથી સંવર અને નિર્જરા થઈ જાય એવું કાંઈ છે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

[ હવે અહીં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે : ]

## શ્લોક-૨૬૩

(मंदाक्रांता)

मुक्त्वा भव्यो वचनरचनां सर्वदातः समस्तां
निर्वाणस्त्रीस्तनभरयुगाश्लेषसौख्यस्पृहाढयः ।
नित्यानंदाद्यतुलमहिमाधारके स्वस्वरूपे
स्थित्वा सर्वं तृणमिव जगज्जालमेको ददर्श।।२६३।।

तथा चोक्तम्-

``परियट्टणं च वायण पुच्छण अणुपेक्खणा य धम्मकहा।
थुदिमंगलसंजुत्तो पंचविहो होदि सज्झाउ।।''

**[શ્લોકાર્થ :–] આમ હોવાથી, મુક્તિરૂપી સ્ત્રીના પુષ્ટ સ્તનયુગલના આલિંગનસૌખ્યની સ્પૃહાવાળો ભવ્ય જીવ સમસ્ત વચનરચનાને સર્વદા છોડીને, નિત્યાનંદ આદિ અતુલ મહિમાના ધારક નિજસ્વરૂપમાં સ્થિત રહીને, એકલો (નિરાલંબપણે) સર્વ જગતજાળને (સમસ્ત લોકસમૂહને) તૃણ સમાન (તુચ્છ) દેખે છે. ૨૬૩.**

**એવી રીતે (શ્રી મૂલાચારમાં પંચાચાર અધિકારને વિષે ૨૧૯મી ગાથા દ્વારા) કહ્યું છે કે :–**

**"[ગાથાર્થ :–] પરિવર્તન (ભણેલુ પાછું ફેરવી જવું તે), વાચના (શાસ્ત્ર-વ્યાખ્યાન), પૃચ્છના**

**(શાસ્ત્રશ્રવણ), અનુપ્રેક્ષા (અનિત્યત્વાદિ બાર અનુપ્રેક્ષા) અને ધર્મકથા (૬૩ શલાકાપુરુષોનાં ચરિત્રો)–આમ પાંચ પ્રકારનો, *સ્તુતિ તથા મંગળ સહિત, સ્વાધ્યાય છે.''**

**પ્રવચન નં. ૧૭૮, શ્લોક--૨૬૩, ગાથા-૧૫૪, શુક્રવાર, જ્યેષ્ઠ વદ ૧૪, તા.૧૧-૦૭-૮૦**

'નિયમસાર' ૨૬૩ કળશ છે.

**मुक्त्वा भव्यो वचनरचनां सर्वदातः समस्तां**
**निर्वाणस्त्रीस्तनभरयुगाश्लेषसौख्यस्पृहाढयः।**
**नित्यानंदाद्यतुलमहिमाधारके स्वस्वरूपे**
**स्थित्वा सर्वं तृणमिव जगज्जालमेको ददर्श।।२६३।।**

... પડિક્કમણા અને પચખાણમાં પણ વચનરચનાને છોડી એ તરફના વિકલ્પને પણ છોડી આનંદસ્વરૂપ ભગવાનઆત્મા, એનો અનુભવ કરવો, એની દૃષ્ટિ કરીને એનો અનુભવ કરવો ત્યારે તેને ધર્મની શરૂઆત થાય છે. આહાહા..! આમ છે. પંચમભાવ એ પારિણામિકભાવ, ધ્રુવભાવ, અચળ અનાદિઅનંત નિત્યાનંદ સત્તા જે છે તેને અનુભવવો, તે તરફ દૃષ્ટિ કરીને વેદન કરવું એનું નામ ધર્મ છે.

એટલે કહે છે કે **'આમ હોવાથી,...'** એટલે કે વચન અને વચનના વિકલ્પો પણ છોડ્યા હોવાથી **'મુક્તિરૂપી સ્ત્રીના પુષ્ટ સ્તનયુગલ...'** કેવળજ્ઞાનરૂપી પુષ્ટ કેવળજ્ઞાન અને કેવળદર્શન પુષ્ટ. આહાહા..! કેવળજ્ઞાન અને કેવળદર્શન એ પુષ્ટ છે. **'સ્ત્રીના પુષ્ટ સ્તનયુગલના આલિંગનસૌખ્યની સ્પૃહાવાળો...'** જેને કેવળજ્ઞાન અને કેવળદર્શનની સ્પૃહા છે, એને સ્પર્શવાનો જેને ભાવ છે... આહાહા..! એને અહીંયાં સમકિતી કહેવામાં આવ્યો છે. જેનું ધ્યાન વસ્તુ ઉપર છે અને જેના પરિણામમાં કેવળજ્ઞાનની સ્પૃહા છે. બીજી કોઈ ચીજની ઇચ્છા નથી. આહાહા..! ધ્યાનમાં ધ્યેય લેવું, ધ્યાનમાં ધ્યેય લેવું અને સાધ્યમાં કેવળજ્ઞાન લેવું. પૂર્ણ સ્વરૂપ એમ કહે છે.

પૂર્ણ **'મુક્તિરૂપી સ્ત્રીના પુષ્ટ...'** પુષ્ટ સ્વભાવ એનો. એના **'આલિંગન સૌખ્યની સ્પૃહાવાળો...'** આહાહા..! જેને કેવળજ્ઞાન ને કેવળદર્શન ને અનંતઆનંદ જોવે છે, એવી જ જેને અંતરમાં સ્પૃહા છે. કોઈ જાતનો વિકલ્પ, બીજી જાતનું લેવું-દેવું કાંઈ છે નહિ. આવી જેને સ્પૃહા અંદર છે. એ **'ભવ્ય જીવ...'** એ ભવ્ય જીવ. એ લાયક જીવ છે. આહાહા..! **'સમસ્ત વચનરચનાને સર્વદા છોડીને,...'** સમસ્ત વચનરચનાને (એટલે) દ્રવ્યશાસ્ત્ર અને દ્રવ્ય

*** સ્તુતિ = દેવ અને મુનિને વંદન. (ધર્મકથા, સ્તુતિ અને મંગળ થઈને સ્વાધ્યાયનો પાંચમો પ્રકાર ગણાય છે.)**

પડિક્કમણાના શબ્દો, એને સર્વદા છોડીને. આહાહા..! ઝીણી વાત બહુ, ભાઈ! એકલો ભગવાન અંદર બિરાજે (છે). પૂર્ણાનંદ અને પૂર્ણ શાંતિનો સાગર, જેમાં વિકલ્પનો અવકાશ નથી, જેમાં ભેદનો અવસર નથી એવો જે અભેદ સ્વભાવ, તેની પુષ્ટિ કેવળજ્ઞાન અને કેવળદર્શન... આહાહા..!

એવી **'સ્પૃહાવાળો ભવ્ય જીવ સમસ્ત વચનરચનાને સર્વદા છોડીને, નિત્યાનંદ આદિ અતુલ મહિમાના ધારક...'** આહાહા..! પ્રભુ કેવો છે? નિત્યાનંદ છે. નિત્ય આનંદ છે. અતીન્દ્રિય અતીન્દ્રિય આનંદ, અનંત અતીન્દ્રિય આનંદથી નિત્ય ભરેલો છે. આહાહા..! એવા **'નિત્યાનંદ આદિ...'** આદિ એટલે નિત્યાનંદ, અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત પ્રભુતા, અનંત નિર્વિકલ્પતા **'આદિ અતુલ મહિમાના ધારક...'** જેની કોઈ તુલના નથી. જેની કોઈ મહિમા નથી, જેને કોઈની બહારની મહિમા અને માહાત્મ્ય નથી.

**'અતુલ મહિમાના ધારક નિજસ્વરૂપમાં સ્થિત રહીને,...'** નિજ સ્વરૂપમાં સ્થિત રહીને. આહાહા..! **'એકલો (નિરાલંબપણે)...'** સ્વરૂપ ચૈતન્યમૂર્તિ નિત્ય છે. અનાદિઅનંત સત્ સત્તા જેની છે એના આલંબન વડે અને બીજા બિલકુલ નિરાલંબન વડે. બીજું કોઈ આલંબન નહિ. આહાહા..! એ વડે **'સર્વ જગતજાળને...'** આહાહા..! માન, સન્માન, પૈસા, લક્ષ્મી, આબરૂ, કીર્તિ, મોટપ, મહિમા, જગતની પદ્વી. અનેક પ્રકારનું જગત, સર્વ જગત. **'સર્વ જગતની જાળને...'** ઓહોહો..! **'(સમસ્ત લોકસમૂહને) તૃણ સમાન (તુચ્છ) દેખે છે.'** ભગવાનઆત્માને નિત્યાનંદ દેખે છે. એ સિવાય આખી દુનિયાને તૃણ સમાન દેખે છે. આહાહા..!

પ્રભુને અનાદિ શાશ્વત, નિત્યાનંદ ને અનાદિઅનંત સત્તાવાળો ભાળે છે. એ સિવાય બધા વિકલ્પથી માંડીને બધી જગજાળ, એને છોડીને **'તૃણ સમાન (તુચ્છ) દેખે છે.'** આહાહા..! ચક્રવર્તીના રાજ અને ઇન્દ્રના ઇન્દ્રાસનોને ધર્મી તૃણ સમાન જાણે છે. આહાહા..! જેમ તરણાની કિંમત નથી એમ ઇન્દ્રજાળ અને ચક્રવર્તીના પદની પણ આત્માના સમકિતના ધ્યેય એવા આત્માની કિંમત આગળ તૃણ સમાન છે. આહાહા..! આજ તો એકદમ બે ભાગ પાડ્યા. જેને નિત્યાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યની જેને અવલંબનની દશા પ્રગટી છે તે પોતાના સિવાય વિકલ્પથી માંડીને બધી જગજાળ, એને તૃણ સમાન જાણે છે. મોટી પદવી મળે તોપણ તૃણ સમાન જાણે છે. આહાહા..! તીર્થંકરની પદવી પણ સમકિતી તૃણ સમાન જાણે છે. પદવી એટલે શું? એ તો જે ભાવે તીર્થંકરગોત્ર બાંધ્યું એ ભાવનો નાશ થાય ત્યારે તે પ્રકૃતિનો ઉદય આવે. એની કિંમત શું? આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બાંધ્યું, એ ભાવનો નાશ થાય ત્યારે કેવળીને તીર્થંકર પ્રકૃતિનો ઉદય આવે. આહા..!

અહીં તો **'સર્વ જગતજાળ...'** આહાહા..! આત્મા સિવાય કાંઈ કિંમતી, વિસ્મય, અધિક, આશ્ચર્યકારી જગતમાં કોઈ ચીજ છે જ નહિ. આહાહા..! એમ અંતરમાં જાણીને **'(સમસ્ત લોકસમૂહને) તૃણ સમાન (તુચ્છ) દેખે છે.'** આહાહા..! સમસ્ત જગત. ઇન્દ્રના ઇન્દ્રાસનો

પણ તૃણ સમાન દેખે છે. ચૈતન્યરત્ન જ્યાં હાથ આવ્યું... આહાહા..! જેમાં અનંતગુણ ભર્યા છે, જેમાં અનંતગુણની રાશિનો પિંડ છે, જેના ગુણની સંખ્યાનો જ્યાં પાર નથી એવો પ્રભુ જેને દૃષ્ટિમાં અંદર આવ્યો, કહે છે કે એને બધું તૃણ સમાન છે. એ સિવાય કોઈ ચીજ... આહાહા..! અબજો રૂપિયા પેદા થાય અને ચક્રવર્તીનું પદ મળે અને ઇન્દ્રાસન મળે, મહિને પાંચ-પચ્ચીસ હજારના પગારની પદવી મળે (તોપણ) એને તૃણ સમાન જાણે. આહાહા..! ક્યાં ભગવાન અને ક્યાં એ! ક્યાં પ્રભુ અને ક્યાં એ! ક્યાં હીરો અને ક્યાં પથરો! ચૈતન્યહીરો. અનંત અનંતગુણથી ચૈતન્યચમત્કારથી ભરેલો, જેને એક ક્ષણમાં ત્રણકાળ ત્રણલોક મારા તરીકે માનવાનું નહિ પણ જાણવા તરીકે તે વ્યવહાર છે. આહાહા..! પોતાનો સ્વભાવ જ જાણે છે એ તો. એવા જીવને આખું જગત તૃણ સમાન લાગે છે. આહાહા..! આવો માર્ગ! અહીં તો એક જરીક કાંઈક અનુકૂળ આમ હોય, કપડા સારા પહેર્યા, દાગીના સારા પહેર્યા કે છોકરાના લગ્નનો પ્રસંગ હોય ત્યાં હોંશું ને હરખ (થઈ જાય). આહાહા..! અહીં તો કહે (છે), આખી દુનિયા. ઓહોહો..!

મુમુક્ષુ :– મુનિ પાસે દુનિયા હતી જ ક્યાં તે છોડે?

ઉત્તર :– બહાર છે ને? અહીં તો બહાર છે ને. બહાર છે તેનું લક્ષ છોડવું. વસ્તુ તો છૂટેલી જ છે, વસ્તુ કાંઈ આત્મામાં છે નહિ. આહાહા..! એને તૃણ સમાન દેખે છે એમ કીધું. એને કાંઈ માને નહિ. એને તૃણ સમાન દેખે છે. આહાહા..! વસ્તુના સ્વભાવની આગળ ચૈતન્યના સ્વભાવની આગળ આખા જગતને તૃણ સમાન દેખે છે. મારા તરીકે તો નહિ પણ તૃણ સમાન જાણે છે. આહાહા..!

મુનિરાજ 'પદ્મપ્રભમલધારિદેવ'નો ઇ કળશ છે. આહાહા..!

**'એવી રીતે (શ્રી મૂલાચારમાં પંચાચાર અધિકારને વિષે ૨૧૯મી ગાથા દ્વારા) કહ્યું છે કે :–'**

**``परियट्टणं च वायण पुच्छण अणुपेक्खणा य धम्मकहा।**
**थुदिमंगलसंजुत्तो पंचविहो होदि सज्झाउ।।''**

**ગાથાર્થ :-** આહાહા..! કહે છે કે **'પરિવર્તન (ભણેલું પાછું ફેરવી જવું તે),...'** એ વિકલ્પ રાગ (છે). આહાહા..! **'વાચના (શાસ્ત્ર વ્યાખ્યાન),...'** કરવું એ રાગ. આહાહા..! એ ધર્મ નહિ, એ ધર્મનું કારણ નહિ. **'પૃચ્છના (શાસ્ત્રશ્રવણ),...'** શાસ્ત્ર શ્રવણ પૂછવું આદિ. આહાહા..! એ પણ વિકલ્પ છે. એ પણ એક રાગની જાળ છે. આહાહા..! પ્રભુ જ્યાં ચૈતન્યમૂર્તિ નિષ્ક્રિય રાગની ક્રિયારહિત એવો નિર્મળાનંદ પ્રભુ, એની પાછળ આ શાસ્ત્રનું વાંચન આદિ પણ કહે છે કે વિકલ્પ અને તુચ્છ છે. આહાહા..! એની મહિમા કરવા જેવી નથી.

**'અનુપ્રેક્ષા (અનિત્યત્વાદિ બાર અનુપ્રેક્ષા)...'** બાર અનુપ્રેક્ષા વિચાર આહાહા..! એ બધો

શુભભાવ સ્વાધ્યાય છે. એ કોઈ આત્માનું સ્વરૂપ નથી. આત્માના સ્વરૂપની પ્રાપ્તિનું સાધન પણ એ નથી. આહાહા..! સ્વરૂપ અંદર ચિદાનંદ આત્મા, એનું સાધન એ નથી. આહાહા..! અહીં તો અનુપ્રેક્ષા, એ ચાર બોલ થયા. હવે ધર્મકથા જે પાંચમો બોલ છે **'ધર્મકથા...'** એની ભેગું **'(૬૩ શલાકાપુરુષોનાં ચરિત્રો)...'** નું વર્ણન. એમાં ભેગું સ્તુતિ અને મંગળ. ભેગું સ્તુતિ અને મંગળ પણ ભેળવવું. એ ધર્મકથાની સાથે. એમ થઈને પાંચ પ્રકાર થયા. એ સ્વાધ્યાયના પાંચ પ્રકાર. આહાહા..!

**'ધર્મકથા...'** અને ભગવાનની સ્તુતિ, દેવ અને મુનિને વંદન. ધર્મકથા, સ્તુતિ અને મંગલ થઈને સ્વાધ્યાયનો પાંચમો પ્રકાર છે. એ સ્વાધ્યાયનો પાંચમો ભેદ છે. આહાહા..! એ સ્વાધ્યાય એક વિકલ્પ છે, કહે છે. આહાહા..! નિર્વિકલ્પ ચૈતન્ય ભગવાન, એમાં જેનો સ્પર્શ પણ નથી. આહાહા..! સ્તુતિ અને સ્તવન, માંગલિક સ્વાધ્યાયમાં નાખ્યું. એ નહિ, એ શુભ છે. આહાહા..! આકરી વાતું (લાગે) લોકોને. **'ધર્મકથા...'** એ પાંચમો બોલ સ્વાધ્યાયનો છે. એની સાથે ભગવાનની, તીર્થંકરની, મુનિની સ્તુતિ અને એનું માંગલિક એ ધર્મકથામાં ભેગું નાખી અને એ પાંચમી સ્વાધ્યાય છે. એ પાંચેય સ્વાધ્યાય છે. કીધું ને? **'પરિવર્તન, વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા અને ધર્મકથા-આમ પાંચ પ્રકારનો, સ્તુતિ તથા મંગળ...'** એ ત્રણ થઈને એક. એમ થઈને પાંચ સ્વાધ્યાય છે. આહાહા..! સ્વાધ્યાય છે એટલે? સ્વ-અધ્યાય છે એમ નહિ. એ સજ્ઝાય છે. એ ગાથામાં આવી ગયું છે પહેલા. એ સજ્ઝાય છે, વિકલ્પ છે, એક રાગ છે. આહાહા..! પ્રભુ તો એ સ્તુતિ અને રાગ વિનાનો છે. એમાં સ્તુતિ અને માંગલિકનો વિકલ્પ પણ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- સ્વાધ્યાયને તો પરમ તપ કહ્યું ને.

ઉત્તર :- એ સ્વાધ્યાય આત્માનો. સ્વ-અધ્યાય .. પોતાના આનંદનો અનુભવ, નિર્વિકલ્પ શાંતિ અને આનંદનો અનુભવ, એ ઉત્તમ માંગલિક છે. આહાહા..! એ તપ છે. તપની વ્યાખ્યા કરી હતી.

અંતરમાં આનંદસ્વરૂપનું પરિતપન, શાંતિની વૃદ્ધિ, આનંદની વૃદ્ધિ, શુદ્ધિની વૃદ્ધિ એને અહીંયાં તપસ્યા કહેવામાં આવે છે. આહાહા..! આ અપવાસ આદિ ને તપસ્યા એ તો લાંઘણ છે. એ બહારના નિમિત્ત છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ! ધર્મ અને સંસાર બે તદ્દન ઊલટા. આહાહા..! ક્યાં ભગવાનઆત્મા. ત્યાં કહે છે કે આ પાંચ પ્રકારની સ્તુતિ પણ નથી. આહાહા..!

હવે આમાં વાદવિવાદ કોની સાથે કરવો? એ કહેશે આગળ. આવા પ્રકાર છે તો કોની સાથે વાદવિવાદ કરીશ તું? એકકોર એકલો ભગવાન જ છે અને એક બાજુ બધા વિકલ્પની જાળથી માંડી આ જગત છે. આહાહા..! એમાં સૂક્ષ્મ વિકલ્પથી પણ વાંચન અને એનાથી પણ કાંઈક ધર્મ થાય... આહાહા..! આવી ગયું ને? વાચના આવી ગયું ને? વાંચનમાંથી એ

ફેરવવામાંથી, એ શાસ્ત્ર શ્રવણ કરવાથી, પ્રશ્ન પૂછવાથી... આહાહા..! બાર પ્રકારની અનુપ્રેક્ષાનો વિચાર કરવાથી અને ધર્મકથા ને સ્તુતિ અને મંગલ એટલે એ ત્રણ થઈને એક અને ઓલા ચાર, એ પાંચ સ્વાધ્યાય છે. એ આત્માની દશા નહિ. આહાહા..!

એક બાજુ કહે કે આગમનો અભ્યાસ કરવો. એ સ્વલક્ષી. ત્યાં સ્વલક્ષનું જોવું. અહીં કહે છે, પણ જો લક્ષ નથી તો એ અભ્યાસ રાગ છે, વિકલ્પ છે. અંતર આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ, અનંત આનંદ અને અનંત જ્ઞાન, અનંતગુણથી ભરેલો નિર્વિકલ્પ ચીજ, એની આગળ વિકલ્પથી માંડીને આખું જગત તૃણ સમાન છે. આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ સ્વરૂપની આગળ તૃણ સમાન છે. આહાહા..! આવું હવે બેસવું.

## ગાથા–૧૫૪

जदि सक्कदि कादुं जे पडिकमणादिं करेज्ज झाणमयं।
सत्तिविहीणो जा जइ सद्दहणं चेव कायव्वं।।१५४।।

यदि शक्यते कर्तुम् अहो प्रतिक्रमणादिकं करोषि ध्यानमयम्।
शक्तिविहीनो यावद्यदि श्रद्धानं चैव कर्तव्यम्।।१५४।।

अत्र शुद्धनिश्चयधर्मध्यानात्मकप्रतिक्रमणादिकमेव कर्तव्यमित्युक्तम्।

मुक्तिसुंदरीप्रथमदर्शनप्राभृतात्मकनिश्चयप्रतिक्रमणप्रायश्चित्तप्रत्याख्यानप्रमुखशुद्धनिश्चयक्रियाश्चैव कर्तव्याः संहननशक्तिप्रादुर्भावे सति हंहो मुनिशार्दूल परमागममकरंदनिष्यन्दिमुखपद्मप्रभ सहजवैराग्यप्रासादशिखरशिखामणे परद्रव्यपराङ्मुखस्वद्रव्यनिष्णातबुद्धे पञ्चेन्द्रियप्रसरवर्जित-गात्रमात्रपरिग्रह। शक्तिहीनो यदि दग्धकालेऽकाले केवलं त्वया निजपरमात्मतत्त्वश्रद्धानमेव कर्तव्यमिति।

---

**કરી જો શકે, પ્રતિક્રમણ આદિ ધ્યાનમય કરજે અહો!**
**કર્તવ્ય છે શ્રદ્ધા જ, શક્તિવિહીન જો તું હોય તો. ૧૫૪.**

અન્વયાર્થ :– [ यदि ] જો [ कर्तुम शक्यते ] કરી શકાય તો [ अहो ] અહો! [ ध्यानमयम् ] ધ્યાનમય [ प्रतिक्रमणादिकं ] પ્રતિક્રમણાદિ [ करोषि ] કર; [ यदि ] જો [ शक्तिविहीनः ] તું શક્તિવિહીન હોય તો [ यावत् ] ત્યાં સુધી [ श्रद्धानं च एव ] શ્રદ્ધાન જ [ कर्तव्यम् ] કર્તવ્ય છે.

ટીકા :– અહીં, શુદ્ધનિશ્ચયધર્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણ વગેરે જ કરવાયોગ્ય છે એમ કહ્યું છે.

**સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ, પરદ્રવ્યથી પરાઙ્મુખ અને સ્વદ્રવ્યમાં નિષ્ણાત બુદ્ધિવાળા, પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહના ધારી, પરમાગમરૂપી *મકરંદ ઝરતા મુખકમળથી શોભાયમાન હે મુનિશાર્દૂલ! (અથવા પરમાગમરૂપી મકરંદ ઝરતા મુખવાળા હે પદ્મપ્રભ મુનિશાર્દૂલ!) સંહનન અને શક્તિનો +પ્રાદુર્ભાવ હોય તો મુક્તિસુંદરીના પ્રથમ દર્શનની ભેટસ્વરૂપ નિશ્ચયપ્રતિક્રમણ, નિશ્ચયપ્રાયશ્ચિત્ત, નિશ્ચયપ્રત્યાખ્યાન વગેરે શુદ્ધનિશ્ચયક્રિયાઓ જ કર્તવ્ય છે. જો આ દગ્ધકાળરૂપ (હીનકાળરૂપ) અકાળમાં તું શક્તિહીન હો તો તારે કેવળ નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન જ કર્તવ્ય છે.**

## ગાથા-૧૫૪ ઉપર પ્રવચન

હવે ગાથા-૧૫૪. બહુ આકરી વાત કરી. બહુ ઝીણી વાત અને સૂક્ષ્મ કહી એટલે હવે કહે છે...

**जदि सक्कदि कादुं जे पडिकमणादिं करेज्ज झाणमयं।**
**सत्तिविहीणो जा जइ सद्दहणं चेव कायव्वं।।१५४।।**
**કરી જો શકે, પ્રતિક્રમણ આદિ ધ્યાનમય કરજે અહો!**
**કર્તવ્ય છે શ્રદ્ધા જ, શક્તિવિહીન જો તું હોય તો. ૧૫૪.**

આહાહા..! શું કહે છે?

**ટીકા :-** **'અહીં, શુદ્ધનિશ્ચયધર્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણ વગેરે જ કરવાયોગ્ય છે એમ કહ્યું છે.'** શુદ્ધ નિશ્ચયસ્વરૂપ, આનંદસ્વરૂપમાં લીનતા એ પ્રતિક્રમણ, એ પ્રત્યાખ્યાન, જે કહો એ. એ અહીંયા કહ્યું છે. છે? **'અહીં, શુદ્ધનિશ્ચયધર્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણ વગેરે...'** બહારની બધી દશાઓ. એ બધી કરવા યોગ્ય છે એમ કહ્યું છે. શુદ્ધનિશ્ચયધર્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણ કરવા યોગ્ય છે. વ્યવહાર નહિ. આહાહા..! આવો ધર્મ હવે. સંપ્રદાયમાં આવું સાંભળ્યું હતું કોઈ દિ' 'કાનજીભાઈ'? દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, અપવાસ કરો, પૌષધ કરો. આહાહા..! એટલે ધર્મ છે. જાવ. આહાહા..! પણ પ્રભુ એકકોર આખો પડ્યો રહ્યો ને. ત્રણલોકનો નાથ અનંત સત્તાનો ધણી, જેના એક સમયના જ્ઞાનમાં અનંતગુણની એક ગુણની એક પર્યાયમાં ત્રણકાળ ત્રણલોક, એની સામું જોતા જણાય એમ પણ નહિ, પોતામાં જણાય જાય છે. આહાહા..! એવી જે ચૈતન્યસત્તા, એની શ્રદ્ધા અને અનુભવ વિના આખું જગત તૃણ સમાન છે. આહાહા..!

**'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ,...'** મુનિરાજની મુખ્ય વાત કરી છે.

* મકરંદ = પુષ્પ-રસ; ફૂલનું મધ.
+ પ્રાદુર્ભાવ = પેદા થવું તે; પ્રાકટ્ય; ઉત્પત્તિ.

સ્વભાવિક વૈરાગ્ય. આત્મામાં આનંદ સિવાય, વૈરાગ્ય એટલે પુણ્ય-પાપથી પણ જ્યાં વિરક્ત (છે). પુણ્ય-પાપથી વિરક્ત એનું નામ વૈરાગ્ય. આખી દુનિયા તો બહાર રહી ગઈ અને અંદર પુણ્ય-પાપના બે ભાવથી વૈરાગ્ય–વિરક્ત. એનાથી વિરક્ત એટલે વૈરાગ્ય. આહાહા..! એવો સ્વભાવિક વૈરાગ્યરૂપી મહેલ, એની શિખર-ટોચ, એનો શિખામણિ. આહાહા..! ટોચનો શિખામણિ. આહાહા..!

**'વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ, પરદ્રવ્યથી પરાઙ્મુખ..'** આહાહા..! **'અને સ્વદ્રવ્યમાં નિષ્ણાત બુદ્ધિવાળા,...'** આહાહા..! પરદ્રવ્યથી પરાઙ્મુખ. ત્રણલોકનો નાથ એમ કહે છે કે મારાથી પણ પરાઙ્મુખ. આહાહા..! હું પરદ્રવ્ય છું. તારું લક્ષ અમારા ઉપર જશે તો તને રાગ થશે. તારા સ્વરૂપમાંથી ખસી જઈશ. આહાહા..! આવી ચીજ છે. સંપ્રદાયમાં તો કોઈ દિ' સાંભળી પણ નહોતી. અને અહીંયાં આવી તો આકરી લાગે. ઓલું બહારનું આ કરવું... આ કરવું.. આ કરવું... વાંચવું, વિચારવું, ફલાણું એ બધો વિકલ્પ છે. એકલો ચિદાનંદ નાથ. અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ અને શાંતિનું દળ ધ્રુવ ભગવાનઆત્મા એની આગળ વિકલ્પથી માંડીને આખી દુનિયા તૃણ સમાન છે. આહાહા..!

**'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ, પરદ્રવ્યથી પરાઙ્મુખ...'** છે. આહાહા..! વૈરાગ્ય એને કહીએ, સ્વભાવિક વૈરાગ્ય એને કહીએ કે જે પરદ્રવ્યથી પરાઙ્મુખ છે, વિકલ્પથી પણ પરાઙ્મુખ છે તેને વૈરાગ્ય કહીએ. આહાહા..! બાયડી, છોકરા છોડ્યા ને દુકાન છોડી ને પૈસા છોડ્યા, સાધુ થયો માટે વૈરાગ્ય છે એમ નહિ. એ વૈરાગ્ય નહિ. આહાહા..! શુભ અને અશુભભાવ, એનાથી વૈરાગ્ય એટલે વિરક્તિ, એવો જે **'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના...'** ટોચ. આહાહા..! જેમાં પરદ્રવ્યની ગંધ ન મળે. આહાહા..! **'પરદ્રવ્યથી પરાઙ્મુખ...'** પરમેશ્વરના પાંચ પદ, એનાથી પણ પરાઙ્મુખ છે. આહાહા..! વાત સાંભળવી આકરી પડે.

ભગવાન નિજ પ્રભુ, અનંત આનંદનું ધામ. 'સ્વયં જ્યોતિ સુખધામ.' 'શ્રીમદ્'માં આવે છે. 'સ્વયં જ્યોતિ સુખધામ' આહાહા..! એવો જે ભગવાનઆત્મા, પરથી જેને વૈરાગ્ય છે અને સ્વ તરફની જેને લીનતા છે, સ્વ તરફની જેને ધગશ છે અને પર તરફથી જેને પૂર્ણ વૈરાગ્ય છે, એ પરદ્રવ્યથી પરાઙ્મુખ **'અને સ્વદ્રવ્યમાં નિષ્ણાંત બુદ્ધિવાળા,..'** આહાહા..! આ 'નિયમસાર' આચાર્યે પોતાને માટે બનાવેલું છે. એકલું તત્ત્વ-માખણ! આહાહા..! વિકલ્પનો પણ જેને અવકાશ નથી. હું એક જ્ઞાયક છું એવા વિકલ્પને પણ જ્યાં અવકાશ નથી. તો એને ઠેકાણે આ દ્રવ્ય છે, આ ગુણ છે અને આ પર્યાય છે એ ત્રણ ભેદનો ત્યાં અવકાશ જ નથી. આહાહા..!

એવો **'પરદ્રવ્યથી પરાઙ્મુખ અને સ્વદ્રવ્યમાં નિષ્ણાંત બુદ્ધિવાળા,...'** પરદ્રવ્યથી પરાઙ્મુખ– વૈરાગ્ય. સ્વદ્રવ્યમાં લીનતા, સ્વદ્રવ્યમાં નિષ્ણાત. પોતાના આનંદ આદિ ગુણમાં નિષ્ણાંત. પૂર્ણ જાણપણાવાળો નિષ્ણાંત છે. માણસ નથી કહેતા? કે આ માણસ આમાં નિષ્ણાંત છે. એમ

આત્મામાં નિષ્ણાંત છે. આહાહા..! સ્વદ્રવ્યમાં નિષ્ણાંત, પરદ્રવ્યથી પરાઙ્મુખ. અસ્તિ-નાસ્તિ કરી. આહાહા..! અહીં એક સામાયિક કરે, પોષો કરે. સમકિત વિનાનું ભાન. થઈ ગયો ધર્મ. આહાહા..! પ્રભુ! આવો મનુષ્યભવ (મળ્યો), એમાં આ ધર્મ મળ્યો. આ જો ન કર્યું અને સાંભળવા પણ મળ્યું નહિ અને એમાં એને બેઠું નહિ... આહાહા..! તો તો ભવનો અભાવ કરવાનું કાંઈ થયું નહિ. આહાહા..! કરવાનું એ છે.

પરદ્રવ્ય, સર્વ પરદ્રવ્ય. વિકલ્પથી માંડીને શબ્દો, દ્રવ્યશ્રુત, ભગવાન બધાથી પરાઙ્મુખ. એક સ્વદ્રવ્યની સન્મુખ. પરદ્રવ્યથી પરાઙ્મુખ, સ્વદ્રવ્યથી સન્મુખ. આહાહા..! નિષ્ણાત બુદ્ધિવાળા **'પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત...'** મુનિની વાત છે ને? મુનિની વાત કરે છે. પાંચ ઇન્દ્રિયને ગોપવી છે. **'દેહમાત્ર પરિગ્રહના ધારી,...'** મુનિ એને કહીએ કે જેને એક શરીરમાત્ર છે. આહાહા..! એમાં એમ કહે, એ તો દિગંબર માને છે. અમારા શ્વેતાંબરમાં બીજું મનાય છે. એમ કહે છે. વસ્તુસ્થિતિ આ છે, ભાઈ! આખી દુનિયાથી પરાઙ્મુખ અને સ્વ તરફ સન્મુખ એવા મુનિને પરિગ્રહ ક્યાંથી હોય? આહાહા..!

**'પાંચ ઇન્દ્રિયોના ફેલાવ....'** એટલે વિસ્તાર. પાંચ ઇન્દ્રિયના વિકલ્પોના વિસ્તારથી **'રહિત દેહમાત્ર પરિગ્રહના ધારી,...'** મુનિ તો એક દેહમાત્ર પરિગ્રહ છે. એ શરીરમાત્ર (છે). **'પરમાગમરૂપી મકરંદ ઝરતા મુખકમળથી...'** આહાહા..! પરમાગમરૂપી પુષ્પરસ. ફૂલનો જેમ રસ એમ રસ ઝરતા મુખકમળથી **'શોભાયમાન...'** લ્યો! જોયું! પહેલું કહ્યું કે હું બધી ચીજોથી વિમુખ છું. અહીં ફક્ત વાણી એના મુખકમળમાંથી નીકળે છે, કહે છે. આહાહા..! **'પરમાગમરૂપી મકરંદ ઝરતા મુખકમળથી...'** પરમાગમના રસ ઝરે છે. આહાહા..! જેમ પ્રભુમાંથી આનંદ ઝરે છે, એમ સાચા મુનિમાંથી સાચી મકરંદ-વાણી, ફૂલનો જેમ રસ હોય એમ વસ્તુનો સાર–રસ–માખણ ઝરે છે. આહાહા..! ફૂલમાં સુગંધ હોય છે ને? એમ સુગંધ જેના મુખમાંથી ઝરે છે. એનાથી જેનું શોભાયમાન મુખ છે. આહાહા..!

એવા **'હે મુનિશાર્દૂલ!'** પોતાને કહે છે. હે મુનિશાર્દૂલ! અથવા **'પરમાગમરૂપીમકરંદ ઝરતા મુખવાળા હે પદ્મપ્રભ મુનિ શાર્દૂલ!'** પોતે પોતાને કહે છે. આહાહા..! **'સંહનન અને શક્તિનો પ્રાદુર્ભાવ હોય...'** સંઘયણ મજબૂત હોય, શક્તિના સહારા બધા અનુકૂળ હોય **'પ્રાદુર્ભાવ = પેદા થવું તે; પ્રાકટ્ય; ઉત્પત્તિ.'** **'તો મુક્તિસુંદરીના પ્રથમ દર્શનની...'** આહાહા..! મુક્તિરૂપી સુંદરીના પ્રથમ દર્શનની **'ભેટસ્વરૂપ નિશ્ચયપ્રતિક્રમણ નિશ્ચયપ્રાયશ્ચિત, નિશ્ચયપ્રત્યાખ્યાન...'** એ ભેટ અને પ્રસન્ન (કરવાનું), ભેટવાનું સાધન છે. આહાહા..! ભાષા જ કેવી જાતની છે. ચોપડામાં આવી ન હોય, સાંભળવામાં આવી ન હોય. આહાહા..!

કહે છે કે **'પરમાગમરૂપી મકરંદ ઝરતા...'** આહાહા..! એકલો આત્મરસ ઝરે છે, કહે છે. એની વાણીમાં આત્માની સન્મુખતાની જ વાત કરે છે, એમ કહે છે. મુનિ એને કહીએ કે જેને આત્માની સન્મુખતાની વીતરાગતા જ ઝરે. પરથી વિમુખતા, સ્વથી સન્મુખતા.

આહાહા..! એવા **'પરમાગમરૂપી...'** પરમ આગમરૂપી પણ, હોં! એકલું આગમ નથી કહ્યું. પરમાગમ. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથે કહેલું. એ વાણી. આહાહા..! પાછળથી કોઈ કલ્પિત બનાવીને ભગવાનના નામ આપ્યા હોય (અને કહે) એ ભગવાનની વાણી છે. એ વાણી નહિ. આહાહા..!

**'પરમાગમરૂપી મકરંદ ઝરતા મુખવાળા હે પદ્મપ્રભ મુનિ શાર્દૂલ! સંહનન...'** એની વ્યાખ્યા કરી. ઉપર એનો અર્થ કર્યો છે, જુઓ! મુનિશાર્દૂલ પોતે. **'સંહનન અને શક્તિનો પ્રાદુર્ભાવ હોય...'** કેવળજ્ઞાનાદિ પ્રાપ્ત કરવાની એવી શક્તિ અંદરમાં ન હોય... આહાહા..! અરે..! ચારિત્ર પણ લેવાની શક્તિ ન હોય... આહાહા..! **'નિશ્ચયપ્રતિક્રમણ, નિશ્ચયપ્રાયશ્ચિત્ત, નિશ્ચયપ્રત્યાખ્યાન વગેરે શુદ્ધનિશ્ચયક્રિયાઓ જ કર્તવ્ય છે.'** કર્તવ્ય તો આ જ છે. પંચમઆરામાં પણ કરવું તો આ જ છે. આહાહા..! લબ્ધ કાળ છે તોપણ કરવાનું તો આ નિશ્ચય.

**'જો આ દગ્ધકાળરૂપ (હીનકાળરૂપ) અકાળમાં તું શક્તિહીન હો...'** આહાહા..! અંદરમાં નબળાઈ હોય. બચાવ કરીશ નહિ કે નબળાઈમાં આવું આવે તોપણ વાંધો નહિ. એમ બચાવ કરીશ નહિ. આહાહા..! છે? આહાહા..! **'દગ્ધકાળરૂપ (હીનકાળરૂપ) અકાળમાં તું શક્તિહીન હો તો તારે કેવળ નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન જ કર્તવ્ય છે.'** આહાહા..! નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન એ મુખ્ય કર્તવ્ય છે. બધું એકકોર મુકી દે, ભલે ન શક્તિ હોય તો. ચારિત્ર લેવાની શક્તિ ન હોય.. આહાહા..! પણ ભગવાન પરમાત્મતત્ત્વ જે ત્રિકાળી આનંદનો સાગર નાથ... આહાહા..! એવું જે પરમાત્મતત્ત્વ, નિજ પરમાત્મતત્ત્વ, હોં! ભગવાન પણ નહિ. તે **'કેવળ નિજ પરમાત્મતત્ત્વનું...'** આહાહા..! એક જ નિજ પરમતત્ત્વ, પરમાત્મતત્ત્વ. આહાહા..! એનું **'શ્રદ્ધાન જ કર્તવ્ય છે.'** એવું મુનિરાજ આમ કહે છે. 'કુંદકુંદાચાર્ય' કહે છે. મૂળ પાઠ છે ને? **'सत्तिविहीणो जा जइ सद्दहणं चेव कायव्वं।'** શ્રદ્ધામાં ... ફેરફાર કરીશ નહિ કાંઈ. શ્રદ્ધામાં ફેરફાર કરીશ નહિ. એ તો આવું હોય, આમ પણ હોય, ફલાણું હોય, ઢીંકણું હોય. પંચમકાળ છે. વ્યવહાર જ અત્યારે મુખ્ય હોય. એવું આડુંઅવળું કરીશ નહિ, શ્રદ્ધા મિથ્યાત્વ થઈ જશે. ત્રણેકાળમાં સનાતન સત્ વીતરાગ વિકલ્પ વિનાનું તત્ત્વ છે તેની શ્રદ્ધા કરવાની તે જ છે. આહાહા..! છે?

**'નિજ પરમાત્મતત્ત્વનું...'** શક્તિ ન હોય તો. **'શ્રદ્ધાન જ...'** આહાહા..! એની શ્રદ્ધા તું પાકી રાખજે. અનુભવ આનંદનો નાથ હું છું, અતીન્દ્રિય આનંદનો સાગર છું. હું વિકલ્પ અને એનો કર્તા નથી. મારા સ્વરૂપમાં સંસાર છે નહિ, એવી શ્રદ્ધા તું પાકી રાખજે, કહે છે. આહાહા..! પંચમકાળ **'દગ્ધકાળ...'** દગ્ધકાળ ભાષા લીધી? આહાહા..! **'દગ્ધકાળ (હીનકાળરૂપ)...'** દગ્ધનો અર્થ હીન લીધો. હીનકાળ, પંચમકાળમાં એટલે કે **'અકાળમાં...'** આ કાળમાં. આહાહા..!

**'તું શક્તિહીન હો તો તારે કેવળ નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન જ કર્તવ્ય છે.'** આહાહા..!

પોતે ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે અને ટીકાકાર 'પદ્મપ્રભમલધારિદેવ' પણ કહે છે. મૂળ પાઠમાં છે. **'जदि सक्कदि कादुं जे'** જો સમર્થ હોય તો કરજે **'પ્રતિક્રમણ આદિ નિશ્ચય ધ્યાનમય'** આવે છે ને ધ્યાનમય? ધ્યાનમય કરજે. ધ્યાન, નિજાનંદ ધ્યાન. **'सत्तिविहीणो'** ધ્યાનની શક્તિ રહિત હોય **'सद्दहणं चेव कायव्वं।'** આહાહા..! બીજો બધો ફેર હોય ભલે પણ શ્રદ્ધામાં ફેર પાડીશ નહિ. આહાહા..! શ્રદ્ધા બરાબર રાખજે. વસ્તુ તો પૂર્ણાનંદનો નાથ સ્વાવલંબે પ્રગટે છે તેને કોઈ અવલંબન છે નહિ. રાગાદિના અવલંબનથી અને વ્યવહારથી... આહાહા..! પરના અવલંબનથી કોઈપણ રીતે સ્વનું અવલંબન થાય એવું ત્રણકાળમાં છે નહિ. આ કાળમાં પણ એમ માનીશ નહિ. આહાહા..! દગ્ધકાળમાં, હીનકાળમાં પણ એમ માનીશ નહિ. આહાહા..!

પૂર્ણાનંદનો નાથ અંદર પ્રભુ, અતીન્દ્રિય આનંદનો સાગર, તે પોતે પોતાની પર્યાય સ્વભાવથી જ પ્રગટ થશે. સ્વભાવિક વસ્તુ સ્વભાવથી જ પ્રગટ થાય એવી શ્રદ્ધા પાકી રાખજે. સ્વભાવિક વસ્તુ વિભાવ અને નિમિત્તથી પ્રગટ થાય, કાળ હળવો છે ને હલકો છે માટે, એમ માનીશ નહિ. માનીશ તો મરી જઈશ. આહાહા..! બચાવ કરીશ નહિ કાંઈ. થોડુંક તો આમ જોઈએ ને, થોડુંક તો આમ જોઈએ ને. કાંઈક થોડુંક તો ગુરુની મદદ જોઈએ ને? શાસ્ત્રની થોડીક મદદ જોઈએ ને? થોડુંક શાસ્ત્ર વાંચન કાંઈક વિશેષ હોય (તો થાય). એવું કાંઈ કરીશ નહિ.

મુમુક્ષુ :- થોડો હાથ હળવો કરવો, થોડો .. હળવો કરે તો સમાધાન થઈ જાય.

ઉત્તર :- હળવો-બળવો કાંઈ છે નહિ. હળવો જ આ છે.

ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે અને 'પદ્મપ્રભમલધારિદેવ' કહે છે. શક્તિ ન હોય તો ત્રણલોકના નાથ સચ્ચિદાનંદ પ્રભુ, પૂર્ણ આનંદ અને પૂર્ણ શાંતિનો સાગર, એને અપૂર્ણ, વિકલ્પ અને અશુદ્ધ માનીશ નહિ. આહાહા..! શક્તિ ન હોય તો આને તો પૂર્ણ માનજે. એ તો મૂળ પહેલું કર્તવ્ય છે. આ કર્તવ્ય વિનાનું બીજું બધું કર્તવ્ય એકડા વિનાના મીંડા છે. આહાહા..! આવી વાત છે. કહો, 'ધીયાજી'! આહાહા..!

પ્રભુ! તને શક્તિ ન હોય, કાળ હલકો છે, સાધન અને સંઘયણ મજબૂત ન હોય પણ આ તો રાખજે. આમાં કાંઈ સાધન ને સંઘયણ ને શરીરની ક્યાં જરૂર છે? વિકલ્પની પણ જ્યાં જરૂર નથી. વિકલ્પ તો પંચમકાળમાં થઈ શકે. આહાહા..! એનાથી પણ આત્મા થાય એ વાત રહેવા દેજે. શક્તિ વિહિન હોય તોપણ એ તો માનીશ જ નહિ. આહાહા..! એમ કહે છે. અલૌકિક વાતું છે. સાંભળવા મળવી મુશ્કેલ પડે. સંપ્રદાયમાં ક્યાં વાત છે? આહાહા..! બહારની ક્રિયા ને કાંઈક નગ્નપણું બરાબર હોય, બસ, વખાણ કરે, પછી પ્રશંસા કરે. આહાહા..! પણ મૂળ વસ્તુ, જે મૂળિયું જે ચૈતન્યમૂળ, જેનો ફાલ પાકે ત્યારે કેવળજ્ઞાન થાય. આહાહા..! એવું ચૈતન્ય મૂળ તત્ત્વ છે એ મહાસત્તા ત્રણકાળ ત્રણલોકને એક સમયમાં

જાણે એવી શક્તિવાળું તત્ત્વ છે. એવી અનંતી પર્યાયનો ધણી ભગવાન છે એક ગુણ, એવા અનંતાગુણનું તત્ત્વ, સત્ત્વ છે. એ તત્ત્વને માનવામાં હિણપ કરીશ નહિ. ત્યાં મોળપ કરીશ નહિ, ત્યાં બહાનું લાવીશ નહિ. કાંઈક બહાનું, આ જોઈએ, આમ જોઈએ, થોડુંક તો જોઈએ ને, ફલાણું તો જોઈએ ને. આહાહા..! બહુ સરસ ગાથા છે. આહાહા..!

આ **'દગ્ધકાળરૂપ (હીનકાળરૂપ) અકાળમાં તું શક્તિહીન હો...'** આહાહા..! કારણ કે માર્ગ તો નિશ્ચયપ્રતિક્રમણ, નિશ્ચયપ્રત્યાખ્યાન અંતરમાં આનંદસ્વરૂપમાં રહેવું એ છે. કોઈ વિકલ્પ ને એ કોઈ વસ્તુ નથી. નિર્વિકલ્પ આનંદનો નાથ સાગર એ નિર્વિકલ્પપણે, વીતરાગભાવપણે પ્રગટે એ ધર્મ છે. વીતરાગપણે પ્રગટે, વીતરાગસ્વરૂપ છે એ ધર્મ છે. એવી વીતરાગપણાની પ્રતિક્રમણાદિની ક્રિયાની વીતરાગતા ન પ્રગટે તો આડોઅવળો ગોટો વાળીશ નહિ. શક્તિહિન હોય તો શ્રદ્ધા તો રાખજે. આહાહા..!

**'કેવળ નિજ પરમાત્મતત્ત્વનું...'** આહાહા..! ભગવાનનું ને પંચપરમેષ્ઠીનું નહિ. આહાહા..! કારણ કે એ તો પર છે. પરદ્રવ્યથી તો આ ભિન્ન છે. **'કેવળ નિજ પરમાત્મતત્ત્વ...'** આહાહા..! કેવળ એટલે એક. નિજ પરમાત્મતત્ત્વનું **'શ્રદ્ધાન જ કર્તવ્ય છે.'** આહાહા..! ગજબ વાત કરી છે ને. શ્રદ્ધામાં જો ગોટા વાળ્યા કાંઈ તો મરી જઈશ. હાથ નહિ આવે ચોર્યાશીમાં. પહેલું કીધું હતું ને 'અષ્ટપાહુડ'માં? 'सिज्झंति चरिय□ाट्ठा दंसण□ाट्ठा ण सिज्झंति' (ગાથા–૩). આહાહા..! ચારિત્ર ભ્રષ્ટ હશે એ સિઝશે, પણ શ્રદ્ધામાં કાંઈ ફેરફાર આવ્યો તો ભ્રષ્ટમાં ભ્રષ્ટ (છે). દર્શનભ્રષ્ટ, જ્ઞાનભ્રષ્ટ છે, ચારિત્રભ્રષ્ટ છે. ત્રણેય ભ્રષ્ટ છે. આ લીધું છે. પહેલા અધ્યાયમાં. દર્શનભ્રષ્ટ છે એ જ્ઞાનભ્રષ્ટ, ચારિત્રભ્રષ્ટ ત્રણે ભ્રષ્ટ છે અને ચારિત્રભ્રષ્ટ છે એ દર્શનભ્રષ્ટ નથી. એ મુક્તિને પામશે. ચારિત્રભ્રષ્ટને ખ્યાલ છે કે મારા ખ્યાલમાં કચાશ છે. પણ શ્રદ્ધામાં જો કાંઈ ફેર પાડ્યો તો ચોર્યાશીના અવતારમાં મરી જઈશ. આહાહા..! છે ને? ચારિત્રભ્રષ્ટ શબ્દ એવો છે. 'सिज्झंति चरिय□ाट्ठा'.

અહીં કહે છે એ 'કુંદકુંદાચાર્ય'નું કથન છે. આહાહા..! ત્યાં પણ 'કુંદકુંદાચાર્ય'નું કથન છે. ચારિત્રભ્રષ્ટ 'सिज्झंति'. આહાહા..! એ જ એનો અર્થ એ કહે છે. શક્તિ ઓછી હોય, ચારિત્ર ન હોય... આહાહા..! શ્રદ્ધામાં ગોટા વાળીશ નહિ ક્યાંય. એકેય પડખું ક્યાંય પોલું અને પોચું કરીશ નહિ ક્યાંય. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ **'કેવળ નિજ પરમાત્મતત્ત્વ...'** એમ શબ્દ લીધો છે. કેવળ એક નિજ પરમાત્મતત્ત્વ. આહાહા..!

**'શક્તિહીન હો તો તારે કેવળ નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન જ કર્તવ્ય છે.'** આહાહા..! પાઠમાં છે ને? **'जदि सक्कदि कादुं जे'** 'કુંદકુંદાચાર્ય'નું. શક્તિ હોય તો કરજે. **'पडिकमणादिं करेज्ज झाणमयं।'** ધ્યાનમય, આનંદમય. અતીન્દ્રિય આનંદમાં મસ્ત થવું તે પ્રતિક્રમણ અને પડિકમણું છે. એ પચખાણ છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો ઊભરો કરવો, અતીન્દ્રિય આનંદની ભરતી લાવવી એનું નામ પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન છે. એ શક્તિ જો હોય

તો કરજે. '**सत्तिविहीणो जा जइ सद्दहणं चेव कायव्वं।**' જતિને એમ કહે છે. આહાહા..! બાપુ! શક્તિ ન હોય, પ્રભુ! પણ જેવું છે તેમાં ક્યાંય પોણી સોળ આની શ્રદ્ધામાં ફેર પાડીશ નહિ. ક્યાંય જો શ્રદ્ધાનું શલ્ય ઊંડું રહી ગયું તો સંસારમાં રખડતા પત્તો નહિ થાય. આહાહા..! ચોર્યાશીના અવતારમાં રખડશે. ઓહોહો..! આવી વાત મૂકી છે!

પોતે પોતાને માટે બનાવ્યું છે. આ સૂત્ર પોતે પોતા માટે બનાવ્યું છે. કાંઈપણ એમ કે મોળપ હોય તોપણ બચાવ કરીશ નહિ. આહાહા..! વસ્તુ તો ત્રિકાળી ચિદાનંદ પ્રભુ છે. તેને અવલંબે જ મુક્તિનું શરણ છે, મુક્તિની ઉત્પત્તિ છે, મુક્તિના માર્ગની ઉત્પત્તિ છે. ત્રિકાળી ભગવાનને શરણે જ મુક્તિના માર્ગની ઉત્પત્તિ છે. આહાહા..! અને પૂર્ણતા પણ તેને શરણે જ છે. બીજો કોઈ રસ્તો છે નહિ. આહાહા..! મુનિરાજ આવી વાત કરે. 'કુંદકુંદાચાર્ય'. ચારિત્ર ન હોય કદાચિત્, અરે..! ત્યાં સુધી (કે) ચારિત્રભ્રષ્ટ હોય. આહાહા..! શ્રદ્ધામાં ભ્રષ્ટ ન થાય તો એ મુક્તિ પામશે. કારણ કે એના ખ્યાલમાં છે કે આ દોષ છે. એ દોષ ટાળશે. એના ખ્યાલમાં છે કે આ દોષ છે. જેને જે વસ્તુ છે તેનો ખ્યાલ પણ નથી અને ક્યાંક.. ક્યાંક.. ક્યાંક.. શલ્યમાં અટક્યો છે... આહાહા..! 'શાંતિભાઈ'! આવી વાતું આવી નથી. ત્યાં 'મુંબઈ'માં આવું નીકળે એવું નથી. આહાહા..! 'મુંબઈ'માં ઝીણું પડે. આહાહા..!

મુમુક્ષુ :– શ્રદ્ધાને પકડી રાખવી.

ઉત્તર :– હા. ભગવાનને પકડજે. સનાતન જ્ઞાનમૂર્તિ પ્રભુ, વીતરાગમૂર્તિ નિર્વિકલ્પ સત્તા અનાદિઅનંતની મોટી અનંતગુણની ખાણ, એની શ્રદ્ધા રાખજે. બીજું બધું ભલે મોળું પડી જાય પણ એ શ્રદ્ધા છોડીશ નહિ. આહાહા..! (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**'[હવે આ ૧૫૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'**

## શ્લોક–૨૬૪

(**शिखरिणी**)

**आसारे संसारे कलिविलसिते पापबहुले**
**न मुक्तिर्मार्गेऽस्मिन्ननघजिननाथस्य भवति।**
**अतोऽध्यात्मं ध्यानं कथमिह भवेन्निर्मलधियां**
**निजात्मश्रद्धानं भवभयहरं स्वीकृतमिदम्।।२६४।।**

**[શ્લોકાર્થ :–] અસાર સંસારમાં, પાપથી ભરપૂર કળિકાળનો વિલાસ હોતાં, આ નિર્દોષ જિનનાથના માર્ગને વિષે મુક્તિ નથી. માટે આ કાળમાં અધ્યાત્મધ્યાન કેમ થઈ શકે? તેથી નિર્મળબુદ્ધિવાળાઓ ભવભયનો નાશ કરનારી એવી આ નિજાત્મશ્રદ્ધાને અંગીકૃત કરે છે. ૨૬૪.**

---

**પ્રવચન નં. ૧૭૯, શ્લોક–૨૬૪, ગાથા-૧૫૫, શનિવાર, જ્યેષ્ઠ વદ ૧૫, તા.૧૨-૦૭-૮૦**

---

'નિયમસાર' ૨૬૪-કળશ.

**आसारे संसारे कलिविलसिते पापबहुले**
**न मुक्तिर्मार्गेऽस्मिन्ननघजिननाथस्य भवति।**
**अतोऽध्यात्मं ध्यानं कथमिह भवेन्निर्मलधियां**
**निजात्मश्रद्धानं भवभयहरं स्वीकृतमिदम्।।२६४।।**

**શ્લોકાર્થ :- 'અસાર સંસારમાં,...'** સંસાર તો અસાર છે. પરમપારિણામિક ભગવાન શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એ સિવાય આખો સંસાર અસાર છે. **'પાપથી ભરપૂર કળિકાળનો વિલાસ હોતાં,..'** આહાહા..! મોક્ષનું ધ્યાન કહે છે, હોં! ધ્યાન બિલકુલ નથી માટે તો મોક્ષ અધિકાર જોયો. ધ્યાન છે. સમકિતનું, જ્ઞાનનું, ચારિત્રનું ધ્યાન છે પણ મોક્ષ થાય એવું ધ્યાન અત્યારે નથી. સ્વરૂપની સ્થિરતાનું ધ્યાન જે આ અંદર, એવું ધ્યાન અત્યારે નથી એનો નિષેધ છે. મોક્ષ અધિકારમાં... કહ્યું ને હમણાં? પંચમકાળમાં કોઈ એમ કહે કે ધ્યાન જ નથી તો એ દુર્બુદ્ધિ છે. ત્યાં એમ આવ્યું.

અહીં કહે છે કે **'પાપથી ભરપૂર કળિકાળનો વિલાસ હોતાં, આ નિર્દોષ જિનનાથના માર્ગને વિષે મુક્તિ નથી.'** મુક્તિની વાત છે અહીંયાં. મુક્તિસંબંધીનું જે ધ્યાન એ અત્યારે નથી. આહાહા..! એકકોર ધ્યાન નથી એમ કહે એ પણ મિથ્યાદૃષ્ટિ છે, એકકોર ધ્યાન મુક્તિ માટે નથી એ પણ યથાર્થ છે. બે વાત કરી. આહાહા..! **'આ નિર્દોષ જિનનાથના માર્ગને વિષે મુક્તિ નથી.'** મુક્તિ નથી. **'માટે આ કાળમાં અધ્યાત્મધ્યાન કેમ થઈ શકે?'** કેવળજ્ઞાન પ્રાપ્તિ થાય તેવું અધ્યાત્મધ્યાન કેમ થઈ શકે? એમ વાત છે. સમજાણું? ધ્યાન જ નથી એ તો પહેલા મોક્ષ અધિકારમાં ના પાડી કે આ કાળમાં આત્મા તરફના વલણની ધ્યાનદશા જ નથી એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ સત્યને માનતો નથી. આહાહા..! સમજાય છે આમાં?

અંતર પ્રભુ ચૈતન્ય ભગવાન પરમાનંદનો નાથ બિરાજે છે એના તરફનું દર્શન, જ્ઞાનનું જે ધ્યાન, એ નથી એમ નહિ. આહાહા..! તેમ સ્વરૂપમાં અંશે સ્થિરતા થાય એવું ધ્યાન

અત્યારે નથી એમ કહે એ પણ મિથ્યાદૃષ્ટિ છે. અને આ નિર્દોષ જૈનમાર્ગમાં મુક્તિ નથી તેથી મુક્તિનું આ કાળમાં અધ્યાત્મધ્યાન કેમ થઈ શકે? એમ લેવું જોઈએ. એકાંત લેવા જાય તો... આહાહા..! 'બાબુભાઈ'! 'મોક્ષપાહુડ'માં આમ કહ્યું. બે-ત્રણ ગાથા છે. આ કાળમાં ધ્યાન, સમકિત જ નથી. સમકિત એ અંદરનું ધ્યાન જ છે. આહાહા..!

શુદ્ધ ચૈતન્ય વસ્તુ પરમાત્મા આખા સંસારથી જુદો, એવી ચીજનું ભાન, એનું ધ્યાન આ કાળે નથી એમ માને એ પણ જૂઠો છે. આહાહા..! તેમ આવું જે મુક્તિનું આ કાળમાં... મુક્તિ નથી માટે આ કાળમાં અધ્યાત્મધ્યાન, મુક્તિ સંબંધીનું અધ્યાત્મધ્યાન (નથી). આહાહા..! બેય પ્રવચન 'કુંદકુંદાચાર્ય'ના છે. 'મોક્ષપાહુડ'માં એમ કહ્યું કે અત્યારે કોઈ કહે કે અંદર દૃષ્ટિ ચૈતન્યમૂર્તિમાં એકાગ્ર થઈ શકે જ નહિ. કહે છે ને આ 'શ્રુતસાગર'? દિગંબરના આચાર્ય-સાધુ. અત્યારે તો શુભભાવ જ હોય. આહાહા..! શુભભાવ તો સંસાર છે. ઘોર સંસાર, રાગ છે, ઝેર છે. વિકૃત છે, વિભાવ છે, અજીવ છે, અશુદ્ધ છે. એ છે અને આત્માનું સમ્યગ્દર્શન પણ નથી... આહાહા..! એ વાત પણ ખોટી છે. સમ્યગ્દર્શન-જ્ઞાન એનું ધ્યાન તો આ કાળે છે. અહીંયાં 'મોક્ષપાહુડ'માં ત્રણ ગાથામાં ના પાડી છે. જોઈ ને? ભાઈ! છે ને 'મોક્ષપાહુડ'? નથી. ત્રણ ગાથા આવી ને એમાં એ છે કે આ કાળમાં મોક્ષ નહિ પણ ધ્યાન જ નથી એ વાત તદ્દન જૂઠી છે. આહાહા..! આ કાળમાં–કળિકાળમાં મુક્તિ નથી, એ સંબંધીનું અધ્યાત્મધ્યાન નથી. આહાહા..!

મુમુક્ષુ :– જો આ કાળમાં ધ્યાનને ન માને તો સમ્યગ્દર્શનને જ ન માને.

ઉત્તર :– વસ્તુને જ ન માને. ધ્યાન નથી એટલે એકાગ્રતા નથી. પરમ સ્વભાવ ભગવાન એકલી નિર્વિકલ્પ ચીજ એ જ આત્મા, જેમાં સંસારની ગંધ નથી, જેમાં રાગનો પ્રસાર નથી, જેમાં સંસરણ એવો સંસાર, એની જરીએ અંદર ગંધ નથી. એવો પરમ સ્વભાવભાવ ભગવાનઆત્મા, એની શ્રદ્ધાનું ધ્યાન ને જ્ઞાનનું ધ્યાન ન હોય તો તો ધર્મ જ હોય નહિ જરીએ. તો અત્યારે જૈનધર્મ હોય નહિ એમ થાય.

મુમુક્ષુ :– તો 'કુંદકુંદાચાર્ય'ને પણ ધર્મ ન હતો એમ થાય.

ઉત્તર :– હા. આહાહા..!

અહીં જે વાત કરે છે એ અપેક્ષાએ મગજમાં વાત આવી. અહીં અપેક્ષા જે કરે છે એ કઈ? અરે..રે..! **'અસાર સંસારમાં, પાપથી ભરપૂર કળિકાળનો વિલાસ,...'** પાપથી ભરપૂર કળિકાળનો વિલાસ **'આ નિર્દોષ જિનનાથના માર્ગને વિષે...'** આ નિર્દોષ જિનનાથના માર્ગને વિષે **'મુક્તિ નથી.'** મોક્ષ નથી તેથી તે પ્રમાણે **'આ કાળમાં અધ્યાત્મધ્યાન કેમ થઈ શકે?'** કેવળજ્ઞાન લે એવું અધ્યાત્મધ્યાન કેમ થઈ શકે? એમ વાત છે. આહાહા..!

મુમુક્ષુ :– પોતે મુનિરાજ તો પોણો પોણો સેકન્ડ ધ્યાનમાં...

ઉત્તર :– એ તો મુનિ છે. ધ્યાનમાં ત્રણ કષાયનો અભાવ છે. આ તો સમુચ્ચય વાત

કરે છે ને. બિલકુલ ધ્યાન નથી જ એમ માનનારા એ પણ મિથ્યાદષ્ટિ છે. અને આ નિર્દોષ જિનનાથના માર્ગમાં મુક્તિ નથી. તેથી મુક્તિ તે સંબંધી જે અધ્યાત્મસ્થાન, અધ્યાત્મધ્યાન તે નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા પરમાનંદનો સાગર પરમ પવિત્ર પિંડ પ્રભુ એક સમયની પર્યાયમાં જે કાંઈ ઘાલમેલ છે એ સંસાર (છે). દ્રવ્ય સ્વભાવ તો પરમાત્મસ્વરૂપ જ છે. એની દૃષ્ટિ અને એનું જ્ઞાન અત્યારે ન હોય તો ધર્મ નથી. એનું ધ્યાન નથી એમ જે માને એ પણ મિથ્યાદષ્ટિ છે. સમજાય છે કાંઈ? આહાહા..! તેમ આ પૂર્ણાનંદ નિર્દોષ જિનમાર્ગ, જેમાં પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી કેવળજ્ઞાન, એનો અત્યારે અભાવ છે. તેથી તે સંબંધીનું એ પરમાત્મપ્રાપ્તિ સંબંધીનું ધ્યાન કેમ થઈ શકે? સમજાય છે આમાં કાંઈ? બેય વાત? આહાહા..!

'**તેથી નિર્મળબુદ્ધિવાળાઓ...**' જુઓ! એ તો આવ્યું સમકિત અને જ્ઞાન. '**તેથી નિર્મળબુદ્ધિવાળાઓ ભવભયનો નાશ કરનારી...**' ભવભયનો નાશ કરનારી '**એવી આ નિજાત્મશ્રદ્ધાને અંગીકૃત કરે છે.**' એ શું આવ્યું? આહાહા..! '**નિર્મળબુદ્ધિવાળાઓ ભવભયનો નાશ કરનારી...**' આહાહા..! લ્યો! આ તો છે. ભવભયનો નાશ કરનારી છે. પણ ભવનો અભાવ કરીને મુક્તિ કરનાર એ ધ્યાન નથી. આહાહા..! સર્વથા ધ્યાન નથી તો સમકિત જ નથી. અને પૂર્ણ ધ્યાન હોય તો તો મુક્તિ છે, કેવળજ્ઞાન અત્યારે છે. બેય એમ નથી. જે કહ્યું જે પ્રમાણે તે પ્રમાણે જાણ. ધ્યાન નથી એ કીધું એ આત્માની મુક્તિ થાય અને કેવળજ્ઞાન થાય તે ધ્યાન નથી. અને ધ્યાન છે એમ ન માને તો અજ્ઞાની (છે). આત્મા સંબંધીનું સમ્યગ્દર્શન અને જ્ઞાન એના ધ્યાનની વાત છે. સમજાય છે કાંઈ? આહાહા..!

પોતે ને પોતે 'કુંદકુંદાચાર્યે' પોતે 'મોક્ષપહુડ'માં કહ્યું અને અહીંયાં પોતે કહ્યું ને? પોતે મૂળ પાઠમાં કહ્યું ને?

**जदि सक्कदि कादुं जे पडिकमणादिं करेज्ज झाणमयं।**
**सत्तिविहीणो जा जइ सद्दहणं चेव कायव्वं।।१५४।।**

તો સમકિત તો આજ છે. એ તો કહ્યું. આહાહા..! પંચમભાવ ભગવાનઆત્મા અનંત અનંત ચૈતન્યરત્નથી ભરેલો, એવા ભગવાનની શ્રદ્ધા અને જ્ઞાન નથી એમ માને તે તો અજ્ઞાની છે. આહાહા..! અને આ કાળે તદ્દન નિર્દોષ એવો જૈનમાર્ગ, એની મુક્તિ જે કેવળજ્ઞાન, એનું ધ્યાન માને તોપણ એ વાત જૂઠી છે. કારણ કે એવું ધ્યાન–કેવળજ્ઞાન થાય તેવું ધ્યાન નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**આ કાળમાં...**' આ કાળમાં. '**અધ્યાત્મધ્યાન કેમ થઈ શકે? તેથી નિર્મળબુદ્ધિવાળાઓ...**' પાછા નિર્મળબુદ્ધિવાળા કહ્યા. તો એટલું ધ્યાન થયું કે નહિ? આહાહા..! '**નિર્મળબુદ્ધિવાળાઓ ભવભયનો નાશ કરનારી એવી આ નિજાત્મશ્રદ્ધા...**' નિજાત્મશ્રદ્ધા. નિજ સ્વરૂપની શ્રદ્ધા. આહાહા..! પૂર્ણાનંદનો નાથ અખંડાનંદ પ્રભુ! એની નિજ શ્રદ્ધા અંગીકાર કરે છે. આહાહા..!

એ તો ધ્યાન છે પણ જે ધ્યાને કેવળ થાય તે ધ્યાન નથી. આહાહા..! બેય વાત ભગવાનની, બેય વાત 'કુંદકુંદાચાર્ય'ની કરેલી છે. આહાહા..! આ પણ પાછી સિદ્ધ કરી કે **'નિર્મળબુદ્ધિવાળાઓ...'** છે સમકિતી. આહાહા..! આત્મામાં એકાગ્રતાનું ધ્યાન તો થયું છે. એવો **'ભવભયનો નાશ કરનારી એવી આ નિજાત્મશ્રદ્ધા...'** નિજ પ્રભુ (એની) નિજાત્મશ્રદ્ધા, નિજ આત્મ પ્રભુ પરમાત્મસ્વરૂપી અનંતગુણનો ઢગલો, અનંતગુણનો રાશિ, એની શ્રદ્ધાને **'અંગીકૃત કરે છે.'** આહાહા..! એ શ્રદ્ધા એટલે એટલો વિકલ્પ નથી, નિર્મળ અનુભવ છે. એ શ્રદ્ધામાં અતીન્દ્રિય આનંદની મીઠાશ-સ્વાદ છે. અનંતગુણની શક્તિની વ્યક્તતા અંશે અનંતાગુણની છે. એકલી નિર્મળબુદ્ધિ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**'નિર્મળબુદ્ધિવાળાઓ ભવભયનો...'** આહાહા..! ભવભયનો **'નાશ કરનારી...'** અરે...! દેહ છૂટીને ક્યાં જઈશ તું? અવતાર ક્યાં થશે? આહાહા..! આ ભવ દેહ છૂટ્યો પણ આત્માની સત્તા તો અનાદિ છે. દેહનો નાશ થશે, રાખ થશે. આત્મા તો સત્તા છે. જાશે ક્યાં? પ્રભુ! આ દેહ છૂટ્યા ભેગો બીજે અવતારે લેશે. બીજે અવતારે જશે. આહાહા..! તો એવી આ નિજાત્મશ્રદ્ધાને **'નિર્મળબુદ્ધિવાળાઓ ભવભયનો નાશ કરનારી...'** જુઓ! એને પણ ભવ પછી નથી. જોયું! ભલે એકાદ-બે ભવ હોય તોપણ કેવળજ્ઞાનીને ભવ હોય નહિ અને આને કદાચિત્ હોય છતાં એ ગણતરી ગણવામાં આવી નથી. કારણ કે એકાદ-બે ભવ હોય એ બધા જ્ઞાનમાં જ્ઞેય ગણવામાં આવ્યું. આહાહા..! કેવળજ્ઞાનના ધ્યાનની ના પાડી અને આ નિર્મળ શ્રદ્ધા ભવભયની હરનારી, એની હા પાડી. આહાહા..! સમજાય છે આમાં? 'હરિભાઈ'!

મુમુક્ષુ :– આઠસો વર્ષ પહેલા એટલો પાપથી ભરેલો સંસાર હતો માટે મુનિદેવે એવી ભાષા મૂકી?

ઉત્તર :– પાપથી ભરેલો આખો સંસાર છે. એથી એને અધ્યાત્મધ્યાન કેવળજ્ઞાનનું ન થાય. એટલી વાત. એ અપેક્ષા છે. કેવળજ્ઞાનનું ધ્યાન ન થાય. પાપથી ભરેલો છે પણ પાપથી ભરેલો છે માટે સમકિત ન થાય તો નિર્મળ બુદ્ધિવાળાઓ ભવભયનો હરનાર... આહાહા..! સમજાય છે કાંઈ? આ અટપટી ગાથા આવી.

ભવભયનો હરનાર. ભવ જ ન મળે પછી. આહાહા..! એકાદ-બે ભવ હોય એ તો જ્ઞાનનું જ્ઞેય છે. આહાહા..! રાગ-દ્વેષાદિ થોડા હોય એ પણ જ્ઞાનનું જ્ઞેય છે. એવી સ્થિતિને અંગીકાર કર. એવી નિજાત્મ શ્રદ્ધાને, નિજાત્મ શ્રદ્ધા. મુક્તિ ન થાય માટે પરમાત્માની શ્રદ્ધા રાખજે એમ નથી કહ્યું. આહાહા..! મોક્ષ ન થાય માટે પંચપરમેષ્ઠીની શ્રદ્ધા રાખજે એમ નથી કહ્યું. કારણ કે એ તો વિકલ્પ છે, રાગ છે. આહાહા..! એટલે નિર્વિકલ્પ ધ્યાન તો થયું છે. નિજાત્મ ધ્યાનને (–શ્રદ્ધાને) અંગીકૃત કરે છે. આહાહા..!

**'નિર્મળબુદ્ધિવાળાઓ ભવભયનો નાશ કરનારી...'** આહાહા..! સમ્યગ્દૃષ્ટિને ભવનો ભય નથી. એને ભવ નથી હવે. એકાદ-બે ભવ થાય એ પણ જ્ઞાનમાં જ્ઞેય તરીકે છે. આહાહા..!

તેથી ભવભયનો નાશ કરનારી કહ્યું ને? એકાદ-બે ભવ રાખનારી એમ ન કહ્યું. આહાહા..! સમજાય છે કાંઈ? ભવભયનો નાશ કરનારી. અનંતભવ જે છે તે ભયનો નાશ કરનારી. **'એવી આ નિજાત્મશ્રદ્ધા...'** ભગવાન પોતે પરમાનંદની મૂર્તિ બિરાજે છે. અસાર સંસારમાં પાપથી ભરેલો કળિકાળ (છે) પણ પ્રભુ તો પૂર્ણ ભરેલો પડ્યો છે. આહાહા..! એ તો પર્યાયમાં એ વાત છે. દ્રવ્યમાં તો પરિપૂર્ણ ભગવાન અનંત આનંદ, અનંત જ્ઞાન અને અનંત શાંતિ, અનંત પ્રભુતાની ઈશ્વરતાથી પૂરો ભર્યો છે. આહાહા..! એની શ્રદ્ધા રાખ. **'ભવભયનો નાશ કરનારી એવી આ નિજાત્મશ્રદ્ધા...'** નિજ-આત્મ-શ્રદ્ધા–પોતાના આત્માની શ્રદ્ધા.એને અંગીકાર કરે છે. આહાહા..! 'શાંતિભાઈ'!

મુમુક્ષુ :– ભલે દ્રવ્યમોક્ષ ન હોય પણ ભાવમોક્ષ તો છે.

ઉત્તર :– નહિ. ભાવમોક્ષ તો તેરમે. ભાવમોક્ષ પણ નથી. મુક્તિ છે, મુક્તસ્વરૂપ એવા અનુભવની પ્રતીતિરૂપી મુક્તિ છે. આટલી તો શ્રદ્ધાની અપેક્ષા છે. કેમકે આત્મા મુક્તસ્વરૂપ છે. મુક્તસ્વરૂપ જ છે એ તો. એને મુક્તિ થવી છે એમ નથી. એ તો પર્યાયમાં મુક્તિ અને બંધ છે. પોતે તો મુક્તસ્વરૂપ ભગવાન છે. એની મુક્તિ થવી એવું છે નહિ. પણ અહીં તો કહે છે કે પૂર્ણ મુક્તિ જે પર્યાયમાં થાય એ મુક્તિનો અત્યારે અભાવ છે. એ મુક્તિ માટે જે ધ્યાન જોઈએ એ ધ્યાનનો અભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે પણ ભાવ જરા અટપટા. એકકોર કહેવું કે ધ્યાન નથી અને એકકોર કહેવું કે ધ્યાન છે. આહાહા..!

## ગાથા–૧૫૫

**जिणकहियपरमसुत्ते पडिकमणादिय परीक्खऊण फुडं।**
**मोणव्वएण जोई णियकज्जं साहए णिच्चं।।१५५।।**

**जिनकथितपरमसूत्रे प्रतिक्रमणादिकं परीक्षयित्वा स्फुटम्।**
**मौनव्रतेन योगी निजकार्यं साधयेन्नित्यम्।।१५५।।**

**इह हि साक्षादन्तर्मुखस्य परमजिनयोगिनः शिक्षणमिदमुक्तम्।**

**श्रीमदर्हन्मुखारविन्दविनिर्गतसमस्तपदार्थगर्भीकृतचतुरसन्दर्भे द्रव्यश्रुते शुद्धनिश्चयनयात्मक-परमात्मध्यानात्मकप्रतिक्रमणप्रभृतिसत्क्रियां बुद्ध्वा केवलं स्वकार्यपरः परमजिनयोगीश्वरः प्रशस्ताप्रशस्तसमस्तवचनरचनां परित्यज्य निखिलसंगव्यासंगं मुक्त्वा चैकाकीभूय मौनव्रतेन सार्धं समस्तपशुजनैः निंद्यमानोऽप्यभिन्नः सन् निजकार्यं निर्वाणवामलोचनासंभोगसौख्यमूलमनवरतं साधयेदिति।**

**પ્રતિક્રમણ-આદિ સ્પષ્ટ પરખી જિન-પરમસૂત્રો વિષે,**
**મુનિએ નિરંતર મૌનવ્રત સહ સાધવું નિજ કાર્યને. ૧૫૫.**

અન્વયાર્થ :– [ **जिनकथितपरमसूत्रे** ] જિનકથિત પરમ સૂત્રને વિષે [ **प्रतिक्रमणादिकं स्फुटम् परीक्षयित्वा** ] પ્રતિક્રમણાદિકની સ્પષ્ટ પરીક્ષા કરીને [ **मौनव्रतेन** ] મૌનવ્રત સહિત [ **योगी** ] યોગીએ [ **निजकार्यम्** ] નિજ કાર્યને [ **नित्यम्** ] નિત્ય [ **साधयेत्** ] સાધવું.

ટીકા :– અહીં સાક્ષાત્ અંતર્મુખ પરમજિનયોગીને આ શિખામણ દેવામાં આવી છે.

શ્રીમદ્ અર્હત્‌ના મુખારવિંદથી નીકળેલ સમસ્ત પદાર્થો જેની અંદર સમાયેલ છે એવી ચતુરશબ્દરચનારૂપ દ્રવ્યશ્રુતને વિષે શુદ્ધનિશ્ચયનયાત્મક પરમાત્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણાદિ સત્ક્રિયાને જાણીને, કેવળ સ્વકાર્યમાં પરાયણ પરમજિનયોગીશ્વરે પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનરચનાને પરિત્યાગીને, સર્વ સંગની આસક્તિને છોડી એકલો થઈને, મૌનવ્રત સહિત, સમસ્ત પશુજનો (પશુ સમાન અજ્ઞાની મૂર્ખ મનુષ્યો) વડે નિંદવામાં આવતો હોવા છતાં *અભિન્ન રહીને, નિજકાર્યને–કે જે નિજકાર્ય નિર્વાણરૂપી સુલોચનાના સંભોગસૌખ્યનું મૂળ છે તેને–નિરંતર સાધવું.

## ગાથા–૧૫૫ ઉપર પ્રવચન

ગાથા-૧૫૫.

**जिणकहियपरमसुत्ते पडिकमणादिय परीक्खऊण फुडं।**
**मोणव्वएण जोई णियकज्जं साहए णिच्चं।।१५५।।**
**પ્રતિક્રમણ-આદિ સ્પષ્ટ પરખી જિન-પરમસૂત્રો વિષે,**
**મુનિએ નિરંતર મૌનવ્રત સહ સાધવું નિજ કાર્યને. ૧૫૫.**

લ્યો! મોક્ષને માટે જોઈએ તે ધ્યાન નથી પણ આવું તો મોનપણું કાંઈક છે. એનો નિષેધ નથી કર્યો. આહાહા..! એથી કરીને જેમાં આવી દશા ન હોય તેને પણ માનવું, અત્યારે મુનિપણું કહ્યું છે માટે જેવી દશા નથી એને માનવું એમ પણ નથી. હંસલા કહ્યા છે મોક્ષમાર્ગમાં. કે ભાઈ હંસ છે અત્યારે. પણ હંસ દેખાય નહિ એટલે કાગડાને હંસ મનાય, એમ નથી. આહાહા..! અરે..! પ્રભુ! પ્રભુ તારા હિતની વાત છે. બધા જીવની હિતની વાત છે. આહાહા..! મુનિપણું નથી અને મુનિપણું માને, પ્રભુ! તને દુઃખ થશે. આહાહા..! કારણ કે વિપરીત માન્યતામાં દુઃખની જ્વાળા છે. આહાહા..! મિથ્યાત્વ મહાદુઃખની જ્વાળા છે. કોઈ પ્રાણી દુઃખી થાય એવું ધર્મીને તો હોય નહિ. આહાહા..!

* અભિન્ન = છિન્નભિન્ન થયા વગરનો; અખંડિત; અચ્યુત.

બધા પ્રાણીઓ ભગવાન થાવ, આઠ કર્મરહિત થાવ. આહાહા..! આત્માનું ધ્યાન કરીને પૂર્ણાનંદની પ્રાપ્તિ કરો એવી ભાવના હોય. આહાહા..! કોઈ પ્રત્યે એને વેર-વિરોધ હોય નહિ, કોઈ પ્રત્યે આ સંસારમાં રખડે તો સારું, એવું હોય નહિ. આહાહા..! બધા ભગવાન છે. શક્તિએ સ્વભાવે તો ભગવાન છે. પર્યાયે ભગવાન થાવ અને થઈ શકો એમ છો, એમ આચાર્યનો પોકાર છે. આહાહા..! છતાં અહીં ના પાડે છે કે મુક્તિ નથી. મુક્તિ નથી પણ ભવના અભાવ થવાની સ્થિતિ છે. ભવ એકાદ-બે રહે એ પ્રશ્ન નથી પછી. સમજાણું કાંઈ? આહાહા..!

**પ્રતિક્રમણ-આદિ સ્પષ્ટ પરખી જિન-પરમસૂત્રો વિષે,**
**મુનિએ નિરંતર મૌનવ્રત સહ સાધવું નિજ કાર્યને. ૧૫૫.**

'**ટીકા :– અહીં સાક્ષાત્ અંતર્મુખ પરમજિનયોગીને...**' અહીં મોક્ષનું ધ્યાન નથી એમ કીધું પણ આવું નથી એમ નથી કહ્યું. આવું તો અહીં છે. એવું થઈ શકે છે. જેનામાં નથી માટે એનામાં થઈ શકે છે એમ કીધું છે માટે ત્યાં લાગુ પાડવું, એમ નહિ. અત્યારે આવું મૌનવ્રત અને મુનિપણું છે. એટલે પછી જેનામાં એ નથી જ એને માનવું એવું કાંઈ નથી. આ તો આવી વસ્તુસ્થિતિ છે. કોઈ વખતે કોઈને એ દશા થાય છે. આહાહા..!

'**અહીં સાક્ષાત્ અંતર્મુખ પરમજિનયોગીને...**' જોયું! ઓલાપણે ધ્યાનની ના પાડી (કે) કેવળ મુક્તિ (નથી), પણ અહીં '**અંતર્મુખ પરમજિનયોગીને આ શિખામણ દેવામાં આવી છે.**' અંતર્મુખ જિનયોગીને, પરમજિનયોગીને. આહાહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદથી સર્વાંગ પૂર્ણથી ભરેલો ભગવાન, તેને પરમયોગી જિનેશ્વર, પરમમુનિ પોતે એનામાં જોડાણ કરીને... આહાહા..! આ શિખામણ દેવામાં આવી છે. પરમયોગી અંદરમાં જોડાય જા. ભલે મુક્તિ નથી પણ પરમ યોગ અંદર જોડાય જા, અંતર ધ્યાનમાં જોડાય જા. આહાહા..! પૂર્ણ પરમાત્મા, જેમાં પર્યાયનો પણ અભાવ છે, એવા પંચમભાવમાં સાક્ષાત્ સ્થિર થા. આહાહા..! એવી વાત છે.

'**શ્રીમદ્ અર્હત્‌ના મુખારવિંદથી નીકળેલ...**' શ્રીમંત–આત્મલક્ષ્મીવાળા અર્હત્‌ના મુખરૂપી કમળથી નીકળેલ '**સમસ્ત પદાર્થો જેની અંદર સમાયેલ છે એવી ચતુરશબ્દરચનારૂપ દ્રવ્યશ્રુતને વિષે શુદ્ધનિશ્ચયનયાત્મક પરમાત્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણાદિ સત્ક્રિયાને જાણીને,...**' આહાહા..! જાણીને (એટલે) આ જાણીને. આહાહા..! પ્રભુના શ્રીમુખેથી નીકળેલી વાણી. મુખથી તો શબ્દ કહ્યો છે બાકી આખા શરીરમાંથી વાણી આવે છે. ૐ તો આખા શરીરમાંથી આવે. ૐ ધ્વનિ. હોઠ બંધ હોય, કંઠ બંધ હોય. પણ દુનિયાની ભાષા એવી છે એટલે એને એ રીતે કહ્યું છે. આહાહા..!

'**મુખારવિંદથી નીકળેલ સમસ્ત પદાર્થો જેની અંદર સમાયેલ છે એવી ચતુરશબ્દરચનારૂપ દ્રવ્યશ્રુતને વિષે શુદ્ધનિશ્ચયનયાત્મક પરમાત્મધ્યાનસ્વરૂપ...**' આહાહા..! એમાં પણ કહ્યું છે

આ. ભગવાનના મુખથી નીકળેલા દ્રવ્યશ્રુતમાં પણ કહ્યું છે આ. શું? **'શુદ્ધનિશ્ચયનયાત્મક પરમાત્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણાદિ સત્ક્રિયા...'** એ સત્ક્રિયા છે. આહાહા..! ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માના મુખારવિંદથી નીકળેલી જગતના ચતુરશબ્દની રચના. છે ને? **'દ્રવ્યશ્રુતને વિષે...'** એ શાસ્ત્રની અંદર **'શુદ્ધનિશ્ચયનયાત્મક પરમાત્મધ્યાનસ્વરૂપ...'** શાસ્ત્રમાં એ કહ્યું છે. વ્યવહાર કહ્યો છે એ જાણવા માટે (કહ્યો છે), નિશ્ચય કહ્યો છે તે આદરવા માટે, અંગીકાર કરવા માટે. આહાહા..! દ્રવ્યશ્રુતમાં વ્યવહાર પણ આવે છે. પણ વ્યવહાર છે, એનો વિષય છે, પર્યાય છે એમ જણાવવા (આવ્યો છે). આહાહા..! જાણીને છોડી દે. અને કરવું શું? **'શુદ્ધનિશ્ચયનયાત્મક પરમાત્મધ્યાનસ્વરૂપ...'** લ્યો! કેવળીનું ધ્યાન નથી પણ આ ધ્યાન છે. આહાહા..! કેવળજ્ઞાન થાય તેવું ધ્યાન નથી પણ ભગવાનના મુખમાંથી નીકળેલી વાણીમાં આ કાળને માટે પણ (આવું ધ્યાન છે). આહાહા..!

**'શુદ્ધનિશ્ચયનયાત્મક પરમાત્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણાદિ સત્ક્રિયા જાણીને,...'** એમાં આ કીધી છે. વીતરાગની વાણીમાં સત્ક્રિયા, પ્રતિક્રમણાદિ સત્ક્રિયા (કીધી છે). વિકલ્પની નહિ. પડિકમણું ને પચ્ચખાણ ને વ્યવહાર, એ નહિ. આહાહા..! અંતરમાં સત્ક્રિયા અંતરને અવલંબે થાય તે સત્ક્રિયા તે સૂત્રમાં કહી છે. આહાહા..! ભગવાનના શ્રીમુખેથી નીકળેલી વાણીમાં **'દ્રવ્યશ્રુતને વિષે શુદ્ધનિશ્ચયનયાત્મક પરમાત્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણાદિ સત્ક્રિયાને જાણીને,...'** કહી છે તેને જાણીને ને? કીધી છે તેને જાણીને ને? આહાહા..! બીજી રીતે (કહીએ તો) ભગવાનના મુખમાંથી નીકળેલી વાણી અત્યાર સુધી ચાલે છે, એમ કહે છે. આહાહા..! એનો વિરહ નથી. આહાહા..! **'સત્ક્રિયાને જાણીને...'** એવો શબ્દ જ કેમ હોય શકે? સમજાય છે કાંઈ? આ કાળમાં પણ દ્રવ્યશ્રુતમાં નિશ્ચયપ્રતિક્રમણ, નિશ્ચયપ્રત્યાખ્યાન, નિશ્ચયઆલોચના દ્રવ્યશ્રુતમાં કહી છે. આહાહા..! આ કાળમાં પણ એ કહ્યું છે. એ વાણી ચાલી આવે છે. આહાહા..!

**'દ્રવ્યશ્રુતને વિષે શુદ્ધનિશ્ચયનયાત્મક...'** શુદ્ધનિશ્ચયસ્વરૂપ **'પરમાત્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણાદિ સત્ક્રિયા...'** કઈ ક્રિયા? કે પરમાત્માના ધ્યાનસ્વરૂપ. જુઓ! ત્યાં ધ્યાન લીધું. એ તો કેવળજ્ઞાનીનું ધ્યાન નથી. પણ સાધકનું ધ્યાન, મુનિને યોગ્ય ધ્યાન છે એ ધ્યાન છે. ત્રણ કષાયનો અભાવ કરી અને સત્ક્રિયાને મુનિ કરે, શાસ્ત્રમાં લખી છે એટલે શાસ્ત્રો ચાલ્યા આવે છે એ શાસ્ત્રમાં આ કહ્યું છે. એમાંથી એ જાણીને. એમાં કહ્યું છે તેને જાણીને. આહાહા..! એમાં વ્યવહાર કહ્યો છે એને જાણીને એમ ન કહ્યું પહેલું. આહાહા..!

ભગવાનની વાણી ત્રિલોકનાથની વાણી ચાલી આવે છે. 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે. ભગવાનના મુખારવિંદથી નીકળેલી.. આહાહા..! એ વાણીમાં વર્તમાનમાં **'શુદ્ધનિશ્ચયનયાત્મક પરમાત્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણાદિ...'** પ્રત્યાખ્યાન, આલોચના એવી સત્ક્રિયા છે. તેને જાણીને... આહાહા..! તેનું જ્ઞાન કરીને **'કેવળ સ્વકાર્યમાં પરાયણ...'** આહાહા..! મુક્તિ નથી છતાં આ

છે. આહાહા..! કેવળ એકલો સ્વકાર્યમાં પરાયણ... આહાહા..! પોતાના આત્માના આનંદના કાર્યમાં તત્પર. આહાહા..! તેવા મુનિને... આહાહા..! '**પરમજિનયોગીશ્વરે પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનરચનાને પરિત્યાગીને,...**' એવા મુનિએ શુભ અને અશુભરાગને છોડીને, શુભ અને અશુભ વચનરચનાને છોડીને. આહાહા..! પંચમકાળમાં આ છે, આ થઈ શકે છે. આહાહા..! પ્રશસ્ત એટલે સમસ્ત '**વચનરચનાને પરિત્યાગીને,...**' પરિત્યાગીને, સમસ્ત પ્રકારે છોડીને '**સર્વ સંગની આસક્તિને છોડી...**' વચનને છોડીને પણ પછી સર્વસંગની આસક્તિને છોડીને. આહાહા..! જો પરદ્રવ્યનો સંગ કરવા જઈશ તો ત્યાં વિકલ્પ ઉઠશે. આહાહા..!

'**સર્વ સંગની આસક્તિને છોડી...**' એમાં શું બાકી રાખ્યું? ગુરુને બાકી રાખ્યા? દેવને રાખ્યા? આહાહા..! સર્વ સંગને છોડીને. વર્તમાન આવો પંચમકાળ છે, કળિકાળ છે, અકાળ જેવો છે, દરિદ્રકાળ છે છતાં આવું થઈ શકે છે. આહાહા..! '**સ્વકાર્યમાં પરાયણ પરમજિનયોગીશ્વરે..**' આહાહા..! સર્વ સંગની આસક્તિને છોડી. સર્વનો પરિચય છોડીને એકલો ભગવાનનો પરિચય કર. અસંગ તત્ત્વનો સંગ કર. આહાહા..! એનું નામ નિશ્ચયપ્રતિક્રમણ અને નિશ્ચયપ્રત્યાખ્યાન. આવી વાત છે. સંપ્રદાયમાં પણ સાંભળવા મળે એવું નથી. અને બહારમાં બધું મનાવી લે. વ્યવહાર છે ને? વ્યવહાર છે ને? કોણે ના પાડી છે? વ્યવહારથી થાય છે? એ તો કથનમાત્ર છે. એ તો આમાં શ્લોક આવી ગયો છે ને? ૯૦મી ગાથામાં, નહિ? ૯૦ ગાથા, એનો કળશ. ૯૦માં આવ્યું કે પછી આવ્યું? શું કીધું? પછી આવ્યું, પછી.

'**મોક્ષનું કાંઈક કથનમાત્ર...**' ૯૧મી ગાથાની નીચે. ૯૧મી ગાથા, એની નીચે. એ છે ૯૦ ગાથાની ટીકા પણ ૯૧ની નીચે. ૧૭૨ પાનું છે. '**જે મોક્ષનું કાંઈક કથનમાત્ર (–કહેવામાત્ર) કારણ છે...**' વ્યવહાર છે એ તો કહેવામાત્ર છે. આહાહા..! '**તેને પણ (અર્થાત્ વ્યવહાર-રત્નત્રયને પણ) ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં (–ઘણા ભવોમાં) સાંભળ્યું છે...**' એ ભવ ભવમાં વ્યવહારરત્નત્રયને સાંભળ્યું છે '**અને આચર્યું (–અમલમાં મૂક્યું) છે;...**' જુઓ! વ્યવહાર ક્રિયા અને વ્યવહાર સમકિત અને વ્યવહાર પડિકમણું એ તો વ્યવહાર અનંતવાર દરેક જીવે આચર્યો છે. સાંભળ્યું પણ છે અને આચર્યું પણ છે. છે? આહાહા..!

'**પણ ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં (–ઘણા ભવોમાં) સાંભળ્યું છે અને આચર્યું (–અમલમાં મૂક્યું) છે; પરંતુ અરેરે! ખેદ છે કે જે સર્વદા એક જ્ઞાન છે...**' પૂર્ણાનંદ પ્રભુ એકલું જ્ઞાન જ સ્વરૂપ છે, જેમાં વ્યવહારની ગંધ નથી, જેમાં વ્યવહારનો સ્પર્શ નથી. '**અરેરે! ખેદ છે કે જે સર્વદા એક જ્ઞાન છે તેને (અર્થાત્ જે સદા એક જ્ઞાનસ્વરૂપ જ છે એવા પરમાત્મતત્ત્વને) જીવે સાંભળ્યું-આચર્યું નથી, નથી.**' બે વાર કહ્યું. આહાહા..! અંદર ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ જ છે, વિકલ્પમાત્ર એનામાં નથી. આહાહા..! હું જ્ઞાયક છું એવો વિકલ્પ પણ જેમાં નથી. આહાહા..! એ એણે અનંતવાર સાંભળ્યું છે... આહાહા..! પણ કહે છે કે જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા એને જીવે સાંભળ્યું અને આચર્યું નથી. એકલો હું જ્ઞાનાનંદ

જ છું. કોઈ દયા, દાનના વિકલ્પ એ મારી ચીજ છે નહિ એ એણે સાંભળ્યું નથી, આચર્યું નથી. એ આચર્યું નથી એમ બે વાર કહ્યું. સાંભળ્યું નથી, **'આચર્યું નથી, નથી.'** મૂળ પાઠમાં છે ને? **'न च न च'** આહાહા..! મૂળ કળશમાં છે. **'न च न च बत कष्टं सर्वदा ज्ञानमेकम्'** એકલું જ્ઞાનસ્વરૂપ જ છે પ્રભુ. પૂર્ણ જ્ઞાન છે, અપૂર્ણ નહિ, મલિનતા નથી, વિકલ્પ નથી. આહાહા..! જેમાં સંસારની ગંધ નથી એવું જે પ્રભુ જ્ઞાનનું સ્વરૂપ પૂર્વે તેં સાંભળ્યું નથી. આહાહા..! અને આચર્યું નથી. સાંભળ્યું નથી પછી આચરે ક્યાંથી? આચર્યું નથી, નથી. એમ કહ્યું. સાંભળ્યું નથી અને **'આચર્યું નથી, નથી.'** આહાહા..!

મુમુક્ષુ :- દેશનાલબ્ધિ તો ઘણી વાર મળી છે.

ઉત્તર :- અનંતવાર મળી છે. એમાં એને લઈને શું છે? એ સાંભળ્યું કહેવાય નહિ. કાર્ય કરે તો સાંભળ્યું કહેવાય. દેશનાલબ્ધિ અનંતવાર મળી પણ દેશનાલબ્ધિ મળ્યા વિના થાય નહિ. સત્ શ્રવણ ન થયું હોય અને થાય એમ ત્રણકાળમાં બને નહિ. છતાં એનાથી થાય એમ પણ બને નહિ. આહાહા..! આવી વાત છે. શાસ્ત્રશ્રવણથી બને નહિ અને છતાં દેશનાલબ્ધિ મળ્યા વિના થાય પણ નહિ. પણ થાય ત્યારે દેશનાલબ્ધિનું લક્ષ ન હોય. એનું લક્ષ પણ ન હોય. આહાહા..! આવી વાત. લક્ષ દ્રવ્ય ઉપર છે. ત્રિકાળી પરમાનંદનો નાથ આત્મા, સચ્ચિદાનંદ પ્રભુ સત્ જ્ઞાન અને આનંદથી ભરેલો, તેને તેં સાંભળ્યો નથી અને તેં આચર્યો નથી. આહાહા..!

હવે અહીં ૧૫૫માં પણ એ જ કહે છે. **'દ્રવ્યશ્રુતને વિષે શુદ્ધનિશ્ચયનયાત્મક પરમાત્મધ્યાનસ્વરૂપ...'** શુદ્ધનિશ્ચયનયસ્વરૂપ પરમાત્મધ્યાનસ્વરૂપ. શુદ્ધ નિશ્ચય એટલે શું? કે પરમાત્માનું ધ્યાન. પોતે પરમાત્મા છે તેનું ધ્યાન. આહાહા..!

મુમુક્ષુ :- એનું નામ જ...

ઉત્તર :- એ તો શુદ્ધનિશ્ચય એને કહીએ.

**'શુદ્ધનિશ્ચયનયાત્મક પરમાત્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણાદિ સત્ક્રિયાને જાણીને, કેવળ સ્વકાર્યમાં પરાયણ...'** પોતાનું કાર્ય કરવું છે. કો'કનું કાંઈ કરી શકતો નથી. કોઈની પંચાતમાં પડીશ નહિ. આહાહા..! લાવ આનું આમ કરી દઉં ને આને આમ કરી દઉં ને આનું આમ કરી દઉં. એ કાંઈ તારાથી નહિ થઈ શકે. તું તારું કાર્ય કર. આહાહા..! **'સંગની આસક્તિને છોડી એકલો થઈને,...'** આહાહા..! **'મૌનવ્રત સહિત,...'** બોલવું પણ નથી જ્યાં એકલો થઈને, એમ કહે છે. **'મૌનવ્રત સહિત,...'** અરે..! હવે અહીં સુધી જાવું એને. આહાહા..! પંચમઆરાના પ્રાણીને કહે છે. આમ થઈ શકે છે એથી કહે છે. આહાહા..!

**'મૌનવ્રત સહિત, સમસ્ત પશુજનો (પશુ સમાન અજ્ઞાની મૂર્ખ મનુષ્યો) વડે નિંદવામાં આવતો હોવા છતાં...'** આહાહા..! અજ્ઞાની જેવા માણસો એ તો નિંદે. એ.. આમ છે ને આ તો એકાંત છે ને ફલાણું છે ને ઢીંકણું છે. છે? **'સમસ્ત પશુજનો (પશુ સમાન અજ્ઞાની**

**મૂર્ખ મનુષ્યો) વડે નિંદવામાં આવતો...**' લ્યો! આત્મા આત્મા આખો દિ' કરે છે. આત્મા.. આત્મા... આત્મા. આખો દિ' આત્મા નહિ, અહીં તો ત્રણેકાળે આત્મા છે. આખો દિ' તો એનું લક્ષ કરવાનું છે. વસ્તુ તો ત્રિકાળ છે. આહાહા..! આવું ક્યાં સાંભળ્યું હતું 'ચીમનભાઈ'? નહિ? 'હિંમતભાઈ' પાસે સાંભળ્યું નહોતું? તમારા બાપ પાસે? આહાહા..!

**'પશુજનો (પશુ સમાન અજ્ઞાની મૂર્ખ મનુષ્યો) વડે નિંદવામાં આવતો હોવા છતાં અભિન્ન રહીને,...**' એટલે '**છિન્નભિન્ન થયા વગરનો;...**' વિકલ્પ કર્યા વિના. ભલે પશુજનો સમાન અજ્ઞાનીઓ બોલે, એની સામું જોઈશ નહિ. અભિન્નમાં ભિન્ન કરીશ નહિ. ભેદ એવા વિકલ્પને કરીશ નહિ. આહાહા..!

મુમુક્ષુ :– ગામના મોઢે કાંઈ ગરણું બંધાય?

ઉત્તર :– બંધ કર એટલે ગરણું બંધાયેલું જ છે. આહાહા..! દુનિયા બોલે. દુનિયાને મોઢે કાંઈ ગરણું બંધાય છે? તેથી કહ્યું, '**પશુજનો...**' ઢોર જેવા માણસો સત્ય નિશ્ચયને ન સમજનારા, નિશ્ચયની નિંદા કરનારા, નિશ્ચયની મશ્કરી કરનારા, વ્યવહારની પ્રશંસા કરનારા. આહાહા..!

**'પશુજનો (પશુ સમાન અજ્ઞાની મૂર્ખ મનુષ્યો) વડે નિંદવામાં આવતો હોવા છતાં અભિન્ન...**' ભલે નિંદે એ. આહાહા..! તને શું? બીજા ગમે તેમ માને એમાં આને શું? આહાહા..! '**અભિન્ન રહીને,...**' એટલે '**છિન્ન-ભિન્ન થયા વગરનો; અખંડિત; અચ્યુત.**' ભેદ પડ્યા વિના, વિકલ્પ કર્યા વિના અખંડિત રહીને. આહાહા..! આ પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન અખંડ રહીને કરજે, કહે છે. આહાહા..! અમારે ત્યાં સંઘવીને અપાસરે જાય, માણસ સાંજે જાય પડિકમણા કરવા. 'લીંબડી'ને અપાસરે જાય ને? બધા પડિકમણા કરે. આહાહા..! પાછળ ઘર છે. 'હરિચંદ'ની બેનનું. 'ખસ'વાળા 'હરિચંદ' છે ને? એની બેનનું ઘર છે. એ સ્થાનકવાસી. અહીં આવે પણ આ વાત બેસે નહિ. આહાહા..! ઘણા વર્ષનું સંપ્રદાયનું પોષાણું હોય ને એટલે આ વાત શું કહે છે આ? વ્યવહારની તો વાત (કરતા નથી). અંદર આત્મા... આત્મા... આત્મા... આત્મા... આત્મા, આત્મા અંદર હાથ આવતો નથી અને આત્મા.. આત્મા... આત્મા કરે છે. પણ જાણનાર વિના જાણે છે કોણ? બીજાને જાણે છે એ કોણ? જાણનાર પોતે જ પ્રસિદ્ધ છે. બીજાને જાણનારો પોતે પ્રસિદ્ધ છે. આહાહા..! સ્વ ને પરને જાણનારો પ્રસિદ્ધ આત્મા છે. આહાહા..!

**'નિજકાર્યને—**' એ નિજકાર્ય જ છે. આહાહા..! રળવું ને પરણવું ને દુકાનના ધંધા કરવા એ નિજકાર્ય નથી કહે છે. એ બધા પાપકાર્ય છે. આહાહા..! મકાનમાં ધ્યાન રાખવું કે માણસો કેમ કામ કરે છે અને કેવી રીતે કામ કરે છે? કેટલું કામ કર્યું? બધું ધ્યાન રાખવું. એ સ્વકાર્ય નથી કાંઈ. એ પાપકાર્ય છે. આહાહા..!

મુમુક્ષુ :– અહીં તો એમ જ કહેવું પડે ને?

ઉત્તર :– બીજી વાત ક્યાં છે પણ? એક તત્ત્વ સિવાય બીજી વસ્તુને સંબંધ શું છે? તત્ત્વ છે કે નહિ? તત્ત્વ છે તો છે તો છે એ બીજાને લઈને છે કે પોતાને લઈને છે? અને બીજાનો તો એમાં અભાવ છે. જો અભાવ ન હોય તો પોતાનો ભાવ જ રહી શકે નહિ. સ્વતત્ત્વ છે અને પરતત્ત્વથી નથી. આહાહા..! ત્યારે તો તેની સ્વતંત્રતાની પૂર્ણતા છે. એ વિકલ્પથી પણ નથી. વ્યવહાર દયા, દાનના વિકલ્પથી પણ નથી. આહાહા..! અરે...! નિશ્ચય પ્રતિક્રમણાદિની પર્યાયથી પણ એ નથી. એ તો ધ્રુવ છે. એ તો એને આશ્રયે આ ક્રિયા થાય છે. એ ક્રિયા કાંઈ ધ્રુવમાં ગરી ગઈ નથી. આહાહા..! આકરું કામ છે. બહુ લાબું લઈ જાય... માર્ગ બાપુ આવો છે. ચોર્યાશીમાં રખડી રહ્યો છે. આહાહા..! જુઓને! કઈ રીતે માણસ મરી જાય છે! કચડાઈને મરી જાય છે, ઓલામાં મરી જાય છે, આ 'મુંબઈ'માં જુઓને કેટલા ત્રણ, ચાર, પાંચ, છ હંમેશા મરે છે. ખટારામાં અથડાઈને કાં ફલાણામાં અથડાઈને, ગાડીમાં અથડાઈને, કચડાઈને મરેલા પડ્યા જ હોય. એ શું કહેવાય? બસને ઊભી રાખવી પડે. મરી જાય માણસ એટલે. પોલીસ ભેગા થાય. જોયું છે એ. નીકળ્યા હોય ને. આહાહા..! આ સંસાર.

અહીં તો કહે છે, પશુજનો વડે ભલે નિંદા કરે '**નિજકાર્યને—કે જે નિજકાર્ય નિર્વાણરૂપી સુલોચનાના...**' જે નિજકાર્ય મોક્ષરૂપી સુલોચના એટલે સ્ત્રી. હવે ત્યાં મોક્ષને નાખ્યો. ભલે એ ભવમાં ન થાય પણ બીજે ભવે મોક્ષ થશે. મોક્ષ માટે કરવાનું છે. ધ્યેય છે આત્મા, સાધ્ય છે મોક્ષ. ધ્યેય છે ધર્મ ધરનાર ધર્મી, સાધ્ય છે પરમાત્મદશા પર્યાય. એ સિવાય બીજી વાત વ્યવહાર છે. આહાહા..! એથી કહે છે... આહાહા..! '**નિજકાર્યને–કે જે નિજકાર્ય નિર્વાણરૂપી સુલોચનાના સંભોગસૌખ્યનું મૂળ છે...**' નિર્વાણરૂપી જે પરિણતિ, મોક્ષરૂપી જે આનંદની પરિણતિ એના અનુભવના સુખનું મૂળ છે '**તેને–નિરંતર સાધવું.**' આહાહા..! તેને નિરંતર સાધવું. આહાહા..! એ તો પહેલી ના પાડી કે નિર્વાણનું ધ્યાન છે નહિ. પણ તું ધ્યાન તો આવું કર. અત્યારે ભલે ન હોય. અમુક ભવે થશે સર્વથા એવું તો કર. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

[ હવે ૧૫૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં મુનિરાજ બે શ્લોક કહે છે : ]

## શ્લોક–૨૬૫

(मंदाक्रांता)

हित्वा भीतिं पशुजनकृतां लौकिकीमात्मवेदी
शस्ताशस्तां वचनरचनां घोरसंसारकर्त्रीम्।
मुक्त्वा मोहं कनकरमणीगोचरं चात्मनात्मा
स्वात्मन्येव स्थितिमविचलां याति मुक्त्यै मुमुक्षुः।।२६५।।

[શ્લોકાર્થ :–] આત્મજ્ઞાની મુમુક્ષુ જીવ પશુજનકૃત લૌકિક ભયને તેમ જ ઘોર સંસારની કરનારી પ્રશસ્ત-અપ્રશસ્ત વચનરચનાને છોડીને તથા કનક-કામિની સંબંધી મોહને તજીને, મુક્તિને માટે પોતે પોતાનાથી પોતાનામાં જ અવિચળ સ્થિતિને પામે છે. ૨૬૫.

પ્રવચન નં. ૧૮૦, શ્લોક--૨૬૫-૨૬૬, ગાથા-૧૫૬, રવિવાર, અષાઢ સુદ ૧, તા.૧૩-૦૭-૮૦

'નિયમસાર' કળશ-૨૬૫. કળશ છે ને? ૨૬૫.

हित्वा भीतिं पशुजनकृतां लौकिकीमात्मवेदी
शस्ताशस्तां वचनरचनां घोरसंसारकर्त्रीम्।
मुक्त्वा मोहं कनकरमणीगोचरं चात्मनात्मा
स्वात्मन्येव स्थितिमविचलां याति मुक्त्यै मुमुक्षुः।।२६५।।

**શ્લોકાર્થ :-** આહાહા..! **'આત્મજ્ઞાની મુમક્ષુ જીવ...'** જેને આત્મજ્ઞાન થયું છે તે જીવ, મુમુક્ષુજીવ **'પશુજનકૃત લૌકિક ભયને...'** એટલે માણસો પશુ જેવા છે એ કાંઈક બોલે. આત્માની વાત કરતા કે આત્માનો અનુભવ કે જ્ઞાનની વાત કરતા કંઈક વાતું કરે કે આ પાખંડી છે આમ છે તેમ છે. તો એને સહન કરીને સમતા રાખજે. **'આત્મજ્ઞાની મુમુક્ષુ જીવ પશુજનકૃત...'** પશુજન–પશુ જેવા માણસો. જેને કાંઈ અક્કલ નથી, સત્ય-અસત્યનો વિવેક નથી. આહાહા..! એના **'ભયને તેમ જ...'** એના ભયને તજી દે. એ શું કહે છે? શું કરશે? આહાહા..! ધર્મીજીવને કોઈ દોષ લાગ્યો હોય અને એ દોષ કોઈએ જોયો હોય તો એ શું કરે અને પાછું શું ઉછાળે? પશુ જેમ અજ્ઞાની જેવા. નહિતર દોષને ઢાંકવો જોઈએ. આહાહા..!

ઉપગૂહન આવે છે ને? સમકિતનો (ગુણ). એવી વાત કોઈ હોય તો એ ગોપવી દેવી. અને એક આ પશુજન જેવા લોકોના ભયને તજીને, એના ભયને તજીને. ધર્મીજીવે પશુજન જેવા લોકોની દરકાર છોડી દઈને **'ઘોર સંસારની કરનારી પ્રશસ્ત-અપ્રશસ્ત વચનરચનાને...'** આહાહા..! શુભ અને અશુભ વચનની રચના ઘોર સંસારનું કારણ છે. ગજબ વાત છે. ઉપદેશ કરવો કે સાંભળવો એ વચનરચના જડની રચના છે. ઝીણી વાત છે, ભાઈ!

એ **'ઘોર સંસારની કરનારી પ્રશસ્ત–'** એટલે શુભ સ્વાધ્યાય આદિ એ અશુભ **'વચનરચનાને છોડીને...'** આહાહા..! દુનિયાથી જાત જુદી છે. કહે છે શુભવચન, પ્રરૂપણા અને સ્વાધ્યાયના એ પણ શુભવચન જડ છે. આહાહા..! એને પણ છોડીને. આહાહા..! ઉપદેશની વાણીને પણ કહે છે જડ છે. આહાહા..! ચૈતન્યપ્રભુમાં તો કોઈ વિકલ્પ જ માત્ર નથી. એ તો નિર્વિકલ્પ આનંદકંદનો પિંડ છે. એવું આત્મતત્ત્વ (છે) એમાં અલ્પતા નથી, અશુદ્ધતા નથી, અશુદ્ધતા નથી. અલ્પતા નથી, ઉણપ નથી, અશુદ્ધતા નથી.

પૂર્ણાનંદનો નાથ આત્મા... આહાહા..! એનાથી વિરુદ્ધ, વચનની રચના એનાથી વિરુદ્ધ છે. આહાહા..! વાણી જડ છે, ભગવાન ચૈતન્ય છે. માણસને આકરું લાગે. તો પછી સાંભળવું કે સંભળાવવું, ઉપદેશ કરવો (એનું શું?) ભાઈ! એ વાણી, જેમાં–સ્વરૂપમાં વિકલ્પ નથી. જૈનસ્વરૂપ જે આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ છે, અતીન્દ્રિય શાંતિ રસનો પિંડ છે. તે પૂર્ણ છે, પવિત્ર છે, અખંડ છે, એકરૂપ જ છે. એમાં વચનરચના છે નહિ કાંઈ. આહાહા..!

કહે છે, ભાષા એકલું છોડવાનું કહે તો ઠીક પણ **'ઘોરસંસારની કરનારી...'** આહાહા..! એ **'પ્રશસ્ત-અપ્રશસ્ત વચનરચનાને છોડીને...'** આહાહા..! કહો, 'ચીમનભાઈ'! વચનને છોડીને. હવે આને... આહાહા..! આત્મામાં ક્યાં વચન છે? આત્મામાં ક્યાં રાગ છે? આત્મામાં ક્યાં મેલ છે? આત્મામાં તો આનંદકંદ છે. આહાહા..! કહે છે, ધર્મીજીવે **'પશુજનકૃત લૌકિક ભયને તેમ જ ઘોર સંસારની કરનારી પ્રશસ્ત-અપ્રશસ્ત વચનરચનાને છોડીને...'** આહાહા..! બે (બોલ છે).

**'કનક-કામિની સંબંધી મોહને તજીને,...'** છે? ઓલા બે-બે બોલ આવ્યા. પશુજનકૃત લૌકિક અને પ્રશસ્ત-અપ્રશસ્ત વચન રચના અને કનક-કામિની. આહાહા..! સોનું અને સ્ત્રી આદિ. એના સંબંધી મોહ. આહાહા..! એના પ્રત્યેનું વલણ અને મોહ. પૈસા પ્રત્યે અને સ્ત્રી પ્રત્યે... આહાહા..! કનક અને કામિની પ્રત્યેનું જે વલણ, મોહ, સાવધાની તજીને... આહાહા..! **'મુક્તિને માટે...'** પોતાને આનંદનો પૂર્ણ લાભ મળે એવી જે મુક્તિ. પૂર્ણ અતીન્દ્રિય આનંદનો લાભ મળે એવી જે મુક્તિ... આહાહા..! એને માટે. સ્વર્ગને માટે કે પુણ્યને માટે એ વાત નથી કરી. ઓહોહો..!

ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ, પૂર્ણ શાંતિ, પૂર્ણ વીતરાગતા, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતાથી ભરેલો ભગવાન, એનો જે મુમુક્ષુ–આત્મજ્ઞાની... આહાહા..! એણે તો પશુજન જેવા

જીવોનો ભય ન રાખવો. આ શું કરશે અને શું બોલશે. કેમ? પ્રશસ્ત-અપ્રશસ્ત શબ્દો એના ગળવા. કેમ કે એ પણ ઘોર સંસારનું કારણ છે. આહાહા..! આકરું લાગે. ત્યારે ઉપદેશ કરવો જ નહિ? ભાઈ! ઉપદેશ આવે છે પણ એ કરવા લાયક નથી. આહાહા..! ઉપદેશ આવે છે પણ એ કરવા જેવો નથી. 'સમાધિશતક'માં ત્યાં સુધી કહ્યું છે કે બીજાને સમજાવવાનો વિકલ્પ ઊઠે પ્રભુ! તને એ પાગલપણું છે. એમ આવ્યું છે. 'સમાધિશતક' એમ કહે છે કે બીજાને સમજાવવાનો... આહાહા..! વિકલ્પ જે આવે એ પાગલપણું છે. આહાહા..! કેમકે વિકલ્પથી તને નુકસાન છે. એનાથી કાંઈ લાભ સામાને થાય એવો નથી.

મુમુક્ષુ :– ચારિત્ર સંબંધી પાગલપણું છે. મુનિને વિકલ્પ આવે એ ચારિત્રનું પાગલપણું છે.

ઉત્તર :– એ પાગલ છે પણ એ પાગલ... અહીં તો દોષનો પાગલ છે. આહાહા..! છે તો ચારિત્રદોષ. આહાહા..! અસ્થિરતાનો દોષ. આ તો આવશ્યક ચાલે છે ને? નિશ્ચય આવશ્યક ચાલે છે ને? અવશ્ય કરવા જેવું શું છે? અને નહિ કરવા જેવું શું છે? એ વાત ચાલે છે. નિશ્ચય પરમાવશ્યક. આહાહા..! વાણી પણ કરવા જેવી આવશ્યક-જરૂર છે એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :– વાચક તો વાચ્યને બતાવે ને?

ઉત્તર :– એ કરવા જેવું નથી, કહે છે. બતાવે એ બધો વ્યવહાર છે. આહાહા..! ઝીણી વાત છે બહુ.

અહીં તો પરમાવશ્યક–પરમ જરૂરનું શું છે? એ કાંઈ વાણી પરમ જરૂરની નથી. એ સમજાવવાનો વિકલ્પ એ કાંઈ પરમ જરૂરનો નથી. આહાહા..! ઘોર સંસાર શબ્દ વાપર્યો છે. આહાહા..! પ્રશસ્ત અને અપ્રશસ્ત, ભલી ભાષા અને ખોટી-જૂઠી, બેય વચનરચનાને છોડીને. આહાહા..! દિગંબર સાધુઓ કડક ભારે અને પરમસત્ય જ કહેનારા. દુનિયામાં સમતોલ રહે કે નહિ, દુનિયાને એને કબુલે કે નહિ. ત્યારે તમે કેમ બોલો છો? એમ કહેનારા મળે તો એનું સાંભળવું નહિ તારે. એ પશુજનકૃત છે. આહાહા..!

કહેવાનો આશય એવો છે, પ્રભુ! પરમ આવશ્યક જરૂરનું (એ છે કે) આત્મા અખંડાનંદ પ્રભુ, એની શ્રદ્ધા-જ્ઞાન અને અંદર રમણતા એ પરમાવશ્યક છે. બાકી કાંઈ કોઈ આવશ્યક છે નહિ. આહાહા..! વ્યવહાર માટે પ્રભાવના કરવી, ફલાણું આ કરવું.. ફલાણું આ કરવું... આહાહા..! એ બધી વ્યવહારની રાગવાળી વાત ઘોર સંસારને ઉત્પન્ન કરનારી છે. આહાહા..! મુનિ કહે છે ઘોર સંસાર. પ્રશસ્ત. આહાહા..! સાધારણે તો સાંભળ્યું ન હોય. સ્થુળ પ્રરૂપણા... આહાહા..! વીતરાગની વાણી કહેવી વાણી, પણ એ વાણી જડ છે. આહાહા..! એથી એ ઘોર સંસારનું મૂળ છે. આહાહા..!

અહીં તો ઠરી જવાની વાત છે. બહારમાં આમ કરશું, બહારમાં આમ કરશું, પછી આમ કરશું, શાસ્ત્રો બનાવશું, બનાવીને આમ બહાર પાડશું, બહાર પાડીને બહારમાં વખાણ

થશે. એ તો અંદર મિથ્યાત્વમાં રહી ગયો. આહાહા..! આકરો કળશ આવ્યો છે. 'બાબુભાઈ'! આહાહા..!

પ્રભુ! તું કોણ છો? તું સચ્ચિદાનંદ પ્રભુ અંદર (છો). સત્ ચિદાનંદ જ્ઞાન અને આનંદનો કંદ છો. એમાં રાગની ગંધ નથી, વચનનો તો સ્પર્શ પણ નથી. રાગનો તો પર્યાયમાં સ્પર્શ પણ છે. પર્યાયમાં. વાણીનો તો પર્યાયમાં સ્પર્શ પણ નથી. આહાહા..! કેમકે એ તો જડદ્રવ્ય છે. રાગ છે એ તો હજી પર્યાયમાં અસ્તિત્વમાં છે. દ્રવ્યદૃષ્ટિમાં નથી, પર્યાયના અસ્તિત્વમાં છે. વાણી તો એની પર્યાયના અસ્તિત્વમાં પણ નથી. આહાહા..! આવો વીતરાગમાર્ગ છે.

**'કનક-કામિની...'** એ પૈસાની પણ જરૂર છે આમાં, આમાં પૈસા ઊપજાવવા અને એમાં આ પડવું, એમાં આ કામ કરવું... આહાહા..! એ ના પાડે છે. કનક એટલે પૈસો અને સ્ત્રી. એ **'સંબંધી મોહ...'** એટલે સાવધાની, એના તરફનો વિકલ્પ. આહાહા..! **'તજીને,...'** આહાહા..! આભડછેટ અડવા જેવું નથી. રાગને ને વાણીને અડવા જેવું નથી. એવો પ્રભુ તું છો. પરમાનંદનો નાથ તારે તો પરમાત્મા જ થવું પડશે. તું પરમાત્મા જ છો. બધા ભગવાન છે. વસ્તુએ, શક્તિએ, સ્વભાવે, સત્ત્વે, સત્‌, અસ્તિએ ભગવાનસ્વરૂપે આત્મા-પરમાત્મા બધા છે. માટે ભગવાન જ તારે થાવું પડશે. આહાહા..! સંસારની હોંશ ઉતારી નાખે એવું છે.

એને **'તજીને, મુક્તિને માટે...'** આહાહા..! એક આશા છોડી **'મુક્તિને માટે પોતે પોતાનાથી...'** આહાહા..! આત્મા આત્માથી અને સ્વભાવથી. પોતે આત્મા અને પોતાથી એટલે પોતાના સ્વભાવથી. રાગ ને વિકલ્પ ને વ્યવહાર ને એનાથી નહિ. વ્યવહારરત્નત્રયથી પણ નહિ. કારણ કે એ પોતે નથી. આહાહા..! **'પોતે પોતાથી...'** એટલે સ્વભાવથી **'પોતાનામાં જ...'** પોતાના આનંદ સ્વભાવમાં જ. એકાંત છે, લ્યો! **'અવિચળ સ્થિતિને પામે છે.'** આ રીતે જે કરે તેને અવિચળ સ્થિતિ-મુક્તિને પામે છે. આ એનો માર્ગ છે, બીજો કોઈ માર્ગ છે નહિ. આહાહા..! અમે ઘણા પુસ્તકો બનાવ્યા, ઘણા મકાનો બનાવ્યા, મંદિરો ઘણા બનાવ્યા માટે આત્માને કાંઈક (લાભ) થાશે. એ વિકલ્પ છે બધો. આહાહા..! આમાં પૈસાને પણ કાઢી નાખ્યા, વાણીને પણ કાઢી નાખી. આહાહા..! અને બોલનારા, તત્ત્વને ન સમજે ઇ તત્ત્વને હિણું પાડવા માટે વિરોધ કરનારા એ લોકોને પશુ જેવા ગણીને કાઢી નાખ્યા. આહાહા..!

એ કાલે આવ્યું હતું ને? ભાઈ! ૧૫૪-ગાથા. એ ગાથા 'દર્શનપાહુડ'માં ૨૨મી છે. હમણા સાંજે બતાવ્યું હતું. ૨૨માં. **'जं सक्कइ तं कीरइ जं चण स्केइ तं च सद्दहणं'** એમાં બચાવ કરીશ નહિ. ન કરી શકે તેની શ્રદ્ધા કરજે. બચાવ કરીશ નહિ કે નહિ. ના, ના એ તો આવું હોય, આમાં આવું હોય. આહાહા..! **'પોતે પોતાનાથી...'** જ આત્મા આનંદસ્વરૂપ છે એ અતીન્દ્રિય આનંદથી **'પોતાનામાં જ...'** આનંદમાં જ **'અવિચળ સ્થિતિને પામે છે.'** આવું કરનાર અવિચળ સ્થિતિ-મુક્તિને પામે છે, લ્યો! ઓહોહો..! એક કળશમાં તો કેટલું નાખ્યું છે!

વચનરચનાને જડ ઘોર સંસારનું કારણ કહ્યું. આહાહા..! એ દિગંબર મુનિઓ કહે. બીજાનો ભાર નથી. બીજા તો એને સારું લાગે... સારું લાગે (એમ કહે). પૈસા ખર્ચો તમારું આમ થાશે, તમારે આમ થાશે. આહાહા..! બનાવો ધર્મના સ્થાન તો ધર્મ વધશે, ધર્મ આમ થાશે. આહાહા..! કાંઈ પડી છે એને? પૈસાની સ્પૃહા નહિ, સ્ત્રીની નહિ, શુભા-શુભ વચનની નહિ અને પશુ જેવા જીવો સત્યને વખોડનારા એવા જીવોની દરકાર છોડી દઈને... આહાહા..! અવિચળ સ્થિતિને તે કહી તે પોતે પોતાથી (પામે છે). સ્વભાવ જે છે, પોતામાં સ્વભાવ છે એ પોતાથી. વિભાવ પોતામાં નથી.

**'પોતે પોતાનાથી....'** એટલે પોતાના સ્વભાવથી સ્વભાવને પામીને. આહાહા..! પર્યાયમાં પોતાના નિર્મળ સ્વભાવથી નિર્મળ સ્વભાવને પામીને. વિભાવની વાત નહિ. આહાહા..! આવું તો એકાંત લાગે. સાધરણ સંપ્રદાયના આગ્રહી હોય અને એમ થાય, આ એક જ માર્ગ હશે? આ બધું કાંઈ નહિ? છે. કાંઈ નહિ ક્યાં, કીધું ને? સંસારનું કારણ છે. ઘોર સંસારનું કારણ છે. આહાહા..! ગજબ વાત છે. શુભભાવ ઘોર સંસારનું કારણ. અને શુભભાવ તારો ગમે તે બહારમાં થાય, મંદિર માટે, આને માટે... આહાહા..! એટલું ધ્યાન રાખજે કે એ સંસારનું ઘોર કારણ છે. એ સંસારના અભાવના કારણમાં મદદગાર બિલકુલ નથી. આહાહા..! એ ૨૬૫ શ્લોક (પૂરો) થયો.

## શ્લોક-૨૬૬

(वसंततिलका)

**भीतिं विहाय पशुभिर्मनुजैः कृतां तं**
**मुक्त्वा मुनिः सकललौकिकजल्पजालम्।**
**आत्मप्रवादकुशलः परमात्मवेदी**
**प्राप्नोति नित्यसुखदं निजतत्त्वमेकम्।।२६६।।**

**[શ્લોકાર્થ :–] આત્મપ્રવાદમાં (આત્મપ્રવાદ નામના શ્રુતમાં) કુશળ એવો પરમાત્મજ્ઞાની મુનિ પશુજનો વડે કરવામાં આવતા ભયને છોડીને અને પેલી (પ્રસિદ્ધ) સકળલૌકિક જલ્પજાળને (વચનસમૂહને) તજીને, શાશ્વતસુખદાયક એક નિજ તત્ત્વને પામે છે. ૨૬૬.**

## શ્લોક–૨૬૬ ઉપર પ્રવચન

૨૬૬.

भीतिं विहाय पशुभिर्मनुजैः कृतां तं
मुक्त्वा मुनिः सकललौकिकजल्पजालम्।
आत्मप्रवादकुशलः परमात्मवेदी
प्राप्नोति नित्यसुखदं निजतत्त्वमेकम्।।२६६।।

**શ્લોકાર્થ :- 'આત્મપ્રવાદમાં (આત્મપ્રવાદ નામના શ્રુતમાં)...'** જેમાં આત્માનું કથન છે એવા શ્રુતમાં '**કુશળ...**' એવો જે કુશળ. '**(આત્મપ્રવાદ નામના શ્રુતમાં) કુશળ...**' આહાહા..! '**એવો પરમાત્મજ્ઞાની મુનિ પશુજનો...**' પરમઆત્મજ્ઞાની–પરમસ્વરૂપ આત્મા, અનંત આનંદ અને અનંત શાંતિનો સાગર, રાગની ક્રિયા રહિત જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ રાગની ક્રિયાથી રહિત પ્રભુ આત્મા છે. આહાહા..! '**એવો પરમાત્મજ્ઞાની...**' પરમઆત્મજ્ઞાની, પરમઆત્મજ્ઞાની. આહાહા..! '**મુનિ પશુજનો વડે...**' એવા મુનિઓ પશુજન વડે. પશુજનો કીધા. આહાહા..! ધર્મને સમજતા નથી અને વિરોધ કરે છે એ બધા ઢોર જેવા છે, પશુ જેવા છે.

'**પશુજનો વડે કરવામાં આવતા ભયને છોડીને...**' આહાહા..! મુનિ છે, છદ્મસ્થ છે, કોઈ દોષ લાગ્યો હોય અને કોઈ જોઈ જાય તો બહાર પાડે અને નિંદા થાય તો ભય કરીશ નહિ. એ દુનિયાનો ભય કરીશ નહિ. આહાહા..! '**પશુજનો વડે કરવામાં આવતા ભયને છોડીને અને પેલી (પ્રસિદ્ધ) સકળ લૌકિક જલ્પજાળને...**' આહાહા..! '**પેલી (પ્રસિદ્ધ) લૌકિક જલ્પજાળને (વચનસમૂહને)...**' એ પહેલામાં આવી ગયું છે. એને અહીં જલ્પજાળ કીધી. વચનની જાળ, જલ્પજાળ. આહાહા..! ભગવાન તો વાણીને અડ્યો પણ નથી. આત્માના વાણીના પરમાણુને સ્પર્શતો પણ નથી. આત્મા અનાદિથી હોવા છતાં કર્મને અને વાણીને અડ્યો પણ નથી, સ્પર્શ્યો પણ નથી. આહાહા..! કેમકે એ બધું જડ છે. પ્રભુ ચૈતન્ય છે. એ બેની વચ્ચે અત્યંત અભાવ અભાવનો વચ્ચે ડુંગર-ગઢ પડ્યો છે. બે વચ્ચે અભાવભાવનો, અભાવભાવનો મોટો ગઢ પડ્યો છે. આહાહા..!

શું કીધું? ભગવાનઆત્મા અને પશુજને કહેલી વાણી કે પોતે વાણીનો સમૂહ... આહાહા..! એ '**પેલી (પ્રસિદ્ધ) સકળ લૌકિક જલ્પજાળને (વચનસમૂહને) તજીને,...**' આહાહા..! એ વ્યવહારથી કથન છે. તજીને એ પણ વ્યવહારથી કથન છે. જ્ઞાનાનંદ સ્વરૂપમાં ઠરી જવું. ત્યારે વચન હોય નહિ, રાગની ઉત્પત્તિ હોય નહિ એનું એણે છોડ્યું એમ કહેવામાં આવે છે. કથનની શૈલી તો અનેક પ્રકારે હોય છે. પણ એનો મર્મ જુદી જાતનો હોય છે. વચનને

છોડીને, જડને છોડીને. જડને ગ્રહ્યું'તું કે દિ' તે છોડવું છે? જડને અડ્યો પણ નથી. 'સમયસાર'ની ત્રીજી ગાથામાં તો એમ કહ્યું. 'સમયસાર' ત્રીજી. આત્મા પરને સ્પર્શ્યો પણ નથી. પોતાના સિવાય પરદ્રવ્યને ચુંબ્યો પણ નથી, અડ્યો પણ નથી. કર્મને અડ્યો નથી, શરીરને અડ્યો નથી અત્યાર સુધી. અનંતકાળ થયો. ભગવાનઆત્મા વાણીને અડ્યો નથી, કર્મને અડ્યો નથી. આહાહા..! શરીરને સ્પર્શ્યો નથી, વાણીને અડ્યો નથી. જડ મનને પણ અડ્યો નથી. આહાહા..! આવું છે. 'પાટણીજી'! માર્ગ આવો છે.

પ્રભુ તો ભગવાનસ્વરૂપ, પરમેશ્વરસ્વરૂપ ચૈતન્યમૂર્તિ છે. એ તો કદી રાગને, કર્મને, શરીરને, વાણીને અડ્યો નથી, સ્પર્શ્યો નથી, ચુંબ્યો નથી. એ 'સમયસાર'ની ત્રીજી ગાથા છે. દરેક દ્રવ્ય પોત પોતાના ધર્મને ચુંબે છે. ધર્મ એટલે સ્વભાવ. ગુણ અને પર્યાય નિર્મળ સ્વભાવને ચુંબે છે. પણ બીજા દ્રવ્યના કોઈપણ પર્યાયને, ગુણ દ્રવ્યને તો ન ચુંબે પણ પરની પર્યાયને બીજું દ્રવ્ય ચુંબતું–અડતું નથી. આહાહા..! ગજબ વાત છે. આ હાથને શરીર અડ્યું નથી, શરીરને અંદર આત્મા અડ્યો નથી. આત્માને શરીર અડ્યું જ નથી. આહાહા..! પરમાત્મ જ્ઞાની, મુનિ એ બધી વાણી આદિને છોડીને, **'પશુજન વડે કરવામાં આવતા ભયને છોડીને અને પેલી (પ્રસિદ્ધ) સકળ લૌકિક જલ્પજાળ...'** આહાહા..!

પોતે તો લખે છે. લખવાની ક્રિયા ભલે થાય. આત્માથી લખી નથી શકાતું. આત્મા એને અડતો નથી. વાણીના, જડના પરમાણુમાં ક્રમબદ્ધ થવાનો ભાષા થવાનો પુદ્‌ગલમાં કાળ છે. તેથી વચનવર્ગણા ભાષારૂપે થાય છે. આત્મા એને અડતો નથી અને આત્મા ભાષા કરતો નથી. આહાહા..! લ્યો! 'હસમુખભાઈ'! હવે આખો દિ' કરવું, પૈસા ને ધૂળધામ. ધૂળધામ. આહાહા..! એક દ્રવ્યના પોતાના ગુણ ને પર્યાય એને સ્પર્શે છે પણ બીજા દ્રવ્યની પર્યાયને બીજું દ્રવ્ય અડતું નથી, સ્પર્શતું નથી. આહાહા..! તો પછી વાણીને આત્મા અડતો નથી. તો એ વાણી છે એ કહે છે... આહાહા..!

**'સકળ લૌકિક જલ્પજાળ (વચનસમૂહને) તજીને, શાશ્વતસુખદાયક...'** શાશ્વત સુખનો દેનાર ભગવાન **'એક નિજ તત્ત્વને પામે છે.'** આહાહા..! વીતરાગને પામે છે અને પંચપરમેષ્ઠીને પામે છે એ નહિ. પરદ્રવ્યને પામે છે એ રાગ છે. આહાહા..! આવું કરીને નિજ તત્ત્વને પામે છે. આહાહા..! વચનની રચના છોડી... આહાહા..! પશુજનો વડે ભય થતો હોય, વિરોધ કરતા હોય એને પણ છોડી... આહાહા..! શાશ્વત સુખ દેનાર, કાયમ આનંદમાં રહેનાર, કાયમ આનંદમાં રહેનારો પ્રભુ, આનંદનું ધામ નિત્યાનંદ શાશ્વત ટંકોત્કીર્ણ વસ્તુ ભગવાનઆત્મા, તેને પામે છે.

એવા **'શાશ્વતસુખદાયક એક નિજ તત્ત્વ...'** એવું સુખનું દેનારું એક નિજતત્ત્વ. બે તત્ત્વ નહિ બીજા. આહાહા..! એક એક શ્લોક પણ ગજબ છે ને! પોતાનો ભગવાનઆત્મા નિજતત્ત્વ અંદર એકરૂપે પ્રભુ બિરાજે છે. અનંતગુણ ભલે છે પણ અભેદપણે તે એકરૂપે છે. એવા

એકરૂપ તત્ત્વને પામે છે. છે? **'શાશ્વતસુખદાયક એક નિજ તત્ત્વ...'** પાછું તે નિજતત્ત્વ. પર પરમાત્મા વીતરાગને ભેટો થાય છે, એ નહિ. આહાહા..! કળશ તો કળશ! અમૃતના કળશ ભર્યા છે!! આહાહા..! બીજાનું કરવું છે અને બીજા પાસે ગણાવું છે એવાઓનો તો આમાં અવકાશ નથી.

આવી સ્થિતિ કરનાર અવિચળ શાશ્વત સુખદાયક **'એક નિજ તત્ત્વને પામે છે.'** આ સાર છે. આહાહા..! પર તત્ત્વનું... આત્માના નિજતત્ત્વ સિવાય પર તત્ત્વ ચાહે તો વીતરાગના વખાણની, પ્રશંસાની વાણી હોય કે શાસ્ત્રના શબ્દો હોય... આહાહા..! એ બધા પરદ્રવ્ય છે. તેને છોડીને નિજ આત્મતત્ત્વને પામે છે. એક નિજતત્ત્વને, બહારના અનેક તત્ત્વો પરમાત્મા, પશુ આદિ કે પરમાત્મા પંચપરમેષ્ઠી એ પણ પરમાં જાય છે. એનું લક્ષ કરવાથી પણ રાગ થાય છે. આહાહા..! આમાં પહેલું શું કરવું? 'હરિભાઈ'! આહાહા..!

આ તો કળશ છે. 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ. મુનિનો (કળશ છે). એ કહે છે કે નિજતત્ત્વ જે તદ્દન નિરાળુ પડ્યું છે. જેને સંસાર અડ્યો નથી, જેને રાગ સ્પર્શ્યો નથી એવું એ તત્ત્વ છે. એક સમયની પર્યાયમાં ભલે હો પણ એ પર્યાય દ્રવ્યને અડી નથી. આહાહા..! એવા દ્રવ્યને–એ તત્ત્વને પામે. આવા વચનરચના અને આવા ભયથી જુદો પડતો (નિજ તત્ત્વને પામે છે). આહાહા..! આ તો બાવો થાય, દુકાન છોડીને બેસે તો થાય. એમ થાતો હશે? દુકાન છોડીને બેઠો છો ક્યાં? પરનો ત્યાગ-ગ્રહણ આત્મામાં છે જ નહિ. આત્મામાં ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ છે. પર વસ્તુનો ત્યાગ અને પરવસ્તુનું ગ્રહણ, એ તો શૂન્ય છે. આહાહા..! ફક્ત એ સંબંધીનો અંદર રાગથી આમ બોલવું અને આમ કરવું... આહાહા..! વીતરાગસ્વરૂપી ભગવાનઆત્મા, એમાં એ રાગના કણિયા મેલ અને દુઃખ છે. એને છોડીને સુખદાયક એવો જે ભગવાનઆત્મા એક નિજતત્ત્વ. એક જ તત્ત્વ, બીજું તત્ત્વ નહિ. પરમાત્મા, પરમેશ્વર અને પંચપરમેષ્ઠી પણ નહિ. આહાહા..! **'એક નિજ તત્ત્વને પામે છે.'** લ્યો! આ સાર છે એનો. આહાહા..! આકરું લાગે.

પહેલું શું કરવું? પહેલું આ (કરવું). છેલ્લું શું? કે તું પૂર્ણ પામી જા તે. પહેલું આ કરવાનું અને છેલ્લું એ કે તું તત્ત્વને પામી જા એ. બીજું કાંઈ છે નહિ. આહાહા..! અરે..રે..! એ વાત સાંભળી ન હોય. વ્રત કરો, અપવાસ કરો, આ કરો... આ કરો... આ કરો.. આ કરો... કર્તાબુદ્ધિની ક્રિયામાં રોકાનાર સંસારને રખડાવવામાં ફળે છે. સંસાર ફાલે છે ત્યાં. આહાહા..!

અહીં તો પ્રશસ્ત રાગ રચનાને ઘોર સંસાર કીધો. આહા..! કીધો કે નહિ? આહાહા..! ઘોર સંસાર છે. આહાહા..! મુનિને જગતની દરકાર ક્યાં પડી છે? જગતને આ બેસશે કે આમાં ખળભળાટ થઈ જશે, એને ક્યાં પડી છે? આહાહા..! અને આવી વાત બીજે દિગંબર સંતો સિવાય ક્યાંય નથી. શ્વેતાંબર, સ્થાનકવાસી અને અન્યમતમાં ક્યાંય આ વાત નથી.

બધે તદ્દન મિથ્યાત્વની વાત છે. આહાહા..! આકરું લાગે, શું થાય? અનાદિ સનાતન સંતો અનાદિ દિગંબર સંતો થઈ આવ્યા છે, એ અનાદિથી આ વાત કરતા આવ્યા છે. આ કાંઈ પોતે એકલા કરે છે એમ નહિ. આહાહા..! અનાદિથી આ વાત ચાલી આવે છે. અનંતકાળ એમ ને એમ રહેવાની છે. આહાહા..! તું પણ અનંતકાળનો છો ને! પ્રભુ! તો આ સ્થિતિ પામીને તું પણ અનંતકાળ રહેવાનો છો. આહાહા..! કહો, 'રતિભાઈ'! આવી વાત કે દિ' સાંભળી હતી?

મુમુક્ષુ :– કોઈ સંભળાવનાર જ ક્યાં હતા.

ઉત્તર :– આ મૂર્તિ કરો, સ્થાપો. દરરોજ કરો આરતી.. શું કહેવાય? સ્તુતિ, ભજન અને ભક્તિ. આહાહા..!

અહીં તો ત્રણલોકના નાથનો પોકાર છે (કે) એ શુભ વિકલ્પ ઊઠે એ ઘોર સંસાર છે. ત્રણલોકના નાથના પવિત્રથી તદ્દન વિરુદ્ધ ભાવ શુભભાવ છે. જ્યારે પ્રભુમાં સંસારનો ત્રિકાળી અભાવ છે, ત્યારે રાગમાં સંસારનો સદ્ભાવ પૂર્ણ ભર્યો છે. આહાહા..! કળશો બહુ સારા આવ્યા. બેય સરસ કળશ આવ્યા. પૈસા-બૈસા ને બધાના તો અહીં મીંડા વાળ્યા. પૈસાથી આમ થાય અને પૈસાથી આમ થાય, પૈસાવાળા હોય તો ધર્મના સ્થાનક બને, ધર્મ બને, મંદિરો બને, પુસ્તકો બને. આહાહા..! પ્રભુની વાણી દુનિયાથી જુદી જાતની છે. આહાહા..!

તું છો તે થા અને નથી તે જવા દે. આહાહા..! એટલી વાત છે. તું જેવો જ્ઞાનાનંદ વીતરાગમૂર્તિ પ્રભુ છો એવી શ્રદ્ધા કરીને થા, એનાથી વિરુદ્ધ વિકલ્પમાત્ર અને ઘોર સંસારનું કારણ છે. સંસાર, જે અંદર વસ્તુમાં એ નથી એ ઘોર સંસારનું કારણ છે. આહાહા..!

મુમુક્ષુ :– સગાને કાગળ લખવો એ પણ ઘોર સંસાર?

ઉત્તર :– કાગળ-બાગળ લખવો એ પણ એ. આહાહા..!

અહીં તો એક અક્ષર અનંતગુણનો ભરેલો (છે). એની તે ક્રમબદ્ધની પર્યાય તેની થવાની તે કાળે થાય. એને ઠેકાણે એ કહે કે મારાથી આ વાણી રચાય છે. એ મિથ્યાદૃષ્ટિ છે, એને તત્ત્વની દૃષ્ટિની ખબર નથી. આહાહા..! અને છન્નું હજાર સ્ત્રીને ભોગવનાર કહેવાય કે ભોગવે છે. ખરેખર તો એને અડતો પણ નથી. એ ક્રિયા થાય છે તેને એ જાણે છે. આહાહા..! એ ક્રિયા થાય છે, રાગ આવ્યો તો એની ક્રિયાને જાણે છે. આહાહા..! અને ચક્રવર્તી પણ છન્નું હજાર સ્ત્રી અને છન્નું કરોડ પાયદળ... આહાહા..! એનો ખોરાક એવો કે બત્રીસ કવળ(માંનો) એક કવળ છન્નું કરોડ લશ્કર ખાઈ શકે નહિ. એવો બત્રીસ કવળનો આહાર. અને છતાં કહે છે કે એ અડે નહિ. એ આહારને અડતો પણ નથી. આહાહા..! એ આહાર તરફના વિકલ્પને પોતે ધણી માનતો પણ નથી. આહાહા..! 'શાંતિભાઈ'! આવું કોઈ દિ' સાંભળ્યું પણ નહિ હોય ક્યાંય. આહાહા..! શ્લોકો બહુ ઊંચા, બહુ સરસ આવ્યા છે. આહાહા..! ૧૫૫ ગાથા (પૂરી) થઈ.

## ગાથા-૧૫૬

णाणाजीवा णाणाकम्मं णाणाविहं हवे लद्धी।
तम्हा वयणविवादं सगपरसमएहिं वज्जिज्जो।।१५६।।

नानाजीवा नानाकर्म नानाविधा भवेल्लब्धिः।
तस्माद्वचनविवादः स्वपरसमयैर्वर्जनीयः।।१५६।।

वाग्विषयव्यापारनिवृत्तहेतूपन्यासोऽयम्।

जीवा हि नानाविधाः मुक्ता अमुक्ताः, भव्या अभव्याश्च। संसारिणः त्रसाः स्थावराः; द्वीन्द्रियत्रीन्द्रियचतुरिन्द्रियसंज्ञ्यसंज्ञिभेदात् पंच त्रसाः पृथिव्यप्तेजोवायुवनस्पतयः स्थावराः। भाविकाले स्वभावानन्तचतुष्टयात्मसहजज्ञानादिगुणैः भवनयोग्या भव्याः, एतेषां विपरीता ह्यभव्याः। कर्म नानाविधं द्रव्यभावनोकर्मभेदात्, अथवा मूलोत्तरप्रकृतिभेदाच्च, अथ तीव्रतरतीव्रमंदमंदतरोदयभेदाद्वा। जीवानां सुखादिप्राप्तेर्लब्धिः कालकरणोपदेशोपशम-प्रायोग्यताभेदात् पञ्चधा। ततः परमार्थवेदिभिः स्वपरसमयेषु वादो न कर्तव्य इति।

---

છે જીવ વિધવિધ, કર્મ વિધવિધ,લબ્ધિ છે વિધવિધ અરે!
તે કારણે નિજપરસમય સહ વાદ પરિહર્તવ્ય છે. ૧૫૬.

અન્વયાર્થ :– [ नानाजीवाः ] નાના પ્રકારના જીવો છે, [ नानाकर्म ] નાના પ્રકારનું કર્મ છે, [ नानाविधा लब्धिः भवेत् ] નાના પ્રકારની લબ્ધિ છે; [ तस्मात् ] તેથી [ स्वपरसमयैः ] સ્વસમયો અને પરસમયો સાથે (સ્વધર્મીઓ અને પરધર્મીઓ સાથે) [ वचनविवादः ] વચનવિવાદ [ वर्जनीयः ] વર્જવાયોગ્ય છે.

ટીકા :– આ, વચનસંબંધી વ્યાપારની નિવૃત્તિના હેતુનું કથન છે (અર્થાત્ વચનવિવાદ શા માટે છોડવાયોગ્ય છે તેનું કારણ અહીં કહ્યું છે).

જીવો નાના પ્રકારના છે : મુક્ત અને અમુક્ત, ભવ્ય અને અભવ્ય, સંસારીઓ–ત્રસ અને સ્થાવર. દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય તથા (પંચેંદ્રિય) સંજ્ઞી ને (પંચેંદ્રિય) અસંજ્ઞી એવા ભેદોને લીધે ત્રસ જીવો પાંચ પ્રકારના છે. પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને વનસ્પતિ એ (પાંચ પ્રકારના) સ્થાવર જીવો છે. ભવિષ્ય કાળે સ્વભાવ-અનંત-ચતુષ્ટયાત્મક સહજજ્ઞાનાદિ ગુણોરૂપે *ભવનને યોગ્ય (જીવો) તે ભવ્યો છે; આમનાથી વિપરીત (જીવો) તે ખરેખર અભવ્યો છે.

---

* ભવન = પરિણમન; થવું તે.

**દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ એવા ભેદોને લીધે, અથવા (આઠ) મૂળ પ્રકૃતિ અને (એક સો ને અડતાળીસ) ઉત્તર પ્રકૃતિરૂપ ભેદોને લીધે, અથવા તીવ્રતર, તીવ્ર, મંદ ને મંદતર ઉદયભેદોને લીધે, કર્મ નાના પ્રકારનું છે. જીવોને સુખાદિની પ્રાપ્તિરૂપ લબ્ધિ કાળ, કરણ, ઉપદેશ, ઉપશમ અને પ્રાયોગ્યતારૂપ ભેદોને લીધે પાંચ પ્રકારની છે. માટે પરમાર્થના જાણનારાઓએ સ્વસમયો અને પરસમયો સાથે વાદ કરવાયોગ્ય નથી.**

**[ભાવાર્થ :– જગતમાં જીવો, તેમનાં કર્મ, તેમની લબ્ધિઓ વગેરે અનેક પ્રકારનાં છે; તેથી સર્વ જીવો સમાન વિચારના થાય તે બનવું અસંભવિત છે. માટે પર જીવોને સમજાવી દેવાની આકુળતા કરવી યોગ્ય નથી. સ્વાત્માવલંબનરૂપ નિજ હિતમાં પ્રમાદ ન થાય એમ રહેવું એ જ કર્તવ્ય છે.]**

## ગાથા–૧૫૬ ઉપર પ્રવચન

હવે ૧૫૬-ગાથા.

**णाणाजीवा णाणाकम्मं णाणाविहं हवे लद्धी।**
**तम्हा वयणविवादं सगपरसमएहिं वज्जिज्जो।।१५६।।**
**છે જીવ વિધવિધ, કર્મ વિધવિધ,લબ્ધિ છે વિધવિધ અરે!**
**તે કારણે નિજપરસમય સહ વાદ પરિહર્તવ્ય છે. ૧૫૬.**

**ટીકા** :- આહાહા..! **'આ, વચનસંબંધી વ્યાપારની નિવૃત્તિના હેતુનું કથન છે...'** પોતાની વાત સત્ય છે માટે સ્વસમયમાં પણ એની સાથે ચર્ચા-વાદવિવાદ કરીને સ્થાપવી, એ રહેવા દેજે, બાપા! આહાહા..! એ નહિ બેસે. સારાંશ કહે છે. **'વચનસંબંધી વ્યાપારની નિવૃત્તિના હેતુનું કથન છે (અર્થાત્ વચનવિવાદ શા માટે છોડવાયોગ્ય છે તેનું કારણ પણ કહ્યું છે).'**

**'જીવો નાના પ્રકારના છે :...'** આહાહા..! તું કોને સરખો કરવા જઈશ? બધાના સરખા વિચાર થાય અને બધાની સરખી શ્રદ્ધા થાય એમ ત્રણકાળમાં બને નહિ. આહાહા..! છતાં એમ કહે, બધા ભગવાન થાઓ. હું તો ભગવાન થવાનો છું, આઠ કર્મ રહિત થવાનો છું. 'દ્રવ્યસંગ્રહ'માં અવાયમાં એ કીધું. હું તો આઠ કર્મરહિત થવાનો છું પણ બધા આત્માઓ આઠ કર્મરહિત થાવ. કોઈપણ અલ્પજ્ઞમાં ન રહો, કોઈ સંસારમાં ન રહો. આહાહા..! બધા પરમાત્મા થાવ. કેમકે તમે પરમાત્મા છો. નથી ને થાવું એમ નથી. છો તેમ પર્યાયમાં થાવું છે. જેવું દ્રવ્યમાં સ્વભાવ અને વસ્તુ સત્ત્વ છે તેવી રીતે પર્યાયમાં પ્રગટ થાવું છે. એ પરમાત્મા છે એ પરમાત્મા પર્યાયમાં થવાનો છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. એ કાંઈ બહારથી પરમાત્મપણું થાય છે, આવે છે, એમ નથી. કહો, 'હસમુખભાઈ'! આવી વાતું છે. આહાહા..! આકરું કામ. આખો દિ' કામમાં નવરાશ ન મળે. ઘૂંચવાઈ ગયા, કામમાં ઘૂંચવાઈ ગયા. આહાહા..!

**'જીવો નાના પ્રકારના છે :...'** નાના એટલે અનેક પ્રકારના છે. **'મુક્ત અને અમુક્ત,...'** સિદ્ધ છે અને સંસારી છે. એમાં પણ પાછા સંસારીમાં **'ભવ્ય અને અભવ્ય,...'** છે. આહાહા..! **'સંસારીઓ–ત્રસ અને સ્થાવર.'** છે. પાછા એ સંસારીમાં પણ ત્રસ અને સ્થાવર જાત છે. આહાહા..! ઈયળ, કીડા, મકોડા, ત્રસ, માણસ, તિર્યંચ, નારકી, દેવ એ બધા ત્રસ (જીવો છે) અને એકેન્દ્રિય, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એ સ્થાવર (જીવ છે). ત્રસ અને સ્થાવર જીવ છે. તું બધાને સરખા શી રીતે કરીશ? તારી ભાવનામાં બધા રાખ. આહાહા..! બધા શી રીતે સરખા થશે? આહાહા..! અનંતકાળ ચાલ્યો ગયો, અનંત તીર્થંકરો વયા ગયા, અનંત તીર્થંકરોએ ઉપદેશ કર્યો, તોપણ એક શરીરને અનંતમે ભાગે મોક્ષ ગયા. અને નિગોદના શરીર અસંખ્ય ચોવીશીના સમય જેટલા છે. અસંખ્ય ચોવીશીના સમય જેટલા. એમાં મુક્તિએ ગયા એક શરીરને અનંતમે ભાગે અને જશે તો એટલા. અરે..રે..! એ વિચાર કરતાં, બાપુ! તું ક્યાં આવો છો, ભાઈ! તું મનુષ્યપણે આવ્યો, ભાઈ! ક્યાં આવી ચડ્યો છો. આહાહા..! આ તો કલ્પ ચિંતામણીમાં આવી પડ્યો છે.

'છ ઢાળા'માં તો એમ કહ્યું છે કે નિગોદમાંથી ઈયળ થાય તોપણ ચિંતામણી રત્ન છે. આહાહા..! ભાઈ! તેં વિચાર કર્યો નથી. ગયા કાળમાંથી આટલામાંથી છૂટી... આહાહા..! આવું તને મનુષ્યપણું મળ્યું અને તે પણ જૈન પરમેશ્વરના માર્ગને સાંભળવાના જોગ સુધી આવ્યો. આહાહા..! આયુષ્ય લાંબુ, નિરોગતા, સાંભળવાની જોગવાઈ... આહાહા..! આમ તો અનંતમે ભાગે મોક્ષ ગયા, બાપુ! તું કોને પરાણે મોક્ષ પમાડીશ? જેની લાયકાત હશે એ થાશે. આહાહા..!

મુમુક્ષુ :– પોતાની પાસે જ્ઞાન હોય એ બીજાને જ્ઞાન ન આપે તો જ્ઞાનાવરણીયનો બંધ પડે.

ઉત્તર :– હું આપુ છું એમ માને એ જ્ઞાનાવરણીયનો બંધ પડે. બીજા આપે કોણ? અને લે કોણ? પ્રભુ! જ્ઞાન અહીં છે એ જ્ઞાનનો એક અંશ પણ અહીંથી ખસતો નથી. કોને દેવું છે? વાણી દેવી છે? વાણી એની છે? વાણી દેવી છે? અને વાણીથી કાંઈ જ્ઞાન થાય છે? આ સાંભળવાથી કાંઈ જ્ઞાન થાય છે? આહાહા..! એની તો એ સમયની પર્યાયનો કાળ છે તેથી અહીં જ્ઞાન થાય. વાણીથી નહિ. આહાહા..! આ તો અલૌકિક માર્ગ છે. સાંભળવા મળવો મુશ્કેલ છે. આહાહા..! ગજબ વાત છે.

દિગંબર સંતોએ મોક્ષને હથેળીમાં બતાવ્યો છે આમ. તું મોક્ષસ્વરૂપ છો ને, પ્રભુ! આહાહા..! તું મુક્તસ્વરૂપ છો. મુક્તસ્વરૂપ છો એવો પર્યાયમાં મુક્ત થા. પ્રાપ્તની પ્રાપ્તિ છે. નથી ને થવાનો, થઈ શકે એવું કાંઈ છે નહિ. આહાહા..! એ સિવાયની બીજી બધી વાત છોડી દે. આહાહા..! લપના લાકડા રાખ્યા હોય અને આનાથી આમ થશે... આનાથી આમ થશે. આ શાસ્ત્ર બનાવીએ તો પછી બીજાને જ્ઞાન થાશે અને મારું નામ રહેશે એ

બધા મિથ્યાત્વના લાકડા છે. આહાહા..! પ્રભુ! તું તો જ્ઞાનસ્વરૂપ છો ને. જ્ઞાનસ્વરૂપ શું કરે? જાણવાનું કામ કરે કે કાંઈ બીજાનું કરવાનુ કરે? કરે કરવાનું પણ શું કરવાનું? જાણવાનું. રાગનું કામ પણ નહિ તો પછી વાણી-ફાણીના કર્તવ્ય તો એને છે જ નહિ. આહાહા..! ગજબ વાત છે, પ્રભુ! આ વાત સાંભળવી કઠણ પડે. આહાહા..! કળશ પણ બહુ ઊંચા આવ્યા. આહાહા..!

**'વચનસંબંધી વ્યાપારની નિવૃત્તિના હેતુનું કથન છે (અર્થાત્ વચનવિવાદ શા માટે છોડવાયોગ્ય છે એનું કારણ અહીં કહ્યું છે).'** એક તો સંસારી અને મુક્ત બે જીવ છે અને એમાં પણ ભવ્ય અને અભવ્ય. આહાહા..! અભવિ જીવ કોઈ દિ' ત્રણકાળમાં મુક્તિ ન થાય એવા જીવ છે, પ્રભુ! તું કોની સાથે વાદ કરીશ? સંસારીમાં તો ત્રસ ને સ્થાવર છે. એમાં કોઈ દિ' હજી નિગોદમાંથી નીકળ્યા નથી એટલા બધા જીવ છે. આહાહા..! અને બહાર નીકળા એ ત્રસ. એ **'દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય તથા (પંચેન્દ્રિય)...'** છે, મનવાળા છે અને કોઈ મન વિનાના છે **'એવા ભેદોને લીધે ત્રસ જીવો પાંચ પ્રકારના છે.'** આહાહા..!

**'પૃથ્વી,...'**ના જીવ છે. આ પૃથ્વી ખોદવા જાય છે. એક માટીના કણમાં અસંખ્ય જીવ છે. **'પૃથ્વી, પાણી,...'** છે. પાણીના એક બિંદુમાં અસંખ્ય જીવ છે. આહાહા..! **'તેજ,...'** અગ્નિ. અગ્નિમાં એક દિવાસળી આમ સળગે એમાં અસંખ્ય જીવ છે. **'વાયુ...'** આખો લોક ઠસોઠસ વાયુનો ભરેલો છે, ખાલી ભાગ છે ઇ. આહાહા..! **'વનસ્પતિ એ (પાંચ પ્રકારના) સ્થાવર જીવો છે.'** આહાહા..! **'णाणाजीवा णाणाकम्मं णाणाविहं हवे लब्धी।'**

**'ભવિષ્ય કાળે સ્વભાવ-અનંત-ચતુષ્ટયાત્મક સહજજ્ઞાનાદિ ગુણોરૂપે ભવનને યોગ્ય (જીવો) તે ભવ્યો છે;...'** આહાહા..! ભવિષ્યકાળમાં સ્વભાવ અનંત જ્ઞાન, દર્શન, આનંદ અને સુખ, વીર્ય એવા ચતુષ્ટયાત્મક.. આહાહા..! **'સહજજ્ઞાનાદિ ગુણોરૂપે...'** થવાને યોગ્ય છે એ. પરિણમવાને યોગ્ય એવા જીવ પણ છે. આહાહા..! **'તે ભવ્યો છે; આમનાથી વિપરીત (જીવો) તે ખરેખર અભવ્યો છે.'** કોઈના સમજાવ્યા સમજશે નહિ એવા પણ જીવ છે. આહાહા..!

ઓલી બાઈએ હમણા એવું લખ્યું છે. 'શ્રુતસાગર' સાધુ છે એ એમ કહે છે કે અત્યારે શુભભાવ જ હોય. એવી પ્રરૂપણા કરી. આજે છાપામાં આવ્યું છે. અને ઓલી બાઈ 'જ્ઞાનમતિ' વળી એમ કહે છે કે આપણે ભવિ છીએ કે અભવિ? કાળલબ્ધિ પાકી કે નહિ એ ભગવાન જાણે. આપણને શી ખબર પડે? અર..ર..! આવી વાતું વેષ પહેરીને કરનારા અને સાંભળનારા. અમે ભવિ છીએ કે અભવિ એ કેવળી જાણે. અર..ર..ર...! તો પછી આ શાસ્ત્રની એકેય સાચી વાત સાંભળવા જેવી નથી તમારી પાસે. કારણ કે તમને તો હજી ભવિ અને અભવિની શંકા છે. એવું છાપામાં આવ્યું છે. આહાહા..! અર..ર..! પ્રભુ! પ્રભુ! શું થાય?

અનેક જીવની જાત. એ કહે છે ને **'તે ભવ્યો છે; આમનાથી વિપરીત (જીવો) તે ખરેખર અભવ્યો છે. દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ એવા ભેદોને લીધે, અથવા (આઠ) મૂળ**

**પ્રકૃતિ અને (એક સો ને અડતાળીસ) ઉત્તર પ્રકૃતિરૂપ ભેદોને લીધે,...'** એવા કર્મ પણ કોઈને કઈ જાતના, કોઈ જાતના, કઈ જાતના હોય. કોઈને **'તીવ્રતર, તીવ્ર, મંદ ને મંદતર ઉદયભેદોને લીધે, કર્મ નાના પ્રકારનું છે.'** આહાહા..! આવા જીવોમાં હવે આવા ભેદ છે એમાં તું કોને (સમજાવીશ?). તારા વિચાર પ્રમાણે બધાને સરખા કરવા માગીશ તો શી રીતે થશે? વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૮૧, શ્લોક--૨૬૭-૨૬૮, ગાથા-૧૫૬-૧૫૭, સોમવાર, અષાઢ સુદ ૩, તા.૧૪-૦૭-૮૦

'નિયમસાર' ગાથા-૧૫૬. શું કહે છે? ધર્મ એવી કોઈ સૂક્ષ્મ ચીજ છે કે સાધારણ પ્રાણીની સાથે વાદવિવાદ કરીશ નહિ. સાધારણ માણસ તો બિચારા વેપાર-ધંધામાં મજૂરીમાં પડ્યા હોય અને આખો દિ' મજૂરી (કરે), એમાં તત્ત્વની વાતું કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ. હવે એ શી રીતે બેસે? આહાહા..! એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ. આહાહા..! આત્મા શરીરને અડતો નથી. શરીરને કર્મ અડતા નથી, કર્મને શરીર અડતું નથી. અને દરેક પદાર્થ ક્રમબદ્ધ, ક્રમસર જે પર્યાય જે કાળે થવાની તે થાય, ક્રમસર થાય. હવે આ વાત.. જગતને ક્યાં બિચારાને (બેસે)? ધંધા-પાણીમાં પાપમાં પડ્યા હોય. એટલે કહે છે કે તું વાદવિવાદ કરીશ નહિ. કોઈ એવા જૈનના સંપ્રદાયવાળા હોય કે અન્યવાળા હોય એની સાથે વાદવિવાદ કરીશ નહિ. એ વસ્તુ સૂક્ષ્મ છે. બેસવી કઠણ છે. કેમકે ઘણા જીવોની તો ભવ્ય અને અભવ્ય જાત, સુખાદિની પ્રાપ્તિની લબ્ધિ. આવ્યું ને? ત્યાં સુધી આવ્યું હતું.

કાળલબ્ધિ પાકી હોય, **'કાળ, કરમ, ઉપદેશ, ઉપશમ અને પ્રાયોગ્યતારૂપ ભેદોને લીધે પાંચ પ્રકારની છે. માટે પરમાર્થના જાણનારાઓએ સ્વસમયો અને પરસમયો સાથે...'** જૈનધર્મ સાથે, એનામાં રહેલા વાડાવાળા સાથે કે અન્યમત સાથે વાદવિવાદ કરીશ નહિ. નહિ બેસે, બાપુ! એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. કેમ બેસે? કોઈ દિ' સાંભળ્યું ન હોય એના બાપ-દાદાએ. આ આંગળી આ આંગળીને અડતી નથી. આહાહા..! કારણ કે આ તત્ત્વ જુદું અને આ તત્ત્વ જુદું. એક તત્ત્વ અને બીજા તત્ત્વ વચ્ચે તો અત્યંત અભાવ છે. હવે એને શી રીતે બેસે કે નથી અડતું? એની સાથે તું વાત શી રીતે કરીશ?

અને દરેક દ્રવ્ય ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવે જોયા. છ દ્રવ્ય જોયા છે જાતિએ, આમ અનંત (દ્રવ્ય છે). એમાં દરેકની દરેક સમયની જે પર્યાય જે સમયે જે કાળે થવાની તે કાળે થાશે. આડીઅવળી થાશે નહિ. કોની સાથે તું વાદ કરીશ? આહાહા...! ધર્મની જેને ખબર જ નથી, ધર્મ કેમ થાય એની ખબર જ નથી, સંસારની ઝંઝટમાં પડ્યા છે એને કહે છે આ વાત નહિ બેસે. માટે એની સાથે વાદવિવાદ તારા સમયની સાથે અને પરની સાથે કરીશ નહિ. આહાહા..! છે? આવી ઝીણી વાત.

જે સમયે જે દ્રવ્યની જે પર્યાય થવાની તે સમયે થાય, ક્રમબદ્ધ થાય, ધારાબંધ થાય અને પાછી એક પર્યાય બીજી પર્યાયને અડે નહિ. આહાહા..! કહો, આવી બધી વાત ક્યાંથી બેસે? કોની સાથે તું વિવાદ કરીશ? કે લોકો બિચારા જૈનદર્શનમાં લખ્યા જ કરે છે, એકાંત છે... એકાંત છે... એકાંત છે. વાત સાચી. એની દૃષ્ટિમાં આ વાત બેસે નહિ. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ. પરમાણુ આત્માને તો અડે નહિ પણ પરમાણુ બીજા પરમાણુને અડે નહિ. એને તમે શી રીતે વાત બેસાડશો?

એકવાર કહ્યું હતું ને? કોઈનું કાંઈ કરી શકે નહિ. ત્યારે ઓલો 'ચીમન ચકુ' હતો અહીં. (સંવત) ૧૯૯૭ની સાલમાં. 'લીંબડી'વાળા. 'મુંબઈ' નહિ? 'ચીમન ચકુ' સ્થાનકવાસીમાં. લો, આ કર્યું. નથી કરી શકાતું શું? આ કર્યું. એમ વ્યાખ્યાનમાં બોલ્યો હતો. ૧૯૯૭ની સાલ. કીધું બાપુ! એમાં શું થયું છે? આમ કર્યું એમાં શું થયું છે ખબર છે? એ જડની પર્યાય થઈ અને આત્માએ પણ પોતાના પરિણામને કર્યા છે. એ પરિણામ શરીરના પરિણામને અડ્યા પણ નથી. લ્યો! આ કર્યું. નથી ક્યાં કરી શકાતું, એમ બોલ્યા હતા.

મુમુક્ષુ :– ઊંચો હાથ કર્યો હતો ને.

ઉત્તર :– આમ કર્યો હતો, ઊંચો હાથ કર્યો આમ. (બોલ્યા), આ કર્યું, લ્યો! અરે..! ભાઈ! એક પરમાણુ પણ બીજા પરમાણુને ધક્કો મારી શકે નહિ. આહાહા..! આ લાકડી છે એ ઊંચી થાય છે એ આંગળીથી નહિ. આંગળીને લઈને ઊંચી રહી નથી. કેમકે એમાં અધિકરણ નામનો ગુણ પોતામાં છે. એ પોતાને આધારે રહી છે. આંગળીના આધારે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– ઇન્દ્રિયજ્ઞાનવાળા કબુલ ન કરે.

ઉત્તર :– ન કરે. કેવા?

મુમુક્ષુ :– ઇન્દ્રિયજ્ઞાનવાળા કબુલ ન કરે.

ઉત્તર :– સંપ્રદાયવાળા આ વાત ન માને.

એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ. દરેક દ્રવ્યની ક્રમસર જે સમયે થવાની તે પર્યાય થાય. અને એક દ્રવ્યમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ત્રણ ભેદ પાડ તોપણ વિકલ્પ થશે, અધર્મ થશે. અધર્મ થશે. અરે..! કોણ માને? કોણે સાંભળ્યું હોય બિચારાએ. એક દ્રવ્ય આત્મા દ્રવ્ય છે, એમાં ગુણ છે અને એમાં પર્યાય છે. એકમાં ત્રણનો વિચાર કર તો અધર્મ થશે. રાગ થાશે કહો કે અધર્મ થશે કહો. કડક ભાષા છે. આહાહા..! એકમાં બે ભેદ પાડ તો અધર્મ થશે. ગુણી આત્મા અને અનંતાઅનંતગુણ એવો ભેદ પાડીશ તો અધર્મ થશે. વિકલ્પ થશે એટલે અધર્મ થશે. આહાહા..! કોની સાથે વાદવિવાદ કરીશ? ભાઈ! કોની સાથે આ ચર્ચામાં ઉતરીશ કે ઉતારો આપણે ચર્ચા કરો. એ અહીં કહે છે, જુઓ!

**'પરમાર્થના જાણનારાઓએ સ્વસમયો...'** એટલે પોતામાં, જૈનધર્મમાં **'અને પરસમયો...'** એટલે અન્ય ધર્મમાં **'સાથે વાદ કરવાયોગ્ય નથી.'** છે? આહાહા..! આ 'કુંદકુંદાચાર્ય' પોતે કહેતા જાય છે. તત્ત્વની પ્રરૂપણા કરતા જાય અને વળી આમ પણ કહેતા જાય છે કે વાદવિવાદ કરીશ નહિ, હોં! તું સમજીને સમાય જા. આહાહા..! જ્યાં વિકલ્પને અવકાશ નથી. વિકલ્પ શુભ છે એ અધર્મ છે. ધર્મી એવો ભગવાનઆત્મા એવો વિકલ્પ અધર્મને અડતો પણ નથી. અને એને લઈને આત્માને જરીએ લાભ થતો નથી, નુકસાન થાય છે. આ વાત સાધારણને ન બેસે. માટે વાદવિવાદમાં પડીશ નહિ. આહાહા..!

**'ભાવાર્થ :– જગતના જીવો, તેમના કર્મ,...'** જુદી જુદી જાતના જીવ, એના કર્મો જુદી જાતના. જુદી જુદી જાતના પરભવમાં બાંધેલા કર્મ. **'તેમની લબ્ધિઓ...'** તેમને વર્તમાન ક્ષયોપશમને પ્રાપ્ત થયેલી લબ્ધિઓ પણ જુદી જુદી જાતની. આહાહા..! **'વગેરે અનેક પ્રકારના છે; તેથી સર્વ જીવો સમાન વિચારના થાય તે બનવું અસંભવિત છે.'** આહાહા..! બધા જીવો સમાન વિચારના થાય તે બનવું અસંભવિત છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ. 'ધીયા'! સાંભળ્યું હતું કોઈ દિ' ક્યાંય? પરમાણુ પરમાણુને અડી શકે નહિ. આહાહા..! આવું વસ્તુનું સ્વરૂપ, તું કોની સાથે વાદ કરીશ? કઈ રીતે એને બેસશે? તું તારું કરીને સમાય જા, એમ કહે છે.

તું જ્ઞાયકસ્વરૂપ છો. સ્વને જાણનાર. સમાય જા જાણીને, બાપુ! બાકી વચ્ચે વિકલ્પો આવે, બધું આવે, રાગ થાય, સંસારના ભોગાદિના પણ રાગ થાય. છતાં એને પણ જાણીને અને એનાથી છૂટો પડીને અંદરમાં જાજે. આહાહા..! જ્યાં ભગવાન પરમાત્મા પોતે બિરાજે છે. આહાહા..! આમ કરીએ તો આમ થાશે અને આમ કરીએ તો આમ થાશે. એ વસ્તુમાં એમ કાંઈ નથી. કારણ કે ક્રમબદ્ધપર્યાય છે એટલે આમ કરીએ તો આમ થાય એ વાત એમાં નથી. આહાહા..!

એટલે કહે છે **'સર્વ જીવો સમાન વિચારના થાય તે બનવું અસંભવિત છે. માટે...'** અસંભવિત છે. બની શકે છે. જુઓ! કેટલાક એવા સારા પાત્ર હોય તો એની સાથે બની શકે. પણ બધાની સાથે બેસે એવી વાત છે નહિ. આહાહા..! અને જે સમયે થવાની પર્યાય તે સમયે, પરમાણુની અને આત્માની તે સમયે તે પર્યાય થાય. આઘી-પાછી નહિ, પહેલા-પછી કોઈ ઇન્દ્ર જિનેન્દ્ર કરી શકે નહિ. આહાહા..! અનંતબળના ધણી પરમાણુને એની જે સમયની પર્યાય છે એ બીજે સમયે એ પર્યાય કરી શકે અને બીજી પર્યાય થવાની એ પહેલે સમયે કરી શકે (એવી) તાકાત નથી. જિનેન્દ્રની તાકાત નથી, ઇન્દ્રની તાકાત નથી. એ 'કાર્તિકેયાનુપ્રેક્ષા'માં આવ્યું છે. 'કાર્તિકેયાનુપ્રેક્ષા'માં. ઇન્દ્ર, જિનેન્દ્ર કાંઈ કોઈ ફેરવવા સમર્થ નથી. આહાહા..!

**'માટે પર જીવોને સમજાવી દેવાની આકુળતા કરવી યોગ્ય નથી.'** આહાહા..! કાંઈક તું સમજાવવા જઈશ તો કાંઈક કાઢશે. કાંઈક ઊંધુ કાઢશે અંદરથી, પોતાને બેસશે એવી

વાત. આહાહા..! કહો! દરેક દ્રવ્ય અનાદિથી જે સમયે પર્યાય થવાની તે પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ. હવે પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ તો બીજું દ્રવ્ય એ પર્યાયને કરે એ ક્યાંથી આવ્યું? કોઈ દ્રવ્ય નકામું છે? નકામું એટલે? પર્યાયરૂપી કાર્યના કામ વિનાનું કોઈ દ્રવ્ય છે કોઈ? જેથી નકામા દ્રવ્યને તું એને કામ કર અને તારું કામ પડ્યું રહે? આહાહા..! આવું ઝીણું છે, 'બાબુભાઈ'! વીતરાગમાર્ગ એવો ઝીણો છે. એટલે કહે છે કે બધા એક વિચારના થાય એમ સમજાવી દેવાની આકુળતા કરવી યોગ્ય નથી. આહાહા..! જેની લાયકાત હશે તે સમજશે. આહાહા..! તે પોતાને માટે છે. બીજાને સમજાવી શકાય એ વાત તો છે જ નહિ. આહાહા..!

**'સ્વાત્માવલંબનરૂપ નિજ હિતમાં પ્રમાદ ન થાય...'** છે? **'સ્વાત્માવલંબનરૂપ...'** નિજ આત્માનું એક અવલંબન. આહાહા..! **'નિજ હિતમાં પ્રમાદ ન થાય...'** પોતાના નિજ હિતમાં પ્રમાદ ન થાય. તદ્દન વીતરાગપણે તો ભલે રહી શકે નહિ, પણ જે કંઈ રાગ અને પ્રમાદ આવે તે સમયે તે આવે જ છે એમ જાણીને તું તને જાણ. આહાહા..! જે સમયે જે પર્યાય રાગાદિ આવવાની તે આવશે. એને ન જાણતાં તું તને જાણ. આવી વાત છે. આહાહા..! એટલે **'સ્વાત્માવલંબનરૂપ નિજ હિતમાં પ્રમાદ ન થાય એમ રહેવું...'** આહાહા..! **'એ જ કર્તવ્ય છે.'** આ કર્તવ્ય છે. પોતાના હિતને માટે નિજ આત્માનું અવલંબન લઈને તેમાં રહેવું એ કર્તવ્ય છે. કોઈનું કરી શકે અને કોઈથી લઈ શકાય... આહાહા..! તીર્થંકરો પણ કોઈને આપી શકે અને કોઈ એની પાસેથી લઈ શકે એવી વસ્તુની સ્થિતિ નથી. આહાહા..! એ માટે પોતાના નિજ આત્માનું હિત સાધે તે કર્તવ્ય છે. કરવાયોગ્ય આ છે. આહાહા..! આ મંદિરો, પુસ્તકો બનાવે એ ક્યાં ગયું ત્યારે? એ તો એને કાળે એને કારણે થવું હોય તો થાશે. એ જડની પર્યાય જડને કારણે થાય, તારે કારણે થાશે નહિ. આહાહા..! નિજ કર્તવ્ય તો આ છે. સ્વઆત્મામાં નિજનું અવલંબન લઈ પોતાનું હિત કરવું એ કર્તવ્ય છે. આહાહા..! એ શ્લોક (પૂરો) થયો.

'[હવે આ ૧૫૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'

## શ્લોક-૨૬૭

(शिखरिणी)

विकल्पो जीवानां भवति बहुधा संसृतिकरः
तथा कर्मानेकविधमपि सदा जन्मजनकम्।
असौ लब्धिर्नाना विमलजिनमार्गे हि विदिता
ततः कर्तव्यं नो स्वपरसमयैर्वादवचनम्।।२६७।।

**[શ્લોકાર્થ :–] જીવોના, સંસારના કારણભૂત એવા (ત્રસ, સ્થાવર વગેરે) બહુ પ્રકારના ભેદો છે; એવી રીતે સદા જન્મનું ઉત્પન્ન કરનારું કર્મ પણ અનેક પ્રકારનું છે; આ લબ્ધિ પણ વિમળ જિનમાર્ગમાં અનેક પ્રકારની પ્રસિદ્ધ છે; માટે સ્વસમયો અને પરસમયો સાથે વચનવિવાદ કર્તવ્ય નથી. ૨૬૭.**

## શ્લોક-૨૬૭ ઉપર પ્રવચન

विकल्पो जीवानां भवति बहुधा संसृतिकरः
तथा कर्मानेकविधमपि सदा जन्मजनकम्।
असौ लब्धिर्नाना विमलजिनमार्गे हि विदिता
ततः कर्तव्यं नो स्वपरसमयैर्वादवचनम्।।२६७।।

**શ્લોકાર્થ :-** આહાહા..! **'જીવોના, સંસારના કારણભૂત એવા (ત્રસ, સ્થાવર વગેરે)...'** જીવ. આહાહા..! **'બહુ પ્રકારના ભેદો છે; એવી રીતે સદા જન્મનું ઉત્પન્ન કરનારું કર્મ...'** આહાહા..! પુણ્ય અને પાપના ભાવ એ જન્મને ઉત્પન્ન કરનારા ભાવ છે. આહાહા..! **'સદા જન્મનું ઉત્પન્ન કરનારું કર્મ પણ અનેક પ્રકારનું છે;...'** ક્યા પરિણામે ત્રસ થાય અને ક્યા પરિણામે એકેન્દ્રિય થાય અને ક્યા પરિણામે નિગોદ થાય.. આહાહા..! અને ક્યા પરિણામે સ્વર્ગ થાય? એના ક્રમમાં દ્રવ્યની દૃષ્ટિ થતાં જે ક્રમમાં પરિણામ આવ્યા એ પરિણામનું ફળ તરીકે આવે, એ બીજો કોઈ ફેરવી શકે નહિ. આહાહા..! આ તો બધી સંસારની હોંશ તો ઊડી જાય. 'હિંમતભાઈ' ગયા?

મુમુક્ષુ :– રોકાણા છે.

ઉત્તર :– રોકાણા છે.

**'એવી રીતે સદા જન્મનું ઉત્પન્ન કરનારું...'** પુણ્ય અને પાપના અસંખ્ય પ્રકાર (છે). એ જન્મને ઉત્પન્ન કરનાર એવા પરિણામ અનેક પ્રકારના છે. આહાહા..! **'કર્મ પણ અનેક પ્રકારનું છે;...'** આહાહા..! એ કર્મ શુભાશુભભાવ. **'આ લબ્ધિ પણ વિમળ જિનમાર્ગમાં...'** લબ્ધિ એટલે? ક્ષયોપશમભાવ પોતાનો પોતામાં પોતાથી થવો એ ક્ષયોપશમની લબ્ધિ પણ અનેક પ્રકારની છે. કોઈને–નિગોદને એક અક્ષરના અનંતમા ભાગે લબ્ધિ અને કોઈને નવ પૂર્વ અને અગિયાર અંગનું જાણપણું (હોય), મિથ્યાદૃષ્ટિ હોવા છતાં અને એને છઠ્ઠે ગુણસ્થાને મુનિ હોવા છતાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું જ્ઞાન. આહાહા..! મિથ્યાદૃષ્ટિ અભવિને નવ પૂર્વ અને અગિયાર અંગનું જ્ઞાન (હોય). આહાહા..!

**'આ લબ્ધિ પણ...'** લબ્ધિ એટલે પ્રાપ્તિ. **'વિમળ જિનમાર્ગમાં અનેક પ્રકારની પ્રસિદ્ધ છે;...'** અનેક પ્રકારની છે. આહાહા..! ચક્રવર્તી મરીને નરકે જાય. આહાહા..! અને હરિજન સમકિતી થાય, એકાવતારી થાય. એક અવતાર કરીને મોક્ષ જાય. આહાહા..! આવા પરિણામની વિચિત્રતા જીવની ભિન્ન ભિન્ન છે. કોની સાથે તું વાડામાં કરવા જઈશ? ત્યાં વાંધા ઉઠાવશે આમાં. આહાહા..!

મુમુક્ષુ :– આપ પણ કોઈ કાગળનો જવાબ આપતા નથી.

ઉત્તર :– અમથા કોઈને આપતા નથી. આવે એ વાંચી લઈએ. ઓલો 'ભવ્યસાગર' કહે છે કે આવો એટલું લખો. બિચારો ૨૦ વર્ષની દિગંબર દીક્ષા. ધન્ય હું તમારી સભામાં બેસીને સાંભળું. તે દિ' મારો ધન્ય છે. આવો એટલું લખો. અહીં પણ લખે કોણ? લખીને અહીં આવે એને ક્યાં ઉતારવા અને એ ઉતારવાનું કોને કહેવું? અને એના ભોજનનું, આહારનું. અહીંયાં કોઈની ચિંતા નહિ. સૌનું સૌ કરો. સૌનું સૌ થાય. એ પાછા કહે કે, અહીં સાધુને કોઈ આહાર-પાણી નહિ આપે. તો કહે, એ તો અમે કરી લઈશું. પણ આવો એટલું લખો. અહીં તમને ક્યાં ઉતારવા, એ વિચારવું... પડે કોણ એ ચિંતામાં? આહાહા..! ઘણા હતા. એક અર્જિકા પણ ત્યાં હતી. 'ઉદયપુર' આર્જિકા હતી, સ્થાનકવાસી તેરાપંથી. ત્યાં ઉતરી હતી. જોડે મોટું મકાન છે. શેઠિયાના મકાનમાં. મુમુક્ષુનું. ગૃહસ્થ. 'ઉદયપુર'. એ કહે, મહારાજ! અમારો ત્યાં 'સોનગઢ' આવવાનો ભાવ છે. મેં કહ્યું, અમે કોઈને કાંઈ કહેતા નથી. 'સોનગઢ' અમારે આવવાનો ભાવ છે. 'જોધપુર' નહિ, શું? 'હૈદ્રાબાદ'. 'હૈદ્રાબાદ' હતા ત્યારે એનાથી ત્રણ માઈલ છેટે એક સાધ્વી હતા. સ્થાનકવાસીના સાધ્વી. એણે એમ કહેવરાવ્યું, મહારાજ! મને દર્શન આપો. અમે ત્યાં દર્શન લેવા જઈશું તો અમને રોટલા નહિ આપે. ઘણાને એમ થઈ જાય કે આ શું કહે છે પણ આ? એક જાતની વાત જરાય ફરતી નથી. આ શું છે? એટલે કેટલાયને બિચારાને સમજવા માટે અમને એટલું કહો કે અમે આવીએ. અથવા તમે અહીં દર્શન દેવા આવો. મેં કીધું, અમે ક્યાંય જતા-આવતા નથી.

મુમુક્ષુ :– વિરોધ તો ઘણા આવે પણ આપની વાત ફરે નહિ.

ઉત્તર :– આવે ઘણા પણ ગમે ઇ હોય નહિ. આહાહા..! અહીં એ કહે છે, જુઓ! આહાહા..!

**'લબ્ધિ પણ વિમળ જિનમાર્ગમાં અનેક પ્રકારની પ્રસિદ્ધ છે;...'** જુદી જુદી જાતનો ઉઘાડ, જ્ઞાનનો ઉઘાડ, દર્શનનો ઉઘાડ, અંતરાયનો ઉઘાડ. એનો પોતપોતાને કારણે ભિન્ન-ભિન્ન ઉઘાડ હોય છે એમાં શું? આહાહા..! બે ભાઈઓ વચ્ચે પણ આંતરો કેટલો હોય છે! એકને કાંઈક ઉઘાડ અને એકને કાંઈક ઉઘાડ. આહાહા..! **'માટે સ્વસમયો અને પરસમયો સાથે વચનવિવાદ કર્તવ્ય નથી.'** આહાહા..!

મુમુક્ષુ :– લેખિત તો કર્તવ્ય છે ને?

ઉત્તર :– લખવાનું પણ કર્તવ્ય નથી. કોઈ કર્તવ્ય જ નથી. લખે કોણ? એક અક્ષર અનંતા પરમાણુનો બનેલો. એની સાથે લખવું હોય તો થાય, લખે. હું લખું છું એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..! અને આ લખીને બીજા સમજશે તો મને ઓળખશે, એ બધો મિથ્યાત્વભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :– 'ખાણિયા તત્ત્વ-ચર્ચા' તો આપની કૃપાથી થઈ.

ઉત્તર :– બિલકુલ મેં તો ના પાડી હતી. મેં તો ના પાડી હતી કે ચર્ચા-બર્ચા કરાય નહિ 'ફૂલચંદજી'એ પોતે કરી. કરી એ સારી થઈ. અહીં ના પાડી. અહીં ચર્ચા-બર્ચા કોઈ સાથે કરવાની નથી. 'ખાણિયા ચર્ચા' ને ઢીકણી ચર્ચા ને... આહાહા..!

અહીં એ કહે છે વાદ અને વિવાદ કોઈ સાથે કરતા નથી.

## ગાથા–૧૫૭

लद्धुणं णिहि एक्को तस्स फलं अणुहवेइ सुजणत्ते।
तह णाणी णाणणिहिं भुंजेइ चइत्तु परतत्तिं।।१५७।।

लब्ध्वा निधिमेकस्तस्य फलमनुभवति सुजनत्वेन।
तथा ज्ञानी ज्ञाननिधिं भुंक्ते त्यक्त्वा परततिम्।।१५७।।

अत्र दृष्टान्तमुखेन सहजतत्त्वाराधनाविधिरुक्तः।

कश्चिदेको दरिद्रः क्वचित् कदाचित् सुकृतोदयेन निधिं लब्ध्वा तस्य निधेः फलं हि सौजन्यं जन्मभूमिरिति रहस्ये स्थाने स्थित्वा अतिगूढवृत्त्यानुभवति इति दृष्टान्तपक्षः। दार्ष्टान्तपक्षेऽपि सहजपरमतत्त्वज्ञानी जीवः क्वचिदासन्नभव्यस्य गुणोदये सति सहजवैराग्यसम्पत्तौ सत्यां परमगुरुचरणनलिनयुगलनिरतिशयभक्त्या मुक्तिसुन्दरीमुखमकरन्दायमानं सहजज्ञाननिधिं परिप्राप्य परेषां जनानां स्वरूपविकलानां ततिं समूहं ध्यानप्रत्यूहकारणमिति त्यजति।

**નિધિ પામીને જન કોઈ નિજ વતને રહી ફળ ભોગવે,**
**ત્યમ જ્ઞાની પરજનસંગ છોડી જ્ઞાનનિધિને ભોગવે. ૧૫૭.**

અન્વયાર્થ :– [ एकः ] જેમ કોઈ એક (દરિદ્ર માણસ) [ निधिम् ] નિધિને [ लब्ध्वा ] પામીને [ सुजनत्वेन ] પોતાના વતનમાં (ગુપ્તપણે) રહી [ तस्य फलम् ] તેના ફળને [ अनुभवति ] ભોગવે છે, [ तथा ] તેમ [ ज्ञानी ] જ્ઞાની [ परततिम् ] પરજનોના સમૂહને [ त्यक्त्वा ] છોડીને [ ज्ञाननिधिम् ] જ્ઞાનનિધિને [ मुंक्ते ] ભોગવે છે.

ટીકા :– અહીં દૃષ્ટાંત દ્વારા સહજ તત્ત્વની આરાધનાનો વિધિ કહ્યો છે.

કોઈ એક દરિદ્ર મનુષ્ય ક્વચિત્ કદાચિત્ પુણ્યોદયથી નિધિને પામીને, તે નિધિના ફળને સૌજન્ય અર્થાત્ જન્મભૂમિ એવું જે ગુપ્ત સ્થાન તેમાં રહીને અતિ ગુપ્તપણે ભોગવે છે; આમ દૃષ્ટાંતપક્ષ છે. [1]દાર્ષ્ટાંતપક્ષે પણ (એમ છે કે)–સહજપરમતત્ત્વજ્ઞાની જીવ ક્વચિત્ આસન્નભવ્યના (આસન્નભવ્યતારૂપ) ગુણનો ઉદય થતાં સહજવૈરાગ્યસંપત્તિ હોતાં, પરમ ગુરુના ચરણકમળયુગલની નિરતિશય (ઉત્તમ) ભક્તિ વડે મુક્તિસુંદરીના મુખના [2]મકરંદ સમાન સહજજ્ઞાનનિધિને પામીને, [3]સ્વરૂપવિકળ એવા પર જનોના સમૂહને ધ્યાનમાં વિઘ્નનું કારણ સમજીને તજે છે.

## ગાથા–૧૫૭ ઉપર પ્રવચન

હવે ૧૫૭-ગાથા. દૃષ્ટાંત આપે છે.

**लद्धुणं णिहि एक्को तस्स फलं अणुहवेइ सुजणत्ते।**
**तह णाणी णाणणिहिं भुंजेइ चइत्तु परतत्तिं।।१५७।।**

**નિધિ પામીને જન કોઈ નિજ વતને રહી ફળ ભોગવે,**
**ત્યમ જ્ઞાની પરજનસંગ છોડી જ્ઞાનનિધિને ભોગવે. ૧૫૭.**

આહાહા..! '**ટીકા :– અહીં દૃષ્ટાંત દ્વારા સહજ તત્ત્વની આરાધનાનો વિધિ કહ્યો છે.**' દૃષ્ટાંત દ્વારા સહજ તત્ત્વ ભગવાનઆત્મા, એની આરાધનાનો વિધિ કહ્યો છે. ભગવાનની આરાધના ને પંચપરમેષ્ઠીને આમ કરવાનો ને એ કાંઈ નહિ. આહાહા..! '**કોઈ એક દરિદ્ર મનુષ્ય ક્વચિત્ કદાચિત્...**' ક્વચિત્ અને કદાચિત્ થોડો કાળ ભલે '**પુણ્યોદયથી નિધિને પામીને,...**' લ્યો, અહીં તો આ આવ્યું. '**પુણ્યોદયથી નિધિને પામીને,...**' ઓલા ના પાડે છે ને? પુણ્યને લઈને પમાય નહિ. સમાજને વ્યવસ્થા આવડતી નથી માટે... અહીં તો પુણ્યોદયથી

૧. દાર્ષ્ટાંત = દૃષ્ટાંત વડે સમજાવવાની હોય તે વાત; ઉપમેય.
૨. મકરંદ = પુષ્પ-રસ; ફૂલનું મધ. ૩. સ્વરૂપવિકળ = સ્વરૂપપ્રાપ્તિ વગરના; અજ્ઞાની.

છે. ભાઈ 'હુકમચંદજી'એ પણ એ લખ્યું છે કે પૈસો મળે છે એ પુણ્યને લઈને પણ પોતે પૈસો પાપ (છે). ચોવીસ પરિગ્રહમાં એ પરિગ્રહ છે. ચૌદ પ્રકારનો અંતર પરિગ્રહ, દસ પ્રકારનો બાહ્ય પરિગ્રહ. એ ચૌદ પ્રકારનો પરિગ્રહ મળે પુણ્યથી પણ પોતે પાપ છે. આહાહા..! એટલે આ શેઠિયાઓ પૈસાવાળા કહેવાય એ પાપી કહેવાય, એમ કહે છે. પુણ્યવાળા કહેવાય નહિ. પુણ્ય તો પૂર્વનું હતું એ તો ખપી ગયું. આહાહા..!

મુમુક્ષુ :– સાચવીને રાખે ઇ પાપ કહેવાય.

ઉત્તર :– સાચવીને રાખે અને એ મારા માને એ જ મિથ્યાત્વ છે. એક પૈસો ને એક પાઈ કે એક નોટ મારી છે. એ તો જડ છે, એને પોતાના માને એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

મુમુક્ષુ :– મિથ્યાદૃષ્ટિના તો ઢગલા થઈ પડ્યા.

ઉત્તર :– ઢગલા. ઢગલા તો કેટલા? ઓહોહો..!

પ્રભુના વચનો જ્યાં, અસંખ્ય ચોવીશીના સમય જેટલા તો નિગોદના શરીર. એમાં એક નિગોદના શરીરમાં અનંતા જીવ, એના અનંતમે ભાગે મુક્તિ પામે. આહાહા..! ધન્ય ભાગ્ય કે મનુષ્યપણું મળ્યું અને આ સાધન એને મળ્યા. હવે એને કામ કરવું એ એના હાથમાં છે. એ નિગોદના એક શરીરના અનંતમે ભાગે. શરીર કેટલા? કે અસંખ્ય ચોવીશીના સમય જેટલા. એક નિગોદના અનંતમા ભાગે ગયા અને જાશે. બાકી તો સંસાર દુઃખી.. દુઃખી... દુઃખી... આહાહા..! એ નિગોદના દુઃખ નારકીના દુઃખ કરતાં વધારે છે.

લોકો નારકીના દુઃખ ઓલા સંયોગ આમ કાપે એને લઈને થાય (એમ માને છે, પણ) એ દુઃખ નથી. નારકીને દુઃખ એ સંયોગ ઉપર લક્ષ જાય છે એ દુઃખ છે. એ સંયોગનું દુઃખ નથી. સંયોગ તો એને અડતા પણ નથી. આહાહા..! આમ તલવાર મારે કે આમ કાપે એ તો અડતા પણ નથી. એનું એને કોઈને દુઃખ છે જ નહિ. ફક્ત એ વખતે 'મને આમ કરે છે' એમ જે અણગમાનો દ્વેષ થાય છે એ દ્વેષને વેદે છે તે દુઃખ છે. આહાહા..! વાતે વાતે ફેર. આહાહા..!

એમ આ લાડવો ચુરમાનો ખાય એનો સ્વાદ આવે છે. એ બિલકુલ નહિ. કારણ કે એ તો જડ છે અને આ ચૈતન્ય છે. અરૂપી રૂપીને અડે કઈ રીતે. આ તો રૂપી રૂપીને અડે નહિ. પરમાણુ રૂપી બીજા પરમાણુને અડે નહિ. તો ભગવાનઆત્મા અરૂપી એ કર્મરૂપી લાડવાને અડે શી રીતે? ફક્ત એના ઉપર લક્ષ જતાં 'ઠીક છે' એવો જે રાગ કરે એ રાગને વેદે છે. લાડવાને વેદતો નથી, લાડવાને ખાતો નથી. આહાહા..! ઊગમણો-આથમણો ફેર છે. આહાહા..!

એ અહીં કહે છે, **'દરિદ્ર ક્વચિત્ કદાચિત્ પુણ્યોદયથી નિધિને પામીને,...'** અહીં તો આચાર્યે ચોખ્ખી વાત કરી છે.

મુમુક્ષુ :– પૈસાને નિધિ કીધી એટલી તો પૈસાદારને રાહત રહે ને.

ઉત્તર :– નિધિ કહે એમાં શું? નિધિ તો પથરાને કહે, એમાં શું છે? પારસમણિને પારસમણિ કહે. એ તો પથરો કીધો, એમાં શું થયું? પારસમણિ પણ પથરો છે. નામ મોટું આપ્યું એમાં શું થઈ ગયું? કે આ મણિ છે અને આ માણેક છે અને આ મોતી છે. પણ એમાં મોટું શું થઈ ગયું? એમાં અડ્યો શું અને એનું શું થઈ ગયું?

મુમુક્ષુ :– પૈસા ઝાઝા...

ઉત્તર :– ધૂળેય નથી. પૈસા આવતા નથી ને જાતા પણ નથી ને અડતા પણ નથી. આહાહા..! અરે..! આખી દુનિયાથી ફેર છે. વીતરાગનો માર્ગ પરમેશ્વર વીતરાગ ત્રણલોકના નાથનો માર્ગ આખો જુદો છે. આહાહા..! દુનિયા મશ્કરી કરે એવું છે. અડે નહિ. આહાહા..! આ તલવારથી માથુ કાપે એ તલવાર માથાને અડી નથી અને માથુ કપાય છે. એ તો અહીં ક્રિયા એને થવાનો કાળ છે. છે એ તો નિમિત્ત છે. નિમિત્ત કાંઈ કરતું નથી. કારણ કે નિમિત્તની પર્યાય નિમિત્તમાં થાય અને ઉપાદાનની પર્યાય ઉપાદાનમાં થાય. આહાહા..! આવી ચીજ છે. પહેલી એને હજી સમજણ કરવી કઠણ પડે. આહાહા..!

જ્યાં-ત્યાં હું કરું... હું કરું... હું કરું... મેં આ કર્યું.. મેં આ કર્યું.. મારાથી આ થયું, મારાથી આ વિસ્તાર પામ્યો. આહાહા..! એ ઊંડા શલ્ય આકરા છે, પ્રભુ! આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે અને એ તો સ્વને જાણનાર છે, પરને જાણનાર પણ નથી. આહાહા..! પરને અડતો નથી ત્યાં જાણે શી રીતે? જાણવું તો એને કહેવાય કે જેમાં તન્મય થાય તેને જાણવું (થયું કહેવાય). પોતાના જ્ઞાનમાં–પોતે સ્વપરપ્રકાશક જ્ઞાનમાં તન્મય (છે) એટલે પોતે પોતાને જાણે. એ સંબંધીનું જ્ઞાન પોતાનું પોતામાં થાય, પોતાને જાણે. એને ન જાણે. આહાહા..! એ આવશે આમાં. કેવળજ્ઞાનના અધિકારમાં. આહાહા..! બહુ વાતે વાતે ફેર.

મુમુક્ષુ :– બધો ફેર છે.

ઉત્તર :– બધો ફેર છે. બહુ ફેર.

**'પુણ્યોદયથી નિધિને પામીને, તે નિધિના ફળને...'** આ તો સમજાવવા છે. **'પુણ્યોદયથી નિધિને પામીને,...'** એ પામે છે, એને મળે છે? અડે છે? આ તો દૃષ્ટાંત દે છે. **'પુણ્યોદયથી નિધિને પામીને,...'** અબજો રૂપિયાના નિધાન મળ્યા. ચરુ અંદરથી મળ્યો. **'તે નિધિના ફળને સૌજન્ય અર્થાત્ જન્મભૂમિ એવું જે ગુપ્ત સ્થાન તેમાં રહીને અતિ ગુપ્તપણે ભોગવે છે;...'** બહાર પડવા જાય તો પછી લુંટારા લૂંટે. લાવો પૈસા... લાવો પૈસા... લાવો તમારા. તમારી પાસે પૈસા ઘણા છે. આટલા ભાગ લાવો, આટલા લાવો. દુનિયાથી આખી આ વાત ઊંધી છે. ઓહોહો..! આ તો દૃષ્ટાંત છે, હોં! એ ભોગવે છે ને એ નથી. એને મળે છે એમ પણ નથી.

આ તો **'મનુષ્ય ક્વચિત્ કદાચિત્ પુણ્યોદયથી નિધિને પામીને,...'** ચરુ મળે, રતન મળી જાય. આહાહા..! **'તે નિધિના ફળને સૌજન્ય અર્થાત્ જન્મભૂમિ એવું જે ગુપ્ત સ્થાન**

**તેમાં રહીને અતિ ગુપ્તપણે..'** અમારી પાસે કરોડ પૈસા છે કે અબજ છે એની પણ ખબર પડવા દેવી નહિ. આહાહા..! કારણ કે ખબર પડવા દેશે તો લુંટારા આવશે. લુંટારા તો કહે અમને આપો, ઓલા કહે અમને આપો, અમને આપો. અહીં પાણીનો કૂવો ખોદ્યો છે, આ ફલાણું, આ ઢીંકણું. માટે કહે છે કે ગુપ્ત રાખજે. હું પૈસાવાળો છું એમ બહાર પાડીશ નહિ. આહાહા..! બહુ ફેર પણ. વાતે વાતે ફેર આમાં. **'એવું જે ગુપ્ત સ્થાન તેમાં રહીને અતિ ગુપ્તપણે ભોગવે છે;...'** આહાહા..! **'આમ દૃષ્ટાંતપક્ષ છે.'** આમ દૃષ્ટાંતપક્ષથી હવે સિદ્ધાંત દૃષ્ટાંત વડે સમજાવવાની હોય તે વાત.

**'દાર્ષ્ટાંતપક્ષે પણ (એમ છે કે)—સહજપરમતત્ત્વજ્ઞાની જીવ...'** આહાહા..! સ્વભાવિક પરમતત્ત્વજ્ઞાન, એને **'જીવ ક્વચિત્ આસન્નભવ્યતા (આસન્નભવ્યતારૂપ) ગુણનો ઉદય થતાં સહજવૈરાગ્યસંપત્તિ હોતાં,...'** સ્વભાવિક વૈરાગ્યરૂપી સંપત્તિ હોતા... આહાહા..! **'પરમ ગુરુના ચરણકમળયુગલની નિરતિશય (ઉત્તમ) ભક્તિ વડે...'** નિમિત્તથી વાત છે. **'પરમ ગુરુના ચરણકમળયુગલની...'** હવે એકકોર કહે કે કોઈ એકને આપી શકે નહિ અને એકકોર આમ લખે. એ વ્યવહારના લખાણ ઘણા હોય છે. એને માની લે કે વ્યવહાર એ સાચો છે. વ્યવહાર સાચો છે, વ્યવહાર છે ખરો પણ એ વ્યવહાર નિશ્ચયને આપે છે એ વાત ખોટી છે. વ્યવહાર અને નિશ્ચય બેય નય છે. નય છે તો નયનો વિષય છે. બેય વિષયી છે તો એનો વિષય છે. પણ એ એક વિષય આદરવા જેવો નથી અને જાણવા જેવો છે અને એક આદરવા જેવો છે. આમ બે વાત છે. આહાહા..! વ્યવહારનય નથી એમ નથી. વ્યવહારનય જૂઠી છે વાત સાચી, પણ છે ખરી. આહાહા..!

**'પરમ ગુરુના ચરણકમળયુગલની નિરતિશય (ઉત્તમ) ભક્તિ વડે મુક્તિસુંદરીના મુખના...'** આહાહા..! એને તો આ કરવું, કહે છે. ભલે અબજો રૂપિયા મળ્યા હોય. આહાહા..! સહજ ભક્તિ વડે **'મુક્તિસુંદરીના મુખના મકરંદ સમાન...'** **'મકરંદ = પુષ્પ-રસ; ફૂલનું મધ.'** **'સહજજ્ઞાનનિધિને પામીને,...'** આહાહા..! પોતાનો સહજ સ્વભાવ એ જ્ઞાનસ્વરૂપી નિત્ય, જે ધ્રુવ સ્વરૂપ ભગવાનઆત્મા, જેની ઉત્પત્તિ અને વિનાશ નહિ અને જે સ્વભાવથી ખાલી નથી એવી નિધિને પામીને. આહાહા..! **'સહજજ્ઞાનનિધિને પામીને, સ્વરૂપવિકળ એવા પર જનોના સમૂહને ધ્યાનમાં...'** **'સ્વરૂપવિકળ = સ્વરૂપપ્રાપ્તિ વગરના; અજ્ઞાની.'** **'એવા પર જનોના સમૂહને ધ્યાનમાં વિઘ્નનું કારણ સમજીને તજે છે.'** પરનો સંગ છોડે છે. ભલે અબજો રૂપિયા મળ્યા, તો એ છોડી દે છે. એકલો રહે છે. એમ જ્ઞાનનિધિ મળી, મને આ મળ્યું માટે તમે મારો સંગ કરો. એ તો કહે છે, સંગ કરીશ તો પાપ બંધાશે. આહાહા..! પરદ્રવ્યનો સંગ, અસંગને સંગ. અસંગી એવો ભગવાનઆત્મા, એને પરદ્રવ્યના સંગમાં જોડીશ નહિ. એમ કહે છે. વાતે વાતે ફેર. આહાહા..! આવી વીતરાગના માર્ગની રીત છે, બાપુ! આહાહા..! મુનિઓએ તો ખુલ્લુ કરીને મૂક્યું છે. દુનિયા, સમાજ માનશે કે નહિ? કે સમાજ સમતોલ

રહેશે કે નહિ? એ દરકાર કરી નથી. આ માર્ગ છે. એ સમજવો હોય એ સમજી લ્યો. આહાહા..! કરવાનું એક જ છે કે અંદરમાં જવાનું અને ઠરવાનું છે. આત્માને જાણીને શ્રદ્ધા કરીને ઠરવાનું એ જ કર્તવ્ય છે. બાકી કથા કરવી ને આ કરવું ને આ કરવું એ કોઈ આત્માનું કર્તવ્ય નથી. આહાહા..!

**'સ્વરૂપવિકળ એવા પર જનોના સમૂહને ધ્યાનમાં...'** સંગ થતાં તને વિકલ્પ ઊઠશે. **'ધ્યાનમાં વિઘ્નનું કારણ સમજીને તજે છે.'** આહાહા..! અસંગપણું પ્રભુ તારું તત્ત્વ, એને સંગને કારણે વિકલ્પ ઊઠશે. સંગને કારણે અધર્મ આવશે. આહાહા..! અસંગ રહે, સંગને છોડી દે, તજી દે. આહા..! અસંગ એવું તારું તત્ત્વ તેમાં રમ. એ તારી મુક્તિનું કારણ છે. આહાહા..! બીજાને સમજાવી દઉં અને ઘણા સમજે તો મને લાભ થાય, એ વાત નથી.

મુમુક્ષુ :– ઘણા જજોને સમજાવ્યા છે.

ઉત્તર :– કોઈ સમજાવતું નથી. માને છે. આહાહા..! એ વકીલાત પણ વકીલાતપણે કરતા નથી. એ વાણી વાણીને કારણે થાય. આહાહા..! આકરું કામ. એક સમયની પર્યાય, તે તે દ્રવ્યની તે તે સમયે (થાય છે). પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય, તારે તેની પર્યાય કરવી છે એ શું છે? આહાહા..! કોઈપણ માણસને, જીવને કે જડને તેની તેની વર્તમાન પર્યાય વિનાનું તે ન હોય. તો એની પર્યાયને તારે કરવી છે? શું કરવું છે તારે? આહાહા..! ગજબ વાતું છે, ભાઈ! આહાહા..!

અનંતાઅનંત દ્રવ્યો છે, એટલી જ અનંતીઅનંતી સ્વપર્યાય છે. પર્યાય વિનાનું દ્રવ્ય કોઈ કાળે, ત્રણકાળમાં છે નહિ. કોઈ પર્યાય નથી અને એકલું દ્રવ્ય જ છે, એવું ત્રણકાળમાં કોઈ દિ' નથી. પર્યાય નથી તો દ્રવ્ય પણ નથી. કારણ કે પર્યાયથી તો દ્રવ્ય સિદ્ધ થાય છે. પર્યાય નથી તો દ્રવ્ય પણ નથી. આહાહા..! અનંતા દ્રવ્યો પોતાની પર્યાય સહિત રહેલા છે, એ નકામા પડ્યા નથી. નકામા એટલે પર્યાયરૂપી કાર્ય વિનાના નથી. તો એનું કાર્ય તારે કરવું છે! આહાહા..! આવી વાતું છે. અધિકાર આવે ત્યારે એ વાત ચાલે ને. આગળ બીજો હોય ત્યારે... આહાહા..!

(સંવત) ૧૯૬૯ની સાલ. દીક્ષા લીધા પહેલા જોવા ગયા. 'ગઢડે' ખરું ને ગામ અમારું? તો 'ગઢડા'માં 'સ્વામીનારાયણ'નું મોટું મંદિર એ જોવા ગયા. જોવા ગયા એટલે એને ખ્યાલ તો ખરો કે આ દીક્ષા લેવાના છે. અને શરીર નાનું, રૂપાળું, બાવીસ વર્ષની ઉંમર. એટલે ઓલા એમ બોલ્યા ઈશ્વર વિના પાંદડુ ફરે નહિ. આ જગતમાં ઈશ્વર વિના પાંદડું હલે નહિ. એ જાણે કે આ જૈન છે. એને બિચારાને કાંઈ ભાન ન મળે. ઈશ્વર વિના પાંદડુ હલે નહિ. પાંદડાની પર્યાયના અનંત જીવને બીજો જીવ એને હલાવે નહિ. આહાહા..! હવે આ વાત... એના બાવા હતા. એ ન્હાતા હતા. અમે બધું જોવા ગયેલા. 'મકનભાઈ' છે ને? એ અને હું બે જોવા ગયા હતા. મેં કીધું, આ ગપ્પ મારે છે. 'સ્વામીનારાયણ'ના બાવા થઈને ગજબ

કામ કરે છે આવું! ઈશ્વર વિના પાંદડું ફરે નહિ, ઈશ્વરથી જ બધું થાય.

મુમુક્ષુ :– જૈન લોકો કર્મને માને છે.

ઉત્તર :– એ કર્મને માને બધા એની એ જાતના છે. કર્મથી થાય અને કર્મથી મને વિકાર થાય. કર્મ મને રખડાવે. એના એ જાતના મિથ્યાત્વ (છે). વીતરાગમાર્ગ બહુ ઝીણો, ભાઈ! આહાહા..! એ ત્યાં કાંઈ વેપાર-બેપારમાં મળતું નથી. 'કપુરભાઈ'! ત્યાં વેપારમાં મળતું નથી. ત્યાં 'કલકત્તા'માં. આહાહા..! અરે..રે..! એ વાત સાંભળીને અંતરમાં એને રુચવી... આહાહા..! અનંતકાળનું દેણું કાઢી નાખવાનું છે.

અહીં તો કહે છે **'સહજજ્ઞાનનિધિને પામીને, સ્વરૂપવિકળ એવા પર જનોના સમૂહને...'** સ્વરૂપના અજાણ અજ્ઞાની જેઓ કંઈનું કંઈ બોલશે, કંઈનું કંઈ કરશે. એના **'ધ્યાનમાં વિઘ્નનું કારણ સમજીને તજે છે.'** આહાહા..!

**'[હવે આ ૧૫૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :]'**

## શ્લોક–૨૬૮

(शालिनी)

अस्मिन् लोके लौकिकः कश्चिदेकः
लब्ध्वा पुण्यात्कांचनानां समूहम्।
गूढो भूत्वा वर्तते त्यक्तसंगो
ज्ञानी तद्वत् ज्ञानरक्षां करोति।।२६८।।

**[શ્લોકાર્થ :–] આ લોકમાં કોઈ એક લૌકિક જન પુણ્યને લીધે ધનના સમૂહને પામીને, સંગને છોડી ગુપ્ત થઈને રહે છે; તેની માફક જ્ઞાની (પરના સંગને છોડી ગુપ્તપણે રહી) જ્ઞાનની રક્ષા કરે છે. ૨૬૮.**

## શ્લોક–૨૬૮ ઉપર પ્રવચન

अस्मिन् लोके लौकिकः कश्चिदेकः
लब्ध्वा पुण्यात्कांचनानां समूहम्।
गूढो भूत्वा वर्तते त्यक्तसंगो
ज्ञानी तद्वत् ज्ञानरक्षां करोति।।२६८।।

**શ્લોકાર્થ :-** આહાહા..! **'આ લોકમાં કોઈ એક લૌકિક જન પુણ્યને લીધે...'** આહાહા..! છે ને? **'પુણ્યાત્કાંચનાનાં'. 'ધનના સમૂહને પામીને,...'** લ્યો! આમાં તો ચોખ્ખી વાત છે. પુણ્ય નિમિત્ત છે પૈસામાં. આત્માનો પુરુષાર્થ કે સમાજની વહેંચણી કામ નથી. સમાજને વહેંચતા નથી આવડતું માટે (આ બધું બરાબર નથી, એમ કહે છે). આહાહા..! વાત એ છે કે પંડિતને પુણ્ય ઓછું હોય ને, ઓછા પુણ્યવાળા અમે હલકા છીએ અને મોટા પુણ્યવાળા મોટા છે એમ ન થવું જોઈએ. માટે પુણ્યને લઈને નથી (એમ ઠરાવવું છે). પુણ્યને લઈને મોટા હોય ભલે. એમાં એના આત્માના શું દાળિયા થયા? અને તને એમાં નુકસાન શું થયું? અબજોપતિ ભલે હોય. આહાહા..!

ત્યાં આપણે નહિ, 'નાઈરોબી'? એક ગામમાં સાડા ચારસો તો કરોડપતિ. સાડા ચારસો. અને પંદર તો અબજપતિ. સો કરોડ એવા પંદર. એક આવ્યો હતો. શ્વેતાંબરનો 'રતિલાલ' આવ્યો હતો. એણે એમ કહ્યું કે આ તમારા દિગંબર મંડળના માણસો અમારા શ્વેતાંબર મંદિરમાં આવતા નથી અને પ્રતિમાના દર્શન કરતા નથી. એને ત્યાં ક્યાં કહેવું. કીધું, તત્ત્વજ્ઞાન સમજ્યા પછી વ્યવહાર સમજાશે. એને બીજું શું કહેવું? કે આ ખોટું છે એમ કહેવું? તત્ત્વજ્ઞાન વસ્તુ બાપુ! પહેલી સમજો. પછી તત્ત્વજ્ઞાનીને વ્યવહાર કેવો હોય એ વ્યવહાર પછી સમજાય. આહાહા..! સાંભળતો હતો બિચારો. ત્યાં પણ પાછો આવ્યો હતો, 'મુંબઈ' આવ્યો હતો. મલાડ. દેશમાં આવ્યો હતો. આહાહા..! પણ કોને પડી છે આ? કોઈ ઘડી, બે ઘડી જઈ આવે. જે-તે વાતું આડીઅવળી કરીને વખત ગાળીને વયા આવે. આહાહા..!

ક્યા સમયે આવીને દેહ છૂટી જશે. આહાહા..! બેઠા બેઠા કાંઈ ન હોય ને ફૂ થઈ જાય. આહાહા..! 'સ્વરૂપચંદ' કહેતો હતો. 'મલકાપુર'નો. 'સ્વરૂપચંદ' છોકરો છે. અત્યારે પરણ્યો છે. કુંવારો હતો ત્યારે દસ-દસ હજારનો મોટો કાપડનો વેપારી. 'મોક્ષમાર્ગ પ્રકાશક' જેને આખું મોઢે. 'મલકાપુર'નો 'સ્વરૂપચંદ' છે. એ કહેતો હતો કે મારો મિત્ર ૨૮ વર્ષનો અને હું આમ બેઠા હતા. કાંઈ ન મળે. વાતું કરતા હતા. આમ ફૂ થયું. આમ જોયું ત્યાં મરી ગયો. કાંઈ કરતા કાંઈ નહિ. એક રોગ નહિ, કાંઈ નહિ, કાંઈ પીડા નહિ. ઉંહકારો નહિ. કાંઈ નહિ. ફૂ આમ થયું. આમ જોયું ત્યાં મરી ગયો. આહાહા..! 'સ્વરૂપચંદ' છે. છોકરો ડાહ્યો છે. મગજવાળો છે. 'મલકાપુર'માં. 'મલકાપુર'વાળું છે કોઈ? 'રમેશ'. આહાહા..! કોને કોને કરવું? ક્યે ક્ષણે, ક્યે સમયે...? સંયોગી ચીજ, ક્ષેત્ર જુદું, કાળ જુદો, ભાવ જુદો. એવા તત્ત્વની જોડે આ તત્ત્વનો કાળ જુદો, ભાવ જુદો, સ્થળ જુદું. આહાહા..! એ ક્યારે સ્ફૂરશે? કહે છે કે એ બધા વિચાર કરીને સત્‌જ્ઞાન નિધિને પામીને. આહાહા..! એવા જનો ધ્યાનમાં વિઘનનું કારણ જાણીને છોડી દે. એ આડાઅવળા કુતર્ક કરનારા ઘણા મળશે. આહાહા..! એવા કુતર્કને સાંભળી છોડી દે. આહાહા..!

અહીં એ કીધું, **'લોકમાં કોઈ એક લૌકિક જન પુણ્યને લીધે ધનના સમૂહને પામીને,**

**સંગને છોડીને ગુપ્ત થઈને રહે છે; તેની માફક જ્ઞાની (પરના સંગને છોડી ગુપ્તપણે રહી) જ્ઞાનની રક્ષા કરે છે.'** આહાહા..! એ ફંફેરો કરતો નથી કે અમને આમ થયું... અમને આમ થયું... અમને આમ થયું... અમને આમ થયું. ગુપ્તપણે પોતે જ્ઞાનને ભોગવે છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૨૬૯

(मंदाक्रांता)

त्यक्त्वा संगं जननमरणातंकहेतुं समस्तं
कृत्वा बुद्धया हृदयकमले पूर्णवैराग्यभावम्।
स्थित्वा शक्त्या सहजपरमानंदनिर्व्यग्ररूपे
क्षीणे मोहे तृणमिव सदा लोकमालोकयामः।।२६९।।

**[શ્લોકાર્થ :–] જન્મમરણરૂપ રોગના હેતુભૂત સમસ્ત સંગને છોડીને, હૃદયકમળમાં [1]બુદ્ધિપૂર્વક પૂર્ણવૈરાગ્યભાવ કરીને, સહજ પરમાનંદ વડે જે અવ્યગ્ર (અનાકુળ) છે એવા નિજ રૂપમાં (પોતાની) [2]શક્તિથી સ્થિત રહીને, મોહ ક્ષીણ હોતાં, અમે લોકને સદા તૃણવત્ અવલોકીએ છીએ. ૨૬૯.**

**પ્રવચન નં.૧૮૨, શ્લોક--૨૬૯, ગાથા-૧૫૮, મંગળવાર, અષાઢ સુદ ૩, તા.૧૫-૦૭-૮૦**

'નિયમસાર' ૨૬૯-કળશ. ૨૬૮ ચાલ્યો છે.

त्यक्त्वा संगं जननमरणातंकहेतुं समस्तं
कृत्वा बुद्धया हृदयकमले पूर्णवैराग्यभावम्।
स्थित्वा शक्त्या सहजपरमानंदनिर्व्यग्ररूपे
क्षीणे मोहे तृणमिव सदा लोकमालोकयामः।।२६९।।

**શ્લોકાર્થ :-** આહાહા..! **'જન્મમરણરૂપ રોગના હેતુભૂત સમસ્ત સંગને છોડીને,...'** આહાહા..! સમસ્તમાં કોઈ બાકી રાખ્યું નથી. **'જન્મમરણરૂપ રોગના હેતુભૂત...'** એક સ્વ

---

૧. બુદ્ધિપૂર્વક = સમજણપૂર્વક; વિવેકપૂર્વક; વિચારપૂર્વક.
૨. શક્તિ = સામર્થ્ય; બળ; વીર્ય; પુરુષાર્થ.

ચૈતન્યમૂર્તિ ભગવાન, એના સિવાય કોઈપણ પરદ્રવ્ય **'સમસ્ત સંગને છોડીને,...'** આહાહા..! શુદ્ધ ઉપયોગરૂપી આત્મા, જેના સંગે શુદ્ધોપયોગ થાય એ એક સિવાય બીજા બધા કોઈ સંગ કરવા જેવા નથી. આહાહા..! એકથી બીજો સંગ કરતાં રાગ થાય. આહાહા..! ૧૦૦મી ગાથામાં તો કહ્યું છે. આમાં ૧૦૦મી ગાથા છે ને? આહાહા..! ૧૦૦મી ગાથા છે? એના કળશ છે, કળશ. આહાહા..! ૧૦૦ પછી કળશ છે. આહાહા..! ૧૩૫ કળશ છે. ૧૩૫. છે? ૧૩૫.

**'મારા સહજ સમ્યગ્દર્શનમાં, શુદ્ધ જ્ઞાનમાં, ચારિત્રમાં, સુકૃત અને દુષ્કૃતરૂપી કર્મદ્વંદ્વના સંન્યાસકાળમાં (અર્થાત્ પ્રત્યાખ્યાનમાં), સંવરમાં અને શુદ્ધ યોગમાં (–શુદ્ધોપયોગમાં) તે પરમાત્મા જ છે...'** પૂર્ણ સ્વરૂપ પરમાત્મા જ એક જ આશ્રય છે. આહાહા..! છે? **'(અર્થાત્ સમ્યગ્દર્શનાદિ બધાંયનો આશ્રય-અવલંબન શુદ્ધાત્મા જ છે); મુક્તિની પ્રાપ્તિ માટે જગતમાં બીજો કોઈ પણ પદાર્થ નથી, નથી.'** આમ શબ્દ છે. આહાહા..! ત્રણલોકનો નાથ તીર્થંકર કે પંચપરમેષ્ઠી મુક્તિની પ્રાપ્તિ માટે જગતમાં બીજો કોઈ પણ પદાર્થ નથી. બે વાર કહ્યું છે નથી, નથી. આહાહા..! એક ચૈતન્ય ભગવાન શુદ્ધ સ્વભાવથી ભરેલો, એના એકના જ આશ્રય સિવાય કોઈ મુક્તિનો ઉપાય ધર્મ છે નહિ. ધર્મની શરૂઆત–સમ્યગ્દર્શનનો આશ્રય પણ ત્રિકાળી આત્મા, કેવળજ્ઞાનનો પણ આશ્રય ત્રિકાળી આત્મા. એક જ ત્રિકાળી આત્માનો આશ્રય એક જ છે, બીજો નથી, નથી. બે વાર કહ્યું છે. આહાહા..! બહુ એમાં જરી આઘુ લઈ ગયા છે. આહાહા..! શુદ્ધઉપયોગમાં એક જ છે. એના પહેલા પણ બીજા બધા કળશો લીધા છે. શ્લોક છે ને? ૧૭૭ પાને. એની પહેલા. સામે પહેલા પાને.

**'તે જ એક (–તે ચૈતન્યજ્યોતિ જ એક) પરમ જ્ઞાન છે,...'** છે? આહાહા..! એના પહેલા પાને. **'તે જ એક (–તે ચૈતન્યજ્યોતિ જ એક) પરમ જ્ઞાન છે, તે જ એક પવિત્ર દર્શન છે, તે જ એક ચારિત્ર છે અને તે જ એક નિર્મળ તપ છે.'** આહાહા..! પછી પણ કહ્યું, **'સત્પુરુષોને તે જ એક નમસ્કારયોગ્ય છે,...'** ગજબ વાત છે. પંચપરમેષ્ઠી પણ નમસ્કાર કરવાને લાયક છે એમાં રાગ થાય છે. આહાહા..! વિકલ્પ છે. **'સત્પુરુષોને તે જ એક નમસ્કારયોગ્ય છે, તે જ એક મંગળ છે,...'** અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં એ બધો તો વ્યવહાર છે. આહાહા..! જ્યાં-ત્યાં માંગલિક કરે છે ને ? દુકાન માંડે તો માંગલિક કરે એટલે દુકાન ચાલે.

મુમુક્ષુ :– એના કારણે ચાલે.

ઉત્તર :– હા. એમ માને. વેવિશાળ કરે એ સરખું ચાલે એટલે માંગલિક કરો. લગન કરે તો માંગલિક કરો. દાગીના ચડાવવા જાય તો માંગલિક કરો. આહાહા..!

અહીં તો કહે છે કે સત્પુરુષને તે જ એક નમસ્કાર કરવા યોગ્ય છે. એ શું કહે છે? પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવા યોગ્ય એ વિકલ્પ છે. આહાહા..! ૧૬ ગાથા છે ને?

આખી વાત કહેશે પછી. આહાહા..! **'સત્પુરુષોને તે જ એક નમસ્કારયોગ્ય છે,...'** ભગવાનઆત્મા. આહાહા..! **'તે જ એક મંગળ છે; તે જ એક ઉત્તમ છે અને તે જ એક શરણ છે.'** આહાહા..! ઓલા માંગલિક જે કર્યા એ અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, કેવળીપણ્ણત્તો ધમ્મો મંગલં એ બધા વ્યવહાર છે. એ તો વિકલ્પ છે. આહાહા..! ભગવાનઆત્મા એક જ શરણ છે. એ જ અહીં કહે છે. ચાલતો કળશ.

**'જન્મમરણરૂપ રોગના હેતુભૂત સમસ્ત સંગને છોડીને,...'** સમસ્ત સંગ આવ્યો ને? કોઈ સંગ એમાં બાકી રહ્યો? આહાહા..!

મુમુક્ષુ :- પોતે એક બાકી રહ્યો.

ઉત્તર :- પોતે તો... આહાહા..! લોકોને આકરું લાગે. બધું ભરેલું તારામાં જ છે, બાપુ! એક દૃષ્ટિ કર તો છલકાય એવું છે. આહાહા..! એવો પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ! તને બીજો કોઈ શરણ નથી. આહાહા..! બીજા સંગને છોડીને... અહીં તો એ કીધું, જુઓને! બીજા સંગમાં તો ભગવાન આવ્યા કે નહિ? આહાહા..!

મુમુક્ષુ :- છ દ્રવ્યમાંથી કોઈ દ્રવ્ય બાકી ન રહ્યું.

ઉત્તર :- કોઈ બાકી ન રહ્યું. એક આ આવી ગયું.

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો સાગર શુદ્ધોપયોગનું કારણ એ એક જ છે. બાકી તો શુભ-અશુભરાગનું કારણ છે, એ તો બંધનું કારણ છે. આહાહા..! લોકોને આવું સાંભળતા (એમ થાય છે કે) સંપ્રદાય કેમ ચાલે? સંપ્રદાય ચલાવવો છે કે તત્ત્વ કરવું છે? બાપુ! આહાહા..! અરે..! સાંભળવા મળે એવું નથી. 'હરિભાઈ'! પહેલું આ કરવું. આહાહા..!

**'જન્મમરણરૂપ રોગના હેતુભૂત સમસ્ત સંગ...'** પરના સંગથી રાગ થાશે. રાગ થાશે એટલે બંધન થશે. આહાહા..! **'હૃદયકમળમાં...'** પરનો સંગ છોડીને હવે **'હૃદયકમળમાં બુદ્ધિપૂર્વક પૂર્ણ વૈરાગ્યભાવ કરીને,...'** આહાહા..! બુદ્ધિ એટલે સમજણપૂર્વક, જ્ઞાનપૂર્વક, વિવેકપૂર્વક ભેદજ્ઞાન કરીને... આહાહા..! પૂર્ણ વૈરાગ્યભાવ કર. વૈરાગ્ય એ પણ પૂર્ણ. પરનો સંગ પણ પૂર્ણ છોડવો અને વૈરાગ્ય પણ પૂર્ણ કરવો. આહાહા..! વાત આવી ક્યાં છે? લોકો બિચારા સંપ્રદાયમાં પડી મરીને ચાર ગતિમાં રખડવા જાશે. આહાહા..!

અહીં તો ચૈતન્યમૂર્તિ ભગવાન અનંત ચમત્કારિક ગુણથી ભરેલો છે એ પરમેશ્વર છે, પ્રભુ છે. એનામાં પ્રભુ નામનો એક ગુણ છે કે જેથી અનંતગુણને પ્રભુ બનાવ્યા છે. આહાહા..! એવો જે પ્રભુનો પ્રભુ પોતે એની સામું જોઈને ઉપયોગ કર, બાકી બીજું છોડી દે. આહાહા..! કહો, 'શાંતિભાઈ'! આમાં તમારા પૈસા-બૈસા અને હીરા-ફીરા તો ક્યાંય રહી ગયા, ધૂળ. આહાહા..! લાખ-બે લાખ દાનમાં આપ્યા તો ધર્મ થઈ જશે. ત્રણકાળમાં ધર્મ નથી. લાખ શું કરોડ આપને. શુભભાવ છે, સંસાર છે. શુભભાવ એ સંસાર છે. આહાહા..! આવી વાત છે, પ્રભુ!

મુમુક્ષુ :– આપ શુભભાવ કહીને અટકી જાવ તો વાંધો નહિ. સંસાર ન કહો. શુભભાવને સંસાર ન કહેવાય.

ઉત્તર :– સંસાર, સંસાર આખો રખડીશ, બાપા! આહાહા..! એકલો મરે, એકલો જન્મે, એકલો જીવે. કોઈ સહાય નથી. એ પહેલું આવી ગયું. આ બધી આજીવિકાને માટે ધુતારાની ટોળીઓ મળે છે બાપા તને. તને ખબર નથી. તને બાયડી વહાલી લાગે છે, છોકરા વહાલા લાગે છે. એ આજીવિકાના ધુતારાઓની ટોળીઓ છે. પહેલા આવી ગયું છે. આહાહા..!

અહીં તો સમસ્ત સંગમાં પંચપરમેષ્ઠીનો પણ સંગ છોડીને આ અસંગ પરમેશ્વર છે. એ પંચપરમેશ્વર તારામાં પડ્યા છે. આહાહા..! તું અરિહંત છો, તું સિદ્ધ છો, તું આચાર્ય છો, તું ઉપાધ્યાય, સાધુ તું છો. આહાહા..! અંદર તારા સ્વભાવમાં પાંચેય પદ ભરેલા છે. આહાહા..! ફક્ત તારી નજર ત્યાં કર્યે પર્યાયમાં આવે એવું છે. બાકી ક્યાંય બીજો કોઈ ઉપાય નથી. દુનિયા ભલે એકાંત કહે. છે નયનો વિષય એકાંત જ, સમ્યક્ નયનો વિષય એકાંત જ છે. આહાહા..!

**'બુદ્ધિપૂર્વક પૂર્ણ વૈરાગ્યભાવ,...'** જોયું! પૂર્ણ વૈરાગ્ય એટલે પર તરફ બિલકુલ ઉદાસ. આહાહા..! પંચપરમેષ્ઠી તરફ પણ પરમ ઉદાસ, પરદ્રવ્ય તરફથી ઉદાસ, સ્વદ્રવ્ય તરફ રહેવામાં તત્પર. આહાહા..! અરે..! હજી આવું સાંભળ્યું ન હોય અને જૈન કહેવાતા હોય. અમે સ્થાનકવાસી છીએ ને દેરાવાસી છીએ, અમે દિગંબર છીએ. બાપુ! કે દિ' હતો? જૈન કોને કહેવો એ હજી તેં સાંભળ્યું નથી. અને એ વિના ચોર્યાશીના અવતાર, અહીંથી મરીને જાશે ક્યાંક. આહાહા..! ઘણા તો ભૂંડ ને કાગડા ને કૂતરા થવાના. અરે..! ચૈતન્યપ્રભુને આદર્યો નથી. અને એના સિવાય પરને આદર્યો એ તો સંસાર છે. શુભરાગ એ પણ ઘોર સંસાર છે. આહાહા..! દુનિયાને પસંદ પડે ન પડે, એવું આકરું પડે.

અહીં એ કહે છે, **'પૂર્ણ વૈરાગ્યભાવ કરીને, સહજ પરમાનંદ વડે...'** આહાહા..! અંતર ભગવાન સહજ આનંદ પરમાનંદ ભર્યો છે. પ્રભુ! તારામાં વિકલ્પનું દુઃખમાત્ર નથી. વિકલ્પ ઉઠ્યો એ તો દુઃખ છે. નિર્વિકલ્પ તત્ત્વ અંદર **'સહજ પરમાનંદ વડે જે અવ્યગ્ર (અનાકુળ) છે...'** આહાહા..! સ્વભાવિક પરમાનંદ વડે ભગવાનઆત્મા અવ્યાકુળ છે. આહાહા..! અનાકુળ છે. કાંઈ વ્યાકુળતા નથી, એને આકુળતા કાંઈ છે નહિ અંદર. આહાહા..! બહારની પળોજણ લઈને મોટો બેઠો. આહાહા..!

એ તો કહે છે, **'સહજ પરમાનંદ વડે...'** સ્વભાવિક પરમાનંદનો ધણી પ્રભુ **'જે અવ્યગ્ર (અનાકુળ) છે એવા નિજ રૂપમાં...'** આહાહા..! સંતોના એક એક શબ્દ ગજબ કામ કરે છે! દિગંબર મુનિઓની વાત (એટલે) પરમેશ્વરના ઘરની વાત. પરમેશ્વર ત્રણલોકના નાથ, એના મુખથી (નીકળેલી) દિવ્યધ્વનિ એ સંતોની દિવ્યધ્વનિ છે. બાકી બધી જપજાળ છે. પણ કેમ બેસે? જેમાં પડ્યો એમાંથી છૂટવું, નીકળવું કઠણ પડે. આહાહા..! ભાઈ વયા ગયા?

ઠીક! શું કીધું?

**'સહજ પરમાનંદ વડે જે અવ્યગ્ર (અનાકુળ) છે...'** કોણ? એવું નિજ રૂપ. આહાહા..! આ નિજરૂપ અંદર ભગવાન... આહાહા..! સ્વભાવિક પરમાનંદ વડે જે અવ્યગ્ર એટલે અનાકુળ, સ્વભાવિક એવા નિજ રૂપમાં **'(પોતાની) શક્તિથી...'** આહાહા..! સામર્થ્યથી, બળ, વીર્ય, પુરુષાર્થથી **'સ્થિત રહીને,...'** પોતાના પુરુષાર્થથી સ્થિત રહીને. કોઈની મદદ વિના. વજનારાચ સંઘયણ મળે અને મનુષ્યપણું હોય તો જ કેવળ થાય, એમ છે નહિ. આહાહા..! 'કુચામણ'નો એક પંડિત આવ્યો હતો. ઇ કહે, કે મનુષ્યપણા વિના મળે નહિ. સાંભળ, બાપા! મનુષ્યપણા વિના શું? વજનારાચ સંઘયણની એને જરૂર નથી. એ તો પૂરેપૂરો ભગવાન સ્વતંત્ર ભર્યો છે.

'નજરને આળસે રે તેં નયણે નિરખ્યા ન હરિ.' તારી નજરને આળસે હરિને ન દેખ્યા. હરિ એટલે આત્મા. 'પંચાધ્યાયી'માં આત્માને હરિ કીધો છે. 'પંચાધ્યાયી'. હરતે ઇતિ હરિ. રાગ ને દ્વેષ અને અજ્ઞાનને હણે એવો ભગવાન તે હરિ એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહાહા..! પોતાના સ્વરૂપમાં ઠરે તે હરિ. હવે આવી વાતું. આમાં માણસ ભેગા ઘણા થાય. આહાહા..! શું કરે છે કહે છે આ? વીતરાગનો આવો માર્ગ છે. એમાં દિગંબર સંતોની વાણી તો ત્રણલોકના નાથ પરમાત્માના મુખેથી નીકળેલી વાણી છે. આકરી પડે પણ બાપુ માર્ગ તો આ છે, પ્રભુ! આહાહા..!

શું કીધું? નિજ પરમાનંદ વડે... આહાહા..! **'નિજ રૂપમાં (પોતાની) શક્તિથી સ્થિત રહીને, મોહ ક્ષીણ હોતાં,...'** આહાહા..! એક કળશે તો ગજબ કામ કરે છે. **'મોહ ક્ષીણ હોતાં, અમે લોકને સદા તૃણવત્ અવલોકીએ છીએ.'** આખી દુનિયા, ઇન્દ્રના રાજ સડેલા તરણા જેવા દેખીએ છીએ, કહે છે. પ્રભુના અનાકુળ આનંદ આગળ, અનાકુળ આનંદની અંતર દૃષ્ટિ આગળ, એની પ્રાપ્તિ થઈ એની આગળ આખા ઇન્દ્રના ઇન્દ્રાસનો તૃણવત દેખીએ છીએ, કહે છે. આહાહા..! અત્યારે તો પૈસાવાળાની બોલબાલા. પૈસા વધારે ખર્ચે. દસ લાખ, પાંચ લાખ... આહાહા..! ભારે ભાઈ! હવે એમાં ધૂળમાં શું પાંચ-દસ લાખમાં? આહાહા..! મોટી રકમ આપે એની કિંમત વધારે. એ સંઘમાં મોટો કહેવાય. અહીં કહે છે કે આત્મામાં અંદર ઠરે એ મોટો કહેવાય. આહાહા..! તે ઠરે એ શુભ-અશુભ રાગ પણ નહિ. આહાહા..! 'હીરાલાલજી'! આવી વાત છે, ભાઈ! આહાહા..!

પ્રભુ બિરાજે છે ને અંદર, કહે છે. આહાહા..! પરમાત્મા સાક્ષાત્ અંદર બિરાજે છે. આહાહા..! એને છોડીને, મોહ ક્ષીણ કરીને અમે લોકને સદા.. આહાહા..! લોક શબ્દમાં શું બાકી રહ્યું? આહાહા..! ઇન્દ્રના ઇન્દ્રાસનો સડેલા તરણા જેવા છે, બાપા! આહાહા..! **'લોકને સદા તૃણવત્...'** તણખલા, તણખલા, ફોતરા. આહાહા..! **'તૃણવત્ અવલોકીએ છીએ.'** પ્રભુને અવલોકતા જગતને તૃણવત્ અવલોકીએ છીએ, એમ કહે છે. આમ બેની સરખામણી કરતાં આમ છે. પ્રભુ પૂર્ણાનંદનો નાથ એનો ઉપયોગ જ્યાં અંદર કરતાં.. આહાહા..! આખી દુનિયા

તૃણવત્ દેખાય છે. આહાહા..! તે જ્ઞાનમાં સ્વ-પર જણાય એ અપેક્ષાએ. બાકી તો પોતે જ અંદર પૂર્ણ જણાય છે. આહાહા..! લ્યો! આ ૨૬૯ કળશ (પૂરો) થયો. આહાહા..! હવે આમાં વાદવિવાદ કોની સાથે કરવો?

મુમુક્ષુ :– આમાં ના પાડી છે.

ઉત્તર :– અહીં તો કહે છે, પ્રભુ! તારા ઉપયોગ સિવાય કોઈ તને કાંઈ લાભદાયક નથી. ભગવાન ત્રણલોકનો નાથ પણ તને લાભદાયક નથી. વાત આવે. ગુરુ ઉપદેશ દ્વારા (પમાય), એ દેશનાલબ્ધિની વાત આવે. પણ છતાં એનાથી પમાય છે એમ નહિ. દેશનાલબ્ધિ આવે પણ. ગુરુના ઉપદેશથી, ગુરુના પ્રસાદથી, ગુરુની મહેરબાનીથી, શબ્દો એવા પણ આવે. એનો અર્થ એ કે જે પરમપવિત્ર પરમાત્માને પામ્યા છે એની વાણી તને નિમિત્ત થાય. નિમિત્ત થાયનો અર્થ? એનાથી થાય નહિ. તને તારાથી થાય ત્યારે એને નિમિત્ત કહેવાય. હવે પછી આવું (સાંભળીને) 'સોનગઢ'માં કોણ આવે? અને આવે એટલે એને આકરું લાગે, આવું કહે (છે)? આહાહા..! બીજે ક્યાં છે? ભાઈ! ક્યાંય છે નહિ.

મુમુક્ષુ :– એનું પેટ બહુ બગડ્યું છે તો આકરો રેચ હોય તો સારું થાય

ઉત્તર :– આકરો તો રેચ આ છે. આહાહા..!

તારા ચૈતન્યના ઉપયોગ સિવાય કોઈ સંગથી તને ધર્મનો લાભ થાય એવું વીતરાગમાર્ગમાં છે નહિ. આહાહા..! પછી ગમે તેટલા કથન આવે, વાણી આવે, લખાણ વ્યવહારના આવે... આહાહા..! તું અનંતગુણથી ભરેલો ભગવંત પરમેશ્વરસ્વરૂપ, એ પરમેશ્વર બીજાનું શરણ લે, એ પામરતા એને ન હોય, પ્રભુ! આહાહા..! એ પ્રભુને બીજાની પામરતાની આવશ્યકતા ન હોય. આહાહા..!

અહીં તો **'સમસ્ત સંગને છોડીને,...'** અમે આખા લોકને સદા તૃણવત્ અવલોકીએ છીએ. લોકને સદા. લોકમાં બાકી કોણ રહી ગયું? આહાહા..! પ્રભુ સિવાય મને તો ક્યાંય બીજી ચીજમાં રુચિ થતી નથી એટલે તૃણવત્ ગણીએ છીએ, કહે છે. આહાહા..! ભાષા તે ભાષા મુનિઓની! મુનિ છે, હોં! આચાર્ય નથી આ. 'પદ્મપ્રભમલધારિ' આહાહા..! **'અમે લોકને...'** અમારા સિવાય લોકને.,. આહાહા..! **'સદા તૃણવત્ અવલોકીએ છીએ.'** આહાહા..! મુનિઓની ભાષા જગતને આકરી પડે એવી છે.

મુમુક્ષુ :– આ બીજાને તૃણવત્ ગણે આમાં અભિમાન નથી?

ઉત્તર :– એ તૃણવત્ ગણે એમાં આત્માનું અભિમાન છે. અહંપણું હું પરમાત્મા છું, મારી પૂર્ણતા માટે કોઈની મને અપેક્ષા નથી. મારી પૂર્ણતા માટે કોઈની મને સહાય નથી. એમ એ સ્વરૂપની પ્રતીતિ અને અનુભવનું જોર છે. આહાહા..! આમ છે. આકરું લાગે. આહાહા..! પહેલા પણ આવ્યું હતું. તૃણવત્ જોઈએ છીએ. ક્યાંક આવ્યું હતું ખરું. **'લોકને સદા તૃણવત્ અવલોકીએ છીએ.'**

## ગાથા-૧૫૮

सव्वे पुराणपुरिसा एवं आवासयं च काऊण।
अपमत्तपहुदिठाणं पडिवज्ज य केवली जादा।।१५८।।

सर्वे पुराणपुरुषा एवमावश्यकं च कृत्वा।
अप्रमत्तप्रभृतिस्थानं प्रतिपद्य च केवलिनो जाताः।।१५८।।

परमावश्यकाधिकारोपसंहारोपन्यासोऽयम्।

स्वात्माश्रयनिश्चयधर्मशुक्लध्यानस्वरूपं बाह्यावश्यकादिक्रियाप्रतिपक्षशुद्धनिश्चयपरमावश्यकं साक्षादपुनर्भववारांगनानङ्गसुखकारणं कृत्वा सर्वे पुराणपुरुषास्तीर्थकरपरमदेवादयः स्वयंबुद्धाः केचिद् बोधितबुद्धाश्चाप्रमत्तादिसयोगिभट्टारकगुणस्थानपंक्तिमध्यारूढाः सन्तः केवलिनः सकलप्रत्यक्षज्ञानधराः परमावश्यकात्माराधनाप्रसादात् जाताश्चेति।

---

સર્વે પુરાણ જનો અહો એ રીત આવશ્યક કરી,
અપ્રમત્ત આદિ સ્થાનને પામી થયા પ્રભુ કેવળી. ૧૫૮.

અન્વયાર્થ :– [ सर्वे ] સર્વે [ पुराणपुरुषाः ] પુરાણ પુરુષો [ एवम् ] એ રીતે [ आवश्यकं च ] આવશ્યક [ कृत्वा ] કરીને, [ अप्रमत्तप्रभृतिस्थानं ] અપ્રમત્તાદિ સ્થાનને [ प्रतिपद्य च ] પ્રાપ્ત કરી [ केवलिनः जाताः ] કેવળી થયા.

ટીકા :– આ, પરમાવશ્યક અધિકારના ઉપસંહારનું કથન છે.

સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન અને નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપ એવું જે બાહ્ય-આવશ્યકાદિ ક્રિયાથી પ્રતિપક્ષ શુદ્ધનિશ્ચય-પરમાવશ્યક–સાક્ષાત્ અપુનર્ભવરૂપી (મુક્તિરૂપી) સ્ત્રીના અનંગ (અશરીરી) સુખનું કારણ—તેને કરીને, સર્વે પુરાણ પુરુષો–કે જેમાંથી તીર્થંકર-પરમદેવ વગેરે સ્વયંબુદ્ધ થયા અને કેટલાક બોધિતબુદ્ધ થયા તેઓ–અપ્રમત્તથી માંડીને સયોગીભટ્ટારક સુધીના ગુણસ્થાનોની પંક્તિમાં આરૂઢ થયા થકા, પરમાવશ્યકરૂપ આત્મારાધનાના પ્રસાદથી કેવળી–સકળપ્રત્યક્ષજ્ઞાનધારી થયા.

## ગાથા–૧૫૮ ઉપર પ્રવચન

હવે ૧૫૮ ગાથા. આવશ્યકની આ છેલ્લી ગાથા.

**सव्वे पुराणपुरिसा एवं आवासयं च काऊण।**
**अपमत्तपहुदिठाणं पडिवज्ज य केवली जादा।।१५८।।**

આહાહા..! પાંચમા આરાના સંત (છે) પણ છેક કેવળીની વાતું કરે છે. કેવળી... કેવળી... કેવળી... કેવળી... આહાહા..! નીચે (હરિગીત).

**સર્વે પુરાણ જનો અહો એ રીત આવશ્યક કરી,**
**અપ્રમત્ત આદિ સ્થાનને પામી થયા પ્રભુ કેવળી. ૧૫૮.**

આહાહા..! આવા આવશ્યક કરીને. આહાહા..! આવશ્યક-જરૂરનું પોતાના આત્માનો ઉપયોગ કરવો એ જ જરૂરનું એક જ આવશ્યક છે. આહાહા..! એકાંત લાગે. નયાભાસ જેવું કહે છે. વ્યવહાર નહિ જોડે? ભાઈ! વ્યવહાર છે. એ કહે છે એ વ્યવહાર છે, પર્યાય પોતે વ્યવહાર છે. ત્રિકાળી દ્રવ્ય નિશ્ચય છે અને પર્યાય પ્રગટ થાય કેવળજ્ઞાન એ પોતે વ્યવહાર છે. આહાહા..! પણ એ પણ સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય આદરવા લાયક નથી. આહાહા..! આદરવા લાયક તો ત્રણલોકનો નાથ. એક કેવળજ્ઞાનની પર્યાયમાં, એક જ્ઞાનની પર્યાયમાં અનંતગુણની પર્યાય ભરી છે. એવા એવા અનંતાગુણો અનંતી પર્યાયથી ભરેલા એવા અનંતા ગુણોનું એકરૂપ પ્રભુનું... આહાહા..! તેને છોડીને કોનો આશ્રય લેવો? કોનું શરણ? કોઈનું શરણ છે નહિ. આહાહા..! અરિહંતા શરણં કીધું એ વ્યવહાર કહ્યો. એ વિકલ્પ છે, રાગ છે. આત્મશરણ. એ આવી ગયું. નહિ કીધું? ૧૦૦મી ગાથા. આત્મા શરણ, આત્મા મંગળ, આત્મા ઉત્તમ અને આત્મા નમસ્કાર કરવાલાયક. બીજાને નમસ્કાર કરવા લાયક પણ નહિ. અર..ર..! આવી ભાષા! પંચપરમેષ્ઠીને પણ નમસ્કાર કરવા લાયકમાં પણ શુભ વિકલ્પ છે, રાગ છે. આહાહા..! કહો, 'હીરાલાલજી'! આવું ક્યાં છે? ક્યાંય સાંભળ્યું હતું? આહાહા..! આવો માર્ગ પ્રભુનો છે, ભાઈ! તારામાં ક્યાં ખોટ છે? ક્યાં કમી છે? આહાહા..!

મુમુક્ષુ :– તું સર્વ વાતે પૂરો છો. કઈ વાતે અધૂરો?

ઉત્તર :– 'પ્રભુ મેરે સર્વ વાતે પૂરા, પ્રભુ મેરે સર્વ વાતે પૂરા.' ભજનમાં આવે છે. આહાહા..! 'પરની આશ કહાં કરે પ્રિતમ, પરની આશ કહાં કરે પ્રિતમ, કઈ વાતે તું અધૂરા?' આહાહા..! 'પ્રભુ મેરે તુમ સબ વાતે પૂરા.' આહાહા..! આવે છે કે નહિ? 'પરની આશ કહાં કરે પ્રિતમ' હે વહાલા! નાથ! પરની આશા પ્રભુ! તું શું કરે છે? ભાઈ! કઈ વાતે તું અધૂરા કે પરની આશા કરે છો? આહાહા..! એક અડદની દાળ સારી હોય ત્યાં રાજી થાય એને આમ કહેવું કે આવો પ્રભુ! તું છો. આખી દુનિયા તૃણવત્ છે તારે હિસાબે

ભાઈ! આહાહા..! ત્યાં તો એક ચુરમાના લાડવા અને અડદની દાળ અને પતરવેલીયા અળવી પાનના, અળવીના પાંદડાના પાતળા અને આમ મોટા હોય. લોટ નાખીને કટકા કરીને ઘીમાં તળ્યા હોય અને એ પતરવેલીયા અને ચુરમું અને અડદની દાળ ખાય. આહાહા..!

મુમુક્ષુ :– એવું ખાય ખાયને તો ઘણા મરી ગયા.

ઉત્તર :– ખાય, પણ એ ધૂળ છે. પ્રભુ અમૃતનો સાગર એ ધૂળ ખાય? એ ધૂળ ખાતો નથી કોઈ દિ'. ચુરમું કોઈ દિ' આત્માએ ખાધું નથી. ફક્ત એના તરફનું લક્ષ કરીને રાગ કરીને રાગને ખાધો છે. આહાહા..! આવી વાત! આ આત્મા બીજા આત્માને કે બીજા જડને કદી અડ્યો નથી. આહાહા..! એ ત્રીજી ગાથામાં કહ્યું. એક આત્મા પોતાના ધર્મને ચુંબે છે. બીજાના ધર્મને, બીજા દ્રવ્યને ચુંબતો નથી. એ 'સમયસાર'ની ત્રીજી ગાથા છે. આહાહા..! એક એ સિદ્ધાંત અને અને એક ક્રમબદ્ધ સિદ્ધાંત. ગજબ વાત! થઈ રહ્યું. એ ક્રમબદ્ધનો નિર્ણય કરે એને જ્ઞાયક ઉપર નજર જવી જોઈએ. આહાહા..! આવો અંદર ભરેલો જ્ઞાયક ભગવાન, પૂર્ણાનંદનો નાથ પૂર્ણ પરમેશ્વર... આહાહા..! કેમ બેસે? સાંભળવા મળે નહિ એને બેસે કેમ? રખડવાની વાતું મળે. આહાહા..! આ કરો.. આ કરો... આ કરો.. વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો. જુઓને આ 'મોરબી'માં ઓલું થઈ ગયું એનું કાઈક કરે છે. શાંતિ વિધાન. આહાહા..! ભ્રમણાના પાર છે. જૈનમાં રહ્યા છતાં... શાંતિ વિધાન તો અહીં છે કે ત્યાં છે? આહાહા..! અહીં ૧૫૮.

**'ટીકા :– આ, પરમાવશ્યક અધિકારના ઉપસંહારનું કથન છે.'** પરમ આવશ્યક, પરમ જરૂરનું, પરમ જરૂરનું. જરૂરિયાત જેની જાણે તેનું વીર્ય સ્ફુર્યા વિના રહે જ નહિ. એવો પરમાવશ્યક એવો જે ભગવાનઆત્મા, એના અધિકારની આ છેલ્લી ગાથા છે. આહાહા..! દુનિયાથી તો મરી જાય એકવાર, 'પાટણીજી'! ત્યારે જીવને જીવતો માને. નહિંતર જીવને મારી નાખ્યો છે. એના કરતાં બીજી કોઈ ચીજને કાંઈપણ અધિક વિશેષ, મહિમાવાળી, મોટપવાળી માની એણે આત્માને મારી નાખ્યો છે. આહાહા..!

મુમુક્ષુ :– 'કળશ ટીકા'માં આવે છે.

ઉત્તર :– આવે છે ને, આવે છે. મારી નાખ્યો છે જીવને. કળશમાં કીધું, મરણતુલ્ય કરી નાખ્યો. જીવને મરણતુલ્ય કરી નાખ્યો. હું દયા પાળું, વ્રત કરું એ મને લાભ થાય. મારી નાખ્યો તેં આત્માને, ભાઈ! એ બધી રાગની ક્રિયાને તેં ધર્મ માન્યો. આહાહા..! એ મરણતુલ્ય કરી નાખ્યો. 'કળશ ટીકા'માં છે. ત્રિલોકનાથ તીર્થંકરની વાણી, એમાં કહેલા ભાવ વિના બીજો કોઈ ઉપાય ન મળે. બીજો કોઈ છૂટવાનો ઉપાય ન મળે. આહાહા..!

**'આ, પરમાવશ્યક...'** પરમ જરૂરનું, ઉત્કૃષ્ટ જરૂરનું, એ જ જરૂરનું. આહાહા..! એવા **'અધિકારના ઉપસંહારનું કથન છે.'** **'સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન...'** આહાહા..! **'સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન...'** પરમાત્માને આશ્રયે પણ રાગ (થાય). આહાહા..! **'સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન...'**

ભગવાન પૂર્ણાનંદનો નાથ કેમ બેસે? બહારમાં સાધારણ ચીજ જ્યાં છોકરો જરી સારો થયો હોય ત્યાં રસ-રસ (આવી જાય). રસગુલ્લા જાણે ખાતો હોય એમ રસ લાગે એને. બાયડી કાંઈક ઠીક મળી હોય ત્યાં તો ઓહો..હો..! આપણને જાણે ઇન્દ્રાણી મળી ને આપણને ઓ..હો..હો..! અરે..! પ્રભુ! આખી દુનિયા તારી પાસે તૃણવત્ છે. પ્રભુ! તારી કિંમત કરી શકાય એવી ચીજ નથી. તને કોઈની ઉપમા અપાય એવી (કોઈ ચીજ) નથી. આહાહા..! એ સ્વ-આત્મા, જોયું! પહેલો શબ્દ. આહાહા..! ત્યાં ક્યાં હતું? 'મુંબઈ'માં હતું આવું બધું? આખો દિ' હીરાની હોળી હતી. હીરાની હોળી.

મુમુક્ષુ :– એટલે તો અહીંયાં આવ્યા છીએ.

ઉત્તર :– વાત તો સાચી. આહાહા..!

પહેલું શું લીધું? **'સ્વાત્માશ્રિત...'** મહા શબ્દ લીધો. પોતાનો આત્મા. સ્વ પોતાનો આત્મા એને આશ્રિત. ધર્મધ્યાન એને આશ્રિત હોય છે. આહાહા..! પંચપરમેષ્ઠીને આશ્રયે પણ ધર્મધ્યાન હોતું નથી. આહાહા..! અરિહંત ને સિદ્ધ ને આચાર્ય, ઉપાધ્યાય, સાધુ સાચા. અત્યારે તો ક્યાં એકેય સાચા છે? આહાહા..! તેથી લોકોને આકરું પડે છે ને. બાપુ! સત્યની વાત છે, પ્રભુ! સત્યની વાતથી તને લાભનું કારણ છે, ભાઈ! સત્યથી તારો અનાદર નથી. એમ ન માનીશ કે અરે..! અમને સાધુ નથી માનતા. બાપુ! સાધુપણું એ શું ચીજ છે હજી તેં.. આહાહા..! હજી સમ્યગ્દર્શન શું ચીજ છે... આહાહા..! ત્રણલોકનો નાથ આત્મા પરમ સ્વઆશ્રિત, સ્વઆશ્રિત દર્શન એ સિવાય દર્શનનો કોઈ ઉપાય નથી. સમ્યગ્દર્શનનો ઉપાય સ્વઆશ્રિત. આહાહા..!

એ સ્વઆશ્રિત **'નિશ્ચયધર્મધ્યાન...'** આહાહા..! સાચું ધર્મધ્યાન, એમ કીધું. આમ તો ધર્મધ્યાનને બધા માને છે. વ્રત કરે, અપવાસ કરે, ચોવિહાર કરે, લીલોતરી ન ખાય છપરબી, છપરબી કંદમૂળ ન ખાય. ધર્મ માની બેસે એ વાત જુદી. રાત્રી ભોજનનો તો ત્યાગ જ હોવો જોઈએ, કંદમૂળનો ત્યાગ હોવો જોઈએ, પરસ્ત્રીનો ત્યાગ હોવો જોઈએ. એ તો પહેલામાં પહેલા નૈતિક જીવનનો એકડો છે. શું કીધું? કંદમૂળનો ત્યાગ, પરસ્ત્રીનો ત્યાગ, રાત્રી ભોજનનો ત્યાગ. રાત્રી ભોજનમાં, બાપુ! એ દીવામાં જીવડા પડે. એ માંસનો ખોરાક (કહેવાય). આહાહા..! એ ખોરાક જૈનને ન હોય. આહાહા..! આ તો જાતે અનુભવેલી વાત છે. (સંવત) ૧૯૬૪ની સાલની વાત છે. આ માલ લેવા ગયેલ અને આવતા સાંજ પડી ગયેલી. ત્યાં સુધી ચોવિહાર નહોતો કર્યો તો બેઠા આમ. દીવો અને ખીચડી અને કઢી નાખી. આવે છે આમાં ઝીણી જીવાત દેખાતી નથી. આમાં ખીચડી-કઢીમાં ઝીણી જીવાત પડતી હોય. આ ખાવું એ માંસ ખાવા બરાબર છે કીધું. (સંવત) ૧૯૬૪ની સાલ.

મુમુક્ષુ :– આપ જમવા બેઠા હતા?

ઉત્તર :– જમવા બેઠા હતા. માલ લેવા ગયા હતા. સાંજ પડી ગયેલી. રાત્રે ખાવા

બેઠા.. આહાહા..! અરે..રે..! આ હોય નહિ, બાપુ! જૈનને રાત્રે ભોજન હોય નહિ. ગમે તેવી મોટી આવી વાતું કરીએ પણ એથી કરીને કાંઈ, રાત્રી ભોજનનો ત્યાગ (હોય), એ મહાપાપ છે એ પાપ તો જૈનને હોય જ નહિ. આહાહા..!

મુમુક્ષુ :– દિવસ ઊગ્યા પહેલા ચા તો પીવાય ને?

ઉત્તર :– નહિ. ચા પણ પીવાય નહિ અને કાંઈ પીવાય નહિ. દિવસ ઊગ્યા પહેલા એ ચામાં ક્યારે જીવડા કેવા પડે, કેવા ફુદડા પડે અંધારામાં. જાવું હોય ક્યાંક વહેલું એટલે એ વહેલી પી જાવ રાત્રે. એ વાતનો આપણને તો ૧૯૬૪ની સાલનો અનુભવ છે. ૧૯૬૪-૬૪. કીધું આવા જીવડા પડે એ ખોરાક આપણે નહિ લઈએ હવે. ૧૯૬૪ની સાલથી જાવજીવનો ચોવિહાર છે. અને આથણું. એ ખાવા બેઠા અને બહેન આથણું લેવા ગઈ. હું જોવા ગયો. બહેન આથણું લાવ્યા ક્યાંથી? અમે એક રસોડે ત્રીસ માણસો હતા. બે દુકાન ને બધું ભેગું હતું. એટલે હું એકલો માલ મોડો લઈને આવેલો એટલે ખાવા બેઠા. બરણીમાંથી આથણું લઈ આવ્યા. બરણી હોય ને? ઓલા શું કહેવાય એ? ડામચિયા. ગોદડા ભર્યા હોય અને નીચે ખાલી. ત્યાં પડેલી. હું ત્યાં જોવા ગયો ત્યાં કંથવા. મેલું કપડું ઢાકેલું હતું. શું કહેવાય ઇ? નામેય આવડતા નથી તમારા. ઢાંક્યું હોય ને? ઢાંકણું અને એના ઉપર કાળુ લુંગડું. એટલે હાથ બધા મેલા થયા હોય. કામ કરતા હોય. કંથવા. લેવા જાય ત્યાં કંથવા અંદર પડે. અરે..! આ ખોરાક! જૈનને આ ખોરાક હોય નહિ. આહાહા..! ક્યાં એકકોર વાત પરમાત્માની, ક્યાં એકકોર વાત આ. ભાઈ ગયા? આ બેઠા. આહાહા..! આ બધી વાત ક્યાંથી નીકળી?

આ '**સ્વાત્માશ્રિત...**' એક સ્વ આત્માના આશ્રય સિવાય ક્યાંય ધર્મ નથી. આહાહા..! રાત્રે ખાતો હોય અને સામાયિક કરીને બેઠો હોય. અમે સામાયિક કરીએ. સામાયિક ક્યાં હતી તારી? હજી મિથ્યાત્વના લાકડા (પડ્યા છે), મિથ્યાદૃષ્ટિ છે. બધો આખો ધર્મ જ મિથ્યાત્વનો. સ્થાનકવાસી અને શ્વેતાંબર બેય ધર્મ મિથ્યાદૃષ્ટિનો છે. એ બેય જૈન નથી. આહાહા..! આવી વાત, 'હરિભાઈ'! આવું કહેવાતું હશે? બાપુ! સત્ય તો આવું છે. હિતની વાત તો આવી છે, પ્રભુ! તારો આત્મા જ આવો હિતનો ઢગલો છે. આહાહા..! તારામાં કાંઈ ખામી નથી, અધૂરો નથી. આહાહા..!

'**સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન...**' જુઓ! એક જ સિદ્ધાંત લીધો. ધર્મધ્યાન નિશ્ચય સ્વઆશ્રિત જ હોય. આહાહા..! મનથી નહિ, વાણીથી નહિ, દેહથી નહિ, પુણ્યથી નહિ. દેવ, ગુરુ અને શાસ્ત્રથી નહિ. આ શેઠિયાઓએ તો આવું સાંભળ્યું પણ ન હોય. ન્યાં 'લાડનું'માં ક્યાં હતું આવું?

મુમુક્ષુ :– 'લાડનું' તો શું આખા સંસારમાં નથી.

ઉત્તર :– હા. બહુ સાચી વાત છે. એવી વાત છે, બાપા! ઓહોહો..! શું થાય? અરે..રે..!

પ્રાણીઓ પોતાની ચીજને ભૂલીને રખડે છે. એ દુઃખી છે, મહાદુઃખી છે. એને ભાન નથી. પાગલ છે, પાગલ થઈ ગયેલો. આહાહા..!

**'સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન...'** આ આવશ્યક. આ પરમાવશ્યક, જરૂરનું આ. **'સ્વાત્માશ્રિત નિશ્ચય...'** એટલે સાચું **'ધર્મધ્યાન...'** આહાહા..! આત્મા કોણ છે એની ખબર વિના ધર્મધ્યાન ક્યાંથી આવ્યા? બાપા! પ્રભુ! જિંદગી પૂરી થઈ જશે. દેહ ચાલ્યો જશે. એ આત્મા ક્યાંક જાશે, બીજે અવતરશે. બાપુ! ત્યાં કોઈ શરણભૂત સાથે નથી. **'સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન...'** આ મહા સિદ્ધાંત છે. જેને ધર્મ કરવો હોય તો એ નિશ્ચય જે આત્મા ત્રિકાળી, પરમાત્માનું રૂપ જેનું, પરમાત્મા જ પોતે છે, શક્તિ અને સ્વભાવરૂપે પરમાત્મા જ છે. પ્રગટ પર્યાયમાં કરવા માટે તેને માનવું કે હું પરમાત્મા છું. આહાહા..! એવું જે **'સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન...'** આહાહા..! એટલા શબ્દમાં તો કેટલું ભર્યું છે! સ્વઆત્મા સિવાય કોઈ બીજું નહિ અને તે નિશ્ચયધર્મધ્યાન. વ્યવહાર ધર્મધ્યાન પણ નહિ. આહાહા..!

સ્વાત્માશ્રિત (કહ્યું) ત્યારે આત્મા કોણ છે એ પહેલા જાણવો પડશે ને? સ્વત્માશ્રિત કીધું. તો આત્મા કોણ છે? કેવડો છે? કેમ છે? એ કોઈ જાણવું પડશે ને? આત્મા જાણ્યા વિના એમ ને એમ તમારે ધર્મ થઈ જાય? આહાહા..! એ સ્વ-આત્માને જાણવો પડશે. જાણીને આશ્રય લેવો પડે. જાણ્યા વિના શેનો આશ્રય લે? જે ચીજ જાણી નથી એનો આશ્રય શી રીતે લઈશ? આહાહા..! આચાર્યોએ ગજબ કામ કર્યા છે. આ ટીકા કરનાર તો મુનિ છે અને મૂળ ગાથાઓ તો 'કુંદકુંદાચાર્ય'ની છે.

**'સ્વાત્માશ્રિત...'** સ્વઆત્મા કોણ છે એને જાણવો પડશે. પહેલામાં પહેલું જાણવાનું એ છે. કહો, 'હરિભાઈ'! પહેલું શું? સ્વ આત્મા. એ પહેલું બતાવ્યું હતું ને? ભાઈ! ૧૭મી ગાથા. 'સમયસાર'ની ૧૭મી ગાથા. પહેલામાં પહેલો આત્મા જાણવો. ૧૭મી ગાથા. આહાહા..! ત્યાં દેવ-ગુરુને જાણવા ને છ કાયને જાણવા ને છ દ્રવ્યને જાણવા, વનસ્પતિની દયાને જાણવી પહેલી, એમ કાંઈ કહ્યું નથી. આહાહા..! પહેલો આત્મા. અહીં પણ એ કીધું. **'સ્વાત્માશ્રિત...'** એ આત્મા છે કોણ કે જેનો આશ્રય લઈને નિશ્ચય-સાચું ધર્મધ્યાન થાય? એમ અહીં મુનિ પોકારે છે. આહાહા..!

**'અને નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપ...'** સ્વને આશ્રયે જ ધર્મધ્યાન અને નિશ્ચયશુક્લધ્યાન (થાય). વળી શુક્લધ્યાન માટે સંઘયણ, વજનારાચ સંઘયણ હોય ને મનુષ્યપણું હોય ને દેવ-ગુરુ-શાસ્ત્રની મદદ હોય તો શુક્લધ્યાન થાય, એમ નથી. આહાહા..! આવું કામ છે. **'સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન..'** કોઈ કહે કે ભાઈ! એ તો આગળ જતા હોય તો પછી કાંઈક આશ્રય લેવો પડે ને? પહેલેથી જ **'સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન અને નિશ્ચયશુક્લધ્યાન...'** એ સ્વાત્મ આશ્રયે છે. આહાહા..! બધા પૈસા-ફૈસાવાળા પૈસા આપે માટે ધર્મ થઈ જાય એનું મીંડુવાળે છે અહીં તો. 'રતિભાઈ'! આહાહા..! આ લાખ રૂપિયા આપ્યા હતા આણે,

નહિ? 'ભાવનગર'. એના ભાઈએ આપ્યા હતા. એ પણ આપે જ છે ને. આહાહા..! કોણ આપે? કોણ લે? આહાહા..! એ ક્રિયા તો તે કાળે તેની થવાની તે થાય. આહાહા..!

પ્રભુ! તું સ્વનો આશ્રય લેને. બીજી વાત છોડી દે. એમ ભગવાન ત્રણલોકના નાથ તીર્થંકરોનો આવો દિવ્યધ્વનિ છે. આહાહા..! મહાવિદેહના તીર્થંકરો, ભરતના તીર્થંકરો અને ઐરાવતના તીર્થંકરો... આહાહા..! એ અનંતા તીર્થંકરોનો આ એક અવાજ છે. સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન અને સ્વાત્માશ્રિત નિશ્ચયશુક્લધ્યાન. આહાહા..! એ સિવાય ધર્મધ્યાન અને શુક્લધ્યાન છે નહિ. લઈને બેસે, વ્રત લેવા, પોષા કર્યા અને પડિકમણા કર્યા, મોઢે બાંધીને સામાયિકું કરી. ધૂળેય નથી કાંઈ. બધું મિથ્યાત્વનું પોષણ છે. મિથ્યાત્વમાં અનંતો સંસાર વધતો જાય છે. એવી ક્રિયામાં ધર્મ માનવામાં તો અનંત સંસાર વધતો જાય છે. આહાહા..! ભારે આકરું કામ!

દુકાન છોડીને બિચારો અપાસરે સામાયિક કરવા જાય. સામાયિક માની એ સામાયિક નથી, એને સામાયિક માનવી એ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ અનંત સંસાર વધારે છે. અરે..રે..! આવી વાતું! જુઓ! આ દિગંબર સંતોની વાણી છે. આહાહા..! દિગંબર સિવાય ક્યાંય છે નહિ. દિગંબર મુનિઓ અને દિગંબર તીર્થંકરો... આહાહા..! એ સિવાય આવું સત્ય ત્રણ લોકમાં ક્યાંય ક્યાંય બીજે નથી. આહાહા..! મહાવિદેહમાં પણ આ સિવાય બીજામાં ક્યાંય નથી. ભગવાન બિરાજે છે ત્યાં આ છે. આહાહા..!

એવું જે '**બાહ્ય-આવશ્યકાદિ ક્રિયાથી પ્રતિપક્ષ...**' જે આત્માને આશ્રયે આવશ્યક ક્રિયા, જે ધર્મધ્યાન (છે), એ બાહ્ય આવશ્યક ક્રિયા, બાહ્યના છ આવશ્યક, સામાયિક, ચૌવિસંથો, વંદના, પડિકમણું એ બધું વિરુદ્ધ છે. એ અંદરની ક્રિયાથી બધી વિરુદ્ધ ક્રિયા છે. છે? આહાહા..! '**સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન અને નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપ એવું જે બાહ્ય-આવશ્યકાદિ...**' આવશ્યકાદિ એમાં બધું લીધું. જેટલી ક્રિયાકાંડ કરો... આહાહા..! આવશ્યક તો નહિ જ. વિકલ્પ ઉઠે, આ સામાયિક કરી, મેં પડિકમણા કરી, મેં ભગવાનની ચૌવિસંથો .. એ તો નહિ પણ આવશ્યકાદિ બધી ક્રિયાઓ, બાહ્ય જેટલી ક્રિયાઓ કહેવાય... આહાહા..! એ ક્રિયાથી પ્રતિપક્ષ વિરુદ્ધ. હવે અહીં તો નિશ્ચયથી વ્યવહાર વિરુદ્ધ છે. '**શુદ્ધનિશ્ચય પરમાવશ્યક–સાક્ષાત્ અપુનર્ભવરૂપી...**' આહાહા..! એ વિશેષ વાત છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૧૮૩, શ્લોક--૨૭૦, ગાથા-૧૫૮, બુધવાર, અષાઢ સુદ ૪, તા.૧૬-૦૭-૮૦

---

'**ટીકા :– આ, પરમાવશ્યક અધિકારના ઉપસંહારનું કથન છે.**' થોડું કાલે ચાલ્યું હતું. આ પરમાવશ્યક અધિકાર છે. આત્માને જરૂરનું શું કરવું અને શું જરૂરનું નથી, એની વાત છે. જરૂરિયાત આવશ્યક આ છે કે આ આત્મા ચૈતન્યસ્વરૂપ આનંદમૂર્તિ છે એની દૃષ્ટિ કરીને અંતરમાં સ્થિર રહેવું એ કરવાનું છે. એ આવશ્યક–અવશ્ય કરવાલાયક આ છે.

અને એનાથી મુક્તિ થાય છે. બાકી કોઈ ક્રિયાકાંડથી, બહારની ક્રિયા કોઈ સામાયિક અને પૌષધ ને પૂજા ને ભક્તિ ને જાત્રા ને એનાથી મુક્તિ નથી થતી. એ તો બંધનું કારણ છે. એ કહે છે, જુઓ!

**'સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન...'** સ્વાત્માશ્રિત. આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ શરીર અને રાગથી ભિન્ન છે એનો આશ્રય. સ્વાત્માશ્રિત. મહા સિદ્ધાંત છે. જે ભગવાનઆત્મા પરમ આનંદ અને પરમ શાંતિનો કંદ, રસકંદ છે એના આશ્રયથી નિશ્ચય ધર્મધ્યાન થાય છે. આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પુણ્ય અને પાપના ભાવથી રહિત, દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા અને કામ આદિ એ બધો રાગ છે. રાગથી રહિત પ્રભુ છે. એ રાગ રહિત નિશ્ચય જે ધર્મધ્યાન એ સ્વાત્માશ્રિત થાય છે. આહાહા..! આવું સાંભળવું કઠણ પડે. વખત લેવો નથી. રળવું ને ખાવું ને મરવું. થઈ રહ્યું, જાવ. મરીને ચાર ગતિના અવતારમાં. આહાહા..!

કરવાલાયક હોય તો આ કરવાલાયક છે. **'સ્વાત્માશ્રિત...'** પ્રભુ ચૈતન્ય જ્ઞાન-આનંદસ્વરૂપ છે એના આશ્રયે નિશ્ચય સત્ય ધર્મધ્યાન, સાચું શુક્લધ્યાન (થાય). અંતરનું સ્વરૂપ, એ સ્વઆત્માના આશ્રયે ઉત્પન્ન થનારી જે પરિણતિ, નિર્મળ વીતરાગદશા, એનાથી વિરુદ્ધ **'બાહ્ય-આવશ્યકાદિ ક્રિયાથી પ્રતિપક્ષ...'** બાહ્ય ક્રિયા જે સામાયિક, ચૌવિસંથો, વંદન ને પ્રતિક્રમણ એ શુભ વિકલ્પ રાગ છે, એ તો બંધનું કારણ છે. **'બાહ્ય-આવશ્યકાદિ ક્રિયાથી પ્રતિપક્ષ...'** બાહ્ય આવશ્યકથી વિરુદ્ધ. આહાહા..! આવું કામ છે. છે? બાહ્ય આવશ્યક. બાહ્ય સામાયિક, વ્યવહાર સામાયિક, ચોવીસ ભગવાનની સ્તુતિ, વંદન, પૂજા ને ભક્તિ ને એ બધા બાહ્ય આવશ્યક છે. એ તો રાગ છે, રાગ. એમાં કોઈ ધર્મ નથી. આહાહા..!

એ **'બાહ્ય-આવશ્યકાદિ...'** આવશ્યક આદિ લીધું છે. ધર્મ, પૂજા, ભક્તિ, વંદન, નામસ્મરણ, પંચપરમેષ્ઠીનું સ્મરણ એ બધો બાહ્ય ક્રિયાકાંડ રાગ છે. એ કોઈ ધર્મ નથી. આહાહા..! એ **'બાહ્ય-આવશ્યકાદિ...'** છે ને? આવશ્યક અને એ સિવાય બીજી ક્રિયાકાંડ. આહાહા..! બે શબ્દ છે. આવશ્યકાદિ બાહ્ય ક્રિયાકાંડ એનાથી પ્રતિપક્ષ તે ભગવાનઆત્માનો આત્મધર્મ. આહાહા..!

**'શુદ્ધનિશ્ચય-પરમાવશ્યક—'** બાહ્ય ક્રિયાકાંડથી ભિન્ન. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી ભિન્ન. એ ક્રિયાકાંડ તો બધો રાગ છે. રાગ છે એ અધર્મ છે. આહાહા..! એનાથી વિરુદ્ધ ધર્મ. ગજબ છે ને! સાંભળવું કઠણ પડે. દુકાન ને ધંધા આડે નવરાશ ન મળે. આખો દિ' પાપ આડે નવરો ન મળે. એમાં વળી આવી વાત. વ્યવહાર છ આવશ્યકાદિ. એટલે વ્યવહાર છ આવશ્યક, સામાયિક, ચૌવિસંથો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ. એ સિવાય વ્યવહારની બીજી ક્રિયાકાંડ. પંચમહાવ્રતની, પાંચ સમિતિ, ગુપ્તિ આદિ ક્રિયા, બાર વ્રતની ક્રિયા. એ બધી ક્રિયાથી વિરુદ્ધ ધર્મધ્યાન છે. આહાહા..! એનાથી વિરુદ્ધ શુદ્ધનિશ્ચય... હવે

આ લોકો કહે છે કે એનાથી થાય. અહીં કહે છે કે એનાથી વિરુદ્ધ છે આ તો. પ્રતિપક્ષ છે. આહાહા..! એક જ આવશ્યક નથી લીધા. આવશ્યકાદિ જેટલી બાહ્ય ક્રિયા કરવામાં આવે (એ બધી લીધી છે). આહાહા..! જેટલો શુભવિકલ્પ, શુભરાગ, પુણ્યભાવ, શુભભાવ એ બધી બાહ્ય ક્રિયાકાંડ છે. એનાથી પ્રતિપક્ષ નિશ્ચયધર્મધ્યાન છે. આહાહા..!

મુમુક્ષુ :– પૂજામાં તો એમ આવ્યું કે ષટ્ આવશ્યક જે સાધે તે રત્નત્રય આરાધે.

ઉત્તર :– એ આ નિશ્ચય, નિશ્ચય આવશ્યક.

મુમુક્ષુ :– પૂજામાં તો વ્યવહાર હોય કે નિશ્ચય હોય?

ઉત્તર :– એ વ્યવહાર કહ્યો હતો એ વ્યવહાર નહિ, એ ધર્મધ્યાન નહિ. આહાહા..! એવું તો અનંતવાર કર્યું. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આત્મજ્ઞાન. આત્મા ચીજ શું છે? અંદર રત્ન ભર્યાં છે. અનમોલ! અંતર આનંદાદિ અનંત અનંત અણમોલ રત્ન ભર્યાં છે. એવો ભગવાનઆત્મા, એના ભાન, જ્ઞાન અને અનુભવ વિના આવશ્યકાદિ કોઈપણ ક્રિયા.. આહાહા..! મંદિર બનાવવા ને કરોડો રૂપિયા ખર્ચવા, દસ દસ લાખનો ખર્ચ કરીને ગજરથ કાઢવા, ગજરથ, વરઘોડા કાઢવા, શરીરથી બ્રહ્મચર્ય પાળવું. શરીરથી બ્રહ્મચર્ય પાળવું, સ્ત્રીનો વિષય ન લેવો એ પણ શુભભાવ છે. બાળબ્રહ્મચારીપણું પણ શુભભાવ છે. એ ધર્મ નથી. આહાહા..! કેમકે એ તો શરીરની ક્રિયા અટકાવી છે. એ શરીરની ક્રિયા તો શરીરને કારણે અટકી છે. બાહ્ય વિષય ન લેતા. એ કાંઈ આત્મધર્મ નથી. આહાહા..! વ્યવહાર બ્રહ્મચર્ય શરીરની ક્રિયા થાય છે તે ન કરે એ ધર્મ નથી. આવશ્યકાદિ છે ને? આહાહા..! બહારની દયા પાળે, બીજા પ્રાણીની હિંસા ન કરે એ બધો રાગ છે. આત્મધર્મ બિલકુલ નથી. જન્મ-મરણ રહિત થવું એ ચીજથી રહિત છે. આહાહા..!

'**શુદ્ધનિશ્ચય-પરમાવશ્યક–**' શુદ્ધનિશ્ચય, સાચું નિશ્ચય પરમ આવશ્યક. ખાસ, જરૂર કરવાલાયક છે તે. '**સાક્ષાત્ અપુનર્ભવરૂપી (મુક્તિરૂપી)...**' મોક્ષસિદ્ધિ એ રૂપી સ્ત્રી એટલે મુક્તિની પરિણતિ. સિદ્ધ દશાની પરિણતિ રૂપી '**સ્ત્રીના અનંગ (અશરીરી) સુખનું કારણ...**' છે. આહાહા..! આ નિશ્ચય આવશ્યકાદિ જે છે, સ્વાત્માશ્રિત જે છે એ મુક્તિરૂપી સ્ત્રીને પ્રાપ્ત કરવાનું સાધન છે. આહાહા..! છે? '**(અશરીરી) સુખનું કારણ—**' છે. બાકી બધી ક્રિયાકાંડમાં તો શુભભાવ હોય તો શરીર સાધન માને બહારથી. આ ધૂળ મળે. ધૂળ એટલે પૈસા. ધૂળ છે ને? ધૂળ છે ને? એ તો માટી છે.

મુમુક્ષુ :– લોકો પૈસાને એમ કહે છે કે હાથનો મેલ છે.

ઉત્તર :– મેલ જ છે હાથનો. હાથનો મેલ એ જુદી ચીજ, આ જુદી ચીજ. હાથનો મેલ જુદી ચીજ, પૈસા જુદી ચીજ. માટી-ધૂળ છે. આહાહા..! પૈસાથી કંઈ ધર્મ થાય કે પાંચ-પચ્ચીસ લાખ ખર્ચીને મંદિર બનાવવું, રથ કાઢવા, ભગવાનનું મહાત્મ્ય વધારે... આહાહા..!

મહોત્સવ ઉજવે મહોત્સવ. બે-પાંચ લાખ ખર્ચીને ભગવાનનો મહોત્સવ મનાવવો, એ બધી ક્રિયાકાંડથી મુક્તિ નથી મળતી. આહાહા..! એ બધું પરમ આવશ્યકથી વિરુદ્ધ છે.

એનાથી **'સાક્ષાત્ અપુનર્ભવરૂપી...'** નિશ્ચય જે આવશ્યક છે. વ્યવહારથી પ્રતિપક્ષ જે છે, એ સાક્ષાત્ ભવ ન મળે એવી આત્માની શુદ્ધ પરિણતિરૂપી સ્ત્રી.. અશુદ્ધ પરિણતિરૂપી તો વ્યભિચાર છે. પુણ્ય અને પાપનો ભાવ, દયા, દાન આદિ શુભભાવ એ પણ વ્યભિચાર છે. આહાહા..! અવ્યભિચાર–બ્રહ્મચર્ય એને કહીએ, બ્રહ્મ એટલે આનંદસ્વરૂપ પ્રભુ, એમાં તરવું, આનંદમાં રમવું એ બાહ્ય આવશ્યકથી ભિન્ન છે. આહાહા..! આમાં ક્યાં નવરાશ? જિંદગીમાં નિવૃત્તિ ન મળે. આ વસ્તુ આવી...

**'સાક્ષાત્ અપુનર્ભવરૂપી (મુક્તિરૂપી) સ્ત્રીના અનંગ (અશરીરી) સુખનું કારણ–તેને કરીને,...'** જુઓ! એને કરવાનું કહ્યું. **'તેને કરીને,...'** આત્મા આનંદસ્વરૂપ પ્રભુ અતીન્દ્રિય સુખનો સાગર છે, અતીન્દ્રિય જ્ઞાનનો દરિયો છે એમાં લીન થવું, એનો આશ્રય કરીને એમાં લીન થવું. **'તેને કરીને, સર્વે પુરાણ પુરુષો—'** અનંતકાળમાં જે પુરુષો થઈ ગયા. જૂના કાળમાં જૂના પુરુષો મહાવીર આદિ, રામચંદ્ર આદિ બધા આ આત્માની ક્રિયા કરીને મોક્ષે પધાર્યા છે. બાહ્ય ક્રિયાથી કોઈ મોક્ષ પધારે એવું ત્રણકાળમાં, ત્રણલોકમાં નથી. આહાહા..! અનંત તીર્થંકરો, અનંત બળદેવો અને અનંત અનંત રામચંદ્રજી જેવા પુરુષોત્તમ પુરુષો, એ આ અંદરની નિશ્ચય આવશ્યકક્રિયા, બાહ્ય વ્યવહાર આવશ્યક ક્રિયાથી વિરુદ્ધ **'તેને કરીને, સર્વે પુરાણ પુરુષો—'** એ બધા જૂના પુરુષો. આહાહા..! તું કહે છે કે નવું નીકળ્યું? ને વળી તે કાંઈ નવું કરવા માંડ્યું? સર્વ પુરાણ પુરુષોએ તો આ કર્યું છે. આહાહા..!

જૈનધર્મમાં વીતરાગતા અંતર આત્મા સ્વઆત્માને આશ્રયે જ પ્રગટ થાય. એ મહા પુરાણ પુરુષો એ કરી ગયા છે. અનંત... અનંત... અનંત... અનંતકાળમાં જે કાંઈ પુરાણ જૂના... જૂના... જૂના પુરુષો (થયા) એ બધા આ કરી ગયા છે. આહાહા..! કેટલાક એમ કહે છે કે અમારા બાપ-દાદાનો આ ધર્મ છે. તારા બાપ-દાદાનો ધર્મ. પણ ધર્મ છે કે અધર્મ છે? આહાહા..! આ તો કહે છે, તારા બાપ-દાદા જે પુરાણ પુરુષો આ ક્રિયાથી મુક્તિ પામ્યા છે. આહાહા..! અનંતા ભવ થઈ ગયા છે. અનંતા માતા-પિતા, અનંતા પિતા મોક્ષ પધાર્યા. પુરાણ પુરુષ. આહાહા..!

**'સર્વે પુરાણ પુરુષો—કે જેમાંથી તીર્થંકર–'** આહાહા..! એ પણ આ ક્રિયા કરીને મોક્ષે પધાર્યા. આ ક્રિયા. બહારની ક્રિયા નહિ. **'તીર્થંકર-પરમદેવ વગેરે સ્વયંબુદ્ધ થયા અને કેટલાક બોધિતબુદ્ધ થયા...'** આહાહા..! અનંત જ્ઞાની, અનંત સમકિતી, અનંત સાધુ થયા, બહારમાં નગ્નપણું, અંદરમાં વિકલ્પથી રાગરહિતપણું એ સાધુપણું છે. આહાહા..! બહારથી નગ્નપણું, અંદર રાગથી નગ્નપણું. વીતરાગભાવથી પુરાણપુરુષો મુક્તિને પામ્યા છે. આહાહા..!

**'સ્વયંબુદ્ધ થયા અને કેટલાક બોધિતબુદ્ધ થયા...'** કોઈ પોતાથી સમજે અને કોઈ

ગુરુગમથી સમજ્યા. ગુરુ નિમિત્ત. **‘બોધિતબુદ્ધ થયા તેઓ—અપ્રમત્તથી માંડીને...’** આહાહા..! જોયું! છઠ્ઠું, ચોથું, પાંચમું ત્યાં તો જ્ઞાન ને શ્રદ્ધા માત્ર છે. સાતમા ગુણસ્થાનમાં સ્થિરતા છે. આહાહા..! મુનિપણું લીધું હોય તોપણ સાતમું ગુણસ્થાન આવે એ ચારિત્ર છે. આહાહા..! આવા મહાપુરુષો અનંતા થઈ ગયા. એ **‘અપ્રમત્તથી માંડીને સયોગીભટ્ટારક...’** કેવળજ્ઞાની પરમાત્મા અપ્રમત્તથી લઈને પરમાત્મા થઈ ગયા. આહાહા..! ‘રામચંદ્રજી’ આદિ મહાપુરુષો આ ક્રિયા કરીને, નિશ્ચય આત્માની ક્રિયા કરીને... આહાહા..! મોક્ષ પધાર્યા. સંસારનો અવતાર પૂર્ણ કરીને મોક્ષે ગયા.

**‘સયોગીભટ્ટારક સુધીના ગુણસ્થાનોની પંક્તિમાં આરૂઢ થયા થકા,...’** આહાહા..! અનંતા મહાપુરુષો સ્વંયબુદ્ધ પોતાથી સમજ્યા અને કોઈ બોધિતબુદ્ધ-ગુરુગમથી સમજ્યા, પણ મુક્તિ પોતાથી પોતાની થઈ. આહાહા..! એ બધા પુરુષો **‘ગુણસ્થાનોની પંક્તિમાં આરૂઢ થયા થકા,...’** સાતમે, આઠમે, નવમે, દસમે, બારમે, તેરમે, એ ગુણસ્થાનમાં **‘આરૂઢ થયા થકા,...’** આહાહા..! હજી ગુણસ્થાનોના નામ આવડતા ન હોય. ગુણસ્થાન એટલે શું હશે? અંદરની ગુણની નિર્મળ પરિણતિ પ્રગટવી, રાગરહિત વીતરાગી નિર્મળદશા પ્રગટવી એનું નામ અહીંયા ગુણસ્થાન કહેવામાં આવે છે. આહાહા..! હવે આવું કરવા જાવું? કે બાયડી-છોકરાને નાખવા ક્યાં? બાયડીને પરણ્યા છે. બે, ચાર, પાંચ, આઠ, દસ-દસ છોકરા હોય. ચાર-છ છોકરા, ચાર-છ છોકરી હોય એને ક્યાં નાખવા? એ તો પણ પર છે. એ ક્યાં તારા હતા? આહાહા..! તેં માન્યું છે કે મારા છે. એ તો મિથ્યા ભ્રમ અજ્ઞાન છે. પર આત્મા અને પર શરીર, એ તારા આત્માથી પર જુદો આત્મા, તારા શરીરથી જુદું શરીર, એને મારા માન્યા, મારા કુટુંબી અને મારા ઘરવાળા. એમ પૂછે કે આ કોણ છે? કે આ ઘરવાળા છે અમારા. બાયડી એમ કહે કે અમારા ઘરવાળા છે, આ એમ કહે મારી ઘરવાળી છે. ઘર ક્યુ તારું હતું? કયુ ઘર હતું એમાં ઘરવાળી આવી? ઘરવાળો ક્યાંથી આવ્યો? તારું ઘર તો આત્મા આનંદ છે. આહાહા..! દુનિયાથી ઉંધું છે. આહાહા..!

એ બધા અપ્રમત્ત ગુણસ્થાનથી લઈને. એમ લીધું. જુઓ! ચોથા, પાંચમા, છઠ્ઠાને નહિ. ધ્યાનમાં લેવું છે ને? **‘અપ્રમત્તથી માંડીને સયોગીભટ્ટારક...’** એટલે કેવળજ્ઞાની પ્રભુ. સયોગી-યોગવાળા, ભટ્ટારક એટલે પૂજનીક પ્રભુ **‘ગુણસ્થાનોની પંક્તિમાં આરૂઢ થયા થકા,...’** નિર્મળ ધારામાં આરૂઢ થયા થકા. અંતર આનંદસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદનો પિંડ નાથ, પ્રભુ! એમાં અંદર આરૂઢ સ્થિર થતાં. એની શ્રેણી અપ્રમત્ત સાતમુ ગુણસ્થાન, તેરમુ ગુણસ્થાન. એમ અંદર સ્થિર થતાં... આહાહા..! **‘આરૂઢ થયા થકા, પરમાવશ્યકરૂપ આત્મારાધનાના પ્રસાદથી...’** ખાસ જરૂરનું–મનુષ્યપણું પામીને ભવના અભાવ કરવાનું પરમાવશ્યક. પરમ આવશ્યક એટલે પરમ જરૂરનું. આહાહા..! પરમ આવશ્યક એટલે પરમ જરૂરનું. પરમ જરૂરરૂપ આત્મ-આરાધના. આહાહા..! ભાષા પણ કેવી છે!

મનુષ્યપણું પામીને પરમ જરૂરનું કામ આત્મ-આરાધના છે. કોઈ ક્રિયાકાંડ કરવી એ નહિ. એવું તો અનંતવાર કર્યું. પણ ભવભ્રમણ ઘટ્યા નહિ, ભવનો નાશ ન થયો. એ કાગડા, કૂતરા, વાઘ, સિંહ, ભૂંડના અવતાર (કર્યા). અને પછી ત્યાં માંસ ખાય અને પછી નરકના અવતાર. નરકમાં જાય. એવા અનંતા ભવ કર્યા. આહાહા..! એ બધા સંસારનો અભાવ કરી પરમાવશ્યકરૂપ. પરમ જરૂરિયાતરૂપ **'આત્મારાધના...'** અહીં તો આત્મ આરાધના કીધી છે. કોઈ ક્રિયા કરવી કે એ કાંઈ નથી. આત્મ આરાધના એ ક્રિયા છે. આહાહા..!

**'પરમાવશ્યકરૂપ...'** પરમ જરૂરવાળું. અને એનાથી મુક્તિ થાય એવી ક્રિયા. એવા **'આત્મારાધનાના પ્રસાદથી...'** આત્મ આરાધનાના પ્રસાદથી. આહાહા..! ચૈતન્યપ્રભુ અનંત આનંદ અને અનંત વીતરાગમૂર્તિ અંદર આત્મા છે. એ પ્રભુના પ્રસાદથી... આહાહા..! એની કૃપાથી **'કેવળી–સકળપ્રત્યક્ષજ્ઞાનધારી–થયા.'** આહાહા..! પરમ આવશ્યકરૂપ. પરમ એટલે જરૂરનું ખાસ કામ છે. ખાસ કામ એટલે ખાસ જરૂરનું કામ. ખાસ જરૂરનું કામ તો આત્મ-આરાધના છે. આહાહા..! અંદર ભગવાનઆત્મા અંતર ચમત્કાર ચૈતન્યના આનંદ, જ્ઞાન, શાંતિ અને પ્રભુતા, ઈશ્વરતા આદિ અંતર શક્તિનો ભંડાર ભરેલો છે. એવું પરમ આવશ્યક-જરૂરની આત્મ આરાધના, એના પ્રસાદથી. **'આત્મારાધનાના પ્રસાદથી...'** વ્યવહાર ક્રિયાકાંડ અને વ્યવહારરત્નત્રય કરતાં કરતાં કેવળી થયા એમ નથી. એમાં આવ્યું કે નહિ? આહાહા..! વ્યવહાર કરો... વ્યવહાર કરો... વ્યવહાર કરો. 'સોનગઢ'વાળા વ્યવહારનો નિષેધ કરે છે. એમ કહે છે. કહે તારે કહેવું હોય એ. વસ્તુ તો આમ છે. વસ્તુ તો આવી છે. આહાહા..!

અંતરમાં ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદ પરમાત્માની મૂર્તિ છે. એ તો ભગવાન છે અંદર. તારી નજરને આળસે દેખાતો નથી. એની આરાધનાથી–ભગવાન પરમાત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય ઘન આનંદકંદ, અનાકુળ જ્ઞાન, શાંતિનો કંદ, એની આરાધનાથી. આહાહા..! એ આરાધનાના પ્રસાદથી **'કેવળી–સકળપ્રત્યક્ષજ્ઞાનધારી–થયા.'** કોઈ વ્યવહારથી કેવળી થયા એમ નથી કહ્યું. ક્યાંક લખ્યું હોય તો એ મોઢા આગળ મૂકે. પણ લખ્યું એ તો જાણવા માટે. અહીંયાં આ કહ્યું અને ત્યાં તે કહ્યું, એમાં વિરુદ્ધ હોય? 'સમયસાર'ની 'જયસેનાચાર્ય'ની ટીકામાં વ્યવહાર સાધક અને નિશ્ચય સાધ્ય કહ્યું છે. એ તો જ્ઞાન કરાવવા માટે કહ્યું છે. પણ એ માને કે વ્યવહાર સાધન કરતા કરતા શુદ્ધ નિશ્ચય થશે. આહાહા..! અહીં જરૂરિયાત કોને છે? સ્ત્રી, કુટુંબ, ધંધો, વેપાર, ખાવું, પીવું, સૂવું, નભવું, કુટુંબને નભાવવું. ઇ કરવું કે આ કરવું? આહાહા..!

અહીં તો પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ કહે છે કે હું પણ તીર્થંકર પરમદેવાદિ સ્વયંબુદ્ધ થયા એ બધા આ રીતે થયા. નામ આપ્યું છે. **'તીર્થંકર-પરમદેવ વગેરે સ્વયંબુદ્ધ થયા અને કેટલાક બોધિતબુદ્ધ થયા તેઓ–'** પણ આ રસ્તે થયા. આહાહા..! હજી એની ખબરે ન મળે. સાંભળ્યું ન હોય. અરે..! આવો મનુષ્યભવ ચાલ્યો જશે. પ્રભુ! તારો ક્યાં અવતાર થશે? તારો તો કાંઈ નાશ થાય એવો નથી. તું તો નિત્ય વસ્તુ છો. નિત્ય વસ્તુ

છે. આ તો નાશવાન છે, આની રાખ થશે. મસાણની રાખ થશે. તારી સત્તા, તારું અસ્તિત્ત્વ ક્યાં રહેશે? આહાહા..! અહીંથી છૂટીને ક્યાં જઈશ? કાંઈ ખબર ન મળે ક્યાં જાવું છે એની. આહાહા..!

પશુ જેવા અવતાર. આહાહા..! પશુ કેમ કહે છે? પશ્યતે પશુ, બધ્યતે ઇતિ પશુ. જેમાં સંસારનું બંધન થાય એ પશુ. એવો પાઠ છે. 'સમયસાર' ૧૪ બોલમાં. ૧૪ બોલ છે. આહાહા..! પશુને જેમ ઘાસ અને ચુરમાનો વિવેક નથી. ઘાસ અને ચુરમુ-ચુરમુ. એટલે શુભ. એ બે ચીજની જેને ભિન્નતા નથી એવા અજ્ઞાનીને શરીર, રાગ અને ભગવાનઆત્માની ભિન્નતાનું ભાન નથી. એ પશુ છે. આહાહા..! એ ચાલતા મડદા છે. એમ 'મોક્ષપાહુડ'માં પાઠ છે. 'મોક્ષપાહુડ'માં પાઠ છે. ચાલતા મડદા છે. ઓલા મરી ગયેલાને ઉપાડીને લઈ જાય. આ ચાલતા મડદા છે. આહાહા..!

**'સકળપ્રત્યક્ષજ્ઞાનધારી...'** આ આત્મ-આરાધના છે. પરમ જરૂરરૂપ આ એક જ છે. એક પંક્તિમાં તો આખો મોક્ષમાર્ગ બતાવ્યો. **'પરમાવશ્યકરૂપ આત્મારાધનાના પ્રસાદથી...'** એના પ્રસાદથી **'કેવળી–સકળપ્રત્યક્ષજ્ઞાનધારી–થયા.'** કોઈ વ્યવહારથી થયા. મહાવ્રત પાળે, શરીરથી બ્રહ્મચર્ય પાળે, છપરબી બ્રહ્મચર્ય પાળે, છપરબી કંદમૂળ ન ખાય, ચોવિહાર રાત્રિનો ત્યાગ કરે. એ તો બધા શુભભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :– એનાથી તો પ્રતિપક્ષ કહ્યો છે.

ઉત્તર :– પ્રતિપક્ષ છે આ તો. આહાહા..! બાળબ્રહ્મચારીપણું પાળે તોપણ શુભભાવ છે. શરીરથી ક્રિયા થઈ નહિ. એ તો શરીર જડ છે, જડની ક્રિયા એમ થઈ નહિ એમાં માની લીધું કે હું ધર્મ કરું છું. આહાહા..!

ધર્મ તો આત્માનું આરાધન, સેવન, અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય આનંદની પ્રભુની શક્તિ છે. પ્રભુની શક્તિથી ભરેલો છે. પોતે પ્રભુ છે, પરમેશ્વર છે. આહાહા..! પ્રભુ નામની એમનામાં શક્તિ છે. ૪૭ શક્તિમાં. એવી અનંતી શક્તિ પ્રભુની શક્તિથી ભરેલો છે. આહાહા..! એને છોડીને રાગની ક્રિયાથી ધર્મ થાય, રાગની ક્રિયાથી આત્માનું આરાધન થાય છે એ મિથ્યાભ્રમ છે, મિથ્યાત્વ છે. આહાહા..! આવું કામ છે. છેલ્લી ગાથા છે ને? છેલ્લામાં છેલ્લું આવશ્યક કરવાનું હોય તો આ છે. છેલ્લામાં છેલ્લું કરવાનું હોય તો આ છે. બાકી બધા મીંડા છે. આહાહા..! ૨૫-૫૦ લાખ ભલે ભેગા કર્યા હોય, અને બે-પાંચ-દસ-દસ લાખના દાન કર્યા હોય. એમાં કોઈ ધર્મ નથી. દસ લાખ રૂપિયા આપે તોપણ ધર્મ નથી. આહાહા..! રૂપિયા ક્યાં એના બાપના હતા? રૂપિયા તો જડ છે. રૂપિયા-જડના સ્વામી થવું એ તો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. પરચીજના ધણી થવું (એ મૂઢ છે). આહાહા..!

અહીંયાં તો રાગના સ્વામી થવું એ મિથ્યાદૃષ્ટિ છે. શુભરાગ એ ઘોર સંસાર છે. વીતરાગી મૂર્તિ પ્રભુ અંદર, અમૃતનો સાગર પ્રભુ અંદર દરિયો, એ શુભરાગ ઝેર છે, એ તો ઝેર

છે. ઘોર સંસાર છે. આહાહા..! એનાથી લાભ માનવો એ મિથ્યાદષ્ટિપણું છે. આત્માનું અનઆરાધકપણું છે, આત્માનું વિરાધકપણું છે. આહાહા..! આવું સાંભળવું કઠણ પડે. દુનિયાના કામ આડે, ધંધા આડે નવરો થયો નહિ. એમાં આ સાંભળવાનું મળતું ન હોય.

આ પ્રભુ આત્મા ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્મા પોતાના સ્વભાવમાં આરાધન થાય.. આહાહા..! પુણ્ય-પાપના વિકલ્પ એટલે રાગ છોડીને પોતાના સ્વભાવનું સેવન કરે, તેને અહીંયા આત્માનો ધર્મ-આરાધન કહે છે. જરૂરિયાતનું તો આ છે. આહાહા..!

**'[હવે આ નિશ્ચય-પરમાવશ્યક અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ બે શ્લોક કહે છે :]'**

## શ્લોક–૨૭૦

(शार्दूलविक्रीडित)

**स्वात्माराधनया पुराणपुरुषाः सर्वे पुरा योगिनः**
**प्रध्वस्ताखिलकर्मराक्षसगणा ये विष्णवो जिष्णवः।**
**तान्नित्यं प्रणमत्यनन्यमनसा मुक्तिस्पृहो निस्पृहः**
**स स्यात् सर्वजनार्चितांध्रिकमलः पापाटवीपावकः।।२७०।।**

**[શ્લોકાર્થ :–] પૂર્વે જે સર્વ પુરાણ પુરુષો–યોગીઓ–નિજ આત્માની આરાધનાથી સમસ્ત કર્મરૂપી રાક્ષસોના સમૂહનો નાશ કરીને *વિષ્ણુ અને જયવંત થયા (અર્થાત્ સર્વવ્યાપી જ્ઞાનવાળા જિન થયા), તેમને જે મુક્તિની સ્પૃહાવાળો નિઃસ્પૃહ જીવ અનન્ય મનથી નિત્ય પ્રણમે છે, તે જીવ પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન છે અને તેનાં ચરણકમળને સર્વ જનો પૂજે છે. ૨૭૦.**

## શ્લોક–૨૭૦ ઉપર પ્રવચન

બે-શ્લોક. આ ટીકા હતી.

**स्वात्माराधनया पुराणपुरुषाः सर्वे पुरा योगिनः**
**प्रध्वस्ताखिलकर्मराक्षसगणा ये विष्णवो जिष्णवः।**
**तान्नित्यं प्रणमत्यनन्यमनसा मुक्तिस्पृहो निस्पृहः**
**स स्यात् सर्वजनार्चितांध्रिकमलः पापाटवीपावकः।।२७०।।**

આહાહા..! થોડું પણ સત્ય હોવું જોઈએ. મોટી મોટી વાતું કરીને આમ કરો ને આમ કર્યું ને જૈનશાળા બનાવી. શું કહેવાય ઇ? આ થવાનું છે ને તમારે? શિબિર-શિબિર. શિક્ષણ શિબિર બનાવી. શીખવાડ્યું, એક હજાર માણસ આવ્યા હતા. એમાં તને શું થયું? આહાહા..! તેં શું કર્યું? એ તો બધો રાગ છે. એ બધો સંસાર છે. આહાહા..! ગજબ વાત છે.

મુમુક્ષુ :– શિબિરમાં તો જ્ઞાન પ્રાપ્ત થાય છે.

ઉત્તર :– એ જ્ઞાન પરલક્ષી ધારણા. પરલક્ષી ધારણા. સ્વલક્ષી જ્ઞાન આરાધન તો અલૌકિક વાત છે. આહાહા..! આત્મા જે અંદર શુદ્ધ ચિદાનંદની મૂર્તિ પરમ આનંદનો નાથ, એની પ્રાપ્તિ એ તો કોઈ અલૌકિક ચીજ છે. આહાહા..! એ વિના ધર્મ છે નહિ. લાખ જાત્રા કરે, લાખ, કરોડ વ્રત પાળે.. આહાહા..! દયા પાળે, વ્રત પાળે, બ્રહ્મચર્ય પાળે એ બધો રાગ છે, ધર્મ નહિ. આહાહા..!

ધર્મ તો આત્મા આનંદસ્વરૂપ નિર્વિકલ્પ, રાગના વિકલ્પથી રહિત, એની અંદર આત્માની આરાધના એને ભગવાન ધર્મ કહે છે. ત્રિલોકનાથ પરમાત્મા તો આને ધર્મ કહે છે. અજ્ઞાની પોતાના સ્વચ્છંદે ગમે તે માને. સ્વચ્છંદી થઈને ગમે તે માનો. પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ મહાવિદેહમાં વર્તમાન પ્રરૂપણા છે. વીસ તીર્થંકર બિરાજે છે, લાખો કેવળી બિરાજે છે. આહાહા..! ત્રણેકાળે મહાવિદેહમાં તીર્થંકરનો વિરહ નથી, કેવળીનો વિરહ નથી. આહાહા..! ત્યાં પણ અનંતવાર ગયો, અનંતવાર જન્મ્યો અને અનંતવાર તે સમવસરણમાં પણ ગયો, પણ અંતર આત્મા શું ચીજ છે એની ખબર નહિ. આહાહા..! આત્મા સિવાય જેટલી ક્રિયા (કરે)– ભગવાનની જાત્રા, ભગવાનની પૂજા, ભગવાનના દર્શન એ બધી ક્રિયા રાગ છે. એમાં કાંઈ ધર્મ-બર્મ છે નહિ. અશુભથી બચવા આવે છે, આવે. શુભરાગ અશુભથી બચવા આવે, પણ છે અધર્મ. આહાહા..!

મુમુક્ષુ :– અધર્મ શા માટે કરવો જોઈએ? છોડી દેવું જોઈએ.

ઉત્તર :– અશુભથી બચવા આવે. નબળાઈ છે ને. કમજોરી છે. અશુભથી, કુસ્થાનથી, અસ્થાનથી, વિરુદ્ધ સ્થાનથી બચવા શુભભાવ વચ્ચે આવે છે, પણ એ શુભભાવ અધર્મ છે, ધર્મ નહિ. ધર્મ તો શુભરાગથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ ભગવાન અંદર બિરાજે છે, આનંદની મૂર્તિ પ્રભુ વીતરાગ સ્વભાવનો પિંડ આત્મા છે, એનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ! આહાહા..! ધર્મ બહુ સૂક્ષ્મ છે. આહાહા..! લોકો કંઈક પોતાની કલ્પનાથી માને કે ભગવાનના દર્શન કર્યા, શેત્રુંજયની જાત્રા કરી, આ શું કહેવાય મોટું? સમ્મેદશિખર. સમ્મેદશિખરની જાત્રા કરી તો ધર્મ થયો. બિલકુલ ધર્મ નથી.

મુમુક્ષુ :– ૪૯ વાર જાત્રા કરે તો થાય.

ઉત્તર :– લાખ વાર કરે તોપણ જાત્રા નથી.

'છ ઢાળા'માં આવે છે. 'લાખ વાતની વાત...' 'છ ઢાળા'માં આવે છે. 'લાખ વાતની

વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ-ફંદ નિશ્ચય આતમ ધ્યાવો.' આહાહા..! 'છ ઢાળા'માં આવે છે. છે એમાં ઇ? લાખ વાતની વાત, કરોડ વાતની વાત, અનંત વાતની વાત... આહાહા..! વીતરાગનો માર્ગ ત્રણલોકના નાથ તીર્થંકરનો માર્ગ અંદર આત્મા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના રાગથી ભિન્ન છે એનું આરાધન તે ધર્મ છે, બાકી તો અધર્મ છે. આહાહા..! એ શુભરાગ પણ અધર્મ છે. આહાહા..! ભક્તિ ને પૂજા ને જાત્રા ને એ બધો શુભરાગ છે. રાગ એ અધર્મ છે. ધર્મ, રાગરહિત અંતર ચૈતન્યમૂર્તિ પ્રભુ (એનો અનુભવ થવો તે ધર્મ છે). આહાહા..! ભારે આકરું લાગે. લોકો માને જાણે ધર્મ થઈ જશે. શેત્રુંજયની જાત્રા કરે, પછી સાધુ-બાધુ હોય એને આહાર-પાણી આપે તો પરિત સંસાર થઈ ગયા. એ સાધુ જ ક્યાં હતો હજી? સાધુ કોને કહેવા એની તને ખબર નથી. સાધુ કહેવો કોને?

અહીં તો આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદમૂર્તિ, એના શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ વિના જેટલી ક્રિયાકાંડ છે એ બધા મીંડા છે. બધા બંધનનું કારણ છે. આહાહા..! કોઈ લાખ ક્રિયાકાંડ (કરે), કરોડ-બે કરોડ રૂપિયા ભક્તિમાં અને મોટા દાનમાં ખર્ચે એ રાગ છે, ધર્મ નહિ. અહીં તો ચોખ્ખી વાત છે. ઢંઢેરો પીટીને વાત છે. અહીં ગુપ્ત વાત નથી. આહાહા..!

એને ક્યાં પડી છે. હું કોણ છું? અરે..રે..! મારી સત્તા ક્યાં રહેશે? હું તો છું. મારી સત્તા તો છે. આ સત્તાનો નાશ થશે. મારી સત્તાનો નાશ થાય એવો નથી. આનો નાશ પણ નહિ થાય. એ તો પર્યાય પલટે એનું નામ નાશ કહેવાય. પરમાણુની પર્યાય પલટે એને નાશ–વ્યય કહેવાય. એમ આત્મા પણ દેહ છોડીને ક્યાં જશે? અનંતકાળ રહેવાનો છે. ભવિષ્યમાં તો અનંતકાળ રહેવાનો છે. ક્યાં રહેશે એની પડી છે એને કાંઈ? આહાહા..! અહીંથી દેહ છોડીને ભવિષ્યમાં અનંતકાળ રહેશે. આ દેહનો તો નાશ થવાનો છે, મસાણમાં રાખ થવાની છે. દેહ છોડીને આત્મા અનાદિ રહેશે. ક્યાં રહેશે એનું ભાનેય ક્યાં છે? આહાહા..! મૂંઢની જેમ જિંદગી ગાળી. આહાહા..! અહીં તો એ કહે છે. હવે શ્લોક આવ્યો ને?

**શ્લોકાર્થ :- 'પૂર્વે જે સર્વ પુરાણ પુરુષો–યોગીઓ—'** આહાહા..! જૂના પુરુષો જે મોક્ષગામી થઈ ગયા, અનંતા તીર્થંકરો, કેવળીઓ, બળદેવ, રામચંદ્રજી આદિ એ **'નિજ આત્માની આરાધનાથી...'** આહાહા..! નિજ આત્મા. જુઓ! નિજ આત્મા કીધો છે. પર આત્મા નહિ. પરમાત્મા નહિ, તીર્થંકર પણ નહિ, એની મૂર્તિ પણ નહિ અને એનું સમવસરણ પણ નહિ. ભગવાનનું સાક્ષાત્ સમવસરણ ને પૂજા, ભક્તિ ને વંદન એ શુભભાવ છે, પુણ્ય છે, સંસાર છે. આહાહા..!

**'પૂર્વે જે સર્વ પુરાણ પુરુષો–'** મહા જૂના અનાદિ પુરુષો થઈ ગયા. ધર્મ કરીને, આરાધન કરીને મોક્ષ પધાર્યા. એ **'યોગીઓ—નિજ આત્માની આરાધનાથી...'** આહાહા..! પરઆત્માની નહિ. આહાહા..! ભગવાનની આરાધનાથી નહિ. ભગવાન પણ પરદ્રવ્ય છે. નિજ આત્મા

પોતાનું જે સ્વરૂપ, એની **'આરાધનાથી સમસ્ત કર્મરૂપી રાક્ષસોના સમૂહનો નાશ કરીને...'** છે? **'નિજ આત્માની આરાધનાથી સમસ્ત કર્મરૂપી રાક્ષસોના...'** આહાહા..! પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ એ કર્મરૂપી રાક્ષસ છે. આહાહા..! તને ખાય જાય છે. અરે..રે..! આ વાત સાંભળવા મળે નહિ. શેઠિયાઓને વધારે માખણ ચોપડે. પૈસા ખર્ચો, આમ કરો, આ કરો. આહાહા..!

**'નિજ આત્માની આરાધનાથી સમસ્ત કર્મરૂપી રાક્ષસોના સમૂહનો નાશ કરીને...'** આહાહા..! **'વિષ્ણુ...'** થયા. **'વ્યાપક.'** આખા લોકાલોકનું જ્ઞાન થઈ ગયું. એ વ્યાપક. અંતર આરાધના કરીને, ચૈતન્યની અંતર આરાધના કરીને વ્યાપક થઈ ગયા. ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન થઈ ગયું એ વ્યાપક. વ્યાપક એટલે એને બધું જ્ઞાન પ્રસરી ગયું. લોકાલોકનું જ્ઞાન થઈ ગયું. પણ આ ક્રિયાથી–અંતર આત્માની આરાધનાની ક્રિયાથી. બહારની ક્રિયા વ્રત ને ભક્તિ ને જાત્રા-બાત્રા એનાથી કાંઈ થાય એવું નથી. એ બધા રાગ બંધનના કારણ છે. આહાહા..!

**'વિષ્ણુ = વ્યાપક. (કેવળી ભગવાનનું જ્ઞાન સર્વને જાણતું હોવાથી તે અપેક્ષાએ તેમને સર્વવ્યાપક કહેવામાં આવે છે.)'** આત્મા સર્વવ્યાપક નથી થતો. સર્વવ્યાપક આમ આત્મા લોક પ્રમાણે થઈ જતો નથી. આત્મા અહીંયા રહીને ત્રણકાળ અને ત્રણલોકનું જ્ઞાન થાય છે. એને અહીંયાં એનો વ્યાપક કહેવામાં આવે છે. આહાહા..! હવે અમે ધર્મ ન કરી શકીએ પણ કાંઈક તો થાશે. એમ કેટલાક કહે. કાંઈક તો અમારું થાશે. થાશે તમારું રખડવાનું. ધર્મ વિના ગમે તે શુભ ક્રિયાકાંડ કરો, એ સંસાર છે. આકરી વાત છે, પ્રભુ! આહાહા..!

અહીં એ જ કહે છે ને? સર્વવ્યાપક થયો એટલે? પોતાનું આરાધન કરીને સર્વવ્યાપક થયો એટલે? ત્રણકાળ ત્રણલોકને જાણનાર થયો. એ વ્યાપક. આમ લોકમાં પ્રસરી ગયા એમ નહિ. જ્ઞાન થયું. વિષ્ણુ એટલે જયવંત થયા. **'વિષ્ણુ અને જયવંત થયા (અર્થાત્ સર્વવ્યાપી જ્ઞાનવાળા જિન થયા,),...'** સર્વને જાણનારા જિન થયા. આહાહા..! 'ઘટ ઘટ અંતર જિન વસે...' તું તો જિનસ્વરૂપી જ છો, પ્રભુ! 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન, મતમદિરા કે પાન સો મતવાલા સમજે ન.' પોતાના અભિપ્રાયના, આગ્રહના મતવાળા દારૂ પીધેલા, પોતાના અભિપ્રાયના દારૂ પીધેલા સત્યને સમજતા નથી. સત્ય વાત આવે તો કહે, એય..! એ તો નિશ્ચય છે, એ તો નિશ્ચયની વાત છે. આહાહા..! બાપુ! નિશ્ચય એટલે સત્ય, વ્યવહાર એટલે જૂઠું. આહાહા..! આકરી વાત છે. સાંભળવું જ મુશ્કેલ પડે એવું છે.

અહીં કહે છે, **'વિષ્ણુ અને જયવંત થયા...'** આત્માનું નિર્મળ નિર્વિકલ્પ આરાધન કર્યું. રાગ વિનાની આત્માની શ્રદ્ધા, રાગ વિનાનું જ્ઞાન અને રાગ વિનાનું ચારિત્રસ્વરૂપ, એનાથી વિષ્ણુ થયા. **'વિષ્ણુ અને જયવંત થયા...'** ત્રણકાળ અને ત્રણલોકનું જ્ઞાન થઈ અને જયવંત

થયા. આહાહા..! **'તેમને જે મુક્તિની સ્પૃહાવાળો નિઃસ્પૃહ જીવ...'** મુક્તિની સ્પૃહાવાળો નિઃસ્પૃહ જીવ **'અનન્ય મનથી નિત્ય પ્રણમે છે,...'** એવા પરમાત્માને મુક્તિની સ્પૃહાવાળા. વ્યવહાર લીધો છે. નિઃસ્પૃહ જીવ. કોઈ આશા વિના અનન્ય મનથી નિત્ય નમન કરે છે. સિદ્ધસ્વરૂપી નમન કરે છે. આહાહા..! સિદ્ધમાં રમણ કરે છે, સિદ્ધસ્વરૂપ પોતાનું તેને નમન કરે છે.

**'તે જીવ પાપરૂપી અટવીને...'** આહાહા..! પાપરૂપી વન. આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પાપ છે. પુણ્ય પણ પાપ છે. 'પાપ પાપ તો સહુ કહે પણ અનુભવી જીવ તો પુણ્યને પણ પાપ કહે.' 'યોગસાર'માં આવે છે. 'પાપ પાપ તો સહુ કહે પણ અનુભવી જીવ પુણ્યને પાપ કહે.' પુણ્ય અને પાપ બેય બંધન છે. આહાહા..! બંધન છે. એનાથી રહિત થઈને. આહાહા..! **'જીવ પાપરૂપી અટવીને બાળવામાં...'** પાપમાં શુભ અને અશુભ બધું લેવું. આહાહા..! **'પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન છે...'** આહાહા..! અંતર ભગવાન આનંદસ્વરૂપ, એની અંદરની એકાગ્રતા એ પુણ્ય અને પાપરૂપી અટવી એટલે વન, એને બાળવાને અગ્નિ સમાન છે. આહાહા..! એટલી એમાં તાકાત છે.

**'અને તેના ચરણકમળને...'** એ ધર્માત્મા પૂર્ણ જે થયા તેવા જીવના **'ચરણકમળને સર્વ જનો પૂજે છે.'** સર્વ જીવ એને પૂજે છે. પોતે પૂજનિક દશા તો પામ્યા પણ બીજા જીવો પણ એને પૂજે છે. આહાહા..! પાપ અને પુણ્ય કરનાર તો પોતે દુઃખી અને બીજાઓ પણ એને દુઃખી દેખે છે. આ ધર્મ, પુણ્ય અને પાપરહિત પોતાના સ્વરૂપનું ધ્યાન કરનાર, મોક્ષ પ્રાપ્ત કરનારા પવિત્ર છે અને એને દુનિયા પણ પૂજે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક–૨૭૧

(मंदाक्रांता)

मुक्त्वा मोहं कनकरमणीगोचरं हेयरूपं
नित्यानन्दं निरुपमगुणालंकृतं दिव्यबोधम्।
चेतः शीघ्रं प्रविश परमात्मानमव्यग्ररूपं
लब्ध्वा धर्मं परमगुरुतः शर्मणे निर्मलाय।।२७१।।

इति सुकविजनपयोजमित्रपंचेन्द्रियप्रसरवर्जितगात्रमात्रपरिग्रह श्रीपद्मप्रभमलधारिदेव-विरचितायां नियमसारव्याख्यायां तात्पर्यवृत्तौ निश्चयपरमावश्यकाधिकार एकादशमः श्रुतस्कन्धः।।

**[શ્લોકાર્થ :–] હેયરૂપ એવો જે કનક અને કામિની સંબંધી મોહ તેને છોડીને, હે ચિત્ત! નિર્મળ સુખને અર્થે પરમ ગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને તું અવ્યગ્રરૂપ (શાંતસ્વરૂપી) પરમાત્મામાં–કે જે (પરમાત્મા) નિત્ય આનંદવાળો છે, નિરુપમ ગુણોથી અલંકૃત છે અને દિવ્ય જ્ઞાનવાળો છે તેમાં–શીઘ્ર પ્રવેશ કર. ૨૭૧.**

**આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) નિશ્ચય-પરમાવશ્યક અધિકાર નામનો અગિયારમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**

---

**પ્રવચન નં. ૧૮૪, શ્લોક--૨૭૧, ગાથા-૧૫૯, ગુરુવાર, અષાઢ સુદ ૫, તા.૧૭-૦૭-૮૦**

---

૨૭૧-કળશ.

**मुक्त्वा मोहं कनकरमणीगोचरं हेयरूपं**
**नित्यानन्दं निरुपमगुणालंकृतं दिव्यबोधम्।**
**चेतः शीघ्रं प्रविश परमात्मानमव्यग्ररूपं**
**लब्ध्वा धर्मं परमगुरुतः शर्मणे निर्मलाय।।२७१।।**

**શ્લોકાર્થ :- 'હેયરૂપ એવો જે કનક અને કામિની...'** કંચન અને કામિની જેને પ્રિયરૂપ લાગ્યા છે એને હેયરૂપ કરવું. ઘૂંચી ગયો. અહીંયાં તો કહે છે કે **'હેયરૂપ એવો જે કનક અને કામિની સંબંધી મોહ...'** આહાહા..! પર સંબંધી મોહ. પોતાનું ચૈતન્યસ્વરૂપ આનંદમૂર્તિ ભગવંત, એને છોડીને કંચન અને કામિનીના મોહમાં પડ્યો છે. એને છોડીને. ભાષા તો સહેલી છે. એને છોડીને. પણ અંદરમાં એને છોડીને. આત્માનો પ્રેમ અને આનંદનો અનુભવ થાય ત્યારે કંચન અને કામિનીનો મોહ છૂટશે. એક ચીજની મહિમા આવે તો બીજી ચીજની મહિમા છૂટી જાય છે. એક આત્માની મહિમા (આવે કે) ઓ..હો..! હું આનંદ અને જ્ઞાનસ્વરૂપ એક આત્મા ભગવાન પરમેશ્વર (છું). પર્યાયમાં પર ઉપર લક્ષ જતાં પોતાના સ્વરૂપને ભૂલી જાય છે. તો પોતાના સ્વરૂપને જાણવા માટે પરનો પ્રેમ છોડવો. ઓહોહો..!

બે શબ્દ લીધા. એમાં આખી દુનિયા આવી ગઈ. આહાહા..! કંચન અને કામિની. એટલે કે બહારની લક્ષ્મી આદિ અને સ્ત્રી આદિ, એના મોહને છોડીને. ભાષા તો એમ જ આવે. બાકી તો છોડવું એ પણ વ્યવહાર છે. પોતાનો આત્મા અતીન્દ્રિય આનંદ સુખરૂપ, એના રસ અને પ્રેમમાં મોહ છૂટી જાય છે. મોહ છોડવો પડતો નથી. પણ ઉપદેશમાં તો એવી

રીત આવે છે કે એને છોડ. અહીંયા લગની લગાવ અને એને છોડ. આહાહા..! અરે..! તારે જન્મ-મરણ, ભવભ્રમણ, પરિભ્રમણ છોડવું હોય તો, ભવ ભવની ગતિમાં રઝળે છે એ ભવભ્રમણને છોડવું હોય તો એ બાજુ પરિભ્રમણનું કારણ લક્ષ્મી અને સ્ત્રી બે, એમાં બધું આવી ગયું... આહાહા..! એનો મોહ એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! જેમાં બિલકુલ લાભનું કારણ નથી, નુકસાનનું કારણ છે એમાં પ્રેમબુદ્ધિ એ નુકસાનકારક મિથ્યાત્વ છે. આહાહા..! સાધારણ વાત નથી.

ભાષા તો કંચન અને કામિની કહી છે, પણ આત્મા સિવાય કોઈપણ પર ચીજમાં વિશેષ, અધિક, આશ્ચર્યકારી અને સુખબુદ્ધિ રાખનારી કોઈ ચીજ હોય તો એ ચીજથી પોતાની ચીજનો પત્તો નથી લાગતો. આહાહા..! આવો છે. એનો અર્થ આખા સંસારનો પ્રેમ છોડ. કંચન અને કામિની, એક કોર અકંચન અને આ નિર્દોષ આનંદ ભગવાન, એનો અનુભવ કરવાથી, અનુભવ કરવાથી પર વસ્તુ જે છે, કંચન અને કામિની તો બે નામ આપ્યા, પણ બધી પર વસ્તુ પ્રત્યેનો મોહ છોડી દે. આહાહા..!

**'હે ચિત્ત!'** પરનો મોહ છોડીને, હે ચિત્ત! આહાહા..! **'નિર્મળ સુખને અર્થે...'** નિર્મળ આનંદનું કારણ, નિર્મળ આનંદનું કારણ **'પરમ ગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને...'** પરમ ગુરુ એ જ સમજાવશે. બાકી સત્ય વાત પરમગુરુ વિના ક્યાંય છે નહિ. આહાહા..! કંઈક કંઈક કંઈક બીજા મિથ્યાત્વના શલ્યના લાકડા નાખશે. વીતરાગ ત્રિલોકનાથ, એના સાધુ અથવા એની વાણી, પરમગુરુ એક જ વાત કહે છે. પરમાનંદનો નાથ ચૈતન્યચમત્કાર અનંત આનંદનો સાગર અંદર છે. પ્રભુ! અનંતઆનંદ સ્વરૂપ તું છો ત્યાં પ્રીતિ લગાવને. જેમાં દુઃખ છે, સ્વભાવનો અનાદર છે એમાં દુઃખ છે, એ પ્રીતિને છોડ. આહાહા..! આ તો બાવો થાય ત્યારે છોડે, એમ કોઈ કહે. ઓલો કહેતો હતો ને? 'અમૃતલાલ'. 'અમૃતલાલ'. બાવો જ છે. પણ કે દિ'? બાપુ, ભાઈ! તું એક ચીજ, પોતે પરના સંબંધ વિનાની એક ચીજ જ તારી અંદર છે. બે વાત છે જ નહિ. કર્મ ને રાગ એ તારી ચીજ જ નથી. આહાહા..!

એ કહે છે, **'હે ચિત્ત! નિર્મળ સુખને અર્થે...'** આ નિર્મળ કેમ લીધું? કેમકે ઇન્દ્રિયનું સુખ ઝેર છે, દુઃખ છે. આહાહા..! પોતા સિવાય પરમાં કોઈપણ પ્રત્યે શરીર, ઇન્દ્રિય, પૈસા કે આબરૂ એમાં કંઈ પણ પ્રેમ કરવાથી મિથ્યાત્વ અને દુઃખ થાય છે. તો **'નિર્મળ સુખને અર્થે...'** એ નિર્મળ સુખ તો આત્મામાં છે. **'નિર્મળ સુખને અર્થે પરમ ગુરુ દ્વારા...'** સાચા પરમ સત્ સંત દ્વારા... આહાહા..! અને એ જ સત્ય કહેશે, એમ કહે છે. પરમ ગુરુ એ એક જ સત્ય કહેશે. બાકી ગડબડ ગડબડ કરી નાખશે. આહાહા..!

**'પરમ ગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને...'** ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, પર તરફનો મોહ છોડીને અર્થાત્ પર તરફની સાવધાની છોડીને પોતાની ચીજમાં સાવધાની કર. આહાહા..! ભાષા તો સહેલી છે પણ... આહાહા..! એ કામ કરવું.. આહાહા..! પોતાની ચીજની

સાવધાની હોવાને કારણે, પોતા સિવાય પર ચીજની સાવધાનીનો મોહ છોડીને **'હે ચિત્ત!'** હે આત્મા! **'નિર્મળ સુખને અર્થે પરમ ગુરુ દ્વારા...'** આહાહા..! **'પ્રાપ્ત કરીને...'** પરમ ગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને. એનો અર્થ એ થયો કે ગુરુ એને કહીએ કે જે આત્માની પ્રાપ્તિ કરાવે. કંઈ પણ વિકલ્પમાં, રાગમાં વચ્ચે અટકાવવાની વાત (ન કરે). લોકોને એકાંત લાગે છે. બે સિદ્ધાંત લક્ષમાં બરાબર લે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી અને દરેક દ્રવ્યની ક્રમસર પર્યાય ક્રમબદ્ધ થાય છે. આહાહા..! એ બે સિદ્ધાંત લક્ષમાં લે તો પર તરફની સાવધાની છૂટી જાય. આહાહા..! હું એનું કરી દઉં ને હું એનું કરી દઉં... પણ તું તો પરને અડતો નથી, પરને અડતો નથી તો પરનું તું શું કરી શકે? આહાહા..! શરીરને પણ અડતો નથી. એ તો જડ છે. એની જે સમયે, જે ક્ષણે જે અવસ્થા થવાની છે તે થશે જ. તારી સાવધાનીથી એમાં કોઈ ફેરફાર થાય, ધ્યાન રાખવાથી શરીરની પર્યાય ઠીક રહે, એમ ત્રણકાળમાં નથી. આહાહા..! આ બધા દવા-બવા કરે ને? એ બધી વાતું.

જડ અને ચેતનની પર્યાય જે સમયે થવાની છે તે થઈને જ રહેશે. બીજો એને કરે એમ ત્રણકાળમાં બને નહિ. કેમકે પ્રત્યેક પદાર્થ પોતાના પર્યાયરૂપી કામ વિના રહેતા નથી. પ્રત્યેક ચીજ નકામી રહેતી નથી. નકામીનો અર્થ? પોતાની પર્યાયનું કાર્ય કર્યા વિના કદી કોઈ ચીજ રહેતી નથી. કોઈ ચીજ પોતાની પર્યાયનું કાર્ય કર્યા વિના રહે નહિ તો તું પરનું શું કરીશ? આહાહા..! શરીરનું, વાણીનું, મનનું... આહાહા..! તું કોઈનું કાંઈ કરી શકતો નથી. આકરી વાત છે, ભાઈ! ધર્મ કોઈ સાધારણ ચીજ નથી. વીતરાગનો ધર્મ... આહાહા..!

ત્રણકાળમાં એક ચીજ બીજી ચીજને કદી અડતી નથી. એ સિદ્ધાંત જ્યાં સુધી ન બેસે ત્યાં સુધી હું પરનો કર્તા છું, પરનું કરું છું, પરથી લઉં છું, પરથી સુખ માનું છું (એમ માને છે). એક ચીજ બીજી ચીજને કદી ત્રણકાળમાં અડી નથી. એક ચીજ બીજી ચીજને ચુંબી નથી, સ્પર્શી નથી, પ્રવેશી નથી. પરદ્રવ્યમાં પ્રવેશ કરીને એની પર્યાય બનાવે એમ ત્રણકાળમાં નથી. આહાહા..! આખો દિ' કામ થાય એનાથી. કહે છે, તારાથી ન થાય તારાથી. આહાહા..! બોલવાનું કામ, ચાલવાનું કામ એ કામ એ સમયે થનારી પર્યાય થઈને જ રહેશે. તારાથી એ થાય છે એમ છે નહિ. આહાહા..!

અહીં કહે છે, **'હે ચિત્ત! નિર્મળ સુખને અર્થે પરમ ગુરુ દ્વારા...'** આહાહા..! જૈનના ગુરુ એને કહીએ કે જેઓ આત્માનો આનંદ (પ્રગટ) કરવાનું કહે એ જૈનના ગુરુ. બાકી કોઈપણ રાગની ક્રિયાથી તને લાભ થશે, વ્યવહારરત્નત્રય કરતાં કરતાં લાભ થશે (એમ કહે) એ જૈનના ગુરુ નહિ. આહાહા..! તેથી શબ્દ આટલો વાપર્યો. **'પરમ ગુરુ દ્વારા...'** પરમગુરુ દ્વારા એ નિમિત્ત. ધર્મ સાંભળવામાં એ નિમિત્ત છે. દેશનાલબ્ધિ. પ્રાપ્ત કરે છે પોતાથી. પણ નિમિત્ત છે ત્યાં. એમણે એમ કહ્યું કે આત્મા રાગથી રહિત નિર્મળાનંદ છે. તો એ શબ્દથી પ્રાપ્ત કરી લે એમ છે નહિ. અંતરમાં રાગથી ભિન્ન થઈને આનંદસ્વરૂપ

ભગવાન, એનો સ્પર્શ કરીને અનુભવ કરે, એમાં તો ભગવાનની દેશના અને ભગવાન પણ કામ કરતા નથી. પણ નિમિત્ત બતાવે છે. નિમિત્ત ગુરુ છે અને એ ઉપદેશ પણ એવો આપે છે. આહાહા..!

**'પરમ ગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને...'** કેવો ધર્મ? નિર્મળ સુખનો હેતુ. એ કહ્યું ને? નિર્મળ સુખનો હેતુ, આત્માના સુખનું કારણ એ ધર્મગુરુ બતાવે છે. આત્માના સુખનું કારણ નિર્મળ સુખ, આત્માના આનંદનું કારણ એવો જે ધર્મ, એ ગુરુ બતાવે છે. એ દ્વારા સાંભળીને... ઓહોહો..! **'તું અવ્યગ્રરૂપ...'** શાંત થઈ જા. વ્યગ્રતા છોડી દે. અસ્થિરતા, મોહની વ્યગ્રતા છોડી દે, અવ્યગ્ર થઈ જા. કેમકે પરમગુરુએ કહ્યું છે કે નિર્મળ સુખની પ્રાપ્તિ પોતાના સ્વરૂપને અવલંબે થાય છે. ગુરુનો એ ઉપદેશ હતો. એ સિવાય બીજી કોઈ ચીજથી આત્માના અંતર આનંદની પ્રાપ્તિ થતી નથી. આહાહા..!

આ બધું કરવું ક્યારે? મંદિર બનાવવું, પૂજા કરવી, શાંતિ પાઠ, પંચકલ્યાણક થાય છે ને? એ ચર્ચા ચાલી છે. એ ચર્ચા એક પુસ્તકમાં ચાલી છે. પ્રતિષ્ઠામાં પંચકલ્યાણક કરવા એ ક્યાંથી આવ્યું? એમ કહે છે. ભગવાનની પ્રતિષ્ઠા કરવી એમાં પંચકલ્યાણક, એમાં મા-બાપ, એના મા-બાપ થાય ને વળી બને. મોટી ચર્ચા ચાલી છે. લખાણ આવે છે. માણસોએ ઉપાધિ વધારી દીધી છે. આહાહા..! પરનું કાંઈક જાણે કરીએ તો પરને જરી ઠીક થાય. પરથી ઠીક થાય. પરમાં નહિ પણ પરથી. પરનું કાંઈક કરીએ...આહાહા..! ભગવાનના યજ્ઞ-હોમ કરે. એ પંચ કલ્યાણક પૂરા થઈને... નહિ? પંચકલ્યાણક પૂરા થઈને હોમ કરે છે ને? શાંતિનો પાઠ. હોમ. શું હશે બધું? ક્યાંથી આવું નીકળ્યું? એવી ચર્ચા ચાલી છે. વાત સાચી છે. પાછળથી બધા ભેગા થઈને પછી તલને નાખીને હોમ યા હોમ... યા હોમ.. યા હોમ (બોલે) અને ધુમાડા નીકળે. એ શાંતિ પાઠ. એમાં શાંતિ ક્યાં આવી પણ? આહાહા..!

મુમુક્ષુ :– એ તો શાંતિનો પાઠ છે ને. એમ કે શાંતિરૂપી કાર્ય નથી, શાંતિરૂપી પાઠ છે ને.

ઉત્તર :– પાઠ છે ને. પાઠમાં ભાષા છે. એમાં શાંતિ ક્યાં આવી? પાઠમાં શું છે? પાઠ બોલે એમાં શું છે? આહાહા..! એ તો આ 'મોરબી' હમણા થાય છે ને? ભાઈ ગયો છે ને? 'હરિલાલ'. ઓલું બધું તોફાન થયું હતું ને? તો એ શાંતિ કરે છે. એને લઈને શાંતિ થશે? શું આ તે ભ્રમણા છે જગતની!

મુમુક્ષુ :– કામમાં રહે ત્યાં સુધી ધંધામાં ન જાય.

ઉત્તર :– ન જાય. પણ એ તો શુભરાગ છે. એ રાગ તો સંસાર છે. એમાં નિર્મળ સુખની પ્રાપ્તિ ક્યાં થઈ?

અહીં તો એ શબ્દ છે ને? **'નિર્મળ સુખને અર્થે...'** આત્માના આનંદનો હેતુ. એ ગુરુનો ઉપદેશ છે. આહાહા..! એ ચર્ચા મોટી ચાલી હતી કે આ શું? પંચ કલ્યાણક અને આ

ઉપાધિ ને... પ્રતિષ્ઠા કરે એમાં બીજું લાંબુ ઘણું ચાલે. પણ પરંપરા ચાલી હોય એમાં. કારણ કે વ્યવહારના લખાણ એવા હોય. આહાહા..!

અહીં કહે છે, ગુરુએ જે તેને કહ્યું... **'નિર્મળ સુખને અર્થે પરમ ગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને તું અવ્યગ્રરૂપ...'** થઈ જા. શાંતિ, અંતરમાં શાંતિ છે. ભગવાન આનંદમાં અંતર શાંતિ છે. બહારની ક્રિયા કરવાથી શાંતિ મળશે, શાંતિનો હવન કરે ને શાંતિનું આ કરે... આહાહા..! ભારે ભાઈ! શાંતિ કરે, હોમ ને યજ્ઞ કરે, કેટલા તલ નાખે. ધુમાડા નીકળે મોટા.

મુમુક્ષુ :– આપણે બંધ કરી દીધા.

ઉત્તર :– એ આપણને તો કાંઈ ખબર પણ નથી. આપણે તો કાંઈ કીધું પણ નથી કે કર કે નથી કીધું એ કર. 'બાબુભાઈ' આ તીર્થ ફંડનું કરે છે એ પણ આપણે કાંઈ કહ્યું નથી. અહીં તો ઉપદેશ સિવાય કાંઈ વાત જ નથી. જે કરતા હોય એ પોતે પોતાને... આહાહા..!

અહીં તો એક જ વાત. છેલ્લે આવશ્યકમાં નાખી દીધી. આવશ્યક છે ને? આવશ્યક તો આ એક જ છે કે પરમ ગુરુ તારા સ્વરૂપની નિર્મળ આનંદની પ્રાપ્તિ કરવાનો ઉપદેશ આપે. આહાહા..! એનો સરવાળો આ આવવો જોઈએ. લાખ વાતની વાત હો. તું નિર્મળ આનંદ છો, પ્રભુ! અરે..! કેમ બેસે? એક અડદની દાળ સરખી ન હોય ત્યાં થનગનાટ (થઈ જાય). કોણે આવી બગાડી? આહાહા..! અરે..રે..! પ્રભુ! તારે ક્યાં જાવું છે? એ બધું થાય એ... આહાહા..!

અવ્યગ્રપણું અને એનું કારણ તારો આત્મા છે. નિર્મળ સુખનું કારણ તો તારો આત્મા અંદર છે. બાકી બધા દુઃખના કારણ છે. આહાહા..! એ હોમ ને ફોમ ને બીજા શુભભાવની જે ક્રિયા (કરે) એ બધું દુઃખનું કારણ છે. 'બાબુભાઈ'! આવું બેસવું કઠણ પડે. પરંપરા ચાલતી હોય. પણ એને ખબર નથી, ભાઈ! બહારની લાખ, કરોડ, અબજ ક્રિયા હો. અહીં તો એ કહ્યુંને કંચનને છોડીને. એ કંચનમાં બધું આવી ગયું. પોતા સિવાય પર કોઈપણ પદાર્થનો પ્રેમ છોડી દે કે એનાથી મને લાભ થશે. અને સ્ત્રીનો પ્રેમ છોડી દે કે એમાંથી કાંઈક સુખ મળશે. આહાહા..!

**'નિર્મળ સુખને અર્થે પરમ ગુરુ દ્વારા ધર્મ પ્રાપ્ત કરીને...'** શબ્દ તો બહુ થોડા છે પણ ગુલાંટ ખવરાવી આખા સંસારથી. નિર્મળ સુખનું કારણ બતાવીને, ધર્મ નિર્મળ સુખનું કારણ છે. ધર્મ નિર્મળ સુખ એટલે અતીન્દ્રિય આનંદનું કારણ છે. તો અતીન્દ્રિય આનંદ તો ભગવાનઆત્મા છે. અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ આત્મા છે. તો એમાંથી અતીન્દ્રિય આનંદ મળશે. આહાહા..! બહુ સરસ છેલ્લે... કંચન અને કામિનીને હેય જાણીને છોડી દે અને આ નિર્મળ સુખને અર્થે પરમ ગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરી લે. એકને છોડ અને એકને પ્રાપ્ત કરી લે. આહાહા..!

ભગવાનઆત્મા અંદર પૂર્ણાનંદનો નાથ સર્વાંગ શાંતિ અને સર્વાંગ સુખનો સાગર પડ્યો છે, પ્રભુ! એમાં જઈને નિર્મળ સુખની પ્રાપ્તિ કર. બાકી એ સિવાય કોઈપણ ચીજ દેવ-ગુરુ-ધર્મથી પણ તને સુખ નહિ મળે. આહાહા..! રાડ નાખે ને માણસ! દેવ, ગુરુ, ભગવાનથી પણ તને ધર્મ નહિ થાય. ભગવાનની પ્રતિમા અને મંદિરથી પણ તને ધર્મ નહિ થાય. એ તો બધું શુભભાવનું નિમિત્ત છે. પુણ્ય શુભભાવ, અશુભથી બચવા માટે એ ભાવ છે. પણ એનાથી ધર્મ-બર્મ નથી. એનાથી જન્મ-મરણ રહિત (થવાતું નથી). આહાહા..! આટલી બધી ધર્મની શરતું! ધર્મની આટલી શરતું! 'દેવીલાલજી'! કેટલી શરત?

તારા સિવાય બધાની વૃત્તિ છોડી દે. કેમકે નિર્મળ સુખનું કારણ તો તું આત્મા છો. આહાહા..! આ શરત છે. એ સિવાય બધું દુઃખનું કારણ છે. તીર્થંકર સાક્ષાત્ ભગવાન હોય તોપણ દુઃખનું કારણ છે. કેમકે એના ઉપર લક્ષ જશે તો રાગ થશે. પરદ્રવ્ય ઉપર લક્ષ જશે તો રાગ થશે. રાગ છે એ તો દુઃખ છે. વીતરાગ ત્રિલોકનાથ આ કહે છે. આહાહા..! વાત સાંભળી નથી, કદી સાંભળી નથી. આહાહા..! ધંધા ને પાણી કરતાં કરતાં.. અરે..રે..! પાણી ફેરવી નાખ્યું. આહાહા..! આ શબ્દમાં કેટલું ગહનપણું છે!

પર તરફનો મોહ છોડી અને ગુરુનો ઉપદેશ અંતર આનંદની પ્રાપ્તિનો ઉપદેશ છે. એ સિવાય બીજો કોઈ ઉપદેશ છે નહિ. આહાહા..! બધું લખાણ અને બધું વાંચન, બધાનું ફળ આ જ આવવું જોઈએ. સ્વ તરફ લક્ષ કરીને આનંદ આવવો એ વસ્તુ છે. આહાહા..! ખુબ શાસ્ત્ર વાંચે તો અંદર આનંદ આવશે, એમ પણ નથી. આહાહા..!

**'તું અવ્યગ્રરૂપ (શાંતસ્વરૂપી) પરમાત્મામાં—'** શાંતસ્વરૂપી પરમાત્મા, ભગવાન અંદર શાંતસ્વરૂપી પરમાત્મા બિરાજે છે. આહાહા..! ગૃહસ્થાશ્રમમાં પણ આ કરવું? મુનિ તો ઠીક ત્યાગ કરે. મુનિને ચારિત્ર છે. સ્વરૂપ ઉપરાંત સ્વરૂપમાં લીનતા છે. અને બાકી ધર્મની શરૂઆત આ આત્મદ્રવ્યનો આશ્રય છે. આહાહા..! બાકી બધી વાત છે. આહાહા..! પોતાનું સ્વરૂપ નિર્મળ આનંદની પ્રાપ્તિ થવી એ એક જ વાત ભગવાન ત્રણલોકના નાથ, અનંત તીર્થંકરોનું કહેવું છે. આહાહા..! એ વાત પરમાત્મા સિવાય, અનંત તીર્થંકર સિવાય ક્યાંય નથી. ક્યાંક ક્યાંક ગડબડ કરે, આમ કરી દઈએ, આમ કરી દઈએ, અમને તું કાંઈક રાજી કર તો તને લાભ થશે. બધી ખોટી વાત છે. આહાહા..! ત્રણલોકના નાથ તીર્થંકરને પણ કેવળજ્ઞાન ન થયું હોય અને દીક્ષા લીધી. ભિક્ષા માટે જાય તો આહાર આપે તો પુણ્ય થાય. સંસારનો નાશ ત્રણકાળ ત્રણલોકમાં થાય નહિ. તીર્થંકર જેવાને આહાર આપતાં (પણ સંસારનો નાશ ન થાય). આ વાણી વીતરાગની છે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :– શ્વેતાંબર શાસ્ત્રમાં આવે છે.

ઉત્તર :– ત્યાં તો એના ઠેકાણા ક્યાં છે? શ્વેતાંબર શાસ્ત્રમાં વિપાક ભર્યો છે. આખો વિપાક. ઘણી વાત કરે છે, ભાઈ! કરી હતી વાત બધી. ઓલો કોણ 'ગાંધી', નહિ? 'ગોકળદાસ

ગાંધી’ એની સાથે વાત કરી, જુઓ! આ ૩૨ સૂત્રમાં વિપાકસૂત્ર આખું તદ્દન જુઠ્ઠું છે બધું. ત્યાં મિથ્યાદૃષ્ટિ લેનાર સાધુ એને આહાર-પાણી આપે તો પરિત સંસાર થાય, એવો પાઠ છે. વિપાક સૂત્રમાં પાઠ છે.

મુમુક્ષુ :– દાખલો પણ છે.

ઉત્તર :– છે ને. પાઠ છે ને. બધી ખોટી વાત છે. આત્માના અવલંબન અને આશ્રય સિવાય ધર્મ ત્રણકાળ ત્રણલોકમાં (ધર્મ) થતો નથી. પંચપરમેષ્ઠીના આશ્રયે પણ ધર્મ થતો નથી. આહાહા..! ભગવાનની વાણીને લાખ પૂજે તોપણ તેનાથી ધર્મ થતો નથી. આહાહા..!

અહીંયાં ટૂંકામાં કહે છે. અવશ્ય કરવા લાયક હોય તો ગુરુ આ કહે છે. આહાહા..! **‘પરમાત્મા–કે જે (પરમાત્મા) નિત્ય આનંદવાળો છે,...’** શું કહે છે? નિર્મળ આનંદનો ઉપદેશ ગુરુએ આપ્યો. કેમ? કે આત્મા **‘નિત્ય આનંદવાળો છે,...’** તેથી નિર્મળ આનંદનો ઉપદેશ દીધો. આહાહા..! અતીન્દ્રિય નિત્ય આનંદનો નાથ આત્મા છે. આત્મા સિવાય પરમાં બધામાં ઝેરના પ્યાલા છે. આહાહા..! પૈસાની મમતા, સ્ત્રીની મમતા, દીકરાની મમતા, સ્ત્રીનો વિષય, ભોગ આદિ બધા ઝેરના પ્યાલા છે. એ કાંઈ સ્ત્રીને ભોગવતો નથી. એના ઉપર લક્ષ કરીને રાગના ઝેરને ભોગવે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી. આહાહા..! આ વાત તો સાંભળી પણ ન હોય. એક પદાર્થ બીજા પદાર્થને અડતો નથી. પુરુષના શરીરનો અવયવ સ્ત્રીના શરીરના અંગને અડતું નથી. આહાહા..! એક જ વાત પરમાત્માની કે બધી બાજુથી દૃષ્ટિ હટાવી લે, રુચિ હટાવી લે. એક નિર્મળાનંદનું કારણ આત્મા. કેમ આત્મા? નિર્મળ સુખનો ઉપદેશ કેમ આપ્યો? કે નિત્ય આનંદવાળો છે. આત્મા નિત્ય આનંદવાળો છે. આહાહા..! છે? **‘(પરમાત્મા) નિત્ય આનંદવાળો છે,...’** આહાહા..! એક કળશે તો ગજબ કરે છે ને! આમાં બહુ શાસ્ત્રની કાંઈ જરૂર નથી પડતી કે આટલા શાસ્ત્ર ભણે અને આટલા ભણે તો આમ થાય. આહાહા..! આ ભણે તો આત્મા થાય. આહાહા..!

અતીન્દ્રિય આનંદનો નાથ આત્મા નિત્યાનંદવાળો છે. એ કારણે પરમ ગુરુએ નિર્મળ સુખનો ઉપદેશ આપ્યો. કેમકે આત્મા નિત્ય આનંદવાળો છે. આહાહા..! કેમ બેસે? કદી જોયું નથી, કદી સાંભળ્યું નથી, કદી સ્પર્શ કર્યો નથી, કદી એના તરફ દરકાર કરી નથી. આ જગતની ઝંઝાળ. બાળપણ રમતમાં ગયું. ‘બાળપણ ખેલ મેં ખોયા, જુવાની સ્ત્રીમેં મોહ્યા, વૃદ્ધપણું દેખ કે રોયા’ વૃદ્ધપણું આવે પછી કહે હાય.. હાય.. અમે કાંઈ કર્યું નહિ. કર્યું શું પણ તેં? આ મુસલમાન બોલતા ઇ. ઓલા રોજા હોય ને રોજા? ત્યાં અમારે ‘પાલેજ’માં દુકાન બહાર સૂતા હોય ને? એ રાતે નીકળે. ત્યારે ત્યાં સાંભળતા હતા. ‘બાળપણ ખેલ મેં ખોયા...’ બાળપણમાં ખેલમાં બાળકને ખબર ન મળે કે શું એ? આમથી આમ ને આમ. ‘જુવાની મેં સ્ત્રીમેં મોહ્યા, વૃદ્ધપના દેખ કે રોયા.’ વૃદ્ધપણું શરીર જીર્ણ થયું ત્યારે હાય.. હાય.. હવે આપણે કાંઈ કરી શકશું નહિ. ચાલવામાં પણ ઠેકાણું નહિ રહે. આપણે શું

કામ કરશું? બાપુ! પરથી કાંઈ થાતું નથી. આહાહા..! એ વૃદ્ધ હોય કે યુવાન હોય કે બાળક હોય.

અહીં તો નિત્યાનંદ સ્વરૂપ ભગવાન છે. આહાહા..! **'નિત્ય આનંદવાળો છે, નિરુપમ ગુણોથી અલંકૃત છે...'** આહાહા..! ભગવાનઆત્મા, જે ગુરુએ નિર્મળ સુખનો ઉપદેશ આપ્યો એ નિર્મળ સુખ છે ક્યાં? એમ કહે છે. ઉપદેશ આપ્યો પણ એ છે ક્યાં? આહાહા..! એ નિત્ય આનંદવાળો ભગવાનઆત્મા પરમાત્મા છે. આહાહા..! બધા આત્મા નિત્ય આનંદ, અતીન્દ્રિય આનંદથી ભરેલા છે. **'નિત્ય આનંદવાળો છે, નિરુપમ...'** છે. **'નિરુપમ ગુણોથી અલંકૃત છે...'** જેની કોઈ ઉપમા નથી એવા ગુણોથી અંલકૃત શોભિત આત્મા છે. આહાહા..! જેના ગુણની કોઈ ઉપમા આપી શકાય નહિ એવા ગુણોથી અલંકૃત છે. એનો ઉપદેશ ગુરુએ આપ્યો કે જે નિર્મળ સુખનું કારણ છે. આહાહા..!

**'દિવ્ય જ્ઞાનવાળો છે...'** છે? આ જ્ઞાન નહિ. શાસ્ત્રજ્ઞાન અને ધારણા ભૂલી જાય. આ તો નિત્ય જ્ઞાનવાળો છે એનું જ્ઞાન છે. આહાહા..! **'દિવ્ય જ્ઞાનવાળો છે...'** એ જ્ઞાન કદી ભૂલાતું નથી, ઓછું થતું નથી. આહાહા..! છેલ્લો કળશ છે ને? આવશ્યક–અવશ્ય કરવા લાયક હોય તો આ એક છે. બાકી બધી વ્યવહારની વાતું છે. વ્યવહાર આવે. આવે છે. હોય છે, પણ છે રાગ, છે દુઃખનું કારણ. આહાહા..!

પરમાત્મા **'દિવ્યજ્ઞાનવાળો છે તેમાં–શીઘ્ર પ્રવેશ કર.'** આહાહા..! તો ક્રમબદ્ધ ક્યાં ગયું? એમાં શીઘ્ર પ્રવેશ કર, એમ કહ્યું ને? ભગવાન આનંદસ્વરૂપ છે એમાં શીઘ્ર પ્રવેશ કર. તો સમયે સમયે ક્રમબદ્ધ હોય છે ને? પણ એમાં એ આવ્યું. ક્રમબદ્ધનો નિર્ણય કરે છે ત્યારે અંદરમાં જાય છે ત્યારે નિર્ણય થાય છે. આહાહા..! આકરી વાત છે, બાપુ! આ તો વીતરાગ પરમેશ્વરના પેટની વાત છે. અત્યારે તો એટલી બધી ગડબડ ચાલે છે. ખબર છે ને. શરીરને ૯૧ વર્ષ અહીં થયા. સવા પીસ્તાલીસ તો અહીં થયા. આ જંગલમાં સવા પીસ્તાલીસ વર્ષ થયા. પીસ્તાલીસ વર્ષે અહીં આવ્યા છીએ, સવા પીસ્તાલીસ અહીં થયા. ઘણા જોયા અને ઘણા બધા... આ એક જ માંડી. કાંઈકનું કાંઈ ને કાંઈકનું કાંઈક.

એક જ સિદ્ધાંત નિર્મળ સુખનું કારણ નિત્યાનંદ પ્રભુ... આહાહા..! એ તરફ વળીને આનંદનો અનુભવ કર. એ બાર અંગનો સાર છે. આહાહા..! ભગવાન ત્રિલોકનાથની દિવ્યધ્વનિનો સાર છે. આહાહા..! કોઈ દિ' સાંભળ્યું ન હોય હવે કરવું ક્યાં? બહારમાં આ કર્યું ને આ કર્યું ને આ કર્યું ને... આહાહા..! લુગડા બધા સારા બનાવ્યા ધોળા, પીળા. દેખાય આમ જાણે સાધુ પૂજા કરવા જાય. પૂજા કરવા જાય ત્યારે પીળા લુગડા (પહેરે). શું એમાં? આહાહા..!

એક તારી ચીજ નિત્યાનંદ પ્રભુ અને ગુરુનો ઉપદેશ એ નિર્મળ સુખ પ્રાપ્ત કરવાનો છે, બધું એમાં આવી ગયું. એમાં પ્રવેશ કર. તારો પ્રવેશ રાગમાં છે. પરમાં લક્ષ છે. પ્રવેશનો

અર્થ પરમાં લક્ષ છે. એ છોડી દે. સુખી થવું હોય તો અંદર ભગવાનઆત્મા બિરાજે છે... આહાહા..! એ તરફ લક્ષ કરીને પ્રવેશ કર. એ આનંદમાં પ્રવેશ કર. રાગમાં પ્રવેશ કરીશ તો દુઃખ થશે. આહાહા..! બહુ સરસ શ્લોક છે. 'ધીયાજી'! શ્લોક બહુ સરસ આવ્યો. આ શ્લોક. આહાહા..! પોણો કલાક થયો. એક નાનો શ્લોક, ચાર લીટી છે. પ્રભુનો માર્ગ, બાપુ! આહાહા..! મુનિઓની ભાષા, મુનિઓના હૃદય,.. કેવળીના હૃદયની તો વાત જ શું કરવી! પણ મુનિઓના હૃદય અલૌકિક છે. દિગંબર સંત.. આહાહા..! એનો ગમે તે (કથનમાં) હેતુ એક જ (છે કે) નિર્મળ આનંદનો નાથ નિત્યાનંદ છે તો મળશે. એમ કહે છે. પહેલા કહ્યું હતું ને?

**'નિર્મળ સુખને અર્થે પરમ ગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને...'** કેમ? કે આત્મા નિત્ય આનંદમય છે. આત્મા તો નિત્ય આનંદમય છે તો તને આનંદ મળશે. એ કોઈ ક્ષણિક ચીજ નથી. આહાહા..! ભગવાન અંદર નિત્ય આનંદમય છે. ત્રણકાળ, ત્રણલોકમાં આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. તું ભગવાનને ભૂલીને ભ્રમણામાં ભરમાઈ ગયો છો. આહાહા..! કાંઈક પૈસા દેખે, શરીરને દેખીને, સ્ત્રી દેખીને, મકાન દેખીને, આબરૂ દેખીને ભગવાન ભરમાઈ ગયો. આહાહા..! તારી ચીજ અંદર પડી છે, ભગવાન! એની રુચિ અને દૃષ્ટિ તો કર. એ માર્ગ છે. એ સિવાય કોઈ માર્ગ છે નહિ. પછી એમાં સ્થિરતા કરવી એ ચારિત્ર છે. એ પણ એમાં સ્થિરતા કરવી, જેમાં નિત્ય આનંદ ભર્યો છે એમાં દૃષ્ટિ કરીને એમાં લીનતા કરવી... આહાહા..! એ તારા સુખનું કારણ છે.

**'શીઘ્ર પ્રવેશ કર.'** આહાહા..! છે? શીઘ્ર ક્યાં આવ્યું? શીઘ્ર ક્યાં આવ્યું? **'ચેતઃ શીઘ્રં'** શીઘ્રમાં કહેવું છે શું? કે આ બાજુ લક્ષ છે એને આ બાજુ કર. થશે તો જે સમયે જે થવાનું હશે એ સમયે થશે. પણ એવો નિર્ણય કરવામાં, જે સમયે જે પર્યાય થશે એનો નિર્ણય કરવામાં તારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર જશે. આહાહા..! જ્યાં નિત્યાનંદ પ્રભુ પડ્યો છે. જે સમયે જે પર્યાય થવાની હશે તે થશે, ક્રમબદ્ધ થશે, ફેરફાર નહિ થાય એવો નિર્ણય કરવા જતાં નિત્યાનંદ ઉપર તારી દૃષ્ટિ જશે. ત્યારે એનો સાચો નિર્ણય થશે. આહાહા..! આ તો બહારનું બધું ઉડાડી દે છે. આ છોકરા થયા 'પંકજ' ત્રણ છોકરા ને બધા કામ કરે છે હવે. આમ એક હતા એ કરે છે હવે એટલે આપણે છોડો હવે. આહાહા..! છોકરા સારા, વળી ધર્મનો પ્રેમ બહુ. 'પંકજ' વચલો એને પ્રેમ છે. આહાહા..! એને લઈને એને શું? આત્માને શું? આહાહા..! આ અધિકાર પૂરો થયો.

– ૧૨ –

## શુદ્ધોપયોગ અધિકાર

## ગાથા–૧૫૯

अथ सकलकर्मप्रलयहेतुभूतशुद्धोपयोगाधिकार उच्यते।

जाणादि पस्सदि सव्वं ववहारणएण केवली भगवं।
केवलणाणी जाणदि पस्सदि णियमेण अप्पाणं।।१५९।।

जानाति पश्यति सर्वं व्यवहारनयेन केवली भगवान्।
केवलज्ञानी जानाति पश्यति नियमेन आत्मानम्।।१५९।।

अत्र ज्ञानिनः स्वपरस्वरूपप्रकाशकत्वं कथंचिदुक्तम्।

आत्मगुणघातकघातिकर्मप्रध्वंसनेनासादितसकलविमलकेवलज्ञानकेवलदर्शनाभ्यां व्यवहारनयेन जगत्त्रयकालत्रयवर्तिसचराचरद्रव्यगुणपर्यायान् एकस्मिन् समये जानाति पश्यति च स भगवान् परमेश्वरः परमभट्टारकः, पराश्रितो व्यवहारः इति वचनात्। शुद्धनिश्चयतः परमेश्वरस्य महादेवाधिदेवस्य सर्वज्ञवीतरागस्य परद्रव्यग्राहकत्वदर्शकत्वज्ञायकत्वादिविविधविकल्पवाहिनी-समुद्भूतमूलध्यानाषादः* (?) स भगवान् त्रिकालनिरुपाधिनिरवधिनित्यशुद्धसहजज्ञानसहजदर्शनाभ्यां निजकारणपरमात्मानं स्वयं कार्यपरमात्मापि जानाति पश्यति च। किं कृत्वा? ज्ञानस्य धर्मोऽयं तावत् स्वपरप्रकाशकत्वं प्रदीपवत्। घटादिप्रमितेः प्रकाशो दीपस्तावद्भिन्नोऽपि स्वयं प्रकाशस्वरूपत्वात् स्वं परं च प्रकाशयति; आत्मापि व्यवहारेण जगत्त्रयं कालत्रयं च परं ज्योतिःस्वरूपत्वात् स्वयंप्रकाशात्मकमात्मानं च प्रकाशयति।

उक्तं च षण्णवतिपाषंडिविजयोपार्जितविशालकीर्तिभिर्महासेनपण्डितदेवै) --

(अनुष्टुभ)

``यथावद्वस्तुनिर्णीतिः सम्यग्ज्ञानं प्रदीपवत्।
तत्स्वार्थव्यवसायात्म कथंचित् प्रमितेः पृथक्।।''

अथ निश्चयपक्षेऽपि स्वपरप्रकाशकत्वमस्त्येवेति सततनिरुपरागनिरंजनस्वभावनिरतत्वात्, स्वाश्रितो निश्चयः इति वचनात्। सहजज्ञानं तावत् आत्मनः सकाशात् संज्ञालक्षणप्रयोजनेन

* અહીં સંસ્કૃત ટીકામાં અશુદ્ધિ લાગે છે તેથી સંસ્કૃત ટીકામાં તથા તેના અનુવાદમાં શંકાને સૂચવવા પ્રશ્નાર્થનું ચિહ્ન કર્યું છે.

भिन्नाभिधानलक्षणलक्षितमपि भिन्नं भवति न वस्तुवृत्त्या चेति, अतःकारणात् एतदात्मगतदर्शनसुखचारित्रादिकं जानाति स्वात्मानं कारणपरमात्मस्वरूपमपि जानातीति।

तथा चोक्तं श्रीमदमृतचंद्रसूरिभिः

(मंदाक्रांता)

``बन्धच्छेदात्कलयदतुलं मोक्षमक्षय्यमेत-
न्नित्योद्योतस्फुटितसहजावस्थमेकान्तशुद्धम्।
एकाकारस्वरसभरतोत्यन्तगंभीरधीरं
पूर्णं ज्ञानं ज्वलितमचले स्वस्य लीनं महिम्नि।।

---

હવે સમસ્ત કર્મના પ્રલયના હેતુભૂત શુદ્ધોપયોગનો અધિકાર કહેવામાં આવે છે.

**જાણે અને દેખે બધું પ્રભુ કેવળી વ્યવહારથી;**
**જાણે અને દેખે સ્વને પ્રભુ કેવળી નિશ્ચય થકી. ૧૫૯.**

અન્વયાર્થ :– [ व्यवहारनयेन ] વ્યવહારનયથી [ केवली भगवान् ] કેવળી ભગવાન [ सर्वं ] બધું [ जानाति पश्यति ] જાણે છે અને દેખે છે; [ नियमेन ] નિશ્ચયથી [ केवलज्ञानी ] કેવળજ્ઞાની [ आत्मानम् ] આત્માને (પોતાને) [ जानाति पश्यति ] જાણે છે અને દેખે છે.

ટીકા :– અહીં, જ્ઞાનીને સ્વ-પર સ્વરૂપનું પ્રકાશકપણું કથંચિત્ કહ્યું છે.

'पराश्रितो व्यवहारः (વ્યવહાર પરાશ્રિત છે)' એવું (શાસ્ત્રનું) વચન હોવાથી, વ્યવહારનયથી તે ભગવાન પરમેશ્વર પરમભટ્ટારક આત્મગુણોનો ઘાત કરનારાં ઘાતિકર્મોના નાશ વડે પ્રાપ્ત સકળ-વિમળ કેવળજ્ઞાન અને કેવળદર્શન વડે ત્રિલોકવર્તી તથા ત્રિકાળવર્તી સચરાચર દ્રવ્યગુણપર્યાયોને એક સમયે જાણે છે અને દેખે છે. શુદ્ધનિશ્ચયથી પરમેશ્વર મહાદેવાધિદેવ સર્વજ્ઞવીતરાગને, પરદ્રવ્યનાં ગ્રાહકત્વ, દર્શકત્વ, જ્ઞાયકત્વ વગેરેના વિવિધ વિકલ્પોની સેનાની ઉત્પત્તિ મૂળધ્યાનમાં અભાવરૂપ હોવાથી (?), તે ભગવાન ત્રિકાળ-નિરુપાધિ, નિરવધિ (અમર્યાદિત), નિત્યશુદ્ધ એવાં સહજજ્ઞાન અને સહજદર્શન વડે નિજ કારણપરમાત્માને, પોતે કાર્યપરમાત્મા હોવા છતાં પણ, જાણે છે અને દેખે છે. કઈ રીતે? આ જ્ઞાનનો ધર્મ તો, દીવાની માફક, સ્વપરપ્રકાશકપણું છે. ઘટાદિની પ્રમિતિથી પ્રકાશ-દીવો (કથંચિત્) ભિન્ન હોવા છતાં સ્વયં પ્રકાશસ્વરૂપ હોવાથી સ્વ અને પરને પ્રકાશે છે; આત્મા પણ જ્યોતિસ્વરૂપ હોવાથી વ્યવહારથી ત્રિલોક અને ત્રિકાળરૂપ પરને તથા સ્વયં પ્રકાશસ્વરૂપ આત્માને (પોતાને) પ્રકાશે છે.

૯૬ પાખંડીઓ પર વિજય મેળવવાથી જેમણે વિશાળ કીર્તિ પ્રાપ્ત કરી છે એવા મહાસેનપંડિતદેવે પણ (શ્લોક દ્વારા) કહ્યું છે કે :–

[શ્લોકાર્થ :–] વસ્તુનો યથાર્થ નિર્ણય તે સમ્યગ્જ્ઞાન છે. તે સમ્યગ્જ્ઞાન, દીવાની માફક, સ્વના અને (પર) પદાર્થોના નિર્ણયાત્મક છે તથા પ્રમિતિથી (જ્ઞપ્તિથી) કથંચિત્ ભિન્ન છે.

હવે 'સ્વાશ્રિતો નિશ્ચયઃ (નિશ્ચય સ્વાશ્રિત છે)' એવું (શાસ્ત્રનું) વચન હોવાથી, (જ્ઞાનને) સતત *નિરુપરાગ નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે નિશ્ચયપક્ષે પણ સ્વપરપ્રકાશકપણું છે જ. (તે આ પ્રમાણે:) સહજજ્ઞાન આત્માથી સંજ્ઞા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ ભિન્ન નામ અને ભિન્ન લક્ષણથી (તેમ જ ભિન્ન પ્રયોજનથી) ઓળખાતું હોવા છતાં વસ્તુવૃત્તિએ (અખંડ વસ્તુની અપેક્ષાએ) ભિન્ન નથી; આ કારણને લીધે આ (સહજજ્ઞાન) આત્મગત (આત્મામાં રહેલાં) દર્શન, સુખ, ચારિત્ર વગેરેને જાણે છે અને સ્વાત્માને–કારણપરમાત્માના સ્વરૂપને–પણ જાણે છે.

(સહજજ્ઞાન સ્વાત્માને તો સ્વાશ્રિત નિશ્ચયનયથી જાણે જ છે અને એ રીતે સ્વાત્માને જાણતાં તેનાં બધા ગુણો પણ જણાઈ જ જાય છે. હવે સહજજ્ઞાને જે આ જાણ્યું તેમાં ભેદઅપેક્ષાએ જોઈએ તો સહજજ્ઞાનને માટે જ્ઞાન જ સ્વ છે અને તે સિવાયનું બીજું બધું– દર્શન, સુખ વગેરે–પર છે; તેથી આ અપેક્ષાએ એમ સિદ્ધ થયું કે નિશ્ચયપક્ષે પણ જ્ઞાન સ્વને તેમ જ પરને જાણે છે.)

એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૯૨મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–

"[શ્લોકાર્થ :–] કર્મબંધના છેદી અતુલ અક્ષય (અવિનાશી) મોક્ષને અનુભવતું, નિત્ય ઉદ્યોતવાળી (જેનો પ્રકાશ નિત્ય છે એવી) સહજ અવસ્થા જેની ખીલી નીકળી છે એવું, એકાંતશુદ્ધ (–કર્મનો મેલ નહિ રહેવાથી જે અત્યંત શુદ્ધ થયું છે એવું), અને એકાકાર (એક જ્ઞાનમાત્ર આકારે પરિણમેલા) નિજરસની અતિશયતાથી જે અત્યંત ગંભીર અને ધીર છે એવું આ પૂર્ણ જ્ઞાન ઝળહળી ઊઠ્યું (–સર્વથા શુદ્ધ આત્મદ્રવ્ય જાજ્વલ્યમાન પ્રગટ થયું), પોતાના અચળ મહિમામાં લીન થયું."

## ગાથા–૧૫૯ ઉપર પ્રવચન

હવે બીજો અધિકાર. શુદ્ધોપયોગ અધિકાર. ૧૨મો. આહાહા..!

**'હવે સમસ્ત કર્મના પ્રલયના હેતુભૂત...'** આહાહા..! આ ધર્મ બતાવ્યો. હવે ધર્મનું ફળ શું આવ્યું? **'સમસ્ત કર્મના પ્રલયના હેતુભૂત શુદ્ધોપયોગનો અધિકાર કહેવામાં આવે છે.'** આહાહા..! શુદ્ધોપયોગ થાય છે એ કર્મનો નાશ કરવાનું કારણ છે. બીજું કોઈ કારણ નથી. આહાહા..! હિંસા, જૂઠું, ચોરી, વિષય એ અશુભરાગ છે, અશુદ્ધઉપયોગ છે. દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ પણ અશુદ્ધઉપયોગ છે. શુભ-અશુભ બેય અશુદ્ધઉપયોગ છે. બેય બંધનું કારણ છે. એનાથી રહિત અંદર ભગવાનનો ઉપયોગ–શુદ્ધોપયોગ અધિકાર એ મોક્ષનું

* નિરુપરાગ = ઉપરાગ રહિત; નિર્વિકાર.

કારણ છે. આહાહા..!

સાંભળવાનું આવું મળે નહિ ને. 'પોપટભાઈ'! 'પોપટભાઈ'ના સાળા તો અબજપતિ છે. એ તો ગુજરી ગયા. છોકરા અબજપતિ છે. આહાહા..! પણ ધર્મની વાત નહિ. આવે વાત કરે. જય ભગવાન. આહાહા..! છોકરો ત્યાં 'મુંબઈ' આવ્યો હતો. અબજ રૂપિયા. કેટલા? બે અબજ ઉપર. આહાહા..! ચાલીસ કરોડ. બે અબજ ને ચાલીસ કરોડ રૂપિયા એના સાળા પાસે. એનો સાળો તો ગુજરી ગયો છે. સાળાના છોકરા છે. 'ગોવા-ગોવા.' 'ગોવા'માં. આપણા દશાશ્રીમાળી વાણિયા છે. બે અબજ ચાલીસ કરોડ–ધૂળ-ધૂળ. આહાહા..! પણ આ આત્મામાં નિત્યાનંદ અલંકૃત અનંતગુણ ભર્યા એટલા તો એ પૈસા છે નહિ.

અહીં એ કહે છે **'સમસ્ત કર્મના પ્રલય...'** એટલે નાશ. એના **'હેતુભૂત શુદ્ધોપયોગનો અધિકાર કહેવામાં આવે છે.'**

**जाणादि पस्सदि सव्वं ववहारणएण केवली भगवं।**
**केवलणाणी जाणदि पस्सदि णियमेण अप्पाणं।।१५९।।**
**જાણે અને દેખે બધું પ્રભુ કેવળી વ્યવહારથી;**
**જાણે અને દેખે સ્વને પ્રભુ કેવળી નિશ્ચય થકી. ૧૫૯.**

ઓહોહો..! **'ટીકા :– અહીં, જ્ઞાનીને સ્વ-પર સ્વરૂપનું પ્રકાશકપણું કથંચિત્ કહ્યું છે.'** કથંચિત્ સ્વપરપ્રકાશક કહ્યું છે. સર્વથા પરપ્રકાશક છે જ નહિ. આહાહા..! સર્વથા તો નિત્ય પ્રકાશક છે. અરે..રે..! આ વાત ક્યાં! પરનો કર્તા તો નથી, પરને સ્પર્શતો નથી, પર્યાય ક્રમબદ્ધ ફરતી નથી. આહાહા..! અહીંયાં પરને જાણવું એ પણ વ્યવહાર છે. આહાહા..! આ છેલ્લે લઈ ગયા. પરનો સ્પર્શ તો છે નહિ, પરના ક્રમબદ્ધમાં તારો અધિકાર નથી.. આહાહા..! પણ પરને જાણવું એ પણ વ્યવહારનયથી છે. આહાહા..! ગજબ વાત છે. પ્રભુ! તું તારામાં જા. તું તને જો. એ નિશ્ચય વસ્તુ છે. પરને જોવું કહેવું (એ પણ વ્યવહારથી છે). કારણ કે પરમાં તન્મય થતો નથી. પરને જાણવામાં પરમાં તન્મય થતો નથી. તો તન્મય થયા વિના જાણવું શું? એ તો વ્યવહાર છે. પર સંબંધીનું જ્ઞાન પોતાનું છે. પોતામાં પોતાનું જ્ઞાન છે એમાં તન્મય છે તો એમાં પોતાને જ જાણે છે. પરને જાણવું કહેવું એ વ્યવહાર છે. આહાહા..! ક્યાં લઈ ગયા!

દયા, દાન ને વ્યવહારરત્નત્રયથી ધર્મ થતો નથી. પણ અહીં તો કહે છે કે એને જાણવું એ પણ વ્યવહાર છે. આહાહા..! નિવૃત્તિ આમાં મળે ક્યાં? વેપાર ને ધંધા આડે આખો દિ' હોળી સળગતી હોય. આ લાવ્યા ને આ લીધા ને આ મૂક્યા ને આ મૂક્યા. આહાહા..! હોળી સળગતી હશે? કષાયની અગ્નિ. કહો, 'રામજીભાઈ'! એને ખેતીનો ધંધો છે. કરોડપતિ છે. ખેતીનો ધંધો. ખેતી-ખેતી. આહાહા..! ધૂળના ધંધા છે. આહાહા..!

આતમરામ પરને જાણવું એમ કહેવું એ આતમરામને વ્યવહાર છે. અર..ર.! પરનું કરવું અને પર સંબંધી, પર સંગથી પોતામાં રાગાદિ થવો એ તો અધર્મ છે. આહાહા..! ભગવાનની ભક્તિ, ભગવાનનું સ્મરણ એ બધો રાગ અધર્મ છે. આહાહા..! શુભરાગ કહો કે અધર્મ કહો. એથી આગળ જઈને ભગવાન પરને જાણે છે એ પણ વ્યવહાર છે. આહાહા..! આ 'નિયમસાર'. નિયમ-નિયમ. નિશ્ચય નિયમ. જગતનો નિશ્ચય વ્યવસ્થાનો નિયમ શું છે? એનું આમાં કથન છે. નિયમ અંદર પાઠમાં આવી ગયું. આહાહા..!

**'જ્ઞાનીને સ્વ-પર સ્વરૂપનું પ્રકાશકપણું કથંચિત્ કહ્યું છે.' 'पराश्रितो व्यवहारः'** જુઓ! જેટલું પરને જાણવું એમ કહેવું એ પરાશ્રિત વ્યવહાર છે. આહાહા..! ત્રણલોકના નાથને જાણવું એ કહેવું વ્યવહાર છે. **'पराश्रितो व्यवहारः'** આહાહા..! હવે આટલી બધી ઉપાધિમાંથી નીકળવું, એમાં જુવાન શરીર હોય. પાંચ-પચાસ લાખ, કરોડ, બે કરોડ પૈસા મેળવે. આહાહા..! કાંઈ બીજે બહાર નજર પડે નહિ. અંદર ભગવાન બિરાજે છે એની સામું જોવાનો તો વખત પણ મળે નહિ. ત્રણલોકનો નાથ નિત્યાનંદ સહજાનંદ પ્રભુ, કહે છે કે એ પરને જાણવું એમ કહેવું એ પરાશ્રિત છે. આહાહા..! ક્યાં લઈ ગયા!

**'पराश्रितो व्यवहारः' '(વ્યવહાર પરાશ્રિત છે) એવું (શાસ્ત્રનું) વચન હોવાથી,...'** એવું ભગવાનનું, શાસ્ત્રનું વચન હોવાથી **'વ્યવહારનયથી તે ભગવાન પરમેશ્વર પરમભટ્ટારક આત્મગુણોનો ઘાત કરનારાં ઘાતિકર્મોના નાશ વડે...'** શું કીધું? આત્મગુણોનો ઘાત કરનારાં નિમિત્ત. કર્મ નિમિત્ત છે. **'ઘાતિકર્મોના નાશ વડે...'** જે પોતાના ગુણના નાશમાં નિમિત્ત છે એને નાશ કરનારાં **'પ્રાપ્ત સકળ-વિમળ કેવળજ્ઞાન અને કેવળદર્શન...'** આહાહા..! **'વડે ત્રિલોકવર્તી તથા ત્રિકાળવર્તી...'** ત્રિલોકવર્તી-ત્રણલોકમાં વર્તનારા, ત્રણલોકમાં રહેનારા અને ત્રિકાળ રહેનારા. ત્રિલોકમાં રહેનારા અને ત્રિકાળ રહેનારા. આહાહા..! **'સચરાચર દ્રવ્યગુણપર્યાયને...'** સચરાચર–કોઈ ગતિ કરનાર તો કોઈ સ્થિર. એવા સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયને **'એક સમયે જાણે છે...'** એક સમયમાં પરમાત્મા જાણે છે. આહાહા..! એ દ્રવ્યની શ્રદ્ધા કરાવે છે. દ્રવ્ય એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે-દેખે છે એ પણ વ્યવહાર છે. પોતાને ત્રણકાળ, ત્રણલોકને જાણનાર પોતાનો આત્મા છે. આહાહા..! એ **'જાણે છે અને દેખે છે. શુદ્ધનિશ્ચયથી પરમેશ્વર...'** શુદ્ધ સત્ય દૃષ્ટિથી. વ્યવહારનય તો અસત્યથી કથન થયું. વ્યવહારનય અસદ્ભૂત કથન થયું. આહાહા..! શુદ્ધ નિશ્ચયનય નામ શુદ્ધ યથાર્થ પરમેશ્વર મહા દેવાધિદેવ સર્વજ્ઞ વીતરાગદેવને **'પરદ્રવ્યના ગ્રાહકત્વ,...'** પરદ્રવ્યના જાણનારા ને દેખનારા **'દર્શકત્વ, જ્ઞાયકત્વ વગેરેના વિવિધ વિકલ્પોની સેનાની ઉત્પત્તિ મૂળધ્યાનમાં અભાવરૂપ હોવાથી,...'** પરને જાણવા-દેખવામાં પણ વિકલ્પ રહે છે. પર ઉપર લક્ષ જાય તો. આહાહા..! પરને જાણવું-દેખવું પણ પોતાનો સ્વભાવ નહિ. પોતાનો સ્વભાવ તો પોતાને જાણવું-દેખવું છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)